શેઠ. સોરાબજી જમસેદજી જીજીભાઇ ગ્રંથમાળા નં. ૧૫

મોહસિનીનાં નીતિવચનો.

"અખલાકે મોહસિની"
નામના મૂળ ફારસી
ગ્રંથનું ભાષાન્તર

ભાષાન્તર કર્ત્તા
કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી,
એમ. એ., એલ એલ. બી.
ગવરીશંકર ગોલ્ડ મેડલીસ્ટ (૧૮૮૯); માજી સીનીઅર દક્ષિણા ફેલો, એલફિન્સ્ટન કોલેજ, મુંબાઈ; હાઈકોર્ટ પ્લીડર, મુંબાઈ; "ફારસી પીંગળ તથા અલંકાર" ના રચનાર; "હાફિઝની ગઝલો તથા સાદીનાં તચબાત"ના (અંગ્રેજીમાં) ભાષાન્તર કર્ત્તા; "અખલાકે મોહસિની" પર (અંગ્રેજીમાં) ટીકા કરનાર; "હૈદર અલી તથા ટિપુ સુલતાન" નું ગુજરાતી ભાષાન્તર કર્તા; વગેરે.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી.

અમદાવાદ
"ગુજરાત ગેઝેટ" પ્રેસમાં ચેતરામ હરીભાઇએ છાપ્યાં.

સંવત ૧૯૫૩. સને ૧૮૯૭.

કીમત ૧ રૂપિયો.

શેઠ. સોરાબજી જમસેદજી જીજીભાઇ ગ્રંથમાળાનો

ઉપોદ્ઘાત.

ઇ. સ. ૧૮૬૪ માં મુંબાઇના મરહુમ શેઠ સોરાબજી જમસેદજી જીજીભાઈ અમદાવાદ પધાર્યા હતા, ત્યારે તેમણે ગુજરાતના જુવાન માણસોમાં બુદ્ધિનાં કામ કરવાની હોંશ વધારવાને તથા ગુજરાત.વર્નાક્યુલર સોસાઇટીના ઉપયોગી કામને પુષ્ટિ આપવા સારૂ રૂ૨૫૦૦ સોસાઇટીને સોંપ્યા હતા; અને એવી ઇચ્છા જણાવી હતી કે તેની જારો લેઈ તેના વ્યાજમાંથી ઇનામ આપી શુદ્ધ ગુજરાતીમાં સારા નિબંધ તથા પુસ્તક રચાવવાં. તે પ્રમાણે આ ફંડમાંથી આજ સુધીમાં નીચેનાં પુસ્તક તૈયાર કરાવી સોસાઇટીએ છપાવેલાં છે.

૧ ગુજરાતી ભાષાનો ઇતિહાસ.
૨ દૈવજ્ઞ દર્પણ.
૩ ગુજરાતના ભીખારીઓ.
૪ ભિક્ષુક વિષે નિબંધ.
૫ અર્થ શાસ્ત્ર.
૬ સ્ત્રીનીતિ ધર્મ. (૩ જી આવૃત્તિ)
૭ ગુજરાતનો ઉત્કર્ષ થવાનાં સાધન વિષે નિબંધ.
૮ દુકાળ વિષે નિબંધ.
૯ સેવિંગ બેંકની અગત્ય વિષે નિબંધ.
૧૦ સ્થાનિક સ્વરાજ્ય.
૧૧ અર્થશાસ્ત્રનાં મૂળતત્વો.
૧૨ જ્ઞાન વચન.
૧૩ પ્રાચીન ભરતખંડનો મહિમા.
૧૪ પ્રેસિડન્ટ લિંકનનું ચરિત્ર.
૧૫ મોહસિનીનાં નીતિ વચનો

ફેબ્રુઆરી ૧૮૯૭

પ્રસ્તાવના.

જે ફારસી પુસ્તકનું ભાષાન્તર અત્રે કરવામાં આવ્યું છે, હેનો રચનાર ફારસી સાહિત્યમાં ઘણો ઉંચો દરજ્જો ભોગવેછે. મૌલાના. હુસેન બીન અલી ઉલ વાએઝ ઉલ કાશેફી જેટલો હેની બુદ્ધિની અગાધતાને માટે પ્રખ્યાત છે, તેટલોજ હેની બુદ્ધિના વિશાળત્વને માટે જાણીતોછે. ઉંચા પ્રકારનું ગદ્ય, તેવુંજ પદ્ય, તેવું જ ધર્મનિપુણતા, ઇતિહાસની માહીતી, ખગોળ વેત્તાના ગુણો, સૂફી મતનો રહસ્યનું જ્ઞાન, સાદી સરળ ભાષામાં વાર્તા લખવાની શક્તિ, નીતિશાસ્ત્રને લોકપ્રિય બનાવવાની યુક્તિ, તથા એ સિવાયની પણ બીજી કેટલીક વિશેષ બાબતોના ગાઢા અભ્યાસની એનાં લખાણો સાક્ષી આપેછે. સંસ્કૃત ભાષામાં લખાએલા પંચતંત્રનું ભાષાન્તર અનવારે સોહેલીના નામથી અરબીમાંથી ફારસીમાં એણેજ કરેલુંછે. એ ભાષાની શક્તિ કેટલીછે અને કેટલી નહિ, દરેક પ્રકારના વિચાર દર્શાવવા માટે લેખકને તેમાંથી પૂરતાં સાધન મળી શકે છે કે નહિ, વગેરે ભાષાની અંતરની ખૂબી બતાવવાની એ પુસ્તકની મતલબ હતી, અને તે મતલબ કાશેફીએ એવી ઉત્તમ રીતે પાર પાડી છે કે ફારસી ગદ્ય લખાણોમાં "અનવાર" આજે શ્રેષ્ઠ પદ ભોગવે છે.

તૈમૂરના મૃત્યુ પછી હેણે હાથ કરેલા મ્હોટા પ્રદેશના અલબત્ત વિભાગ પડી ગયા; તે તકનો લાભ લઇ, સુલતાન હુસેન મીરઝા નામનો એક તૈમૂરનોજ વંશજ ખોરાસાન પ્રાંતની ગાદી પચાવી પડયો (ઇ૦સ૦ ૧૪૬૯). એ ગાદી સાચવી રાખતાં હેને

ઘણી મુશ્કેલી પડેલી. કારણ પોતાના બીજા હરીફોને તાબામાં રાખવા ઉપરાંત તે પ્રદેશની લૂટારાની કોમ--(ઉઝબેકનામની)-જોડે હેને પુષ્કળ લડાઇઓ કરવી પડેલી. હેને હેમાં ઘણી વખત જીત મળતી અને તેથી હેને ગાઝી એવું ઉપનામ મળેલું.

એ સુલતાન પોતે પણ શારદા દેવીનો ઉપાસક હતો, અને તુરકી ભાષામાં હેણે પણ બે ચાર કાવ્યનાં પુસ્તકો લખ્યાં હતાં. પણ હેનો વધારે પ્રશંસાપાત્ર ગુણ એ હતો કે પોતાની દરબારમાં હેણે તે સમયના વિદ્વાન પુરુષોને ભેગા કરી, હેમને ઉત્તેજન આપવાની રીત રાખી હતી. ખાંદ અમીર નામનો પ્રખ્યાત ઇતિહાસક અને અમીર અલી શેર હેનીજ દરબારમાં હાજર રહેતા; અને એવા વિદ્વદ્જનપોષક સુલતાનના સમયમાં કાશેફીને પોતાનું બુદ્ધિબળ અજમાવવાનો પ્રસંગ મળેલો.

શું હિંદુસ્તાનમાં કે શું ઇરાનમાં, આગલા વખતના પ્રખ્યાત માણસોની જીંદગીનો અહેવાલ મેળવવો એ અશક્ય વાત છે. હાલના સમયમાં એવાં માણસોની ખાનગી તથા જાહેર જીંદગીની જે તફસીલવાર હકીકત મળી આવે છે, તે જોતાં હેમની જીંદગીના વૃત્તાન્તનો એક શતાંશ પણ આપણા હાથમાં આવવો મુશ્કેલ. દાખલા તરીકે કાશેફી વિશે આપણને એટલીજ માહીતી મળે છે કે તે ઇ. સ. ની ૧૫ મી સદીમાં ઉપલા સુલતાનના વખતમાં થઇ ગયો, અને હેરાત શહેરમાં ધર્મની વાએજ-ધર્મના વ્યાખ્યાન-આપનારા માણસોમાં તે બહુ સારો ગણાતો આ સિવાય એને લગતુ જાણવા જેવું બીજું કશું જ બહાર આવ્યું નથી. અને તેથી હેની શક્તિની તુલના માત્ર હેનાં પુસ્તકો તથા લખાણો પરથી જ આપણે કરી શકીએ છીએ.

સુલતાનની દરબારમાં એના પર મહેરબાની હોવી જોઇએ; કારણ પોતાનાં પુસ્તકોમાંથી બે પુસ્તકો પોતે હેને અર્પણ કર્યાં છે એટલુંજ નહિ, પણ હેમાં જ્યાં જ્યાં પોતાને પ્રસંગ મળ્યો છે, ત્યાં ત્યાં સુલતાન **અબુલ મોહસન હુસેન મીરઝાના** સદ્‌ગુણો, હેની ઉદારતા, બહાદૂરી વગેરેનાં વખાણ કરવામાં હેણે કશું ઉણું રાખ્યું નથી. "અખલાકે **મોહસિની**" એ નામજ **સુલતાનના** નામ પરથી પાડેલુંછે. **કુરાને શરીફ** ઉપર ઘણી ઉત્તમ ટીકા **મવલાના કાશેફીએ** લખેલીછે, અને તેથીજ **એને કાશેફી** (એટલે, કોઇ ચીજને ખુલ્લી કરનાર, સમજાવનાર) નું ઉપનામ, **અલ વાએઝ**–એટલે ધર્મ ઉપર વ્યાખ્યાન આપનાર–ના ઉપનામ ઉપરાંત મળેલું. ઉપર કહેલી એવી બુદ્ધિની અગાધતા તથા હેનું વિશાળત્વ બતાવવા માટે એણે જે જે પુસ્તકો લખ્યાંછે, હેની માત્ર એક યાદીજ નીચે આપવામાં આવીછે.

(૧) લુબ્બે લબાબ–**સૂફી** મતને લગતું કાવ્ય. (૨) **તફસીરે**–હુસેની–કુરાને **શરીફ** પર ટીકા. (૩) જવાહેર–ઉલ– **તફસીર**–ધર્મને લગતું; (૪) રવઝત–ઉશ–**શોહદા**, થોડું ધર્મ થોડું ઇતિહાસને લગતું; (૫) **દેહ મજલેસ**–ઉપલા પુસ્તકનો ટૂંક સાર. (૬) **અખલાકે મોહસિની**, નીતિશાસ્ત્રને લગતું (૭) **અનવારે સોહેલી**–વાર્તિક તથા નીતિબોધદાયક; (૮) "**અનવાર**" ની પ્રસ્તાવના–શાસ્ત્રીય **ફારસીનો** ઉંચામાં ઉંચો નમૂનો; –(૯–૧૦). **સહીફયે શાહી**, તથા **મખઝન**–અલ–ઇનશા, પત્ર લખવાની રૂઢી સંબંધી–(૧૧) **સબઅ–એ–કાશફીયેહ**–જ્યોતિશને લગતુ. (૧૨) **અસરારે**–કાસમી. (૧૩) **મતલે**–ઉલ–**અનવાર**. (૧૪). **લતાયફ ઉલ તવાયફ**–વાર્તાઓ. એ સર્વે ગ્રંથોમાં પણ "**અનવાર**"થી એણે હદ કરીછે. ફારસી ભાષાની શાસ્ત્રીય શક્તિ જેટલી એમાં દર્શી

ગોચર થાયછે તેટલાં બીજી ઘણીજ થોડી ચોપડીઓમાં થાયછે. તેમજ ત્હેમાં વપરાએલી ઉત્તમ શૈલી, પદ્યમાં લખાએલું હોય તેવું ગદ્ય–(કુરાને મજીદની ઇબારત પણ તેવીજછે)–તથા વૈદક, ખગોળ, ભૂગોળ, વિવિધ જાતનાં બીજા શાસ્ત્રો, ઇતિહાસ, જ્યોતિશ, નીતિ, ગાયન, ગણિત વગેરે વિષયોમાંથી લાવેલાં ઉદાહરણો તથા મુકાબલા ઓ જોઇ વાંચનારને સ્હેજ વિચાર આવેછે, કે માત્ર ચાળીશ, પચાશ વરસની ઉમરમાં એક માણસે આટલું બધું જ્ઞાન શી રીતે સંપાદન કર્યું હશે.

જેમ "અનવાર" ફારસી ભાષાની શાસ્ત્રીય ખૂબી બતાવવાના ખાસ ઉદ્દેશથી લખવામાં આવી હતી, તેમ "અખલાકે મોહસિની" બિલકુલજ લોકપ્રિય થઇ પડે તેવી મતલબથી લખવામાં આવી છે, અને તેથી બંનેની શૈલીમાં ઘણો ફેર છે. "અનવાર" સમજવા માટે શબ્દોનું ઘણા ઉંચા પ્રકારનું જ્ઞાન જરૂરનું છે; "અખલાક" ની શૈલી ઘણી સ્હેલી છે. સાધારણ લોકો તથા બચ્ચાંઓ પણ તે સમજી શકે એવું છે, અને ત્હેનાં બે મુખ્ય કારણો છે. એક તો એ કે પોતાના કુંવરોને નીતિનો બોધ આપવા માટે એક પુસ્તક લખવાનું સુલતાને કાશેફીને કહેલું તે, તથા બીજું, જેમ બને તેમ એ વિષય લોકપ્રિય બનાવવાનો ઉદ્દેશ.

"અખલાક" એ "ખુલ્ક" એટલે "સારો સ્વભાવ" એ શબ્દનું બહુવચન છે. અરબ્બીમાં પણ એનો ઉપયોગ સારો સ્વભાવ તથા જે જે સાધનો વડે સારો સ્વભાવ રાખી શકાય ત્હેના અર્થમાં થાય છે. એ સાધનો કયાં કયાં છે, ત્હેમને કેમ કેળવવાં, કેમ મેળવવાં, અને કેમ વાપરવાં, વગેરે બાબતનું જે શાસ્ત્ર, ત્હેનું પણ "અખલા-

ક” એજ નામ પડ્યું. એ સાધનોનો વિચાર કરતાં, મનોભાવ, મનની વૃત્તિ, તે ભાવ તથા વૃત્તિની ઉત્પત્તિ, ત્હેમાંથી પરિણમતા લાભ, ગેરલાભ, અને ત્હેના અંગભૂત વિષયોનો ખ્યાલ જરૂર આવે છે. નીતિમિમાંસા (Ethics) નાં મૂળતત્ત્વો, તથા એ આખા શાસ્ત્ર સંબંધે જે રીતે યૂરોપમાં પૂર્વે તથા હાલમાં વિવેચન કરવામાં આવ્યું છે, તેજ ધોરણે નહિ તો લગભગ તેજ ધોરણે આરબ ફિલસૂફોએ પણ ગ્રંથો રચ્યા છે. યૂરોપ દેશમાં ફિલસૂફી Philosophy નો પ્રારંભ યૂનાન દેશ અને ગ્રીક પ્રજામાંથી થએલો, પરંતુ ગ્રીક ફિલસૂફો તથા આરબ ફિલસૂફો પરસ્પર કઇ કઇ બાબતમાં મળતા આવે છે, કયાં કયાં જુદા પડે છે, અને કયાં કયાં એક બીજાના લેણદાર દેણદાર થાય છે, એ વિષયમાં અહિ ન ઉતરતાં એટલુંજ જણાવીશું કે મનના વિકારના શાસ્ત્રને અંગે આરબ લોકોએ પણ ફુલ નહિ તો ફુલની પાંખડી રૂપ કામ કર્યું છે. મુસલમાન કોમના હાથમાં ઈરાન દેશ આવી પડયો ત્યાર પછી જેમ ત્હેના વિજેતા આરબનો ધર્મ તેજ ત્હેનો થઈ ગયો, તેમ મ્હોટે ભાગે શાસ્ત્રજ્ઞાન તથા ફિલસૂફીમાં પણ થયું. જેમ હિંદુસ્તાનની સઘળી ફિલસૂફી વેદ, વેદાંત ક બીજા એવાંજ જૂના સંસ્કૃત પુસ્તકોમાં કે શાસ્ત્રોમાં પોતાનું મૂળ શોધે છે, તેમ ઇસ્લામી ઈરાનનો ઘણોખરો મૂળ પાયો અરબ્બીમાંજ મળી આવે છે. કેટલાએક ગ્રંથો તો માત્ર અરબ્બી ગ્રંથોના ભાષાંતર જેવાજ છે. અખલાકે જલાલી, અખલાકે નાસરી, અને એજ ધોરણ પર રચાએલા બીજા શિષ્ઠ ગ્રંથો ફારસીમાં અરબ્બી વાંચતા હોઇએ તેવા છે, અને તેમ હોવાથી અલબત્ત તેઓ પ્રસ્તુત પુસ્તકના કરતાં વિશેષ કઠિન પણ છે.

આટલાજ માટે એ શાસ્ત્ર લોકપ્રિય બનાવવા, સાધારણ લોકો હેને વધારે સારી રીતે સમજી શકે, હેમને તે ગમે, તેઓને તેમાં રસ પડે, એવી સ્હેલી, સરળ તથા રસાળ શૈલીમાં તેને લગતું એક પુસ્તક રચવાનું કામ સુલતાને કાશેફીને સોંપ્યું, જેનું પરિણામ આ "અખલાકે મોહસિની" છે. સ્હેલી તથા સરળ ભાષા એજ એની એ કલી ખૂબી નથી. અખલાકે જલાલી જેવા ગ્રંથોમાં મનોવિકાર,તથા મનોભાવ પરન્તુ માત્ર ફિલસૂફોને પ્રિય થઇ પડે તેવું વિવેચન સાધારણ વર્ગના લોકોને શુષ્ક તથા નિરસ લાગે, તેમાં સંદેહ જેવું નથી. એ શુષ્કતા, નિરસતા તથા કઠિનતા દૂર કરી, લોકોને ખૂશ રાખી, બોધ આપે એવી ચોપડી લખવાનું માન કાશેફીને ઘટે છે. મુંબઇના આગલા હાકેમોમાંનો એક, સર જોન માલકમ, ફારસી ભાષા બહુ સારી રીતે જાણતો હતો. તેણે એક જગાએ લખ્યું છે કે "સાધારણ જ્ઞાનને સંબધે પૂર્વ દેશના પુરૂષો તથા સ્ત્રીયો, મ્હોટે ભાગે બાળકો જેવાંજ છે; બાળપણમાં બોધ તથા શિક્ષણ આપવાનું સર્વોત્તમ સાધન વાર્તા તથા કહાણીઓ છે; અને તેથીજ હજુ સુધી તે દેશોમાં એ બંને સાધનોએ પોતાની લોકપ્રિયતા ખોઈ નથી". "અખલાકે મોહસિની" વાંચીને પણ પહેલો એજ વિચાર આવશે કે તેમાં ફિલસૂફી યા શાસ્ત્રીય વિવેચન કરતાં પચોપાખ્યાન અને હિતોપદેશના જેવું તત્ત્વ વધારે છે, અને હેનું કારણ માલકમે કહેલું સાધારણ વર્ગનું "બાળપણ" છે.

ગુજરાતી વાચકને બેશક આ પુસ્તકમાં આવેલી કેટલીક બાબતો ઘણી નવાઇ જેવી લાગશે, પરન્તુ હેનું નિરાકરણ બે રીતે થઇ શકશે; પોતાના ધર્મને માટે દરેક મુસલમાનનો ઉંચો વિચાર, અને

આપણાથી જુદા પ્રકારના ઇરાન, અરબસ્તાનના કેટલાક રીત રિવાજો. કાફરો ગમે તેટલાં સારાં કામ કરનારા હોય તોપણ ત્હેમને ત્હેમનાં કૃત્યનો બદલો, જેવો તેજ કામને માટે મુસલમાનને મળે તેવો, ન જ મળે, એવો ઇશ્વરી અન્યાય હાલના વખતમાં આપણા ધ્યાનમાં ઉતરતો નથી. તોપણ એ ધર્મમાં એવું શિક્ષણ લઈ ઉછરેલાં માણસોને ત્હેમાં કશું આશ્ચર્યકારક લાગતું નથી, અને તેજ પ્રમાણે ફારશેરીએ પણ, જાણે તેવું જણાવવામાં, ઇશ્વરપર બિલ્કુલ આક્ષેપ નથી, તેમ ધારી પોતાના પુસ્તકમાં તેવા વિચારો પ્રદર્શાવ્યા છે. ઇરાન, અરબસ્તાનની પરોણાગત, ત્યાંની નિરંકુશ રાજનીતિ વગેરે મુખ્ય મુખ્ય બાબતો તો સર્વ માન્ય છે જ; અને તે ધ્યાનમાં રાખવથી આ ભાષાન્તરમાં આવતા વિષયો સમજવા કઠણ નહિ પડે, એવી આશા રહે છે.

મૂળ ગ્રંથની પ્રસ્તાવનાનું ભાષાંતર અત્રે કર્યું નથી. ત્હેમાં સુલતાનની પ્રશંસા, તથા પુસ્તક લખવાની મતલબનો સમાવેશ થએલો છે, ત્હેનો સારાંશ ઉપર જણાવ્યો છે.

મુંબઈ.

તા. ૫ ડીસેંબર, ૧૮૯૬.

મોહસિનીનાં નીતિ વચનો.

પ્રકરણ ૧ લું.

ભક્તિ વિષે.

ભક્તિ એટલે પવિત્ર અને પરમ ઈશ્વરની પૂજા, ધર્મ પ્રમાણે જેને ફરજ ગણેલી છે તથા જે કામ કરવાં વાજબી ગણેલાં છે તેનું કર્તવ્ય, જેને બુરાઈ તથા હરામ ચીજ ગણેલી છે તેથી દૂર રહેવું, પ્રભુના હુકમો તથા પ્રતિબંધો પાળવા, અને હઝરત પેગમ્બરને પગલે વર્ત્તણકમાં ચાલવું તે. પવિત્ર અને પરમ ઈશ્વરની ભક્તિ આ દુનિયામાં સુખનું સાધન અને પેલી દુનિયામાં મોક્ષ તથા મુક્તિનું અનુસંધાન છે, એ સિદ્ધ છે.

આ દુનિયાના સુખની થાપણ ભક્તિ એજ છે,
પેલી દુનિયાની મુક્તિનું ઝવાહેર પણ ભક્તિજ છે.

ત્યારે પોતાની સ્થિતિના પૃષ્ઠને ભક્તિની લીટીઓથી શોભાવવું એજ પાદશાહોને છાજતું છે; અને તેમ કર્યાથી આ અને પેલી દુનિયામાં જે જરુરનું તથા ઉપયોગી હશે તે મહાન્ પ્રભુ તેમને આપશે. જેટલા પ્રમાણમાં પોતે પાદશાહ તરીકે પોતાની રૈયત પાસથી પહેલાની આજ્ઞાનુસાર કામ કરવાની તે આશા રાખે છે, તેટલાજ પ્રમાણમાં પોતે પ્રભુનું દાસત્વ કરવુંજ જોઇએ, એમ તેણે સમજવું જરુરનું છે. દિવસ રૈયતને લગતા કામકાજમાં અને રાત પોતાના (એટલે પોતાના મોક્ષના) કામકાજમાં ગુજારવી.

એવું કહેવાય છે હઝરત મુર્તઝા અલી જ્યારે ખલીફાની ગાદી-પર હતા ત્યારે દિવસનો વખત રૈયતને લગતાં કામકાજોમાં મશગૂલ રહેતા, પણ હમેશ રાતનો વખત તો તે રૈયતને પેદા કરનારની ભક્તિ તથા સેવામાં ગુજારતા. કોઇએ તેમને કહ્યું, અમીર સાહેબ, તમે શામાટે આટલી બધી રંજ અને મહેનત વેઠોછો ? નથી દિવસના આસાયશ ભોગવતા, નથી કે રાત્રે આરામ લેતા. તેમણે જવાબ આપ્યો, જો દિવસના હું આસાયશ લઊં તો મ્હારી રૈયત નાશ પામે, અને જો રાત્રે આરામ લઉં તો કયામતને (છેલ્લે) દિવસે મ્હારો નાશ થઇ જાય (હું રખડી જાઉં) તેટલા માટે દહાડે લોકોનું કામ કરું છું, અને રાત્રે મ્હારું કરૂંછું.

હેરાતના એક સુલતાને **શાહ સુબ્હાન** નામના મોટા સાધુને વિનતિ કરી કહ્યું કે મ્હને કાંઈ શિખામણ આપો. તેમણે કહ્યું, જો આ દુનિયામાંથી મુક્તિ અને પેલી દુનિયામાં મ્હોટો દરજ્જો તારે જોઇતો હોય તો રાત્રે પ્રભુની દરબાર આગળ ભિક્ષાવૃત્તિ કર, અને દહાડે તારી પોતાની દરબારમાં ભિક્ષુકો (ગરીબ માણુસો)ની ખબર રાખતો રહે (તેમનું રક્ષણ કર.)

જ્યારે પ્રભુના દાસ (માણુસો) સઘળાજ ત્હારા સેવકોછે,
ત્યારે તું પણ સેવા કર, અને પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલ;
જે કોઇ પાદશાહ પ્રભુની સેવા સારૂ કમર બાંધે છે,
તો તેની ખિદમત ઉઠાવવા આખી રૈયત કમર બાંધે છે.

વળી રૈયતની વર્ત્તણૂક હમેશા પોતાના રાજાના જેવીજ હોય છે, કારણ કહેવત છે કે **यथा राजा तथा प्रजा**, તેથી જો પાદશાહનુંજ વળણ ભક્તિ તથા સેવા તરફ હોય તો રૈયતને પણ તેમ

કરવાનું મન થાય છે. આ ઉપરાંત રૈયતની ભક્તિથી જે કાંઈ ફાયદો મળે છે તેની અસર રાજાની સ્થિતિપર થાય છે અને તેનો લાભ તેને પણ પ્રાપ્ત થાય છે.

પ્રકરણ ૨ જું.

મનની શુદ્ધતા વિશે.

મનની શુદ્ધતા એટલે જે કાંઈ કામ કરવાનું હોય તેમાંથી ઢોંગ સ્વાર્થ અને બીજા બધા કુવિચારોને દૂર કરવા, અને મહાન્ તથા કીર્તિવાન પ્રભુ પ્રત્યે સાચી નિષ્ઠા રાખવી તે.

જે કોઈ મન શુદ્ધ રાખી ચાલે છે,
તે તે જમાનાનો જીવતો ઈસુખ્રિસ્ત છે;

એટલા માટે જે કાંઈ કામ કરે તેમાં માણસની ઇચ્છા તો પ્રભુને રાજી કરવાનીજ હોવી જોઇએ અને તેમાં સ્વાર્થને આડો આવવા દેવો ન જોઇએ, કારણ સ્વાર્થી લાલચો ઇશ્વરી કાર્યોનો નાશ કરેછે.

એવું કહેવાય છે કે ખોરાસાનમાં રાજ કરતા એક ખલીફે હુકમ કર્યો હતો કે એક બેઅદબ માણસને સજા કરવા માટે ચાબખા મારવા. એને સજા થતી હતી તેવામાં બેશરમ થઈ ખલીફને તેણે ગાળો દેવા માંડી. આ જોઈ ખલીફે આજ્ઞા કરી કે સૌ ખસી જાઓ (એને ચાબખા મારવા બંધ કરો). સૌ ખસી ગયા અને તેને છુટો કર્યો. ખલીફની દરબારના એક ખવાસે (ખાસ અમલદારે) તેને પૂછ્યું કે જ્યારે તે બેશરમ, બેમુરવત માણસની સજામાં વધારો કરવો જોઇતો હતો, ત્યારે તમે તેને ક્ષમા કરી છો-

ડાવી કેમ દીધો ? ખલીફે જવાબ આપ્યો, હું પરમેશ્વરની ખાતરજ એને સજા કરી સુધારવા માગતો હતો, પણ જ્યારે એણે મ્હને અયોગ્ય વચનો કહેવા માંડ્યાં, ત્યારે મ્હારું મન ખાટું થઇ ગયું, મ્હને ગુસ્સો લાગ્યો, અને તેટલા માટે એનાપર ખાર લેવાનું મ્હારા દિલમાં આવ્યું પણ પવિત્ર પ્રભુને માટે જે કામ કરવાનું તેમાં મ્હારા સ્વાર્થને બિલકુલ દાખલ થવા દેવાની મ્હારી ઇચ્છા નહતી. કારણ એવી ચાલ મનની શુદ્ધતા વિરુદ્ધ છે, અને જે કોઇ માણસ પોતાનાં કામમાં સ્વાર્થ ભેળે છે તે મુક્તિનું શ્રેષ્ઠત્વ પ્રાપ્ત કરવાથી દૂર રહેછે અને નિરાશ થાય છે.

તેનાં વચનોથી મ્હારો અગ્નિ વધારે બળવા લાગ્યો,
(અને) પ્રભુનું કામ હતુ તેમાં સ્વાર્થનું મિશ્રણ થયું.
જ્યારે મ્હારે પોતાને લગતી લાગણીએ મ્હોડું બતાવ્યું,
ત્યારે પછી તેમાં મનની શુદ્ધતા તો રહીજ નહિ.
જે કામમાં મનની શુદ્ધતા નહિ
તે કામ છોડી દેવું એજ યોગ્ય છે.

પ્રકરણ ૩ જું.

પ્રાર્થના વિષે.

પ્રાર્થના એટલે પ્રભુની દરબારમાં વિનતિ કરવી તથા તેના અચ્છેદ માયાળુપણા તથા ઉદારતાવાળા સ્વભાવને લીધે આપણી ઇચ્છાઓ પૂરી પાડવાની તેની પાસે માગણી કરવી તે. જે કોઇ નસીબવાન

માણસના હાથમાં પ્રાર્થનાની કુંચી આવે છે તેને માટે બેશક કોરાનમાં કહ્યા પ્રમાણે-'તમે મ્હારી પ્રાર્થના કરો તો હુ તમારી દુઆ કબૂલ કરીશ'-પ્રાર્થનાના સ્વીકારનાં બારણાં ખુલ્લી જાય છે.

પ્રાર્થના યાતો કાંઇ લાભ મેળવવા માટે અથવા તો કાંઈ દુ:ખ શમાવવા માટે કરવામાં આવે છે. રાજાઓને તો આ બંનેમાંથી એક સિવાય છૂટકો નથી. એકતો લાભની પ્રાપ્તિ, એટલે પોતાના મુલકનો બંદોબસ્ત અને રાજનું સ્થાયીપણું. કાર્ય કારણના મહાન કર્તા પાસથી નમ્રપણે અને દીનતાથી એ વાતતો તેણે માગવીજ જોઇએ. તેમ કરવાથીજ સ્વસ્થપણે તેનાથી મ્હોટાઇની ટોચપર મજબૂતાઇથી બેસી શકાય.

જે માણસે દીનતાનો રસ્તો પોતાના મનને બતાવ્યો નથી,

તે માણસ પોતાની મરજી મુજબ મોટાઇની ગાદીપર કેમ બેસી શકે?

બીજું ઉપાધિ અને નુકસાનને દૂર કરવાં તે. આ ઉપાધિ એટલે શત્રુના ધસારા અને દુસ્મનના હુમલા, અથવા બીજી જાતની આફતો, જેવી કે મનસ્તાપ, શારીરિક, રોગ, વગેરે. નમ્રતા, દીનતા, આજીજી અને પ્રાર્થના સિવાય આ દુ:ખો પણ દૂર થતાં નથી. હઝરત મોલવી રૂમીએ પોતાના મસનવી નામના કાવ્યમાં કહ્યુંછે કે:-

અરે, ભાઇ! જો તારી એમ ઇચ્છા હોય કે આફતમાંથી જાન બચાવવો.

તો ત્હારા પોતાના મનને નમ્રતા શિખવ.

જો તુ નમ્ર હશે તો સુખી થઈશ.

અને (પ્રભુ સમક્ષ) વિલાપ કરશે તો (પરિણામે) તને એવો આનંદ થશે કે તે દર્શાવવા મ્હોડાની પણ જરૂર નહિ પડે.

કારણ આવી નમ્રતાની પ્રભુ પાસે બહુ કદર છે.

અને ત્યાં વિલાપની જેટલી કીમત છે તેટલી બીજે ક્યાં છે ?

જે આંખમાંથી તેને ખાતર આંસુ પડે છે, તેજ આંખ આનંદ વાળી છે.

જે હૃદય તેને માટે બળે છે, તેજ ખરૂં નસીબવાન છે.

આપણા દરેક વિલાપની પાછળ હાસ્ય રહેલુંજ છે.

જે માણસ દૂર અંદેશી (પરિણામ તરફ નજર કરનાર) હોય છે તેજ (પ્રભુનો) માનીતો સેવક છે.

હઝરત મહમ્મદની કહેલી કથામાં આવેલું છે કે, ન્યાયી પાદશાહની પ્રાર્થના હમેશાં સ્વીકારાય છે, ઈનસાફી રાજા પોતાની સત્તાની કમાનપરથી મનની ખરી શુદ્ધતાને હાથે પ્રાર્થનાનાં જેટલાં તીર મારે છે તે બધાં સ્વીકારરૂપી તાકણી અને કબુલતરૂપી નિશાનીએ પહોંચે છે.

એવું કહેવાય છે કે ઈસ્લામી ધર્મ પાળતા એક શહેરમં કેટલા એક દીવસ સુધી લાગલાગટ વરસાદ વરસ્યા કર્યો. તેથી માણસને કામકાજ કરવું મુશ્કેલ થઇ પડ્યું, આવજાવ કરવાના રસ્તા બંધ થઇ ગયા, ઘર પડી જવા માંડ્યાં, અને નાનાં મ્હોટાં સૌનાં મન ઊંચાં નીચાં થઈ ગયાં. જોશીઓએ કહ્યું કે ગ્રહોની ચાલપરથી હમને એમ લાગે છે, અતિશય પાણીની રેલને લીધે આ આખું શહેર નાશ પામશે. આ સાંભળી લોકોએ ઘરબાર, સગાં વહાલાંપરથી

વૃત્તિ ઉઠાવી, રડવા કકળવા માંડ્યું, પરન્તુ જ્યારે તેની પણ હદ વળી, અને વધારે દુઃખ ખમવાની તેમનામાં શક્તિ ન રહી, ત્યારે તેઓ પોતાના સુલતાન પાસે ગયા, અને તેને બધી હકીકત કહી. સુલતાન અક્કલમંદ તથા શુદ્ધવૃત્તિવાળો માણસ હતો. તેથી લોકોને દિલાસો આપી, પોતે એકાંતમાં ગયો, અને ત્યાં નમ્રપણે પ્રાર્થના કરવા માંડી કે, ઓ પરમેશ્વર! બધા લોકો મળી એમ કહેછે કે આ શહેરનો નાશ થઈ જશે. પણ તુંજ માત્ર એવી શક્તિવાળો છે, કે એમના એ વિચા-ચારોને ખોટા પાડી આપે, અને તેમના મનમાં જે જે ખ્યાલો છે તેનાથી બધું ઉલટુંજ બનાવી તારી સત્તાનો પાર પમાડી શકે, આ કહેતાંની સાથેજ વરસાદ રહી ગયો અને સૂર્ય ઉગ્યો. આથી સંપૂર્ણ રીતે સિદ્ધ થાય છે કે જ્યારે પાદશાહ શુદ્ધવૃત્તિનો અને રૈયત જોડે સારી રીતે ચાલનારો હોય છે, ત્યારે પોતાને કે તેમને માટે જે કાંઈ પ્રાથના કરેછે તેને સ્વીકારરૂપી મ્હોટી પદવીનું માન મળે છે.

જે પાદશાહે (પરમેશ્વરે) મહેરબાની રાહે ત્હારા માથાપર શ-

હનશાહનું તાજ મૂક્યું છે,

તેની પાસે જે જોઇએ તે માગ, કારણ તું જે માગશે તે એ

તને આપશે.

પ્રકરણ ૪ થું.

ઉપકાર માનવા વિશે.

ઉપકાર માનવો એટલે આપણને કાંઈ બક્ષિશ આપનારનો તેની બક્ષિશ માટે આભાર માનવો તથા તેની પ્રશંસા કરવી તે.

હવે રાજ્યાધિકારીપણાની બક્ષિશ સર્વોત્તમ છે તેથી તેને માટે (પ્રભુનો) પાડ અને આભાર માનવો એ, પાદશાહોની ફરજ છે.

આભાર ત્રણ રીતે મનાય છે, માનસિક, વાચિક, અને કાયિક, એટલે મનથી, વાણીથી અને શરીરના અવયવોથી. માનસિક આભારવૃત્તિ એટલે, જે સાચી બક્ષિશ આપનાર છે તેને ઓળખવો અને તેના તરફથી જે બક્ષિશ મળેલી છે, તે તેના અણુહદ ઉદારપણા અને પુષ્કળ માયાળુપણાને લીધે છે, એમ જાણવું તે. વાચિક આભારવૃત્તિ એટલે હમેશાં પ્રભુને યાદ કરવો, અને **અલહમ દુલિલ્લાહ** (પ્રભુને પ્રશંસનીય શબ્દો) નું રટણ કર્યા કરવું તે. આ શબ્દોનું ઉચ્ચારણ તેજ બક્ષિશોને માટે પાડ માનવા જેવું છે. કાયિક આભારવૃત્તિ એટલે શરીરરુપી બક્ષિશના કૌવતને એ બક્ષિશ આપનારની સેવામાંજ કામે લગાડવું અને શરીરના અવયવોમાંથી દરેકને તેને માટે જે સેવા ખાસ નીમેલી હોય, તેમાં તેનો ઉપયોગ કરવો તે. દાખલા તરીકે, આંખનું કામ એ છે કે, સૃષ્ટિ જોઈ તેનાપરથી શિખામણ લે, તથા પંડીતો અને સાધુ પુરુષોને માનની વૃત્તિથી નિહાળે, અને નિર્બળ તથા ગરીબ માણસોપર માયાળુપણે જુએ. કાનનું કામ એ છે કે, ઇશ્વર સંબંધી વાતચિતો, હઝરત પેગમ્બરને લગતી કથાઓ, મ્હોટા ધર્મીપુરુષોને લગતી વાર્તાઓ અને મહાન્ શેખ તથા પવિત્ર માણસોએ આપેલી સલાહ તથા નસીહતો સાંભળે. હાથનું કામ ફકીરો અને ગરીબોને ખેરાત કરવાનું છે. પગનું કામ એ છે કે, મસ્જિદ, દેવસ્થાન તથા સાધુ સંતની સમાધિઓમાં જવું, શુદ્ધ મનના દર્વેશો અને લોભ રહિત સન્યાસીઓની ખરખબર રાખવી, ભણેલા મહાન્ માણસો પાસે જવું, વગેરે એવાંજ બીજા કાર્યો કરવાં. વળી કોરાનમાં કહ્યા પ્રમાણે ઉપકાર

માનવાથી મળેલી બક્ષિસમાં પણ વધારો થાયછે અને પવિત્ર પરમેશ્વર એ પ્રમાણે કરનારના મુલક, માલ, તથા જાહોજલાલીમાં વિશેષતા આપેછે.

આભારવૃત્તિ એજ સુખના શહેર તરફ આપણને લેઇ જાય છે.

જે કોઇ આભાર માને છે, તેના સુખમાં વધારો થાય છે.

એવું કહેવાયછે કે મરહૂમ સુલતાન સંજર એક વખત કોઇ ગામમાં થઈ જતો હશે ત્યાં તેના રસ્તામાંજ એક દર્વેશ ઉભો હતો, તેણે તેને સલામ કરી. સુલતાન કાંઇ મનમાં બબડયો પણ તેના જવાબમાં કાંઇ બોલ્યો નહિ અને માત્ર માથુ ધુણાવ્યું, દર્વેશે કહ્યું આપણા ધર્મ પ્રમાણે એક બીજાને સલામ કરવી અને તેણે સલામ કબૂલ કરી તેનો જવાબ આપવો, એ એક પવિત્ર ફરજ છે, મ્હેં મ્હારી ફરજ બજાવી પણ તેં કેમ તેમ ન કર્યું? આ સાંભળી, ઇનસાફ તથા ઇસ્લામિ ધર્મની સત્તાના રક્ષણ ખાતર સુલતાને પોતાની લગામ ખેંચી, ઘોડો ઉભો રાખ્યો અને પોતાની વર્તણૂકની માફી માગતાં કહ્યું કે, ઓ દર્વેશ, હું આભાર માનવામાં રોકાએલો હતો, અને તેથી ત્હારી સલામનો જવાબ આપતાં ચૂક પડી દર્વેશે પૂછ્યું, કોનો આભાર માનવામાં? સુલતાને કહ્યું, પ્રભુનો, કારણ સર્વે બક્ષિશોનો આપનાર તેજ છે, તથા બક્ષિશો માત્ર તેના તરફથીજ મળેલી છે, અને લાભ સઘળા તેણેજ આપેલા છે.

ઊંચેથી નીચે ને આકાશથી તે પાતાળ સુધી
જરીએ જરી ચીજ એની બક્ષિશોમાં ગરક થઇ ગઇ છે.

દર્વેશે પૂછ્યું કે તું કઈ રીતે આભાર માનતો હતો, સુલતાને જવાબ આપ્યો કે " અલહમદુલિલ્લા રબ્બઉલ આલમીન " (આ અને પેલી દુનિયાના માલિકને પ્રશંસનીય શબ્દો) એ શબ્દો બો-

લીને; એ બક્ષિશો સમસ્તને માટેની આભાર વૃત્તિનો એ શબ્દોમાં સમાવેશ થઈ જાય છે. દર્વેશે કહ્યું, અરે સુલતાન, તું આભાર માનવાની રીત નથી જાણતો, અને કેમ પાડ માનવો તેની તને ખબર નથી. જે ઇશ્વરી નામત ત્હારા સુખની સાથી અને જે બેહદ બક્ષિશો ત્હારી મહાનપણાની જોડે જોડાએલી. છે, તેના સંબંધમાં બતાવેલા ઔદાર્યના પ્રમાણમાં ત્હારે તો આભાર માનવાનો હોય. વળી 'અલહમદુલિલ્લા' રુપી ગુલાબકળીપર વાણીરૂપી મધુર ગીત ગાતા બુલબુલ પાસે એકપળ માત્ર કલ્લોલ કરાવવો એ પાડ માનવો ન કહેવાય. સુલતાનોની જે ખરી આભારવૃત્તિ આ દુંનિયાના સુલતાન પાસે સ્વીકારની ઉંચી પદવિ પામે છે, અને "આભાર માનનાર વિશેષતાને લાયક છે" એ વાકય પ્રમાણે મ્હોટે દરજ્જે પહોંચે છે, તે તો જે કાંઇ પણ આપણી પાસે હોય તેને સારૂ તેના લાયકનો પાડ માનવો તે. સુલતાન સંજરે વિનતિ કરી કહ્યું કે, મ્હને તે વિશેનું જ્ઞાન આપ. દર્વેશ બોલ્યો, ત્હને સુલતાનની પદવી મળેલી છે તેનો પાડ માનવો, એટલે દુનિયાના બધા લોકો જોડે ઇનસાફથી વર્ત્તવું, અને સર્વે આદમીઓપર અહેસાન કરવું. પોતાના મુલકના વિસ્તાર અને રાજની મોટી સીમાને સારૂ પાડ માનવો, એટલે પોતાની રૈયતની મિલકત પચાવી પડવાનો લોભ ન કરવો તે. ત્હારી હાકમીને સારૂ પાડ માનવો એટલે ત્હારા સેવકોના વાજબી હક્ક ઉપર નજર રાખવી તે. ત્હારા સારા નસીબ અને સુભાગ્યનો પાડ નિરાશા અને દુર્ભાગ્યની ધુળમાં જે બીચારા પડેલા હોય તેનાપર દયા લાવવાથી વળશે, અને ત્રીજોરીની આબાદીનો આભાર ગરીબ, યોગ્ય માણસોને સારૂ ખેરાત અને દાન દક્ષણા આપવાનું મુકરર કર્યાથી મનાય છે, શરીરના કૌવત અને જોરનો

ઉપકાર નિર્બળ અને આજેઝ માણુસોને મદદ કર્યાથી મનાય છે. નિરોગીપણાનો ઉપકાર જુલમ સહન કરતા બીમાર માણુસોને ઈનસાફના કાનૂન પ્રમાણે સંપૂર્ણ રીતે સાજાં બનાવવાથી મનાય છે. પુષ્કળ સિપાઈઓ અને મ્હોટા લશ્કરનો આભાર એ સિપાઈઓથી મુસલમાનોને જે હરકત થાય છે તે દૂર રાખવાથી મનાય છે. ઊંચી ઈમારતો અને સ્વર્ગના જેવા સુશોભિત બાગના માલિક હોવાનો ઉપકાર પોતાની રૈયતના મકાનો અને ઘરમાંથી સિપાઈઓ અને લશ્કરને ઉતારો આપવાની રીત બંધ કર્યાથી મનાય છે. વળી આભાર માનવાનો સર્વોત્તમ રસ્તો તો એજ છે કે પોતાને ક્રોધ કે ગુસ્સો આવે તે વખતે પણ સત્ય (પ્રભુ)ને વિસારી મૂકવું નહિ, અને હમેશા પોતાના કરતાં પોતાની રૈયતના સુખનો પહેલો વિચાર કરવો.

જો તું ત્હારૂં પોતાનુંજ સુખ ચહાશે અને તેટલેજ બસ કરશે,
તો ત્હારા રાજમાં કોઈ સુખ પામવાનું નથી.

સુલતાનના મનમાં પણ દર્વેશના વચનોનો ઝોક ઉતર્યો, અને ઘોડાપરથી નીચે ઉતરી તેને પગે લાગવાનો પોતે વિચાર કર્યો, પણ પોતે સામું જોયું તો દર્વેશજ દેખાયો નહી, તેમ કોઈએ તેની ભાળ પણ બતાવી નહિ. પછી પોતે ઉપલા વચનોને સોનેરી અક્ષરે લખી રાખવાનો હુકમ આપ્યો, અને પોતે તેજ નિયમે વર્તવાનું નક્કી કર્યું.

ડાહ્યા પુરૂષની શિખામણ એ આપણા હૃદયરૂપી આરસીનો ઓપ છે.
બંને દુનિયાની ઈચ્છાઓ એજ શિખામણ લેવાથી પાર પડે છે.

પ્રકરણ ૫ મું.

ધૈર્ય વિષે.

ધૈર્ય એટલે મહાન્ પ્રભુ તરફથી તેના સેવકોપર જે દુઃખ તથા આફતો આવી પડે છે, તે વખતે સબૂરી પકડવી તે. ધીરજ એ બહુજ પસંદ કરવા લાયક અને પ્રશંસા પાત્ર ગુણ છે; એના વખાણમાં એટલુંજ કહેવું બસ છે કે કોરાનમાં પ્રભુએ કહ્યું છે કે 'પરમેશ્વર ધૈર્યવાનોની સાથેજ છે,' ધીરજ ધરનારને ઈશ્વર મદદ આપેછે. વળી એમ પણ જણાવામાં આવ્યું છે કે 'સબૂરી કરનારાઓને અગણિત ઇનામ મળશે' એટલે પેલી જહાનમાં એ ગુણવાળાઓને તેમની ધીરજનો અણહદ બદલો મળશે.

એક એવી દંતકથા ચાલે છે કે પવિત્ર પ્રભુએ હઝરત દાઉદ પ્રત્યે ઈશ્વર પ્રેરિત બુદ્ધિનો અંશ મોકલી કહ્યું કે, ઓ દાઉદ, જરા મહેનત લઈ મારા ગુણનું અનુકરણ કરી તેને તારી જીંદગીની શોભા બનાવઃ મારા બધા ગુણોમાં એક એ પણ છે કે હું ધૈર્યવાન છું.

માણસને વાસ્તે બીજા બધા (ગુણ) કરતાં ધૈર્ય ઉત્તમ છે,
આથી કરીને પોતાની ઇચ્છાઓ પાર પડે છે.

આફતરુપી તીરોના વરસાદમાં જે કાંઇ સબૂરીની ઢાલ માથા પર ધરે છે, તેની ઉમેદનું તીર મોડું વહેલું પણ સાફલ્યની નીશાની એ જઇ ચોંટે છે, કારણ સબૂરી એજ સુખની કુંચી છે, અને રાહતના ઘરનો દરવાજો એ ચાવી વિના ઉઘડતો નથી.

ઇચ્છારૂપી ખજાનાના દરવાજાની કુંચી ધૈર્યજ છે.

બંધ બારણું ખોલી નાંખનાર પણ સબૂરીજ છે.

પછી પર્વતના સખત પથ્થરરૂપી રેશમ કે આકાશના જેવો ચળકતો કસબ હો,

તોપણ જે પોશાક કદી ધાસી નથી જતો તે તો સબૂરીજ છે.

તુર્કસ્તાનના રાજાઓના ઇતિહાસમાં કહેલું છે કે, પાદશાહ અફ્રાસીયાબે પોતાના ઉમરાવોને સલાહ આપી હતી કે જ્યાં સુધી તેમની ધૈર્ય કે સબૂરી તમે અજમાવી ન હોય ત્યાં સુધી, માણસોના ચહેરા અને શરીર, તેઓના દમામ અને ભપકાથી ઠગાઈ જવું નહિ. તેમજ તેઓ જે બડાસી હાંકે ને મ્હોટી મ્હોટી ડીંગ મારે તેથી અંજાવું નહિ. જો ધીરજરૂપી કસોટી ઉપર ખરી ધાતુનો ધસારો પડે તોજ તેમનામાં મરદાનગી છે, એવો વિશ્વાસ આણવો.

માણસની હિંમત તથા કદર તેની બડાસીથી બુજવાની નથી.

માણસની કીંમત સબૂરીથીજ થાય છે.

એવું કહેવાય છે કે કોઈ અમીર પોતાના પાદશાહ પાસે ઉભો હતો, અને રાજને સંબંધે કાંઈ મ્હોટા અગત્યના સવાલ વિશે પાદશાહ, તેની સલાહ લેતો હતો. જોગજોગ તે અમીરના પહેરણમાં એક વિંછુ પેશી ગયો હતો, અને થોડી થોડીવારે તેને કરડ્યા કરતો હતો, તથા પોતાના ઝેરી ડંખથી ઇજા કરતો હતો. જ્યાં સુધી તેનો ડંખ નકામો થઈ ગયો અને તેમાંનું બધુ ઝેર ખલાસ થઇ ગયું ત્યાં સુધી અમીર પણ વાતચિતમાં બિલકુલ અટકયો નહિ, કે તેના ચ્હેરા ઉપર લેશ માત્ર ફારફેર પણ થયેલો જણાયો નહિ. તેમજ બોલવા ચાલવામાં બીનઅક્કલ કે બેઅદબી એક સુખન પણ

તેણે વાપર્યો નહિ. પછી ઘેર આવી પોતાનાં કપડાંમાંથી વિંછુ કાઢીને તેણે નાખી દીધો. જ્યારે પાદશાહને કાને આ વાત ગઇ ત્યારે તે બહુજ અજાયબ થયો અને વિસ્મય પામ્યો. બીજે દહાડે અમીર જ્યારે પોતાની નોકરીપર હાજર થયો ત્યારે પાદશાહે કહ્યું, આપણા જીવ ને જેનાથી ઇજા થતી હોય તે દૂર કરવું એ વાજબી કામ છે, તે છતાં કાલે તને વિંછુ કરડતો હતો, તેને તેં કેમ કાઢી ફેંકી ન દીધો? તેણે જવાબ આપ્યો, હું એવો માણુસ નથી કે એક વિંછુના ઝેર-થી થતી ઇજાને ખાતર તારા જેવા પાદશાહની સાથે વાતચીતનું મોટું માન મને મળતુ હતું તેમાં ચુક પડવા દઉં. જો આજે પાદ-શાહની ખુશીખુશાલી ભરેલી દરબારની મિજલસમાં ધીરજથી મા-રાથી એક વિંછુનો ડંખ સહન ન થાય, તો પછી કાલે ઉઠી લ-ડાઇના મેદાનમાં દુશ્મનોની ઝેર પાએલી તલવારોના ઘા કેમ ખમી શકું. આ સાભળી પાદશાહ ખુશ થઈ ગયો, અને તેની નોકરીનો દરજ્જો ઘણો વધારી દીધો. તેણે આટલી સરખી સબૂરી કરી તો પોતાની ઇચ્છા તથા મુરાદ પાર પાંડી.

પ્રલય કાળમાં પેગંબર નૂહે આપત્તિમાં જેટલી સબૂરી પકડી હતી, તેટલી જો તુ રાખશે, તો ત્હારી હઝાર વરસથી ધારી રાખેલી ઇચ્છા પણ પુરી પડશે.

પ્રકરણ ૬ હું.

ઇશ્વરેચ્છાથી રાજી રહેવા વિષે.

પવિત્ર પ્રભુની આજ્ઞાનુસાર આપણાપર એટલે તેના સેવકો

પર જે કાંઇ આવી પડે તેથી રાજી રહેવું તેને 'રઝા' કહે છે. પરમેશ્વરના હુકમરૂપી તીરની સામું 'રઝા' રૂપી ઢાલ સિવાય બીજી કોઇ ઢાલ ધરવા જેવી નથી. જે કોઇ ઇશ્વરેચ્છાથી રાજી થઇ તેને તાબે થાય છે, તે ઝપાટાબંધ મ્હોટાઇ તથા મહત્તાના તખ્તપર બિરાજી શકે છે: 'પરમેશ્વર તેમનાથી રાજી થાય છે અને તેઓ પરમેશ્વરથી રાજી થાયછે" એ પ્રમાણે કોરાનમાં કહ્યું છે, તેથી ઉપરની બાબતને ટેકો મળે છે. વળી 'પરમેશ્વરના હુકમથી રાજીરહેવું, એ તેની પાસે પહોંચવાનો મોટો દરવાજો છે'. એ પ્રશંસાયુક્ત વાકય ઉપર લખેલા શબ્દોને પૂરવણી આપે છે.

જ્યારે આપણું તકદીર (પ્રારબ્ધ) આગળનું આગળજ છે, ત્યારે પછી જ્ઞાનથી ફાયદો શો?

સેવા, ઇશ્વરેચ્છાને રાજી તથા તાબે રહેવા સિવાય બીજા શેમાં ફાયદો છે?

એવું કહેવાય છે કે મહાન પેગંબરોમાંના એકે પ્રાર્થના કરતી વખત કહ્યું. કે, ઓ પ્રભુ, મ્હને એવું કામ કરવાનો રસ્તો સુઝાડ કે જેથી તું ખૂશ થાય. તેના જવાબમાં તેને એક ઇશ્વરી અવાજ સંભળાયો, મ્હારી ખૂશીનો આધાર મારા હુકમથી ત્હારા ખૂ[illegible]ી રહેવા ઉપર આધાર રાખે છે. જો તું મારી આજ્ઞાઓથી રાજી રહે તો હું પણ તારાથી રાજી રહું.

જે કોઈ પરમેશ્વરની આજ્ઞાઓથી રાજી રહે છે,
તેને પ્રભુ તરફની મહેરબાનીનો (મ્હોટો) ભાગ મળે છે.

"રઝા"ના પ્રકાશથી જેનું હૃદય પ્રકાશિત થાય છે, તે કદી પણ પ્રભુની આજ્ઞાનો અનાદર કરતો નથી, તેમજ ઇશ્વરી હુકમો

જોડે જાણે તેને મિત્રભાવ બંધાઇ જાય છે. પ્રારબ્ધ યોગે તેના-પર જે આવી પડે છે, તેને તે રાજી ખુશીથી તાબે થાય છે, અને અલબત્ત તેને લીધે શોક કે દિલગીરી તેના મન ઉપર બિલકુલ અસર કરી શકતી નથી, તેમજ હમેશા પોતાનો વખત તે ખુશી ખુશહાલીમાંજ ગુજારે છે.

જે કોઇ માણુસને ઇશ્વર ઇચ્છાથી રાજી રહેવાની ટેવ પડી ગઇ હોય છે,

તેના તરફ હમેશા સુખ તથા ચેન પોતાનો ચ્હેરો ફેરવે છે,
ઇશ્વરના હુકમ તથા આજ્ઞાઓ જોડે, સાકર અને દુધની માફક,
મન સાફ રાખી મળી જવું જોઇએ.

પ્રકરણ ૭ મું.

ઇશ્વર ઉપર વિશ્વાસ રાખવા વિષે.

ઇશ્વર ઉપર વિશ્વાસિતા એટલે કોઇ કાર્યના કારણ ઉપર લક્ષ ન રાખતાં સર્વ કારણના મહાન કર્તા તરફ નઝર ફેરવી, આપણા દ-રેક કામની સંપૂર્ણતા પવિત્ર પ્રભુની પાસે માગવી તે. જે માણુ-સ પોતાના કામને સારૂ ઇશ્વરપર ભરોંસો રાખે છે, તથા જે કાંઇ તેને માથે આવી પડે તેને માટે પરમેશ્વરની મહેરબાનીપર વિશ્વાસ રાખે છે, તેનાં બધાં કામ તેની મરજી પ્રમાણે થઇ જઇ પાર પડેછે.

ત્હારાં બધાં કામ માટે પ્રભુપર વિશ્વાસ રાખ અને દિલ ખુશ રાખ.

પાદશાહોને તો કોઇ પણ વખત પરમેશ્વરપરથી વિશ્વાસ ઉઠાવવો લાયકજ નથી, કારણ તેનાપર વિશ્વાસ રાખવાથી એજ

પ્રભુની મેહેર યોગ્ય અને જેવી જોઇએ તેવી રીતે તેમનાં બધાં કામ પાર પાડેછે.

એવું કહેવાય છે કે એક પાદશાહે કોઇ પંડિતને પૂછ્યું કે ધાર્મિક લોકોનો જય કઇ કઇ રીતે થાય છે. તેણે જવાબ આપ્યો કે બે રીતે. એક તો પ્રાર્થના (નિમાઝ) કર્યાથી અને બીજું આપણા કર્તાના ઔદાર્ય ઉપર વિશ્વાસ રાખ્યાથી. આ સાંભળી પાદશાહે પોતાના કામકાજ એ બે બાબતોને અનુસરી કરવા માંડ્યાં, તથા પોતાની વર્ત્તણૂકમાં પણ એ બંને રીત પ્રમાણેજ ચાલવા માંડ્યું. એકાએક ત્હેનો કોઇ મ્હોટો દુશ્મન ત્હેની રાજધાનીપર ચડી આવ્યો. પોતે પણ પોતાનું લશ્કર લઇ ત્હેની સામા ગયો. જ્યારે બંને લશ્કરો એક બીજાની નજદીક આવી પહોંચ્યાં અને હવે નક્કી તેમના વચ્ચે લડાઈ થશેજ એવું લાગ્યું ત્યારે યુદ્ધના દિવસની આગલી રાત્રે આખીરાત પાદશાહ પોતે નિમાઝ પઢવામાં ગુંથાઇ રહ્યો હતો, તે જોઇ ત્હેના એક દરબારીએ કહ્યું, અત્યારે તો આપને આસાયશ લેવો જોઇએ, કારણ કાલે સવારે લડાઇ થવાની છે. પાદશાહ બોલ્યો, આજ રાત્રે હું પ્રભુનું કામ કરૂંછું, કાલે સવારે પ્રભુને મારૂં કામ કરવાનું છે, તે એની મરજી પડે તેમ કરે, ત્હેની જોડે મારે નથી લેવા દેવા, કે ત્હેમાં નથી કાંઇ મ્હારો અખ્તીયાર. વળી પાછું તે દરબારીએ કહ્યું, પણ યુદ્ધની સામગ્રિ તો તૈયાર કરો, અને રણ સંગ્રામને માટે તૈયાર થાવ. પાદશાહે ઉત્તર આપ્યો, મ્હેં ઇશ્વરપર વિશ્વાસરૂપી બખ્તર પહેરેલું છે, અને મ્હારે લગતું સર્વ કામકાજ પરમેશ્વરની મહેરબાનીરૂપી વકીલને સોંપ્યું છે.

હમે હમારૂં કામ અમારા કર્ત્તા પરમેશ્વરને સોપ્યું છે.

એની ઔદાર્ય વૃત્તિને જેમ ઠીક પડે તેમ તે પાર ઉતારે.

બીજે દહાડે સવારના પહેરમાં જ્યારે લડાઇના મેદાનમાં હાર બાંધ લશ્કર ગોઠવાઇ ગયું હતું, અને લડવૈયાની હારો એકબીજાના સામસામે આવી ઉભી હતી ત્યારે ઈશ્વરની મદદ—'તમને અદૃશ્ય એવા લશ્કરને હમે ઉતાર્યું' એ કોરાનના વાક્ય પ્રમાણે–આવી પહોંચી.

ઇશ્વરી મદદનું સૈન્ય અદૃશ્ય મુલકમાંથી એકદમ બહાર નીકળી આવ્યું.

જેવી દુસ્મનના સિપાઇઓની નજર ઈશ્વરપર વિશ્વાસુ પાદશાહના છત્ર તથા વાવટાઓપર પડી કે તરતજ પોતાનાં જોર તથા સત્તાની લગામ તેમના કબજામાંથી સરી પડી અને ત્યાંથીજ ન્હાસી જવું તેમને વધારે દુરસ્ત લાગ્યું, અને લડાઇ શરૂ થાય, કે સંગ્રામમાં કોઇ ઉતરે તે પહેલાં તો સઘળાઓએ રસ્તો કાપવા માંડયો. આ પ્રમાણે દુસ્મન તરફનો જે ભય હતો તેનો અંત આવ્યો.

ઉમેદ રૂપી પૂર્વમાંથી વિજય રૂપી સવારે દેખા દીધી.

સ્વાર્થી પુરૂષોની કાળી રાત્રીનો પણ છેડો આવ્યો.

પ્રકરણ ૮ મું.

શરમ વિશે.

મર્યાદવૃત્તિ એ બહુ ઉંચી જાતનો ગુણ તથા પ્રશંસા પાત્ર ચાલચલણ કહેવાય છે, હઝરત રસૂલે (પરમેશ્વર તેમને સદા આશિષ આપે તથા સલામત રાખે) કહ્યું છે કે મર્યાદશિલતા એ ધર્મપર આસ્થારૂપિ વૃક્ષની એક ડાળ છે.

દુનિયાનો કારભાર સહીસલામતીથી ચાલવાને માટે મર્યાદ વૃત્તિ એ બહુજ જરૂરીઆતની ચીજ છે. જો મર્યાદવૃત્તિનો ગુણ નાબૂદ થાય, અને એક જણને બીજાની શરમ ન પડે તો સંસારના સઘળા વ્યવહારમાં ખલેલ પડે અને લોકોનું એક બીજાને હાથે ભલું થતું અટકી પડે. આ મર્યાદવૃત્તિને લીધેજ જેમ જેની મરજીમાં આવે તેમ—યથેચ્છા—કરતાં માણસ અચકાય છે.

ધર્મમાં કહેલા સઘળા અટકાવરૂપી લશ્કરના મધ્ય ભાગને તોડી પાડનાર મર્યાદવૃત્તિજ છે.

રમત ગમત વિગેરે કુચાલરૂપી ટોળીનો વાટપાડુ (લૂટનાર) શરમની વૃત્તિજ છે.

આ ઉપરથી જણાય છે કે નીચ ઉંચ સઘળાને મર્યાદવૃત્તિથી પુષ્કળ ફાયદો થાય છે, અને શરમરૂપી સૂર્યના તેજ વિના સદ્ગુણના ફળો પાક્યા વગરનાં કાચાં રહી જાય છે.

જો શરમની વૃત્તિ હોય નહિ તો પવિત્રતા (શુદ્ધ વર્તણૂક) નો તો અંતજ આવે,

જો હજુ સુધી એકબીજાની વચ્ચે કોઈ પણ જાતનો પડદો રહ્યો છે તો તે માત્ર મર્યાદ શિલતાને લીધેજ છે.

શરમ ઘણી જાતની છે, તેમાંની એક અપરાધને લગતી શરમવૃત્તિ, એટલે અપરાધિને પોતાના કર્તુકને માટે જે શરમ લાગે છે તે છે. જેમ પ્રભુના પ્રિય હઝરત આદમે (પ્રભુ તેમને તથા હમારા પેગમ્બર—મહમ્મદને સલામત રાખે) જ્યારે સ્વર્ગમાં ઘઉંના દાણા ખાધા, અને જે કપડાં તેમણે પહેર્યાં હતાં તે તેમના શરીરપરથી નીકળી પડ્યાં ત્યારે તેમણે આમતેમ ન્હાસવા અને દરેક ઝાડની

પાછળ ભરાઇ જવા માંડ્યું, તે વખતે એક ગેબી અવાજે તેમને પૂછ્યું કે, એ આદમ તું હમારા (એટલે પ્રભુ પાસ) થી ન્હાસવા માગે છે? તેમણે જવાબ આપ્યો ના ખુદાવંદ, તમારી આગળથી મ્હારાથી કેમ ન્હાશી જવાય, તથા ક્યાં ન્હાસી શકાય? મ્હને મ્હારા પોતાના અપરાધને માટે શરમ લાગે છે.

અગર જોકે ગુન્હાની માફી મળે તોપણુ તેને માટે શરમ લાગ્યા વિના તો રહેજ નહિ.

ઉદાર માણુસને જે શરમ લાગે છે, તે બીજી જાતની શરમ છે. જો કોઇ ભિક્ષુક ઉદાર માણુસના ઘર આગળથી નિરાશ થઇ પાછો ફરે છે, તો તેને બહુજ ખોટું લાગે છે. હઝરત પેગમ્બરને લગતી કથાઓમાં આવેલું છે, મહાન પવિત્ર પરમેશ્વર આ ગુણુથી અંકિત થએલો છે. જ્યારે એના સેવકોમાંથી કોઇપણુ માણુસ પોતાના બે હાથ ઉંચા કરી એની દરબારમાંથી કોઇ પણુ જાતની દુઆ માગે છે. ત્યારે મહેરબાની તથા દયા રહિત રીતે તે હાથ ખાલી પાછાં વાળતાં તેને બહુ શરમ લાગે છે, બલ્કે તેની માગણી રૂપી રોકડ નગદ તેની આશારૂપી તેની હાથેલીમાં મૂકી તે પાછી વાળે છે.

જો આ દરવાજાપર તું ત્હારૂં માથું મૂકે છે, તો બહુજ અસંભવિત વાત છે,

કે માગણી કરવા માટે (ઉંચા કરેલા) ત્હારા હાથ ખાલી પાછા ફરે.

ઉદારપણાની અધિકતા તો એજ કહેવાય કે માગનાર માણુસને પોતાની પાસથી નિરાશ તથા નાસીપાસ કરી (શરમાવી) પાછો કાઢવો નહિ.

ઇતિહાસમાં આવેલું છે કે, મામૂન ખલીફાના વખતમાં એક આરબ હતો, જે ઉષર ભૂમિમાં ઉછર્યો હતો, અને જેણે ખારા, કડવા પાણી સિવાય બીજી જાતનું પાણી જોયું કે ચાખ્યું નહતું.

જે પક્ષીને મિઠાં ચોખ્ખાં પાણીની ખબર હોતી નથી,

તે આખું વર્ષજ ખારા પાણીમાં પોતાની ચાંચ બોળ્યા કરેછે.

એક વખત આરબ લોકોની વસ્તી હતી ત્યાં દુકાળ પડ્યો. આથી કરી, જરૂરના માર્યા દાણાદુણી ભેગું કરવા પોતાના પ્રિય વતન તથા હમેશના ઘરને છોડી તેને બહાર નીકળવું પડ્યું, જ્યારે પોતાની સારી જમીન છોડી તે આગળ જતો હતો ત્યારે સારૂં ખેડાણ થએલી એવી ચોખ્ખી ભૂમિવાળી એક જગાપર તે આવી પહોંચ્યો ત્યાં તેણે એક ન્હાનું ખાબોચીઉં જોયું, જેમાં થોડું વરસાદનું પાણી ભેગું થયેલું હતું; પુષ્કળ પવનના ઝપાટાને લીધે તેની સપાટીપર પડેલાં ઘાસ, તરણા વગેરે દૂર ઉડી ગયાં હતાં, અને તેમાં નું પાણી બહુજ પારદર્શક તથા સુંદર દેખાતું હતું. પેલા આરબે તો દુનિયાની સપાટીપર કોઇવાર પાણી દીઠેલુંજ નહતું. તેથી તે આ જોઈ બહુ આશ્ચર્ય પામ્યો અને તે ખાબોચીઆની પાસે જઇ તેમાંનું થોડું પાણી ચાખી જોયું, તો મ્હોડામાં બહુજ મીઠું અને લેઝતદાર લાગ્યું. પછી તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે મ્હેં સાંભળ્યું છે કે મહાન પવિત્ર પ્રભુએ સ્વર્ગમાં એવીજાતનું મીઠું પાણી સરજાવેલું છે કે પીવામાં તે કદી બદસવાદ લાગતું નથી; કુરાનમાં કહ્યું છે કે, બહેસ્તમાં એવી નહેરો છે કે જેનું પાણી કદી બગડતું નથી, તેથી જો હું ભૂલતો ન હોઉં તો પરમેશ્વરે મ્હારી ગરીબી અને હાડમારીપર દયા આણી, આટલો વખત મ્હેં જે ભૂખ અને

દુઃખ વેઠયાં તેના બદલામાં સ્વર્ગમાંથી મ્હારે સારૂ આ પાણી દુનિયાપર મોકલી આપ્યું છે, તેથી હવે સલાહ ભરેલો રસ્તો તો એજ છે કે આમાનું થોડું પાણી લઇ જઇ હાલના ખલીફને ભેટ આપવું. એ સેવાના બદલામાં જરૂર એ મ્હારા ઉપર કોઇપણ જાતનું અહેસાન કરશે. અને હું અને મ્હારાં ઘરનાં માણસો ખલીફની એ બક્ષિશને લીધે ભૂખમરામાંથી છૂટા થઇશું, પછી પોતાની પાસે ચામડાની મશક હતી તે પાણીથી ભરી લઈ બગદાદ શહેરનો રસ્તો પૂછી રાજધાની તરફ પોતે ચાલવા માંડયું, પોતે શહેરથી થોડે દૂર હતો તેવામાં મામૂનની સવારી, લાવલશ્કર સાથે આવતી તેને મળી. આરબે જાણ્યું કે આજ મામૂન ખલીફ છે, અને પોતે શિકારે જવાનો ઇરાદો રાખે છે, તેથી તે તરતજ રસ્તો રોકી, ઉભો રહ્યો, અને પાદશાહને દુઆ દેવા તથા તેની પ્રશંસા કરવાનું શરૂ કર્યું. ખલીફે તેના તરફ ફરી, પૂછ્યું, કે ઓ, આરબ તું કયાંથી આવે છે? તેણે જવાબ આપ્યો, ફલાણા ફલાણા રાનમાંથી, કે જ્યાંના રહેવાશીઓ દુકાળના દુઃખથી અને ભૂખમરાની આફતથી પીડાય છે. મામૂને પૂછ્યું, તું જાય છે કયાં? ત્યારે આરબે કહ્યું કે, હું ત્હારી દરબારમાં આવતો હતો, અને વળી હું ખાલી હાથે આવ્યો નથી ઘરનું જોડે એવું નજરાણું લેતો આવ્યો છું, કે કોઇ માણસના આશારૂપિ હાથ તેની મેળાપરૂપી ચાળને પણ નહિ પકડી શક્યા હોય, અને આ દુનિઆપર સરજાએલા કોઇ પણ પુરૂષની ઇચ્છારૂપી ચક્ષુએ તેનાં સૌંદર્યના ઠાઠમાઠના દર્શન પણ નહિ કર્યા હોય. ખલીફને આથી બહુ અજાયબી લાગી. અને તેણે પૂછ્યું? કે, તું શું લાવ્યો છે, તે કાઢ, અને બતાવ, આરબ મશક બહાર કાઢી બોલ્યો, આ સ્વર્ગનું પાણી છે,

જેને આ પૃથ્વીપર નથી કોઇએ જોયું કે ચાખ્યું:

એને પાણી ન કહો, એતો સાકરનો રસ છે.

સવાદમાં આબેહયાત (અમૃતનાં પાણી) ની એ બહેન છે.

પોતાના ઘોડાવાળાને મામૂને હુકમ કર્યો, એક પ્યાલો ભરી એ પાણી જલદી મ્હારી પાસે લાવ, પાણી જોતાં મેલા રંગનું, બદબો મારતું, અને આરબની મશ્કની ચીકાસને લીધે ચીકણું થઈ ગએલું હોવાથી તેના દેખાવ તથા વાસમાં અજબ જાતનો ફેરફાર તેને જણાયો. પોતે તેમાંથી થોડું ચાખી જોયું, અને પોતાના બુદ્ધિબળને લીધે આરબે કેમ ભૂલ કરી હશે તે પણ તેણે પારખી કાઢ્યું. ઉદારવૃત્તિને શરમ લાગશે એવું જાણી આ વાત ખુલ્લી પાડતાં તે પોતે અટકયો, અને તેથી બોલ્યો, તેં ખરૂં કહ્યુંછે, આરબ, આ બહુજ સુંદર પાણી તથા અત્નયબ જેવો પિવા લાયક પ્રવાહી પદાથ છે, તેથી એ કાંઇ બધા માણસોને અપાયજ નહિ. પછી પોતે ઘોડાવાળાને હુકમ કર્યો કે પાણી ભરેલા પ્યાલાને એક ખાસ માટલામાં રેડી દેવું, ઘોડાવાળાએ તેમ કરી મશ્ક ઠાલવી લઈ, તેને ખુણામાં નાંખી દીધી. ખલીફે પેલું પાણી સંભાળવા માટે હદથી વધારે કાળજી બતાવવા માંડી. અને આરબ તરફ મ્હો ફેરવી કહ્યું, અરે આરબ તું બહુ સુંદર નઝરાણું અને ઉમદા ભેટ લાવ્યો, ત્હારે તેના બદલામાં શું જોઇએછે, અને તું શું માગવા અહિ આવ્યો છે? આરબ બોલ્યો, ઓ મુસલમાનના પાદશાહ, મ્હારી કોમ ભૂખમરા અને દુ:ખથી નાશ પામી જાય છે, અને તેથી હમારો આધાર પ્રભુની મહેરબાની અને તારા ઉદારપણાપરછે. ખલીફના હુકમથી હઝાર દીનાર (સોનૈયા) તેને આપવામાં આવ્યા, અને પોતે તેને કહ્યું કે, આ રકમ લઇ તું અહિંથીજ

પાછો ફર, અને ત્હારે ઘેર જા. આરબ પૈસા લઇ તરતજ પાછો ફર્યો. ખલીફની દરબારના એક માણસે પૂછ્યું કે કોઇ માણસને તમે એ પાણી ચખાડયું નહિ તેમજ આરબને અહિથી પાછો વાળ્યો, તેમાં તમારી શું હિકમત હતી? મામૂને જવાબ આપ્યો કે, પાણી બહુજ બદસવાદ તથા બદબોવાળું હતું, પણ જે પાણી પી, એ આરબ ઉછર્યો હશે તેના પ્રમાણમાં એને એ સ્વર્ગના પાણી જેવું લાગેલું; વખતે તમારામાના કોઇએ તે પીધું હોત તો એ બાબતનું મૂળ રહસ્ય સમજ્યા વગર તમે તેને ઠપકો આપતે અને મહેણાં મારતે, અને તેથી તે બીચારો શરમાઇ જતે. તેમજ જો અહીથી મ્હેં એને પાછો ન વાળ્યો હોત તો વખતે આગળ જઇ તાઇગ્રીસ નદી જોઇ, તેનાં મીઠાં પાણીનો સવાદ ચાખી, પોતાનાં કર્તુક અને નઝરાણા માટે તેને શરમ લાગત, અને તેથી મ્હારા મનમાં પણ ખોટું લાગતે કે જે આપણી પાસે આવી, આપણી ઉદારતાના ઉપર વિશ્વાસ રાખે, તેની સ્થિતિરૂપી પાનાપર શરમરૂપી ધુળ લઇ, પાછો ફરે.

ઉદાર માણસને તો એજ મ્હોટી શરમની વાત છે કે,
ભિક્ષુક તેના બારણા આગળથી શરમાઇ પાછો ફરે.

શરમની ત્રીજી જાત, સભ્યતા અથવા આદબને લગતી શરમ છે. જોકે ધર્મની કે અક્કલની આજ્ઞા પ્રમાણે કોઇ કામ કરવાનો અટકાવ હોય નહિ તોપણ ઉત્તર કહેલી શરમની વૃત્તિ તે કામ કરતાં માણસને અટકાવે છે. દાખલા તરીકે, નોશીરવાન પાદશાહ, જે ઓરડામાં કે ઘરમાં નરગેસના ફુલ હોય ત્યાં (પોતાની રાણીઓ જોડે) કદી વિહાર કરતો નહિ. અને તેનાં કારણમાં કહેતો કે નરગેસ આંખો (ગોટા મધ્યભાગ) માણસની આંખોને મળતી આવે છે. ખરૂં જોતાં

આ જાતની શરમવૃત્તિ જે નોશીરવાનમાં હતી તે આપણે ઉપર જણાવેલી શરમવૃત્તિ (ફારસીમાં જેને હયા કહે છે તે) ન કહેવાય. કારણ 'હયા' તો તેનેજ કહેવાય કે જે 'ઇમાન' (આસ્થા) માંથી પેદા થઇ હોય, અને નોશીરવાન તો અગ્નીને પૂજનારો હતો, માટે એને સંબંધે તો એ એક પ્રકારની સભ્યતાજ કહેવાય; કે જેને અનુસરીને આ પ્રમાણે તે વર્ત્તતો હતો. પણ જ્યારે ઇસ્લામ પાળનારા રાજાઓ આવી જાતની શરમવૃત્તિને અનુસરે ત્યારે તે 'હયા એ અદબ' (સભ્યતાને લગતી મર્યાદવૃત્તિ) કહેવાય.

જે હૃદય મર્યાદવૃત્તિના ગુણથી પૂર્ણ થાય છે; તે ઇશ્વરના પ્રકાશદર્શક આરસા જેવું થાય છે.

અમર્યાદ ચક્ષુ કોઇને પસંદ પડતાં નથી ખરૂં જોતાં અક્કલવાન પુરૂષો તો તેને ચક્ષુ તરીકે ગણતાજ નથી.

પ્રકરણ ૯ મું.

જીતેંદ્રિયતા વિશે.

જીતેંદ્રિયાતા એટલે નઠારાં કાર્યો, ખસૂસ કરીને કામાદિ દુર્ગુણો ને વશ ન થતાં તેથી દૂર રહેવું તે. આ ગુણ સદ્‌ગુણોમાં સર્વોત્તમ છે. વિદ્વાનો કહી ગયા છે કે, માણસ જાતને બે જાતનું અનુસંધાન હોય છે એક ફિરતા એટલે દેવગણો જોડે, અને બીજું પશુઓ જોડે પહેલાની અસરને લીધે ભણવા શિખવા તથા કામકાજ કરવાની તેની વૃત્તિ થાય છે, બીજાને લીધે ખાન, પાન અને વિહાર તરફ તેના મનનું વળાણ થાય છે. અક્કલનું કામ એછે કે બની શકે

ત્યાં સુધી દૈવી અનુસંધાનને સહાય કરવી અને પશુવત્ વૃત્તિ તરફના વળણને અટકાવવું.

ત્હારામાં (માણસમાં) દેવગણનો તેમજ પશુનો પણ અંશ છે.

પશુવત્ અંશ છોડી દે, અને તેથી કરીને તું દેવગણથી પણ ચઢીયાતો થઇશ.

આથી કરીને જ્યારે ખાવાનો લોભ માણસને વશ કરી દેછે, ત્યારે હરામ શું અને હલાલ શું, ધર્મ પ્રમાણે શું ખવાય અને શું ન ખવાય, તેનું તેને ભાન રહેતું નથી. તેમજ જ્યારે તેનાપર કામવૃત્તિનો હુમલો થઈ આવેછે, ત્યારે વિવાહીતપણું શું અને વ્યભિચારીપણું શું તે પારખી શકતો નથી. જ્યારે ઇંદ્રિય જુસ્સાઓ તેને પોતાના હુમલાઓથી દાબી નાંખે છે, ત્યારે પોતાના મનની લગામ જોરથી ખેંચી પકડી પોતાની ઉચ્ચ વૃત્તિઓના પાલવને અકર્ત્તવ્યતાના કાદવથી ખરડાતો અટકાવવો, તેનું નામ જીતેંદ્રિયતા કહેવાય છે. તેમજ ધર્મમાં જે પ્રમાણે ફરમાવ્યું હોય તે સિવાય બીજી રીતે તેવી જાતનાં કામ ન કરવાં, નાલાયક કાર્યો પ્રત્યે પોતાની આંખસરખી પણ બંધ કરી દેવી, કે જેથી સુખ, સલામતી, સંપ અને વિજયના દરવાજા ત્હેને માટે ખુલ્લા થાય. જ્યારે પાદશાહ જીતેંદ્રિયતાના ગુણથી ભરેલો હોય છે ત્યારે નિઃશંક વ્યભિચારિતા અને એવા દુર્ગુણો તેના રાજમાંથી નાબૂદ થાય છે, અને બદનામી તથા શરમાવા જેવી ચાલચલણનો રંગ તેનાં રૈયતનાં સ્ત્રી છોકરાંઓપર ઉડતો નથી.

જ્યાં જીતેંદ્રિયતા પોતાનો વાવટો ફરકાવે છે,
ત્યાં તે શુદ્ધ વૃત્તિઓ તથા ધર્મને પૂરેપૂરાં જીતાડે છે.

મનના ખરાબ જુસ્સાઓ તેનાથી બિલકુલ નાશ પામે છે, અને આપણો આત્મા પ્રભુને માન્ય થાય એવો બનેછે.

પ્રભુનો મ્હોટો ઉપકાર કે આ મહાન સમર્થ રાજકુંવર—એઓ સદ્ભાગ્ય અને સુખનાં ફળ હમેશ ચાખજો—માં નીચલા ગુણો છે.

ચ્હેરો સુંદર, હુનરથી પરિપૂર્ણ, અને શુદ્ધ ચાલ ચલણ (જીતેંદ્રિય) છે.

અને તેટલા માટે આ અને પેલી બંને દુનિયાંના પવિત્ર પુરૂષોએ તેમને આશિષ દીધીછે.

પ્રકરણ ૧૦ મું.

અદબ અથવા સભ્યતા વિશે.

અદબ એટલે ખરાબ ભાષણ અને નાલાયક કાર્યો કરતાં મનના જુસ્સાઓને અટકાવવા, તથા પોતાનો તથા બીજાઓનો મોભો જાળવવો, તેમજ પોતાની તથા બીજાની આબરુ ન ખોતાં જાળવી રાખવી તે.

ખરેખરી અદબ તો એજ છે કે દરેક સ્થિતિમાં હઝરત રસૂલ (પ્રભુની તેમનાપર મહેર હજો) ને પગલે ચાલવું, કારણ સંપૂર્ણ રીતે સભ્ય તો તેઓજ હતા. "મ્હને મ્હારા પ્રભુએ સભ્યતા શિખવી છે, અને તે બહુ સારી રીતે શિખવી છે," એ વાક્યરૂપી નિશાળમાં તેમના જેવું કોઇએ શિક્ષણ લીધું નથી, તથા તેવું કોઇ સુધર્યું નથી.

અદબ એવા શિક્ષક પાસથી શિખ ને,
શિક્ષણ એવા માણસ પાસથી લે કે,
જે પોતે અદબ પ્રભુ પાસથી શિખી લાવ્યો હોય;
જેણે હમેશ સુધી પોતાનો પાઠ પરમેશ્વરની પાટીપરજ કર્યો હોય.

સભ્યતા દરેક માણસને શોભે છે, તેમાં ખાસ કરીને મ્હોટા રાજાઓ તથા મહાન્ પાદશાહોને. કારણ જ્યારે સભ્યતાના ધોરી-રસ્તાપર તેઓ જાતેજ ઉભા રહે છે ત્યારે તે પ્રમાણે ચાલવાની તેમના ચાકર માણસોને પણ ફરજ પડે છે, તેમજ એ કારણને લીધે તેમની રૈયત પણ એ રસ્તો છોડી બીજે રસ્તે જઈ શકતી નથી. આમ થવાથી રાજને લગતાં કામકાજો નિયમિત થઈ જાય છે. અને દુનિયાના લોકો (રૈયત કાર્ય વ્યવહાર ડહાપણને અનુસરી ચાલે છે.) મવલાના રૂમીનાં મસનવીમાં કહ્યું છે કે,

પ્રભુ પાસથી હમે સભ્યતાની મહેર માગીએ છીએ,
પ્રભુની મહેરમાંથી અસભ્ય માણસજ બાતલ રહી જાય છે.
આ પૃથ્વી સભ્યતાને લીધે પ્રકાશમાન થઇ છે,
તેમજ ફિરસ્તાઓ પણ અદબને લીધેજ પવિત્ર અને પાક રહ્યા છે.

વળી મ્હાન પુરૂષો કહી ગયા છે કે આદમની અવલાદ તેમાં મુખ્યત્વે કરી પૃથ્વીપતિઓને માટે સર્વોત્તમ મુડી અને સૌથી સુંદર આભૂષણ સભ્યતાજ છે.

ઇતિહાસમાં આવેલું છે, કે એક વખત મિસર દેશના પાદશાહે રૂમના શાહ જોડે સંબંધ બાંધ્યો અને તેની કુંવરી પોતાના કુંવર જોડે વિવાહમાં માગી, તેમજ પોતાની કુંવરીનાં તેના કુંવર જોડે લગન કર્યાં. આ સગપણને અંગે એકથી બીજે દેશ ઘણા કાસદો તથ

સંદેશા લઇજનાર લાવનારનું આવવું જવું થતું, અને આ બે મહાન્ સદ્‌ભાગ્ય પુરૂષોના આવી રીતના ઐક્યને લીધે તેમના બંનેના દેશ બહુજ સુધરી ગયા, ન્હાનાં મ્હોટાં દરેક કામ તેઓ એકબીજાને પૂછી કરતા, તથા કોઈપણ મ્હોટું અગત્યનું પગલું એકબીજા જોડે મસલેહત કરી પરસ્પર મત લીધા સિવાય ભરતા નહિ. એક દહાડો મિસરના પાદશાહે રૂમના શાહને સંદેશો મોકલ્યો કે આપણાં છોકરાં તે આપણી જીંદગીનો ટેકો તથા આપણી હયાતીનું સર્વોત્તમ સુખ છે. આપણા મૃત્યુ પછી આપણું નામ એમની હયાતીને લીધેજ અમર રહેશે.

ખરેખરો જીવતો તો તેજ માણસ કહેવાય,

કે જેના મોત પછી તેની યાદગારી તરીકે તેનો છોકરો હોય.

તેથી તેમની સ્થિતિ ઠેકાણાસર રાખવા તથા તેમને સુખી રાખવા આપણે બનતો પ્રયત્ન કરવો જોઇએ, અને આપણી મહેરબાનીની લગામ તેમના સુખ અને સંપત્તિના મેદાન તરફ ફેરવવી જોઇએ, આ કારણથી મ્હેં મ્હારા કુંવરને સારૂ આટલા આટલા ખજાના, જર જવાહેર, ગુલામડીઓ, ખચ્ચરો, ખેતરો તથા ફળદ્રુપ જમીનના કટકા, જુદા કાઢ્યાછે. તેમ દુનિયાને શોભાવે એવા વિચાર શક્તિવાળા આપ મહાન પૃથ્વીપતિએ પોતાના કુંવરને માટે શું વારસો જુદો કાઢ્યો છે? જ્યારે રોમના શાહે આ સંદેશો સાંભળ્યો ત્યારે તેને જરા હસવું આવ્યું, અને પોતે બોલ્યો આ દુનિયાની સંપત્તિ એ બેવફા દોસ્ત, અને અણવિશ્વાસુ પ્રિયા જેવી છે. એનાપર બિલકુલ આધાર રાખવો ઘટતો નથી, અને નીચ દુનિયાની ફાની માલમતાથી આપણે ઠગાવું ન જોઇએ. મ્હેં તો મ્હારા કુંવરને સભ્યતા-

ના આભૂષણથી શણગાર્યો છે, અને સદ્દગુણના ભંડારોના ખજાના તેને માટે ઉંચા મૂકયા છે. દુનિયાની માલમતા ઓછી થઈ જાય તથા નાશ પામે છે પણ અદબ ફેરફાર તથા નાશ રહિત છે. જ્યારે મિસરના પાદશાહને કાને આ વાત ગઈ ત્યારે તે બોલ્યો, એ ખરૂં છે, સભ્યતા સોનાથી પણ સુંદર છે.

કુબેરના ભંડાર કરતાં પણ સભ્યતા વધારે કીમતી છે.
તેમજ ફરેદૂનના આખા રાજ કરતાં તે વધારે મ્હોટી છે.
મહાન પુરૂષોએ કદી માલમતાની દરકાર કરી નથી.
કારણ કે માલમતાને નાશ પામવાનો સંભવ છે.
તેમણે તો પોતાની લગામ વિદ્યા અને સભ્યતા તરફજ ફેરવી.
કારણ સભ્યતાને લીધેજ તેમના નામની વાહવાહ કહેવાઈ.

પ્રકરણ ૧૧ મું.

મનના મ્હોટાપણા વિશે.

હઝરત મહમ્મદની દંતકથામાં કહ્યું છે, કે ઈશ્વર મ્હોટા મનવાળા માણસને ચહાય છે. અને મહાન કામ કરનારાઓને પોતાનું પસંદગીરૂપી માન પમાડે છે. ઉંચો, ઉમદા દરજ્જો અને મ્હોટું મન એકબીજાની સાથે જાય છે, કારણ તેમને એકબીજાથી જુદાં પાડવાં એ અશક્ય છે.

જ્યારે મ્હોટા મનરૂપી પક્ષી ઉડવાને પોતાની પાંખો પહોળી કરે છે (ઉડે છે.)

ત્યારે સદ્‌ભાગ્યના ઝરૂખાપરજ તેનો માળો બને છે.

મ્હોટા મનની એડીના મ્હોં આગળ,

આસમાનરૂપી દડો પણ ન્હાનીમાં ન્હાનો લાગે છે.

મ્હોટું મન સુલતાનોને તો સકળગુણસંપન્ન પેશકાર (દીવાન) અને કામેલ મદદગારની ગરજ સારે છે. તેઓમાંથી જેમ જેનું વધારે મ્હોટું મન તેમ તેનો દબદબો બીજાઓથી વધારે.

મન મ્હોટું રાખ, કારણ ઈશ્વિર પાસે તેમજ લોકોમાં,

જેવું તારૂં મન તેવોજ ત્હારાપર વિશ્વાસ રખાશે.

યાકૂબ લયસની ખીલતી જુવાનીમાં તેની કોમના એક વૃદ્ધ પુરૂષે ત્હને કહ્યું કે, મ્હારૂં મન ત્હારી સ્થિતિ વિશે ચિંતાતુર રહ્યા કરે છે. કારણ ત્હારી હાલમાં જે અવસ્થા છે તેમાં ખરાબ જુસ્સાઓ મનપર હુમલા કરે છે અને અસદ્ વિચારો હૃદય કચડી નાંખે છે. માટે જો તું પહેરામણી (પલ્લાં)ની રકમ તૈયાર કરે તો કોઈ મ્હોટા કુળમાંથી હું ત્હારે સારૂ એક કન્યા ખોળી કાઢું. યાકૂબે જવાબ આપ્યો, જે કન્યાને મ્હેં પસંદ કરી છે, તેની પહેરામણી તો ક્યારની તૈયાર પણ થઇ ગઇ છે વૃદ્ધે કહ્યું, એ પહેરામણીનું વર્ણન તો કર, કે હું જોઉં કે તે કેવી છે, અને કન્યાની નિશાની પણ આપ, કે હું જાણું કે તે કોણ છે. આ સાંભળી યાકૂબ ઘરમાં ગયો, અને એક તરવાર બહાર લઈ આવ્યો, અને બોલ્યો, હું પૂર્વ અને પશ્ચીમના મુલકના રાજ્યરૂપિ કન્યા જોડે વિવાહ કરીશ, અને પહેરામણીમાં આ પાણીદાર શમશેર અને બખ્તરો ચીરી નાંખે એવી આ તલવાર આપીશ.

સદ્‌ભાગ્યનાં અભાવ સિવાય કોઇને કજીઓ કરવો પડનો નથી.

રાજ્યરૂપી કન્યાની પહેરામણીમાં શમશેર શિવાય બીજું કાંઈ હોતુ (શોભતું) નથી.

વળી એને મળતું બીજું વચન એવું છે કે,

જેણે શરૂઆતમાંજ શમશેરરૂપી જવાહિરની પહેરામણી આપી,
તે માણુસજ રાજ્યરૂપી કન્યાને ભેટી શકયો.

એના સંબંધમાં એવીજ નીચલી બેત પણ પ્રખ્યાત છે.

જે માણુસ પાણીદાર શમશેરના અધર (ની ધાર) ને ચુંબન કરે છે,

તેજ માણુસ રાજ્યરૂપી કન્યાને જોરથી ભેટી શકે છે.

એવું કહેવાય છે કે જ્યારે સિકંદર પાદશાહે (યુરોપ) ની સરહદપરથી પોતાના વિજયનો વાવટો અરબસ્તાન અને ઈરાન તાબે કરી ત્યાં ફરકાવવાનો વિચાર કર્યો, અને આખી દુનિયા જીતી લેવાના ઈરાદાથી પોતાનો નસિબવાન અશ્વ આગળ વધારવાનો નિશ્ચય કર્યો, ત્યારે તે બહુ ગમગીન તથા શોકાતુર દેખાતો હતો. એનો વઝીર એરીસ્ટોટલ એની જોડે હતો, તેણે જ્યારે કપાળપર ઉંડા વિચારની નિશાનીઓ તથા ગુંચવાડાની અસર તેના મગજપર જોઈ ત્યારે પૂછ્યું, ઓ ભૂપતિ, ત્હારા સુખનાં બધાં સાધન તૈયાર છે, ત્હારી સેવાચાકરી ઉઠાવવા ચાકરો તથા સિપાઈઓ વાટ જોઈ ઉભા છે, ત્હારો ખજાનો ભરપૂર છે, મુલક આબાદ છે, ત્હારા ભાગ્યોદયે અચલતાનો ગુણ ધર્યો છે, ત્હારી ધનદોલતનું વૃક્ષ સ્થિરતાથી શણગારાયું છે, નસીબે ત્હારા મિત્ર થવા પોતાની કમર બાંધી છે, અને ત્હારી જાહોજલાલી સેવા માટે ઉચ્ચતાના આસનપર આવી બીરાજી છે, તે છતાં ત્હારા પ્રકાશમય હૃદય શોકમાં અને ત્હારા

નિમંગ મનમાં એચેની ઉપજી આવવાનું શું કારણ છે? સિકંદર પાદશાહે જવાબ આપ્યો, કે, હું વિચાર કરૂં છું કે આ પૃથ્વીનો વિસ્તાર બહુ થોડો છે, અને દુનિયાના સાતે ખંડના મુલકરૂપી મેદાનની હદ બહુ ન્હાની છે અને તેથી આવા નજીવા વિસ્તારવાળા મુલકોની ખાતર ઘોડાપર સવાર થઈ (લાવ લશ્કર લઈ), તેને તાબે કરવા અને જીતવા જતાં મ્હને શરમ લાગે છે.

સાતે ખંડની લંબાઈ પહોળાઈ જોઈ, મ્હને એવું મન થતું નથી,
કે તેમને જીતી લેવાના ઇરાદાથી હું ઘોડે સવાર થઇ નીકળું.
આના કરતાં હજુ બીજી હઝારગણી મ્હોટી દુનિયા હોયતો પણ શું થયું.

તે જીતી લેવા લલચાઈ હું નીકળી પડું તેટલા માટે તો તે પૂરતું નથીજ.

એરીસ્ટોટલે કહ્યું. બેશક આટલીસરખી દુનિયાની હકૂમત તથા રાજ ત્હારા જેવા ઉંચ વૃત્તિવાળાને લાયક તથા ઉમદા વિચારવાળાને યોગ્ય તો નથી. એની જોડે અચલ દૈવી મુલકના મેદાનનો સંયોગ કરવો જોઇએ, કે જેથી જેમ આખી પૃથ્વીને બાળી નાંખનાર ત્હારી તરવારના ઘા વડે ત્હેં આ ફાની દુનિયાને ત્હારા કબજામાં આણીછે, તેમ આખી પૃથ્વીને પ્રકાશમાન કરનાર ઇનસાફની આશિષથી અચલ સુખનો મુલક ત્હારી યોગ્ય હકૂમત તળે આવે અને તેથી આ નુકસાનનો બદલો તે સંપૂર્ણતાની બરકતથી આવી રહેશે, આ દુનિયારૂપી ઓછાપણું તે દુનિયાના બાહુલ્યરૂપી આભૂષણથી ઝગઝગાટ મારશે.

પેલી દુનિયાનાં મુલકનીજ ઇચ્છા રાખ. કારણ સુખ ત્યાંજછે.

તે મુલ્કની એક રેણું અહિંની હઝાર આલમ બરાબર છે.

એવો પ્રયત્ન કરવો જોઇએ કે આ રહેઠાણ (દુનિયા) માં તે દુનિયાના મેદાનો તું મેળવી શકે.

તે ડાહ્યા પુરૂષનાં આવાં વચનોથી સિકંદરને દિલાસો મળ્યો, અને પોતે એરીસ્ટોટલનાં બહુજ વખાણ કર્યાં. આજે દરેક વિદ્વાન પુરુષનું અક્કલરૂપી બાજપક્ષી સિકંદરની પ્રશંસારૂપી હવામાં એટલા માટેજ ઉડે છે કે તેની ઉંચવૃત્તિના હોમા (ગરુડ) પક્ષીએ આ દુનિયાનાં હાડકાં રૂપી કટકાઓપર નજર ન કરી ધ્યાન આપ્યું નહિ.

તું તો રાજાઓના ખભાપર બેસનારું બાજપક્ષી છે. ત્હારે હાડકાંઓ તરફ નજર કરવી જોઇએ નહિ.

ત્હારી ઉંચવૃત્તિના હોમાપક્ષીને તો ઉંચેજ ઉરાડવું જોઇએ.

પ્રકરણ ૧૨ મું.

નિશ્ચયતા વિશે.

મનની નિશ્ચયતા એ આપણી ઇચ્છાઓના કાફલાની પૂર્વે દોડનાર ભોમીઆ અને આપણાં કામકાજોને પરિપૂર્ણ કરનાર શખ્સનો દરજ્જો ભોગવે છે. યથાર્થ નિશ્ચયતા સિવાય કોઇપણ પાદશાહના સત્તારૂપી હાથમાં બીજા દેશોપરની વિજયરૂપી લગામ આવીજ નથી તેમજ પુષ્કળ યત્નને સંબંધે કરવી પડતી દોડાદોડી સિવાય પાદશાહીના તખ્તપર તેમજ રાજ્યગાદિના તખ્તપર કોઇ બીરાજી શકયો નથી.

યથાર્થ નિશ્ચયતા અને સંપૂર્ણ પ્રયત્નો સિવાય
કોઇના પણ મનની મુરાદ બર આવતી નથી.

યથાર્થ નિશ્ચયતા એટલે, જ્યારે કાંઈ કામ કરવાનું આપણે મન કરી તૈયાર થઇ તેમાં રોકાઇએ, મશગુલ થઇએ, ત્યારે પછી ગમે તે જાતનો અટકાવ આવે તો પણ તેમાંથી પાછા હઠવું નહિ અને જે ઠરાવપર આવેલા હોઇએ તેને નબળો કે મોળો પડવા દેવો નહિ.

કોઇ એક પંડિતને એક જણે પૂછયું કે,શી બાબતમાં રાજા પોતાનો કરેલો ઠરાવ મક્કમપણે પકડી રહે તો ઠીક લાગે ? અને તે કઇ વખત ઉપયોગી થઈ પડે ? ત્યારે તેણે કહ્યું કે, રાજના શત્રુઓને હાંકી કાઢવામાં એ ગુણ બહુજ પસંદ કરવા લાયક છે. કારણ જ્યારે પાદશાહ પોતાની વિશ્વાસિયતાને લીધે, કોરાનના વાક્યપ્રમાણે "પછી જ્યારે તેં નિશ્ચયજ કીધો છે ત્યારે તો પરમેશ્વરપર વિશ્વાસ રાખ," પોતાના પક્કા ઠરાવરૂપી પગ ઇશ્વરપરના વિશ્વાસરૂપી પેંગડામાં ભેરવે છે, ત્યારે જરૂર વિજય અને ફતેહનું લશ્કર મારતે ઘોડે તેને વધાવી લેવા આવે છે. યથાર્થ નિશ્ચયતા એ સત્તા અને વિજયની નિશાની છે.

જ્યારે યથાર્થ નિશ્ચયતા સાથે રાજા પોતાના પેંગડામાં પગ મૂકેછે.
ત્યારે તેના દુશ્મનનું મન ભાગી જાય છે, અને તેના હાથમાંથી લગામ સરી પડે છે.

એવું કહેવાય છે કે એક રાજાને માટી ખાવાની ટેવ પડી હતી. તેના વૈદ તથા હકીમોએ તેને તેમ કરતાં ઘણો અટકાવ્યો તથા એ માટી ટેવનાં ખરાબ પરિણામો વિશે તેને ઘણું સમજાવ્યો તો પણ તેમનું કાંઇ વળ્યું નહિ. એક વખતે કોઇ સાધુ પુરૂષ તેને મળવા આવ્યો, અને જોયું તો તે બહુ શોકાતુર અને ગમગીન માલમ પડયો. તેનો લાલચોળ ચ્હેરો કરમાઈ કેશર જેવો પીળો થઈ

ગયો હતો, અને તેનું હૃષ્ટપુષ્ટ શરીર અશક્તિના ફંદામાં સપડાઈ ગએલું દીઠું. આની સ્થિતિનું કારણ પૂછતાં સુલતાને ખરી હકીકત કહી દીધી, કે માટી ખાવાની ટેવ પડી જવાથી જાણે મ્હારો ગુંચવાડા રૂપી પગ કાદવમાં લપટાઇ ગયો છે, અને શોકથી ભરેલો હાથ મારા હૃદયપર રહી ગયો છે. સાધુએ કહ્યું કે જ્યારે તું જાણે છે, કે આ કામ કરવાથી આટલી બધી ઇજા થાય છે, ત્યારે તું તે છોડી કેમ નથી દેતો ? સુલતાને જવાબ આપ્યો હું બહુએ પ્રયત્ન કરૂં છું, પણ મ્હારૂં કાંઇ વળતું નથી; સાધુ પુરૂષ બોલી ઉઠયો કે પાદશાહોમાં જે જાતની નિશ્ચયતા જોઇએ તેજ ત્હારામાં કયાં છે ? જો તે હોય તો કોઇ પણ પ્રકારે તેઓ કાંઈપણ કામમાં પાછા પડેજ નહિ. આ વચનોથી સુલતાનપર અસર થઇ, અને તેથી પોતે મનમાં ગાંઠવાળી કે હવે પછી બિલકુલ માટી ખાવી નહિ, આ પ્રમાણે નિશ્ચયતાની આશિષથી ભયંકર કુટેવમાંથી પોતે છૂટવા પામ્યો.

જે જે દિશામાં ત્હારી નિશ્ચયતાની લગામ તું ફેરવે ત્યાં, (એટલી સંભાળ રાખજે કે) આનાંકાનીને હાથે તે લગામને ઢીલી પડવા દેતો નહિ.

કારણ આપણી ધારેલી (ઈચ્છિત) જગાએ

સંપૂર્ણ પ્રયત્ન અને યથાર્થ નિશ્ચયતા સિવાય કદી પહોચાતું નથી.

જેણે કોઇએ પોતાની ઇચ્છારૂપી પગ નિશ્ચયતાના રસ્તાપર મૂકયો,

તે પહેલેજ પગલે ઉચ્ચતાને આસને પહોંચી જાય છે.

પ્રકરણ ૧૩ મું.

યત્ન તથા પ્રયત્નુ વિશે.

આપણી મતલબ હાસલ કરવા જે શ્રમ લેવો તેનું નામ યત્ન તથા આપણી મકસદ તથા મુરાદ બર આણવા જે રંજ ખેંચવી તે પ્રયત્ન. આખી પૃથ્વી વશ કરે એવા રાજા તથા આખા ખંડ જીતી લે એવા સુલતાનોના સદ્‌ગુણોમાં યત્ન પ્રયત્ન કરવાની ટેવ પણ એકછે. આ ગુણ ઉચ્ચ વૃત્તિને તાબે છે. જેમ વૃત્તિ ઉચ્ચતર તેમ સ્વેચ્છા બર આણવા માટે યત્ન તથા પ્રયત્ન પણ વિશેષતર થતા દેખાયછે. ઉચ્ચવૃત્તિવાળા પુરૂષે (સ્વેચ્છા પાર પાડવામાં) મુશ્કેલીઓ કે અડચણ ભોગવવાથી ડરવું ન જોઇએ. કારણ નીચે જણવેલાં બે સિવાય તેમાંથી ત્રીજું પરિણામ આવતુ નથી. જો પ્રયત્ને કરી પોતાની મકસદનો છેડો હાથમાં આવી ગયો તો તો ઠીકજ છે, ધાર્યું પાર પડયું, પણ તેમ ન થતાં વખતે વિલંબરૂપી પડદામાં તે ભરાઈ રહે તોપણ ડાહ્યા પુરૂષોને એમ થવાનું કારણ ખુલ્લું જણાય છે. અને કીર્તિ તથા સદ્‌ગુણો પ્રાપ્ત કરવા માટે તેની ઉચ્ચવૃત્તિ સર્વેને માલમ પડી તથા દેખાઇ આવેછે.

મ્હારી મતલબ પાર પાડવા હું યત્ન કરૂં છુંજ, જો પાર પડે તો મ્હારૂં સુભાગ્ય સમજવું.

ન પારપડે તો (હરકત નહિ), મ્હોટા માણસોને હું જે કારણો (બહાનાં) બતાવીશ તે કબૂલ કરશે.

હિંદુસ્તાનના પંડિતોનાં કહેવતનાં પુસ્તકમાં લખેલું છે કે એક કીડી પ્રયત્નરૂપી કમર બાંધી માણસો પણ મ્હોટી મુશ્કેલીએ ખં

સેડી શકે એવો એક માટીનો ઢગલો હતો તેને જરા જરા કરી તે-માંથી કણુ કણુ માટી લઇ બીજી જગાપર નાખતો હતી. એટલામાં ત્યાં એક પક્ષી આવી પહોચ્યું. તેણે જોયું તો નબળા અને એક-વડા શરીરવાળું એક પ્રાણી પુષ્કળ ખુશી અને ત્વરાથી પોતાના હાથપગ હલાવતું (કામમાં લેતું) હતું. અને તે માટીનો ઢગ ખ-સેડવા પુષ્કળ યત્ન તથા અવર્ણનીય પ્રયત્ન કરતુ હતું. તેણે કહ્યું, અરે નબળી બુનીયાદ અને નાજુક ચ્હેરાવાળા પ્રાણી! આ તું શું કરે છે? ત્હેં કઇ જાતનું મ્હોટું કામ માથે લીધું છે? કીડીએ જવાબ આપ્યો, મ્હારી જાતમાંની એક જોડે મ્હારે પ્રેમ બંધાયો છે, જ્યારે ત્હેની જોડે એકત્ર થવાની મ્હેં ઇચ્છા બતાવી ત્યારે તેણે મ્હારી જોડે આ શરત કરી કે મ્હારી જોડે એકત્ર થવું હોય તો જરૂર મેહેનત કરી રસ્તાપરથી આ માટીનો ઢગ ઉઠાવી નાંખ. હાલમાં હું તે કામમાં મંડી છું અને ઇચ્છુંછું કે તે શરતપાળી મ્હેં જે કામ માથે લીધુ છે તેમાંથી છૂટી થાઉં. પક્ષીએ કહ્યું, એ બધો વિચાર તું કરેછે તે ખરૂં, પણ એ આશા પુરી પાડવા જેટલી તારામાં શક્તિ નથી અને એ મુરાદરૂપી કમાન વાળવા જેટલું તારા હાથમાં કૌવત નથી. કીડી કહે, મ્હેં આ કામ કરવાનો ઇરાદો કર્યો છે અને યત્ન તથા પ્રયત્નરૂપી. પગલાં ભરવા માંડયાં છે જો ફતેહ પામીશ તો તો ઠીકજ છે. નહિતો મ્હારી મ-હેનત જોઇ તે મને ક્ષમા તો આપશેજ.

હું યત્નરૂપી શરતો પરિપૂર્ણ કરૂં છું.
માણસને મહેનત સિવાય કાંઈ મળવાનું નથી.
જો મ્હારી ઇચ્છારૂપી છેડો મ્હારા હાથમાં હું પકડું તો,
શોક અને દિલગીરીમાંથી છુટું.

જો પ્રયત્ન કરવા છતાં પણ મ્હારૂં કામ થાય નહિં તો,
મ્હને તેમાં જરૂર માફી બક્ષાશે; એટલુંજ બસ થશે.

પોતાની હાકમીના પ્રારંભમાં જ્યારે સદ્ભાગ્યનાં પુષ્પો સુખની વાડીમાં ખીલતાં હતાં, અને ખુશીનો ઠંડો પવન શ્રેયસ્કર બારીઓમાંથી ફુંકતો હતો, ત્યારે ફરેદુનને કેટલાએક બળવાખોર જુલ્મીઓના હાથના તળેના મુલક જીતી લેવાનું મન થઈ આવ્યું.

જો કે આપણા જીવને હાજતો ઘણી થોડી છે તોપણ,
તલવાર વડે (બહાદૂરીથી) દુનિઆં જીતવી એ ઉચ્ચ વૃત્તિથીજ બને છે.

પછી આ બાબત વિશે પોતાના દરબારીઓ જોડે તેણે મસલત કરી. કેટલાએકે કહ્યું. રાજાસાહેબ, તમારૂં રાજ આબાદ છે, અને ઝર ઝવાહેરો પણ તમારી પાસ પુષ્કળ છે, ત્યારે બીન જરૂરની લડાઇની ધૂળ ઉડાડવી, અને ગરબડાટનો અગ્નિ સળગાવવો હમને દુરસ્ત લાગતો નથી. જે તમારી પાસે છે તેનોજ ઉપભોગ કરો, અને ભયમાં આવી પડીએ તેવું કામ જવા દો.

સુખ તથા લેઝ્ઝત મેળવવા જ પ્રયત્ન કર, કારણ,
મ્હોટી મ્હોટી ઇચ્છાઓ તો હદ વગરની (ઉત્પન્ન) થયાજ કરશે.

ફરેદુને કહ્યું, સંતોષ રાખવો એ તો ગરીબ બીચારાં પશુઓનું કામ છે અને ખૂણે બેસી રહેવું એ નીચી વૃત્તિનાં ઘરડાં ડોસાંઓ જે કામકાજથી પરવારી ગયાં હોય તેમનો ગુણ છે. યોગ્ય વખત આપણા વિચાર અને વાદળાની ત્વરાથી ન્હાસી જાય છે, માટે તેનો તો તક આવે ફાયદા ભરેલોજ ઉપયોગ કરવો જોઇએ. અને આપણાં

ઇચ્છાઓ બર આણવામાં મ્હોટાં દહેશત ભરેલાં કાર્યોથી બી જવું ન જોઇએ.

જેને પોતાનું શરીર સુખમાં રાખવું હોય,
તેણે રાજ્યાધિકારરૂપી કમર કસવી ન જોઇએ.
જેને આખી દુનિઆના રાજા થવું હોય,
તેને મુશ્કેલીઓ ન ભોગવતાં આસાયેશ લેવો કેમ પરવડે ?

એવું કહેવાય છે કે એક રાજાએ પોતાના કુંવરને દુશ્મન સામે લડવા મોકલ્યો હતો. તેવામાં એવી ખબર આવી કે રસ્તામાં કોઇ કોઇ વખત શાહજાદો પોતાના શરીરપરથી બખ્તર કાઢી નાંખેછે, ને એકજ જગાએ મુકામ નાંખી સામટી બે રાત ત્યાં પડી રહે છે. આ ઉપરથી તેણે તેના ઉપર કાગળ લખ્યો કે, ઓ છોકરા, જ્યારે પ્રભુએ કીર્તિ પેદા કરી ત્યારે રંજ અને મહેનતને તેના સોબતી બનાવ્યાં, અને જ્યારે કીર્તિહીનતાને સરજાવી ત્યારે આરામ અને રાહતને તેના મિત્રો બનાવ્યાં. પછી કીર્તિ રાજાઓને આપી, અને કીર્તિહીનતા રૈયતને આપી. પોતાના રાજને યશ મળે તેથી રાજા ખુશી થાય છે, ચહેન, આરામ, અને રાહત શોધવામાં રૈયત રાજી રહેછે. આ બંને બક્ષિસો એક જગા ઉપર એકઠી રહી શકતી નથી. તેથી પાદશાહોને તો એજ યોગ્ય છે કે આસાયશને રામરામ કરવા અને રાહત પોતાની રૈયતને સોંપી દેવી. જો એમ ન બની શકે તો ભલે તે ચહેનબાજી કરે પણ પછી તેણે પોતાના મુલકને અંગે યશની આશા તજી દેવી જોઇએ.

રાજા તરીકે શ્રેષ્ટતાની લઝત એટલુંજ તારે માટે બસ છે,
બીજી મઝાઓ મેળવવી માંડીવાળ,

રાજ્યાધિકાર મ્હોટી મુડી છે. તેથી બીજી મ્હોટી મુડીઓ શોધવી બંધ રાખ.

યાકૂબ લયેસે પોતાની કારકિર્દીની શરૂઆતમાં બહુજ ભય વેઠ્યા હતા, અને મ્હોટાં મ્હોટાં જોખમો માથે હોરી લીધાં હતાં. જીવને આસાયશ આપવાનો વિચાર સરખો પણ તે કરતો નહેતો, તેમ મુશ્કેલીઓ વેઠતાં એક પળ પણ અટકતો નહતો. તેને કોઇએ કહ્યું, તું જાતનો કંસારો છે, ને ત્હારે આટલી બધી રંજ વેઠવાની અને પોતાની જીંદગીને જોખમના વમળમાં નાંખવાની શી મતલબ છે? તેણે કહ્યું, મ્હારી આખી જીંદગી, તાંબા પિતળનાં વાસણ ઘડવામાં ગાળવી, અને જે ધંધામાં બીજા પુષ્કળ માણસો ભાગ લઇ શકે તેવા ધંધામાં મન ઘાલવું મને બહુ વસમું લાગે છે. મ્હારા યત્ન અને પ્રયત્નનો એવો એક મરતબાને માટે છે કે જેમાં મ્હારી જાતનો કોઇપણ પુરૂષ મ્હારો ભાગીઓ થઇ શકે નહિ. તેઓએ સૂચવ્યું કે એ કામ બહુ મુશ્કેલ, ને એ વાત બહુ દુસ્તર છે. યાકૂબ કહે, મને ખબર છે કે મોતનો શરબત ચાખવા લાયક ચીજછે અને નાશ તથા મૃત્યરૂપી ભાર વહેવા લાયક છે. ક્ષુલ્લક, નીચ કામ કરતો હું મરું ત્હેના કરતાં કોઈ મ્હોટા કાર્યને અર્થેજ મ્હારો અંત આવે તે વધારે સારી વાત છે. આ યત્ન તથા પ્રયત્નને લીધેજ તે પાછળથી જે મ્હોટે ઓદ્ધે પહોંચ્યો તે મેળવવા પામ્યો.

કામમાં તો યત્ન પૂર્વક મંડ્યાજ રહેવું.
આપણી ઇચ્છાનો છેડો હાથમાંથી છોડવોજ નહિ.
જો કોઇપણ ચીજ મેળવવાનું મન થાય તો,
તેને સારૂ યત્ન કર્યાથી તે હાથમાં આવે છે.

જેમ યત્ન અને પ્રયત્ન કર્યાથી મ્હોટાઇનો પાયો મજબૂત થાય છે, તેમ એનાથી ઉલટા ગુણો આળસ અને સુસ્તીને લીધે સુભાગ્ય અને શ્રેષ્ઠત્વનો પાયો ભાગી થાય છે.

તાહેરની કોમમાંથી એક જણને કોઇએ પૂછ્યું, કે તમારા કુળના નાશ અને તમારા સદ્‌ભાગ્યના વિનાશનું શું કારણ હશે ? તેણે કહ્યું, રાત્રીને સમયે મદિરાપાન, તથા પ્રભાતની નિદ્રાવસ્થા; મતલબ આળસને લીધે હમે રાજકાજપર ધ્યાન આપ્યું નહિ અને સુસ્તીને લીધે હમારા મ્હોટા પદને છાજતાં બહાદુરીનાં કામ કર્યાં નહિ તેથી હમારી સત્તાની નૌકા નાશના વમળમાં લાસ ગઇ, અને હમારી ઇચ્છાનું વહાણ કિનારે પહોંચ્યું નહિ.

જે માણસ સંધ્યાકાળે સુરાપાન કરે છે, અને સવારમાં સુઇ રહેછે,
તે પોતાના સુભાગ્યનો પાયો ખોદી નાંખે છે.

પ્રકરણ ૧૪ મું.

મક્કમપણા અને દ્રઢતા વિશે.

મ્હોટાં કાર્યો કરવામાં સ્થિરતા અને દુઃખ તથા આફ્‌તો દૂર કરવામાં અનિવાર્યપણું એટલે દઢતા. ખરૂં જોતાં દઢતાથી આશીર્વાદ અને બરકતનું ફળ મળે છે; તેમજ એમાંથી સુખશાંતિ અને મોક્ષના લાભ પરિણમે છે. દુનિઆપર વસતો સર્વે વર્ગના લોકોમાંથી રાજ્યવર્ગ આ ગુણનો જેટલો સંબદ્ધ છે તેટલો બીજાં કોઇનો નથી. કારણ જ્યાં સુધી રાજાઓનો દઢતાનો ગુણ પોતાના સેવકોના સુખ તથા બળવાખોર અને દુષ્ટ મનુષ્યોનો નાશ કરવામાં ન્હાના

મ્હોટા બધાનાં મ્હોં આગળ પ્રસિદ્ધ થતો નથી ત્યાં સુધી લશ્કર અ સિપાઇવર્ગ તેની આજ્ઞા માથે ચડાવતા નથી, તથા બળવાખોર અને તોફાની લોકો મસ્તી અને ગરબડાટના રસ્તાથી દૂર ખસતા નથી. આથી કરી દૃઢતાને લીધે રાજાઓને મ્હોટી પુષ્ટિ મળે છે, અને પાદશાહોને તેની મદદ શોધવી પડે છે, અને તેને અંગે રહેતા સુખની શોધ કરવી પડે છે.

જેના શિરપર દૃઢતાના જવાહિરનું તાજ શોભે છે,

તે પોતાની મ્હોટાઇમાં તારાઓથી ચળકતાં આકાશ કરતાં પણ ચઢે છે.

એક ડાહ્યા પુરૂષે કહ્યું છે કે જે કોઈ ઇચ્છતો હોય કે પોતાનું રાજ નાશ ન પામતાં સલામત રહે તેણે પોતાના કારભારનો પાયો દૃઢતા અને મક્કમપણા પર બાંધવો.

ત્હારા કામનો પાયો દૃઢતાપર નાંખ અને પછી નિરાંત રાખ.

કારણ જે પાયો છેક મૂળમાં નાંખેલો હોય છે, તે હમેશ સુધી ટકી રહે છે.

કોઇપણ વ્હેમ કે વસવસો ખવડાવનારા માણસની શિખવણી પોતાની ચાલચલણની આડે આવવા નથી દેતો તથા કોઈપણ મનને અવ્યવસ્થિત કરનાર માણસના કહ્યાથી પોતાના રીત રિવાજનો રસ્તો ચૂકતો નથી તેજ ખરેખરો દૃઢ પુરુષ કહેવાય છે. કારણ મુક્તિરૂપી મિત્ર દૃઢતાના માર્ગ સિવાય બીજે માર્ગે દેખા દેતો નથી. દિવ્ય પંડિત પ્લેટોએ કહ્યું છે કે,

આનાકાની મુક્તિનો માર્ગ છે એમ ન સમજ;

દૃઢતાથી બીજો કોઇ ગુણ ઉત્તમ છે એમ ન સમજ

જો ત્હારાં પોતાનો દરજ્જો વધારવાનો ત્હારો ઇરાદો હોય તો,
દરેક મ્હોટાં કામમાં દૃઢતાથી વર્ત.

દૃઢતાની બે નિશાની છે. પ્હેલી એ કે જે કોઇ કામ માણસ શરૂ કરે તે પુરું કરવું જ જોઇએ એવી જાતની જુમ્મેદારી પોતાના માથા પર રહેલી તે સમજે છે.

એવું કહેવાય છે કે રૂમના પાદશાહે નોશીરવાનને પુછ્યું કે પાદશાહી શાથી અમર રહે છે? તેણે કહ્યું, હું કદી નકામું કામ કરવાને ફરમાવતો નથી, તથા જે કાંઇ કામ કરવાનો હુકમ કરૂં છું તે કામ હમેશ પુરૂં કરાવું છું. રૂમના કયસરે પણ જવાબ દીધો કે યુનાનના સઘળા ફીલસુફો પણ એમજ કહે છે.

જે કોઈ કામનો પાયો તુ નાંખે, તેમાં મરદોની માફક મ્હેનત કરી, તેને પુરું કર.

એટલે કે જે વાવટો તું ઉભો કરે તે એવી રીતનો,
હોવો જોઇએ, કે ફરી તેને પાછો ઉંધો વાળવો ન પડે.

બીજી નિશાની એકે મ્હોડેથી જે શબ્દો કાઢ્યા તેનાથી ઉલટું બનતાં સુધી કદી બોલવું નહિ. જેમકે ઇતિહાસોમાં કહેલું છે કે, એક દિવસે સુલતાન રઝા ગઝની શહેરના મેદાનોમાંથી પસાર થતો હતો, તેવામાં તેણે એક મજુર દીઠો, તેણે વાંસાપર એક મ્હોટો ભારે પથ્થર ઉચકયો હતો, આ પથ્થર તેના મહેલને સારૂ બહુ મુસ્કેલીથી તે મજુર લઇ જતો હતો. તેની મહેનત જોઇ સુલતાનના મનમાં જે નૈસર્ગિક દયાવૃત્તિ હતી તેને લીધે અને તેના સ્વભાવિક માયાળુપણાને લીધે પોતે તેને કહ્યુ કે, આ પથ્થરને અહિંજ ઉતાર. તે સાંભળી મજુરે મેદાનની વચ્ચેજ પથ્થરને નાંખી દીધો, પછી લાંબો

વખત એ પથ્થર ત્યાંજ પડી રહ્યો, તેથી જ્યારે જ્યારે ઘોડાઓ ત્યાં આગળ થઇ જતા ત્યારે તેઓ પથ્થર જોઇ ભડકી નાસતા. એ વખતે સારો લાગ જોઇ સુલતાનના હજૂરીઆઓએ આ સ્થિતિથી તેને વાકેફ કર્યો; કે ફલાણે દિવસે ફલાણા મજુરે આપના હુકમને તાબે થઇ ફલાણા મેદાનમાં એક પથ્થર નાંખ્યો છે, તે જોઇને ઘોડાઓ બહુ ભડકે છે, તથા એ પથ્થર એવો છે કે તે મજુર સિવાય કોઈ બીજાથી ઉંચકાય એમ નથી. જો આપ તેને હુકમ કરશો તો એ ત્યાંથી લઈ લઈ બીજે મૂકી તે રસ્તો સાફ કરશે. સુલતાને કહ્યું હું મ્હોડેથી એવા શબ્દ બોલ્યો છું કે 'અહિં ઉતાર', હવે એમ કહું કે 'અહિંથી ઉચક,' તો લોકો કહેશે કે એનામાં દ્રઢતા નથી, તેથી એ પથ્થર તો ત્યાંજ રહેશે. એવું કહેવાય છે કે સુલતાનની ઉમરની આખર સુધી એ પથ્થર ત્યાં પડી રહ્યો હતો એટલુંજ નહિ પણ એના વચનોનું માન રાખવા ખાતર તેના વંશમાંથી કોઇ એ પણ એ પથ્થર ત્યાર પછી ત્યાંથી ઉપડાવ્યો નહતો.

રાજાનાં વચન તે વચનોના રાજા જેવાં છે,
તેથી હમેશ તેમને માન આપવું જોઇએ.
જ્યાં સુધી એ વચનોથી ઉલટું કાંઇ પણ ઝાહેર થાય નહિ,
ત્યાં સુધી તેમને આપણા હૃદયની પાટીપર લખી રાખવાં જોઇએ.

પ્રકરણ ૧૫ મું.

ઇનસાફ વિશે.

ઇનસાફ આખા દેશને શોભાવનાર કોટવાલ અને પ્રકાશમાં વૃદ્ધિ કરનાર તથા અંધકારનો નાશ કરનાર કિરણ જેવો છે. પવિત્ર ઉચ્ચ અલ્લાએ પોતાના સેવકોને આ ગુણના સંબંધમાં કહ્યું છે કે 'નિ:શંક પરમેશ્વરનો હુકમ તો ઇનસાફ આપવો અને એહસાન કરવું એવોજ છે.' ઇનસાફ એટલે જેમનાપર જુલમ થયો હોય તેને દાદ આપવી, અને અહેસાન એટલે જખમીઓના જખમ ઉપર રાહત (દિલાસા) રૂપી મલમ ચોપડવો.

દંતકથામાં પણ કહેલું છે કે રાજા જો એક કલાક માત્ર પણ અદલઇનસાફથી ચાલે તો તે છેલ્લે દહાડે સારાં નરસાં કામ તોલવાના ત્રાજવાનાં પલ્લામાં સાઠ વરસ સુધી પ્રભુની બંદગી કરી હોય તેના કરતાં ઉત્તમ સેવા ગણાય છે. કારણ બંદગીનું ફળ તો બંદગી કરનારનેજ મળે છે, પણ ઇનસાફનું પરિણામ ન્હાના મ્હોટા, ઉંચ નીચ સૌને પહોંચી વળે છે, તેમજ ધર્મનઃ આચાર્યો અને રાજના મ્હોટા અમલદારોની હાજતો, પવિત્ર પુરૂષો અને રાજ્યતંત્રીઓનાં કામકાજો એ ગુણની શુભાશિષથીજ નિયમિતથઇ જાય છે. અદલ ઇનસાફીપણાને લીધે મળતો બદલો (સવાબ) બેહદ છે, તેની ગણત્રી પણ આપણા ખ્યાલમાં આવી શકતી નથી.

એવું કહેવાય છે કે એક સુલતાનને મન થયું કે પ્રભુના મંદિરની (મક્કાના દેવળની) જાત્રા કરવી, અને તે પવિત્ર સદનની પ્રદક્ષિણા કરવી. જેથી કરી તે પોતાના બરોબરીઆ તથા લાયક વર્ગના

પુરૂષોથી મનની પવિત્રાઇમાં અને પોતાની પ્રાર્થનાઓનો પ્રભુ પાસે જે સ્વિકાર થાય તેમાં પોતે ચઢીઆતો થાય.

પ્રભુના મંદિરની પ્રદક્ષિણા,
બને દુનિઆમાં સત્તાની વૃદ્ધિનું કારણ છે.

રાજ્યના થંભરૂપી મ્હોટા અમલદારોએ અરજ ગુજારી કે, સુલતાન સાહેબ, જાત્રા નીકળવામાં પહેલી મ્હોટી શરત એ છે કે સઘળા રસ્તા ભય વિનાના હોવા જોઇએ. વળી રાજાઓના શત્રુ ઘણા હોયછે, જો લાવલસ્કર સાથે તમે જાઓ તો આવા લાંબેના પંથને સારૂ તેને તૈયાર કરવું એ બહુ મહેનતનું કામ છે, જો થોડા માણુસો લઈ જાઓ તો રસ્તામાં ભય તથા જોખમ ઘણાં નડશે એમ લાગેછે. વળી બીજી અડચણ કે જેવો શરીરમાં આત્મા તેવો મુલકમાં સુલતાનઃ જેવો તેનો શુભ છાંયો રૈયતના માથાપરથી દૂર થાય છે કે લાગલાજ બંડબખેડા થઇ આવે છે, અને ન્હાના મ્હોટા સૌનાં કામ નિયમથી ઉલટાં થઇ જઈ ગડબડાટ થઇ જાય છે. સુલતાને કહ્યું, જયારે જાત્રા તમારા કહ્યા પ્રમાણે થઇ શકતી નથી, ત્યારે મ્હારે કરવું શુઃ કે જેથી, મને તેનું ફળ મળે, અને એ સેવાથી જે આશિષ મળે છે તેમાંથી હુ હિસ્સો પામ્યા વગર રહિ ન જાઉં? તેમણે કહ્યું, આપણા મુલકમાં એક દર્વેશ છે, તેણે લાંબો વખત સુધી એ દેવળના મુજાવરનું કામ કર્યું છે, તેમજ સાઠેક વેળા સંપૂર્ણ રીતે ત્યાંની જાત્રા પણ તે કરી આવ્યો છે. હમણા સંસારથી વિરક્ત થઇ એકાંતમાં તે ભરાઇ બેંઠો છે, તથા ત્યાં લોકોને પણ આવતા જતા બંધ કર્યા છે.

દુનિઆના ગડબડાટથી તે થાકી ગયો છે,

તેથી એક પર્વતની તળેટીમાં તે ભરાઇ બેઠો છે.

વખતે એમ બને કે હજ્જનો સવાબ (જાત્રાનું ફળ) ત્હેની પાસેથી ખરીદી શકાશે અને તેમ કરી (જાત્રાના અંગનો) સંપૂર્ણ આનંદ તમારાથી મેળવાશે. પાદશાહને આવા પવિત્રપુરૂષો પર અંતઃકરણ પૂર્વક આસ્થા હતી, તેથી પોતે દર્વેશની ખિદમતમાં હાજર થયો, અને તેની જોડે વાત કરતાં કહ્યું કે, હજ્જ કરવાની ઇચ્છા મ્હારા મનમાં થઇ આવી છે, પણ મ્હારા અમલદારો મ્હને એવી સલાહ આપે છે કે મ્હારે જાતે ન જતાં અહિંજ રહેવું. મ્હારા સાંભળવામાં આવ્યું છે કે તમે ઘણીવાર હજ્જ કરી છે જો તેમાંની એકનું ફળ મને વેચો તો કાંઇ હરકત છે, તમને આબાદીનું સાધન (પૈસા) મળશે અને મને પુણ્ય મળશે. દર્વેશે જવાબ આપ્યો, હું બધી જાત્રાનું પુણ્ય તને આપવા તૈયાર છું. પાદશાહ કહે, દરેક હજ્જના ફળની શી કીંમત લેશો ? દર્વેશ બોલ્યો, દરેક હજ્જમાં જેટલાં ડગલાં હું ચાલ્યો હોઉં તે દરેક ડગલાંની કીંમત આખી દુનિઆ તથા આખી દુનિઆમાં જે ચીજોનો સમાવેશ થએલો છે તે બધી ચીજો. સુલતાને કહ્યું, દુનિઆ અને દુનિઆની મતામાંથી એક રહેજ કરતાં વધારે ભાગનો હું માલિક નથી, અને તે એક ડગલાંની કીમત પૂરતું પણ નથી તો પછી આખી હજ્જતો મ્હારાથી કેમજ ખરીદાય ? એવી રીતે ગણતાં બધી હજ્જની કીંમતની ગણત્રી ખ્યાલમાં પણ કેમ આવી શકે, પછી દર્વેશ બોલ્યો, સુલતાન સાહેબ, મારી બધી જાત્રાની કીંમત તમારે આપવી તો બહુ સ્હેલીછે. શાહ કહે શી રીતે ? દર્વેશે કહ્યું, જેમનાપર ગેરઇનંસાફ થયો હોય

તેવા લોકોના કજીઆઓનો તું ઇનસાફ કરે, અને જે કલાક તું ગરીબોને દાદ આપવામાં કાઢે તેનું પુણ્ય તું મ્હને બખશે તો મ્હારી સાઠે જાત્રાનું ફળ હું તહને આપી દઉં, તેટલુંજ નહિ પણ તેમ કરતાં પણ મ્હારે ભાગેતો લાભજ રહેશે, અને એ સોદામાં ઘણો ફાયદો તો મ્હનેજ મળશે.

આ ઉપરથી જણાશે કે કોરાનમાં ફરમાવેલી તથા હઝરત મહમ્મદે કહેલી ફરજો અદા કર્યા પછી પ્રભુના સેવકોને માણસોને ઇનસાફ આપવામાં મશગૂલ રહેવું એનાથી વધારે યોગ્ય કામ સુલતાનોને માટે બીજું કાંઈ નથી, તેમજ ન્યાયિતાના ગુણવાળી જીંદગી ભોગવવી અને રૈયત ઉપર ન્યાયની તથા રક્ષણ કરવાની નજરથી જોવું. એનાથી બીજું કાંઈ વધારે લાયક નથી; કારણ જો સુલતાન ઇનસાફનું રક્ષણ ન કરે તો જોર અને સત્તાવાળા માણસો રૈયતમાંથી જે નિર્બળ હોય તેમને હેરાન કરે, અને જો કમજોર માણસો એ પ્રમાણે હલાક થાય તો પછી થોડા વખતમાં જોરાવર માણસોનો નાશ પણ નિશ્ચયજ સમજવો. કારણ દુનિયાપર માણસોની જીંદગી એક બીજા જોડે સંબદ્ધ થઇ ગએલી છે, અને તેમનાં કામકાજોનો બંદોબસ્ત ઇનિસાફ વગર રહેવો સંભવિત નથી.

ન્યાય એવો પ્રકાશ છે કે આખું વિશ્વ તેથી તેજોમય થાય છે.
તથા ત્હેની લેહેકીથી આખી દુનિયાં સુગંધિમય થઇ જાયછે.
ઇનસાફથી રહે, અને ગરીબ માણુસોની ઇચ્છા પૂરી પાડ.
તેમ કર્યાથી ત્હારી પણ બધી મુરાદો બર આવશે.

ન્યાયરૂપી સદ્‌ગુણના વખાણમાં એટલુંજ કહેવું બસ છે કે ન્યાયી માણસને આખી દુનિયા ચહાય છે, અગર જો કે તેની

ન્યાયિતાથી તેમને બધાને કાંઈ લાભ ન થયો હોય તોપણ, અને જો કે જુલ્મી પુરૂષના જુલમથી તેમને સર્વેને કોઇ પણ પ્રકારની ઇજા ન પહોંચી હોય તોપણ ત્હેને સહુ ધિક્કારે છે. આ વાતની સત્યતા ન્યાયી નોશીરવાન અને જુલ્મી હુજ્જાજની નામદારીપરથી તરત સમજાશે. નોશીરવાન અગ્નિ પૂજનારો કાફર હતો. અને હુજ્જાજ ઇસ્લામ ધર્મરૂપી ચાદરપર જન્મ પામ્યો હતો, મહમ્મદના સોબતીઓ તથા તે સોબતીઓનાં જેમણે દર્શન કરેલાં હોય તેવા મહાનપુરૂષનાં તે પોતે દર્શન કરવા ભાગ્યવાન થયો હતો, તે છતાં જ્યારે જ્યારે નોશીરવાનનું નામ દેવામાં આવે છે, ત્યારે ત્યારે સૌ તેની સ્તુતિ કરે છે. કારણ તે ન્યાયી હતો જ્યારે હુજ્જાજને સંભારવામાં આવે છે, ત્યારે સૌ તેના નામને શાપ દેછે, કારણ તે જુલ્મી હતો.

દુનિયાપર રાજ કરવાની પહેલી શરત ન્યાયિતા છે.

લોકોને ઓછાં દુ:ખી કરવાથી હમેશનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાયછે.

ઇનસાફને લીધે મુલ્ક મજબૂત થાય છે.

તેમજ ન્યાયને લીધે કામકાજ પણ વધારે સ્થિરતાને પામેછે,

જે કોઇ માણુસ એક રાત પણ આ ઘરમાં (દુનિયામાં) ઇનસાફથી વર્તે છે.

તે ભવિષ્યમાં પોતાનું ઘર આબાદ કરે છે.

અબ્દુલ્લા તાહેરે એક વખત પોતાના છોકરાને પૂછ્યું કે આપણા ખાનદાનમાં સુખ ક્યાં સુધી રહેશે ? છોકરાએ કહ્યું કે, જ્યાં સુધી આપણા મેહેલમાં ઇનસાફરૂપી શેતરંજી અને ન્યાયરૂપી ચાદર પથરાએલી રહેશે ત્યાં સુધી.

જ્યાં સુધી પાદશાહના પગ ઇનસાફરૂપી શેતરંજીપર હોય છે.
ત્યાં સુધી ત્હેના માથાપર મ્હોટાઇનું તાજ ટકી રહે છે.
ત્યારે જુલ્મરૂપી બાંહ્યમાંથી પોતાનો હાથ તે બહાર કાઢેછે.
ત્યારે કમનસીબરૂપ સાંકળ ત્હેની ગરદનમાં આવી પડે છે.

ઇતિહાસમાં કહેલું છે કે, પોતાના મુલકમાં દરેક રાજા પ્રભુની દયાવૃત્તિની છાયારૂપ છે. કારણ દરેક દુઃખી માણસ તેના રક્ષણ નીચે આવે છે. જેને સૂરજની ગરમીથી ઈજા થતી હોય તે માણસ આસાયશ લેવા છાંયડાના રક્ષણ નીચે જાયછે, અને તેથી ત્હેને દુઃખને બદલે સુખ પ્રાપ્ત થાય છે, એ સિદ્ધ વાત છે. તેજ પ્રમાણે દુઃખી માણસ જે જુલ્મના સૂર્યની ગરમી તથા ગેરઇનસાફના આતશની ઉષ્ણતાથી પીડાતો હોય છે, તે પરમેશ્વરની છાયા એટલે પાદશાહના રક્ષણ નીચે જઇ ભરાય છે, અને તેથી જુલ્મી પુરૂષોએ ત્હેના પર ગુજારેલી બેદાદીની પીડા ટળી સુખશાંતિદાયક મહાન મ્હોટા છાંયડાથી મળતા આશીરર્વાદને લીધે ત્હેને આરામ ને આસાયશ મળે છે. મસનવીયે મઆનવી નામના પુસ્તકમાં કહ્યું છે કે,

ન્યાયી રાજા એ પ્રભુની દયા વૃત્તિની છાયા રૂપે છે.
જેનામાં ન્યાય છે ત્હેને દયાની મૂર્ત્તિ જ સમજવી.
ત્હારા પોતાના છાંયડા તળે આખી સૃષ્ટિને રહેવાની જગા આપ,
આમ કર્યાથી ત્હારી મ્હોટાઇ એટલી વધશે કે તું આસમાનપર પણ પગ મૂકી શકીશ.

પંડિતોએ કહ્યું છે કે ઇનસાફ એટલે લોકોમાં સમાનતા જાળવી રાખવી તે. મતલબ એક કોમને બીજી કોમ કરતાં વધારે જોરાવર ન થવા દેવીતે, અને દરેક વર્ગની તેની પાયરી પ્રમાણે નિગાહબાની રાખવી તે.

સુલતાનોના ચાકર વર્ગમાં મૂળ ચાર જાતો છે. પહેલી જાત, આયુધ સજનારાઓ, જેવા કે અમીર ઉમરાવ, સિપાઇઓ વગેરે, એઓ અગ્નિ જેવા છે. બીજી જાત કલમબાજ પુરૂષો, જેવા કે વજીર, મુતસદ્દીઓ વગેરે; એ લોકો હવા જેવા છે. ત્રીજી જાત. વેપાર વણજ કરનારાઓનીછે જેવા કે વેપારીઓ, કારીગરો વગેરે; એઓ પાણી જેવા છે. ચોથી જાત, ખેડુત લોકોની છે, અને તેઓ જમીન જેવા છે. જેમ ઉપલાં ચાર તત્ત્વોમાંથી એકનો બીજા કરતાં વધારો થઇ જાય તો આ સૃષ્ટિના સ્વાભાવિક નિયમોમાં ઉથલપાથલ થઇ જાય છે, તેમજ આ ચાર વર્ગમાંથી એકનું જોર બીજા કરતાં વધી જાય તો રાજ્યના સાધારણ નિયમોમાં ગરબડાટ થઇ જવાનો સંભવ રહેછે, અને દુનિઆમાં પ્રવર્તેલી શાંતિ તથા માણસોનાં કામકાજ વગેરેનો રહેતો બંદોબસ્ત તૂટી જઈ તેનો નાશ થઇ જાય છે.

આ દુનિયામાં દરેક ચીજને પોતાનો દરજ્જો નીમી આપેલો હોય છે.

અને તે આ દુનિયા હયાતીમાં આવ્યા પહેલાંનો નક્કી થઇ ચૂકેલો છે.

જો કોઇ પોતાની હદ છોડી આગળ વધે છે,
તો ચારે પાસથી બખેડાઓ ઉઠે છે.
દરેક જણને તેની પોતાની જગાએજ ગોઠવ,
અને પછી નિરાંતે તું હારી પોતાની જગાએ બેસ.

ઇનસાફી વૃત્તિની એક ખૂબી એવી છે, કે ન્યાયી માણસના અંગ ઉપર (તેના મૃત્યુ પછી) માટી બિલકુલ અસર કરી શકતી નથી. એવું કહેવાય છે કે **મામૂન** ખલીફાની દરબારમાં એક વિદ્વાન

પુરૂષ એવી રીતની દંતકથા કહેતો હતો કે ન્યાયી પાદશાહોના શરીરનાં અંગો કબરમાં એકબીજાથી છૂટાં પડી જતાં નથી તેમ ત્હેના અવયવો ખરી પડતાં નથી. મામૂને કહ્યું, એ પેગંબર તરફની આ દંતકથાની સચ્ચાઇ માટે મ્હને બિલ્કુલ શક તો નથી, તોપણ મ્હને એવી ઇચ્છા થાય છે કે, નોશીરવાનના શબને હું જોઉં. કારણ ન્યાયનું ખરેખરૂં ઉત્પત્તિ સ્થાન એજ હતો, તેમજ આપણા પેગંબર સાહેબ (પ્રભુની તેમનાપર આશિષ હોજો) પણ પોતાની ચમત્કારીક જીભે એમ ઉચરતા હતા કે હું ન્યાયી રાજાના વખતમાં જન્મ્યો છું. પછી પોતે મદાઇન શહેર તરફ ગયો, અને ત્યાં જઇ જે પેટીમાં નોશીરવાનની લાશને દાટી હતી તે ખોલાવી જોઇ તો જાણે તરતનોજ તે જમીનપર સૂઈગયો હોય એમ ત્હેને લાગ્યું, અને જાણે કોઈ માણસ ઉંઘમાં સૂતો હોય ત્હેવો ત્હેને જણાયો. ત્હેની આંગળીઓ પર ત્રણ વીંટીઓ હતો હતી. દરેકની અંદર જે નંગ હતુ ત્હેના ઉપર એક એક શિખામણ કોતરેલી હતી. પહેલી એ હતી કે, મિત્ર અને શત્રુ બંને જોડે માયાળુપણાથી વર્ત્તવું; બીજી, કોઇપણ કામ ડાહ્યા માણુસની સલાહ લીધા વિના આરંભવું નહિ, ત્રીજી રૈયત ઉપર રહેમ નજર રાખવાનું ભૂલવું નહિ. બીજી એક કથામાં એમ કહ્યું છે, કે ત્હેના માથાપર એક સોનેરી પાટી લટકાવી હતી, ત્હેનાપર લખેલું હતુ કે, જે કોઇના મનમાં એવું હોય કે પ્રભુ ત્હેનો મુલક મ્હોટો અને આબાદ કરે ત્હેને જઇ એવું કહે કે ત્હારા જમાનામાં જેટલા વિદ્વાનો હોય ત્હેમને મ્હોટા તથા આબાદ કર, અને જેના મનમાં એવું હોય કે ત્હેના મુલ્કનો વિસ્તાર વધારે ત્હેને કહેવું કે ત્હારી ન્યાયિતામાં વધારો કર. આ જોઇ મામૂને એ બધી શિખામણો લખી લેવાનો હુકમ કર્યો તથા ખોદી કાઢેલી માટીને અત્તરથી સુગંધમય કરી પાછી ત્હેની

લાશને ઢાંકી દીધી. જ્યારે દખમામાં બધા ઉભા હતા ત્યારે, એવી વાત ચાલે છે કે, મામૂનના એક દરબારીએ કાંઇક બોલવાની રજા માગી. તે મળતાં તેણે કહ્યું, ઇનસાફીપણાની એક ખાસ ખૂબી છે કે ન્યાયી માણસ અગર જો કે કાફર હોય છે તોપણ તેના મોત પછી માટી સરખી તેને ઇજા કરી શકી નથી, તો પછી તે ન્યાયી માણસ ઇસ્લામી ધર્મનું સુખ મેળવવા પામ્યો હોય તો પેલી જહાનમાં (નરકમાંના) અગ્નિને પણ ત્હેને ઇજા કરતાં પાછો પાડવામાં આવે તેમાં શી નવાઇ? મામૂનને આ શબ્દો બહુ ગમ્યા તેથી પોતે ફરમાવ્યું કે ઉપલી શિખામણોની નીચે ત્હેમને પણ લખી રાખવા.

અદલ ઇનસાફ આ દુનિયામાં ત્હારે માટે સારૂં નામ મેળવશે,
અને પેલી દુનિયામાં ત્હને સારૂં ફળ આપશે.
અહિ—આ દુનિયામાં—ત્હને માનવંત બનાવશે,
(અને) જ્યારે પેલી જહાનમાં તુ જશે ત્યારે તને સુખ અપાવશે.

ન્યાયવૃત્તિને મજબૂત કરનાર થંભોમાં એક એ પણ છે કે જે માણસ દાદ માગવા આવે ત્હેની વાત સાંભળી લેવી, એટલે દુઃખીઆઓનાં વચનપર ધ્યાન આપી તેમનાં દુઃખ ટાળવાનાં કામ કરી આપવાં. તેઓ વખતે વધારે બોલ બોલ કરે તો કંટાળી જવું નહિ તથા તેમનાપર ગુસ્સે થવું નહિ. કારણ પાદશાહ વૈદના જેવો અને દુઃખી માણસ રોગીના જેવો સમજવો. રોગીના મનમાં તો એવુંજ હોય છે કે મ્હારી બધી હકીકત વૈદને કહેવી. જો વૈદ તે બધી હકીકત સાંભળી ન લે તો ત્હેને શું રોગ થયો છે ત્હેની ત્હેને ખબર પડે નહિ. અને જ્યારે રોગની ખબર તથા પારખ થાય નહિ ત્યારે ત્હેનો ઇલાજ પણ શી રીતે થાય.

તુ વૈદરૂપે છે અને હું રોગી રૂપે છું,
ત્હારાથી મ્હારા મનની વાત શી રીતે છુપી રાખી શકાય.

એવું કહેવાય છે કે કોઈ એક માણુસ પોતાની સ્થિતિની બધી વાત એક મ્હોટા પુરૂષ આગળ કહેતો હતો. પણુ તેણે કાંઈ ત્હેના ઉપર ધ્યાન આપ્યું નહિ. ત્યારે તેણે ફરી તે વાત કહી. તોપણુ પેલાએ કાંઇ કાનપર લીધી નહિ. પાછી તેણે ત્રીજી વખત તેની તે વાત કરી, ત્યારે પેલા મ્હોટા માણુસે કહ્યું, કયાં સુધી મ્હારૂં માથું દુખવ્યા કરશે ? પેલા માણુસે કહ્યું, મ્હારા મસ્તકરૂપેજ તમેછો, ત્યારે પછી તેનું દરદ હું બીજે કયાં લઈ જાઉં? મ્હોટા માણુસને આ જવાબ ખૂબ પસંદ પડયો, અને તેની જે હાજત હતી તે પોતે પૂરીપાડી.

સારા ભાગ્ય વડે તું ઉંચે દરજ્જે પહોંચ્યો છે,
ત્યારે દયા રાખવામાં પણુ તું મજબૂતજ રહે.

પરમેશ્વરે ત્હને મદદ કરી, તો તું દુ:ખી માણુસને મદદ કર. (પતિત માણુસોને ઉદ્ધાર.)

એક સુલતાને એક ભણેલા માણુસને પૂછયું કે એમ કહેવાય છે કે દરેક ચીજને માથે કાંઇ કાંઇ કર અથવા જકાત હોય છે, ત્યારે પાદશાહીને માથે શી રીતની જકાત છે? તેણે જવાબ આપ્યો કે પાદશાહી તથા રાજાની પદ્વિની જકાત એ છે કે જો કોઈ દુ:ખી માણુસ દાદ માગે અથવા ફરીઆદી કાંઇ અરજ કરે તો ત્હેની વાત સાંભળવી, ત્હેની સાથે સભ્ય અને માયાળુપણે વાતચીત કરવી, ગુસ્સે થઈ ત્હેને સખત શબ્દોમાં જવાબ આપવો નહિ, તેમજ ગરીબ કે અસમૃદ્ધિવાન માણુસો જોડે બોલચાલ રાખવાથી શરમાવું નહિ. કારણુ પોતાથી ઉતરતાં દરજ્જાના માણુસો જોડે વાતચીત કરવી એ

મ્હોટા પુરૂષોમાં એક સદ્‌ગુણ ગણાય છે. સુલેમાન (તેમનાપર તથા હમારા પેગંબરપર અલ્લાહની, સલામ હોજો) પાસે પાદશાહી પદિને છાજતું મ્હોટું લશ્કર હતું. અને પોતે પેગંબરની શ્રેષ્ઠ પદવી ભોગવતો હતો, તોપણ તેણે એક ન્હાની સરખી કીડીના શબ્દોપર ધ્યાન આપ્યું હતું.

ગરીબ માણસોપર નજર રાખવાથી આપણી મ્હોટાઈ વધે છે,
સુલેમાન પાસે આવો મ્હોટો દમામ હતો તોપણ તેણે કીડીનાં વચનો સાંભળ્યાં હતાં.

એવું કહેવાય છે કે ચિનની રાજધાનીમાં એક પાદશાહ હતો, ન્યાયિપણાના રત્નથી તે અલંકૃત હતો તથા તેના સ્વભાવનું વૃક્ષ ઈનસાફી વૃત્તિથી સુશોભિત થએલું હતું.

જુલમીપણાને એનાથી મ્હોટી ખોટ જતી હતી, ન્યાયિપણાને મ્હોટો લાભ મળતો હતો,

પરમેશ્વર ત્હેનાથી રાજી હતો; તેમજ લોકો પણ ત્હેનાથી સંતોષ પામેલા હતા.

એકાએક ત્હેની સાંભળવાની શક્તિ ઉપર આફત આવી પડી, અને કાનમાં બહેરાપણાએ દેખા દીધી. પોતાના વજીર તથા દરબારીઓને ભેગા કરી પોતે ત્હેમના મ્હોડા આગળ પોકે પોક મૂકી એટલું બધું રડયો કે તે જોઈ તે બધાઓને પણ રડવું આવ્યું, અને તેઓએ ત્હેને દિલાસો આપવાની તદબીર શોધવા માંડી. પાદશાહે કહ્યું હમે એમ ન ધારતા કે મ્હારા કાન ગયા તેટલા માટે હું રડું છું, કારણ સમજુ માણસ એવી ચીજ ચાલી જાય તો ત્હેને માટે શું કામ દિલગીર થાય? મ્હને રડવું તો એટલા માટે આવે છે કે વખતે

કોઇ દુઃખનો માર્યો પીડિત પુરૂષ ફરીઆદ કરવા મ્હારી દરબારમાં આવે, અને ત્હેની દાદ તથા મદદ માગતો અવાજ મ્હારે કાને ન પડે તેથી નાસીપાસ થઇ તે પાછો જાય, અને પ્રભુ પાસે તેટલા માટે મ્હને ઠપકો મળે. તોપણ આ બાબતમાં મ્હને એક વિચાર સુઝયો છે. તમે એવી રીતની દાંડી પીટાવો કે ફરીઆદી સિવાય કોઈ બીજો માણુસ રાતા રંગનાં કપડાં પહેરે નહિ. આથી કરીને મ્હને એવી ખબર પડશે કે આ લોકોપર જુલમ થયો છે, અને તેથી ત્હેમનું દુઃખ હું ટાળીશ.

દુઃખી માણુસનું દુઃખ ટાળ, નાસીપાસ થયા હોય તેમની મુરાદ પૂરી પાડ.

આવી રીતના ઇનસાફ અને ન્યાયથી ત્હારા ધર્મ અને ત્હારા ઘરને આબાદ કર.

કોઇની એકજ વખત દાદ સાંભળ્યાથી કે ફક્ત એકજ માણુસનું દુઃખ ટાળ્યાથી ઘણા જણાઓને પેલી જહાનમાં થતી સજામાંથી મુક્તિ મળી છે.

ઇતિહાસમાં એવું આવેલું છે કે સુલતાન મલેકશાહ સલજૂકી ઝંદેરૂદ નદીના કિનારાપર શિકાર કરતો હતો. ત્યાં થોડો વખત આસાયશ લેવા પોતે એક ખેતરમાં મુકામ કર્યો. સુલતાનના ખાસ નોકરોમાંથી તેના અંગત ખવાસનું કામ કરનાર એક ગુલામ પાસેના ગામમાં ગયો, અને ત્યાં એક ઝરાના કિનારાપર તેણે ગાય ચરતી જોઈ. ત્હેને પકડી ત્યાં હલાલ કરવાનો પોતે હુકમ કર્યો. અને ત્હેના ગોસ્તમાંથી થોડું એક ભૂંજી ઉપયોગમાં લીધું. આ ગાયની માલિક એક ઘરડી ડોશી હતી, અને ત્હેને ચાર અનાથ છોકરાં હતાં, તે

બચ્ચાંનું પોષણ એ ગાયના દુધથી થતું હતું. ત્હેને જ્યારે આ બાબતની ખબર પડી ત્યારે તે દુઃખની મારી બેભાન જેવી થઇ ગઇ અને સુલતાન પાસે આવવા નીકળી, અને જે પુલ૫ર થઇ ત્હેને જવાનું હતું તેનું નાકું પકડી ત્હેના આવવાની રાહ જોતી બેઠી. તેટલામાં લાવલસ્કર સાથે મલેકશાહ ત્યાં આવી પહોંચ્યો. તે જોઈ પોતે એકદમ કુદકો મારી સુલતાનના ઘોડાની લગામ પકડી લીધી, પેલા અંગત ખવાસે તરતજ ત્હેને હાંકી કાઢવા પોતાનો ચાબખો ઉગામ્યો અને ત્હેને મારવા જતો હતો, એટલામાં સુલતાને ત્હેને કહ્યું, જરા સબર કર, એ કોઈ દુઃખિયારી લાચાર બાઇ જણાય છે, એની શું અને કોની સામે ફરીયાદ છે તે મ્હને જોવાદે. પછી પોતે ડોશી તરફ મ્હોં ફેરવી કહ્યું કે, ત્હારે જે કહેવું હોય તે કહે, જેમ કવિતામાં કહ્યુંછે કે,

જે માણસપર અતિશય દુઃખ પડયું હોયછે તે વગર બ્હીકે, ખુલ્લી રીતે બોલે છે.

તેમ ડોશીએ પોતાની જીભને છૂટ આપી, અને બોલી કે, અલપઅરસલાનના છોકરા, જો આ પુલને નાકે તું મ્હને ઇનસાફ નહિ આપે તે તો એક અદ્વિતિય પ્રભુના યશ અને કીર્તિના સોગંદ ખાઇ હું કહું છું કે પેલી દુનિયામાં સ્વર્ગ ને નરકમાં લઇ જતા પુલના નાકાપર હું જયાં સુધી ન્યાય પામીશ નહિ ત્યાં સુધી ત્હારી સામેનાં શત્રુવટનો ભાવ છોડીશ નહિ. માટે લાંબો વિચાર કરી મ્હને કહે કે એ બે પુલમાંથી કયા પુલનું નાકું તું પસંદ કરેછે.

તું પોતે આજેજ ઇનસાફ કર અને મ્હને દાદ આપ.

કોઇ ત્હારી પાસે હવે પછી મારી ઠોકીને ન્યાય કરાવે ત્હેના કરતાં તું પોતે જાતેજ આપે તે બહેતર છે.

આ વચનો સાંભળી ભયથી સુલતાન એકદમ જમીનપર ઉતરી પડયો, અને કહ્યું, માજી, મ્હને માફ કરો, તે પુલપર જવાબ આપવાની મ્હારામાં શક્તિ નથી. તમારા પર કોણે જુલમ કર્યોછે, તે મને કહો, હું ત્હેનું નિવારણ કરી ત્હેને સજા કરીશ. ડોશીએ કહ્યું જે ગુલામે ત્હારી હજૂરમાં મ્હારા ઉપર ચાબુક ઉગામી હતી, ત્હેણેજ મ્હારા સુખનો ઝરો બગાડયો છે, અને જે ગાય વડે મ્હારાં અનાથ બચ્ચાંનું પોષણ થતું હતું તેને ઝબેહ કરી ભુંજી નાંખી છે. આ સાંભળી મલેકશાહે હુકમ કર્યો કે એ ગુલામને સજા કરો; અને પછી એક ગાયના બદલામાં ત્હેને વધારે સારી જગાએથી (પોતાની પાસેથી) દસ ગાય આપી. ત્યાર પછી થોડા વખતમાં સુલતાન તો મરણ પામ્યો, પણ ડોશી જીવતી હતી. તે એક વખત મધરાતે ત્હેની કબર આગળ ગઇ. અને પોતાનો પ્રાર્થના પ્રણય ચહેરો પ્રભુની દરગાહ તરફ ફેરવી એવી દુવા માગી કે, આ દુનિયામાં વસનાર ત્હારા સેવકને જે વખતે દુઃખ આવી પડયું હતું, તે વખતે એ સુલતાને મદદ કરી હતી, હવે એ દુઃખમાં આવી પડયો છે, ત્યારે તું એનો હાથ પકડ, અને ત્હારૂં મ્હોટું મન બતાવ. હું લાચાર સ્થિતિમાં હતી, અને એતો જો કે એક સર્જિત નિર્બળ પ્રાણી હતું, તોપણ એણે મ્હારાપર દયા કરી હતી, આ વખતે એ લાચાર સ્થિતિમાં છે, તો તું સૃષ્ટા તરીકેની તારી અગાધ શક્તિથી એનાપર દયા કર. તે વખતના ધાર્મિક પુરૂષોમાંથી કોઇએ મલેકશાહને સ્વપ્નામાં જોયો, અને ત્હેને પૂછયું, કે પરમેશ્વરે ત્હને શું કર્યું ? ત્યારે ત્હેણે કહ્યું કે જો પેલી ડોશીની દુઆ મ્હારી મદદે આવી નહોત તો (નરકની) સજારૂપી ગીધના પંજામાંથી મ્હારો છૂટકો થવાનો સંભવ નહતો.

તેણે કહ્યું કે રસ્તાના નાકાપર જો પેલી વૃદ્ધ ડોશી,
દુઆ માંગી મ્હારી મદદે ન આવી હોત તો
તે મહાન પાદશાહની દયાહીન નજર સિવાય
મ્હારી શોકગ્રસ્ત સ્થિતિ સાથે મ્હારો અંતજ આવ્યો હતો.

મ્હેં એની દાદ સાંભળી તેથી એણે દુઆ માગી.

અને એની દુઆની મહેરથી મ્હારા પ્રત્યે દયાના દ્વાર ખોલવામાં આવ્યાં.

ઇનસાફીપણાનો બીજો થંભ પરમેશ્વરના હુકમનો આદર છે, એટલે કોઇની દાદ સાંભળી ત્હેનું નિવારણ કરવું તે ધર્મની આજ્ઞા પ્રમાણે અને તેને અનુસરીને હોવું જોઇએ. તેમજ પોતે ગુસ્સે હોય કે ખુશીમાં હોય તોપણ સત્ય સ્વરૂપ પ્રભુને વિસરવો ન જોઇએ. કારણ તેનો હુકમ સર્વોપરિ છે, જે કોઇ પરમેશ્વરની આજ્ઞાનો અનાદર નથી કરતો, તેની આજ્ઞાનો બીજા કોઇથી પણ અનાદર થતો નથી.

જ્યાં જ્યાં પાદશાહ સુલતાન કે રાજા હોય ત્યાં ત્યાં.

તેતો મહાન્ પ્રભુની દરબારના ઉમરા આગળના આજ્ઞાંકિત સેવકો છે.

એવું કહેવાય છે કે **મામૂનખલીફાના** વખતમાં કોઇએ કાંઇ ગુન્હો કર્યો હતો અને પછી તે શહેરમાંથી ન્હાસી ગયો હતો. ત્હેના ભાઇને મામૂન પાસે લાવવામાં આવ્યો ત્યારે ત્હેણે હુકમ કર્યો કે ત્હારા ભાઇને હાજર કર નહિ તો ત્હેને બદલે ત્હને કતલ કરવામાં આવશે. પેલા ભાઇએ જવાબ આપ્યો કે, ખલીફ! જો ત્હારો કોઇ અમલદાર મ્હને મારી નાંખવા મ્હાતો હોય અને તું એમ હુકમ મો-

કહે કે મ્હને છોડી દેવો તો તે મ્હને છુટો કરે કે નહિ? ખલીફે કહ્યું, હા, ત્હને છોડી દે. ત્યારે તેણે કહ્યું, હું એવા પાદશાહ પાસેથી હુકમ લાવ્યો છું કે જેની મહેરબાનીથી તુ રાજ કરે છે, કે મ્હને છોડી દેવો. ખલીફે હુકમની નિશાની માગી. તેણે કહ્યું, નિશાની એ કે, મહાન કિર્ત્તિવંત પ્રભુએ ફરમાવ્યું છે (કોરાનમાં) કે, ગમે તેવો જબરો બોજો ઉંચકનાર હોયછે પણ તે બીજાના ગુન્હાનો બોજો ઉચકી શકતો નથી. એટલે, કોઈના ગુન્હાને માટે બીજાને કદી પકડવો નહિ. આ સાંભળી મામૂનનાં મનમાં ઘણું લાગી આવ્યું, અને પોતે રડી પડ્યો, તથા હુકમ કર્યો કે એને છોડી મૂકો, એ જે હુકમ લાવ્યો છે તે બહુ સમર્થ હુકમ છે, અને એની નિશાની બહુ મજબૂત છે. ખબરદાર, હુકમ તેના તરફનોજ છે, અને તે હાકેમોમાં શ્રેષ્ટ છે.

જે હુકમ મહાન પરમેશ્વરની દરબારમાં આવે છે,

તેને માનવાને આનાકાનીનાં વચન કાઢવાં પડે ત્હેના કરતાં તે શ્રેષ્ઠ છે,

જે આજ્ઞા અવિચલ રહેછે તેવી કચેરીમાંથી નીકળે છે,

ત્હેનું ઉલંઘન કરવાની શક્તિ કોનામાં હોય?

એવી વાત ચાલે છે, અમરૂલયેસે કોઇ સ્વાર્થી માણસના કહ્યાપર ધ્યાન આપી એક માણસને કેદ કર્યો. તેની માએ એક અરજી લખી લાવી તે લઈ અમરૂને આવવાનો રસ્તો ઘેરી ઉભી. જેવો તે આવી પહોંચ્યો કે તરતજ પેલી બાઇએ કાગળ ઉકેલવા માંડ્યો કે અમરૂના હાથમાં વાંચવા અપાય. તેનો ઘોડો તોફાની હતો, તેથી તે ભડકી ન્હાસી ગયો, અમરૂ આથી ગુસ્સે થયો, અને ચાકરને હુકમ કર્યો કે એ બાઇને અહિંથી દૂર ખસેડો, તેમ હુકમ કરી પોતે ચાલ્યો ગયો. બીજી

વખત પાછી તે બાઇ રસ્તો ઘેરી ત્હેના પાછા ફરવાની વાટ જોતી ઉભી. ત્હેના આવતાં વારજ પોતે આગળ નીકળી આવી, ફરીઆદ કરી. અમરૂએ પૂછયું, આ કોણ છે? માણસોએ કહ્યું, ફલાણો માણસ જે કેદમાં છે ત્હેની મા. અમરૂ ગુસ્સે તો હતોજ ત્હેણે આ સાંભળી મ્હોડું ફેરવ્યું અને ત્હેનું કહ્યું બિલકુલ ધ્યાનમાં લીધું નહિ. ડોશીએ પૂછયું, રાજા સાહેબ, મ્હારા નિર્દોષ છોકરાને વિશે તમે શું હુકમ કરો છો? અમરૂ કહે એને સો ફટકા મારવાનો, એનો ચ્હેરો કાળો કરવાનો, શહેરમાં ફેરવવાનો, અને જોડે એવી થાળી પીટવાનો કે જેને રાજાસાહેબ ગુનેહગાર ગણેછે, તે આવી સજાને પાત્ર થાયછે. ડોશીએ કહ્યું, આવો હુકમ તુ કરે છે? અમરૂ કહે, હા, હું કરૂં છું. ડોશીએ ફરીથી પૂછયું, કે તુ જેવો ચહાય તેવો હુકમ કરે છે, ત્યારે પછી પરમેશ્વરની આજ્ઞાઓ (જેને અનુસરી ત્હારે હુકમ કરવાના છે તે) કયાં ગઇ? આ શબ્દો સાંભળી અમરૂ એટલો તો બ્હીનો કે ત્હેણે ધ્રુજવા માંડયું, અને બેહોશ થઇ પડી ગયો. જયારે ત્હેને ભાન આવ્યું, ત્યારે પેલા કેદીને છોડવા ફરમાવ્યું, ત્હેને કીમતી પોશાકની ભેટ આપી એક સરસ ઘોડાપર સવાર કરી, આખા શહેરમાં બજાર તથા ગલીએ ગલીએ ફેરવવાનો હુકમ કર્યો, અને એવી દાંડી પીટાવી કે, અમરૂ એવો કોણ છે કે જે પ્રભુની આજ્ઞાનો અનાદર કરી શકે? અથવા ત્હેનાથી ઉલટું કાંઈ મનમાં પણ આણી શકે?

હાકેમ તો તે છે, આપણે ત્હેનો હુકમ પાળનાર આજ્ઞાંકિત સેવકો છીએ.

આપણું શું વજન? ખરો હુકમ તો ત્હેનોજ હુકમ છે.

ઇનસાફીપણાનો બીજો થંભ એ છે કે રૈયતના કામકાજ તરફ

ચોખ્ખું મન રાખવું તથા તેમનું ભલું કરવાનો હમેશ ઇરાદો રાખવો. કારણ એવા કામમાં પાદશાહની શુભ ઇચ્છાની અસર બહુ થાયછે. જો ન્યાયિપણે વર્તવાની ઇચ્છા રાખે તો બરકત અને શાંતિમાં તેનું પરિણામ આવે છે. અને ન કરે નારાયણ ને તેથી ઉલટી ત્હેની ઈચ્છા હોય છે તો મહેસૂલમાંથી બરકત જતી રહે છે, અને પ્રજાની શાંતિ-રૂપી ગાંઠ તૂટી જાય છે.

મહાન કવિ શેખ મસલેહ ઉદ્દીન સાદી એ (પ્રભુ તેમના આ-ત્માને ખૂશ રાખે) આ વાતને કવિતા રૂપે નીચે પ્રમાણે ગુંથેલીછે.

તુ જે બાબત વિશે ઇચ્છા કરે તેમાં, એવો યત્ન કરવો કે,
ત્હારી પ્રજાની સલાહ શાંતિપર ત્હારી નજર રહે.
કારણ જો સુલતાન ખરાબ ઇચ્છા કરે તો
ત્હેના રાજનો કારોબાર બગડી જઇ તે નાશ પામેછે.

એવી વાત ચાલે છે કે કોબાદ પાદશાહ એક દહાડો શિકારે નીકળ્યો હતો, તેવામાં પોતાના લશ્કરથી છુટો પડી ગયો, હવા ગરમ હતી તેથી ત્હેને તરશ લાગી. અને તે ખમી ન શકવાથી ત્હેણે આસપાસ જોવા માંડયું કે કાંઈ છાંયડો કે ઝરો મળે તો તેણી તરફ જાઉં. જોતાં જોતાં દૂર એક કાળુ ધાબું જણાયું, પોતે ઘોડો તેણી તરફ દોડાવ્યો, અને ત્યાં જઈ જોયું તો વેરાનમાં એક જૂનો ફાટો તુટો તંબુ નાંખી તેના છાંયડા નીચે એક ડોશી ને ત્હેની છોકરી બેઠાં હતાં. કોબાદને જોઈ ડોશી તંબુની બહાર આવી, દોડી જઈ પાદશાહના ઘોડાની લગામ પકડી તેને નીચે ઉતારી, પોતાની પાસે, તંબુમાં જે ખાવાપીવાનું હતુ તે હાજર કર્યું. કોબાદે ખાવાનું ખાઇ પાણી પીધું, અને જરા લેહેકી આવવાથી ઉંઘી ગયો. ઉંઘમાંથી

હડયો તે વખત સાંજપડી ગઈ હતી, તેથી રાત ત્યાંજ ગાળવાનો વિચાર કર્યો. સાંઝના પહોરની નિમાઝનો વખત વિત્યા પછી જંગલમાંથી ચરી એક ગાય પાછી ફરી. પેલી છોકરીએ ગાયને દોહી, અને ગાયે પણ પુષ્કળ દુધ આપ્યું. તે જોઈ કોબાદને પણ અજાયબી લાગી, અને તેણે મનમાં વિચાર્યું કે આ લોક આટલા માટેજ આ જંગલમાં પડી રહ્યાં છે કે એમના વિશે કોઇને કાંઈ ખબર પડે નહિ અને કોઇ જાણે નહિ કે આમની ગાય આટલું બધું દુધ દેછે. જો એમાંથી દર અઠવાડીએ એક દિવસ એઓ સુલતાનને આપતા જાય તો એમનું કાંઇ ઓછું થવાનું નથી, અને હમારો ખજાનો ભરપૂર થતો જાય. પછી પોતે મનમાં ઇચ્છા કરી કે જ્યારે હું રાજધાનીમાં જઈશ ત્યારે મ્હારી રૈયત પાસે આ પ્રમાણે કરાર કરાવીશ. સવાર થતાં પેલી છોકરીએ ગાયને દોહી, પણ તેણે બહુ થોડું દુધ દીધું, પોતે તે જોઈ,બુમ પાડતી પાડતી માનીપાસે દોડી ગઈ. અને કહ્યું કે, માડી, પરમેશ્વર પાસે દુઆ માગવા માંડ, કારણ આપણા પાદશાહે જુલમ કરવાનો ઇરાદો કર્યો છે. કોબાદ આ વાત સાંભળી બહુ તાજુબી પામ્યો અને પૂછ્યું કે ત્હને ત્હેની કેમ ખબર પડી? છોકરી કહે, દરરોજ સવારે હમારી ગાય પુષ્કળ દુધ દેતી હતી, અને આજે ઓછું દીધું છે. જ્યારે જ્યારે પાદશાહ ખરાબ વિચારો કરેછે, ત્યારે ત્યારેહકતાલા પોતાની બક્ષિસો પાછી ખેંચી લે છે. કોબાદે કહ્યું, તું ખરી વાત કહે છે પછી પોતે પેલો વિચાર મનમાંથી કાઢી નાંખ્યો, અને પેલી છોકરીને કહ્યું, જા હવે ગાયને દહો છોકરીએ ઉઠી ફરી ગાયને દોહી, તો ગાયે પુષ્કળ દુધ આપ્યું. તે જોઈ તે પાછી પોતાની મા પાસે દોડી ગઈ અને પાદશાહે જે, શુભ વિચાર કર્યો હતો તેની ખુશ ખબર તેને આપી. આ ઉપર-

થીજ કહ્યું છે કે ન્યાયિ પાદશાહ વરસતા વાદળ અને તપના સુરજ કરતાં પણ ચઢીઆતો છે.

હકીમ ફીરદોસી પણ કહી ગયો છે કે,

વાદળમાં પડતાં દરેક પાણીનાં ટીપાનું.

પ્રમાણ પાદશાહના સારા નઠારા વિચારપર આધાર રાખેછે,

જો પાદશાહ અનિષ્ટ વિચારે.

તો આકાશમાંથી જમીનપર જોઇએ ત્યારે પાણી પડતુ નથી.

જો રાજા ન્યાવિ હોય તો ગરીબાઇને લીધે દિલગીર ન થવું.

કારણ ત્હેની ન્યાયિતા એજ મ્હોટું ધનછે, બલકે તેમ ત્હેના કરતાં પણ વધારે છે.

આવીજ રીતની એક બહેરામ ગોરપાદશાહની પણ વાત છે. એક વખત ગરમીની મોસમમાં એક વાડીના દરવાજા આગળ તે આવી પહોંચ્યો. વાડીનો રખેવાળ એક ઘરડો ડોસો ત્યાં હાઝર હતો. ત્હેને બહેરામે પૂછ્યું, ડોસાજી, આ બાગમાં દાડમ થાય છે? તેણે હા કહી. પાદશાહે ફરમાવ્યું, એક પ્યાલો ભરી દાડમના દાણાનો રસ લઇ આવ. ડોસો જઇ તરતજ થોડીવારમાં એક મ્હોટા પ્યાલામાં દાણાનો રસ ભરી લઇ આવ્યો અને બહેરામના હાથમાં આપ્યો. બહેરામ તે ગટગટાવી ગયો, અને પૂછ્યું કે દરસાલ આવા જાતના કેટલાં દાડમ ઉતરે છે? તેણે કહ્યું, ત્રણસે દીનારની કીંમત જેટલાં. પાદશાહે સવાલ કર્યો કે તુ રાજાને જકાત કેટલી આપે છે? તેણે કહ્યું, રાજા હમારી પાસે ઝાડોનો (બાગાયત જમીનનો) કાંઇ કર લેતો નથી. ખેડાણ જમીનની ઉપજનો એક દશાંશ લે છે. બહેરામે મનમાં વિચાર કર્યો કે મ્હારા રાજમાં વાડીઓ ઘણી છે અને દરેક

વાડીમાં અગણિત ઝાડો ઉગે છે. તેથી જો બાગની ઉપજમાંથી પણ મ્હારા ખજાના ખાતે એક દશાંશ કર આપે તો ખજાનામાં મ્હોટી રકમ જમે થાય અને તેથી રૈયતને કાંઇ મ્હોટી ખોટ જાય નહિ. તેથી હવેથી એવોજ હુકમ કરીશ કે બાગોની ઉપજપર પણ કર લે. પછી રખેવાળને કહ્યું, એક બીજો પ્યાલો ભરી રસ આણ. રખેવાળ ગયો. તો ખરો પણ પ્યાલો ભરી રસ આણતાં તેને બહુ વાર લાગી. બહેરામે પૂછ્યું, ડોસા, પહેલી વખત ગયો ત્યારે તો તરતજ પ્યાલો ભરી પાછો ફર્યો હતો, અને આ વખત તો વાટ બહુ જોવડાવી અને તેટલો બધો રસ તો આણ્યો નથી. ડોસાને કાંઇ ખબર નહિ કે તેની સામે ઉભેલો જુવાન માણસ પાદશાહ જાતેજ છે. તેથી તેણે કહ્યું, ભાઇ એમાં મ્હારો વાંક નથી, વાંક પાદશાહનો છે, આ વખત હું ગયો ત્યારે તેણે ત્હેના વિચાર ફેરવેલા લાગે છે ને જુલમ કરવાનો ઇરાદો કર્યો છે, તેટલા માટે મેવામાં જે બરકત હતી તે જતી રહી છે. પહેલીવાર હું ગયો ત્યારે એકજ દાડમમાંથી આટલો બધો રસ કાઢી શકયો હતો: અને આ વખત દશ દાડમ ભાગ્યાં તોપણ તેટલો રસ મળ્યો નહિ. બહેરામના હૃદયમાં આ સાંભળી લાગી આવ્યું તેથી પેલો આગળનો ઇરાદો પોતે મનમાંથી દૂર કર્યો. અને કહ્યું, ડોસા મેહેરબાની કરી એક બીજી વખત જઈ મ્હારે સારૂ થોડો દાડમનો રસ લઇ આવ. ડોસો વાડીમાં જઇ ઝટ પાછો હસતો હસતો બહાર આવ્યો ને બહેરામના હાથમાં દાડમના પાણીથી છલોછલ ભરેલો પ્યાલો આપ્યો, ને કહ્યું, કે સવાર સાહેબ! બહુ અજબ જેવું છે કે હમારા પાદશાહે પાછો પેલો ઇરાદો ફેરવ્યો છે, તેમ થવાથી તરતજ તેની અસર મેવાની બરકત થવામાં જણાય છે, અને એકજ દાડમમાંથી મ્હને આટલો બધો રસ મળ્યો છે.

પછી બહેરામે બધી વાત તે ડોસાને કહી, પોતાના મનમાં થએલા ઈરાદા તથા તેમાં થએલા ફેરફારો ત્હેને કહી સંભળાવ્યા. તે નસીબવાન રાજાને લગતી આ વાત જમાનારૂપી પુસ્તકના પાનાપર હમેશને માટે લખાઇ રહેલી છે, તેમાંથી રાજાઓએ એવી શિખામણ લેવાની છે કે પોતાના મનના દરેક ઈરાદા રૈયતને સુખ થાય તેવીજ રીતના કરવા.

જે રાજા સારા ઇરાદા કરે છે, તે પ્રભુ પાસે જે માગે છે તે ત્હેને મળે છે.

ફીલસુફો કહી ગયા છે કે ન્યાયિપણું સદ્ગુણોમાં સર્વોત્કૃષ્ટ છે, ને દુર્ગુણોમાં અધમતમ જુલમ છે. ન્યાયિપણાને અંતે રાજની હમેશગી, મુલકનો વિસ્તાર, ખજાનાની ભરપુરતા અને શહેર તથા કસબાઓની આબાદી મળેછે, અને જુલ્મીપણાનું ફળ રાજનો નાશ ને મુલકની ખરાબીનું મળે છે.

હોશંગબીન સિયામકની શિખામણો જે તેણે પોતાના છોકરાને આપી હતી, તેમાં લખેલું છે કે પુત્ર, ત્હને યોગ્યજ છે કે જુલમની નિશાનીને ભૂસી નાંખવી અને જોર–અન્યાયિપણાના વાવટાને ઉલટાવી નીચે નાંખી દેવો તથા દુઃખથી પીડિત ફરીઆદીઓના નિશ્વાસરૂપી તીર અને જુલમથી ત્રાસેલા નિરાશ થએલા માણસોના ધ્રુશકે ધ્રુશકે રોવાથી દૂર રહેવું કારણકે એમ કહ્યુંછે કે,

સવારના પહોરમાં (દુઃખનો નિશ્વાસ મૂકી) એક ડોસી જેટલો (અનર્થ) કરે છે.

તેટલો અનર્થ બીરોથી કે કુહાડાથી પણ થઈ શકતો નથી.

તેમજ જુલ્મીપણાના ખરાબ અંતનો તથા તેને અંગે થતી

બુરાઇનો તું વિચાર કર જોર જુલમ એ સદ્ભાગ્યના ફેરફાર તથા ધનસંપત્તિના વિનાશનું કારણ છે, અને માલમિલકત જે એવી વસ્તુ છે કે દરેકને પાયમાલ કરે છે, તથા હરકોઇ નીચ માણસની પાસે પણ તે હોઇ શકે છે, ત્હેને માટે ત્હારી રૈયતની જોડે ટંટો કરતો નહિ. કારણ એતો બેશક અને નિઃશંક ખરૂં છે કે,

જે રાજાએ પોતાની રૈયત પાસેથી જોરજુલમથી માલ ખૂંચવી લીધો,

તેણે દીવાલનો પાયો ખોદી અગાસીપર ચુનો ધોળવા જેવું કર્યું છે.

પંડિતો આ બાબતને સારૂ એક ન્હેવત કહી ગયા છે અને સાધારણ લોકોએ તે ઉપરથી એક વાર્તા બનાવી કાઢી છે કે, મૂર્ખમાં મૂર્ખ માણસને શોધી કાઢી પોતાની પાસે હાઝર કરવાનો હુકમ સુલતાન મહમૂદે પોતાના દરબારીઓને કર્યો. તે લોકોએ વિદ્વાનો, દરબારી નોકરો, ઝીણી બુદ્ધિનાં માણસો મશ્કરાઓ વગેરેને દેશે દેશે તથા મુલકે મુલક આવા માણસની શોધમાં વિદાય કર્યા. તેઓ પણ તે કામે નીકળી પડી આવા માણસની ખબર કાઢવામાં મશગૂલ થઇ ગયા. અને દરેક મૂર્ખ અને બેવકૂફ માણસ મળતો તેની ખરબબર બહુ ઇંતેજારીથી કાઢતા. બહુ શોધ કરતાં અંતે તેઓએ એક એવો માણસ જોયો કે જે ઝાડની એક ડાળપર બેઠો હતો, અને તેજ ડાળનું મૂળ કાપવા કુહાડાના ઘા કરતો હતો; એટલું તો નક્કી હતું કે જેવી તે ડાળ ઝાડથી છૂટી પડશે કે તરતજ તે માણસ પણ નીચે ઝીકાઇ જશે, અને તેનામાં એક નહિ પણ હજાર જીવ હોય તોપણ તેમાંથી એક પણ સહીસલામત બચવાની આશા નહીં રહે. બધાએ એક મને નક્કી કર્યું કે આના કરતાં કોઇ

બીજો વધારે મૂર્ખ માણુસ દુનીઆમાંથી જડશે નહિ, તેથી ત્હેને પકડી સુલતાન પાસે લઇ ગયા, અને બધી વાત ત્હેને કહી સંભળાવી. સુલતાને કહ્યું હજુ આનાથી ચઢીયાતો મૂર્ખ છે. ત્યારે દરબારીઓએ પૂછ્યું કે તે કઇ જાતનો છે તે હમને કહો. સુલતાન બોલ્યો કે જુલ્મી હાકેમ, જે જોરજુલમથી પોતાની રૈયતને દુ:ખ દેયા કરે છે, અને તેજ કારણથી પોતાને બદબખ્ત તથા દુ:ખી મનવાળો બનાવેછે.

રૈયત મૂળ અને સુલતાન વૃક્ષ છે, અરે ભાઇ વૃક્ષ પોતાના મૂળને લીધેજ મજબૂત રહે છે.

માટે તે વૃક્ષના મૂળપર કુહાડો માર નહિ, કે જેની ડાળ ઉપર તું વતન કરી બેઠો હોય.

જ્યારે વૃક્ષનું મૂળ નબળું પડી જાય છે ત્યારે,
પવનના એક સપાટા સાથે તે તરતજ પડી જાય છે.

જે માણુસ જુલમ તથા સિતમ કરે છે,
તે બેશક પોતાનાં મૂળજ કાપી નાંખે છે.

ખાજા ઇમામ જેને ખતીબે મદની (નગરોમાં ભાષણ કર્તા) કહેતા હતા તેની બનાવેલી અમાલી નામની ચોપડીમાં લખેલું છે કે સમરકંદ શહેરમાં એક જુલ્મી હાકેમ હતો. લોકો ત્હેના જુલમથી દુ:ખમાં પીડાતા હતા, અને ત્હેના અણહદ અન્યાયને લીધે પીડાના સકંજામાં દબાતા હતા. જ્યારે ત્હેના જોર જુલમની ફરીયાદ તે મહાન કીર્તિવંત પ્રભુ પાસે ઘણીજ વધી ગઇ ત્યારે, એમ થયું કે, એક દિવસ રાત્રે તે પોતાના તખ્તપર ઝરૂખામાં સૂનો હતો, તે વખતે હવામાંથી એકાએક એક તીર ઉતરી આવ્યું, અને ત્હેની છાતીમાં પેસી ગયું. તે સોંસરૂં વાંસામાંથી બહાર નીકળ્યું અને તત્ક્ષણુજ

ત્હેનો જીવ લીધો. સવારે છાતીમાંથી તીર ખેંચી કાઢયું, તેના ઉપર લખેલું હતું કે, તું બહુ જુલમ કરે છે, જુલમ કરનારાઓ માટે તીરના ઘા જે તેમના અવયવોમાં સોય કરતાં પણ જલદી પેસી જશે તે મુકરર કરેલા છે. એક કવિએ તેના વિશે કવિતા પણ બનાવી છે.

જેણે જુલમની કમાનપર અન્યાયનું બાણ ચઢાવ્યું છે, ત્હેને કહીએ, ખબરદાર !

(બીજાં) હૃદય ભેદક તીરો (નિશ્વાસ) જે છૂપાઇ રહેલાં છે તેનો વિચાર કર.

અગર જો ત્હારૂં બાણુ લોઢાનાં બખ્તરને ભેદી શકે છે તોપણ,

નિશ્વાસનું તીર લોઢાના પર્વતોને કોરી નાંખે છે.

વળી મહાન કવિ હકીમ ખાકાની પણ કહી ગયો છે કે,

શત્રુ છાનામાના સંતાઇ રહે એવી રાત્રીરૂપ જગામાંથી ગરીબો-ના તીરનો વર્ષાદ વરસે ત્હેનાથી બ્હીનો રહેજે.

કારણ જેમ વધારે નિર્બળના અને વધારે શોક તેમ ત્હેનું બાણુ વધારે જખમ કરનારૂં હોય છે.

જે દુઃખી માણુસ આખી રાત જાગે છે, અને લોહીનાં આંસુ પાડે છે, ત્હેનો ભય રાખ.

તું તો ત્હારા બીછાનામાં નિરાંતે સુતો હશે, પણ વર્ષાદ (આંસુ)ના પાણીની રેલ એક દમ આવી ત્હને ધસડી જશે.

પ્રભુ સદા પ્રશંસનીય રહેજો કે હઝરત પરવરદેગારની મહેર-થી શ્રેષ્ટતાને પામેલો મહાન શાહઝાદો એવી સ્થિતિમાં છે કે દુનિ-યાના સઘળા લોકો ત્હેનાપર ખુશ છે, અને મરં પ્રાંતના રહેવા-

શાઓ બલ્કે આખા ખોરાસાન દેશના રહેવાશીઓ અતિશય સંતોપથી પોતાનો વખત ગાળે છે, ત્હેના ન્યાયિપણાની અસર તથા મ્હોટા મનનું નૂર દુનીઆને દરેક છેડે પહોંચી ગયાં છે, અને ત્હેના સદ્ભાગ્યરૂપી ફરાશોએ આખી જહાનના મેદાનપર મહેરબાનીની શેતરંજી અને માયાળુપણાની જાજમ પાથરી દીધી છે. એના હમેશ ટકી રહે એવા મુલ્કને માટે મ્હોટા મ્હોટા માણસો મગરૂર છે, અને એના શત્રુઓ એની આબદાર શમશેરના ભયથી પીગળી જાય છે.

રાજ્યનો મદદગાર તથા ધર્મનો થંભ અબુલ મોહસન, એવો શહેનશાહ છે.

કે ત્હેની સત્તાનો વાવટો ભૂરા આકાશી ઘુમટ કરતાં પણ ઉંચો ઉડે છે.

ત્હેના ઇનસાફને લીધે જમીન તાજી તથા જમાનો બારા બુર્રમીમાં રહે છે.

રૈયત સંતોષિત, મુલ્ક આબાદ, અને લોકો બખેડાના ભયથી શાંતિમાં રહે છે.

વળી એ પોતે મ્હોટા ધર્મ રક્ષક છે, કારણ એના સદ્ભાગ્યરૂપી આજ્ઞાપત્ર પર.

સૃષ્ટિ ઉત્પન્ન થઇ તે દિવસે જે હુકમો નીકળ્યા હતા ત્હેના લેખકે સત્તારૂપી આજ્ઞાઓ લખી છે.

જ્યાં સુધી જમાનો ચાલે અને જ્યાં સુધી આકાશ રહે,

ત્યાં સુધી એ આકાશ (દુનીઆ) ત્હારે તાબે રહેજો, એ જમાનો ત્હારો ગુલામ રહેજો !

પ્રકરણ ૧૬ મું.

ક્ષમા વિશે.

જે વખતે ગુન્હેગાર ઉપર આપણી સત્તા ચાલતી હોય તે વખતે ત્હેને સજામાંથી મુક્ત કરવો ત્હેનું નામ ક્ષમા. સદ્‌ગુણોમાં આ ગુણ બીજા બધા ગુણ કરતાં ચઢીઆતો છે. અને પવિત્ર પ્રભુએ પોતાના પેગંબરો (તેમના ઉપર સદા પ્રભુની આશિષ હજો) ને એવી રીતનો હુકમ કર્યો હતો કે 'ક્ષમા ગુણ પ્રાપ્ત કરો,' તથા જેણે તમારો કોઇ પણ જાતનો ગુન્હો કર્યો હોય ત્હેને માટે માફી આપવાની ટેવ પાડો. આટલાજ માટે હઝરત મહમ્મદે (તેમનાપર પ્રભુની આશિષ તથા સલામ હજો) જ્યારે મક્કા જીતી લીધું ત્યારે કુરેશ કોમના સરદારોએ અગર જો કે તેમને ઘણા પ્રકારની ઇજા કરી દુઃખ દીધું હતુ, તોપણ તેમને છોડી દીધા, અને કહ્યું કે 'મ્હેં' તમને છોડી દીધા છે. તેમનાં હૃદયને ક્ષમાની ખુશખબરથી રંજીત કર્યાં અને કહ્યું કે 'તમે ઠપકાને પાત્ર નથી.'

આપણે બહાનાં શોધવાની ટેવ ન રાખવી જોઇએ.

સારો સ્વભાવ અને સારી આદત સિવાય બીજું કાંઇ હમે મેળવીએ નહિ.

અને જેમણે હમારે માટે ખરાબ કામ કર્યું હોય, ત્હેને,
પણ હમે સારો બદલો આપ્યા સિવાય રહીએ નહિ.

વિદ્વાનો કહી ગયા છે કે જેટલો મ્હોટો ગુન્હો તેટલો વિશેષ પ્રશંસનીય ત્હેની ક્ષમા આપવાનો સદ્‌ગુણ (જેમ મ્હોટો ગુન્હો તેમ ત્હેની ક્ષમા વધારે વખાણવા લાયક).

એવું કહેવાય છે કે કોઈ એક આરબોના રાજા પાસે એક અપરાધી પોતાની મેળે આવ્યો. તે માણસે રાજાના કેટલાંએક સગાંઓના ખૂન કર્યું હતું. રાજા કહે, કે હેં મ્હારા તથા મ્હારાં સગાંઓનાં સંબંધમાં આવા મ્હોટા અપરાધ કર્યા છે, તે છતાં મ્હારી તરફથી ત્હેને માટે જે સજા થશે ત્હેનાથી ન બ્હીતાં મ્હારી પાસે તુ આવ્યો એ મ્હોટી નિડરપણાની વાત છે. ત્હેણે કહ્યું હું ત્હારી સજાથી ન બ્હીતાં ત્હારી પાસે બેધડક આવ્યો છું ત્હેનું કારણ એ છે કે હું જાણું છું કે જેમ મ્હારો ગુન્હો મ્હોટો હોય તેમ તે માફ કરવાની ત્હારી ક્ષમાવૃત્તિ વિશેષ પ્રશંસનીય કહેવાશે. રાજાને આ વચનો બહુ ગમી ગયાં, તેથી ત્હેનો અપરાધ ક્ષમા કર્યો, અને ત્હેને પુષ્કળ ઇનામ આપી પોતે મદદ કરી. રાજાના એક વિશ્વાસુ માણસે સવાલ કર્યો કે, આવો મ્હોટો શત્રુ ત્હારા હાથમાં આવ્યો હતો, ત્હેના ઉપર ત્હારૂં વેર ન લેતાં, ત્હેનાં વચનોથી તું ઠગાઈ ગયો ત્હેનું શું કારણ? રાજાએ કહ્યું, એમ નથી, મ્હેં એમ વિચાર કર્યો કે જો એનાપર હું વેર લઇશ તો મ્હારો જીવ ખૂશ થશે અને મને સંતોષ થશે, જો ત્હેનો ગુન્હો માફ કરીશ તો ત્હેનું દિલ રાજી થશે. આ દુનિયામાં મ્હને જશ મળશે, અને પેલી દુનિયામાં સુખ હાંસલ થશે. મ્હને ખબર હતી કે,

જેવો ક્ષમા કરવામાં આનંદ છે તેવો વેર લેવામાં નથી.

મામૂન ખલીફા એવું કહેતો હતો કે જો લોકોને ખબર હોય કે ગુન્હા માફ કરવામાં અમને કેટલો આનંદ થાય છે, અને અપરાધની ક્ષમા આપવામાં હમને કેટલી ખૂશી પ્રાપ્ત થાય છે તો હમારા દરબારમાં તેઓ અપરાધો સિવાયનું બીજું નઝરાણુંજ લાવે નહિ.

જો અપરાધિને આટલી વાતની ખબર હોય કે દરેક ક્ષણે.
ત્હેના ગુન્હાઓ માફ કરવામાં હમને કેટલી ખૂશી થાયછે તો.
જાણી જોઇને હમેશ તે અપરાધો-કર્યાજ કરે.
અને પછી કાંઇ કાંઇ બ્હાનાં કાઢી તે ગુન્હા હમારી પાસ લાવે (માફ કરાવા સારૂ).

સિકંદર પાદશાહે એક વખત એરીસ્ટોટલને પૂછ્યું કે ફલાણા ફલાણા ગુન્હેગારને માટે શું કરવું છે? તે ફિલસુફે કહ્યું, જો દુનિયામાં અપરાધ ન થતા હોત તો પછી સદ્ગુણોમાં ઉત્કૃષ્ટ, ક્ષમા ગુણ કોઇનામાં જોવામાં આવતજ નહિ. ક્ષમાની આરસી ગુન્હો છે, અને ગુન્હેગારોને લીધેજ આ ગુણ દેખા દે છે, તેટલા માટે એની (ગુન્હેગારની) બાબતમાં પણ એજ પ્રમાણે થવુ જોઇએ."

શેખ સાહેબ, ગુન્હો એ ક્ષમા તથા દયાની આરસી રૂપે છે.
અપરાધિઓપર ધિક્કારથી નજર ન કરવી જોઇએ.

સિકંદરે પૂછ્યું, ક્ષમા કરવી કઇ વખતે સારી છે? તેણે જવાબ આપ્યો, જે વખતે શત્રુ આપણા હાથમાં આવ્યો હોય અને આપણે તેનાપર ફતેહ મેળવી હોય ત્યારે, કારણ એવી રીતે ક્ષમા કર્યાથી પ્રભુનો ઉપકાર પણ મનાય છે.

એક એવી વાત ચાલે છે કે એક પાદશાહે પોતાના દુશ્મનપર જીત મેળવી, ત્હેને કેદ પકડ્યો અને પછી મ્હેણાં મારવા માંડ્યાં, અને પુછ્યું, કે ત્હારે પોતાને માટે હવે તું શું ધારે છે? ત્હેણે ઉત્તર આપ્યો કે પરમેશ્વરને જે ચીજ પ્રિય છે તે ક્ષમા છે, ત્હને જે ચીજ વ્હાલી છે તે ફતેહ છે, પછી જ્યારે જે મહાન પ્રભુએ ત્હને જે ચીજ ગમતી હતી તે આપી ત્યારે તુ પણ તેને જે ચીજ-

મારી-પસંદ છે તે આપ. પાદશાહને આ વાત પસંદ પડી ગઇ અને તરત ત્હેને છૂટો કર્યો. આ ઉપરથી મ્હોટા પૃથ્વીપતિઓ એ ગુન્હેગારો જે ઇજા કરે છે ત્હેનો કિનો લેવાની વૃત્તિ કાઢી નાંખવાની ટેવ પોતાના વૈરશૂન્ય હૃદયને પાડવી જોઇએ, તથા પોતાની સત્તાને માટે ઉપકારવૃત્તિ થાય તેટલા માટે શરમ પામેલા ગુન્હેગાર ઉપર વેર ન લેતાં તેને ક્ષમાની આનંદદાયક ખબર આપી ખૂશ કરવો જોઇએ, કારણ મ્હોટા દેશો જીતી લેનાર સુલતાનો તથા દુનિયાને શોભાવનાર પાદશાહોને એવીજ આદત પડેલી હતી.

આ દુનિયાની શરૂઆતથી તે હાલના રાજાના સમય સુધી,
(એવુંજ બનતુ આવ્યું છે કે) ક્ષમાવૃત્તિ મ્હોટા માણસો બતાવ્યા કરે છે, અને નીચ માણસો અપરાધ કરે છે.

કોઈ એક પાદશાહના નજદીકના સગાએ કાંઇ ગુન્હો કર્યો હતો અને તેથી ત્હેને સજા થઈ હતી. એક દીવસ તે અપરાધિની બાબતમાં પાદશાહ પોતાના ખાંસ માણસ જોડે વિચાર ચલાવતો હતો. તેણે કહ્યું, જો સેવક પાદશાહની જગાપર હોય તો તરતજ ત્હેને સખત સજા કરે. પાદશાહે કહ્યું, હવે જ્યારે તુ મ્હારી જગાએ નથી ત્યારે મ્હારૂં કાર્ય તું કરત તેનાથી ઉલટું થવુંજ જોઇએ. (મતલબ તું પાદશાહ હોત તો એને સજા કરત, કારણ હું પાદશાહ હોઇને એને સજા કરતો નથી. તું પાદશાહ નથી ને હું છું. તુ સજા કરત, ત્યારે ત્હારાથી ઉલટું કરી હું ગુન્હો માફ કરૂંછું). હું ત્હેને માફી બક્ષુંછું, કારણ ગુન્હો કરવાથી ત્હેનું બુરૂં બોલાશે, માફી આપવાથી મ્હારૂં ભલું કહેવાશે.

નીચ માણસો ગુન્હો કરે તે મ્હોટો લાગે,

તોપણ મ્હોટા માણસો જ્યારે ત્હેને માટે માફી આપે છે, ત્યારે તે વધારે મ્હોટું લાગે છે.

અને જ્યારે કોઇનાથી કાંઇ ગુન્હો થયો હોય, ત્હેનો તે ઊંડો વિચાર કરે અને ત્હેને એમ લાગે કે આમાં તો પરમેશ્વર તરફની ક્ષમાની વધારે જરૂર છે, ત્યારે આપણે ત્હેને માફી આપતાં અચકાવું નહિ. તેમ કર્યાથી પ્રભુ સુદ્ધાં તેને માફી બક્ષશે.

જો પ્રભુની બક્ષિશો મેળવવાની ત્હને ઉમેદ હોય તો,

ક્ષમાવૃત્તિ અને મ્હોટા મનથી અપરાધિઓને પણ માફી બક્ષ.

કોઇ એક પાદશાહે એક જણ કાંઇ કામ કરવા મોકલ્યો હતો તેણે ત્યાં એવી ચાલ ચલાવી કે તે પાદશાહને પસંદ પડી નહિ. તેથી તેને ત્યાંથી દૂર કરી, હુકમ કર્યો કે કેદ કરી એને રાજધાનીમાં આણવો. ત્યાં આવ્યા પછી તેને પુષ્કળ ઠપકો દેવા માંડ્યો. તે બીચારાએ કહ્યું, પાદશાહ એટલો તો વિચાર કર કે ત્હને પણ આવતી કાલે વખતે માલિકના માલિકની દરબારમાં ઠપકો દેવામાં આવશે, તો તુ તે વખતે શું માગી લેશે. તે બોલ્યો, પ્રભુની ક્ષમા. ત્યારે તેણે કહ્યું, મ્હને પણ માફી બક્ષ, કારણ પાદશાહોની ક્ષમા જોડે પ્રભુની ક્ષમા પણ સંબદ્ધ છે.

હું ત્હારી સમક્ષ અપરાધિ છું, તુ પ્રભુની સમક્ષ અપરાધિ છે.

જો તુ મ્હને માફ કરશે, તો પ્રભુ ત્હને પણ માફી આપશે.

પાદશાહને આ વાત પસંદ પડી તેથી ત્હેની બેડીઓ કાઢી નાંખી, ત્હેના પર મહેર આણી પાછો ત્હેને પોતાની જગાપર મોકલ્યો.

ક્ષમાવૃત્તિ એ મ્હોટો સદ્ગુણ છે,

જેનામાં ક્ષમાગુણ છે તે મ્હોટો નસીબવાન છે.

ક્ષમાના પ્રકાશથી હૃદય પ્રકાશિત થાય છે.

તેની લહેકીથી આપણું દિલ બાગ જેવું સુગંધમય થાયછે.

પરમેશ્વરને ક્ષમા પ્રિય છે.

જે વાત પ્રભુને પ્રિયછે તે ત્હારી પ્રિય પણ કર.

પરમેશ્વરે જે બાબતમાં (કોરાનમાં) સજા ફરમાવેલી છે, તેમાં માફી આપવી ન જોઇએ, બલ્કે તેમાં તો ગુસ્સો ને ક્રોધ ઉલટાં વધારે કામ આવે છે.

જો તે ગુન્હાને માટે ધર્મ પ્રમાણે (કોરાનમાં) સજા ફરમાવેલી હોય તો

તો ત્હેમાં ક્ષમાવૃત્તિ રાખવી ન જોઇએ.

કારણ ત્હેમાં સજા કરવી એજ માફી આપવા જેવું છે.

ધર્મ પ્રમાણે સજા કરવી એ આફતોને અટકાવનારી દિવાલ જેવું છે.

પ્રકરણ ૧૭ મું.

ધૈર્ય વિશે.

પરમેશ્વરના સદ્‌ગુણોમાંનો એક ધૈર્યનો ગુણ છે. જેમકે પ્રભુએ કહ્યું છે કે, નિઃશંક પ્રભુ ક્ષમાવાન તથા ધૈર્યવાન છે. અને સઘળા પેગંબરો તથા સાધુ સંતોમાં આ ગુણનો અંશ હોય છે, ને ત્હેને જોરે કરીને આસ્થાને ઉડાડી લેનાર તથા શેતાનના લશ્કરને મોખરે ચાલનાર જે ક્રોધ ત્હેની તીવ્રતા તેઓએ તેડી નાંખી છે. મહમ્મદની દંતકથામાં આવેલું છે કે, માણસોને પાડી નાંખી તેમને ઉપલાવી

નાંખે તે માણસને જોરવાળો કહેવો નહિ, ખરો જોરવાળો પુરૂષતો તેજ કે જે ક્રોધાવેશ વખતે પોતાને પાડી નાંખી પોતાનાં ક્રોધિત મન ઉપર માલકી ભોગવે.

એવું તો ધારવુંજ નહિ કે જોર અને બહાદુરી હોય તે માણસ શૌર્યવાન કહેવાય.

જો ત્હારા ક્રોધને તુ જીતે તો તો હું જાણું કે તું સકળ ગુણસંપન્ન છે.

બાદ્દામલમાં કહ્યું છે કે, રાજાઓને યોગ્ય છે કે તેમણે પોતાના મનને ધૈર્યતાના ગુણનું શિક્ષણ આપવું જોઇએ તથા કોઇની આજ્ઞા ઉઠાવવાની ટેવ પાડી ત્હેને કેળવવું જોઇએ. તેથી જો તેમની મરજી વિરૂદ્ધ ગમે તેમ થાય તોપણ તેઓ ગુસ્સે નહિ થાય. એમની પાસે સત્તા અને બળ હોય છે, એમના હાથ વગોના માણસો એમના તાબેદાર હોય છે, તેથી જો તેમનાપર ક્રોધ આણવામાં ધૈર્ય ન પકડે અને તેમનાપર ગજબ કરવામાં સબૂરી ન રાખે, ને તેમના દરેક બોલ કે કામથી નાખુશ થઇ જાય (અને તેમને સજા કરે તો) દુનીઆમાંથી માણસોની નસલજ ઉખડી જાય, ને મુલકમાં કાંઇ શોભા રહે નહિ. આ વાત કેવી સુંદર રીતે નીચે કહેલી છે કે,

ધૈર્ય એ ડહાપણનો ખજાનો છે,
જેને ધૈર્ય નથી તે ભૂત, અને પશુ જેવો છે.

જો ત્હને ખબર હોય તો જાણજે કે ધૈર્યથી ભૂત પણ વશ થઇ શકે છે.

અને ક્રોધ એ તો ત્હેના તરફથી મળતી એક જાતની કેદ છે. ક્રોધની એવી જબરી રેલ કે જે મ્હોટા ઉંચા પર્વત ત્હેના

રસ્તાની વચમાં આવે તો હેને પણ ઉખેડી નાંખે, તે ખરેખરા ધૈર્યવાન પુરૂષને ડગાવી શકતી નથી, અને ગુસ્સાના જે અગ્નિથી આકાશમાં ઉંચે રહેતા અગ્નિના ગોળાને પણ બળવાનો ભય રહે છે, તે હેના ઉપર બિલકુલ અસર કરી શકતો નથી. ધૈર્યતાની મદદ વિના કોઇપણ સુલતાનનો ક્રોધાગ્નિ ઠંડો પડતો નથી, અને સહનશક્તિની પુષ્ટિ વિના કોઇપણ હાકેમથી પોતાની રૈયત જોડે વાતચીત પણ થઇ શકતી નથી. તેથી ખરો ન્યાયિ પાદશાહ તો તેજ કહેવાય કે જે ધૈર્યતાને પોતાની જિંદગીનું આભૂષણ બનાવે, અને હેની મદદ લઇ આખી દુનીઆનો નાશ કર્તા જે ક્રોધ તેનો પાયો ખોદી નાંખે.

જેનું ધૈર્ય દેખા દે છે, તેવોજ ક્રોધ નીચો પડે છે,
ક્રોધને તોડી પાડનાર સહનશક્તિજ છે.
ડહાપણનો થંભ સહનશક્તિ છે,
જેનું ભગજ હલકું તે હમેશ નીચ વૃત્તિનો હોય છે.

સુલેમાન વર્રાકને વિશે એવું કહે છે કે, તે વાત કરતો હતો કે એક વખત હું મામૂનની ખિદમતમાં હતો, ત્યારે મ્હેં એક માણેકનું નંગ જોયું, તે લંબાઇમાં ચાર આંગળપૂર, પહોળાઇમાં બે, અને સફાઇ તથા નૂરમાં જાણે પ્રકાશતા સૂર્ય, અને ચમકારા મારતા શુક્રના તારા જેવું હતુ. મામૂને એક સોનીને બોલાવી કહ્યું, આને સારૂ એક વીંટી બનાવ, અને તેમાં આ માણેકને નંગ તરીકે જડી આપ. સોની માણેક લઇ ઘેર ગયો. પરમેશ્વરનું કરતું એવું થયું કે બીજે દહાડે પણ હું ત્યાંજ હતો, તેવામાં મામૂનને વીંટીની વાત યાદ આવી અને સોનીને બોલાવી લાવવાનો તેણે હુકમ કર્યો. જેવો સોની આવ્યો તેવું મ્હેં જોયું તો તે આખે શરીરે ધ્રુજતો હતો, અને ઝાડના

પાંદડા માફક કાંપતો હતો. મામૂને પૂછ્યું, ત્હારામાં આવો ફારફેર કેમ થઇ ગયો છે? સોની કહે, મ્હને અભય વચન આપો તો હું ખરી વાત કહું. મામૂને કહ્યું હું તને અભય વચન આપુ છું. સોનીએ માણેક ગજવામાંથી બહાર કાઢી બતાવ્યું તો તેના ચાર કટકા થઇ ગએલા હતા તે બોલ્યો, સુલતાન, મ્હેં વીંટી બનાવી અને પછી નંગ બેસાડવાની જગાએ નંગ જડતો હતો, તેવામાં તે મ્હારા હાથમાંથી એરણપર પડી ગયુ ને તેના ચાર કટકા થઇ ગયા. આ સાંભળી સુલતાન હસી પડયો અને કહ્યું, જા, આની ચાર વીંટીઓ બનાવી લાવ, એમાં ત્હારો શું વાંક? આં વૃત્તિ જે મામૂને દર્શાવી તે ધૈર્ય અને તિતિક્ષાની હદ થઇ ગઇ કહેવાય.

ધૈર્ય એ સંપૂર્ણતાની મુડી કહેવાય છે,
માન અને કીર્ત્તિનું કારણ લેખાય છે.
દરેક મર્યાદશીલ માણસના આનંદમાં વૃદ્ધિ કરનાર ધૈર્ય છે.
દરેક દુ:ખી મનની તે મમી (મુમાઇ) જેવી દવા છે.

નોશીરવાને પોતાના વજીર બુઝર જમહીરને પૂછ્યું કે, ધૈર્યએટલે શું? તેણે કહ્યું, બધા સદ્દગુણમાં નિમકની તબક (જેટલી અગત્યતા ધરાવનાર ગુણ). એના અક્ષરોને ઉલટાવીએ તો તેમાંથી જે શબ્દ મળે છે તેનો અર્થ મીઠું જ થાય છે. (હલમ=ધૈર્ય. ઉલટાવ્યાથી, મલહ=નિમક). જેમ આપણી રસોઇની કોઇપણ ચીજ મીઠા વગર સ્વાદ આપતી નથી, તેમ કોઇપણ સદ્દગુણ ધૈર્ય વિના શોભતો નથી. નોશીરવાને સવાલ કર્યો કે ધૈર્યવાન પુરુષની સંજ્ઞા શી હોય? બુઝરે કહ્યું, ત્રણ નિશાનીઓ. પહેલી–ગમે તેવો માણસ. કટાણું મ્હોં કરી ગુસ્સાથી ધૈર્યવાન પુરુષ જોડે વાત કરે તોપણ ત્હેના જવાબમાં પોતે

ત્હેની જોડે મીઠાશ ભરેલા સુખનોજ બોલે છે, અને તે ત્હેને કોઇપણ રીતે ખોટું મનાવે તોપણ ત્હેના બદલામાં પોતે તો ત્હેને એહસાનજ કરેછે.

ધૈર્યતા કેવી બક્ષિશ આપે છે, તે હું ત્હને કહું છું,
જે કોઇ ત્હને ઝેર આપે ત્હેને તું સાકર આપે.
કોઈ ત્હારાપર જફા ગુજારી ત્હારૂં મન દુખવે.
તોપણ મ્હોટા મનની ખાણોની માફક તું તો ત્હેને સોનુંજ આપજે.
છાંયડાવાળા વૃક્ષોના કરતાં તું ગુણમાં ઉતરીશ નહિ.
કોઈ ત્હેના ઉપર પથરો ફેંકેછે તો તો તેઓ ત્હેને ફળ આપેછે.

બીજી--જે વખતે ક્રોધાગ્નિ ખરેખરો સળગેલો હોય, અને ગુસ્સાનો હુમલો તથા જોર હદ પાર પહોંચ્યાં હોય તે વખત ધૈર્યવાન પુરૂષ ખામોશ પકડે છે. આવી જાતની હાલત મનની શાંતિ અને આત્માની નિર્વિકારીતા બનાવે છે. ખરેખરા સાધુસંત, દર્વેશોએ ક્રોધને માટે આવીજ જાતના ઉપાય લીધેલા છે.

ત્રીજી—અગર જો કે કોઇ માણસ સજાને લાયક હોય તો પણ તેના ઉપર થઇ આવતો ગુસ્સો ખાઈ જવો,

એવું કહેવાય છે કે એક દહાડો હઝરત મહમ્મદની પુત્રીના પુત્ર અને સંત જેવા સાધુ પુરૂષ અલીના પુત્ર હુસેન બીનઅલી (પ્રભુ તે સર્વ ઉપર રાજી રહો) કેટલાક મ્હોટા કુલના આરબ પરોણાને લઇ જમવા બેઠા હતા. એટલામાં તેમનો ચાકર ઉન્હા સેરવાનું વાસણ લઇ આવ્યો. પણ બ્હીક બહુ લાગવાથી જાજમના છેડામાં ત્હેનો પગ ભરાઇ ગયો, અને ત્હેના હાથમાંથી વાસણ શાહ-

જાદાના માથાપર પડયું. અને ત્હેમના ચ્હેરાપર બધે સેરવો સેરવો થઇ રહ્યો. ઈમામ હુસેને ત્હેને સજા કરવાના વિચારથી નહિ પણ વધારે સારી સભ્યતા શિખવવાને ખાતર જરા કરડી નજરે તેની સામે જોયું, એટલે ચાકર કોરાનની આયતોમાંથી એક આયતનું પહેલું ચરણ બોલ્યો "અને ગુસ્સો ખાઈ જનારાઓ," હુસેને તે સાંભળી કહ્યું, હું ગુસ્સો ખાઇ ગયો છું. એટલે નોકર, બીજું ચરણ બોલ્યો કે, 'અને આદમીઓને ક્ષમા કરનારાઓ' તે સાંભળી હુસેન બોલ્યો, મ્હેં તને માફી બક્ષી છે. ચાકરે પછી તેનું છેલ્લું ચરણ કહ્યું, 'અને એહસાન કરનારાઓ અલ્લાને વહાલા છે' આ સાંભળી હુસેનપર પૂરી અસર થઇ. તેણે કહ્યું. ત્હારાપરનું માલકીપણું મ્હેં છોડી દીધું છે, ને ત્હને આજથી ગુલામગીરીથી છુટો કરુ છું. અને હવે પછી ત્હારૂં પોષણ કરવાની જવાબદારી હું મ્હારે માથે રાખું છું.

ખરાબનો બદલો ખરાબ આપવો,
એ સાધારણ અકલના માણસો ડહાપણ ગણતા હશે.
પણ જે લોકો ખરેખરૂં સમજે છે
તેઓએ જેને હાથે દુઃખ ખમ્યું હશે તેનું પણ ભલું કર્યું હશે.

એવી વાત ચાલે છે કે હઝરત ઈસા (તેમના તથા હમારા પેગંબરપર સલામ હજો,) ને કોઇએ સવાલ કર્યો કે સૌથી સખતમાં સખત ચીજ કઇ છે? તેણે કહ્યું, પ્રભુની નાખૂશી. તેણે ફરી પૂછ્યું કે, શું કરીએ તો આપણે પરમેશ્વરની ખફગીથી સલામત રહી શકીએ? ઈસાએ જવાબ આપ્યો. આપણે પોતે કદી ક્રોધિત થઇએ નહિ તો.

હઝરત મવલાનાએ પોતાના કાવ્ય મસનવીમાં પણ એમજ કહ્યું છે.

કોઇ એક હુશીઆર માણસે ઇસાને કહ્યું,
આખી જીંદગીમાં સખતમાં સખત શું ચીજ છે?
તેણે કહ્યું, ભાઇ, સખતમાં સખત પ્રભુની ખફગી;
તે એવી છે કે આપણી માફક નરક પણ તેનાથી ડરે છે.
તેણે પૂછ્યું, એ ખફગીમાંથી બચવાનો રસ્તો શું?
તેણે જવાબ આપ્યો, આપણે પોતાને ક્રોધને તજવો તે;
ક્રોધ, કામ ને લોભ છોડી દે,
કારણ તેજ મનુષ્યત્વ અને પેગંમ્બરીનો રસ્તો છે.

વળી એટલું પણ જાણવું જોઇએ કે કેટલીએક જગાએ તિતિક્ષા કરતાં રાગવૃત્તિ બહુ કામની છે. લોભ, મમરૂરી કે સ્વાર્થને માટે જે રાગવૃત્તિ દર્શાવવામાં આવે છે, તે હમેશ ધિક્કારને પાત્ર છે. પણ આપણા મજબૂત ધર્મની સંજ્ઞાઓનું જ્ઞાન આપવા કે આપણા પ્રકાશીત ધર્મના રીત રિવાજોનું રક્ષણ કરવા માટે ગુસ્સો કરવો એ કાંઇ ખોટું નથી. દાખલા તરીકે, પોતાના ઘરમાં (કે ઝનાનાના) ના વિશ્વાસુ માણસો દગો કરે ત્હેને ક્ષમા કરવી, એ વાત અક્કલ, ધર્મ, કે ડહાપણની રીતે જોતાં ધિક્કારવા લાયક છે, અને તેવા માણસને સારા માણસો માન આપતા નથી. જ્યારે ક્રોધ શૂન્ય તથા સખ્તી વગરનો કોપ દેખાડે ત્યારે સમજુ માણસે વિચાર કરી જોવો જોઇએ અહિં કોપ બતાવવા જેવું છે કે ક્ષમા કરવા જેવું છે, એ વિચાર કર્યા પછી જેમ મુનાસબ હોય તેમ કરવું.

ગુસ્સોને ક્ષમા એ પોતપોતાની લાયક જગાએ બહુ સારાં છે.

તેથી જ્યાં ફુલ થવા જેવું હોય ત્યાં ફુલ અને જ્યાં કાંટા જેવું હોય ત્યાં કાંટા થવું.

પ્રકરણ ૧૮ મું.

સારા સ્વભાવ અને નરમાશ વિષે.

સારો સ્વભાવ એટલે સૌને પસંદ પડે તેવી ટેવ, અને નરમાશ એટલે નરમ સ્વભાવ કે જેથી લોકોનાં મન વશ થાય. નરમાશ જોડે સલાહ સંપ રાખવો તે પહેલો ગુણ, અને સભ્યતા તથા મુલાયમતા જોડે એકડા રહેવું તે બીજો ગુણ. સારો સ્વભાવ એ સરસમાં સરસ બક્ષિશ અને ઉત્તમમાં ઉત્તમ સદ્ગુણ છે. જ્યારે પરમેશ્વરે આસ્થાને સરજાવી ત્યારે આસ્થાએ કહ્યુ કે પ્રભુ મ્હને જોરાવર બનાવ, મહાન પ્રભુએ તેને સારી આદત અને સખાવતના ગુણ આપી સામર્થ્યવાન બનાવી. પછી જ્યારે અનાસ્થા—નાસ્તિકતા ને સરજાવી ત્યારે તેણે પણ સામર્થ્ય માગ્યું, પવિત્ર પ્રભુએ તેને ખરાબ સ્વભાવ તથા કંજુસાઇનું જોર આપ્યું. હુઝરત મહમ્મદની દંતકથામાં કહેલું છે કે, ખરાબ સ્વભાવનો અને કંજુસ માણસ કોઈ દહાડો સ્વર્ગમાં પેસી શકશે નહિ.

હું આખી દુનિયા શોધી વળ્યો પણ, સારો સ્વભાવ એ સિવાય બીજું કાંઈ પણ માણસાઇમાં સારૂં જોયું નહિ.

એક દીવસ પ્રભુના આત્મારૂપ હુઝરત ઇસા રસ્તેથી જતા હતા, તેમને એક બેવકૂફ શખ્સ મળ્યો અને હુઝરત ઇસાને કાંઇવાત તેણે પૂછી, એમણે ખૂશ મિઝાજ અને નરમાશથી ત્હેનો જવાબ આપ્યો. પણ પેલાને તે કાંઈ ઠીક પડયું નહિ ને તેથી તેણે ઝઘડો કરવા અને પોતાની બેવકૂફાઈ દેખાડવા માંડી. તે એટલે સુધી કે તેણે ગાળો દેવા દીધી. હુઝરતે તેનાં વખાણ કરવા માંડ્યાં અને જેમ જેમ પે-

લાનું તોફાન વધતું ગયું તેમ તેમ પોતે વધારે નરમાશ પકડતા ગયા, એક ભલો માણુસ ત્યાં આવી પહોંચ્યો અને કહ્યું, અરે રુહલ્લા (પ્રભુના આત્મા) તમે શામાટે આ માણુસથી નીચા પડો છો? જેમ જેમ તે વધારે ગુસ્સો બતાવે છે તેમ તેમ તમે વધારે નરમ બનતા જાઓ છો. અને તમારા ઉપર જેમ જેમ જફા પડતી જાય છે તેમ તેમ તમે વધારે મેહેરને માયાળુપણું બતાવો છો. ઈસાએ કહ્યું કે, એ વાત પેલી કહેવત જેવી છે કે 'વાસણુમાં જે હોય તે બહાર ટપકે.'

ત્હેનામાં જે ગુણુ છે તે તે બતાવે છે મ્હારામાં જે ગુણુ છે તે પ્રમાણે હું ચાલુંછું કૂજામાં જે હોય તેજ બહાર ટપકે. મ્હને કાંઇ એની ચાલથી ગુસ્સો આવતો નથી. પણુ મ્હારી વર્તણૂકથી એ સભ્યતા શીખશે; હું એના શબ્દો સાંભળી મૂર્ખ નહિ બનું, એ મ્હારો સ્વભાવ તથા ટેવ જોઇ અક્કલમંદ બનશે.

હું કાંઈ એના કામને લીધે ગુસ્સે થવાનો નથી.
ઉલટો તે મ્હારી પાસ સારી વર્તણૂક શિખશે,
હું માત્ર મ્હારા શ્વાસવડે ફુંકુંછું તો મરેલામાં જીવ આવે છે;
પણુ પરમેશ્વરે મ્હારામાં એવો ગુણુ મૂક્યો ત્યારે હું તેવો થયો,
ઇસાનો સદગુણુ એ તેનો સારો સ્વભાવ હતો.
ખરાબ ગુણુ એ અણુધાર્યા મોત જેવો છે.

ડાહ્યા પુરૂષો કહી ગયા છે કે સારા સ્વભાવની દશ નિશાનીઓ છે. પહેલી–સારા કામમાં લોકો જોડે અણુબનાવ ન કરવો બીજી–પોતાના અંતઃકરણુપૂર્વક ઈનિસાફ કરવો. ત્રીજી–કોઇની ખા-

બીઓ શોધવી નહિ. ચોથી-જો કોઈની કાંઇ ભૂલ થાય તોપણ તેમાં કાંઇ સારાપણાનો અંશ હશે કાંઇ સારાનેજ માટે હશે, એમ વિચારવું, પાંચમી—જ્યારે ગુન્હેગાર માફી ચ્હાય ત્યારે આપવી. છઠ્ઠી—ગરીબ માણસોની હાજત પૂરી પાડવી. સાતમી—કોઇને બદલે આપણે દુ:ખ ખમી લેવું. આઠમી—આપણી પોતાની ભૂલ જોતા રહેવી. નવમી-લોકો જોડે ખૂશ મિઝાજ રાખવો. દશમી—લોકો જોડે હસી વાતચીત કરવી.

આખી દુનિયાના લોકો જોડે પસંદ પડે એવો સારો સ્વભાવ રાખવો.

કારણ ઉંચે આવેલા સ્વર્ગમાં જવાનો ત્યાંથીજ રસ્તો છે.

એજ વિષયને માટે નીચેની સુંદર કવિતા લખાએલી છે.

છુટાપણાની તથા ખુશમિઝાજની દુનિયા બહુજ આનંદદાયક છે.

જો ત્હારે સ્વર્ગમાંજ જવું હોયતો એજ મકાનમાં પેસ.

નરમાશ એટલે સલાહ સંપને સભ્યતા મહમ્મદની દંતકથામાં એવું કહેલું છે કે, કોઇ એવી ચીજ નથી કે જેની જોડે નરમાશ જોડાયલી હોવા છતાં તેને શોભાવે નહિ, પરંતુ કુસંપ એવી ચીજ છે કે જેની જોડે તે જોડાય છે તેનો નાશ કરેછે, અને ત્હેને બગાડે છે. મહાન પ્રભુએ પોતાના પ્રિયપેગંબરનાં પણ આજ ગુણને માટે વખાણ કર્યાં છે, 'પછી પ્રભુની દયાથીજ તે નરમ થયો'.

સખત શબ્દોથી કુસંપ થાય છે, અને નરમાશ તથા મુલાયમત તે મિત્રતા તથા એકત્રતાનું કારણ છે.

મીઠી જીભ, મેહેરબાની અને સામાને ખૂશ કરવાથી,

હાથી સરખાને એક નીમાળાથી દોરી શકાય છે.

અર્દશીર બાબકે પાદશાહી તખ્તને ડહાપણુંના શણગારથી શોભાવ્યું હતુ, તેણે પોતાના શાહજાદાને પુષ્કળ કીમતનાં કપડાં પહેરેલો જોઇ કહ્યું કે, મ્હારાપુત્ર, રાજાઓએ તો એવાં કપડાં પહેરવાં જોઇએ કે જે કોઈ ખજાનામાં હોય નહિ, અને તેનાં જેવાં બીજો કોઈ પહેરી શકે નહિ. દાખલા તરીકે આ કપડાં તેં પહેર્યાં છે તે જ્યાં જોઇએ ત્યાં મળી શકે છે. અને જે ધારે તે પહેરી શકે. તેમ છે. છોકરાએ પૂછ્યું; તમે કહોછો તેવી જાતનાં કપડાંની ઉત્પત્તિ કેવી રીતની છે ? અર્દશીરે કહ્યું કે તેના વણાટમાં ઉભા તાર સારા સ્વભાવ અને સારા કામ કરવાની ટેવના અને આડા તાંતણા|સલાહ સંપવૃત્તિ અને ધૈર્યતાના બનેલા છે. જો કોઈ આ શબ્દો ધ્યાન પૂર્વક વાંચે તો ત્હેને લાગશે કે સર્વે સદ્‌ગુણો એમાં ભેગા થએલા છે.

પાદશાહો અને રાજાઓએ,
પરમેશ્વરે સરજેલા સર્વ પ્રાણી જોડે
દરેક વખતે ખૂશ મિઝાજથી કામ કરવું સારૂં છે,
અને તેમની જોડે દરેક સમયે સંપ રાખવો એ ઠીક છે.

ફેરેદૂનને કોઇએ પૂછ્યું કે ચાકરોને શી રીતે હાથમાં રાખી શકાય ? તેણે કહ્યું, નરમાશ ને ભલાઇથી. ફરી પૂછ્યું, આપણાપર મુશ્કેલી આવી પડે તેમાંથી કેમ છૂટા થવાય ? તેણે કહ્યું, મુલાયમત પણાથી અને બીજા જોડે બનાવ રાખવો એવી વૃત્તિથી.

વળી આ બાબતને સારૂ કહ્યું છે કે,

જે કામ બહુ મુશ્કેલ હોય તે.
નરમાશ અને સભ્યતાથી થઇ શકે છે.

નરમાશથી એવું સરસ કામ થાય છ,
કે તલવાર કે બાલાથી પણ તેવું થતું નથી.

જમશેદ પાદશાહે પોતાના વજીરને પૂછ્યું કે બધા સદ્દગુણોમાં થી કયો સદ્ગુણ રાજાઓમાં હોવાની બહુ જરૂર છે? તેણે કહ્યું. નરમાશ, સારો સ્વભાવ ને ભલાઇ, કારણ આ ગુણોને લીધેજ રૈયત પાદશાહના શ્રેયની દુઆ માગે છે, અને તેથી કરીનેજ સિપાઇઓ પોતાના રાજાને ખૂશ રાખવા માગે છે. રૈયતની દુઆ અને સિપાઇઓની રાજી ખૂશીથીજ રાજનું કામ નિયમીત રીતે ચાલ્યું જાયછે. વળી નરમાશ રાખવાથી ગુન્હેગારને એવી સરસ રીતે ઠપકો દેવાય છે કે સખ્તાઇથી તેમાંનું કાંઇજ વળે નહિ.

એવું કહેવાય છે કે, કે નરમાશ અને ભલાઇના ગુણવાળા એક પાદશાહે પોતાના રસોઇઆને કહ્યું કે મ્હારે સારૂં ફલાણી જાતની રસોઇ બનાવ. પોતે તેને માટે મહેનત પણ ઘણી લઇ ફિકર રાખી હતી. રસોઇઆએ તે રસોઇ બનાવી જમવાની બીજી વસ્તુઓ જોડે તે પણ પીરસી. પોતે જે રસોઇ ખાસ કરાવી હતી તેના ઉપર સુલતાને નજર નાંખી તો તેમાં એક માખી પડેલી જોઇ પોતે તે ઉચકી બહાર ફેંકી દીધી. પછી જેવો તેનો કોળીઓ મ્હોંમાં મૂકવા જતો હતો તેવીજ એક બીજી માંખી જોઇ. તે કાઢી નાંખી. બીજો કોળીઓ ભરવા ગયો તો તેમાં પણ એજ પ્રમાણે માખી પડેલી દીઠી. તેથી પોતે તે વસ્તુ ખાવાની રહેવા દઇ, બીજીનો આહાર કર્યો. જ્યારે જમી રહ્યા પછી વાસણ લઇ ગયા ત્યારે પોતે રસોઇઆને બોલાવ્યો ને કહ્યું કે ત્હેં જે પેલી રસોઇ બનાવી હતી તે બહુ સ્વાદદાર હતી, તેથી આવતી કાલે પણ તેજ પાછી બનાવજે;

પણ શરત એટલી કે તેમાં બહુ માખીઓ ન હોય. આ જોઇ ત્યાં હાઝર હતા તેમને બહુજ આશ્ચર્ય લાગ્યું કે રસોઇઆને કેવી સરસ રીતે પાદશાહે શરમાવી નાંખ્યો અને તે વળી વગર સપાઇએ.

જ્યારે ગુન્હાના બદલમાં (સજાને બદલે) કોઇ માણુસ મહેરબાની પામે છે.

ત્યારે તે શરમાઇ જાય છે ને એ શરમ વૃત્તિજ (તેની સજાને માટે) બસ છે.

પ્રકરણ ૧૯ મું.

દયા અને રહેમ વિશે.

મ્હોટી પદવીવાળા સુલતાનો તથા ઉંચા વર્ગમાં ગણાતા એવા મહાન પાદશાહોએ સઘળી રૈયતપર દયાભાવ અને સર્વ લોકોપર રહેમનઝર રાખવી જરૂરની છે. કારણ તેમના હાથ તળેના માણુસો રૈયત એ તો પરમેશ્વરે સત્તાવાન અને બળવાન પુરૂષોના કબજામાં સોંપેલી એક અનામત ચીજ જેવા છે, ને તેથી તેમણે તેમનાપર નજર રાખી ગરીબ માણુસો અને દર્વેશોની સ્થિતિ સુધારી તેમને નિશ્ચિંત બનાવવા તથા સુખની નજદીક આણવા જોઇએ, અને હૃદયભગ્ન માણુસોની સંભાળ રાખી તેમનાપર દયાવૃત્તિ બતાવી જબરદસ્ત જુલમી પુરૂષોની હુમલારૂપી બલાઓથી તેમને છુટા અને બે ફિકર બનાવવા જોઇએ. પરમેશ્વર તરફની દયાની ઉમ્મેદની ખાતરજ પાદશાહોએ ગરીબની આમ માણુસોપર રહેમ રાખવી જોઇએ. પ્રભુએ કહ્યું છે, 'જો તું દયા કરશે તો ત્હારા ઉપર રહેમ નઝર થશે.

અને પોતાના રાજ્યરૂપી ગાલને તેમણે 'પરમેશ્વરની સરજાવેલી સૃષ્ટિપર દયા' રાખવા રૂપી સુંદર તલથી શણગારવો જોઇએ.

જેણે દયાનો ઝુંડો ઉંચકયો;
તેણે પોતાનું તથા લોકોનું કામ પાર ઉતાર્યું (સમજવું).
જે દયાને લીધે શ્રેષ્ઠ થયો.
તેનાપર નસીબની આંખો પણ ખુલી ગઇ (સમઝવી).

પેલી દુનીઆનું સુખ અથવા આ દુનિયાની સલામતી, દયાવૃત્તિ અને રહેમ નઝરપર આધાર રાખે છે. એવું કહેવાય છે કે સુલતાન મહમૂદનો પિતા સબક્તગીન જ્યારે પોતાની જીંદગીની શરૂઆતમાં સમજૂરનો નોકર હતો ત્યારે ત્હેની પાસે એક ઘોડો સરખો પણ હતો નહિ, અને પોતાના દહાડા બહુ મુસ્કેલીથી તે કાઢતો હતો. દરરોજ શિકાર કરવાના ઇરાદાથી તે જંગલમાં જતો, ને જો કાંઇ શિકાર મળતો હતો તેના ઉપર પોતાનો નિર્વાહ ચલાવતો હતો. એક દિવસ એક હરણીને પોતાના બચ્ચાં સાથે જંગલમાં તેણે ચરતી જોઇ. સબકતગીને ઘોડો દોડાવ્યો તેથી ચમકીને હરણી ન્હાસી ગઇ, પણ ત્હેનું બચ્ચું ન્હાનું હતું તેથી તે પોતાની મા બરાબર દોડી શક્યું નહિ, તેથી ત્હેને પોતે પકડી લીધું, ને ત્હેના ચારે પગ બાંધી જીન સાથે બાંધી લીધું, ને પોતે શહેર તરફ ચાલવા માંડયું. હરણી પોતાના બચ્ચાને કેદ પડેલું જોઇ પાછી ફરી, અને ઘોડાની પાછળ બૂમ પાડતી પાડતી દોડવા લાગી. તેનું કલ્પાંત જોઇ સબકતગીનને રહેમ આવી, ને બચ્ચાના પગ બાંધેલા હતા તે છૂટા કરી તેને જંગલ તરફ છોડી દીધું. તેની મા આવી પહોંચી ને બચ્ચાંને પોતાના પાસામાં લઇ આકાશ તરફ મ્હોં ફેરવી પોતાના અંતઃકર-

ણુમાંથી સબકતગીનને સારૂ દુઆ માગી.

તું (પ્રભુ) એવો છે કે ભાષા વગરના પ્રાણીઓની ભાષા પણ તું જાણે છે.

સબકતગીન તે દીવસે ખાલી હાથે પાછો ફર્યો. રાત્રે હઝરત રસૂલે તેને સ્વપ્નમાં દેખા દીધી અને કહ્યું કે, સબકતગીન, જે દયા ને રહેમ આજે ત્હેં કરી છે, અને બચારા વાચાવિનાના પ્રાણીની તરફ જે મ્હોટું મન અને માયાળુપણું ત્હેં બતાવ્યું છે, તેના બદલામાં પ્રભુ પાસે ત્હને સંપૂર્ણ સાનિધ્ય મળ્યું છે, અને હું પણ ત્હારાપર ખુશ થયોછું, ને પવિત્ર પરમેશ્વરે ત્હને રાજ્ય બક્ષ્યું છે, તેથી તુ પ્રભુના સેવકો (ત્હારી રૈયત) પર પણ એવીજ કૃપા રાખતો રહેજે, અને ત્હારા હાથ તળેના લોકોપર રહેમ રાખવા ચૂકતો નહિ. આ ઉપરથી એક વિચારવંત માણસે કહ્યું છે કે પશુ ઉપર દયા કરવાથી જ્યારે આ નાશવંત દુનિયાની પાદશાહીની ત્હેને બક્ષિસ મળી ત્યારે માણુસ જાત ઉપર દયાભાવ રાખવાના બદલામાં જ્યાંનો રાજ્યાધિકાર અમર રહે તેવા દેશની પાદશાહી મળે તો ત્હેમાં શું આશ્ચર્ય ને નવાઈ !

રૈયતની સંભાળ રાખવાનું કદી ચૂકવું નહિ.
રૈયતનું કામ સંભાળ વૃત્તિનેજ સોંપવું જોઇએ.
જેમનાં હૃદય પીડિત હોય ત્હેમના પર કૃપા રાખ,

તેઓ તો ત્હારી સખાવત અને મહેરબાની પરજ મન કરી બેઠાછે.

ડાહ્યા પુરૂષો કહી ગયા છે, કે સુલતાનના દયાભાવની એક એ નિશાની છે કે તે જાણે બાપ છોકરાં ને ચહાય તેમ તે પોતાની રૈયતને ચહાય છે. જે વાત પોતાને ગમે નહિ તે તેમને પણ ગમે

નહિ એવો વિચાર કરે છે, ને તેથી તેવું કરતો નથી. આથી કરીને તેઓ વખત આવે પોતાનો જાન માલ આપવા આનાકાની કરતા નથી, અને પોતાનાં સર્વસ્વનો ત્હેને માટે ભોગ આપે છે, ત્હેના લાંબા આયુષ તથા ત્હેના મુલકની આબાદીને સારૂ પોતાનાથી બનતો પ્રયત્ન કરે છે. જેમ જેમ ત્હેની પોતાની રૈયત પ્રત્યે વધારે રહેમ નઝર તેમ તેમ પવિત્ર પરમેશ્વરની ત્હેના ઉપર વધારે વધારે કૃપા થતી જાય છે.

જો તું ક્ષમા કરશે તો ત્હને પણ ક્ષમા મળશે,
ત્હારે માટે (પ્રભુનું) અદશ્ય બારણું પણ ઉઘડશે.
જો પરમેશ્વરની રહેમ નઝર મેળવવાની ઇચ્છા હોય,
તો તું પણ બીજાઓ પર રહેમ નઝર રાખ.

અર્દશીર બાબક પોતાના ફરજંદને શિખામણ આપતો કે, એવો યત્ન કરવો કે સમાન દયાભાવ તથા પુષ્કળ કૃપા દૃષ્ટિ રાખી રૈયતને રૈયતની પાયરીએથી ચઢાવી મિત્ર બનાવાય. તેથી તેમનાં મન ઉપર ત્હારી માલકી થશે, અને એતો નક્કી છે, કે બીજી બધી ચીજો મનને તાબે છે એટલે જો મન હાથમાં આવ્યું તો બીજું બધું આવતાં વાર નહિ લાગે.

એક ફિલસૂફને કોઇએ પૂછ્યું કે પાદશાહને માટે સર્વોત્તમ શિકાર કયો છે? તેણે કહ્યું, રૈયતનાં મનનો શિકાર કરવો એજ સર્વોત્તમ છે. કારણ ત્હેમનાં મન જ્યારે ત્હેમની (પાદશાહની) તરફ વળે છે ત્યારે પછી બીજી બધી ચીજો ત્હેની પાછળ ઘસડાય છે. તેમજ જ્યારે પાદશાહને માટે મિત્રભાવ રૈયતના દિલમાં સ્થપાય છે, ત્યારે પછી કાંઇપણ બાબતમાં તેઓ તેની જોડે કશું ઉણું રાખતા નથી.

જો ખરેખરૂ રાજ જોઇતુ હોય તો, મન મેળવી સેવાનો પ્રયત્ન કર, ત્હારી પાસ પછી લશ્કર નહિ હોય તોપણ ત્હારો મુલક સલામત રહેશે.

દયાભાવનો એક પ્રકાર એવો પણ છે કે યથાશક્તિ રૈયતને ખેતીવાડી તથા બીજાં આબાદીનાં સાધનો પ્રાપ્ત કરવાનો લોભ લગાડવો, અને નહેરો ખોદવામાં તથા ઝરા વગેરે કરવામાં તેમને મદદ કરવી.

એવું કહેવાય છે કે નોશીરવાને પોતાના એક અમલદાર ઉપર કાગળ લખ્યો કે જો ત્હારા તાબાની જમીનમાં એક પણ કિતો વગર ખેડાએલો રહેશે તો તને શૂળીએ ચઢાવીશ. આની અંદર શિખામણ એટલી છે કે પાદશાહનો લાભ મહેસૂલમાં સમાયલો છે, અને જ્યારે મુલક આબાદ હોય ત્યારે ઉપજ સારી આવે; અને ખેતી સારી હોય તો જ ઉપજ સારી આવે, અને જો રૈયતને જોઇતી સગવડ ન કરી આપે ને ત્હેના પર દયા બતાવે નહિ તો ખેતી થાય નહિ.

મુલક આબાદ જોઇતો હોય તો રૈયતને પણ આબાદ રાખ,
અને તેમના માથાપરથી જુલમી પુરૂષોની આફતોને દૂર રાખ.

સુલતાન અબૂસઇદ ખુદાબંદેના જમાનામાં તેના ઉમરાવો રૈયત પાસે બહુ કર માગતાને તેમનો માલ જોર જુલમથી ખૂચવી લેતા. એક દિવસે સુલતા ને ત્હેમને કહ્યું, હુ અત્યાર સુધી રૈયતનો પક્ષ લેતો હતો, પણ આજથી એ વિચાર છોડી દઉં છું, જો તમને ઠીક લાગતું હોયતો ચાલો, તેમનો બધો માલ તેમની પાસેથી આપણે લૂંટી લઇએ ને તેમની કાંઇ પણ મતા તેમના હાથમાં રહેવા ન દઇએ.

શરત એટલી કે હવે પછી મ્હારી પાસે તમારા પોષણાર્થે પગાર કે કાંઇ બીજું તમારે માંગવું નહિ. જો તમારામાંથી કોઇ તેવા પ્રકારની માગણી ત્યાર પછી કરશે તો હું ત્હેને સજા કરીશ. ઉમરાવો કહે હમે પગાર વગર જીવીએ શી રીતે? ને તમારી ચાકરી શા આધારપર ઉઠાવીએ? ત્યારે સુલતાને કહ્યું, મ્હારાને તમારા બધાના વ્યવહારનો આધાર રૈયતની મહેનતપર છે. તેમજ તેમની ખેતીવાડી તેમની કારીગરી અને તેમના વેપાર ઉપર આપણે રહેવાનું છે. પછી જો તેમનેજ લૂંટી લઇએ તો એ બધાની આશા કોના તરફથી રાખવી? તમેજ વિચાર કરો બળદોને બીઆ આપણે એમની પાસથી પડાવી લઇએ, ને તેમનો દાણો ખાઇ જઇએ તો પછી વગર કહેજ તેમને ખેતી છોડી દેવાની જરૂર પડશે. ને તેઓ ખેતી છોડી દે, ને કાંઇ ઉપજ આવે નહિ તો તમે શું ખાશો? ઉમરાવો એ જયારે આ વાત સાંભળી ત્યારે પછી રૈયતને સુખી રાખવા પ્રયત્ન કરવા માંડયો.

ઓછું વત્તુ ન બોલે એવા મહાન પુરૂષો પાસેથી મ્હે સાંભળ્યું છે.

કે સુલતાનોને તો ખજાના કરતાં રૈયત વધારે કીમતી છે.
જો ખજાનામાંથી ખરચ થાયતો કોઇ દહાડો પણ તે ખૂટે.
પણ રૈયત પાસથી દરેક પળે નવી નવી ઉપજ આવીજ જાયછે.

બીજી જાતનો દયા ભાવ એ છે કે હમેશ પોતાની રૈયતને મળવા ખુલ્લો દરબાર ભરવો, દરેક ફરીયાદીની ફરીયાદને પોતે જાતે તપાસ કરવી તેથી દરેક માણસો જાતેજ તેને પોતાનું દુઃખ કહી શકે છે. ને તેના સ્થિતિ કેવી છે તે વિશે જાણવાની તેને પોતાનેજ તક મળે છે ને દરવાન તથા દરવાજે ઉભા રહેનારા રખેવાળો પોતાનો

સ્વાર્થ સાધવા તથા પોતાનો લોભ પૂરોપાડવા પછી બીજાઓપર હુકમ કરી (તેમને હાંકી કાઢી) શકતા નથી.

એવું કહેવાય છે કે મક્કાને મદીનાના પવિત્ર શહેરના પટેલોએ નાસરખલીફાને લખ્યું કે તું ખલીફ્પદને લાયક નથી તથા પાદશાહી તને શોભતી નથી. કારણ ત્હારા અમલદારોને હાથ તળેના માણુસો લોકોને દુઃખ દેછે, ને તેમનાપર જાત જાતનો જુલમ ગુજારે છે. ખલીફે લખ્યું કે તમે કહોછો ત્હેની મ્હને કાંઇજ ખબર નથી. તેઓએ ફરી લખ્યું કે, આ બ્હાનું જે તું બતાવે છે તે તો ત્હારી ભૂલ થઇ છે ત્હેના કરતાં વધારે ખરાબ છે. ડાહ્યા માણુસો કહી ગયા છે કે જેનો જવાબ ત્હારે આપવો ઘટે તે બીજાને માથે ન નાંખ. રૈયતના સંબંધી કારોબાર ત્હેં ત્હારે માથે લીધો છે. અને તેથી ત્હેને વિશે ત્હેને પૂછવામાં આવે ત્યારે જવાબ આપવાને તું બંધાએલો છે. ને તેથી ત્હારૂં અજ્ઞાનને ત્હારી એ બાબતની ગફલતી ત્હને શું કામ આવશે? એ ત્હારૂં બ્હાનું કોણ સાંભળશે? ને કોણ કબૂલ કરશે. સારા સારને જુદું પાડનાર મહાનપુરૂષ જે ઉમર ખલીફ તેણે કહ્યું છે કે જે મુલક મ્હને સોંપ્યા હોય તેમાં એક પુલ સરખો પણ ભાંગી ગયો હોય ને ત્હેનાપર થઇ આખું ઘેટાનું ટોળું ચાલ્યું જતું હોય તેમાંથી એક ઘેટાનો એક પગ કોઈ ફાટમાં ભરાઇ ત્હેને ઇજા થાય તેને સારૂ આખરને દિવસે મ્હારી પાસથી જવાબ મંગાશે, ને મ્હારે તેનો ઉત્તર પણ આપવો પડશે. જે કોઇ પાદશાહની પદવી કબુલ કરે છે, ને પોતાની સત્તારૂપી પગ હકૂમતના તખ્તપર મૂકે છે, ત્હેણે ત્હેને લગતા બધા હુકમો બજાવવા જોઇએ અને તેના સંબધી રૈયત પ્રત્યે જે જે વર્ત્તણુક કે ચાલ ચ-

લણુ ચલાવવાની હોય તે તે દયાભાવ, રહેમનઝરને શુભેચ્છાથી ચલાવવી જોઇએ.

હકૂમતના ઉંચા તખ્તપર બીરાજવું સ્હેલું નથી.

એ ઠેકાણે તો બહુ સાવધ રહેવું પડે છે.

દુ:ખી ગરીબ પુરૂષની ઇચ્છા પુરી પાડવી જોઇએ.

તેમજ પીડા પામેલા નિર્બળ માણુસોપર દયા રાખવી જોઇએ.

પ્રકરણ ૨૦ મું.

ખેરાત અને ભલાં કામો કરવા વિશે.

ખેરાતના કાનૂનો પ્રમાણે ચાલવાની ને ભલા કામોની ઇમારતનો પાયો નાંખવાનો જુમ્મો દરેક મોટા માણુસને શિર છે. કારણુ આ દુનીઆમાં આપણી હયાતી પૂરી થયા પછી જે કામોની અસર તે કામના કરનારના આત્માને પહોંચે છે તે હમેશ રહે એવી જાતની ખેરાત છે. જેવી કે મસજીદો, પ્રાર્થના કરવાની જગાઓ, નિશાળો. સાધુ સંતને સારૂ મઠો, ધર્મશાળાઓ, તળાવો, પુલ અને એવીજ જાતનાં બીજાં મકાનો, આવા શુભ કામને સારૂ બાંધેલાં મકાનોની જ્યાં સુધી નિશાની પણુ કાયમ રહેલ છે, ત્યાં સુધી તેમના દ્વારમાંથી આશિર્વાદરૂપી બક્ષિશ તેમના સ્થાપનારાઓના આત્મા તરફ ચાલી આવે છે.

જે કોઇ ભલું કામ કરી પેલી દુનિયામાં જાય છે,

તેના આત્માને દરેક પળે નવો નવો આશિર્વાદ મળે છે.

દરેક અકલમંદ પુરુષ જેણે પશ્ચાત્તાપ રૂપી તેજ આપી ગફ્લતરૂપી કાટ પોતાના હૃદયની આરસીમાંથી કાઢી નાંખ્યો છે, તેને તો ખબરજ છે કે આ દુનિયાની મ્હોટાઇ, માલ, મતા વગેરેનો અંતે નાશ થવાનો છે, ને તે આપણું નથી. અને વિચાર કરતાં જણાશે કે આ નાશવંત મકાનમાં આવનારાઓ અને તેમાંથી જનારાઓનાં નામ અને યાદગારી એ સિવાય બીજું કાંઇ પાછળ રહેવાનું નથી. જુદા જુદા રાજ કરનારા વંશો, ઉમરાવો, દરબારીઓ, તવંગર માણસો વગેરે જે મ્હોટી ઇમારતો ને ઉંચાં મકાનો બાંધી ગયા છે, ત્હેની નિશાની જમાનારૂપી દફતરમાં અને રાત દિવસના સમયરૂપી પાનાઓપર કોતરાએલી અને લખાએલી છે, અને તેમનું નામ દરેક અકલમંદ પુરુષ કે ઇતિહાસ કે બલકે દુનિયાના ન્હાના મ્હોટા બધાઓ પાસે જાણીતુ અને મશહૂર થઇ ગયું છે.

આ અસ્થિર દુનિયા કાંઇ હમેશ સુધી ટકવાની નથી,
ત્યારે સારૂં નામ હમેશ સુધી યાદ રહે તે બહુજ સારૂં.

તેમાં ખાસ કરીને સારાં કામને સારૂ નાંખેલા પાયાની અસર જમાનાની પાટીપરથી કોઈ દહાડો ભૂસાઇ જતી નથી. અને આપણા પહેલાં થઇ જનારાઓએ બનાવેલાં શુભ કામને સારૂના મકાનોને લગતો ઇતિહાસ એકને મ્હોડેથી બીજાને ને બીજા પાસેથી ત્રીજાને એ પ્રમાણે પરંપરા ને નિરંતર તેમની પછી થનારાઓને કાને આવે છે. 'ખરેખરી હમારી નિશાનીઓજ હમને બતાવી આપે છે.' (હમારા કામની અસરથી હમે ઓળખાઇએ છીએ).

કસરા (નોશીરવાન) તો ન રહ્યો, પણ તેના મ્હેલની વાતો હજુ થાય છે.

નામાન ચાલ્યો ગયો, પણ તેના મ્હેર (ખુરનક) ને હજુ સૌ સંભારે છે.

મ્હોટા માણુસો કહી ગયા છે કે જ્યારે પ્રભુની મહેરને મદદ રૂપી હોમાપક્ષી 'અને હમારી પાસે ઘણું છે' એ ઈશ્વરી વચનના માળામાંથી પોતાનો શુભ છાંયડો કોઇ પાદશાહના માથાપર કરે અને પરમેશ્વરની બક્ષિસ રૂપી ઉંચે ઉડતું બાજપક્ષી અનંત ઔદાર્યના મેદાનમાંથી સુખદાયક રીતે ઉડી આવી કોઇ નસીબવાન પુરૂષના હાથપર બેસી આરામ લે છે, ત્યારે તે વખતને લાયક તો એજ છે કે પોતે 'જો નેકી કરશો તો તમે પોતે નેકી પામશો' એ વાક્ય ધ્યાનમાં રાખી તેને અનુસરવું. અને છેલ્લી સફરને સારૂ ખેરાત તથા ભલાઇનાં કામ કરી, તથા નેકી પાછળ જે રહે તે એટલે સૌને સમાન ગણી કરેલું દાન તથા ઉપર કહેલી લાંબો વખત ટકનારી ખેરાતો કરી, ત્હેનું ભાથું છેલ્લી સફરનું તૈયાર કરી લેવું જોઇએ. આથી કરી ત્હેની બક્ષિસોની વાસ બંને ત્હેની ભલાઇને માટે ઉપકારની વૃત્તિ પૃથ્વીના દરેક છેડે ને દરેક ખુણામાં પથરાઇ જશે, અને દર વખતે હરેક માણુસના મ્હોડામાં ત્હેનાં વખાણ ને પ્રશંસા જારી રહેશે.

આ ભૂરી છત (આકાશમાં) ઉપર સોનેરી અક્ષરે લખેલું છે.

કે સારાં માણુસની ભલાઇ સિવાય અહિં બીજું કાંઇ રહેવાનું નથી.

દંતકથામાં એવું આવેલું છે કે જ્યારે માણુસ પોતાની આખરની મજલે પહોંચે છે ત્યારે ત્હેનાં બધાં કામ ત્હેનાથી છુટાં પડે છે, પણ માત્ર ત્રણુનાં એને કામ આવે છે. (૧) હમેશ જારી

રહે એવી ખેરાત, (૨) એવાં કામ કે જેનાથી દુનીઆને ફાયદો થયો હોય, (૩) અને સુપુત્રો કે જે હ્હેને માટે સારી દુઆ માગેછે. હમેશ જારી રહે એવી ખેરાત એટલે એવી જાતની જગાઓ કે જેથી માણુસોને લાભ થાય. જેવી કે, મસ્જીદ, પાઠશાળા, મઠો, પુલ, ધર્મશાળા, તળાવ, અને એવીજ જાતનાં બીજાં મકાનો. માટે પાદશાહીરૂપી મુલકના રખેવાળો તથા ખલીફપદની દરબારમાં ગાદીપર બીરાજનારાઓને એવુંજ શોભે છે કે તેમણે પોતાની કામ કરવાની શક્તિના કડીઆને સૌથી પહેલાં મસ્જેદો બનાવવા તથા પ્રભુની સેવા કરવાનાં સ્થાનકો સ્થાપવા રોકવા જોઇએ, કારણ એ કામની શ્રેષ્ટતા માટેજ કોરાનમાં આયત આવેલી છે કે 'જો પરમેશ્વરપર આસ્થા રાખતો ન હોય તો તે અલ્લાની મસ્જીદ બનાવેજ નહિ.

દંતકથામાં કહેલું છે કે જે પરમેશ્વરની ભક્તિ માટે આ દુનિયામાં મસ્જીદ બનાવે છે તેને સારૂ પવિત્ર પ્રભુ બહેશ્તમાં ઘર તૈયાર રાખે છે. જુની મસ્જીદોને દુરસ્ત કરવાનો સવાબ પણ તેટલોજ છે. મસ્જીદ બાંધ્યા પછી પેશઇમામ (નિમાઝમાં સૌથી મોખરે ઉભો રહેનાર, જેના પ્રમાણે બીજાઓ નિમાજ પડે છે તે) તથા બાંગ પોકારનાર નક્કી કરવા જોઇએ. અને તેમના ઉદર પોષણાર્થ કાંઇ બાંધી આપવું જોઇએ જેથી કરીને નિશ્ચિંતે તેઓ પોતાનું કામ કરી શકે, અને નિર્વાહ માટે ફિકર ન હોવાથી પોતાનું કામ કરતા અટકે નહિ. બીજું, મ્હોટી પાઠશાળાઓ સ્થાપવી જોઇએ. અને જેઓ વિદ્યાનો ફાયદો આપી શકે તેવા શિક્ષકો, વિદ્વાનો તથા પંડિતો તેને માટે નીમવા જોઇએ, કે જેઓ ધર્મને લગતી બધી બાબતોનો ફેલાવો કરી શકે અને ત્હેનો આશીર્વાદ સૌને આપી શકે. વળી પ્રભુ

જોડે મિત્રતા રાખનાર શુદ્ધ મનવાળા અને શુદ્ધતાની જોડે જોડાઇ ઉચે આસને બેસનારા સૂફીઓ (સન્યાસીઓ) ને માટે ચોખ્ખા અને સાફ મઠ બાંધવા જોઇએ. એવાજ લોકોને માટે કોરાનમાં કહ્યું છે કે 'ખરેખરા પ્રભુના મિત્રોને કોઇ બાબતનો ભય નથી, તેમ તેઓ કોઇ રીતે દિલગીર થતા નથી.' આથી કરી સત્યને શોધનારા અને ધર્મના જીજ્ઞાસુઓ એવા મ્હોટા માણસોના શિક્ષણ રૂપી આશિષથી પોતાની મુરાદ તથા ઇચ્છા બર-લાવે, અને તેમની સ્થિતિ તથા હાલત તેજોમય થઇ બાહ્ય તથા અંતર બધી રીતનું તેઓ સુખ મેળવેછે. પાઠશાળાના ઉપરીઓ તથા મઠા-ધિપતિઓના નિર્વાહાર્થે પણ કાંઈ નીમી આપવું જોઇએ. જેથી કરીને વિદ્યાર્થીઓ વિદ્યા શિખવામાં અને દર્વેશો પોતાના રટણ તથા નિ-ત્યકર્મમાં પાછા પડે નહિ. બીજું. એવી રીતનાં અન્નક્ષેત્ર બનાવવાં જોઇએ કે જ્યાં ગરીબ અને કંગાળ માણસોને સાંજસવાર નક્કી કરેલા નિયમ પ્રમાણે રોટલી રોટલા તથા બીજો ખોરાક તૈયાર થઈ મળ્યો જાય. આ કામ કર્યાથી મનને નિશ્ચિંતતા તથા અંદરના આત્માને શુદ્ધતા મળે છે. આ સિવાય દવાખાનાં બાંધવાં જોઇએ. તેમાં માયાળુ સ્વભાવના હુશિઆર વૈદ્ય, તથા રોગીને સારા થવા માટે, ને સુખમાં રહેવા માટે, જે દવા, દારૂ, ખોરાક વગેરે જેની જેની જરૂર હોય તે ત્યાં પૂરાં પાડવાં જોઇએ. વળી મ્હોટાં મુસાફરખાનાં અને ધર્મ-શાળાઓ બાંધવાથી મ્હોટું ફળ મળેછે, ને તેનું બહુ સારૂં પરિણામ આવેછે. દુઃખી મુસાફરોને રહેવાનું ઠેકાણું ને થાકી ગએલા ગરીબ માણસોને ઉતરવાનું તે ધામ થઈ પડેછે. નદીઓ તથા ઝરાઓ જ્યાં જોરથી પાણી વહેતું હોય તેનાપર પુલ બાંધવાથી મુસાફરો તેના ઉપર થઇ સહેલથી આવજાવ કરેછે, માટે એ પણ બહુજ પસંદ કરવા લાયક

ઉપોગ છે. દંત કથામાં એવું આવેલું છે કે જે કોઈ મુસલમાનોને આવવા જવા સારૂ રસ્તામાં પુલ બાંધેછે તેને માટે પેલી દુનીઆના પુલપર ચાલવાનું મહાન્ પ્રભુ બહુજ સ્હેલું બનાવી દેછે. મ્હોટાં તળાવ બાંધવા તથા જે જગાએ પાણીની તાણ હોય ત્યાં ત્યાં અને રસ્તામાં બીજે પણ કુવા ખોદાવવાથી છેલ્લે દિવસે તરસની મોટી આફત આવી પડવાની છે તેમાંથી બચી જવાય છે.

એવું કહેવાય છે કે હુઝરત મહમ્મદના સોબતીમાંથી એકે કહ્યું કે, મ્હારી એવી ઇચ્છા છે કે મ્હારી માતાના આત્માના સાંત્વનાર્થે હું કાંઇ સારૂ કામ કરૂં અને કાંઈ દાન કરૂં. માટે શું કરવું તેને માટે તમારો શું હુકમ છે? હુઝરતે કહ્યું સૌથી સરસ ખેરાત પાણીની છે. ત્યારે તે માણસે કુવો ખોદાવ્યો ને તે કુવો મુસલમાનોને ભેટ આપ્યો અને ત્હેને અંગે જે સવાબ મળ્યો તે પોતાની માતાના આત્માને આપી દીધો. સાધુઓ જ્યાં દટાયા હોય તે સમાધિઓને દુરસ્ત કરાવવાથી તથા આશીશદાયક જાત્રાનાં ઠામનો જીર્ણોદ્ધાર કરવાથી ત્યાં આસાયશ લેનારા (દટાએલા) સંતોના પવિત્ર આત્માઓને દુરસ્ત કરાવનાર તથા ઉદ્ધાર કરનારની સ્થિતિને સુખી કરવામાં બહુ મદદગાર થઇ પડેછે. બધી ખેરાતમાં સૌથી સંપૂર્ણ એ છે કે ધર્મને સારૂ બનાવેલી જગા તથા શુભ કામને માટે બનાવેલા ઘરને અંગે જે ધર્માદા રકમો એકઠી થએલી હોય તે ખાઇ જનારા તથા તેનો દુરુપયોગ કરનારાઓના હાથમાંથી તે લઇ લઈ સારા, ધાર્મિક અને ઇમાનદાર માણસોને સોંપી દેવી, અને ધર્માદા કરનારની ઇચ્છા મુજબ જે લોકોને એ રકમમાંથી થતી ઉપજ વહેંચી આપવાની હોય તેવા લાયક અને પાત્ર માણસોને તેનું દાન કરવું, તથા તે ધર્માદા મકાન વગેરેને

લગતું કામ કાજ કરવાને શુદ્ધ મનનો, દયાનતદાર અને ભલો માણુસ નીમવો. અને તેનાપર પણુ બધો આધાર ન રાખતાં વખતો વખત ધર્માદા ફંડોને લગતો કારભાર તે કેમ ચલાવે છે તેની તપાસ રાખવી. આવા ધર્માદા કામમાં જરાપણુ ગફલતી કે સુસ્તી રાખવી સારી નથી. કારણુ ઉપર કહ્યા પ્રમાણે કામજારી રાખવાથી ધર્મને પુષ્ટિ મળેછે, અને જે માણુસ ધર્માદા કામ ધર્મમાં આપેલી આજ્ઞાઓ પ્રમાણે ચલાવે છે તે પેલી કહેવત પ્રમાણે, કે 'સારૂં કામ કરવાનું જે બતાવે છે તે પણુ સારાં કામ કરનાર જેવાજ છે.' ધર્માદા કરનારને પોતાને જે બદલો કે સવાબ મળેછે તેમાં ભાગીઓ થાય છે.

યા તો ભલું કર યાતો ભલાઇનો રસ્તો બતાવ,
તેથી પણુ તને સવાબ મળશે.

ખેરાતનો વિષય બહુ લાંબો થઈ ગયો છે, પણુ કહેવાનું એટલું છે કે હમેશ રહેનારી ખેરાતનો બદલો બેહદ છે.

એવું કહેવાય છે કે એક મ્હોટો માણુસ જેણે પોતાની હયાતી મૃત્યુને સોંપી દીધી હતી, અને આ ફાની દુનિયામાંથી માલમતા ઉઠાવી પેલી અનંત રહેતી સૃષ્ટિ તરફ કૂચ કરી ગયો હતો ત્હેને કોઇએ સ્વપ્નમાં જોયો, અને મૃત્યુ પછી તે કેવી હાલતમાં હતો તે વિશે ખબર પૂછી. ત્હેણે કહ્યું, મ્હારા મૃત્યુ પછી તરતજ થોડીક વાર તો સજાના સકંજામાં હું પીસાતો હતો, અને શિક્ષારૂપી ગીધના પંજામાં ચુંથાતો હતો. એટલામાં એકાએક પ્રભુની ઉદાર કચેરીમાંથી મ્હને છોડવાનો હુકમ આવ્યો, અને પવિત્ર પરમેશ્વરે મ્હારા બધા ગુન્હા માફ કર્યા છે એવી ખબર મળી. પેલા સવાલ કરનારે પૂછ્યું કે, ત્હને કાંઇપણુ ખબર છે કે ત્હારા પાપની શા

માટે તને ક્ષમા મળી, અને ત્હેને લીધે ત્હારો છુટકો થયો? તેણે જવાબ આપ્યો હા, એઃ જંગલમાં મ્હેં ધર્મશાળા બંધાવી હતી, ને ઉનાળાના તડકામાં એક દર્વેશ ત્હેના છાંયડા નીચે આવ્યો અને ત્યાં થોડીવાર તેણે આરામ લીધો. જ્યારે તેનો થાક ઉતરી ગયો ને ત્હેને રાહત મળી ત્યારે વિનંતિ પૂર્વક ત્હેણે દુઆ માગી અને કહ્યું કે, ઓ પ્રભુ, આ જગા સ્થાપનારને તું ક્ષમા કરજે. તરતજ ત્હેની દુઆરૂપી તીર સ્વિકારની નિશાની પર જઈ ચ્હોંટયું, ને મ્હારાં પાપની મ્હને ક્ષમા મળી, અને નરકના ખાડામાંથી હું સુખની વાડીમાં આવી પહોંચ્યો.

જેમ જેમ હું આ સંસારના વ્યવહાર ઝીણી નજરે તપાસું છું. તેમ તેમ મ્હને જણાય છે કે ભલાઇ એજ સાર કામછે, બાકી બીજું બધું નહિ જેવું છે.

પ્રકરણ ૨૧ મું.

ઉદારતા ને એહસાન વિશે.

ઉદારતા એ શુભ નામ મેળવવાનું સાધન છે, ને એહસાન એ સુખ તથા સંપત્તિ મળવાનું કારણ છે. આદમીઓ, તેમાં ખાસ કરીને ઉમદા તથા ઉંચા કૂળના આદમીઓને માટે ઉદારતા અને સખાવત કરતાં બીજો કોઇ બહેતર સદ્ગુણ નથી.

માણસ ઉમદા સખાવતથી કહેવાય છે, ને પ્રભુની આરાધના કરવાથી ઉંચ મનનો ગણાય છે.

જેનામાં આ બે ગુણ નથી હેનું મૃત્યુ હેની જીંદગી કરતાં બહેતર છે.

એવી દંતકથા ચાલે છે કે સખાવત એ સ્વર્ગમાં એક વૃક્ષછે, ખરૂં જોતાં એ એક એવો છોડ છે કે જે પવિત્ર પરમેશ્વરના રાજીપણાના ઝરા ઉપર ઉગ્યો છે, ને તેની ડાળીઓ ઉંચાઇમાં ઉંચામાં ઉંચા સ્વર્ગ સુધી પહોંચી ગઇ છે, હેની કળીઓ તે આ દુનિયામાં મળતું શુભનામ અને હેનાં ફળ તે પેલી દુનિયામાં મળતાં સુખ તથા આનંદ.

આ ઉદારતા એ સ્વર્ગમાંથી આવતી એક ડાળી છે,

અરે! અરે! જેણે કોઇએ હાથમાંથી એ છોડી દીધી હેને માટે બહુ શોચ કરવા જેવુંછે.

એક ડાહ્યા માણસને કોઇએ પૂછ્યું કે એવી કઇ એબ છે કે જેનાથી બધા સદ્ગુણ ઢંકાઇ જાય? તેણે કહ્યું, કંજૂસાઇ. પાછું પૂછ્યું કે, બધી એબ જેનાથી ઢંકાઇ જાય તેવો સદ્ગુણ કયો છે? તેણે કહ્યું, સખાવત.

હારી એક એક આંગળીએ સો સો સદ્ગુણ હોય,

તોપણ ખરો સદ્ગુણ તો ઉદારતાજ છે, બીજા બધા જોવાના છે.

આ વાત નક્કી જાણવી કે જ્યાં સુધી કંજૂસાઇની કેદમાંથી માલમતા છુટે નહિ ત્યાં સુધી કીર્ત્તિ અને શ્રેષ્ઠતાનો ઘોડો હાથમાં આવે પણ નહિ.

દરેક રીતે મ્હેં અનુભવ કરી જોયો,

તો મ્હે જાણ્યું કે સખાવતના ધંધા કરતાં બીજો એક સારો નથી.

ફક્ત કરમ (સખાવત) ને ખાતરજ હરમ (પૈસો) હસ્તીમાં આવ્યો છે,

પ્રાસ મેળવવા માટે જૂઓ તોપણ એજ શબ્દ તમનેમળશે.

(કરમ જોડે હરમનો પ્રાસ મળે છે)

સિકંદરે અરસ્તુને પૂછ્યું કે આ નેપેલી દુનિયાનું સુખ શેમાં સમાએલું છે? તેણે કહ્યું, સખાવતને ઉદારતામાં, ધર્મને લગતું સુખ તો પવિત્ર પ્રભુએ કહ્યું છે તેવી રીતે છે, 'જેણે એક સારૂં કામ કર્યું હશે તેને હમે તેવાં દશ સારાં કામ કરી આપીશું.'

જે ત્હને રસ્તાનું ભાથું આપે છે,

તે ત્હારી પાસેથી (ત્હેના બદલામાં) એક ગણું માગે છે, પણ પાછું તને દશગણું આપશે.

આના કરતાં બીજો સારો વેપાર નથી,

આ સોદો કરીલે કારણ તેમાં આખરે ખોટ નથી.

આ દુનિયાનું સુખ લોકોનાં મનરૂપી પક્ષીને 'ઇનસાન એહસાનનાં ગુલામ છે,' એ વાકય પ્રમાણે, સખાવતની જાળમાં પકડવું એ છે. માણસનું મન રાજા જેવું છે, જ્યારે તે કેદમાં પડે ત્યારે પછી શરીર (એટલે શારીરિક વ્યવહારો) કે જે હમેશ મનને અનુસરી કામ કરે છે. તે પણ તેજ જાળમાં ફસાય છે. આ પ્રમાણે જયારે સખી માણસની માલકી તળે બધાની ગરદન આવી જાય છે ત્યારે સુખનાં દ્વાર ખુલી જાય છે, ને ત્હેની ઇચ્છા પુરી પડવાનાં બધાં સાધનો તૈયાર થઇ જાય છે.

ઇતિહાસમાં એવું જણાવેલું છે કે ખુસરૂ પરવેઝનો એક સેનાપતિ હતો; તે પોતાના લશ્કરની કવાએદ તથા શત્રુને મારવામાં બહુ

કુશળ તથા પ્રખ્યાત હતો. પોતાના વિચારના મક્કમપણાને તથા ઇરાદાની દૃઢતા માટે આખા મુલકમાં તે જાણીતો થઇ ગયો હતો. તે રાજાનો માનીતો તથા દેશમાં સૌથી શ્રેષ્ટ પદ ભોગવતો હતો. અને તે જે રસ્તે ચાલવું ઠીક ધારતો તેનાથી ઉલટું ખુસરૂ પર્વેઝથી ચલાતું નહિ.

રાજાની વાડી તેનાથી તાજી રહેતી.

એની મદદથી સારા નસીબની પીઠ મજબૂત રહેતી. (જોરાવર રહેતી).

કેટલાએક જાસૂસોએ એક વખતે ખુસરૂને કાને એવી વાત પહોંચાડી કે તમારો સેનાપતિ તમારા તાબામાં રહેશે નહિ અને બળવો, તોફાન તથા ફિતૂર કરશે. ને તેથી એ હાલ જે ધારે છે, તે કરી શકે તે પહેલાં ત્હેનો ઇલાજ કરવો બહેતર છે.

કોઇપણ બનાવ બનતા પહેલાં તેનો ઉપાય કરવો જોઇએ.

જ્યારે વાત હાથથી જાય છે, ત્યારે દિલગીરી કાંઇ કામ આવતી નથી.

આ ખબર સાંભળી ખુસરૂ વિચારમાં પડી ગયો, ને બોલ્યો કે, બળવારૂપી ઇરાદાની લગામવાળો ઘોડો જો એ મ્હારા મુલકના સઘળા ભાગમાં ફેરવે તો ઘણા સેનાપતિઓ તથા લશ્કરી અમલદારો એને જઇ મળે ને વખતે તેના બળવાની વાત સાંભળી મ્હારા રાજ્યના થંભો પણ મંદ પડી જાય (ગરબડાટ થાય), ને તેના ફિતૂરનું તોફાન જોઇ રાજ્યના કારોબારમાં શિથિલતા આવી જાય.

પ્રભુ કરે, ને એ તોફાન કરવા માથું ન ઉંચકે,

કારણ તેમ થવાથી આખા દેશમાં અશાંતિને ગરબડાટ થઇ જશે.

પછી ત્હેણે પોતાના ખાસ માણસો રાજના સલાહકારો જોડે એ

વિશે મસલેહત કરી તથા બધાનો મત એવો થયો કે એને કેદ કરી રાખવો જોઇએ. ખુસરૂએ તેમની યુક્તિ સારીછે એમ કહી તે વખાણી. ને બીજે દિવસે તે અમીરને બોલાવી તે રોજ બેસતો હતો ત્હેના કરતાં ઉંચા જગાએ ત્હેને બેસાડયો ને ત્હેનાં યશ, કીર્ત્તિ, સારા ગુણ, શુભ કામો વગેરેનાં વખાણ કરવા માંડ્યાં, અને ત્હેને ઘટે ત્હેનાં કરતાં વધારે જર, જવાહિર, પૈસા, માલ, ખજાનો વગેરે બક્ષિસ આપ્યાં. જે હુશિઆર સલાહકારોએ એને કેદ રાખવામાં હિત જોયું હતુ તેમણે ફુરસદની વખતે વિનતિ કરી, કે રાજાસાહેબે જે ઇરાદો બતાવ્યો હતો તેનાથી ઉલટું કર્યું તેનું શું કારણ ? રાજા જરા હસ્યો અને બોલ્યો, મ્હેં તમારા મતથી ઉલટું નથી કર્યું. તેમજ હું મ્હારા ઇરાદાથી દૂર ગયો નથી. તમે કહ્યું હતુ, એને કેદ કરજો. ને મ્હેં એને સખતમાં સખત બેડી વડે કેદ કર્યો છે. એહસાનની બેડી કરતાં વધારે મજબુત બીજી એકે બેડી હું જોતો નથી. વળી મ્હેં વિચાર કર્યો કે, દરેક જાતની કેદ માટે એક એક અવયવ નક્કી કરેલું હોય છે. ને જે બેડી એકજ અવયવને કેદ રાખે તે કેવા પ્રકારની હોય તે સૌ જાણે છે. મ્હેં એવો વિચાર કર્યો કે એનું હૃદયજ કેદ કરવું, કારણ મન એ રાજા છે, ને અવયવો તથા અંગો તેનાં નોકર ચાકરછે. તેથી જ્યારે અસલ કેદ પકડાય ત્યારે અલબત્ત, શરીરના ભાગો તથા અવયવો જે તેને તાબે છે તે પણ કેદ થઇ જાય છે. વળી લોઢાની બેડી જે જગાએ નાંખીએ ત્યાંથી ફરસી વડે પણ તે કપાઇ શકેછે, પણ એહસાનને ઉપકારની બેડી જે મન પર જડવામાં આવે છે, તે કશાથી ઘસાઇ શકતી નથી. અને કહેવતમાં પણ છે, કે જંગલી પક્ષીને જાળથી કેદ પકડી શકાય છે ને આદમીને એહસાન ઇનામથી.

ઉપકાર એજ તારો ધંધો બનાવ, કારણ, આદમીનો;

શિકાર એહસાનથી ને જંગલી પ્રાણીનો (જાળથી) કેદ કર્યાથી થાય છે.

ત્હારા દુશ્મનની ગરદન તેના પર મહેરબાની કરી બાંધી લે,

કારણ એ જાતનું દોરડું તલવારથી પણ તોડાશે નહિ.

જ્યારે દુશ્મન, ઉપકાર, સખાવત, ને માયાળુપણું અનુભવે છે,

ત્યારે ત્હેના તરફથી પછી દુશ્મનાઇ થતી નથી.

જેમ મુસરૂ પર્વેઝના મનમાં આવ્યું હતુ તેમ પેલા સેનાપતિનો બળવારૂપિ અગ્નિ પાદશાહના એહસાનરૂપી ઝરામાંથી જે પાણી પડયું ત્હેનેલીધે ઠંડો થઇ ગયો, અને દ્વેષના વૃક્ષનું મૂળ ત્હેના મનની ભૂમિમાંથી સુલતાનના ઉપકારરૂપી હાથવડે તૂટી ગયું. ત્યારપછી શુદ્ધ વિચારના અને પ્રમાનતદાર નોકરોની માફક જરૂર પડે પોતાના જાનનો ભોગ આપી પણ પાદશાહની સેવા કરવા ત્હેણે કમ્મર બાંધી તેથી ત્હેની બાકીની ઉમ્મરમાં ત્હેણે ફરમાનબુરદારી (રાજાનો હુકમ ઉઠાવવો તે) ના રસ્તા પરથી કદી પોતાનું મ્હોં ફેરવ્યું નહિ.

ત્હેના (પાદશાહના) તરફથી જે મહેરબાની ત્હેના પર થઇ હતી,

ત્હેને લીધે તે ત્યારપછી કદી બળવાખોર થયો નહિ.

વળી આ વિષયપર નીચલી ચાર લીટીઓ પણ ઠીક લખાએલીછે, કે

જેના પર તું ઉપકાર કરે છે, તે ત્હારૂં માણસ થાય છે,

અને હમેશ ત્હારી પ્રશંસા કરે છે,

પોતાના દુશ્મનને તું ઉદારતા બતાવે તો,

તો બેશક તે ત્હારો માયાળુ મિત્ર બની જાય,

ઉદારતાની એવી ખૂબીછે કે આખી સૃષ્ટિના લોકોનાં મનમાં સખી

માણુસોને માટે હેત ભાવ હોય છે, અગર જો કે બધાને કાંઇ ત્હેની ઉદારતાની અસર પહોંચી હોતી નથી. દાખલા તરીકે, ખોરાસાનમાં કોઇ સાંભળે કે ઇરાકમાં કોઈ ઉદાર, સખી માણુસ છે, તો ત્યાં (ખોરાસાનમાં) સઘળા ત્હેને ચહાશે, નેં ત્હેનું ભલું બોલશે. તેમજ જો તેવો સખી માણુસ હયાતીમાં ન હોય તો ત્હેને યાદ કરતી વખત સૌ તેનાં વખાણુ કરે છે, જેવો કે હાતમ તાઇ. જ્યારે આ પુસ્તક રચાયું એટલે હિ. સ. ૯૦૭ માં ત્યારે તેને મરણુ પામ્યા ને લગભગ નવસેં પીસ્તાળીશ વર્ષ થઇ ગયાં છે, તોપણુ ત્હેના નામની વસંત રૂતુ પ્રશંસાના પુષ્પથી શોભી રહી છે, અને ત્હેના શુભ નામની વાડી વખાણુ ને આફ્રીનનાં આભૂષણુથી શણુગારાઇ રહી છે.

હાતમતાઇ તો ન રહ્યો, પણુ હમેશ સુધી,
ભલાઇને માટે ત્હેનું મહાન્ નામ મશહૂર રહેશે.

એવું કહેવાય છે કે જ્યારે હાતમતાઇની ઉદારતાની કીર્તિ અરબસ્તાનના દ્વીપકલ્પમાં યમનની રાજધાની સુધી ગવાઇ રહી હતી, અને તેની સખાવતની વાત સીરીઆ અને રોમ સુધી પહોંચી ગઇ ત્યારે, સીરીઆના રાજા, યમનના હાકેમને ઇસ્તામબુલના શાહના મનમાં અદેખાઇ આવી, કારણુ તેમાંનો દરેક જણુ બહુજ સખી હોવાનો ફાંકો રાખતો હતો, ને ઉદારતાનો દમ મારતો હતો. હાતમનું નામ તે વખતના લોકોના મ્હોડામાં વિશેષ હોવાથી, ત્હેની ઉદારતા ને અહેસાનનો અવાજ દુનિયાના દરેક ભાગમાં સંભળાતો હતો.

એને હાથે જે સખાવત થતી હતી તેથી સાગરના જેવા મ્હોટા હૃદયનું વાદળું પણુ શરમાઇ જતુ હતું.

ત્હેની શુભેચ્છાના પગ નીચે આ આખી દુનિયાનો માલ કચડાઇ જતો હતો.

પછી ત્હેમનામાંથી દરેક જણે ત્હેની જોડે જુદી જુદી રીતની ચાલ ચલાવી. સીરીઆના રાજાએ વિચાર્યું કે એની પરીક્ષા કરવી, તેથી એક માણુસ મોકલી તેની પાસે રાતા વાળવાળાં, કાળી આંખ અને મ્હોટી ખુંધનાં સો ઊંટ માગ્યાં. આવી જાતના ઊંટ અરબસ્તાનની ખીણોમાં જવલ્લેજ મળી આવે છે. વખતે મળી આવે તો કીમત ઘણી આપવી પડે છે. હવે તે જે વખતે હાતમની પાસે જે ઊંટ હતાં તેમાં આવી જાતનું એક નહતું; જયારે સીરીઆના રાજાનું માણુસ હાતમ પાસે આવ્યું ને પોતાનો પેગામ ત્હેને કહ્યો ત્યારે હાતમે તેની માગણી સ્વીકારી, અને તેનો જવાબ આપ્યો કે એ વાત સાંભળી લઇ મ્હેં કબૂલ કરી છે.

જે હમારાપર હુકમ થાય તે કરવા હમે બંધાએલા છીએ, ને રાજા તરફ વફાદાર છીએ.

જેની હમારાપર આજ્ઞા થાય તે પુરી કરવા હમે ગુલામ તથા ખિદમતગાર જેવા છીએ. અને પેલા માણુસને સારી જગાએ ઉતાર્યો ને તેને જમવા ખાવા વગેરેનો ઘટતો બંદોબસ્ત કરી આપ્યો. અને આરબની દરેક કોમમાં એવો ઢંઢેરો પીટાવ્યો કે આવી જાતનું ઊંટ જે કોઇ હાઝર કરશે ત્હેની પાસેથી હમે પૂરેપૂરી કીમત આપી તે ખરીદીશું, ને બે મહીનાનો વાયદો પૂરો થતાં રૂપીઆ ત્હેને પહોંચાડી દઇશું. કહેવાની મતલબ એટલી કે આ પ્રમાણે સો ઊંટનું કરજ કરી સીરીઆના રાજાને તે મોકલી આપ્યાં.

જયારે તેને આ બાબતની ખબર પડી ત્યારે તેણે તો આ-

શ્ચર્ય પામી પોતાનાં આંગળાંજ કરડવા માંડયાં ને કહ્યું, કે હમે આ આરબની પરીક્ષા કરી, ને તેણે હમારે માટે કરજ કર્યું, પછી પેલાંજ ઉંટોપર સીરીઆ અને મિસર દેશની કીમતી વસ્તુઓ લાધી પેલાજ માણુસ જોડે હાતમપર મોકલી આપી. જ્યારે હાતમ પાસે તે ઉંટો જઈ પહોંચ્યાં ત્યારે તેણે પાછો ઢંઢેરો કાઢવો કે જેણે જેણે મ્હને ઉંટ આપ્યાં હતાં તે લોકો મ્હારી પાસે આવી તે ઉંટો તેનાપર લાધેલો જે ભાર હોય ત્હેની સાથે તે પાછાં લઈ જાય. આ પ્રમાણે સોએ ઉંટ તેના અસલ માલિકને તેણે પાછાં આપી દીધાં, ને પોતાને સારૂ કાંઇજ રાખ્યું નહિ. જ્યારે એ વાત સીરીઆના રાજા પાસે ગઇ, ત્યારે તેણે કહ્યું, આવું મ્હોટું મન કદી આદમી જાતથી તો બતાવાયજ નહિ. ખરે ! સખાવત તો હાતમનીજ છે.

હાતમની સખાવત ને અહેસાનનો અવાજ,
કાંઇ આ દુનિયામાં નકામો સંભળાયો નથી.

બીજું, જ્યારે રોમના શહેનશાહ હીરેકલીઅસે હાતમની સખાવતનો દબદબો સાંભળ્યો ત્યારે એ વાતની તપાસ કરવામાં પોતે ગુંથાયો, ત્હેને કોઇએ કહ્યું કે હાતમ પાસે એક એવો ઘોડો છે કે જે દોડવામાં પવનવેગી ને મુસાફરી કરવામાં આખી પૃથ્વી ઓળંગી જાય તેવો, તીરની ઝડપવાળો, માણુસની જીંદગી જેટલી ત્વરાથી દોડનારો, વળી ગરમીમાં આતશ જોડે સરખામણીમાં ઉતરે તેવો, ને ઉતાવળથી ચાલવામાં પવન જોડે શરતમાં ઉતરે તેવોછે.

આશકોનાં આંસુ જેવો રાતો (લોહીઆળો) ને ખુબસૂરત ચહેરાવાળો.

ખુસરૂનાશબ્દીઝ નામના ઘોડા કરતાં વધારે મુસાફરી કરનારો,

હુમલો કરતી વખતે વિજળી જેવો ઝબુકનારો (કુદનારો)
દોડવાની વખતે પવનની માફક સરસર જનારો.

શહેનશાહે પોતાના વજીરને વાત કરી કે હાતમની સખાવતની ખબર આખા અરબસ્તાન ને ઇરાનમાં પથરાઇ ગઇ છે, ને ત્હેની ઉદારતા તથા અહેસાનની કીર્તિ પૃથ્વીના એકથી બીજા છેડા સુધી પહોંચી ગઇ છે. મ્હેં સાંભળ્યું છે કે એની પાસે આવા ગુણવાળો ઘોડો છે, તેથી મ્હારા મનમાં એવું આવે છે કે એનું એ ધન કસોટીના પથરાપર કસી જોઉં અને આ વાત ખરી છે કે ખોટી ત્હેની પરીક્ષા કરી જોઉં. ને તે ઘોડો લેવા તઈ કોમ પાસે હું કાઇને મોકલું.

અરબી નસલનો આ ઘોડો હાતમ પાસેથી.
મ્હારે જોઇએ છે. જો એ ખરીજ રીતે સખાવત કરશે ને તે આપશે.

તો તો હું જાણીશ કે તે મ્હોટો સરદાર છે,
જો નહિ આપે તો જાણીશ કે તે ફકત અવાજ કરનાર ખાલી ઢોલ જેવો છે.

પછી પેલો ઘોડો લેવાને સારૂ હાતમને લાયક બક્ષિસો તથા નઝરાણું આપી પોતે એક એલચી મોકલ્યો. થોડી મુદતમાં રૂમનો એલચી તઇ કબીલાના રહેઠાણ પાસે જઇ પહોંચ્યો ને હાતમના મકાનોની આસપાસમાંજ ઉતર્યો. ઇતેફાક એવો બન્યો કે જેવો એલચી ત્યાં પહોંચ્યો તેવુંજ એકાએક વાદળ થઇ આવ્યું ને વરસાદ તથા બરફ પડવા માંડયું, હાતમે પોતાના મહેમાનને માટે બહુ કાળજી બતાવી તેને યોગ્ય જગામાં ઉતાર્યો ને તરતજ હુકમ કર્યો કે

પેલા ઘોડાને ઝબેહ કરી ત્હેને રસોઇના ઉપયોગમાં લેવો. આ પ્રમાણે તૈયારી કરી પોતાના મહેમાન આગળ જમવાનું મોકલ્યું. જમાઆ પછી તેને રાહત લેવાના સાધનો પૂરાં પાડયાં ને હાતમ તંબુની બહાર ગયો. તેથી તે રાત્રે કાંઇ પણ પ્રકારની વાતચીત થઈ નહિ. સવારના પહોરમાં હાતમ તેની પાસે પોતાની કાંઇ કસૂર થઇ હોય તે માટે માફ માગવા આવ્યો, ત્યારે એલચીએ રોમના શહેનશાહની બક્ષિશો ત્હેની આગળ ધરી તેનું ફરમાન હતું તે કહી સંભળાવ્યું. જ્યારે હાતમને અંદરની બાબતની જાણ થઇ ત્યારે તે બહુ વિચારમાં પડી ગયો. એલચી બહુ સમજુ હતો તેથી ત્હેના ચ્હેરાપર દિલગીરીની નિશાની જોઇ બોલી ઉઠયો કે જો ઘોડો આપતાં તમને કાંઈ પણ રીતનો વાંધો હોય તો હમે તે વિશે કાંઇ આગ્રહ કરતા નથી. હાતમ કહે, આવી જાતના ઘોડા મ્હારી પાસ કદી એક હજાર હોય અને ગમે તેવો હલકામાં હલકો માણુસ તે મ્હારી પાસે માગે તો તેમાં વાંધા લાવવાનો વિચાર સરખો પણ મ્હારા મનમાં આવે નહિ. ત્યારે જ્યારે ખાસ કરીને આવો મ્હોટો શહેનશાહ મ્હારી પાસે એક ઘોડો માગી મને મ્હોટું માન આપે છે ને આવી એક નજીવી ચીજ લેવા માટે મ્હોટો એલચી મોકલે છે, ત્યારે મ્હને અજાયબીને લીધે શોક ને અતિશય શોક ને લીધે વિચાર થયા કરે છે, કે મ્હને જરા વહેલી ખબર તમોએ શામાટે નહિ આપી હોય. જો તેમ થયું હોય તો તેને હું મારી નંખાવત નહિ.

ફુલફુલના જેવી ઝડપવાળા એ પવન વેગીને,
કાલે રાત્રેજ મ્હેં તમારે માટે ભૂંજી નંખાવ્યો.
આસપાસ વાદળને લીધે અંધારૂં થઇ ગયું હતું,

તેથી જ્યાં હમારાં જાનવર બંધાય છે તે જગા કોઇને જડી નહિ.
હમારે કાંઇ બીજો રસ્તો કે ઉપાય હતો નહિ.
અને મ્હારે ત્યાં એ સિવાય બીજું પ્રાણી હાજર નહતું,
તેથી મ્હારા વટ પ્રમાણે મને એ ઠીક ન લાગ્યું.
કે મ્હારો મેહમાન ભૂખથી પીડાતે પેટે સૂઇ રહે.

પછી પોતે બીજા અરબ્બી ઘોડા તથા પોતાના હેજાઝ દેશમાં બનતી નજરાણા લાયક વસ્તુઓ આપી રોમના શહેનશાહ તરફ તે એલચીને વદાય કર્યો. એલચીને પણ તે દેશની ઘોડી તોફે ચીજો બક્ષેશ આપી, સારી રીતે ખુશી કર્યો. જ્યારે તે રોમ આવી પહોંચ્યો અને શહેનશાહને બધી હકીકત કહી ત્યારે તેણે પણ ન્યાયની રીતે કહેવું જોઇએ તેજ પ્રમાણે કહ્યું કે, ઉદારતાની ટેવ અને સખાવતનો ગુણ તો હાતમમાંજ છે.

એવું કહી શકાય કે આજે આલમમાં.
ઉદારતારૂપી નગરનો એના વિના કોઇ બીજો રાજા નથી.
મ્હોટા મન અને માયાળુપણાને રસ્તે
સખાવતનો કારભાર એણેજ સંપૂર્ણ રીતે ચલાવ્યો છે.

હવે જે યમનનો પાદશાહ હતો ત્હેનામાં પણ મ્હેટા મન અને ઉદારતાના ગુણો સર્વોપરિ હતા, તથા એહસાન વૃત્તિ અને સભ્યતાની ત્હેનાપર પૂર સત્તા હતી. ત્હેના ઇનામરૂપી થાળ ન્હાના મોટા સર્વને માટે હમેશ પીરસાયેલી રહેતી. અને ત્હેની બક્ષેશના ફાયદા હાજતમંદ તથા લાચાર લોકોને માટે હરરોજ તૈયાર રહેતા.

જ્યારે તે બક્ષેશને ઉદારતાવાળી પોતાની મુઠી ખોલતો,
ત્યારે "માગવું" એ વાતનોજ આ પૃથ્વીપરથી નાશ કરતો.

ત્હેની એવી ઇચ્છા થઇ કે સખાવતને સબધે મ્હારા સિવાય કોઈ બીજાનું નામજ લોકોએ ન લેવું જોઇએ. અને દુનિયાના દરેક ખુણામાં ઉદાર મનમાટે મ્હારા વિના કોઇનું નામ પ્રખ્યાત ન થવું જોઇએ. તેથી જે કોઇ માણુસ ત્હેની પાસે હાતમનાં વખાણુ કરતુ તે ત્હેના ક્રોધના અગ્નિને સળગાવતુ, ને પોતાને માથે ઘઝા હોરી લેતુ. પાદશાહ બોલતો કે હાતમ રણુમાં રહેનારો જંગલી માણુસ છે. મ્હારા દેશની રૈયતમાંનો એક તે છે. નથી ત્હેની પાસે પાદશાહી, તેમ નથી તે હાકમની પદવી ધરાવતો. નથી ત્હેનામાં મુલકો જીતવાનું કૌવત, કે નથી મુલક લઇ લેવા જેટલું જોરં.

નથી ત્હેની પાસે ખજાનો કે તખ્ત કે તાજ,
નથી ત્હેને કોઇ કર આપતું કે નથી મહેસૂલ આપતુ.

પછી તેનાથી શું સખાવત થાય એ તો સ્હેજ જણાઇ આવે એવું છે, અને એની પાસે જે થોડા ઘણા ઘોડા, ઉંટ તથા ઘેટાં છે ત્હેના વડે એ કેટલીક ઉદારતા બતાવી શકે, હાતમને એક વરસ દહાડે જેટલું હાસલ થતું હશે તેટલું હું તો એક દહાડામાં ભિખારીને આપતો હોઇશ, ને તેનો એક થાળના જેટલી સો થાળ તો મ્હારા મ્હેમાનોને હું નાશતાપર આપું છું.

જુઓ તો ખરા, કે રસ્તાનો તફાવત ક્યાંથી ક્યાં સુધીનો છે.

ટુંકામાં એક દિવસ યમનના પાદશાહે મ્હોટુ ખાણું આપ્યું હતુ, અને રજવાડી રીતને લાયકનાં નોતરાં કાઢ્યાં હતાં. આખો દિવસ સૂર્યની માફક પોતે બક્ષેશો કરવામાં રોકાએલો હતો, અને વાદળાંની પેઠે મોતીના દાણા વેરવામાં કામે લાગ્યો હતો. એટલામાં એકા એક.

કોઇએ હાતમનાં વખાણરૂપી બારણું ખોલ્યું.

કોઇએ ત્હેનાં વખાણ ગાવા માંડ્યાં.

તેથી પાદશાહને ખોટું લાગ્યું ને ત્હેનો દ્વેષભાવ ગતિમાન થયો. પોતે મનમાં વિચાર કર્યો કે કોઇ રીતે આ જમાનાના લોકો હાતમનું નામ લેતા અટકતા નથી, ને તેની ભલાઇ તથા પરોણાગતની યાદદાસ્ત લોકોના મનમાંથી ખસતી નથી. તેથી એજ બહેતર છે કે ઉંડા વિચારના હોડીવાળાની મદદથી તેની હયાતીના વહાણને નાશરૂપી વમળમાં ડુબાડી દઉં. અને ધ્યાનના ઉસ્તાદની પુષ્ટીવડે જીંદગીની પાટીપરથી ત્હેના નામની નિશાની ભુસી નાંખું.

જ્યાં સુધી મ્હારા રાજમાં હાતમ જીવ્યા કરશે,

ત્યાં સુધી ભલાઇ માટે મ્હારૂં નામ પ્રખ્યાત થશે નહિ.

ત્હેની રાજધાનીમાં એક એવો ચોર રહેતો હતો કે જે એક રૂપિયા માટે નાહક સો ખૂન કરવા કમર બાંધે, ને સ્હેજ ફાયદાની આશામાં પુષ્કળ લોકોની જીંદગીના કાચને દુઃખના પથ્થરપર ફોડી નાંખે.

નાજનીની આંખના પલકારાના જેવો તે ખુન કરનારો હતો.

ને ખુબસૂરત સ્ત્રીઓના ઝુલ્ફા જેવો તોફાની હતો.

યમનના પાદશાહે ત્હેને બોલાવ્યો, ને ત્હેને મ્હોટાં મ્હોટાં વચન આપી એવી રીતે સમજાવ્યો કે તેણે જ્યાં બેનીતઇકોમનો મુકામ પડયો હતો ત્યાં જવું ને પોતાનાથી બને તે યુકિત તથા પ્રપંચ કરી હાતમની નાસ્તી કરવી. પેલા ચોરે તે કામ માથે લીધું. અને તઇ કોમના રહેઠાણ તરફ જવા નીકળ્યો, ને થોડી મુદતમાં ત્યાં જઇ પહોંચ્યો. ત્યાં એક ખૂબસુરત, ખૂશમિજાજના જુવાન મા-

ણુસ જોડે તેને મુલાકાત થઇ. મ્હોટાઇની નિશાનીઓ તેના કપાળ-પર પ્રકાશિત હતી અને સુભાગ્યનું નૂર તેના ભાલને ચળકાવતું હતું. મીઠા અવાજથી માયાળુપણે તે જવાને સેની તબીએત પૂછી, સવાલ કર્યો કે તમે કેણી તરફથી આવોછો? ને કેણી તરફ જાઓછો? ચોરે જવાબ દીધો કે હું યમનથી આવુંછું ને સીરીઆ તરફ જવું છે. પેલા જુવાને કહ્યું, આજે મ્હારા મુબારક કદમથી મ્હારૂં ઘર પવિત્ર કર, મ્હારે ત્યાં જે કાંઇ હાઝર હશે ત્હેના વડે હું ત્હારી પરોણાગત કરીશ. મહેરબાની કરી મ્હારા ઝુપડાને ત્હારી મુબારક મુલાકાતથી પ્રકાશિત કરશે તો હું હમેશ સુધી ત્હારો આભારી રહીશ.

બારણેથી પેશી હમારા ઘરને પ્રકાશમાન કરો.

આવી ખૂશમિઝાજીને ભલી વર્તણૂકથી ચોર તો પેલા જુવાન માણસપર મરી પડયો, ને ત્હેના ઘર તરફ ચાલ્યો. તેણે ત્હેની મહે-માનદારી અને પરોણાગત એવી સરસ રીતે કરી કે તેની રીતનો આ-વકાર મેળવવાનો કોઇ દહાડો તે ચોરના મનમાં વિચાર પણ નહિ આવ્યો હોય કે ત્હેને સૂઝયું પણું નહિ હોય. પેલા જુવાન બીઝબાને દરપળે તેને માટે નવી નવી જાતની તસ્દી લેવા માંડી, ને જુદી જુદી જાતનાં સ્વાદદાર ખાવાનાં પિવાનાં તૈયાર કરવા માંડ્યાં.

દરેકપળે તેની થાળપર તમે નજર કરો તો.

એકના કરતાં બીજું ચઢીઆતુ જણુ તમારી નજરે પડે.

જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ પેલા પરોણાએ અં-તઃકરણપૂર્વક તે પેલા જુવાન ઘરધણીનાં વખાણ કરવા માંડયાં, ને ત્હેની પ્રશંસા કરતાં અને સારૂ બોલતાં બોલતાં કહેતો કે,

આવી સભ્યતા ને ખૂશમિઝાજ માટે હું પ્રભુનો ઉપકાર માનુંછું.

એવી ભલાઈ તો બધાં ભલાં માણુસ કરતાં પણ ચઢે છે.

આ પ્રમાણે કાળી રાત પૂરી થઈને પૂર્વતરફના આકાશમાંથી અજવાળી સવારે પોતાનો ચ્હેરો દેખાડયો ત્યારે પેલા ચોર પરોણાએ આંખમાં આંસુ લાવી પોતાના યજમાનની રજા લેવા તૈયારી કરી, અને દીન વાણીથી નીચે લખેલી બેતનો હૃદયને પીગળાવે, મનને બાળી નાંખે તેવો સારાંશ ઉચરવા માંડયો,

જુદાઈના દાગ દહામથી મ્હારૂં હૃદય બળે છે,
જો આપણે એક બીજાને મળ્યાજ નહોત તો કેવું સારૂં.

જુવાન યજમાને બહુ આગ્રહ કરી કહ્યું કે બીજા બે ત્રણ દીવસ વધારે તમે અહિ રોકાઈ જાઓ, પણ ચોરે ઘણી જાતનાં બહાનાં કાઢી ના કહી અને બોલ્યો,

અલબત્ત, મ્હારાથી અહિં રહેવાય તેમ નથી,
કારણ મ્હારે હજુ બહુ અગત્યનું કામ કરવાનું છે.

જુવાન માણુસે કહ્યું, મ્હારા પર વિશ્વાસ રાખ, ને જે ત્હારાં કામ હોય તે મ્હને કહે, વખતે મ્હારાથી તને મદદ થાય તેવું હશે તો કરીશ, ને ત્હારી જોડે આવવા જેવું હશે તો આવીશ. મહેમાને તેની મ્હોટાઇ તથા પોતાના પ્રત્યે ભાવનો આટલો બધો અનુભવ મેળવ્યો હતો તેથી મનમાં વિચાર કર્યો કે મ્હારૂં જે કામ છે, તે આના જેવા મિત્રની સહાયતા વિના અને આવા મદદગારની મદદ વગર પાર પડે તેવું નથી. એ માણુસ પણ મુરવતવાળો, કામનો કરનારો, મ્હારા પર ભાવ રાખનારો તથા અજાણ્યાને સહાય કરનારો છે. એના કરતાં કોઈ બહેતર માણુસ પાસે મ્હારા કામનો પડદો હું ખોલી શકું તેવું નથી. તેથી એનેજ મ્હારો વિશ્વાસુ મિત્ર બનાવી પેલા કામમાં એની મદદ લઉં.

આ વાડીમાં આપણી મુરાદનું એક પણ ફુલ,
મિત્રોની મદદ સિવાય ચૂંટાતું નથી.
તેથી જો મિત્ર ત્હારા હાથમાં આવે તો,
ત્હારાથી સુખે ને નિરાંતે બેસાય.
મિત્રથી જ ત્હારૂં કામ સંપૂર્ણ થશે,
અને વિશ્વાસુ માણુસોથી ત્હારી મુશ્કેલીઓનો અંત આવશે.

પછી તે કામની વાત છૂપી રાખવાનાતે જુવાન માણુસ પાસે તેણે સોગંદ લેવડાવ્યા. અને તે પાળવાનો બહુ આગ્રહ કર્યા પછી ત્હેને વાત કરી કે, મ્હેં એવું સાંભળ્યું છે કે અહિં આસપાસમાં કોઇ હાતમ નામનો માણુસ રહે છે. જે બહુ સખી હોવાનો દાવો કરે છે, ને માણુસો પર બહુ એહસાન કરવાનું અભિમાન ધરાવે છે. એમ જણાય છે કે યમનના પાદશાહને એને લીધે મનમાં ખૂંપ ભરાઇ ગઇ છે ને તેના હૃદયમાં એના વિશેનો કાંટો ખૂંચ્યાં કરે છે. હું દુઃખી માણુસ છું. ને લુચ્ચાઇ તથા ચોરી કરી મ્હારો નિર્વાહ કરૂં છું. આ મુલકમાં મ્હને યમનના શાહે મોકલ્યો છે, ને જો હું હાતમને શોધી કાઢી તેને કતલ કરી તેનું માથું શાહ પાસે લઇ જાઉં તો મને પુષ્કળ માલમતા આપવાનું તેણે વચન આપ્યું છે. મ્હેં ઉદર નિર્વાહની જરૂરને લીધે આ વાત કબૂલ કરી છે, ને આ કોમના રહેઠાણમાં આવ્યો છું, પણ હું હાતમને ઓળખતો નથી, તેમ તેનું ઘર પણ જાણુતો નથી. ગરીબ માણુસોને તું જેવી રીતે આશ્રય આપે છે ને અજાણ્યા પરદેશીઓની પરોણાગત કરે છે તેવીજ રીતે હાતમને મ્હને ઓળખાવી તેનું ખૂન કરવામાં તું મદદ કરે તેમાં કાંઈ નવાઈ જેવું કે આશ્ચર્યકારક નથી. આ પ્રમાણે ત્હારી સહાયનાથી મ્હેં જે કામ

માથે લીધું છે ત્હેની જવાબદારીમાંથી હું છુટીશ ને યમનના શાહે જે વચન આપ્યું છે તે પ્રમાણે મને માલમતા પણ મળશે. આ વાત સાંભળી પેલો જવાન,

હસી પડ્યો ને બોલ્યો કે, હાતમ તો હુંજ છું,

આ રહ્યું મારૂં માથું, તલવાર વડે મ્હારા ધડથી કર ત્હેને જુદું.

અરે મહેમાન આવ, જલદી કર, ને મ્હારાં માણસોને ખબર પડે તે પહેલા મ્હારૂં માથું કાપી ત્હારે રસ્તે પડ, કે યમનના શાહની મકસદ પૂરી થાય અને ત્હારી ખાહેશ પણ બર આવે.

જ્યારે વગર અડચણે હાતમે પોતાનું માથું ધર્યું,

ત્યારે પેલા ચોરનું હૃદય તેને કરડવા લાગ્યું.

તરતજ ચોર હાતમ પાસે જમીન પર પડી ગયો, ને તેના હાસ પગ ચુમવા માંડ્યા ને કહ્યું,

જો હું ત્હારી હયાતીનો અંત આણું તો,

હું માણસ ન કહેવાઉં, કારણ ત્યારે તો હું ખૂનીના ટોળામાં ગણાઉં.

ત્હેની બે આંખો તેણે ચુમી ને ત્હેને ભેટી પડ્યો,

ને ત્યાંથી યમનનો જ રસ્તો પકડ્યો.

હાતમે તેની મુસાફરીને સારૂ તૈયારી કરાવી ભાથું બંધાવ્યું, ને ત્હેને વદાય કર્યો. જ્યારે મુસાફરી કરી યમનના શાહ પાસે ચોર આવી પહોંચ્યો ત્યારે બધી હકીકત ત્હેને કહી સંભળાવી. તે સાંભળી હાતમની ઉદારતા તેણે પણ સ્વીકારી ને ત્હેની આવી ઉદારતાને મ્હોટા મનની વાત જાણી કબૂલ કર્યું કે આટલે બધે દરજ્જે આ દુનિયામાં કોઈ ભલાઇ કરે તેવું નથી. ને આદમી જાતમાં કોઇની મકદૂર નથી

કે આટલી બધી હદ સુધી સખાવત કરે.

ઘણાઓ હજારો રૂપીઆની સખાવત કરતા હશે,

પણ જ્યારે જીવ આપવાની વાત આવે ત્યારે તેઓ તેટલેથી-જ અટકે છે.

જવાહિર ઉલ ઍમારત (હકૂમતનાં જવાહિર) નામના પુસ્તકમાં કહેલું છે કે જ્યારે હાતમ મરણ પામ્યો ત્યારે એવું બન્યું કે જ્યાં એની કબર હતી ત્યાંથી એક પાણીનો ઝરો વહેતો હતો. એક વખતે બહુ ભારે વરસાદ પડ્યો ને રેલનું ખૂબ પાણી ચઢી આવ્યું. હાતમની કબર ખોદાઈ જાય એવું બનવું નજદીક હતુ, તેથી તેના છોકરાના મનમાં એવું આવ્યું કે એની લાશને બીજી જગાએ ખસેડવી કે જેથી કરીને રેલની આફતથી તેને નુકસાની થાય નહિ. જ્યારે કબરનું મ્હોડું ખોલ્યું ત્યારે ત્હેના શરીરના સઘળા ભાગો એક બીજાથી છૂટા પડી ગએલા તેણે જોયા, પણ તેના જમણા હાથમાં બિલકુલ ફેરફાર થયો નહોતો. બધાં માણસોને આવું જોઇ તાજુબી લાગી પણ જોનારાઓનાં ટોળામાં એક પવિત્ર મનવાળો ઘરડો માણસ હતો તેણે કહ્યું, ભાઇઓ, આમાં તમને શું અજાયબ જેવું લાગે છે, હાતમનો હાથ સલામત રહ્યો છે તેથી તમે આશ્ચર્ય ન પામો, કારણ આજ હાથવડે ઘણા ભિક્ષુકોને તેણે દાન કર્યું છે ને તેજ કારણથી ભલાઈ તથા સખાવતના રક્ષણ નીચે એ હજુ બચી રહેલોછે જ્યારે મૂર્તિ પૂજક કાફરનો હાથ દાન કરવાને લીધે મરણ પછી થતા નાશથી બચી શકે છે ત્યારે જે ઇશ્વરપૂજક મુસલમાન હોય તેનું શરીર પણ લોકો ઉપર એહસાન તથા સખાવત કરવાને લીધે નરકના અગ્નિથી સહીસલામત રહે તેમાં શું નવાઈ ? કારણ અવિનાશી અનંત સુખ

તો દાન અને એહસાનના કાયદા કાનૂનો પાળવા પર આધાર રાખે છે.

દોલતવાન પુરૂષો પૃથ્વીનો ચ્હેરો શોભાવે છે,
ને પોતાની સખાવતથી અનંત સુખ મેળવે છે.

દારા પાદશાહે એક ફિલસુફને પૂછ્યું કે, રાજ્યપદનું આભૂષણ શું છે? તેણે કહ્યું ઇજ્જત પૂર્વક રહેવું તે. તેણે પૂછ્યું, શી રીતે ઇજ્જત મેળવાય ને જાળવી રખાય? તેણે કહ્યું, પૈસાને ધિક્કારવાથી, કારણ જે પૈસાને ધિક્કારે છે, તે બધાને વહાલો તથા મ્હોટો લાગે છે, જે પૈસાને વ્હાલો કરે છે તથા મ્હોટો બનાવે છે તેને સર્વે ધિક્કારેછે તથા નીચ ગણે છે.

માલમતા તો એટલા માટે ઉપયોગની છે,
કે આપણા શરીરની ઢાલ રૂપ થઈ પડે.
જે કોઈ પોતાના શરીરનો માલમતા માટે ભોગ આપે છે,
તેનો માલ તથા શરીર બંને જોખમમાં આવી પડે છે.

જે ઉદાર પુરૂષ ધનની બિલકુલ દરકાર કરતો નથી.
તે દીવસે દીવસે સૌને વધારે પ્રિય લાગતો જાય છે.

પ્રભુની પ્રશંસા થજો કે માયાળુપણા તથા ઉદારતાના પ્રકાશનું મૂળ, શહેનશાહતના તથા પૃથ્વીપતિપણાના આકાશનો સૂર્ય, દબદબો અને મુલકપર વિજયો કરનારી શક્તિની દરબારના શાહ, દુનિયાને શોભાવનાર મહારાજા, દેશો જીતી લેનાર તથા દુશ્મનોને કેદ કરનાર, આખી આલમનો શાહજાદો, ઉદારતાની રીતભાત તથા સભ્યતાનો રિવાજ, અને ઇહસાન તથા મ્હોટા મનના કાયદા પાળે છે.

મુલક અને રાજના સહાયક, અબુલ મોહસન, ની સખાવત;
વસંત રૂતુના વરસાદની પેઠે આલમને તાજી બનાવે છે,

એની બક્ષેશો, ઇનામો, ને માયાળુપણાને લીધે, એવું થઇ ગયું છે, કે "હાજતમંદી" એ સ્થિતિજ દુનિઆમાંથી બે મૂળ થઈ હશે.

(એણે) હાતમની ઉદારતાનો ચોપડો બંધ કર્યો છે અને, મઅન ઇબ્ને ઝાયદનું નામ સખીપણાના દફતરમાંથી ન્હેરી નંખાવ્યું છે.

આ જમાનાને ફખસર તથા આ સમયનો ફરેદૂન,-

ઇનસાફી પાદશાહ તથા સખીશાહ પણ તુ જ છે.

ત્હારો ન્યાય દુનિયાને નિયમમાં રાખે છે, ત્હારી ધૈર્યતાને લીધે રાજ ઉભું છે,

દરેક માગણનું રક્ષણ ત્હારી સખાવતથી છે, ને ત્હારા હાથથી ઉદારતાનું રક્ષણ થાય છે.

પવિત્ર પ્રભુ ભલાઇનું આજ્ઞાપત્ર 'એ ભલો માણસ છે, ને તેથી એની ભલાઇનો બદલો પ્રભુ પાસે છે' એ શબ્દ રૂપી મ્હોરથી શોભાવી એની જીંદગીની જોડે એકત્ર કરે, તથા એની બક્ષેશને સંપૂર્ણતાનું નિશાન 'હમે એહસાન કરનારાઓને આવી રીતનો બદલો આપીએ છીએ' એ વચન રૂપી શોભાથી આભૂષિત કરે, એવી હમારી પ્રાર્થના છે.

પ્રકરણ ૨૨ મું.

નમ્રતા તથા બીજાને માન આપવા વિશે.

નમ્રતા એ ઉચ્ચતા મળવાનું કારણ છે. સબબ પવિત્ર કથામાં કહેલું છે કે 'જે પ્રભુ ખાતર નમ્ર થાય છે, તેનો દરજ્જો પ્રભુ ઉંચો કરે છે.'

નમ્રતાને લીધે ત્હને મ્હોટાઈ મળે છે,
મ્હોટી પદવિ આપીં ત્હને પ્રભુ ઉચ્ચતા પમાડે છે.

સામાની વંશના રાજા નસીરઈબ્ને અહમદે પોતાના કુંવરને શિખામણ આપી હતી કે, વ્હાલા પુત્ર, જે મુલક આપણે બહુ મુસ્કેલીએ મેળવ્યા છે, ને જે શહેનશાહતના કાએદા વગેરે બનાવવા અમે અમારી વ્હાલી ઉમરનો ભોગ આપ્યો છે, તે જો ત્હારી પાસે ઘણાં વરસ ટકી રહે એવી ત્હારી ખાહેશ હોય તો ત્હારા ખજાનાનો વિશ્વાસ કરતો નહિ કારણ માલ નાશવંત છે, લસ્કર પર ભરોંસો રાખતો નહિ, કારણ સિપાઇઓનું મન ચલિત છે, ત્હારા મુલકની હમેશગી તથા ત્હારા રાજની લંબાઇને માટે ભલાઇનો જ ભરોસો રાખવો, ને નમ્રતામાં ચઢીઆતા થવું, કારણ ભલાઇને નમ્રતા એ બંને જાળ જેવાં છે, તેથી માણસોનાં મન જીતી લેવાય છે, ને આ બેમાંથી એક પણ જાળનો જે શિકાર થઈ પડે છે ત્હેને કોઇ દિવસ તેમાંથી છૂટવાનો સંભવ નથી. અને આ દુનિયાના મુખ્ય પુરૂષે એવી રીતની સૂચના કરી છે કે, 'દરેક કોમનો સરદાર તે તેમનો ચાકર છે ? ત્હેનો અર્થ એજ છે કે, કોઈ પણ વખત કોઈ માણસની નમ્રતા પૂર્વક ખિદમત ઉઠાવી ત્હેનું મન હરણ કરી લીધું, પછી તું ત્હા-

રો આજ્ઞાંકિત થાય છે ને તુ ત્હેનો શેઠ થાય છે, તે ત્હારો શિકાર થાય છે, ને તુ ત્હેનો સરદાર થાય છે.

પોતાના પ્રકાશને લીધે નમ્રતા,
ઘણા અજાણ્યા માણસોને જાણીતા બનાવે છે.
જેનામાં નમ્રતા છે, તે ઉંચો છે,
ત્હેને માટે સુભાગ્યનાં બારણાં ખૂલી જાય છે.

પોતાનો દરજ્જો બીજાના કરતાં ઉતરતો છે એમ સમજવું ત્હેનું નામ નમ્રતા. આથી કરીને તે પોતાની ઇજ્જત તથા પોતાને મળવા જોઇતા માનનો વિચાર ન કરતાં બીજાઓને માન તથા ઇજ્જત આપે છે, પરન્તુ કુદરતી રીતે જેની જાતના ઉમદાપણામાં તથા દરજ્જાની ઉચ્ચતામાં કાંઇ પણ શક જેવું હોય છે, તે આ પ્રમાણે ચાલતાં પાછો હઠે છે તેથી ખરૂં તો એજ છે કે જે અસલથીજ કુદરતી રીતે મ્હોટો દરજ્જો તથા ઉંચો મરતબો પામેલો હોય છે તે નમ્રપણે ચાલવાથી ડરતો નથી કારણ ત્હેની મ્હોટાઇ કે ઉચ્ચતામાંથી નમ્રતા કાંઇ પણ કમી કરી શકતી નથી, બલકે ત્હેની બુલંદી તથા ત્હેના મોભામાં ત્હેના કર્ત્તા તથા ત્હેના જાતભાઇઓ ઓર વધારો કરે છે.

મ્હોટા માણસો નમ્રતા પકડે તે સારૂં કહેવાય.
ગરીબ માણસ નમ્રતા કરે તો (તેમાં કાંઇ નવાઇ નથી, ત્હેની ટેવજ તેવી છે.)

આ ઉપરથી જણાય છે કે અપૂર્ણ, નીચ, પતીત માણસોજ અહંકાર કરે છે, તેમનો સ્વાર્થ એટલોજ કે પોતાની અપૂર્ણતા ઢાંકવી, પણ ખરૂં જોતાં તો તેઓ પોતાના દુર્ગુણો ખુલ્લા પાડે છે.

કારણ અહંકાર આદમીને ધિક્કારયુક્ત તથા નીચ બનાવે છે.

જ્યાં સુધી બને ત્યાં સુધી અહંકારની આસપાસ ફર નહિ.
જો તું અહંકાર તથા કપટ રહિત હઈશ તો,
અહંકારી ને અહંકારથી કાંઇ પણ ફળ મળતું નથી.
પરમેશ્વરની દરબારમાં ખાસ માણુસ ગણાઇશ.

બધાંજ માણુસોને નમ્રતા શોભાવે છે, પણ મ્હોટા માણુસોને તે વધારે શોભાવે છે. કારણ મ્હોટાઇનું આભૂષણ નમ્રતાજ છે.

એવું કહેવાય છે કે ઇબ્ને સમાક હારૂનર્રશીદ ખલીફની દરબારમાં ગયો. ખલીફ ત્હેને આવકાર આપવા ઉભો થયો, ને ત્હેને માન આપ્યું. ત્યારે ઇબ્ને સમાકે કહ્યું, ત્હારામાં જે નમ્રતાનો ગુણછે તે ત્હારી પાદશાહી કરતાં મ્હોટો છે. ખલીફ કહે, તું ઠીક વાત બોલ્યો છે, માટે આગળ ચલાવ. ત્યારે તેણે કહ્યું, જેને મહાનપ્રભુ, માલ, ખૂબસૂરતી, તથા મ્હોટાઇ બક્ષે છે, તે માણુસ જો પોતાના માલવડે આદમીઓ જોડે માયાળુપણે વર્તિ તેમનું ભલું કરે, ખૂબસૂરતી છતાં પવિત્રપણે રહે, અને મ્હોટાઇ છતાં નમ્રતા પકડે તો પરમેશ્વર ત્હેને પોતાનાં ખાસ માણુસોમાંનો એક બનાવે છે. હારૂને તરત ખડીઓ કલમ મંગાવ્યાં ને પોતાને હાથેજ તે શબ્દો લખી લીધા. આ પ્રમાણે લેખ કરી લીધો તે પણ એની નમ્રતાનીજ નિશાની હતી.

હુશીઆર માણુસો ઘણી વખત કહી ગયા છે કે,
નમ્રતાથી કોઇને ખોટ ગઇ નથી.
નમ્રતાથી નામ મ્હોટું થાય છે,
નમ્રતાથી ઘણાએ પોતાની મુરાદ પાર પાડી છે.

નમ્ર માણુસ હમેશા મ્હોટો માણુસ હોય છે.

પ્રભુની મહેરબાની દર્શક સ્થળ તે એજ છે.

આદમી જાતમાં જે લોકો મ્હોટા છે તેમની તરફ—દાખલા તરીકે, મ્હોટા સૈયદો, બહુ ભણેલા પંડીતો તથા સારા, ધર્મ પાળનારા સાધુઓ વગેરે તરફ—નમ્રતા બતાવી તેમને માન આપવું એ બહુ સારી વાત છે, તથા તે નમ્ર માણુસના સુભાગ્યનો વાવટો તેથી ઉંચે ચઢે છે.

ઈમામ મહમ્મદ શયબાની (પ્રભુની તેનાપર રહેમ હોજો) રશીદ ખલીફ પાસે આવ્યો. ખલીફે હેને બહુ માન આપ્યું; હેને સારૂ પોતે ઉઠી ઉભો થયો હેને પોતાની પાસે બેસાડયો; જ્યારે તે જવાને ઉઠયો ત્યારે તેને વળાવવા પોતે થોડેક સુધી હેની જોડે ગયો. વગેરે રીતે માન આપ્યું. હેના એક ખવાસે કહ્યું કે આવી રીતે જો નમ્રતા બતાવ્યા કરે તો ખલીફપદને અંગે જે ભય રહેલો છે તે રહેશે નહિ રશીદ બોલ્યો કે જે ભય નમ્રતાને લીધે નાબૂદ થઇ જાય તે ભય ન હોય તો બહેતર તથા જે દરજ્જો મ્હોટા પુરૂષોને માન આપવાથી ઘટી જાય તે બિલ્કુલ ન હોય તે વધારે સારૂં.

બીજાને માન આપવાથી જે દરજ્જો ઓછો થઇ જાય.

તે દરજ્જાથી શી રીતે માણુસને શોભા કે માન મળી શકે?

ખોરાસાનનો પાદશાહ ઈસ્માઇલ સામાની બહુ સત્તાવાન રાજા હતો. એક દહાડો કોઇ એક પંડિત હેની પાસે જરૂરનું કામ લઇ આવ્યો, પોતે તેને બહુ માન આપ્યું, જ્યારે તે વદાય થયો ત્યારે પોતે પણ સાત પગલાં હેને વળાવા હેની પાછળ ગયો. રાત્રે હઝરત રસુલને તેણે પોતાના સ્વપનામાં જોયા, તેમણે હેને કહ્યું કે, ઈસ્મા-

હલ, મ્હારા અનુયાયીઓમાના એક વિદ્વાનને ત્હેં માન આપ્યું છે. મ્હેં પરમેશ્વર પાસે માગી લીધુ છે કે તે ત્હને બને જહાનમાં માન આપે. તુ સાત પગલાં તેની પાછળ ગયો હતો, તેથી મ્હેં દુઆ કરી છે કે ત્હારા વંશમાંથી સાતજણુ રાજ કરશે, એ બંને પ્રાર્થના પ્રભુએ સ્વીકારી છે.

નમ્રતાની એક નિશાની તો એ છે કે શુદ્ધ મનના પુરૂષો, ધર્મના આચાર્યો, તથા ખાલેસ વૃત્તિના સાધુ સંતોની સોબત રાખવી. ધર્મના આચાર્યો તથા પરમેશ્વરના પૂજકોને રૂપે પોતાને દુનીયામાં માન દેખાવને ખાતર પવિત્ર ગણાવે છે તેવા લોકો, તથા આ દુનીયાની નાશવંત વસ્તુઓના લોભને માટે પ્રભુના વચનોને ખોશામદના આભૂષણથી શણગારે છે, તેવાની સોબતથી દૂર રહેવું. ખરૂં જોતાં સોબત તો એવાની શોધવી જોઇએ કે જે માણસ જાતની સોબતને ધિક્કારતો હોય (સંસારથી વિરક્ત હોય) ને આસ્થા એવાપર રાખવી જોઇએ કે જેના મનમાં એવું હોય કે મ્હારાપર કોઈજ આસ્થા ન રાખે.

જ્યારે અબદુલા તાહેરને ખોરાસાનની હાકમી મળી ત્યારે પોતે નોશાપોરમાં આવી મુકામ કર્યો, શહેરનાહાકમીના મુખી તથાપટેલો તેને સલામ ભરવા આવ્યા. પોતે એક અઠવાડીઆ પછી તપાસ કરી કે શહેરમાં કોઇ એવું બાકી રહ્યું છે કે જે મ્હને સલામ ભરવા તથા મ્હારી ખબર પૂછવા ન આવ્યું હોય. જવાબ મળ્યો કે શહેરમાં જે કોઈ નામવાળું કે સભ્યતાવાળું છે તે તો તમારી દરબારમાં આવી ગયું છે, પણ બેદર્વેશ નથી આવ્યા. તેમાંનો દરેકજણુ એક ખુણામાં એકાંત વાસ લઇ બેઠો છે, કોઇને મળતો મૂકતો નથી, સં-

સારની ગડબડાટથી વિરક્ત થઇ ગયો છે, ને પ્રભુની પ્રાર્થના કર્યા કરે છે.

પ્રભુની પવિત્ર મકાન રૂપી જગામાં તેઓએ એકાંત લીધી છે,

અહંપદ તથા કાપટ્યની પ્રતિમા તેઓએ પોતાના અંતઃકરણમાંથી દૂર કરી છે,

ત્હેમની આંખ બંધ છે, પણ આખી દુનીઆને તેઓ જુએ છે,

ત્હેમને પાંખ નથી, પણ બંને જહાન ત્હેમની પાંખ નીચે આવી ગઈ છે.

ત્હેમની પાસ મુલ્ક નથી, પણ ત્હેમને શાહની પદવી મળી છે,

પરમેશ્વરના મહેલમાં તેઓએ પોતાનું તખ્ત મૂક્યું છે.

અબદુલ્લાએ પૂછ્યું કે આ બે માણસો કોણ છે? કોઇએ નામ દીધાં કે અહમદ હુરબ તથા મહમ્મદ અસલમ તૂસી, તેઓ મ્હોટા ધાર્મિક પુરૂષો છે, ને રાજા કે અમીર કોઇના દરબારમાં જતા આવતા નથી. અબદુલ્લા બોલ્યો તેઓ મુને સલામ ભરવા નહિ આવે તો હું તેમને સલામ ભરવા જઇશ. પછી પોતે ઘોડાપર બેસી અહમદ હુરબની પાસે ગયો. એક જણ દોડતો દોડતો ત્હેની પાસે પહોંચ્યો ને ત્હેને કહ્યું કે અબદુલ્લા તાહેર ત્હારી પાસે આવે છે. અહમદથી ન્હાસી જવાય તેવું હતું નહિ. અબદુલ્લા ચાલ્યો ચાલ્યો તેના ઘરમાં ગયો, અહમદ ઉભો થયો ને ડોકું નમાવી ત્હેની આગળ ઉભો રહ્યો, અબદુલ્લા પણ ઉભેલોજ હતો. પછી તેણે જરા ડોકું વધારે આગળ કાઢી કહ્યું કે પુત્ર તાહેર, મ્હેં સાંભળ્યું હતું કે તું સારા ચ્હેરાવાળો ખૂબ સૂરત માણસ છે. પણ જ્યારે હાલ હું જોઉં છું ત્યારે તું મ્હને તેથી પણ સુંદર દેખાય છે. હવે એ સારા ચહેરાને પરમેશ્વરની આજ્ઞાઓનું

ઉલ્લંઘન કરી બદસૂરત બનાવતો નહિ, અને આવા સરસ મ્હોડાને નરકના અગ્નિનું બળતણ બનાવીશ નહિ. એટલું કહી મક્કા તરફ મ્હોં ફેરવી, પોતાના નિમાઝના કામમાં તે મશગૂલ થઈ ગયો. અબદુલ્લા રડતો રડતો ઘરની બહાર નીકળ્યો, ને મહમદ અસલમની પાસે ગયો. તેણે તો ત્હેને મુલાકાતજ આપી નહિ. બહુ પ્રયત્ન તેને મળવાને કર્યા પણ તે સઘળા વ્યર્થ ગયા. ત્યારે પછી લોકોએ કહ્યું કે શુકરવાર સુધી રાહ જોવી જોઈએ, એ તે દિવસે બહાર નીકળી નિમાઝ પઢવા જશે. વખતે તે દિવસે મુલાકાત થાય. શુકરવારને દિવસે અબદુલ્લા પાછો આવ્યો ને ત્હેની ગલીને નાકે ઉભો રહ્યો. શેખ નિમાઝ પઢવા જવા બહાર નીકળ્યો, પણ જેવું તેણે જોયું કે ત્યાં બધા સવારો ઉભા છે, તેવોજ તે અટક્યો, અબદુલ્લા ઘોડાપરથી નીચે ઉતરી પડ્યો, ને મહમદ અસલમ પાસે જઇ ત્હેને સલામ કરી. તેણે પૂછ્યું, તુ કોણ છે, ને ત્હારે શું કામ છે? તેણે જવાબ આપ્યો, હું અબદુલ્લા તાહેર છું, ને ત્હારી મુલાકાતે આવ્યોછું. શેખ કહે, ખબરદાર, ત્હારે મ્હારૂં શું કામ છે, ને મ્હારે ત્હારી જોડે શી વાત કરવાની છે? એમ કહી પોતાનું મ્હોડું દીવાલ તરફ ફેરવી નાંખ્યું. ને ત્હેની તરફ જોયું સરખું પણ નહિ. અબદુલ્લા પાછો જરા આગળ આવ્યો ને તેના પગની ખાક ઉપર માથું મૂકી પ્રભુ પાસે પ્રાર્થના કરી, કે હે પરમેશ્વર આ માણસ ત્હારી મહેર પ્રાપ્ત કરવાને માટે મ્હને, ત્હારા દુષ્ટ સેવકને દુશ્મન જેવો ગણે છે, ને હું ત્હારી મહેર મેળવવા માટે એને જે ત્હારો ભલો સેવક છે ત્હેને મિત્ર તરીકે ગણુંછું, તે શત્રુભાવ અને આ મિત્રભાવને અંગે રહેલા માનના ત્હને સોગંદ છે કે આ દુષ્ટ માણુસની તે સારૂં કામ કરનાર દરકાર કરે, એવું કર. એક અદૃષ્ટ જગાએથી અવાજ સંભળાયો કે

ત્હારૂં માથું ઉચકી લે, ત્હારા સઘળા ગુન્હા માટે એ માણસ પ્રાર્થના કરશે એવું મ્હેં કર્યું છે, ને તેથી તે વળી જશે ને માફ થશે.

અગર જો કે દુનીઆમાં હમે દુષ્ટ છીએ,

તોપણ ભલા માણુસોને ચાહીએ છીએ.

છેલ્લે દહાડે દુષ્ટ માણુસોને,

ભલા માણુસોને લીધે પ્રભુ માફીબક્ષે, તો શું હરકત છે?

એવું કહેવાય છે કે એક રાજા એક દર્વેશની મુલાકાતે ગયો. દર્વેશ તરતજ પરમેશ્વરને પગે લાગ્યો. વઝીરે પૂછ્યુ, કે આ શેને માટે પગે લાગ્યો? તેણે કહ્યું ઉપકાર માનવા માટે. ફરી પુછ્યું, શેને માટે ઉપકર માન્યો? તેણે જવાબ આપ્યો, સુલતાનને મ્હારી પાસે આણ્યો ને મ્હારે ત્યાં ન જવું પડયું તે બાબત મ્હેં પરમેશ્વરનો ઉપકાર માન્યો. કારણ પાદશાહો દર્વેશો પાસે જાય એ એક જાતની પ્રભુની સેવા ગણાય છે. પણ દર્વેશોને પાદશાહની દરબારમાં જવું એ પાપ છે. માટે સુલતાનને એક સેવા કરવાનો પ્રસંગ મળ્યો ને મ્હારે કાંઇ પાપ ન કરવું પડયું તેથી હું પરમેશ્વરનો ઉપકાર તથા આભાર માનતો હતો.

જો તું દર્વેશોની સ્થિતિની તલાશ રાખે તો,

ઉચ્ચતામાં નવમા આસમાન કરતાં પણ તું ચઢીઆતો થાય.

જેણે કોઇએ દર્વેશને મદદ આપી,

તે જો ફરેદૂનપર હુમલો કરે તોપણ જીતે છે.

પ્રકરણ ૨૩ મું.

પ્રમાણિકપણા અને ઋજુતા વિશે.

ધર્મના આચાર્યો તથા મ્હોટા જ્ઞાની પુરૂષો કહી ગયા છે કે વખાણવા લાયક ગુણોમાં પ્રમાણિકપણું એ મ્હોટો સ્તંભ છે, તથા પ્રશંસાપાત્ર સદ્દવર્તનોમાં દયાનતદારી એ જબરું મૂળીઉં છે. જો દયાનતદારી હોય તોજ આસ્થારૂપી પાયો સંપૂર્ણતાને પામે છે. કોરાનમાં કહ્યું છે કે, 'જેનામાં પ્રમાણિકતા નહિ તેનામાં આસ્થાનો ગુણ નહિ' (જેને અમાનત નહિ તેને ઇમાન નહિ). ધર્મના કાનૂનો દયાનતદારીના કાનૂનોને લીધેજ નિયમિતપણે ચાલે છે.

રક્ષણનો પાયો નાખનાર ધર્મ છે,
પણ ધર્મનો કાયદો દયાનતદારીપર આધાર રાખે છે.
જો ત્હારો ઇરાદો પ્રમાણિક થવાનો હશે,
તો નરકના દુ:ખમાંથી ત્હને મુક્તિ મળશે.

જે કોઈ કામકાજ કે વાતચીત આપણે જોઇએ છીએ કે સાંભળીએ છીએ, ને જોવા જેવી કે સાંભળવા જેવી બાબતની આસપાસની સ્થિતિનો ઊંડો વિચાર કરીએ છીએ, તો આપણને બે હદ જણાય છે, એક પ્રમાણિકતા તરફની, એક અપ્રમાણિકતા તરફની. જ્યારે પેલી પ્રમાણિકતાની હદ માણસ ધ્યાનમાં રાખતો નથી ત્યારે તે અપ્રમાણિક થયો કહેવાયછે. પરમેશ્વરે પોતાના સેવકોને જે જે આપ્યું છે તે એક રીતનું અનામત (અનામત) જ ત્હેમને આપ્યું છે, ને તેથી ત્હેને સંબંધે અપ્રમાણિક થવું ત્હેને ઘટતુ નથી. દાખલા તરીકે, ચક્ષુ, એટલા માટે અનામત મૂકયાં છે કે ત્હેનાવડે કુ-

કુદરતની ખૂબી નીહાળવી; કાન, એટલા માટે કે ત્હેના થકી પરમેશ્વરને લગતાં (પવિત્ર) વચનો સાંભળવાં; જીભ, એટલા માટે કે તેના વડે પ્રભુનું સ્મરણ કરવું; હાથ, એટલા માટે કે ત્હેનાથી દુનીઆના લોકોને ફાયદો મળે, ને એ પ્રમાણે બીજા બધા અવયવો માટે. પછી કોઈ બદનજર કરવા પોતાની આંખો ઉઘાડે, કાનનો નાલાયક વાતો સાંભળવામાં ઉપયોગ કરે, જીભવડે જૂઠું ને અસત્ય ભાષણ કરે, હાથ મુસલમાનને ઇજા કરવામાં વાપરે, તો અલબત્ત પરમેશ્વરે જે વસ્તુ એને ત્યાં મૂકી છે ત્હેનો માણસે અપ્રમાણિક ઉપયોગ કર્યોજ કહેવાય, ને અલ્લાહે કોરાનમાં જે પ્રતિબંધ કરેલો છે કે 'અરે મોઅમેનો પરમેશ્વર જોડે અપ્રમાણિક ન થાવ,' તે ધ્યાનમાં ન લીધો કહેવાય.

અરે, તું જે ઈમાન તથા પ્રમાણિકપણાથી મુક્ત થયો છે,
વળી દયાનતદારીથી પોતાના ધર્મને છૂટો પાડયો છે,
તે, ત્હને બ્હીક નથી લાગતી કે ત્હારો પણ નાશ થશે,
ત્હને શરમ નથી લાગતી કે પરમેશ્વર હજુ ત્હારો છે,"

ઉપર કહ્યું તે બાબતમાં દયાનતદારી રાખ્યા ઉપરાંત સુલતાનોને બીજી બાબતમાં પણ પ્રમાણિક થવાનું છે. રૈયત ત્હેમને ત્યાં પ્રજાના પેદા કરનારે મૂકેલી અનામત વસ્તુ જેવી છે, તેથી ત્હેમની હાલતપર ત્હેમણે નજર રાખવાની છે, જો ત્હેમનું રક્ષણ કરવામાં કોઇપણ જાતની ન્યૂનતા રહે, તો રાજમાં સુસ્તી તથા ગરબડાટ પેશી જાય છે. ફિલસૂફો કહી ગયા છે કે કોઇ જુલ્મી અમલદારને પાદશાહ અમલપર નીમે, રૈયતને લગતો કારભાર કોઈ નિર્દય સિતમગારને હવાલે કરે તો તે રૈયતને સંબંધે અપ્રમાણિકપણાનીજ નિશાની

કહેવાય કારણ ગરીબ આજેઝ માણસોપર કોઈ જુલ્મી માણસને સત્તા આપવી તે ઘેટાંના ટોળાને વરૂની ચોકી નીચે મૂકવા જેવું છે.

જુલ્મી હાકેમ તે બળવાન વરૂ છે,
ને રૈયત તે ગરીબ ઘેટાં જેવી છે,
જ્યારે એ ઘેટાંને તુ વરૂને સોંપી દે,
ત્યારે તેઓ તો મ્હોટી આફતમાંજ આવી પડ્યાં કહેવાય.

વળી દયાનતદારી એટલે પરમેશ્વર અને ત્હેના સેવક વચ્ચે જે કાંઈ અમાનત હોય તે રાખી મૂકવું, ને જ્યાં સુધી કોઇને ત્હેની ખબર ન પડે ત્યાં સુધી ત્હેને જાણીતુ કરવું નહિ. એ ગુણ સૌએ રાખવો જોઇએ. દયાનતદારીને લગતા કાનૂન પાળવાથી બંને દુનીઆમાં સુખ મળે છે એટલુંજ નહિ પણ પરમેશ્વરની ખૂશી પણ તેથી હાસેલ થાય છે.

દયાનતદાર થવાનો પ્રયત્ન કર. તેથી ત્હારો સંસાર ને ત્હારો ધર્મ બંને પ્રકાશશે.

બીનદયાનતદાર માણસનો નથી સંસાર સુધરતો કે નથી ધર્મ ફાયદો કરતો.

પ્રમાણિક માણસો હમેશાં ભલા સ્વભાવનાં હોય છે, ને સૌ તેને ચહાય છે ને માન આપે છે.

એવું કહેવાય છે કે **નોશીરવાનના** રાજની શરૂઆતમાં જ્યારે પોતાનો ઇન્સાફ રૂપી ઝુંડો તેણે હજુ ઉડાવ્યો નહતો તથા મોજશોખ મૂકી રૈયતનું ભલું કરવામાં મન ન રોકયું હતું, ત્યારે તેની પાડોશમાં એક માણસ રહેતો હતો; તે પોતાની ઉદારતા માટે મશહૂર હતો, તથા પોતાના મહેમાનોની જોડે સભ્યતાપૂર્વક વર્તી ત્હેમની

પરોણાગત કરવા માટે બહુ જાણીતો થયો હતો.

એની ભલાઇથી ગરીબ માણસો આનંદ પામતાં,
ને ગરીબાઇની કેદમાંથી છુટકારો પામતાં.

હમેશાં પોતાની બક્ષેશ રૂપી થાળ તે પીરસેલી રાખતો, ને ન્હાના મ્હોટા સર્વેને પોતાના પરોણા બનાવતો. જ્યારે એના આ પુરૂષાર્થની કીર્તિ ગવાવા માંડી તથા ત્હેની સખાવતની વાતો લોકોને દાંતે જીભે ચડી ગઇ ત્યારે ત્હેની પરીક્ષા કરવા નોશીરવાને વેપારીનો લેબાસ પહેરી ત્હેને ઘેર જવાનો ઠરાવ કર્યો. ત્યાં ગયા પછી ઘરધણીએ ત્હેને ઓળખ્યો નહિ પણ પોતાની હમેશની આદત પ્રમાણે ત્હેને માટે બહુ મહેનત લઇ, સભ્યતાપૂર્વક વર્તી પરોણાચાકરીને લગતી બધી બાબતોમાં કાંઈ ચૂક ન કરી ને ઉણું ન રાખ્યું. પછી ત્હેને એક ચોતરાપર બેસાડયો, તે ચોતરાની જાળી વાળી એક બારી દરાખની વાડીમાં પડતી હતી, ને ત્યાંથી પાકેલી સુંદર દ્રાક્ષો માંડવા ઉપર દેખાયા કરતી હતી. ત્યાં જઈ થોડીવાર બેઠા ત્યાંપણ ઘરધણીએ નોશીરવાનની એવી ચાકરી ઉઠાવી કે તે બહુજ વિસ્મય થયો જ્યારે ત્હેમની બેઠક પૂરી થઇ ત્યારે તે બોલ્યો, શેઠ, હું એક વેપારી છું, ને ત્હારા પુરૂષાર્થ તથા સખાવતની વાત સાંભળી મ્હેં ત્હને તસ્દી આપી છે, ત્હારી ભલાઇ તથા એહસાનની આદત વિશે જે મ્હેં સાંભળ્યું હતુ, તે

જ્યારે નજરોનજર જોયું ત્યારે તો ત્હેના કરતાં હજાર ગણું નીકળ્યું.

હવે હું જાઉં છું. પણ ત્યાર પહેલાં તું મ્હને કહે કે હું ત્હારે સારૂં શું બક્ષેશ મોકલું, ને શું ભેટ આપું? ઘરધણીએ કહ્યું, ત્હારા

પુણ્યથી મ્હારે બધી બાબતનું સુખ છે, પણ જ્યારે મ્હોટાઇનો પરદો આપણા વચ્ચેથી ખસી ગયો છે, ને જુદાઈ જેવું કાંઇ રહ્યું નથી, ત્યારે હું કહું છું કે મ્હને દ્રાક્ષ ખાવાનું મન થયું છે, જો ત્હમે કોઈ વાડીમાં જાઓ યા તો ત્હમને ભેટ તરીકે કોઇ દ્રાક્ષ આપે તો થોડી મ્હારી તરફ મોકલજો. **નોશીરવાન** કહે, મ્હેં ત્હારા બાગમાં પુષ્કળ દ્રાક્ષ જોઇ છે, ત્હેમાંથી તુ કેમ નથી ખાતો? તે બોલ્યો, હમારો પાદશાહ બહુજ બેપરવા ને જુલ્મીછે, રૈયતના ભલાની ત્હેને બિલ્કુલ પરવા નથી. સૌ દ્રાક્ષવાળાની દ્રાક્ષો પાકી ગઇ છે, તોપણ કોઇને હજુ ત્હેણે નીમ્યો નથી કે જે આવી ત્હેની આસપાસ વાડ કરી જાય. વાડ ન હોવાથી માણસો દ્રાક્ષ ખાઇ જાય છે, પણ હું તેમ નથી કરતો, કારણ આ બાગપર હક્ક ત્હેનો છે, ને હજુ ત્હેણે વાડ બાંધી નથી લીધી, તેથી તે પહેલાં જો હું તેમાંથી ખાઉં તો મ્હેં અપ્રમાણિકતા વાપરી કહેવાય. ને મ્હારા ધર્મમાં બીનદયાનતદારી ને અપ્રમાણિકતાનો પ્રતિબંધ કરેલો છે. જ્યારથી કાચી દ્રાક્ષની કળીઓ દેખાય છે, ત્યારથી હું બાગનો દરવાજો બંધ કરૂં છું, ને ત્હેના પર મહોર છાપ મારૂં છું, તથા કોઇપણ માણસ ત્યાં જાય નહિ એવો બંદોબસ્ત કરૂં છું. જ્યાંસુધી પાદશાહ પોતાનો દશાંશ લઇ લે ત્યાં સુધી હું આ પ્રમાણે ચાલું છું, ને પછી દ્રાક્ષને હાથ લગાડું છું. આ વાત સાંભળી **નોશીરવાન** રડ્યો, ને કહ્યું કે તે બેપરવા જુલ્મી પાદશાહ હું પોતેજ છું. ને ત્હારા પ્રમાણિકપણાને લીધે તે ગફલતની ઊંઘમાંથી હું જાગ્યો છું. ત્યાર પછી પોતે ઇનસાફનો રસ્તો પકડ્યો, ને પેલા માણસને ઊંચે ઓહ્દે ચડાવી બહુ માન આપ્યું.

દયાનતદારીથી કામકાજ નિયમિત થઈ જાય છે,
પ્રમાણિકતાને લીધે માણુસને સંપૂર્ણતા મળેછે.
વગર મહેનતે પ્રમાણિકતાથી લોકોને,
બંને દુનીઆનું સુખ પ્રાપ્ત થાય છે.

ઇતિહાસમાં એવી વાત આવેલી છે કે બલ્ખ શહેરના અમીરનો છોકરો એક દીવસ ફરવા નીકળ્યો હતો. જતાં જતાં ત્હેણે એક બાગની નીચી દીવાલ જોઇ. અંદર જોતાં એક ઘરડો માણસ દેખાયો, ત્હેની કમરે કરતી હતી ને હાથમાં પાવડો હતો, ત્હેનાવડે તે ઝાડ રોપતો હતો. અમીરજાદાએ પૂછ્યું, કે જે ઝાડનાં ફળ તું ખાઈ શકે તેમ નથી, ત્હેને તું શા માટે રોપે છે? ડોસો બોલ્યો, આપણા પહેલાં બીજાઓ વાવી ગયા હતા, તે આપણે ખાઇએ છીએ. હવે આપણે વાવવું જોઇએ કે બીજાઓ તે ખાય. વખતે એવું પણ બને કે આપણે પણ ખાઇ શકીએ. અમીરનો છોકરો જુવાન મદનો ભરેલો ને તેથી જરા મગરૂર હતો. તેણે કહ્યું હું અધરામાં અધરા સોગંદ ખાઇ કહુંછું કે આ બાગનાં ફળ તું તો ખાવા નહિજ પામે. એટલું કહી પોતે ચાલતો થયો. ડોસાએ કોઇને પૂછ્યું કે એ કોણ હતો? ત્હેણે કહ્યુ, બલ્ખના અમીરનો છોકરો. કેટલાક વખત પછી ઘોડાપર બેશી પોતાના રસાલા સાથે અમીરનો છોકરો બહાર જતો હતો, તેવામાં પેલાજ બાગ પાસે તે આવી પહોંચ્યો ને જીવને બહુ રાહત આપે તેવી ખૂબનૂમા હવાવાળી જગા—

જેનાં સઘળાં ઝાડ ઉંચે ગએલાં,
ને જેનાપર સુંદર પાકાંફળ લટકતાં હતાં,
જેમાં ઉંચાં ઝાડોના મથાળાપરથી

૪ સુંદર કંઠવાળાં પક્ષીઓ ગાયન ગાતાં હતાં—

જોઇ તે બહુ પસંદ કરી, ત્યાંજ ઘોડો ઉભો રાખ્યો, ને ત્હેના પરથી ઉતરી પડી પોતે અંદર ગયો. કસ્તીવાળો એક ઘરડો માણસ ત્યાં ફરતો ત્હેની નજરે પડ્યો. ત્હેણે અમીરજાદાને જોયો પણ ઓળખ્યો નહિ તેમ અમીરના છોકરાએ ત્હેને પણ પીછાણ્યો નહિ. ડોસો કેટલાક સુંદર મેવાની થાળ ભરી તેની પાસે લાવ્યો. પોતે ખાવા માંડ્યું, ને ખાતાં ખાતાં થોડો મેવો હાથમાં લઇ ડોસાને આપ્યો, ને કહ્યું, તુ પણ હમને ખાવા લાગ. ડોસાએ તે મેવો લઇ એક ચાકર પાસે ઉભો હતો, ત્હેને આપી દીધો ને કહ્યું કે મ્હારે આ મેવો ખાવો લાયક નથી. અમીરજાદાએ પૂછ્યું, કેમ ? શા માટે ? ડોસો બોલ્યો, એટલા માટે કે જ્યારે આ ઝાડ હું વાવતો હતો ત્યારે બલ્ખના અમીરનો છોકરો અહિં આવ્યો હતો, ને ત્હેણે મ્હને મ્હેણું માર્યું હતુ કે ત્હારી ઉમર આવી રહી છે, ને કબરના મ્હોડા સુધી તો તુ આવી પહોંચ્યો છે, તે છતાં તુ કેવી મ્હોટી લાંબી આશાઓ બાંધતો હશે કે આ ઝાડ રોપે છે? એનાં ફળ કેટલાં વરસ પછી આવશે ? મ્હેં ત્હેની વાતનો જવાબ આપ્યો, તો પણ ત્હેણે સોગંદ લઇ કહ્યું કે તું આ ઝાડનાં ફળ ચાખવા નહિ પામે હું ફક્ત એટલી માનપૂર્વક વૃત્તિથી આ મેવાને અડકતો નથી કે વખતે તે જીવતો હોય ને અમીરની ગાદીએ બેઠો હોયતો ત્હેના સોગંદ ખોટા ન પડે ને હું પણ મ્હારૂં પણ ચૂક્યો ન કહેવાઉં. પેલા છોકરાએ કહ્યું કે તે અમીરજાદો તો હુંજ, ને તે સોગંદ પણ મ્હેંજ લીધા હતા. ત્હેં આવું પ્રમાણિકપણું બનાવ્યું છે ત્હેના બદલામાં હું ત્હને મ્હારો વજીર બનાવું છું, ને કોઇ પણ કામ

ત્હને પૂછ્યા વગર હવે હું કરીશ નહિ. ડોસાએ થોડો વખત માથું નમાવી વિચાર કર્યો ને પછી ડોકું ઉચું કરી બોલ્યો, ત્હેં કહ્યું તે મ્હારે કબૂલ છે, પણ પાદશાહ મુસલમાન ને વજીર પારસી (અગ્નિ-પૂજક) હોય તે ઠીક લાગે નહિ, તેથી પોતે કસ્તી તોડી નાંખી, ને મુસલમાની ધર્મનો કલમો તરતજ પઢયો, ને પ્રમાણિકપણાના આશરાથી ઇસ્લામ ધર્મનું સુખ પ્રાપ્ત કર્યું.

જો ઉંચો દરજ્જો જોઇએ તો પ્રમાણિકપણાથી મ્હોટું ફેરવ નહિ.

ત્હને કહેવા જેવું કહ્યું, ને બાકી ખરી વાતતો અલ્લાહ જાણે છે.

પ્રકરણ ૨૪ મુ.

આપેલું વચન પાળવા વિશે.

મ્હોટા મનના, સંપૂર્ણતાને પામેલા માણસો આપેલું વચન પાળેછે, અને પ્રતિજ્ઞા પૂરી કરવી તે વખાણવા લાયક ગુણવાળા માણસોની ટેવ છે. જે વચનરૂપી ગાલપર સિદ્ધિરૂપી તલ હોય છે, ત્હેના પ્રેમની જાળની દોરીમાંથી કોઈ પણ માણસના હૃદયનું પક્ષી છૂટવા માગતું નથી. પવિત્ર પ્રભુએ કહ્યું છે કે 'ઓ મોઅમેનો, એક બીજાને જે વચન "આપોછો તે પાળો" વળી બીજી જગાએ કહ્યું છે, 'મ્હને જે વચન આપ્યું છે તે ત્હમે પાળો, તો હું ત્હમને મ્હે

વચન આપ્યું હશે તે પાળીશ', એટલે ત્હમારા વચન પાળવાના બદલામાં હું ત્હમારૂં સારૂં કરીશ, વળી મહમ્મદના મુખની દંતકથામાં પણ આવ્યું છે કે 'જે વચન પાળતો નથી ત્હેને ધર્મ પણ નથી,' મતલબ જે પોતાની પ્રતિજ્ઞા પાળે નહિ તે બરાબર ધર્મ પાળતો નથી.

સારા માણુસનાપર વચન પાળવાના
કરતાં બીજી બહેતર ફરજ નથી.

એક દિવસ હઝરત ઇસ્માઇલ (ત્હેમનાપર તથા હમારા પેગંબરપર પ્રભુની સલામ હોજો) રસ્તામાં એક મિત્રને મળ્યા. ચાલતાં ચાલતાં ત્હેના ઘર આગળ આવી પહોંચ્યા. ત્હેણે ઇસ્માઇલને કહ્યું ત્હારી સોબત મને બહુ ગમે છે, તેથી વચન આપ કે મ્હારે ઘરમાં (અંદરના ભાગમાં ઝનાનામાં) બહુ અગત્યનું કામ છે, તે કરી હું તરતજ પાછો આવું ત્યાં સુધી તુ અહિં બેસીશ. ઇસ્માઇલે વચન આપ્યું ને પોતે ત્યાં વાટ જોતો બેઠો. પેલો માણુસ ઘરમાં ગયો, પણ કામ બહુ મ્હોટું નીકળ્યું, તેથી પોતે કરેલો વાયદો તથા ઇસ્માઇલ બંનેને ભૂલી ગયો, ને પોતાના કામમાં મશગૂલ થઈ ગયો. તથા ઘરને બીજો રસ્તો હતો ત્યાંથી બહાર પણ નીકળી ગયો. ત્રણ દીવસ પછી એનું પેલી જગાએ આવવું થયું તો ઇસ્માઇલને ત્યાં દરવાજાપર બેઠેલો જોયો. પોતે બોલ્યો કે અરે મિત્રતાના વૃક્ષના ફળ, ઓ ધર્મના પિતા જેવા પુરૂષના પુત્ર, તુ અહિં કેમ બેઠોછે ? ઇસ્માઇલ કહે, જ્યારથી તું વાયદો કરી અહિં મને બેસવાનું કહી ગયો છે, ત્યારથી હું બેઠોછું; ને ત્હારા પાછા આવવાની વાટ જોતો રસ્તાપર નજરકયા કરૂં છું, પેલાએ કહ્યું હું ન આવ્યો ત્યારે તું

જતો કેમ ન રહ્યો? ઇસ્માઇલે જવાબ આપ્યો કે મ્હેં વચન આપ્યું હતું, ને ત્હેનાથી ઉલટું મ્હારાથી કેમ ચલાય? જો તું ઘણા લાંબા વખત સુધી પણ પાછો ન ફર્યો હોત તો હું અહિં બેશીજ રહેત ને આ ગલીનું નાકું છોડી બીજે કાંઇ જાત નહિ. આવા ગુણને માટે પરમેશ્વરે પોતાનાં વચનો (કોરાન)માં એને માટે કહ્યું છે, 'અલબત્ત એજ પ્રતિજ્ઞાપાલક સાચો પેગંબર હતો.'

જે માણસ પોતાનું વચન પાળે છે,

ત્હેને માટે જે વિચાર કરીએ ત્હેનાથી પણ તે ચઢીઆતો નીકળે છે.

પરસ્પર માણસોએ પ્રતિજ્ઞા પાળવી એ પસંદ કરવા જેવી વાત છે. અને પરમેશ્વરને સંબધે વચન પાળવાં એ તેથી પણ બહેતર છે.

પવિત્ર માણસોની વાર્તામાં એક એવી વાત છે કે એક શેઠ પાસે ગુલામ હતો, તે બહુ ધાર્મિક હતો, તથા પ્રભુથી બ્હીનો હતો. એક વખતે એકાએક આ શેઠ બીમાર પડયો, પોતે પરમેશ્વર પાસે માનતા લીધી કે જો હું આ મંદવાડમાંથી સાજો થઇશ તો આ ગુલામને છૂટો કરીશ. પ્રભુએ ત્હેને સારૂં કર્યું, પણ શેઠને ગુલામ બહુ ગમી ગયો હતો, તેથી ત્હેને છૂટાપણું આપ્યું નહિ. ફરી પાછો માંદો પડયો. ગુલામને કહ્યું, જા જઇને વૈદને બોલાવી લાવ, કે મ્હને દવા આપે. ગુલામ બહાર જઇ પાછો આવ્યો. શેઠે પૂછ્યું, વૈદ કયાં છે. ગુલામે કહ્યું, વૈદ તો એવું કહેછે કે એ મ્હારા કહ્યાથી ઉલટો ચાલેછે, ને પોતે કહેછે તે પાળતો નથી, તેથી હું એની દવા નહિ કરૂં. પેલો શેઠ ચેતી ગયો, ને કહ્યું કે જા, વૈદને કહે કે

મ્હેં શત્રુભાવ મૂકી દીધો છે, ને વચનભંગને માટે મ્હેં પશ્ચાત્તાપ કર્યો છે, હવે પછી,

અગર જો કે મ્હારૂં માથું જશે તો પણ હું વચન ભંગ નહિ કરૂં.

ગુલામે કહ્યું, વૈદ કહેછે કે જો તુ પ્રતિજ્ઞા પાળીશ તો હું પણ ત્હને સાજા થવાની દવા આપીશ. શેઠે ગુલામને છૂટાપણું બક્ષ્યું, ને તરતજ તે સાજો થઇ ગયો.

જો તુ ભાવથી પરમેશ્વરને આપેલું વચન પાળીશ તો,

કોઇ દહાડો તે ગહેરબાની ને ઉદારતાથી પોતાનું વચન પણ પાળશે.

એક વખત એક પાદશાહનાપર કાંઇ મુશ્કેલ કામ આવી પડયું, પોતે પ્રતિજ્ઞા કરી કે જો આ કામ મ્હારી મરજી પ્રમાણે પાર ઉતરશે તો મ્હારા ખજાનામાંની સઘળી નકદી હું ગરીબ ગુરબા તથા ફકીરોમાં વહેંચી દઇશ. પરમેશ્વરે જલદીથી ને સારી રીતે ત્હેનું કામ કરી આપ્યું. પછી પાદશાહે પોતાનું વચન પાળવાની ઇચ્છા કરી, ને ખજાનચીને બોલાવ્યો કે બધી નકદીનો હિસાબ કરે. હિસાબ કરતાં રકમ બહુ મ્હોટી થઇ, ને તેથી ત્હેના કારભારીઓએ કહ્યું, કે આટલું બધું રોકડ કાંઇ દરવેશોમાં વહેંચી દેવાય નહિ, કારણ પછી લશ્કરને આપવાનું કાંઇજ રહેશે નહિ. પાદશાહ કહે મ્હેં પ્રતિજ્ઞા લીધી છે કે આ બધો પૈસો હાજતમંદ માણસોને હું દાન કરીશ. કારભારીઓએ રદીઓ આપ્યો કે મ્હોટા પંડિતોનું કહેવું પણ એવું છે કે કોરાનની આયત 'અને ત્હેમનાપર કામ કરનારા વગેરે'—પ્રમાણે પાદશાહના નોકરો પણ હાજતમંદ માણસો

ગણાય. આ સાંભળી પાદશાહ અજાયબ થયો, ને ઝરૂખામાં બેઠો બેઠો વિચાર કરતો હતો, તેટલામાં એક ગાંડો માણસ ત્યાંથી પસાર થતો હતો, ત્હેને બોલાવી મંગાવ્યો, કે ત્હેની જોડે આ બાબતમાં મસલેહત કરે, પછી ત્હેને બૂમ પાડી બોલાવ્યો ને પાદશાહે કહ્યું "અરે ગાંડા માણસ, મ્હેં પરમેશ્વર પરાયણ એવી પ્રતિજ્ઞા કરી હતી કે મ્હારૂં કામ જો ફતેહમંદ થશે તો મ્હારા ખજાનામાં જેટલું રોકડ હશે તેટલું બધું પ્રભુ પ્રીત્યર્થે દાન કરીશ. મ્હારૂં કામ તો થયું પણ તીજોરીમાં રોકડ માલ પુષ્કળ છે, તેથી મ્હારા અમીર ઉમરાવોને એ વાત પસંદ આવતી નથી ને તેઓ પંડિતોની મદદ લાવી એવું સાબિત કરે છે કે સિપાઇઓ પણ હાજતમંદ માણસના વર્ગમાં ગણી શકાય. હવે એ વિશે તુ શું કહેછે." ગાંડાએ પૂછ્યું, કે જે વખતે ત્હેં આ પ્રતિજ્ઞા લીધી તે વખતે ત્હારા મનમાં સિપાઇઓનો વિચાર આવ્યો હતો? પાદશાહે કહ્યું, ના, માત્ર, ગરીબ ગુરબા ભિખારૂઓનોજ વિચાર મ્હારા મનમાં હતો. ગાંડો બોલ્યો, કે ત્યારે તો જેમને વિષે ત્હારા મનમાં વિચાર આવ્યો હતો ત્હેમનેજ આપ. એક અમીર કહે, કે, ગાંડા માણસ, માલ તો પુષ્કળ છે, ને લશ્કર પાસે માલમતા કે પગાર કાંઇ નથી. ગાંડાએ પેલા અમીર તરફથી પોતાનું મ્હોડું ફેરવી નાંખ્યું ને પાદશાહને પૂછયું કે જેની ત્હેં માનતા લીધી હતી તથા જેને વચન આપ્યું હતું. ત્હેનું પાછું ત્હારે કોઇ વખત કામ પડશે કે નહિ? જો કામ પડે એવું હોય તોતો ત્હારૂં વચન પાળ, ને જો ત્હેનું કામ ન પડે ને કોઇ દહાડો જરૂર જેવું ન હોય તોતો ત્હારી મરજીમાં આવે તેમ કર. પાદશાહ આ સાંભળી રડી પડ્યો, ને બધો માલ ગરી-

બોને તથા ફકીરોને વહેંચી આપવાનો હુકમ કર્યો.

જ્યારે આખરે તેની જરૂર પડે તેવુંજ છે,
તો ત્હેને આપેલી પ્રતિજ્ઞા પાળવામાં આનાકાની ન કર.
જે લોકો મ્હોટા હાકેમ થયા છે,
તેઓ ભલાઇથી પોતાનાં વચન પાળવાને લીધેજ તેવા થયાછે.
પ્રતિજ્ઞા પાળવી તે શાહનશાહીનું ચિહ્ન છે,

પોતાનું વચન પાળવાની ચિંતા તે કામ કરવાની માહીતી (કાર્યદક્ષતા) બતાવી આપે છે.

જેટલું સુલતાનોને વચન પાળવાનું શોભે છે તેટલું કોઈ બીજાને શોભતું નથી. કારણ ત્હેમનાં વચનો તો બધાને કાને પહોંચે છે, ત્હેમને વિશે વાતચિત દરેક મંડળીમાં થાય છે, ને ત્હેમનાં વચનો તથા પ્રતિજ્ઞાઓની આખી દુનિયાને ખબર પડે છે. તેથી જ્યારે તેઓ પોતાના વચન પ્રમાણે નથી ચાલતા ત્યારે તેમના મિત્રો કે શત્રુઓ કોઈ પણ તેમનો વિશ્વાસ કરતા નથી.

હોશંગની શિખામણોના પુસ્તકમાં લખેલું છે કે, ઓ પુત્ર, વચન ભંગ કરવા તથા પ્રતિજ્ઞા નહિ પાળવાથી દૂર રહે, કારણ ત્હેનાં ખરાબ પરિણામ ઝટ જણાઇ આવે છે.

સિદ્ધિરૂપીહસ્ત પ્રતિજ્ઞાની કમર આસપાસ મેલ.
વચન ભંગ કરનાર ન થવાય તેવો પ્રયત્ન કર.

રાજા તરીકે પોતાની જવાબદારી અદા કરવી, એ પણ રાજાઓની એક ફરજ છે.

અફ્રાસિયાબ જુલ્મી હાકેમોની સ્થિતિની માહીતી મેળવવા તથા જેમનાપર જુલમ થયો હોય તે માણસોની હાલતની તપાસ

રાખવામાં બહુ આગ્રહી હતો, તથા તે કામમાં પુષ્કળ રંજ ખેંચતો. એક દિવસ થોડા દરબારીઓએ ત્હેને કહ્યું કે, ત્હમે આ વિષયનો બહુ આગ્રહ રાખો છો તથા નથી બહાર જતા, નથી ફરતા હરતા, કે ખૂશી ખુર્‌રમીમાં વખત કાઢતા. ત્હેણે કહ્યું મ્હારા વચનથી ઉલટું મ્હારાથી ચલાય નહિ. તેઓ બોલ્યા, હમે તો ત્હમારા વચન વિશે કાંઇ સાંભળ્યું નથી. ત્હેણે કહ્યું, પાદશાહ પોતાની જાતેજ એકવચન જેવો છે, અને પાદશાહ ને માથે એટલો જુમ્મો છે કે આ વચન પાળવુંજ. જુલ્મી માણસોને હાથે જેમને દુ:ખ પડતું હોય ત્હેમની દાદ સાંભળવી તે એ વચનનું પાલન કહેવાય. જે કોઇ એ રસ્તે ચાલતો નથી, ત્હેણે પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કર્યો છે.

ધર્મિ ને પ્રમાણિક પુરૂષો પોતાની પ્રતિજ્ઞાથી કદી ઉલટા ચાલતા નથી.

એક પાદશાહે એક ડાહ્યા માણસને પૂછ્યું કે શા ગુણથી માણસ સૌને પ્રિય થઇ પડે છે. ત્હેણે કહ્યું, વચન પાળવાથી. પ્રતિજ્ઞા પાળવાના સદ્‌ગુણની એક ખૂબી એ છે કે આ દુનીઆની હમેશગીનો આધાર એનાપર છે. કારણ દુનીઆનો આધાર પાદશાહીપર છે, પાદશાહનો લશ્કરપર; રાજાઓ પોતાનો ખજાનો લશ્કર તથા સેનાપર એટલા માટે બક્ષે છે કે દુશ્મન નિકળી આવે ત્યારે તેઓ પોતાની વફાદારી બતાવે. જો વફાદારીપર આ પ્રમાણે વિશ્વાસ રાખવાનો ધારો દુનીઆમાંથી જતો રહે તો પછી થઇ રહ્યું, સિપાઇઓપર કોઇ ભરોંસો રાખે નહિ, ને રાજના કારભારમાં ખલેલ પડે. વળી સોદાસલૂકમાં, ધંધામાં, ખેતીમાં, વેપારમાં, ઘણુંખરૂં વચન તથા વિશ્વાસપર જ કામ ચાલે છે. જો તે પ્રમાણે લોકો ચાલે

નહિ તો દુનીઆના વ્યવહારનું નિયમિતપણું ને બન્દોબસ્ત નાબૂદ થઇ જાય. આટલા માટે વચન પાળવાનો રસ્તો તો કદી છોડવો નહિ, અને સૌએ એવા વફાદાર માણસોની સોબત જ શોધવી જોઇએ,

જે ત્હને વફાદાર રહે તેવા માણસ તરફ ત્હારૂં મન દોડાવ.

કે તે પોતાનો જીવ ત્હારાપર આવી પડતી આફતના તીર સામું નિશાન તરીકે ધરે.

જે ખરેખરો ત્હારો અંતઃકરણ પૂર્વક મિત્ર હોય ત્હેની,
દોસ્તી જીવ કરતાં પણ વહાલી ગણ.

આપણો જીવ, જેના કરતાં દુનીઆમાં બીજું કોઈ બહેતર મિત્ર નથી.

તે જો આપણને કોઇ વફાદાર ન હોય તો કાંઇ કીંમતનો નથી.
દુનીઆમાં મિત્ર તો ઘણા મળે,
પણ વફાદાર હોય એવો કોઇ નહિ મળે.
જે માણસ સાચો, નિખાલસ હોય ત્હેની સોબત કર,
ત્હેનેજ પકડ, કારણ તેજ વફાદાર નીવડશે.

ખોરાસાન દેશના ઇતિહાસમાં લખેલું છે, કે જ્યારે **યાકૂબ લયસ** **નીશાપૂર** પહોંચ્યો ત્યારે ત્યાંનો **હાકેમ મહમ્મદ તાહેર** હતો, ત્હેણે ત્હેની સામે બળવો કર્યો. **યાકૂબે** શહેરને ઘેરો ઘાલ્યો પણ **મહમ્મદના** બધા દરબારીઓએ છાનામાના તેનાપર કાગળો મોકલ્યા ને યાકૂબ તરફ પોતાની વફાદારીની લાગણી બહુ આગ્રહપૂર્વક તેમાં બતાવી. પણ ઈબ્રાહીમ કરીને એક મ્હોટો દરવાન હતો તેણે બિલકુલ કાગળ પણ લખ્યો નહિ તેમ કોઇને ત્હેની પાસે મોકલ્યો પણ

નહિ. જ્યારે નીશાપૂરને પોતે જીતી લીધું ને રૈયત તથા લશ્કર ત્હે-ની હકૂમત નીચે આવી ગયાં ત્યારે યાકૂબે ઇબ્રાહીમને બોલાવ્યો, ને પૂછ્યું કે ત્હારા બધા સોબતીઓએ કાગળો મોકલ્યા ત્હેમાં તુ કેમ શામેલ થયો નહિ? તે બોલ્યો, રાજા સાહેબ મ્હારે ત્હમારી જોડે આગળનું ઓળખાણ ન હતુ, કે તે હું પાછું તાજું કરૂં. તેમ મહમ્મદ તાહેરની સામે મ્હારે કાંઇ ફરીયાદ કરવા જેવું હતુ નહિ કે હુ ત્હેના તરફ શત્રુભાવ બતાવું. તેમ મ્હારા અંતઃકરણે મને રજા પણ ન આપી કે જેણે મ્હને આટલાં વરસ સુધી પાળ્યો ને ઇનામ આપ્યાં ત્હેનો ઉપકાર આ પ્રમાણે બેવફાદાર થઇ હું ભૂલી જાઉં, તથા મ્હા-રાં આગળનાં વચનો તોડું.

વફાદારીના રસ્તાપરથી મ્હારૂં શિર ઉંચકું ત્હેવો હું નથી,

જો કે કલમની પેઠે મ્હારું એક અંગ બીજાથી છુટું પડે તો-પણુ શું થયું?

યાકૂબ બોલ્યો, ત્હારાપર મહેરબાની બતાવવી જોઇએ એવો તુ માણુસ છે. તથા ત્હારી વર્ત્તણૂક એવી છે કે તેનો ત્હને સારો બદલો મળવો જોઇએ.

વફાદાર માણુસોપર હમેશ આફરીન હોજો.

પછી ચેલા બધામાંથી એને પોતે સ્વીકારી ઇનામ આપવા પસંદ કરી કાઢયો, ને જેમણે પોતાની પરવેરશ કરનાર આગલા ધ-ણી પ્રત્યે નિમકહરામી કરી હતી તેમને જુદા જુદા પ્રકારની શિક્ષા કરી, દુઃખ દઇ, મારી નાંખ્યા.

જે માણુસ પોતાની ફરજ અદા કરવાનું જાણુતો નથી, ત્હેના તરફથી કોઇપણુ પ્રકારની આશા ન રાખ,

જેને વફાદારી નથી ત્હેની જોડે સંબંધ ન રાખ.

જો પ્રતિજ્ઞા પાળવા માટે દુનીઆમાં ત્હારી પ્રખ્યાતિ થાય,

તો ત્હારી ઉચ્ચતાનો ઝુંડો ઉંચા આકાશ કરતાં પણ વધારે ઉંચે ફરકશે.

પ્રકરણ ૨૫ મું.

સચ્ચાઈ વિશે.

સત્યતાને સાચવટ એ સુખ તથા મુક્તિ મેળવવાનું કારણ છે.

છેલ્લે દીવસ સાચવટવાળાં માણસનો તો છુટકોજ થાય છે.

તેથી ત્હેમનામાં તું ગણાય તેવો પ્રયત્ન કર.

અહિંઆં (આ દુનીઆમાં) સાચવટ રાખ,

કે ત્યાં (પેલી દુનીઆમાં) તું મોક્ષ પામે.

મ્હોટેરાઓ કહી ગયા છે કે, વર્ણન કરનારનો પગ જે પોતે કહેછે ત્હેના કરતાં ઉલટી વાતના પથ્થર જોડે અથડાય તેવા મેદાન કરતાં સચ્ચાઇનું મેદાન વધારે વિસ્તારવાળું છે. જ્યાં સુધી સચ્ચાઇનું ફુલ વાતચિતની વાડીમાં ફળદ્રુપતાની આશા (સુગંધ) આપે છે, ત્યાં સુધી આપણા બોલતા જીવને અસત્યતાનો તોરો બાંધવો ઘટતો નથી.

આપણી પવિત્ર જીભને બહુ શરમ લાગેછે,

કે ત્હેને ત્હમે અસત્યતાના કાદવથી ખરડી નાંખો છો.

જો સચ્ચાઇના રસ્તાપરથી ત્હમારો પગ ખસેડો નહિ,

તો ઉંચે ફરતા આકાશ કરતાં પણ વધારે ચઢીઆતા ત્હમે થઇ શકો.

એક મ્હોટો ધર્માચાર્ય કહી ગયો છે કે, તકરારને ખાતર એમ કબૂલ કરો કે જૂઠું બોલનારને સજાનો ભય ને સાચું બોલનારને સુખની આશા નથી. તોપણ અક્કલમંદ પુરૂષતો જૂઠાણાથી દુર નાસશે ને સચ્ચાઇ તરફજ વળશે. કારણ જૂઠાણાને લીધે માણુસ નીચ તથા ધિક્કારયુક્ત બને છે.

આડે રસ્તે ચાલવાથી ન્યૂનતા તથા ઓછાપણું આવેછે.

જો સાચવટ હોયતો સઘળા દુ:ખમાંથી છુટાય છે.

એવું કહેવાય છે કે મુસ્તરશેદે ખલીફ પોતાના વસીયત નામામાં પોતાના છોકરાને લખી ગયો હતો કે જો ત્હારી એવી મરજી હોય કે લોકો ત્હારાથી બ્હીએ તો તું જૂઠું બોલનો નહિ. કારણ જૂઠું બોલનારાઓનો કોઇને ધાક હોતો નથી. ત્હેની આસપાસ ત્હેનું રક્ષણ કરવાને હજાર તલ્વારો હોય છે તો પણ તે નકામી થઇ જાય છે. એના રસાલામાં જોર નાગી તરવાર લઇને ચાલનારાઓ હોય પણ જો ત્હેની ધારમાં સચ્ચાઇરૂપી પાણી ન હોયતો માણુસોની નજરમાં ત્હેનો બિલકુલ મોભ્ભો પડતો નથી.

તું ત્હારા કામમાં સચ્ચાઇ વાપર.

તેથી તું છૂટશે ને મોક્ષ પામશે.

કોઇ માણુસ ગમે તેટલો કાવત્રાખોર હોય

તોપણ આખરે સત્યવાદિઓના ગુલામ ત્હેને થવું પડેછે.

જો કે કમાનની દોર ઘણી પણ સખ્ત હોયછે,

તોપણ તીરની પાસેતો ત્હેને નમ્ર થવુંજ પડે છે.

એવું કહેવાય છે કે ક્રૂર હજ્જાજે કેટલાએક માણુસોને શિક્ષા કરી. જ્યારે ત્હેમાંના એક જણુનો શિક્ષા ખમવાનો વારો આવ્યો ત્યારે ત્હેણે કહ્યું, અમીર સાહેબ મ્હને મારશો નહિ, કારણ ત્હમારા ઉપર મ્હારો એક હક મ્હેં સાબિત કર્યોછે. હજ્જાજ કહે, ત્હારો મ્હારાપર શો હક છે. પેલો બોલ્યો, ફલાણો ફલાણો ત્હારો દુશ્મન ત્હને ગાળો દેતો હતો, ને ત્હારા સંબંધે ખરાબ વેણ ઉચરતો હતો. મ્હેં ત્હેને તેવું કરતાં અટકાવ્યો, ને ત્હને ગાળો દેતો બંધ કર્યો. હજ્જાજે પૂછ્યું, એ બાબતનો કોઇ સાક્ષી છે? તેણે કહ્યું, હા છે તેમ કહી બીજા કેદી તરફ ઇશારત કરી બતાવ્યો કે એ પણ તે મંડળીમાં હાજર હતો. તે કેદીએ શાહેદી પૂરી કે હા, હું ત્યાં હતો, ને એને મ્હેં પેલા માણુસને ત્હને ખરાબ ગાળો દેતાં અટકાવતાં સાંભળ્યો હતો. હજ્જાજ બોલ્યો, ત્હેં પણ તેમાં કેમ ભાગ લીધો નહિ ને એની ભેળા મ્હારા દુશ્મનને અટકાવ્યો નહિ. પેલા કેદીએ કહ્યું, મ્હારા દુશ્મન તરીકે હું ત્હને ગણુતો હતો, ને તેથી ત્હારી તરફેણ લેવી મ્હારે યોગ્ય નહતી. હજ્જાજે હુકમ કર્યો કે એ બંનેને છોડી દો. એકને તેના હકની ખાતર, બીજાને ત્હેની સત્યતાની ખાતર. આને લીધે લોકોમાં એવી કહેવત ચાલીકે, 'જો જૂઠાણું કોઇને છોડવી શકે છે તો સચ્ચાઇ ત્હેનાથી વધારે છોડવી શકે છે.'

જ્યાં સત્ય પોતાનો ઝુંડો ઉરાડે છે,
ત્યાં પરમેશ્વરની મદદ પણ આવી મળેછે.
પોતાની સત્યતા કોઇ છુપાવાતું નથી.
સત્ય વાત વાળાને કોઇ નુકશાન કરી શકતું નથી.

સત્યતા રાખ કે તું મુક્તિ પામે.
તું સત્યતાથી ચાલ, પ્રભુ તને ફતેહ આપશે.
જ્યારે વાતચીતમાં તું સત્યતા રાખેછે
ત્યારે ત્હારા શબ્દોથી પ્રભુ પણ જીતાશે.

જેમ જૂઠાણાને લીધે આબરૂ ઓછી થાયછે, તેમ ઠઠ્ઠાબાજી, મશ્કરી, ઠોળીઆપણું, ને ખેલવા કુદવાથી પણ માનનો ભંગ થાય છે. ખાસ કરીને સત્તા વાળા પુરૂષોની બાબતમાં તો ઠઠ્ઠા મશ્કરીને લીધે ત્હેમના હાથ તળેનાં માણસો વધારે ફાટેછે, ને ત્હેમની મ્હોટા-ઇનો વિચાર ત્હેમના મનમાં રહેતો નથી. વળી એમ પણ બને કે જેની ત્હેમણે મશ્કરી કરી હોય તે પોતાના મનમાં વેર રાખી, વખત જતાં ત્હેનાપર ખાર પણ કાઢે, ને ત્હેને લીધે તોફાનફિતૂર થાય,

રોશનાઈ નામનાં કાવ્યમાં લખ્યુંછે કે,
ગાળોદેવી, મશ્કરી ઠઠ્ઠા કરવા, એ ત્હારો ધંધો બનાવ નહિ.
ખબરદાર, ત્હારા પોતાના પગપર કુહાડો મારીશ નહિ.
જો તું રાજા હઇશ, તો ઠઠ્ઠાબાજી કરવાથી ત્હારી આબરૂ જશે,

જો તું ચંદ્ર જેવો હઇશ, તોપણ રસ્તાની ધૂળ જેવો ત્હને તે બનાવશે.

વળી મ્હોટા ઓહ્દેદાર માણુસોએ પૂઠ પછવાડે કોઇની નિંદા કરવી તે તેમને મુનાસબ નથી, કારણ કોઇના મ્હોડાપર ત્હેને જે ક-હેવું હોય તે કહી શકે એટલી તેમનામાં સત્તા હોય છે. તેથી ત્હેમણે પણ નિંદાખોર માણુસોમાં પોતાને ન ગણુવા જોઇએ. ને પોતાના નોકરોને પણ બીજાની ગીબત કરતાં અટકાવવા જોઇએ. કારણ નિંદાના બહુ ખોટાં પરિણામ આવે છે, ને આ તથા પેલી દુનીઆ-

માં તેનાથી બેશુમાર નુકસાન થાય છે.

જ્યાં સુધી બને ત્યાં સુધી કોઇની નિંદા કરવી નહિ,
કારણ તેમ કર્યાથી આબરુ જાયછે.
નિંદાખોર જે કહે તે સાંભળવું નહિ,
કે જેથી ત્હેમાં તું પણ ભાગિયો ગણાય નહિ.

પ્રકરણ ૨૬ મું.

હાજતો પૂરી પાડવા વિશે.

જેના મનમાં એમ હોય કે પરમેશ્વર મ્હારી તંગીઓ પૂરી પાડે તેણે યથાશક્તિ બીજા લોકોની હાજતો પણ પૂરી પાડવી જોઇએ. મહમ્મદની દંતકથામાં આવેલું છે કે જ્યાં સુધી પરમેશ્વરના સેવકોને (આદમીઓને) કોઈ સેવક (માણસ) મદદ કરે છે ત્યાં સુધીજ પોતે ત્હેને યારી આપે છે.

જો પ્રભુની બક્ષેશો લેવા આશા રાખતો હોય,
તો દુઃખી માણસો ઉપર તું પણ મહેરબાની રાખ ને ઉપકાર કર.

ઇતિહાસમાં કહેલું છે કે જેના તરફ ઇશ્વરી ઇનામો પોતાનો ચ્હેરો ફેરવે તથા પ્રભુની ઉદારતાની જેના પ્રત્યે વૃદ્ધિ થાય, ત્હેણે હાજતમંદોના દુઃખનો વધારે ભાર ખેંચવો જોઇએ, તથા લાચાર માણસોના ઘણા હક્ક પૂરા પાડવા જોઇએ. કારણ હાજતમંદ મા-

ણુસોના ભૂખમરા રૂપી આફતને બંધ કરવાની ફરજ દરેક માણસના સાધનપર આધાર રાખે છે. જેમ સત્તાવાળા મ્હોટા પુરૂષોનાં સાધન ઘણાં, તેમ ગરીબ માણસોની મુરાદ પુરી કરવાની તથા નિર્બળ માણસોની તંગીઓ પૂરી પાડવાની તેમની ફરજ વધારે. તેથી જ એવો સુખીઓ હોય કે સુલતાન પદની દોલત પ્રભુએ ત્હેને બક્ષી હોય ને તેની મ્હોટાઇનો ઝુંડો પૃથ્વીના વિજય રૂપી મેદાનમાં ફરકતો હોય, ત્હેણે તો રૈયતનાં દુ:ખ ખમવાંજ જોઇએ, ને પોતાની તેવી સત્તાવાળી સ્થિતિમાં ગરીબ માણસોની હાજત પૂરી પાડવાની તક એ મ્હોટો લાભ સમજવો જોઇએ. કોઇ પણ યોગ્ય માણસની ઇચ્છાના ચ્હેરાને તથા તેની મુરાદની સૂરતને મુલતવીપણાના બુરકા તથા ઢીલના પરદામાં રાખી મૂકવાં નહિ. તથા જ્યારે પોતાના સુભાગ્યના પુષ્પને દોલતના બાગમાં ખીલેલું જૂએ તથા સ્વેચ્છાની કળીને પોતાના મુલકની વાડીમાં આડંબરની ડાળીપર શોભતી જૂએ ત્યારે પીડા પામતા ગરીબ માણસોની મુરાદ બર આણવી એ મ્હોટો ફાયદો ગણવો જોઇએ, અને નિર્ધન, નિરાશ થએલા લાચારોની ઇચ્છા પૂર્ણ કરવી એ મ્હોટી તક હાથ આવેલી ગણવી જોઇએ.

ઉદારતાથી રૈયતની ઇચ્છા પૂરી પાડ, કારણ,
એ તો નક્કી છે કે ત્હારે પોતાને પણ મ્હોટી આશાઓ છે.
ફકીરોની મુરાદ મહેરબાનીની રાહે પૂરી કર,
કે ત્હારી પણ જે ઉમેદ હોય તે પ્રભુ પૂરી કરે.

દંતકથામાં એવું આવેલું છે કે મુસલમાનોના હૃદયને આનંદ પમાડવો તે આદમી અને પરીઓ કામ કરે તેની બરાબર છે. તેથી પાદશાહીને અંગે એજ શરત વળગેલી છે કે, હમેશા ગરીબ માણુ-

સોના તંગીઓની ખબર રાખતા રહેવી. ને ત્હેમની ઇચ્છાઓ પૂર્ણ કરી ત્હેમના મનને આનંદ પમાડવો. જેથી આવા મ્હોટા કામનો બદલો ત્હેમને મળ્યા વિના રહેશે નહિ.

સિકંદર પાદશાહ એક વખત રાત પડતા સુધી દરબારમાં બેશી રહ્યો હતો. પણ કોઇએ પોતાની તંગી દૂર કરવાનું તેને કહ્યું નહિ, જ્યારે સભા બરખાસ્ત થવાનો સમય થયો ત્યારે પોતાના દરબારીઓને તેણે કહ્યું કે, આજનો દહાડો મ્હારી ઉમરના હિસાબમાં હું ગણીશ નહિ. એક દરબારીએ કહ્યું, જે દહાડો સારી તબીઅત તથા નિશ્ચિંતનામાં ગયો, ને સલામતી તથા સુખમાંજ રાત પડે છે, આપણા કામકાજ આપણી ઇચ્છા પ્રમાણે ને આપણો કારભાર આપણી મરજી માફક થાય છે, જ્યારે ઉદ્વેગ વિનાની મનની સ્થિતિ પ્રાપ્ત થએલી હોય, ખજાનો આબાદ, ને લશ્કર આયુધ સજ્જિત હોય છે, તે દિવસને પોતાની ઉમરના દિવસમાં પાદશાહ નહિ ગણે તો પછી બીજા કયા દિવસને ગણવાના છે? સિકંદર કહે જે દિવસે પાદશાહ તરફથી કોઇ દુઃખી માણસને દિલાસો મળતો નથી કે કોઇ નિરાશ થએલાની હાજત પૂરી પડતી નથી ત્હેને તે કેમ પોતાની ઉમરમાનો દિવસ ગણી શકે.

પરમેશ્વરની સૃષ્ટિને ફાયદો કરવામાં ઉમરનો,
જેટલો ભાગ જતો નથી તે નકામો છે,
જે જીંદગી પોતાના મનના ખરાબ જુસ્સા તથા ભાવ,
પૂરા કરવામાં જાય છે, તે શું કામની છે?

ચીનના પાદશાહે સિકંદરને પૂછયું કે રાજ્યમદ ભોગવવાની લેઝઝત ત્હેને શેમાં દેખાઇ? ત્હેણે કહ્યું, ત્રણ ચીજમાં, (૧) શત્રુઓને

હરાવવા તથા પાછા હઠાવવામાં. (૨) પોતાના મિત્રો તથા વફાદાર માણસોને ઉંચી પદ્દીએ ચઢાવવામાં. (૩) ગરીબ માણસોની હાજત પૂરી પાડી તેમને સંતોષવામાં. આ સિવાય જે પણ કાંઇ સેઝઝત હોય તે નકામી છે.

શાહકે રાજાની પદ્દીને એટલુંજ પુરતુ છે,
કે ત્હેને જોરે તેઓ દુશ્મનોથી પોતાનો મુલક ખાલી કરે છે,
બીજું, વળી પોતાના મિત્રોની મુરાદ પાર પાડી શકે છે,
ત્હેમની રૈયત ત્હેમનું કામ કરી શકે છે.
ત્રીજું, આશાબંધ માણસની હાજત પૂરી પાડે છે,
ને ત્હેને લજવાવી પાછો કાઢતા નથી.
આ બધામાંથી સુખરૂપી દડો તો તેજ ઉપાડી લે છે,
કે જે પોતાની રૈયતના સુખના વિચારમાં રહે છે.

પ્રકરણ ૨૭ મું.

ધીમે ધીમે તથા ઉંડો વિચાર કરી કામ કરવા વિશે.

'ધીમાપણું પરમદયાળુ તરફથી ને ઉતાવળીઆપણું શયતાન તરફથી' એ દંતકથા પ્રમાણે કોઇપણ કામ ધીમે ધીમે ઉંડો વિચાર કરી કરવું તે પરમદયાળુ પ્રભુના ગુણ જોડે સંબંધ રાખે છે, તથા ત્હેમાં ઉતાવળીઆ થઇ ઝપટ કરવી તે શયતાન જોડે નિસબત રાખે છે. દરેક કામ ધીમે ધીમે કરવાથી તે શોભે છે, ને ઉતાવળ કરવાથી

ઘણાં કામ બગડી જાય છે. જે કામ લાંબો વિચાર કરી આહસ્તે આરંભ્યું હોય તે ઘણું ખરૂં યથેચ્છા પૂરૂં થાયછે, ને ઉતાવળીઆ થઈ ટુંકો વિચાર કરી ઝીંપલાવવામાં આવે છે ત્યાંણું ટકા મરજી માફક થતુ નથી. ને વખતે પેલી દુની દુઃખનું ને આ દુનીઆમાં શરમનું કારણ થઈ પડે છે.

દુનીઆનું કામ તો આસ્તેથીજ કરવું જોઇએ,
કારણ કામ કરવામાં ઉતાવળીઆપણું નકામું થઇ પડેછે.
જો ઉતાવળથી દીવો ન ચેતાવ્યો હોત તો,
ન તું દાઝયો હોત કે ન પતંગીઆને બાળ્યું હોત,
સેવકોને (છૂટકારાની) કૂંચી ધીરજ આણી આપે છે.
ધીરજવાળા માણસને કોઇ પસ્તાવો કરતાં જોતો નથી.

એવું કહેવાય છે કે પર્વેઝે પોતાના કુંવરને શિખામણ હતી કે જેમ તું રૈયતપર હાકેમ છે તેમ અક્કલ ત્હારાપર હ ભાગવે છે. જેમ રૈયતને ત્હારી આજ્ઞા પાળવા તુ હુકમ કરે છે તું અક્કલના ફરમાનથી ઉલટો ન ચાલનો. જે કાંઇ કામ આવ ત્હેમાં ઉંડો વિચાર કરવો ને અક્કલરૂપી હાકેમ જોડે મસલેહત વી; ખસૂસ કરીને એવા કામમાં કે જેમાં લોકોના જીવને દુઃ તેમની માલમતાને નુકસાન થવાનો સંભવ હોય.

હમેશ, વિચાર કર્યા વગર કાંઈ કામ કરવું ના
ઉતાવળીઆપણાનો રસ્તો છોડી દેવો.
જે કોઇ કામકાજમાં ધીરજ રાખી વર્તે છે,
ત્હેની અણછૂટકે પણ મુરાદ પાર પડે છે.

હોશંગ પાદશાહની શિખામણોમાં લખેલું છે કે 'ઇનસાફ

પતાં ઉતાવળીઆ થવું નહિ.' તે કહેણી પ્રમાણે કોઇને શિક્ષા કરવાના કામમાં ઉતાવળ કરવી નહિ. અને જે વખતે ક્રોધ બહુ જોરપર હોય ને ગુસ્સો ઘણો તેજ હોય તે વખતે આપણા વિકારના હાથમાં સત્તાની લગામ આપી દેવી નહિ. ને જરા વિચાર કરી જોવો કે આનો અંત કેવો આવશે. કોઇ કામ કર્યા પછી પસ્તાવો થાય તેવું કરવું નહિ, કારણ તેમ થયા પછી પશ્ચાતાપ કર્યાથી કાંઇ ફાયદો થતો નથી.

શિક્ષાને લગતાં કામમાં બિલ્કુલ ઉતાવળ કરવી નહિ.
ધીરજથી કામ કરવા રૂપી રસ્તાપરથી લગામ ફેરવવી નહિ.
એક પળમાં સો માણસનાં ખૂન થઇ શકે છે,
પણ એક પણ મરેલાને જીવતો કરી શકાતો નથી.

ઉતાવળ કમાનમાંથી છૂટેલા તીર જેવી છે, તે છૂટ્યા પછી પાછું ફેરવી શકાતું નથી. ને ધીરજ હાથમાંની તરવાર જેવી છે. મરજી પડે તો તેને ઉપયોગમાં લઇએ, નહિ તો પડી પડી તે કાંઇ નુકસાન કરતી નથી. હાકેમો ગુસ્સે હોય છે તે વખતે ઉતાવળીઆપણું જેવો તેમના મિઝાજપર હુમલો કરેછે તેવો કોઇ વખત થતો નથી. તેથી તે વખતે તેમણે પોતાની આજ્ઞાની લગામ ખેંચી પકડવી જોઇએ, ને વિચારની આરસીમાં જોતું જોઇએ કે અંતે પરિણામે આ કામનો ચ્હેરો કેવો દેખાશે.

અર્દશીરબાબક મ્હોટો સ્વતંત્ર પાદશાહ હતો, તેણે ત્રણ કાગળોપર ત્રણ પત્ર લખી પોતાના એક ખાસ ગુલામને આપ્યા, ને કહ્યું કે જે વખતે હું ન્યાયની સભામાં બેસી હુકમ કરતો હોઉં તે વખતે મ્હારો મિઝાજ ગયો છે એવી નિશાની મ્હારા કપાળપર

જણાય યા મ્હારી આંખ કે મ્હારા ચ્હેરાપરથી એવું લાગે કે ક્રોધને ગુસ્સાની અસર મ્હારાપર થઇ છે તો આમાંનો એક કાગળ મ્હને આપવો. તે છતાં તું જૂએ કે મ્હારો ક્રોધાગ્નિ ઠંડો નથી પડ્યો તો ત્હેના પછી બીજા કાગળને ત્હેની મદદે મોકલવો. તે છતાં જરૂર જેવું લાગે તો ત્રીજો કાગળ મ્હને બતાવવો. પહેલા કાગળમાં લખેલી બાબત એ હતી કે 'વિચાર કર, ને ત્હારા મનમાં જે આવે છે તે ત્હારા વિકારી આત્માની સત્તા નીચે આવી જઇ કર નહિ, કારણ તું એક સરજાએલો પ્રાણી છે, ને અશક્ત છે. ત્હારો સૃષ્ટા ત્હારા કરતાં બળવાન છે. બીજા કાગળમાં એ લખેલું હતું કે, 'ધીમો પડ ને ત્હારા હાથતળેની રૈયતને પરમેશ્વરે ત્હારે ત્યાં અનામત મૂકી છે, ત્હેની જોડે ઉતાવળીઓ થઇ વ્યવહાર ન કર. જે ત્હારી સત્તા નીચે હોય તેના પર દયા રાખ, ત્હેના બદલામાં જે ત્હારો ઉપરિ છે તે ત્હારા પર પણ રહેમ રાખશે'. ત્રીજામાં એવો વિષય હતો કે, 'આ બાબતમાં તું જે હુકમ કરવાનો છે, ત્હેમાં કોરાનના કહ્યાથી ઉલટું ન કરતો, ને ઇનસાફનો રસ્તો ચુકતો નહિ'.

ત્હારા ઘોડાને એટલો તોફાની ન બનાવ,
કે ત્હેની લગામ તું ખેંચી પકડી શકે નહિ.
હુકમ તો એવો કર, કે જે કાયદા પ્રમાણે,
ત્હારા ને પ્રભુના હુકમને એક સરખાજ બનાવે.

ઇતિહાસમાં આવેલુંછે કે જ્યારે અહમદ સામાની મરણ પામ્યો ત્યારે તેનો છોકરો નસ્ર આઠ વરસનો હતો. સામાની વંશના દરબારીઓએ તેને ગાદીએ બેસાડ્યો, ને પોતે ઇનસાફની રાહે રાજ ચલાવવા માંડયું. છોકરો ઉમરમાં આવ્યો, સમજણો થયો ને પો-

તાના હાથમાં રાજકારભાર લીધો, ને આખું રાજ પોતાના કબજામાં લઈ લીધું, ત્યાં સુધી તે પ્રમાણે ચાલ્યું. એનામાં ઘણી જાતના સદ્‌ગુણને ઘણા પ્રકારની ખૂબીઓ સમાએલી હતી. પણ કાચી ઉમર, અનુભવના અભાવ, અને રાજ્યપદની મગરૂરીને લીધે સ્હેજ વાતમાં ગુસ્સે થઇ જતો, વગર વિચારે હુકમો કરતો, ને થોડો અપરાધ હોય તોપણ મ્હોટી સજા કરતો. એક દિવસ પોતાના વઝીરને પૂછ્યું કે મ્હારા સ્વભાવમાં તું કાંઇ પણ એમ જૂએ છે કે જે સુધારવા જેવી હોય, વઝીરે કહ્યું, અલહમ દુલિલ્લાહ, આપનો ઉચ્ચ સ્વભાવ ઘણી જાતના ઉચ્ચ સદ્‌ગુણોથી શોભે છે. રાજા સાહેબ, તમે દરેક ફાયદા રૂપી થાળ ન્હાના મ્હોટા સૌને માટે તૈયાર રાખેલી છે, સૌને સભ્યતા તથા માનરૂપી નોતરૂં દેવડાવ્યું છે, ને ભાત ભાતનાં જમણ તથા સ્વાદદાર સેરવાઓ તૈયાર છે, પણ આ બધા જમણની થાળીમાં મીઠું ખુટે છે, ને મીઠા વગર કોઇ પણ જાતની રસોઇમાં સ્વાદ આવતો નથી. નસ્રે પૂછ્યું, આ થાળનું નિમકોને કહેવું? વઝીરે કહ્યું, હકૂમતની થાળનું નામ ધીરજ ને ખમાવેશની શક્તિ છે. ને જેનાથી આ થાળ લૂંટાઇ જાયછે ને બગડી જાય છે, તે ક્રોધને ઉતાવળીઆપણું છે. અમીર નસ્રે કહ્યું મને ખબરજ હતી, ને હું જાણુનો હતો કે મ્હારામાં આ અવગુણ છે. પણ હવે મ્હને આદત પડી ગઈ છે ને મ્હારી ટેવ એવી થઇ ગઇ છે, માટે હવે શું ઉપાય થઇ શકે? વઝીર બોલ્યો, હુકમ કરતી વખત ત્હારે ત્હારા મન સાથે વિચાર કરવો જોઇએ, તથા ઉતાવળથી કામ કરવું ન જોઇએ. વળી ત્હારી નોકરીમાં શુદ્ધ મનના પવિત્ર માણુસે જોઇએ કે જેઓ તું ગુસ્સે હોય તે વખતે વચ્ચે પડી શકે, કે જે·

થી કરીને પાછું કામ ઠેકાણે પડે. જે દરબારીઓ એની જોડે બેસતા ઉઠતા હતા તેને પોતે બોલાવ્યા ને તેમને હમેશ પોતાની પાસે રહેવાનું ફરમાવ્યું, ને કહ્યું કે કોઇને શિક્ષા કરવાનો જે પણ હું હુકમ કરૂં તેને ત્રણ દહાડા સુધી મુલતવી રાખવો, ને પાછો ત્રણ વખત મને કહી સંભળાવવો, ને સો ફટકા મારવાનો હુકમ કરૂં તેને તેનાથી ઓછા મારવા. વળી બીજા દોસ્તદારોને કહ્યું કે જે ગુન્હેગાર માફીને લાયક હોય, તેમના તરફથી વચ્ચે પડી તમારે ખુબ માફી માગવી. જ્યારે પોતાના રાજનું કામ આ ધોરણપર ચાલવા માંડયું ત્યારે થોડા વખતમાં તેના રાજમાં ચાલતી અદલ ઇનિસાફીની વાત આખી દુનીઆમાં પ્રખ્યાતી પામી ગઇ!

તું રાજા છે, તેથી બાજ પક્ષીની માફક ઝપટથી ઉડ નહિ.
નરસિંહની માફક બધું કામ ધીરજથી કર.
વિચારના દોર તથા ઘોડાની લગામ ખેંચી પકડ.
કારણ આ ધંધાના રસ્તામાં બહુ ભય છે.

જે કામમાં ત્હારે દિલગીરીને ત્હારી જોડીએણ બનાવવી હોય તો.
તો ઉતાવળીજ કર, ધીરજથી કામ ન કર.

પ્રકરણ ૨૮ મું.

મસલત (મંત્રણા) ને તદબીર વિશે

પવિત્ર પ્રભુએ પોતાના વ્હાલા પેગંબર (ત્હેમનાપર પ્રભુની આશીષ તથા સલામ હોજો) ને હુકમ કર્યો હતો કે 'ત્હારા મિત્રો જોડે દરેક કામમાં મસલત કર'. વળી મ્હોટા માણસો કહી ગયા છે કે, જો કે આપણા હઝરત પેગંબર સૌના કરતાં ડાહ્યા હતા .તથા ઈશ્વર પ્રેરણાની ત્હેમને પૂરતી મદદ હતી તોપણ પરમેશ્વરે ત્હેને મસલત કરી કામ કરવાનો હુકમ કર્યો કે તેથી ત્હેના અનુયાયીઓમાં પણ તેના પછી તેવોજ તરીકો પડે.

મસલત કરવામાં ફાયદા ઘણા છે. એક એ કે, તેથી કામકાજ દુરસ્ત ને સીધાં થઇ જાય છે. બીજો એ કે, જો કોઇ માણસ મસલત કર્યા વગર કાંઈ કામ કરેછે, ને ત્હેનું સારૂં પરિણામ આવતું નથી. તો લોકો ત્હેને મ્હેણાં મારે છે, પણ મસલત કરીને પછી કરેલાં કામોમાં જો કે કાંઈ લાભ ન થયા હોય તથા ત્હેનું પરિણામ પણ સારૂં ન આવ્યું હોય તોપણ એક વખત લોકો તે વાત દરગુઝર કરે છે. વળી, એકલા એકજ માણસની અક્કલ દરેક કામને લગતી બધી બાબતોને વિશે સાવચેતી રાખી શકતી નથી. જ્યારે ઘણાં માણસો હોય ને બધાં અક્કલ વાવરે ત્યારે દરેકને કાંઈ કાંઇ નવો વિચાર આવે છે, ને જે મત ખરો હોય છે તે પછી નીકળી આવે છે. આને લીધે સત્તાધિકારીઓએ તો 'મસલતનો સાથ છોડવો એ ઠીક વાત નથી' તે વાકય પ્રમાણે જે કાંઈ કામકાજ આવી પડે ત્હેમાં ડાહ્યા પુરૂષોની સલાહ લીધા વિના શરૂઆતજ કરવી નહિ. તેમજ કા-

ઈ પણ જાતની મુશ્કેલીમાંથી નીકળી જવા માટે મસલતને ઇંનસાફ આપનાર હાકેમ તથા ખરૂં ખોટું પારખનાર માણસનો દરજ્જો આપવો જોઇએ, ને નક્કી જાણવું કે આટલા બધા માણસની સમઝણ એક માણસની સમઝણ કરતાં વધારે ખરી ને વધારે ફાયદા ભરેલી હશે.

શા માટે મસલતનું બારણું ત્હેં બંધ કર્યું છે,
વખતે અકલના મઝહબનો તું ઇનકાર કરતો હશે.

જે બનાવો બને છે, તથા જે આફતો આવી પડે છે, ત્હેને લગતી મસલત કર્યા વિના જ્યારે છૂટકો નથી, ત્યારે તો ડાહ્યા અનુભવી, દીર્ઘદૃષ્ટિવાળા, લાંબો વિચાર કરનારા માણસોનીજ સલાહ લેવી. કારણ એ લોકો જે યુક્તિ બતાવે તે ખરીજ હોય છે, ને ખરી તદબીર બતાવ્યા પ્રમાણે ચાલવું તેજ વાજબી કહેવાય.

બહેરામ ગોરે પોતાના છોકરાને શિખામણ દીધી હતી કે રાજકારભારમાં ડાહ્યા માણસોનીજ સલાહ લેવી. કારણ ખરી તદબીર તો શિકાર જેવી છે, તે એક માણસના હાથમાં આવી જતી નથી, ને ઘણાં માણસો હોય તો ત્હેમના હાથમાંથી ન્હાસી નથી શકતી. ગમે તેવી સખત આફત આવી પડે તોપણ તદબીર કર્યાથી તેનું સારી રીતે નિવારણ થઇ શકે છે. વળી જે ચીજ યુક્તિ કરવાથી મળી શકતી હોય તે તીર ને તરવારથી મેળવવાનો કોઇ દહાડો વિચાર કરવો નહિ.

હુશીઆર અકલમંદ માણસ એવાં સરસ કામ કરે છે,
કે સો બહાદૂર લશ્કરથી પણ તેવાં થાય નહિ.

એક વખત રોમના સુલતાનને મિસરના અઝીઝ (રાજા)

જોડે લડાઇ થઈ, ને લશ્કર લઇ તેઓએ એક બીજાપર હુમલો કર્યો. રોમના લશ્કરમાં એક એવો માણુસ હતો કે જે પોતાની છાવણી-નો દરેક બનાવ મિસરના અઝીઝને જઈ કહી દેતો. હેની કહેલી વાત બધી સાચી પડતી તેથી અઝીઝનો પણ હેનાપર ભરોંસો બેઠો. આ વાતની રોમના સુલતાનને ખબર પડી, પણ પોતે હેનાપર બિલકુલ લક્ષ આપ્યું નહિ, ને પેલાને પોતાની રૂબરૂ બોલાવ્યો ન-હિ. જ્યાં સુધી લડાઇનો વખત નજદી આવ્યો ત્યાં સુધી આ પ્ર-માણે કર્યું, ને પછી હેને બોલાવી પોતાની પાસે કાંઇ કામ સોંપી હેમાં હેને રોકયો. પછી પોતાના અમીર ઉમરાવો તથા સેનાધિપ-તિઓને બોલાવી કહ્યું કે અઝીઝના લશ્કરમાંથી ન્હાના મ્હોટા બ-ધાએ મ્હને લખ્યું છે કે જેવી લડાઇ બરાબર ચાલવાનો વખત થશે કે તરતજ હમે અઝીઝના હાથ તથા ગરદન બાંધી તમારી પાસે લઇ આવીશું. તેથી તમે હવે બેફિકર રહો, તમારૂં કામ કર્યા જાઓ. પેલા માણુસે જ્યારે આ વાત સાંભળી ત્યારે તે અજાયબ થયો. સુલતાનની સભામાંથી જેવો બહાર આવ્યો તેવો હેણે એક કાગળ લખી અઝીઝ પાસે મોકલ્યો ને તેમાં આ હકીકત લખી. તે વાંચી અઝીઝ ગભરાયો, ને ત્યાં વધારે થોભવું હેને ઠીક લાગ્યુ નહિ. તેથી લડાઇ કર્યા વગરજ પોતે ન્હાસવા માંડયું. સુલતાને તેની પછવાડે લશ્કર મોકલી હેનો સામન સરંજામ લૂંટી લીધો, ને આ એક ત-દબીરથી તેની આખી સેનાનો નાશ કર્યો.

જેણે તદબીર વગરનું કામ કર્યું, તેણે પોતાનો મુલક ગુમાવ્યો.
જો મુલક જોઇતો હોય તો કારભારનો પાયો તદબીરપર મૂક.
મુલકો જીતવા માટે લશ્કર, ઘોડેસ્વારો, ને નોકરો,

બધા કામના છે, 'પણ ત્હેમનાથી બહેતર કામ તદબીર કરે છે.

એક રાજાએ એક પંડીતને પૂછ્યું કે તદબીર સારી કે બહાદૂરી? પંડિતે કહ્યું શૌર્ય તલવારને મળતું છે, ને તદબીર, ત્હેને ફેરવનાર મજબૂત હાથના જેવી છે. જેના હાથમાં તલવાર નથી હોતી તે પણ કામ તો કરી શકે છે, પણ તલવાર ફેરવવાને જો હાથ ન હોય તો તે નિરૂપયોગી થઇ પડે છે. મ્હોટા માણસોએ કહ્યું છે કે, 'શૌર્યવાનોના શૌર્ય કરતાં તદબીર બહેતર છે.'

એક માણસને કોઇએ પૂછ્યું કે, સૌથી સરસ યુક્તિ ને સૌથી ચઢીયાતી ત દબીર કઇ કહેવાય? તેણે કહ્યું, જેનાથી બધા બખેડા બંધ પડે તે. યથાશક્તિ બખેડાઓ શાંત પાડવા એ દરેક રાજાની ફરજ છે. જેમકે હુયાતલેકોમના રાજાને થયું હતું તેમ–તેમની વાત આ પ્રમાણે છે.

ખોરાસાનમાંથી કોઈ એક જબરા શત્રુએ હુયાતલેકોમના રાજા પર હુમલો કર્યો. તે પણ મ્હોટું લશ્કર લઈ ત્હેને હાંકી કાઢવા ત્હેની સામે ગયો. પણ ત્હેના દરબારીઓએ ત્હેનું આખર શું આવશે ત્હેનો વિચાર કરી દીર્ઘદૃષ્ટિ વાપરી દુશ્મન રાજાપર કાગળો લખ્યા, ને ત્હેના પ્રત્યે પોતાનો ભાવ તથા વફાદારી તેમાં જણાવ્યાં. ત્હેને આ વાત પસંદ પડી, તેથી બધા કાગળોને એક કોથળીમાં બાંધી, ત્હેનાપર મોહર કરી પોતાના ખજાનામાં મૂકયા. પરમેશ્વરનું કરવું એવું થયું કે હુયાતલે કોમનો રાજા લડાઇમાં જીત્યો, દુશ્મન રાજા ન્હાસી ગયો, ને તેના સામન તથા ખજાનો આના હાથમાં આવ્યાં, તેની જોડે પેલા કાગળની કોથળી પણ એના તાબામાં આવી. રાજાને ખબર પડી કે એમાં શું છે, તેથી પોતે મોહર ન ભાંગી ને કોથ-

ળીમાનું મોહડું ઉઘાડેલું હતું, તે પાછું બંધ કરી દીધું, ને પાછી મોહર મારી તે રહેવા દીધી. પોતાના મન સાથે વિચાર કર્યો કે જો આ કાગળ વાંચીશ તો જરૂર મ્હને મ્હારા દરબારીઓપર અભાવ છુટશે ને ત્હેમને એ વિશેની ખબર પડશે તો તેઓ મારાથી ડર્યા કરશે, ને વખતે તેમનાપર કાંઇ નુકસાન આવો પડે તેવા વિચારથી મને ખસતો કરવાનો વિચાર કરશે, તોફાન ફીતનાનો અગ્નિ વધારે ચેતશે ને તે શમાવવો બહુ મુશ્કેલ થઇ પડશે. તેથી તરતજ પોતાના કેટલાક ખાસ દરબારીઓ હતા ત્હેમને બોલાવી મંગાવ્યા, ને પેલી કોથળી ત્હેમને બતાવી, ને કહ્યું કે આપણા સેનાધિપતિઓએ દીર્ઘદૃષ્ટિવાપરી દુશ્મન રાજાને જે કાગળો લખ્યા હતા તે આમાં છે. તેણે બધા ભેગા કરી, કોથળીમાં મૂકી ત્હેનાપર મોહર કરી છે. હજીસુધી તેની મોહરઅંદજ એ કોથળી છે, ને પરમેશ્વરની સમક્ષ, પગે ચાલતાં મક્કાની હજ્જ કરવાના સોગંદ લઈ હું કહું છું કે મ્હેં તે ઉઘાડી વાંચ્યા નથી, તેમ તેમાં શું લખેલું છે કે ત્હેનો લખનાર કોણ છે ત્હેની પણ મ્હને ખબર નથી. પછી પોતે દેવતા સળગાવવાનો હુકમ કર્યો ને પેલા કાગળો તેમાં બાળી મૂકયા. જ્યારે પેલા દરબારીઓએ ત્હેના તરફથી આવી મહેરબાની થએલી જોઇ ત્યારે ત્હેમના સૌના મનને કરાર વળ્યો, ને ત્હેની આજ્ઞા પાળવાનો અંતઃકરણ પૂર્વક એક મતે ત્હેમણે વિચાર કર્યો. આવી વખાણવા લાયક તદબીરને લીધે તેણે સૌને પોતાના આજ્ઞાંકિત તથા પોતાના હુકમના જાણે ગીરોદાર હોય તેવા બનાવી દીધા.

તદબીરથી એવું કામ સધાય છે,
કે તલવાર ને ભાલાથી પણ તેવું ન થાય.

ખજાનાપર, તલવારપર, કેલશ્કરપર ભરોંસો ન રાખ.

પણ ડાહ્યા માણસોની બતાવેલી સલાહ તથા તદબીર પ્રમાણે ચાલ.

વળી એવું પણ કહ્યું છે, કે દરબારીઓ ન્હાના મ્હોટા જે ભરોંસો મૂકવા લાયક તથા વિશ્વાસયુક્ત હોય ત્હેમની જોડે મસલત ચલાવવી, કારણ કેટલીક વખત ન્હાના માણસોને એવી વાતો સૂઝે છે કે જે મ્હોટાના મનમાં પણ આવે નહિ. કોઇની સલાહ લીધાથી કોઇને કાંઇ નુકસાન થતું નથી.

મર્વ શહેરના એક પંડીતને એક છોકરી હતી. તે બહુ ખૂબસૂરત હતી તેથી શહેરના સઘળા પ્રખ્યાત પુરૂષોને ત્હેની જોડે વિવાહ કરવાનું મન હતુ, પેલો પંડીત બહુ વિચારમાં પડી ગયો કે આમાંથી છોકરી કોને આપવી. પછી પોતાના પડોશમાં એક ભણેલો, વિદ્વાન પારસી રહેતો હતો, ત્હેને બોલાવ્યો ને કહ્યું કે મ્હારે એક છોકરી છે ને ત્હેને આખી દુનીઆ પરણવા માગે છે, તેમાંથી કોને આપવી ત્હેની મ્હને સમઝ પડતી નથી, ત્હને આમાં શું રસ્તો લેવો સારો લાગે છે? પારસીએ કહ્યું, હું ઈસ્લામધર્મથી અજાણ્યો માણસ છું, હું તે શું સલાહ લેવા લાયક પુરૂષ છુ કે ત્હમે મ્હને આ પ્રમાણે પૂછો છો, પેલા પંડીતે કહ્યુ કે અગર જો તુ ઈસ્લામ ધર્મથી અજાણ્યો છે તોપણ વિશ્વાસ રાખવા લાયક માણસ છે. વળી મ્હોટા માણસો આગ્રહપૂર્વક કહી ગયા છે કે વિશ્વાસ યુક્ત માણસનીજ સલાહ લેવી. હમારી દંતકથામાં પણ એવું છે કે, 'જેની સલાહ લઇએ છીએ તેમાણુસ વિશ્વાસ યુક્ત થાય છે, તેથી હવે તું જેમ કહીશ તે પ્રમાણે હું ચાલીશ પારસીએ કહ્યું

લગ્નની બાબતમાં બધી રીતે બરોબરીઆપણું એ બહુ જરૂરની બાબત છે. હવે મુસલમાની શરે પ્રમાણે બરોબરીઆપણું દીન ધર્મમાં જોઇએ, ને હમારામાં કુલને વંશ પ્રમાણે ગણાય છે. સંસાર વ્યવહારનો વિચાર કરનાર માણસ માલમતા તથા દરજ્જામાં બરોબરીઆપણું જૂએ છે. આના ઉપર તુ વિચાર કર, જો ત્હારા ધર્મ પ્રમાણે ચાલે તો દીનધર્મ પ્રમાણે બરોબરીઆપણું જો. હમારા ઘરડા વરડાની રીતે ચાલવું હોય તો કુળ, વંશ જો. ને લોકોના વ્યવહાર પ્રમાણે ચાલવું હોય તો માલમતા ને દરજ્જો જો. પંડીતને આ વાત બહુજ ગમી, ને કહ્યું સૌથી ચઢીઆતો ધર્મ પછી ત્હેનો મુબારક નામનો એક ગુલામ હતો, તે બહુ ભણેલો અને ઇમાનતદાર હતો, ત્હેને માટે પોતે કહેતો કે એના કરતાં કોઇ બીજાને હું વધારે ઇમાનતદાર જોતો નથી. તેથી પોતાની છોકરી ત્હેને આપી થોડા વખત પછી અબદુલ્લા મુબારક જેવો છોકરો પરમેશ્વરે ત્હેને આપ્યો. તે મુસલમાનોનો ઇમામ ને પવિત્રતા તથા વિદ્યાજ્ઞાનમાં એક્કો થવા પામ્યો.

સલાહ લેતાં અટકવું નહિ, કારણ ડાહ્યા પુરૂષોએ.

'નસીબવાન પુરૂષોનો પેશકાર' એવું નામ મશ્લતને આપ્યું છે.

આટલા માટે સુલતાનોને તો એજ લાયક છે કે ત્હેમણે મુશ્કેલીની દરેક ગાંઠને તદબીરની આંગળીથી છોડવી. ને સમયે સમયે જુદા જુદા બનાવ બનવાથી જે આફત આવી પડે તેને મસ્લતની બરકતથી ને સારી સલ્લાહની મદદથી હાંકી કાઢવી ને ત્હેનો ઉપાય કરવો.

સારી સલ્લાહથી આખા લશ્કરનું જોર તોડી શકાય છે.

(પણ) તલવારથી તો બહુ તો એકથી સો માણસજ કાપી શકાય છે.

પોતાની અક્કલ તથા ડહાપણથી મગરૂર થઇ જવું નહિ,
(પણ કોઇની બતાવેલી) તદબીરરૂપી આરસી સામી મૂકવી.
દીર્ઘ સૂત્રી ડાહ્યા માણસોની મદદ માગ,
કે જેથી ત્હને ત્હારી ઇચ્છા પાર પાડવાનો રસ્તો સુઝે,
વળી એજ વિષય માટે કહ્યું છે કે,
જો વગર સલાહે તું કામ નહિ કરે,
તો તેમાંથી તને અણહદ ફાયદો મળશે.
જે કાંઇ તું વગર સલાહે કરશે.
ત્હેને માટે નક્કી જાણજે કે ત્હને નુકસાનજ થશે.

પ્રકરણ ૨૯ મું.

સાવચેતી અને દીર્ઘદષ્ટિ વિષે.

સાવચેતી એટલે દરેક કામનો અંત કેવી રીતનો આવશે ત્હેને માટે નજર ચલાવી વિચાર કરી જોવો, તથા યથાશક્તિ ભૂલ ચુકથી દૂર રહેવું તે. હાકેમો અને રાજાઓ માટે આ બહુજ ઉત્તમ સદ્ગુણ છે.

અફરાસીયાબનાં વચનોમાં એક એવું છે કે, જે સાવધપણાનું બખ્તર પેહેરે છે તે દુશ્મનના કપટથી બચે છે. ખરેખરૂં સાવધપણું તે દીર્ઘસૂત્રતા અને દીર્ઘ દષ્ટિ તેજ કહેવાય. જેવો કોઇપણ રીતના ફિસાદ કે તોફાનની નિશાનીનો શક પણ અક્કલમંદ માણસના મ-

નમાં આવે છે, તેવોજ તે ત્હેનો ઉપાય કરવા મંડી પડે છે. અજ્ઞાન માણુસ તો જ્યાં સુધી આફતના વમળમાં આવી પડતો નથી ત્યાં સુધી સાવચેત થતોજ નથી. દાખલા તરીકે, કોઇ ડાહ્યો માણુસ કોઇને ચકમકપર લોઢું મારતાં જૂએ કે તરત વિચાર કરેછે કે આ-માંથી દેવતા નીકળશે ને પોતે તરત ત્હેનો ઉપાય યોજવામાં મશગૂલ થઇ જાય છે ને નાદાન માણુસને તો જ્યાંસુધી દેવતામાં પડતો નથી, ત્યાંસુધી ત્હેની ગરમીની ખબર પડતી નથી.

બનાવ બનતાં પહેલાં હમેશાં ત્હારે પોતાનો વિચાર કર.

એક મ્હોટા માણુસને પૂછયું કે સાવચેતી એટલે શું? તેણે કહ્યું સાવચેતી એટલે કોઇનાપર શક લઇ જવો તે. મહમ્મદની દંતકથામાં પણ એ પ્રમાણેજ કહ્યું છે કે, 'સાવચેતી એટલે કોઇના વિશે શક ભરેલો વિચાર.' એક ડાહ્યા માણુસે કહ્યું છે કે,

ખરાબ જીવનાતો નહિ, પણ સૌનાપર શક ભરેલી નજરવાળાતો થવું.
તેથી કરીને કપટ તથા લુચ્ચાઇમાંથી તુ બચી જઇશ.
મસનવી—એ—મ'આનવીશમાં લખ્યું છે કે,
સાવચેતી એટલે કોઇને માટે ખરાબ મત બાંધવો તે.
આથી કરીને તું ન્હાસી જઇ, દુ:ખમાંથી બચી શકશે.

જેનામાં આ ગુણ ઘણો હોય છે તે બેશક પોતાનાપર આવી પડતી આફતોનો વિચાર કરી તેમના આવી પડતાં પહેલાં ખૂબ ધ્યાન પહોંચાડી એક મજબૂત દીવાલબાંધી દેછે, ને દુ:ખરૂપી બનાવ બનતાં પહેલાં સારી તદબીર કરી ત્હેનો રસ્તોજ બંધ કરી દેછે. લોકો ગમે તેવું કહે તોપણ ત્હેમની દોસ્તીપર ભરોસો રાખતો નથી. ને પોતાના બરોબરીઆઓની મિત્રતા તથા મદદને જોઇએ તે કરતાં

વિશેષ વજન આપતો નથી. તેમજ પોતાના મનમાં જે હોય છે તેની ખબર બીજાઓને પડવા દેતો નથી. તેથી તે ફિસાદખોર તથા અદેખાઓનાં કપટ તથા છળભેદથી છુટી શકે છે.

જેણે આ તથા પેલી દુનીઆનું સુખ શોધ્યું,

તે સાવચેતી રૂપી વાટ બતાવનાર શિવાય પોતાને મુકામે પહોંચ્યો નથી.

વિચારના તખ્તાને સાવચેતીનો ઓપ ચઢાવ,

જેથી તેની અંદર ત્હારાથી ત્હારી મુરાદનો ચહેરો દેખાશે.

ઈબ્રાહીમ-મામે જ્યારે સાહેબ ઉદ્-દ'આવત (મુસલમાની ધર્મમાં આવવાને માટે લલચાવનાર-લોકોને કહેનાર) અબૂ મુસ્લમને પહેલીવાર ખોરાસાન મોકલ્યો ત્યારે ત્હેને છેલ્લી શિખામણ એ આપી હતી કે જો લોકોને જે કહેણ તું કહેવાનો છે તે હમેશ જારી રાખવું હોય, તથા મરજી પૂર્વક ત્હારૂં કામ કરવું હોય તો જેને માટે ત્હારા મનમાં કાંઇક શક આવે કે જેનાપર તહોમ્મત મૂકવા જેવું ત્હને લાગે, તેનો નાશ કરાવવા મથજે. કારણ સુલતાનને રાખવાની સાવચેતીઓમાંની એક એ છે કે, જેને માટે કોઇપણ રીતનો શક આવે તેમને પોતાની પાસથી દૂર કરવા. આને માટે કહ્યું છે કે,

જેને માટે ત્હારૂ મન શકમંદ થાય

ત્હેનું તરતજ વચમાંથી કાસળ કાઢ.

સલામી નામના ઇતિહાસમાં લખેલુંછે કે, અરફાર ઇબ્ને શીરૂવીયેહ રઈ શહેરપર હુમલો કરવા જતો હતો ત્યારે તેણે સમેનાનમાં મુકામ કર્યો હતો. ત્હેને બધાઓએ અબૂ જાફર સમેનાનીને મારી નાંખવા સમજાવ્યો. અબૂ જાફરને આ બાબતની ખબર પડી તેથી

બ્હીને પોતાનો મજબૂત કિલ્લો હતો તેમાં તે ભરાઇ ગયો. જ્યારે અસ્કારે રઈ શહેર જીતી લીધું ત્યારે દયલમી નામના પોતાના સરદારને મ્હોટું લશ્કર આપી તે કિલ્લો સર કરવા મોકલ્યો. તેમણે બહુ મહેનત કરી પણ કિલ્લો હાથમાં આવ્યો નહિ. દયલમીએ એક જણને વચમાં નાંખી, પોતાની તથા અબૂ જાફરની વચ્ચે સલાહ કરી અને તે સલાહ પાકી કરવા માટે અબૂ જાફર દયલમીને પોતાના કિલ્લામાં લઇ જઇ ત્હેની મહેમાનદારી ઉડાવે એવું ઠર્યું. ત્હેણે મીજબાની તૈયાર કરી દયલમીને ત્યાં બોલાવ્યો. ત્હેણે પોતાના લશ્કરના ઉપરિ તથા બહાદૂર માણસો જોડે કરાર કર્યો કે જેવા બધા ત્હેની જોડે કિલ્લામાં પેશે તેવાજ તેમણે એકઠા થઇ જઇ અબૂ જાફરને મારી નાંખવો, જ્યારે દયલમી દરવાજા આગળ પહોંચ્યો ત્યારે અબૂ જાફરે હુકમ કર્યો કે એકલો દયલમીજ અંદર દાખલ થાય. પોતે એકલોજ અંદર ગયો ને ત્હેનાં માણસો બહાર ઉભાં રહ્યાં અબૂ જાફરને સંધિવાનો રોગ થયો હતો તેથી ત્હેનાથી હલાતું ચલાતું ન હતું, ને તેથી તે એક ઝરૂખામાં બેઠો હતો. ત્હેની બારીઓએથી કિલ્લાનો આસપાસની ખાડી તથા ત્હેની પેલી તરફનું મેદાન નજરે પડતું હતું. ત્યાં બોલાવી ત્હેણે દયલમીને બેસાડયો. થોડોક વખત વાતચીત કર્યા પછી દયલમીએ અબૂ જાફરને કહ્યું કે, અહિંથી બધાને બહાર મોકલી જરા એકાંત કર, મ્હારે રાજ્યકાર્ય સંબંધી કાંઇ છૂપી વાત ત્હને કહેવીછે. ત્હેના હુકમથી બધા નોકરો ઝરૂખાની બહાર જતા રહ્યા. પણ એક ન્હાનો સરખો ગુલામ ત્યાં તેમને જોઇતી મૂકતી વસ્તુ આપવા હાઝર રહ્યો. જેવો ઝરૂખો ખાલી થયો તેવોજ દયલમીએ ખંજર કાઢી અબૂ જાફરને પૂરો કર્યો. પેલો ગુલામનો છોકરો ભયથી બ્હાવરો બની

ગયો હતો ને ત્હેનાથી શ્વાસ પણ લેવાતો નહતો. પછી પોતાના મોઢાપર પગે બાંધેલી રેશમી દોરી હતી તે કાઢી પેલી બારીઓમાંથી એકની જોડે બાંધી ઝરૂખાપરથીનીચે આવી ખાડીને કિનારે થઇ ખાડી ઉતરી પોતાને મુકામે તેજઇ પહોંચ્યો. જો અબૂ જાફરે સાવચેતી વાપરી હોતને તેની જોડે એકાંતમાં ન બેઠો હોતતો દુશ્મનને આવી તક મળત નહિ, ને પોતે મોતના વમળમાં પડત નહિ. ઇતિહાસ તથા તવારીખમાં એવી ઘણી વાતો છે કે જ્યાં સાવધ ન રહેવાને લીધે ઘણા જણાઓનો નાશ થઈ ગયો છે, ને તેમનાપર દુઃખ આવી પડ્યાં છે. જો દાના માણસ જરાપણ વિચાર કરે તો તેને જણાશેકે સાવચેતી અને સાવધતાના કરતાં કોઇપણ કિલ્લો વધારે મજબૂત નથી, અને ગફલત અને સુસ્તીના કરતાં વધારે ભય ભરેલી નાશકારક જગા નથી.

> સાવચેતીથી ચાલ, કારણ અહિંનો રસ્તો ભયથી ભરેલો છે,
> સાવધપણે પગલાં ભર, કારણ આ જગા બખેડા ને દુષ્ટતાથી પૂરછે.
> જેવો વરસાદ પડે તેવોજ વિચાર કરવો કે,
> હવે રેલ તો આવશેજ, ને આપણું ઘર રેલના રસ્તામાં છે.
> ગાફેલ ન રહે, તથા સાવચેતી છોડી ન દે.
> કારણ જમાનામાં આવતી બલાના તીર સામુ એ ઢાલ રૂપેછે.
> જે માણસ દીર્ઘદૃષ્ટિ વાળો તથા લાંબો વિચાર કરનાર હોયછે તે,
> તો હમેશ નિઃશંક પોતાને માટે બધી ખબર કાઢતોજ રહેછે.
> જ્યારે એપ્રમાણે તે ખબર કાઢતો રહેછે, ત્યારે, તેની દોલતનું વૃક્ષ
> હમેશા ઇચ્છાની વાડીમાં ફળદ્રુપ પણ રહેછે.

પ્રકરણ ૩૦ મું.

શૌર્ય વિશે.

શૌર્યએ સદ્‌ગુણની માતા છે. બાયલાપણું ને અવિચારી સાહસ એ બંને વચ્ચેની એ વૃત્તિ છે. કોરાનમાં કહ્યું છે કે 'અલબત્ત, બહાદૂર માણસો પ્રભુને વ્હાલા છે.' તેમજ દંતકથામાં પણ આવેલું છે કે શૌર્યવાન માણસોનો આશિરો કારણ ત્હેમના વિશે ત્હેમના કર્તાનો બહુ સારો વિચાર છે. બાયલાઓ લડાઈમાંથી ન્હાસી જઈ પોતાનો છુટકો કરવાનો વિચાર રાખે છે, ત્યારે બહાદૂર પુરૂષો પોતાનો ભરોંસો હમેશાના મ્હોટા ઉપકારક પ્રભુની મહેરબાનીપર મૂકેછે. હઝરત પેગંબરે પોતે પણ શૌર્યને માટે પોતાના અમૂલ્ય આત્માનો દાખલો આપી કહ્યું છે કે 'મ્હારી રોજી મ્હારા ભાલાની છાયા નીચે છે'. એ વચનોપરથી લડાઈનાં કામકાજ કરવા તથા સંગ્રામને યુદ્ધની વખતે આયુધનો ઉપયોગ કરવા લોકોને સમજાવવાની મકસદ જણાય છે.

શૌર્યથી આખી પૃથ્વી જીતાય છે.
બાયલાથી શું કામ થવાનું છે.
જે લડાઈમાં બહાદૂરી બતાવે છે
તે પોતાને મ્હોટે દરજ્જે ચઢાવે છે.

ખાલેદ વલીદ એ ઇસ્લામની સેનામાં બહાદૂરીને માટે બહુજ પ્રખ્યાત તથા જાણીતો સરદાર હતો. જ્યારે આ દુનીઆમાંથી કૂચ કરી જવાનો ત્હેને વખત આવ્યો ત્યારે શોકનાં આંસુ તેની આંખમાંથી ટપકવા માંડયાં, ને તે બોલ્યો, 'હાય! હાય, હું બહુ દિલગીર

છું કે મ્હેં આટલા બધા રણક્ષેત્રમાં શૌર્ય બતાવ્યું, ને ભાલા તથા આયુધના આટલા બધા ઘાની પીડા ખમી ને મ્હારે મ્હારા બીછાના-પર મરવાનો વખત આવ્યો; એવી રીતે તો ડોશીઓ પણ મરે છે; મોત વગરતો છૂટકોજ નથી, પણ મ્હને એવી ઉમેદ હતી કે સારૂં નામ રહે તેવા કામમાં મ્હારે જીવ આપવો, ને ધર્મને માટે મરવા-થી જે સુખ થાય છે તે ચાખવું.' વળી તેણેજ કહ્યું હતું કે, 'જે બાયલો ન્હાસી જઈ પોતાનો જીવ બચાવે છે તે આડો વિચાર ને ખોટો તર્ક કરે છે, કારણ માણસની ચિંતા વગરની વૃત્તિ તથા તે-ની બહાદૂરીનો દમામ દુશ્મનના લોભના દાંત તોડી પાડે છે. પણ નિર્બળતા, ત્રાસ, સુસ્તિને કાયરતાથી દુશ્મન બાયલાઓપર ફતેહ મેળવે છે, ને આનેજ લીધેજ કે બ્હીકણ ને બાયલા માણસો તલ-વારથી ઘાસ માફક કપાઇ જાય છે, ને બહાદૂર તથા શૂરા લડવૈઆ-ઓ આફતના વમળમાંથી બહાર નીકળી આવે છે.'

જે કોઇ લડાઇમાં બાયલો થાય છે,

ત્હેનો જીવ પાછળથી બે કરાર થઇ જાય છે, ને ત્હેનું કામકાજ બગડી જાય છે.

સંગ્રામમાં તો બહાદૂર માણસોની જોડે રહી બહાદૂરજ થવું,
કે બહુ શૂરા માણસ તરીકે ત્હારૂં નામ બહાર આવે.

એક સુલતાને લડાઇના મેદાનમાં બુમ પાડી પોતાના સેનાપ-તિઓને કહ્યું કે આજે તમારી પરીક્ષાનો દહાડો છે. લડાઇનું મેદાન એ બહાદૂરને માળવાની કુલડી છે. કુલડીમાંથી ગળાઇ ફક્ત ચોખ્ખું સોનુંજ બહાર પડે છે, ને જે ભેળસેળ તથા મેલ હોય છે તે ત્હેને તળીએ પણ ટકી રહેવા પામતો નથી.

જો અનુભવ (લેવા) રૂપી કસોટી કામમાં આવે તો ઠીક,
કારણ જેની વાત ખોટી હશે ત્હેનું મ્હોં કાળું થશે.

મહત્વના કામ કરવા જે પોતાના જીવને ઉશ્કેરે તથા પોતાના મનને મ્હોટાઇ તથા મોભ્ભાની પદવીએ ચઢવા મુસ્કેલીઓ તથા દુઃખ સહન કરવાની ઇચ્છા કરાવે, તે માણસ શૂરવીર કહેવાય. આમ કર્યાથી ત્હેની સત્તાની કીર્ત્તિ આખા જગતમાં વ્યાપી જાય છે, જે ત્હેના દબદબા તથા ભપકાની વાત પૃથ્વીના બધા ભાગપર પથરાઇ જાય છે, કહેવતની માફક ચારે તરફ ફરતી થાય છે, ને જારી રહે છે.

મ્હારે એવું નામ જોઇએ છે કે જે મ્હોટાઇને પામે.
કારણ નામનાથીજ માણસ મ્હોટો થાય છે.
મ્હોટા માણસનું નામ તેની બહાદૂરીથીજ જણાય છે.
જો નેકનામ મળતું હોય તો જીવનો પણ ભોગ આપવો.

અફ્રાસીઆબ પોતાના લશ્કરને કહેતો કે મરવાનો લોભ તમારા મનમાં રાખશો તો તમારી જીંદગી લાંબી થશે. ને હમેશા મરવા માટે તૈયાર રહેવું તેથી દોલત ને ઇજ્જતનો ભંડોળ તમારા હાથમાં આવશે. કારણ મ્હોટાઇ બે રસ્તે મળે છે, નેકનામ લઇ મરવાથી કે સારી રીતે જીવવાથી.

જેના મનમાં મોતની કાંઇ કીમત નથી,
તે હમેશા શૌર્યના ગુણમાં શ્રેષ્ટ હોય છે.
જેને પોતાનો જીવ વહાલો છે.
ત્હેની રાજ કરવા જોડે શું સંબંધ છે?

હઝરત મુર્તઝા અલી લડાઇમાં કાફરોની હારપર હુમલો કરતા

ને જ્યાં દુશ્મનનું લશ્કર પુષ્કળ હોય ત્યાં પોતે નજરે પડતા. બહાદૂરીથી લડાઇના મેદાનમાં જતા, ને પોતાની સલામતીની લેશ માત્ર દરકાર ન રાખતા. કોઇએ ત્હેમને પૂછ્યું, અમીર સાહેબ, તમે બહુ શૂરવીરપણું બતાવો છો; ને પોતાના જીવનું રક્ષણ કરવાની જરા પણ પરવા કરતા નથી તેનું શું કારણ? તેમણે જવાબ આપ્યો કે મ્હ· ને ખાત્રી છે કે મ્હારૂં મોત આવી પહોંચ્યું હશે તો ત્હેને ગમે તેટલું દૂર કરવા ચાહીશું તોપણ તેમાંથી કાંઈ વળવાનું નથી, ને જો મ્હારા નાશ તથા મૃત્યુનો હુકમ પ્રભુની દરબારમાંથી નહિજ નીક· ળ્યો હોય તો આ બહાદૂરીથી મ્હને કાંઇ નુકસાન જવાનું નથી. આ વિષયમાં કહેલું છે કે,

બે દીવસ મોતથી દૂર રહેવું યોગ્ય નથી.

એક તો જ્યારે આપણું આવી બન્યુ હોય તે દીવસે, ને બીજું જ્યારે આપણું મોત નિર્માણ ન થયું હોય તે દીવસે.

જે દીવસે મોત લખેલું હોય તે દીવસે આપણી કોશેશ નકામીછે;

જે દીવસે મોત લખેલું નથી તે દીવસે તે આવવાનું પણ નથી.

ખરી વાત એ છે કે જ્યાં સુધી જીવવાની આશા લડાઇના મેદાનમાં લડાઇને પ્રસંગે છોડી દેવાય નહિ, ત્યાં સુધી ત્હેનું નામ પાછળ રહી જાય એવું કામ કરવાની કોઇએ આશા રાખવી નહિ.

જ્યાં સુધી ત્હારૂં મન જીવવામાં હોય, ને જીવ શરીરને ખી· લવવામાં હોય,

ત્યાં સુધી ત્હારી મુરાદ ત્હને આવી કેમ ભેટે?

એક વખતે સીદીઓનું લશ્કર યમનના મુલકપર જીત મેળવી ફરીવળ્યું, અને યમનનો રાજા સયફ ઝીલયઝન, વખાનો માર્યો

નોશીરવાન પાસે ગયો ને ત્હેની પાસ મદદ માગી. નોશીરવાને હુકમ કર્યો કે, ચોર, લુચ્ચા, બંડખોર લોકો જે કેદખાનામાં છે તેમને ભેગા કરી, હથીયાર આપી એની જોડે મોકલવા. તેઓ બધા મળી એક હજાર છસો માણુસ હતાં. તેમને લઇ સયફ ઝીલયઝન વહાણમાં બેઠો. જ્યારે કિનારે આવ્યા ત્યારે વહાણમાંથી નીચે ઉતર્યા પછી સયફે બધાં વહાણ ભંગાવી નાંખ્યા, ને ખોરાક બધો નાંખી દીધો. ને પછી પોતે કહ્યું કે, મિત્રો હવે આપણે યમનના મુલકમાં આવ્યા છીએ, ને આપણે લડાઇ કરવાની છે. હવે તમારે બે રસ્તા રહ્યા છે, તેથી ઉંડો વિચાર કરો કે આ વંખત જીતવું કે મરવું. પેલા લશ્કરે મરણીયા થઇ લડાઇ કરી, ખૂબ બહાદૂરી બતાવી થોડા માણુસોએ હબશીના મ્હોટા લશ્કરને હરાવી કાઢયું. આ ઉપરથી લડવૈઆઓએ સમજવાનું છે કે તેમણે બ્હીકને બિલકુલ પોતાની તરફ આવવા દેવી નહિ. કારણ રૂસ્તમ દસ્તાને કહ્યું છે કે મ્હારાપર હજાર ઝખમ આવી પડે તે મ્હને વધારે પસંદછે, પણ ડોશીઓની માફક બીછાને પડી મરવું ગમતું નથી.

સારૂં નામ મૂકી મરવું મ્હારે યોગ્ય છે.

મ્હારે નામના જોઇએ છે, શરીરનો નાશ તો છેજ.

સુલતાનોમાંથી જેણે બહુ શૂર તથા બહાદૂરી બતાવ્યાં હોયછે, તથા મુસ્કેલી સહન કરવામાં જેઓ વિશેષ ટકી રહેલા હોય છે તેમણે પોતાની મકસૂદનો મુકામ બહુ જલદી સહી કર્યો છે. ને પોતાની ઇચ્છાનો ચ્હેરો મરજી પ્રમાણે ઇરાદાના આયનામાં જોયો છે.

જ્યારે યાકૂબ લયસનું કામ વધતું ગયું ને ત્હેણે ખોરસાન જીતી તાબે કરી લેવાનો ઇરાદો કર્યો ત્યારે એક દીવસે તેણે લડાઇમ

જવાનો વિચાર કર્યો હતો, ને તેની દરબારના અમીરો મહેલને બારણે ભેગા થયા હતા, તે વખતે યાકુબપણ બધાં હથીઆર સજી ઝરૂખામાં આવ્યો. જોશીઓએ મુરત જોયું, ને કહ્યું કે હમણા શુભ શુકન થતા નથી, તેથી સવાર થઇ આગળ ચાલવાનું બંધ રાખો. બીજા આઠ કલાક રહી મુહૂર્ત સારૂં થશે ને વખત બહુ સારો પડશે. યાકૂબ પણ હથીઆર સાથેજ એવી ગરમીની ઋતુમાં ઝરૂખા ઉપર તડકામાં આઠ કલાક ઉભો રહ્યો. બધા દરબારીઓ પણ તેની સહન શકિત જોઇ અજાયબ થયા. પછી જ્યારે વખત શુભ થયો ત્યારે ઝરૂખાપરથી નીચે આવી પોતે સવાર થયો. કેટલાએક માણસોએ પૂછયું કે આટલો બધો વખત તડકામાં અમીર ઉભો રહ્યો ત્હેનું શું કારણ હશે. તેણે કહ્યું, મ્હારે કામ બહુ ભારે કરવાનું છે, ને તેમાં નાજુકાઇ ને કોમળતા બતાવ્યાથી કાંઇ પાર પડે તેવું નથી, ઉલટી બહુ ખલેલ પડે તેવુંછે, તેથી મ્હેં મ્હારા જીવની કસોટી કાઢી કે સુરજના તડકામાં હથીઆર સાથે લાંબો વખત મ્હારાથી ઉભા રહી શકાય છેકે નહિ. ને મ્હને માલૂમ પડયું કે તેમ થઈ શકેછે, ને તેથી તમે નક્કી જાણજો કે મ્હારી મુરાદ પાર પડશે. યાકૂબ મ્હોટાઇ મેળવવાને આટલો બધો પ્રયત્ન કરતો હતો તેથી એ જે ઉંચે દરજ્જે પહોંચ્યો ત્યાં પહોંચવા લાયક થયો હતો.

મુલ્ક રૂપી પ્રિયા તો ત્હેનીજ જોરૂ ગાંઠ બાંધે છે,
કે જે મહેનત કરી સમશેરને ખંજર લઇ તેને ભેટે.
જે લાડ અને આરામના માથાપર પગ મૂકેછે,
ત્હેને ત્હેનો કર્ત્તા દુનીઆમાં સરદાર ને મ્હોટો બનાવેછે.
વાડીમાં ગુલાબના ફુલને રાજા બનાવ્યું છે, તે એટલા માટે કે,

તેની નાજુકાઈ છતાં કાંટાઓ સાથે તે પોતાનું માથું ઉંચકેછે.

વળી યાકૂબની બીજી વાત એવી છેકે, એક વખત સીસ્તાન પ્રાંતનાં બહાદુર માણુસો બેઠાં હતાં, ને ખૂશીખૂશાલીમાં ગપ્પાં મારતાં હતાં. યાકૂબ પણ ત્યાંજ હતો. પણ હજુ તેણે રાજ લેવાનો વિચાર ન કર્યો હતો. તથા મરદાની તથા બહાદૂરીનો ઝુંડો ઉપાડયો નહતો. વાતમાં એક જણે કહ્યું, સૌથી સરસ પોશાકતો તાતાર દેશના ખતા પ્રાંતનાં અતલસનો થાયછે. બીજાએ કહ્યું, સૌથી સુંદર તાજ રોમની તાક નામની ટોપીનું થાયછે. ત્રીજાએ કહ્યું સૌથી શ્રેષ્ઠ જમા ફુલને પુષ્પથી ભરેલા બાગોછે. ચોથાએ કહ્યું, પીવાની ચીજોમાં સર્વોત્તમ ચોખ્ખો મદિરાછે. પાંચમાએ કહ્યું, વૃક્ષની છાયામાં સૌથી સારી છાયા બીદ નામના ઝાડની છે. છઠ્ઠાએ કહ્યું, વાજીંત્રોના સાજમાં ચઢીઆતી વિણા મણાયછે. સાતમાએ કહ્યું, સભા મંડળમાં સોબતને સારૂ સારા સ્વભાવના ખૂબ સૂરત છોકરાઓ ઠીક લાગેછે. જ્યારે યાકૂબનો વારો આવ્યો ત્યારે ત્હેને કહ્યું કે તુપણ કાંઇ બોલ. તેણે કહ્યું, સૌથી સારો પોશાક બખ્તર, સર્વોત્તમ તાજ તે લશ્કરી ટોપી, સુંદર મકાન તે લડાઇનું મેદાન, સ્વાદ દાર શરાબ તે દુશ્મનનું લોહી, આનંદજનક છાંયડો તે ભાલાની ઓથ, મઝા આપનાર અવાજ તે બખ્તર તથા પાખરવાળા ઘોડાનો હણહણાટ ને સૌથી વહાલા મિત્રો તે બહાદૂર મર્દો ને શૂરા લડવૈયાઓ.

અમીર-ઉલ-મોઅમની અલીની કવિતામાં આવેલું છેકે,
હમારા ફુલ ને પુષ્પ તે તલવાર ને ખંજર,
નર્ગેસ ને કમળ હમારા કામમાં નથી આવતાં.
હમારો શરાબ હમારા શત્રુનું લોહી,

ને હમારો સર્વોત્કૃષ્ટ પ્યાલો ત્હેના માથાની ખોપરી.

તેથી જે રાજની આશા રાખતો હોય તેણે ચોરની માફક જીવ રૂપી જવાહેર માટે પોતાના પાણીદાર ભાલાની અણીએ શત્રૂની છાતીના ખજાનામાં ખાતર પાડવું જોઇએ, ને લૂટારાઓના સરદારની પેઠે પોતાની ઝેર પાએલી તલવારથી તેના આત્માનું ઝવેર મેળવવા માટે પોતાના દુશ્મનના શરીરના દાબડા પરથી મોહર છાપ તોડી નાંખવી જોઇએ. જે પાદશાહ જાતેજ બહાદૂર હોય તે લશ્કરની બહાદૂરી પણ વધારી શકેછે. તેમ કાયર પાદશાહને મુલકની જીતરૂપી દોલત મળતી નથી.

નસાયહે-ઉલ-મલૂક-રાજાઓને શિખામણ-નામના પુસ્તકમાં લખેલું છેકે, જે ઘરડા માણસમાં ડહાપણ નહિ તે પાણી વગરના ઝરા જેવોછે. જે જુવાન માણસમાં સભ્યતા નહિને ફુલ વગરની વાડી જેવો છે. જે દર્વેશ ને પ્રભુ સંબંધી જ્ઞાન નહિ તે તેજ વગરની આંખ જેવો છે. જે વિદ્વાન માણસ પવિત્ર નહિતે લગામ વગરના ઘોડા જેવો છે. જે તાલેવંત માણસમાં ઉદારતા નથી તે ફળ વગરના ઝાડ જેવોછે. ખૂબ સૂરત માણસને શરમ નહોય તોતે મીઠા વગરની રસોઇ જેવોછે, જે રાજા ઇનસાફી નહિ તે વરસાદ વગરનાં વાદળાં જેવોછે. ને જે પૃથ્વી જીતવા તૈયાર થાય તેનામાં શૌર્ય નહોય તો તે મુડી વગરના વેપારી જેવોછે.

અરબસ્તાનના એક સુલતાનને એકદીવસ કોઇ જોડે લડાઇ થઇ. જ્યારે બંને લશ્કર હારબંધ ગોઠવાઇ ગયાં ત્યારે આરબ રાજાના દરબારીઓએ ત્હેને કહ્યું, સુલતાન, લડાઇમાં બેથી ત્રીજો રસ્તો નથી, યાતો જીત યાતો ન્હાસ ભાગ; જો આપણા પ્રારબ્ધયોગે આપણું લશ્કર હારેતો હમે ત્હને કયાં શોધીએ? તેણે કહ્યું, જો હું ન્હાસું તો જે મ્હને શોધવા આવે ત્હેને કૃપાકરી પ્રભુ પોતાની મ્હેરબાનીથી દૂર

રાખો, પણ જો દુશ્મન જીતી જાયતો મ્હને મેદાનમાં ઘોડાઓની ખરીઓ (પગ) તળેથી જોઈ કાઢજો. મતલબ યાતો હું જીતીશ નહિતો મરીશ.

યાતો ઉંચા આસમાનપર હું ચઢીશ.

નહિતો પગ તળે કચરાઈ મરીશ.

એવું કહેવાય છે કે શમશેર ફેરવતો પોતાના દુશ્મન ઉપર તે હુમલો લઇ ગયો, તેમ કરતાં બપોર થઈ ગયાને ત્હેના સઘળા લડવૈયાઓને સુરજની બહુ ગરમી લાગવા માંડી, તરસથી ત્હેમનાં ગળાં સુકાઇ ગયાં, મેદાનની ધૂળ ત્હેમના ચ્હેરાપર ફરી વળી. આરબ સુલતાનના અંગત ગુલામોમાંથી એક જણ પાણીનું વાસણ લઈ ત્હેની પાછળ દોડયો, ને તેની પાસે જઇ બોલ્યો, સુલતાન સાહેબ, તરસ્યા થયા હશો, જરા આરામ લોકે પાણી પીવાય. સુલતાન બોલ્યો, મ્હારી પાણીદાર તલવાર મ્હારા કરતાં વધારે તૃષિત છે. પરમેશ્વરના કસમ, જો દુશ્મનોના લોહીથી તેને સંતોષ મળ્યા વગર હું મ્હારી તરસ છીપાવું તો. આ યોગ્ય ઇરાદો, પુષ્કળ બહાદૂરીને અતિશય શોર્યને લીધે પ્રભુએ તેને ફતેહ આપી.

જેને પરમેશ્વરજ મદદ આપે,

તેની સામે થવાની કોની મકદૂર છે.

સિકંદરને કોઇએ પૂછ્યું કે બહાદૂર પાદશાહની નિશાની શું? તેણે કહ્યુંકે, એજકે દુશ્મન કેટલાછે તે તે કદી પૂછતો નથી, બલ્કે એમ પૂછે છે કે તે કયાંછે? ને અલબત્ત જ્યારે તેવો સરદાર,

હિંદુસ્તાનમાં બનાવેલી તરવાર હાથમાં પકડેછે,

ત્યારે શત્રુની આખી હારને હરાવી દેછે.

ભારે ગુરજ (ગદા) ને તેજ તલવારથી,

જાણે દુનીઆમાં કયામતનો (છેલ્લો) દિવસ આવ્યો હોય તેવું તે બનાવી દે છે.

નોશીરવાને અબૂ જમહીરને પૂછ્યું કે શૂરવિરતા કોને કહેવી? તેણે કહ્યું, દિલના કૌવતને તેણે ફરી પૂછ્યું, હાથનું જોર એમ કેમ કહેતો નથી? તેબોલ્યો, જો મન મજબૂત નહોય તો હાથમાં જોર આવે ક્યાંથી? મ્હેં સાંભળ્યું છે.કે, એક આરબ લઢવૈયો ઘરડો થઇ ગયો હતો, તેની ઉમર છતાં તેના દિલનું કૌવત ઘણું હતું, એક દીવસે તે ઘોડે ચઢતો હતો, તેવામાં બે જણાએ ત્હેનો હાથ પકડયો કે ત્હેને ઘોડે ચઢતાં મુસ્કેલી ન પડે. કોઇ બેઅદબ માણસ ત્યાં ઉભો હતો તેણે તે જોઇ મહેણાં મારવા માંડયાં કે જેને બે માણસ હાથ પકડી ઘોડે ચઢાવે તે માણસતે શું કરી શકવાનો હતો? ને ત્હેની તે કેવી બહાદુરી હશે. પેલો ડોસો આ સાંભળી બોલ્યો, ખરૂંછે, ઘોડે ચઢાવવાને મ્હારે બે માણસ જોઇએછે, પણ તેના પરથી પાડી નાંખવા હજાર જોઇએછે, ત્હેની ત્હને ખબર છે? નોશીરવાને વજીરનું કહ્યું કબૂલ રાખ્યું ને બોલ્યો, તું સાચું કહે છે હાથનું જોર મનની મજબૂતીને તાબે છે.

આદમીમાં હાથનું જોર મનના જોરને લીધેજ આવે છે.

જેનું મન મજબૂત તેનો હાથ મજબૂત.

જે વખતે દુનીઆના મુલકો જીતી લેવાનો નિશ્ચય કરી સિકંદર પાદશાહ ઘોડેસવાર થયો તે વખતે તેણે એરીસ્ટોટલ ફિલસૂફને પોતાની પાસ બોલાવ્યો. ને પૂછ્યું કે, જે મેદાનમાં મ્હેં હમણાં પગ મૂકયો છે ને આ જે અગત્યનું કામ માથે લીધું છે, તેમાં અલબત્ત મ્હને ઘણા દુશ્મન ને ઘણા દોસ્ત પણ મળશે, માટે દરેકની જોડે

મ્હારે શી રીતે વર્તવું તેણે કહ્યું, મૂળ વાત આ પ્રમાણે રાખવી. જ્યાં સુધી બની શકે ત્યાં સુધી કોઇ જોડે દુશ્મની કરવી નહિ ને મિત્રોને ધિક્કારવા નહિ. તેમ કરતાં જો કોઇ દુશ્મન થાય તો ત્હેને મીઠા શબ્દો કહિ તથા મહેરબાની બતાવી પોતાની તરફ ખેંચવો કે જેથી તે મિત્ર થઇ જાય, તેમ જે મિત્ર હોય તેને ખુબ માન તથા ઈજ્જત આપતા રહેવું કે તેઓ પોતાનો મિત્ર ભાવ છોડે નહિ. સિકંદર બોલ્યો, આ સિવાય પણ કાંઈ બીજું વધારે કહે. ફિલસુફે કહ્યું દુશ્મનનાં કાવત્રાં ગમે તેટલાં ક્ષુદ્ર હોય તોપણ તેનાથી કોઇ દહાડો ગાફેલ ન રહેવું. લસ્કર ગમે તેટલું મ્હોટું હોય તો પણ તેને ભરોંસે રેહેવું નહિ. જે કામ નરમ ને ધીમા શબ્દોથી થાય ત્યા કડવાં વચન વાપરવાં નહિ. જે વાત ચાબખો વાપરવાથી બની શકે ત્યાં તલવાર મ્યાનમાંથી ન કાઢવી. સિકંદર કહે, એમ ધારો કે દુશ્મન જોડે લડાઈ કરવાનો મ્હારે વખત આવ્યો, ત્યારે ત્હેમાં કેમ કરવું ને શી રીતે ચાલવું? એરીસ્ટોટલ કહે લડાઈમાં બે સિવાય ત્રીજી વાત નથી. તું કોઇની જોડે લડાઈ કરવા જાય યા કોઇ ત્હારી જોડે લડાઇ કરવા આવે. તુ લડાઇ કરવા જાય, તો ત્હારે નીચલી દસ વાતો ધ્યાનમાં રાખવી. (૧) પહેલાં એ જોવું કે લડાઇનું કારણ કોઇનું ભલુ કરવા, પોતાના ધર્મનું રક્ષણ કરવાનું, કે કોઇ જાતના જુલમ કે ફિસાદને બંધ પાડવા સિવાયનું બીજું ન હોય. (૨) મહાકીર્તિમાન ઉચ્ચ પ્રભુની વિનતી કરી તેની મદદ માગવી. તથા શુભ દુઆ માગવા અને ખેરાત કરવાનો પ્રયત્ન કરવો અને શુદ્ધ મનના પવિત્ર માણસોની પણ સહાયતા માગવી. (૩) સાવચેતી રાખવી તથા સામા માણ-

સોપર શકની નજરથી જોવું તેમજ જાસૂસો ને ખબર કાઢનારા ઓને ઉપયોગમાં લેવા તથા દુશ્મનના લશ્કરની તપાસ, તેમની સ્થિતિની ખબર તથા તેમના સિપાઇઓની સંખ્યાની તાલાશ કઢાવવી (૪) લશ્કરને એવું સમજાવવું કે સૌએ એક મનના થઇ લડવું જોઇએ. કારણ પાદશાહ અને સિપાઈ એક મન એજ વિજય ને ફતેહનું કારણ તથા જય ને જોરનો સબબછે.

ફતેહપર ફતેહ તો ત્હેનેજ મળે છે,
કે જેની જોડે બહાદૂરીમાં પણ તેનું લશ્કર એકત્ર થયું હોયછે.
જે લશ્કરને ફતેહ મળે છે,
તેની શ્રેષ્ઠતાનું કારણ એક મનના દોસ્તદારોજ છે.

મ્હોટા માણસોનું તેમાં ખાસ કરીને પાસેના માણસોનું મન મેળવી તેમની જોડે એક મન રાખવું એ બહુજ જરૂરનું છે. (૫) લશ્કરને સારાં સારાં વચનો આપવાં, ને મ્હોટી મ્હોટી બક્ષેશો આપી ત્હેને મજબૂત બનાવવું, તથા એવો વિચાર રાખવો કે આપેલાં વચનપળાય તો સારૂં. (૬) બને ત્યાં સુધી જાતે લડાઇમાં ઉતરવું નહિ, કારણ તેમ કર્યા પછી જો હાર મળે તો ત્હેનો ઉપાય થઇ શકે નહિ. (૭) સેનાપતિપણા પર તથા લશ્કરને લડાઈના હુકમ વગરે આપવા પર એવો માણસ નીમવો—કે જેનામાં નીચલા ત્રણ ગુણ હેય (અ). મજબૂત મનનો તેથીજ શૂરવિર તથા પોતાના શૌર્યને માટે પ્રખ્યાત તથા જાણીતો કે જેથી કરીને દુશ્મનના મનમાં ભય તથા ત્રાસ ઉપજે. (બ) ખરો મત બાંધી તથા બરાબર તદબીર, કરી શકે તેવો, તથા વ્યૂહરચનાની અગમ નિગમ જાણનારો કારણ કેટ-

લીક જગાપર શૂરવીરપણા કરતાં યુક્તિ બહુ કામ આવેછે. તેમજ ત્હેને જાત જાતનાં કાવત્રાં તથા છેતરપીંડી કરતાં આવડતી જોઇએ, કારણ લડાઇમાં કપટ કરવું ધિક્કારજનક નથી, બલકે પ્રશંસાપાત્ર છે. દંતકથામાં કહેલું છે કે 'લડાઇ એટલે કપટ.' (૬) ઘણો વખત સુધી તેણે લડાઈ કરેલી હોય તથા અનુભવ મેળવેલો હોવો જોઇએ કારણ અનુભવના ફાયદા ઘણાછે. (૮) જો યુદ્ધ પ્રસંગે મિત્રોમાંથી કે બરોબરીઆમાંથી કોઇ બહુજ બહાદૂરી તથા શૌર્ય બતાવે તો ત્હેને ઇનામો તથા ભેટો આપવી ને તેનાં બહુજ વખાણ તથા પ્રશંસા કરવાં. તેમાં બને તેટલો આગ્રહ કરવો કે જેથી કરીને બીજાઓને પણ એવી રીતે વફાદારી બતાવવાનું તથા પોતાનો જાન આપવાનું મન થાય. (૯) યુદ્ધને દીવસે નેમ બને જેમ સાવચેતી રાખી ગફલતથી દૂર રહેવું. કારણ ઘણી વખત એવું બન્યું છે કે ફતેહ પાસે આવેલી હોવા છતાં એક પળજ ગાફેલ થઇ જવાથી કામ બધું ઉલટુંજ થઈ ગયું છે. (૧૦) જો દુશ્મનનું લશ્કર હાર ખાઇ જાય તો ત્હેની પાછળ પડવું નહિ તેમ ઉતાવળ કરી કોઇને પાછળ દોડાવવા પણ નહિ કારણ ઘણી વખતે ન્હાસતું લશ્કર પાછું ફરી તેમની પાછળ પડનારાપર હુમલા કરી તેમને હરાવી, પાછા ફેરવેછે ને વિજેતાઓને ઉલટી શિકસ્ત ખવડાવી દેછે, જો કોઇ ત્હારી જોડે લડાઇ કરવા આવે તો ત્હેને હાંકી કાઢવામાં બેમાંથી એક વાત બને છે. ત્હારામાં તેને હાંકીકાઢવા જેટલું પાણી હોયછે કે નથી હોતું. જો હોય, તોપણ બહેતર એ છે કે કોઇ પણ પ્રકારની તદબીરથી તે દુશ્મન મટી મિત્ર થતો હોય તો તેમ કરવું. પણ જો તેમ બની શકે તેવું નજ હોય તો પછી ઉપર કહેલી લડાઇની બાબતો ધ્યાનમાં રાખી તે પ્રમાણે વર્તવું. જો ત્હેની સામે ટકાવ કરવાની શક્તિ ન

હોય તો જાસૂસો તથા જોનારાઓ રાખવા, તથા રસ્તા, નાકાં વગેરેનું રક્ષણ કરવા તથા કિલ્લાને મજબૂત કરવાને ખજાનો તપાસવાનો બંદોબસ્ત કરવામાં ખામી ન આવવા દેવી. જો સલાહ કરવાનો વિચાર હોય તો ત્હેને અંગે નાણું ખરચવા તથા લુચ્ચાઇ દોંગાઇ કરવાની જરૂર છે. જો શત્રુ સલાહ માગતો આવે તો તો ના કહેવીજ નહી. તેમાં કજીઓ બિલ્કુલ કરવો નહિ કે જિદ્દ લેવી નહિ. કારણ જિદ્દ ધિક્કારવા જેવો ગુણ છે. ને જે સલાહ કરવા માગે છે ત્હેનો આખરે તો જય છેજ.

લડાઇ ન કરવી કારણ લડાઇનો પવનજ,
ઇનસાફના બાગનાં પાન ખેરવી નાંખે છે.
લડાઇને લીધે વાત એટલી બધી વધી જાય છે કે,
તેથી અસલી ખાનદાનો પણ વેરાની પામે છે.
અક્કલમંદ માણસ તો સલાહ સંપના રસ્તાપરજ ફરે છે.
તું પણ એજ રસ્તે જા કારણ 'સલાહ સારી છે.'

સિકંદરે આ વચનો ધ્યાનમાં રાખી તેમને પોતાની વર્તણૂકના ધોરણરૂપે બનાવ્યાં, ને લડાઇ કે સંધીનો પાયો તેનાપરજ તે ચણતો.

સારા માણસોને સંબંધે શૂરવિરતાનો ગુણ સૌથી સારે કહેવાય છે, તેથી એ વિશે જરા લંબાણથી બોલવું પડયું. પ્રભુનો પાડ કે તદબીરથી પૂર્ણ સારા નસીબવાળો શાહજાદો,

તેજથી પ્રકાશતા મનવાળા શાહજાદા અબુલ મોહેસનને લીધે,
ઘરડા જમાનાને પણ જુવાની આવી છે.

એ મ્હોટો પૃથ્વી પતિ તો એવો જબરો છે કે યુદ્ધને દીવસે,
એની બહાદુરીને લીધે મ્હોટો કાફ પર્વત પણ ચૂર્ણ થઇ જાય.

જ્યારે રણક્ષેત્રમાં તે તલવાર ખેંચે છે, ત્યારે,
એકજ હુમલાથી પર્વતના કકડે કકડા કરી નાખે છે.

પોતાના જબરા હાથની મદદ તથા અખંડ જાગૃત નસીબની સહાયતાવડે જે બાજૂએ તે પોતાનો નસીમદાર ચ્હેરો ફેરવે છે તે બાજૂએથી ફતેહ ને વિજય દોડતા દોડતા એના રસાલાને તેડવા આવે છે, ને જે દિશામાં ત્હેની ઉચ્ચવૃત્તિને ફરવાનો વિચાર થાયછે તે જગા એની ઉમદા નજર મડવાનું સ્થાન થાય છે ત્યાં સુખ ને સંપત્તિ ત્હેના મ્હોટા લશ્કરની સોબત કરવા ધસી આવે છે.

જેણી તરફ એનો જહાંગીરી ઇરાદો સવાર થાય છે,
તેણી તરફ હલકી લગામે વિજય ને સુખ દોડી આવે છે.

દોલતનું પોષણ કર્તા એના ભાલાના રક્ષણ નીચે રાજ્ય તથા ધર્મ સચવાય છે.

તેમ વિજય પ્રવર્તાવતી એની તલવારની જામાનગીરી નીચે દીન તથા દોલત રહેછે.

ને વિજયની અસરવાળી ત્હેની સેનાઓ દુઃખી જમાનાપર આતશ જેવો હુમલો કરે છે ને લડાઇના મેદાનમાં સબૂરી રાખી તથા ધૈર્ય બતાવી અલબુર્ઝના પર્વત જેવી મજબૂતીથી ટકી રહેછે.

પ્રિયાની આંખનાં તીરની માફક તે એકાએક તલવારનો ઘા કરે છે.

મહબૂબ ઝુલ્ફાની માફક ઝપાટાબંધ તેઓ સામા લશ્કરની હાર તોડી નાંખે છે.

માશૂકની ખૂબસૂરતીની પેઠે તે આખો દેશ જીતી લેછે.

ને માશૂકના રક્ષણ કર્તાઓના જુલમની માફક તેઓ પણ

ધુળ ઉરાડે છે.

પ્યારના ભડકાની માફક તેનો બધો જીવ બાળી નાખેછે,
તેમજ પ્યારિના કટાક્ષની માફક હૃદય કોરી નાખે છે.

ખૂબસૂરત સ્ત્રીઓની આંખ પેઠે તેજ જ્યાં જાય ત્યાં તોફાન ઉભું કરે છે,

ને વિયોગના જેવાજ માણુસને હરાવ્યા પાડી તેનું ખૂન કરનાર તે છે.

પવિત્ર પ્રભુ ત્હેની મહેરબાનીના વિસ્તારમય છાંયાને ત્હેના સેવકોના માથાપર હમેશ ને નિરંતર રાખો.

પ્રકરણ ૩૧ મું.

સાવધાનપણા (તથા કર્ત્તવ્યતા) વિશે.

જેનું રક્ષણ કરવું મનુષ્યજાતીને જરૂરનું છે તેનાપર નિગાહ રાખવી તેનું નામ 'ગયરત' અથવા સાવધાનપણું. પોતાના કાર્યભારને પ્રસંગે આવતી યુક્તિઓ અને રાજ્યના બંધારણને મજબુત કરવા માટે આ ગુણ હોવા સિવાય સુલતાનોનો છૂટકો નથી. ધર્મના કામમાં તેમજ રાજના કામમાં એનો ખપ પડેછે. એ ગુણના બે પ્રકાર છે. એક ધર્મને સંબંધે અને એક સંસાર સંબંધે એ બંને બાબતોમાં એ ગુણની જરૂર છે. ધર્મને સંબંધે એ ગુણ એવો છે કે કોરાનમાં જેને માટે હુકમ કરેલો છે તે પ્રમાણે કરવા તથા જેને માટે નિષેધ કહેલો છે તે પ્રમાણે ન થવા દેવા રાજાએ પ્રયત્ન કરવો જોઇએ. પોતાની હાજરીમાં રહેતા નોકરો તથા હાથ તળેની

રૈયતને પરમેશ્વરની સેવા કરવા ફરમાવવું તથા પાપ કરતાં અને પ્રતિબંધ કરેલાં કામો કરતાં અટકાવવા દંતકથામાં કહ્યું છે. કે જે કોઈ તમારામાંથી કોઇને ખરાબ કામ કરતાં જુએ ત્હેને એટલે જે કોઇ ધર્મથી ઉલટું કરતો હોય ત્હેને હાથવતે (સજા કરી) સુધારવો, એટલે જે પ્રમાણે ધર્મમાં કહ્યું હોય તે પ્રમાણે કોરડાથી કે તલવારથી. પણ આ કામ સત્તાવાન તથા બળવાન પુરૂષોથી થઇ શકેછે તેથી જો હાથવડે ન બની શકે તો પછી મ્હોડેથી તે પ્રમાણે કરતાં અ-ટકાવવું. પહેલાં શિખામણ આપવી તેથી ન માને તો જરા સખત શબ્દો વાપરવા, આ કામ વિદ્વાન તથા પવિત્ર પુરૂષોનું છે. જો મ્હોડેથી પણ બની શકે એવું ન હોય તો મનમાંથી તેને દુશ્મન તરીકે ગણ્યા કરવો. લોકોમાં જે બહુજ નિર્બળ હોય તેમને આવું કરવું પડેછે. આ દંતકથાનો અંત કેટલાએક ભણેલા માણસો નીચે પ્ર-માણે લાવે છે કે જે માણસ હાથવતે કે મ્હોવડે કોઇને અટકાવી શકતો નથી કે મનમાંથી છેવટ તેને શત્રુ પણ ગણુતો નથી તે માણસ મુસલમાન કહેવાતો નથી.

ખરાબ કામ હાથવતે અટકાવવું જોઇએ.
તેપણ જો ન બની શકે તો
મ્હોડેથી અટકાવવું, જો તે ન બને
તો મનમાંથી તે માણસને ધિક્કાર્યા કરવો.

કોરાનમાં ફરમાવેલી સજા કરવા તથા તેમાં કહેલી આજ્ઞા પ-ળાવવા જે સુલતાન મથે છે તે દુનીઆમાં પ્રભુનો નાયબ ને તેની છાયા ગણાય છે. પાદશાહને રાજકાજનાં બીજા મ્હોટાં કામોને લીધે આવી નજીવી બાબતોપર ધ્યાન આપવું બહુ મુસ્કેલ થઇ પડે છે તેથી

પોતાના રાજ્યમાં તેણે યોગ્ય કોટવાલો નીમવા જોઇએ. આ કોટવાલ ઇસ્લામ ધર્મમાં બહુ ચુસ્ત તથા ધર્મનું રક્ષણ કરવામાં બહુ હોંસીલા હોવા જોઇએ. તેમજ પવિત્રાઈ, પરહેઝગારી, પ્રમાણીકપણું, સચ્ચાઈ, ને થોડા આહારના ગુણવાળો હોવો જોઇએ. તે જે કામ કરે તે તેણે ધર્મને ખાતરજ કરવું જોઇએ. માત્ર બહારના દેખાવ કે સ્વાર્થથી દૂર રહેવું જોઇએ. તેમજ ખરાબ વૃત્તિઓ તથા કામ, ક્રોધ વગેરે ભાવ તેણે તજવા જોઇએ કે જેથી તેના વચનોની અસર લોકોના મનમાં થાય.

જે વચનો સ્વાર્થ રહિત તથા લોભ વગરનાં હોય છે,

તે જો પથ્થરને કહ્યાં હોય તો તેના પર પણ અસર થાય છે.

શેખ અબૂલ હુસન નૂરીને એવી આદત હતી કે કોઇને ખરાબ કામ કરતાં જોતો કે તરત તેમ કરવા ના કહેતો, તેમાં ત્હેનો જીવ જાય તેવું હોય તોપણ ત્હેની દરકાર ન રાખતો. એક દહાડો શરીર સ્વચ્છ કરવા પોતે તાઇગ્રીસ નદીને કિનારે ગયો હતો. ત્યાં તેણે એક હોડી જોઈ તેમાં મ્હોડાં બંધ કરેલી ત્રીસ બરણીઓ તેની નજરે પડી. દરેકના પર લખ્યું હતું કે "સ્વાદદાર." તે જોઇ ત્હેને બહુ અજાયબી લાગી કારણ બજારના સોદામાં "સ્વાદદાર" એ નામની ત્હેણે કોઈ ચીજ સાંભળી ન હતી. હોડીવાળાને પૂછયું કે આ બરણીઓમાં શું છે? તેણે કહ્યું, તું સાધુ સંત જેવો છે, ત્હારે એ બાબત જોડે શું લેવા દેવા છે? જા, તું ત્હારે કામે જા. આ સાંભળી તેમાં શું હશે તે જાણવાની શેખની જીજ્ઞાસા વધી. તેથી તેણે હોડીવાળાને કહ્યું, બસ, આમાં શું છે તે મ્હારે જાણવુંજ છે. ત્યારે તેણે કહ્યું, અરે વિદ્વાન માણસ, આ બરણીમાં દારૂ છે, ને તે હું મુઅ્તઝદ

ખલીફ ને આર લઈ આવ્યો છું. શેખે આસપાસ જોયું તો, હોડીમાં એક ભારે વજનની લાકડી પડેલી દીઠી. હોડીવાળાને કહ્યું, પેલી લાકડી મ્હારા હાથમાં આપ. હોડીવાળાને ચીઢ ચઢી તેથી પોતાના શાગિર્દને કહ્યું કે એને પેલી લાકડી આપ, જોઉં તો ખરો, એ શું કરે છે. તેણે લાકડી શેખને આપી. તેણે પોતાના મુબારક હાથમાં તે લાકડી લઈ એકે એક બરણીના કટકા કરી નાંખ્યા. હોડીવાળો તો આ જોઈ બહુ બ્હીને ધ્રુજવા લાગ્યો ને તેણે મ્હોટી બૂમ પાડી. તે સાંભળી બગદાદના પુલનો કોટવાલ યુવનસ દાંતીઓ પોતાનાં માણસો લઇ દોડી આવ્યો ને શેખને પકડી ખલીફ પાસે લઈ ગયો, ને બધી હકીકત તેને નિવેદન કરી. મ'આતેઝદ મહાજબરો કર્તવ્ય સમાજનારો રાજા હતો, ને ઘણું ખરૂં સૌને તલવારથીજ સજા કરતો, એવો જુલ્મી હતો. બગદાદના લોકોએ જ્યારે જોયું કે શેખને મ'આતેઝદ પાસે લઇ જાય છે ત્યારે તેઓ બહુજ દિલગીર થયા. ને તેઓએ ખાત્રીપૂર્વક માન્યું કે તરતજ હવે શેખને મારી નાંખવામાં આવશે. જ્યારે શેખને તેની પાસે લઈ આવ્યા ત્યારે ખલીફ લોહાસનપર બેઠેલો હતો ને ત્હેના હાથમાં લોહનીજ ગદા હતી. તથા ઝભ્ભો પણ રાતોજ પહેર્યો હતો આ બધી નિશાનીઓ ક્રોધ તથા ગુસ્સાની હતી. મ્હોટી બૂમ પાડી શેખને પૂછ્યું કે એવો તું કોણ છે, કે ત્હેં આવી બેઅદબી કરી? શેખ બોલ્યો, હું કોટવાલ છું. ખલીફે પૂછ્યુ, કોના હુકમથી કોટવાલી કરે છે? શેખ કહે, પરમેશ્વર ને તેના પેગંબરના હુકમથી. ખલીફ બોલ્યો, ત્હને કોણે કોટવાળ બનાવ્યો? તેણે કહ્યું; જેણે ત્હને પાદશાહી આપી તેણે. આ સાંભળી મ'આતેઝદે હલાકેક પોતાનું માથું નીચું નાંખી દીધું, ને પછી ડોકું ઉચું

કરી, બોલ્યો, કે ત્હને એવું શું થઇ આવ્યું કે આ બધી બરણીઓ ને ત્હેં ભાંગી નાંખી? શેખે કહ્યું, ત્હારે ને ત્હારી રૈયત માટેના દયાભાવે. ખલીફે પૂછ્યું, મ્હારે માટે શી રીતે? શેખે કહ્યું, કે જે પાપ ત્હારે દૂર કરવું જોઇતું હતું, તે ત્હેં ન કર્યું. પણ મ્હેં ત્હારે માટે તેને અટકાવ્યું અને કયામતને દિવસે તેને માટે જે સજા તને થાત તે પણ એ રીતે બંદ રાખી. ખલીફે ફરી પૂછ્યું મ્હારી રૈયતને માટે શી રીતે? શેખે કહ્યું, તું જો પ્રતિબંધ કરેલાં કામો કરે તો લોકો પણ પાપ કરતાં ડરે નહિ. પણ તુંજ જો પાપ કરતાં અટકે તો લોકોની હિમ્મત ન ચાલે કે તેવું કરે. કારણ સાધારણ રૈયત બધી સારે કે માઠે રસ્તે પોતાના રાજાને પગલે ચાલે છે. જો તેમને સારે રસ્તે ચાલતો જુએ તો પોતે પણ સારે રસ્તે ચાલે છે, ને તેને લીધે મળતો બધો સારો બદલો રાજાને ખાતે ચઢે છે. તેને ખોટે રસ્તે ચાલતો જુએ તો પોતે પણ ખોટે તથા અનીતિને માર્ગે ચઢે છે, ને તેને અંતે આવતું અનિષ્ટ પરિણામ તથા દુઃખ બધું રાજાને માથે પડેછે. તેથી ત્હારા તેમજ ત્હારી રૈયતના હક્ક જાળવવાની મ્હેં મહેરબાની કરી છે. આ કામ કરવામાં પ્રભુને રાજી કરવા સિવાય મ્હારે બીજો કાંઇજ સ્વાર્થ હતો નહિ. મ'આતેઝદ રડી પડયો ને બોલ્યો કે આ કામ કર્યાથી ત્હેં ત્હારી શોભા વધારી છે. હવે પછી જે કોઇ પાપ થતું તું જુએ તે અટકાવજે, ને પોતે પણ હુકમ કર્યો કે તેમ કરતાં કોઇ ત્હેને અટકાવે નહિ. આ વાતપરથી માલૂમ પડેછે કે જો પરમેશ્વર તરફનો તે કોટવાલ હોય તો તેને કોઇ પણ જાતની આફત હેરાન કરતી નથી.

એક જણે પોતાના પીર (ઉપરિ) ને કહ્યું કે હું,
હાલના સમયમાં જે પાપ થાય છે તે થતું અટકાવું છું.
પરન્તુ મ્હને બ્હીક લાગે છે કે,
અદેખાં માણસો મ્હને હેરાન કરશે.
ત્હેણે કહ્યું, જો પ્રભુપ્રિત્યર્થેજ તું આ કામ કરતો હશે,
તો એક તો શું પણ બંને દુનિયાની બલામાંથી તું બચી જશે.

સંસાર સંબંધે આ ગુણ ત્રણ પ્રકારનો છે,—(૧) પોતાના બરોબરીઆ તથા સરખાઓ જોડેનો, (૨) પોતાનાં ખાસ માણસો જોડેનો, (૩) અને આખી દુનીઆ જોડેનો સંબંધ.

પોતાના બરોબરીઆને સંબંધે આ ગુણ એવો છે કે, એટલે દરજ્જે ત્હેમના કરતાં શ્રેષ્ઠ થવાની ઇચ્છા રાખવી કે ત્હેમનામાંથી કોઇ પણ પોતાના કરતાં વધારે ચઢી શકે નહિ; અને પદ્વિ, દબદબો, સત્તા, વજન, ભપકો, મ્હોટાઈ અને બળ, ડોળડમાકમાં સૌને માથે થવું. આવી રીતની સ્પર્ધા તથા પોતાની ચઢતી શોધવાના ગુણના બાહુલ્યને લીધે ઘણાં મ્હોટાં કામો થઈ શકે છે, ને સઘળી વાત આપણી મરજી પ્રમાણે પાર પડે છે. જેમનામાં જુસ્સો હોય ત્હેમનામાં આ ગુણ ખાસ હોય છે. જેમ જુસ્સો વધારે તેમ સ્પર્ધાનો આ ગુણ પણ વધારે.

એક સુલતાનના છોકરાએ કોઇ ફિલસૂફને પૂછયું કે, મ્હારે મારા ભાઈઓ તથા બીજા બરોબરીઆઓ કરતાં ચઢીઆતા થવું છે, ને સત્તાના મેદાનમાં દોલતનો દડો બળની ગેડીથી ખેંચી લેવો છે, માટે મ્હારે કયા કયા સાધનની જરૂર છે? ત્હેણે

કહ્યુ, શાહઝાદાહ, સત્તા મેળવવા માટે જુસ્સો ને સ્પર્ધા સિવાય બીજી કાંઈ વસ્તુ સારી નથી.

જે સ્પર્ધાવડે પોતાની તરવાર ઉંચકે છે,
તેની તલવારની અણી આકાશથી ઉંચે જાય છે.
સ્પર્ધા કરવાથી યશ ને કીર્ત્તિ મળે છે,
તેમજ પોતાની મુરાદપણ તે પાર પાડે છે.
જેનું નસીબ જાગૃત હતું તેવા માણસે કહ્યું કે,
સ્પર્ધા કરવાથી તાજને તખ્ત બંને મળે છે.

પોતાનાં ખાસ માણસ ને સંબંધે આ ગુણ એવો છે કે, અજાણ્યા માણસની નજરથી ઘરની સ્ત્રીઓને છૂપાવવી, તથા પાતિવ્રત પાળવાનો અને વિશુદ્ધ રહેવાનો તેમને આગ્રહ કરવો, અને ધર્મ તથા અક્કલ પ્રમાણે તે પળાવવાને માટે જે જે બાબતની જરૂર હોય તે પ્રમાણે કરી ત્હેમને તેવી ટેવ પાડવી તેમ થવાથી રૈયત પણ સલાહ સંપમાં રહેશે, ને ટંટો ફિસાદ કરતાં અટકશે. એક મ્હોટા માણસે પોતાનીજ એક ઝનાના પાળતી સ્ત્રીને માટે કહ્યું છે કે,

સારી જગાએ પણ પતિવ્રતાઓએ,
દેખાવું તે હરામછે. તેઓ ફક્ત હલાલ (કોરાનમાં જેને માટે રજા આપેલી હોય તે) માણસનેજ દેખા દઇ શકે.
દરેક માણસને તેમણે જોવો ન જોઇએ.
તેમણે ગલીએ ગલીએ ફરવું ન જોઇએ.
આપણા શરીરને જે આ બધી આફત આવી પડે છે,
તે એ પશ્ચાતાપનાં પણ તોડાવનારીઓનાં કટાક્ષને લીધેજ.

સીપના મોતી માફક ત્હારી આંખો ઢાંકેલી રાખ,
કે જેથી બલાના તીરનું નિશાન તુ થઈ પડે નહિ.
ત્હારો ધણી જે ત્હેને હલાલ છે, તે સિવાય,
કોઈ બીજાને-ત્હારા મામા સરખાને-પણ મ્હોડું ન બતાવ.

બીજા લોકોને સંબંધે એ ગુણ એવો છે કે જેવી પાક નજર પોતાના-સુલતાનના-ઝનાનાની સ્ત્રીઓની બાબતમાં રાખવાની છે તેવીજ દરેક મુસલમાનની સ્ત્રીને સંબંધે પણ રાખવાની છે. ને પોતાની દરબારના નોકરોમાંથી કોઇપણ આબરૂવાળા ખાનદાનને બદનામી તથા નામોશી પહોંચે તેવું ન થવા દેવું જોઇએ, તથા મુસલમાનોના અપરાધો ખુલ્લા કરવા પ્રયત્ન ન કરવો તથા પોતાના તાબાની રૈયતની એબ જેમ બને તેમ ઉઘાડી ન પાડતાં છૂપી રાખવી. દંતકથામાં આવેલું છે કે જે મુસલમાનની એબ છુપાવે છે, ત્હેની એબ મહાન કીર્તિમાન પ્રભુ પણ છૂપાવે છે, ને એમ પણ કહે છે કે ત્હેના ગુન્હા પણ આ તથા પેલી બંને દુનીઆમાં છૂપાવી દે છે. એવી કહેવત છે કે, તુ કોઇની વાત છૂપાવશે તો પ્રભુ ત્હારી પણ છૂપાવશે. તું કોઇનું છૂપાવશે તો તે ત્હારૂં છુપાવશે.

પોતાની સ્થિતિનું રક્ષણ કરવું તેને 'હમીય્યત' કહે છે. 'ગયરત' નું સૌથી શ્રેષ્ઠ સ્વરૂપ એ છે કે જ્યારે કોઇ માણુસ આપણું રક્ષણ શોધતો આવે ત્યારે તેને આશ્રય આપી પોતાના હીમાયત રૂપી કિલ્લામાં ત્હેને જગા આપવી, ને બને ત્યાં સુધી ત્હેને અડચણ આવવા ન દેવી. અરબસ્તાનમાં તો આગળ રિવાજ હતો અને હજૂ હેજાઝના પ્રાંતમાં રિવાજ છે કે જો કોઇ માણુસ પોતાની દીવાલના છાંયડા નીચે અથવા તંબૂના ઓથા નીચે પણ આવી ઉભો રહેતો ને તેણે

મ્હોડેથી ત્હેમનો આશ્રય ન માગ્યો હોય તોપણ ત્હેનું રક્ષણ કરવું. તેમ પોતાના આશ્રિતને કોઇને હવાલે કરીદેતો નહિ. ત્હેનાં રક્ષણ માટે પુષ્કળ પૈસો ખરચતા, અને ખરચેછે બલ્કે લોકોનાં ખૂન થતાં પણ તેઓ પોતાનો વટ ચૂકતા નહિ. કોઈ જાનવરો તેમના તંબૂ આગળ આવતાં, અથવા તો તેમની ઢોરનાં ચરવાની જગાપર આવતાં તો તેમનું પણ તે રક્ષણ કરતા.

એક વખત બહેરામ ગોર અરબસ્તાનના હાકેમના માંન મંઝર જોડે રહેતો હતો. ત્હેના બાપ યઝદજર્દના હુકમ પ્રમાણે નામાન ત્હેને કેળવણી આપતો હતો. એક દિવસે તેણે એક હરણનો શિકાર કરવા માંડયો. હરણ તેની પાસેથી દોડી ગયું ને આમ તેમ ન્હાસવા લાગ્યું, બહેરામ તેની પછવાડે લાગ્યો. દીવસ ચઢતો ગયો, હવા ગરમ થઇ ને તરસને મારે હરણ એક આરબનો કબીલો મુકામ નાંખી પડયો હતો ત્યાં જઇ પહોંચ્યું ને કબીઝ નામના એક આરબના તંબૂમાં પેશી ગયું. આરબે તેને પકડી એક દોરી વતે બાંધ્યું. તેની પાછળ કમાન પર ચઢાવેલા તીર સાથે બહેરામ પણ ત્યાં આવી પહોંચ્યો, ને બૂમપાડી બોલ્યો, કે ઓ ઘરધણી, અહિં મ્હારો શિકાર આવેલોછે, માટે તેને બહાર કાઢ. કબીઝે તેને ઓળખ્યો નહિ, તેથી તેણે કહ્યું, અરે ખૂબસૂરત ઘોડે સવાર, જે જાનવરે મ્હારા તંબૂમાં આવી આશ્રય લીધોછે તેને કતલ કરાવા કાઢી મૂકવું, એ મ્હને શોભતું નથી. બહેરામે તેને સખત વચનો કહેવા માંડયાં. કબીઝહ કહે, બહુ થયું લાંબી વાત ન કર. આ કમાનપરનું તીર જ્યાં સુધી મ્હારી છાતી ફોરશે નહિ ત્યાં સુધી ત્હારા કબજામાં એ હરણ આવવાનું નથી. ને જેવો તું મ્હને મારી નાંખશે કે મ્હારા કબીલામાં માણસો હુને હરણ-

ની શોધ કરવા જેટલી પણ ફુરસત આપશે નહિ. ત્હારા પોતાના જી-
વ પર દયા લાવી, એ હરણ પકડવાનો વિચાર જવા દે, પણ જો
ત્હારે કોઇ મ્હોટી આશા હોય તો, આ અરબ્બી નસલનો ઘોડો જે
સોનેરી જીન તથા લગામ સાથે તૈયાર બાંધેલો છે, તે હું ત્હને આપી
દઉંછું. ત્હેનાપર સવાર થઇ ત્હારા પોતાના ઘોડાને પાછળ દોરી
ત્હારે મુકામે લઈ જા. આવી રક્ષકવૃત્તિ જોઈ બહેરામ ખુશ થઇ ગયો,
ને ત્હેનો ઘોડો ન લેતાં પોતે પોતાના રસાલા તરફ પાછો ફર્યો. ને
જે દીવસે પાદશાહીનું તાજ તેના માથાપર મૂકાયું, ને ઇરાને ત્હેની
આજ્ઞારૂપી બેડી પોતાનાં સેવ્યવૃત્તિરૂપી કંઠમાં પહેરી તે દિવસે તેણે
ફઆીઝેહને બોલાવ્યો, તેને માન આપ્યું, ને આરબોમાં તેને "મુજ-
વ્યર-ઉલ-ગઝલાન" એટલે 'મૃગોનો આશ્રય દાતા' ને ત્હેમનો રક્ષક
એવો ઇલિકાબ આપ્યો;

જેને પોતાના રક્ષણ નીચે લાવે, ત્હેને,
યથાશક્તિ આશ્રય આપ.
એક મરદ તરીકે ત્હેને રક્ષણ આપતાં પાછો ન પડ,
ને બહાદૂરીથી તેના કામમાં વર્તતો રહે.
દરીઆમાં ફક્ત એકજ ટીપું આશ્રય શોધેછે,
તોપણ ત્હેનું તખ્ત તે સીપની ઉચ્ચ જગાપર બનાવેછે,
તેના પર ઘણી મહેરબાની કરી તેને કીમતવાન બનાવેછે,
ને ત્હેનું મ્હોટું પાદશાહી મોતી બનાવી દેછે.

પ્રકરણ ૩૨ મું.

નિયંત્રણ ને સજા વિશે.

નિયંત્રણ એટલે કબજામાં લેવું ને પછી ત્હેને નિયમમાં લાવવુ તે. નિયંત્રણ બેપ્રકારનું છે. એકતો પોતાના આત્માનું, બીજુ, પારકાને સંબંધે.

આત્માનું નિયંત્રણ એટલે દુર્ગુણોને દૂર કરી સદ્ગુણોની પ્રાપ્ત કરવી તે; પારકાનું નિયંત્રણ બેજાતનું છે. એક, પોતાના ચાકર નોકરોને તાબે રાખી તેમનો બંદોબસ્ત કરવો. તે તથા બીજું, પોતાની રૈયત તથા પ્રજાનો બંદોબસ્ત. પહેલાને માટે પ્રકરણ ૪૦ માં લખેલું છે.

બીજી જાતને માટે એવું છે કે, ખરાબ માણસો તથા ખરાબ કર્તુક કરનારાઓને હમેશ ડરાવતા તથા ભય આપતા રહેવું. તથા સારાં માણસો અને સારાં કામ કરનારાઓને મ્હોટી આશાઓ આપવી. અબુઝર જમહીરને પૂછ્યુંકે, કયોપાદશાહ મ્હોટો કહેવાય? તેણે કહ્યું, જેનાથી નિરપરાધી માણસો સુખ મેળવતાં હોય, ને ગુનેહગારો ડરતા હોય, જેની વીજળી જેવી ઝળકાટ મારતી તરવાર બદબખ્ત જુલ્મી પુરૂષોનાં આંસુની સોબતી થતી હોય, ને ઉદારતા વાળી ત્હેની ઠંડા પવન રૂપી વીજળીની રોશની લાયક દર્વેશો ઉપર નાઇગિમના વરસાદની દોસ્તી રાખતી હોય તે.

હોશંગ પાદશાહ એમ કહેતોકે હું પવિત્ર માણસો તથા ભલા લોકો ઉપર પરમેશ્વરની દયા રૂપેછું, તથા ખરાબ અને ફિસાદ ખોર માણસો પર ત્હેના ક્રોધ રૂપેછું. મ્હારો ક્રોધ રૂપી ડંખ ઝેહેરવાનીના મધ

જોડે મળેલોછે, ને મ્હારૂં ભયરૂપી વિષ રહેમની શર્કરા જોડે એકઠું થઇ ગએલુંછે.

મ્હારા ખજાનામાં વિષને ગોળ બંનેછે.

એક વાનું મિત્રોને ને એક વાનું દુશ્મનોને આપું છું.

ફિલસૂફોએ કહ્યું છે કે આ દુનિયાની છાવણીનો પાયો નિયંત્રણ ઉપર છે, ને ત્હેને પૃથ્વીની કોટવાળીપર નીમેલું છે. જો નિયંત્રણરુપી જાપતો ન હોય તો દુનિયાનો કારભાર નિયમપૂર્વક ચાલે જ નહિ. જો સજાને મારનો કાયદો હોય નહિ તો સૌનાં કામકાજ પણ સુખે થાય નહિ.

સજા કરવાથી રાજ્ય નિયમપૂર્વક ચાલે છે.

જો સજા નહોયતો ગરબડાટ થઇ જાય.

દુનિયાના કામકાજના બંદોબસ્ત

માટે શિક્ષાનો ભય રાખ્યા વગર ચાલેજ નહિ.

જોકે 'ઇનસાફ વગરનું રાજ નહિ' એવાક્ય રૂપી કન્યા મનમોહક છે ખરી, તોપણ તેને 'શિક્ષા વગર ઇનસાફ નહિ' એવાક્ય નુંઆભૂષણ પહેરાવ્યા વગર છૂટકો નથી. જેપાદશાહને 'શિક્ષાની સુસ્તી તે રાજની આફત' એવચનોની ખબર નથી તેના રાજના પાયા જલદીથી હાલી ઉઠેછે, ને તેના રાજની મજબૂતીમાં ખલેલ પડેછે. કારણ રાજ્ય તથા ધર્મ બંનેને શોભાવનાર શિક્ષાછે.

શિક્ષાની તલવાર જ રાજના ચ્હેરાને

તેજોમય તથા સૂર્ય જેવો પ્રકાશ આપનાર કરેછે,

જો શિક્ષાની કારીગરી મદદ ન કરેતો,

જફાને જુલમની રેલથી દુનિયા ખરાબ થઇ જાય.

શરી'અત (ધર્મ)ના કાયદા વગર કોઇ પણ જાતનો હક્ક પોતાને સ્થાને ગોઠવાઈ શકતો નથી, તેમ શિક્ષાના દાબવિના ધર્મ તથા સંસારનું કામ નિયમસર થઈ જતું નથી. તેથી રાજાઓ જે શિક્ષા કરેછે તેથી ધર્મને પુષ્ટી મળેછે, નેધર્મની આજ્ઞાને તાબે રહી ચાલવાથી રાજને મ્હોટાઇ મળેછે.

જમાનાની વાડીમાં સુખના વૃક્ષની તાજગી માટે,
પવિત્ર ધર્મની નદી વિના આશા રાખવી નહી.
પણ ધર્મની નદીનાં પવિત્ર પાણીનો ઝરો,
મ્હોટા રાજાઓની શિક્ષાની છાયા વિના કેમ વહી શકે?

ખરૂં જોતાં તો ધર્મનું મધ્ય બિંદુ એજછે, ને રાજ્યનો મુખ્ય આધાર પણ એના પર જછે.

જો સુલતાનની શિક્ષારૂપી તલવાર હોત નહિ,
તો આખી દુનીઆમાં કોઇથી સુખે પાણીપણ પીવાત નહિ.

દંતકથામાં કહેલું છેકે, જો રાજાઓ નહોયતો થોડાં માણસો બીજાં થોડાં માણસોને ખાઇ જાય એટલે ત્હેમનો નાશ કરે. શિક્ષા કર્યા સિવાય મુલક તાબે થાયંજ નહિ. ને તોફાન ફિતનાને સલાહ તથા સજા વિના બંધ પડાયજ નહિ.

એક ખલીફ વાએજ આપવાના આસનપર ચઢયો. ત્હેના એક હાથમાં નાગી તરવાર ને બીજામાં કોરાન હતું. પછી વાએજ આપતાં આપતાં તે બોલ્યોકે, ભલાં માણસો, તમારે માટે આજ પુસ્તક એટલે કોરાન બસછે. ને ખરાબ માણસો, તમે આના એટલે તરવાર સિવાય સીધાં થવાનાં નથી.

શિક્ષા એ એક જાતનો અગ્નિછે, જેને

ખરાબ કામ કરનારાઓ માટે સળગાવવામાં આવેછે.
જ્યારે તેલોકો જુલ્મનો આતશ ચેતાવેછે,
ત્યારે તેમને પણ બાળી નાંખવા એ ઠીકજછે.

તિમગાજખાન એક બહુ મ્હોટો પાદશાહ થઇ ગયો. તેના શિક્ષારૂપી કારીગરે તેના મુલ્કનું મેદાન આબાદ કર્યું હતું. ને તેની ભયરૂપી શમશેરે તેનાં શહેરો તથા દેશમાંથી જુલ્મ ને બેદાદીનું બી ઉખેડી નાંખ્યું હતું.

ત્હેના ક્રોધની બ્હીકથી, તોફાન
નાશની પેલી બાજૂએ ચારશેં માઇલ ન્હાસી જતું.
ત્હેની શિક્ષાના ઓપથી,
ઠગારી દુનિયાના મ્હોડા પરથી જુલમનો કાટ જતો રહેતો.

એક દીવસે તોફાની લુચ્ચા ટોળામાંથી એક જણ ફુલનો તોરો તેની પાસે ભેટ તરીકે લાવ્યો. સુલતાને લીધો ને પૂછ્યું કે કયાંથી આણ્યો? તેણે કહ્યું, વાડીઓમાંથી આ ફુલ મ્હેં ચુંટ્યાં છે. સુલતાને પૂછ્યું, વાડીઓનો માલિક તુ હતો? તે બોલ્યો, ના. ત્યારે સુલતાને પૂછ્યું, માલિક પાસેથી ત્હેં વેચાતાં લીધાં હતાં? તેણે જવાબ આપ્યો ના, આશહેરમાં ફુલના પૈસા નથી ખરચવા પડતા. કારણ તે બહુ સોંઘાંછે. સુલતાન જરા વિચાર કરી બોલ્યોકે, જે માણસ વગર રજાએ કોઇની વાડીમાં જઇ ત્હેનાં ફુલ ચુંટી લાવે, તે વખતે ત્હેને ઠગ્યા વગર ત્હેનો મેવો પણ લઇ લે, ને એવાં કામ પરથી બીજાં વધારે ખરાબ કામ તેકરે એવું પણ ધારી શકાય. પોતે હુકમ કર્યો કે એના હાથ કાપી નાંખો, બીજા દરબારીઓ વચમાં પડયા ને માત્રતેની એક આંગળીજ કાપવા દીધી. તિમગાજખાન હમેશ ખરાબ માણસો જેમને કોઇનો

ભય નહોય તેમને મારી નાંખતો. એક દીવસ તે લોકોની ટોળીએ શહેરના દરવાજા પર લખ્યુંકે, અમે એવી જાતના વેલા છીએ કે જેમ અમને કાપી નાંખશો તેમ હમે વધારે ઉગતા જઈશું. સુલતાનને આ વિશેની ખબર પડી. તેણે કહ્યુંકે એ શબ્દોની પાસે આપ્રમાણે લખો, કે હમે પણ એવા માળી છીએકે તેમની ફરી ઉગવાની વાટ જોતાજ ઉભા છીએ. જેવા ઉગે તેવાજ ત્હેને ઉખેડી નાંખીશું.

રાજ્ય રૂપી બાગમાં જે કાંટો ઉગે, તેને
તરતજ તલવારથી ઉખેડી નાંખવો જોઇએ.

એમ કહેછેકે હોરમઝ બીન નોશીરવાન પોતાના ઇનસાફને હમેશા શિક્ષાનો સોબતી બનાવતો ને પોતાની મહેરની જોડે ભયપણ જોડેલો રાખતો. સારાં માણસોને ઈનામ આપતો ને ખરાબની ફજેતી કરતો.

જુલમના કાફલાનો રસ્તો ત્હેની શિક્ષાએ લૂંટી લીધો હતો.
ત્હેની રહેમ વૃત્તિએ ઇનસાફની થાળી દુનિયામાં તૈયાર કરી હતી.

એક દીવસે ત્હેનો એક ઘોડાવાળો કોઈ બાગમાં ગયો, ને વાડી વાળાની રજા વગરજ દ્રાક્ષનો એક ઝુમખો તોડી લીધો. તેઉપરથી તેના ઘોડાની લગામ પકડી પેલા વાડીવાળાએ કહ્યું, મ્હને ખુશ કર, નહિતો શાહહોરમઝ પાસે ત્હારે માટે હું ફરીઆદ કરવા જાઉંછું. ઘોડાવાળા ગુલામે ત્હેને થોડું ઘણું આપ્યું પણ તેથી ત્હેને સંતોષ વળ્યો નહિ, તેથી અંતે હોરમઝની શિક્ષાના ભયથી તેને સો દીનાર આપવી પડી.

ફિલસુફોએ કહ્યુંછેકે, પાદશાહી વૃક્ષજેવી છે, ને શિક્ષા પાણીજેવી છે; તેથી રાજ્યના વૃક્ષને શિક્ષાનું પાણી પાઇ તાજું રાખવું જરૂરનુંછે. આથી તેમાંથી સુખને સલાહનાં ફળ થઈ આવશે.

ડહાપણથી જે પાદશાહ
શિક્ષા રૂપી પુસ્તકનો અભ્યાસ કરેછે, તેજ સુખી થાય છે.
ત્હેની તલવારની ધાર પાદશાહીની વાડીને,
શિક્ષાના પાણીથી લીલીને તાજી રાખેછે.

એટલું જાણવું જરૂરનું છેકે શિક્ષા એવી વસ્તુ છેકે જેના સંબંધમાં તેનો ઉપયોગ કરવામાં આવે તે તેને લાયક હોવા જોઇએ. તેને પાત્ર લોકો, જુલ્મીપણાનો ધંધો કરનાર તથા ખરાબ માણસોછે. સાપ ને વીંછીની પેઠે ત્હેમનાથી ખાસોઆમ, ન્હાના તથા મ્હોટા બધાને ઇજા પહોંચેછે. એક સુલતાને એક ડાહ્યા માણસને પૂછયું કે આદમીઓમાંથી શિક્ષાને પાત્ર કોણછે? તેણે કહ્યું, જે (ખરેખરો) આદમી હોય તેવોતો કોઇ સજાને પાત્ર છેજ નહિ; પણ ફાડી તથા કરડીખાનારાં પશુઓનેતો શિક્ષા કરવી જોઇએ. પાદશાહે કહ્યું, એ વાત જરા વધારે સારી રીતે સમજાવો. તે બોલ્યો, સૃષ્ટિપરનાં માણસોમાંથી કેટલાંક બિલકુલ ભલાં ને તદન ભલાઇનાંજ બનેલાં હોયછે. તેમનાથી સૌને ફાયદો થાયછે, ને કોઇને પણ ગેરફાયદો થતો નથી. તેઓ દેવગણ (ફિરસ્તા) જેવાં છે. બીજાં કેટલાંક તદન દુષ્ટ ને બિલકુલ દુષ્ટતાથીજ ભરેલાં હોય છે. જેવાં કે વરૂ, વાઘ, સાપ, ને વીંછી; તેમનાથી ઇજા જ થાયછે, ને બિલકુલ ફાયદો થતો નથી. તેથી મનુષ્યોમાંથી જે ચાલચલણમાં ફિરસ્તા જેવા હોયછે, તે આદમીઓમાં સર્વેથી શ્રેષ્ઠ કહેવાયછે. ને જે હિંસક પ્રાણીઓને રસ્તે ચાલેછે, તે ફાડીખાનારાં તથા ઝેરી પ્રાણીઓમાં અધમ ગણાયછે. અને તેથી શિક્ષાને પાત્ર તે લોકોછે આદમીઓ નહિ.

શિક્ષા બહુ પસંદ કરવા જેવીછે.

પણ હું એમ નથી કહેતો કે તે સૌને માટેજછે.

જુલ્મી માણુસોને મારી નાંખવાં તથા તેમનો માલ ખાઈ જ

કારણ ખરાબ પક્ષીની પાંખ તથા પીછાં ટુંપી લીધાં હોય

જ સારૂં.

નોશીરવાનના રાજમાં એક નિર્દય માણુસે એક નિર્બળ માણ ધોળ મારી. તેણે નોશીરવાન પાસે આવી ફરીયાદ કરી. નોશીર નના હુકમથી તે ક્રૂર માણસને શિક્ષા કરવાની જગાએ લઇ ને ત્યાં ત્હેનું ડોકું ઉડાડી દીધું. ત્હેના એક ખવાસે કહ્યું, કે અ નજીવા ગુન્હા માટે માણસનો જીવ લે છે તેવા રાજાને જોઇ બહુ અચંબો લાગે છે. નોશીરવાન બોલ્યો, તું ખોટું બોલે છે, માણસને નથી મારી નાંખ્યો, મ્હેં તો વરૂનો જીવ લીધો છે. સાપ તથા વિંછીને મારી નાંખ્યા છે.

જેણે માણસોપર જુલમ કરવાનો ધંધોજ માંડયો હોય,

તે ખરેખરી રીતે જોતાં સાપ તથા વિંછીના કરતાં પ અધમ છે.

ખુસરો પર્વેઝે એક ફિલસૂફને પૂછ્યું, કે આદમીની જાતમાં શિક્ષાને લાયક કોણ છે? તેણે કહ્યું,રાજા સાહેબ, માણસના પ દરજ્જા છે. (૧) જેઓનો સ્વભાવજ સારો હોય છે, ને જેમના દુનિયાનું ભલુંજ થાય છે, તેમને મદદ કરવી જોઇએ તથા તેમ સોબત રાખવી જોઇએ. (૨) જેઓ સ્વભાવે સારા હોય, પણ મની ભલાઈની અસર બીજા કોઈપર થઈ નથી તેમને માન પવું જોઇએ, તથા કોઇનું ભલું કરે એવી ઇચ્છા તેમનામાં ઉત્પ કરવી જોઇએ. (૩) જેઓ વચલા વાંધાના હોય છે, તેઓનાથી ન

દુનિયામાં કોઇનું ભલું થતું કે નથી કોઇનું ભૂડું થતું. મતલબ તેઓનો સ્વભાવ નથી સારો હોતો કે ખરાબ હોતો. તેમને ભલાઇનો રસ્તો બતાવવો જોઇએ તથા ખોટે રસ્તે જતાં અટકાવવા જોઇએ. (૪) જેઓ જાતે ખરાબ હોય છે, પણ કોઇનું ભૂડું કરતા નથી. તેમને ધિક્કારવા જોઇએ કે જેથી પોતાની ભૂડાશ તેઓ છોડી છે. (૫) જેઓ જાતે ખરાબ હોય ને બીજાનું ભૂંડું પણ કરતા હોય, તેઓને ભય તથા ત્રાસ આપી પહેલાં ડરાવવા, પછી મારવા, પછી કેદ કરવા, ને છેવટ કતલ કરવારૂપી શિક્ષા કરવી.

જે આતશથી લોકોને બાળવામાં આવે છે,
તેને તો ઠંડો પાણી સિવાય બીજો છુટકોજ નથી.

વળી શિક્ષા કરવાનો બીજો એક ફાયદો એ છે કે તેથી ફિસાદ ફિતનો ઠંડો પડી જાય છે. જ્યારે તોફાની માણસો જૂએ છે કે શિક્ષાનો અગ્નિ જોરથી બળે છે ત્યારે તેઓ ખુણામાં ભરાઇ જાયછે. પણ જો શિક્ષા કરવામાં જરાપણ સુસ્તી તેઓ જૂએ છે તો વળી પાછા હજાર જગાએ તોફાન ઉઠાવે છે ને દરેક દિશામાં બળવો પોતાનું મ્હોડું દેખાડે છે.

જો સુલતાન શિક્ષા ન કરે તો,
દરેક નાલાયક માણસ હાકમીનો દાવો કરે.
દુનીઆની સપાટીને તો આફતો ઉડાવીજ દે.
ન દોલત ટકવા પામે કે ન ધર્મ પળાય.
જો માણસો દેશમાં જાય તો જોતાં નથી.
ને તોફાન સિવાય બીજો રસ્તોજ તેમને સૂઝતો નથી.
વળી એજ વિષયને માટે કહ્યું છે કે,

જો પાદશાહની તલવારની બ્હીક ન હોત તો,
જે માણસ ડાબા હાથ કે જમણા હાથને ઓળખતો નથી,
(જે મ્હારૂં ત્હારૂં સમજતો નથી)
શહેરમાં એક પળમાં કેટલા બખેડા ઉઠત.
તે પણ જ્યારે તક મળે ત્યારે હજાર બળવા ઉઠાવે છે.

પ્રકરણ ૩૩ મું.

જાગૃતિ ને ખબરદારી વિશે.

જાગૃતિ એટલે રાજકારભારમાં ખબરદારી રાખવી ને "ખીબ્રત" એટલે રૈયતની સ્થિતિનું જ્ઞાન હોવું તે. ઇનસાફી રાજાઓને માટે એવું જણુવામાં આવેલું છે કે તેઓ વિશ્વાસુ ખબર લાવનારા માણસો-ની નિમણૂક કરેછે, તથા ભરોસાદાર તજવીજ કરનારાઓને નોકરી-માં રાખી, તેઓની પાસે ખાનગી રીતે રાજ્યની સ્થિતિની તપાસ તથા રૈયતની હાલતની તજવીજ કરાવી, જે જગાએ તે ખબર આ-પવાની હોય ત્યાં આપવા માટે તેઓને હુકમ કરે છે. ને એ ખબર મળ્યા પછી તેના ઉપરથી વિચાર કરી આગળ પગલાં ભરી ઇનસાફ-ના પાયામાં જે ખોડ ખામી હોય છે તે સુધારે છે, ને દુરસ્ત કરે છે. ને તે પણ તેનો ઉપાય કરવાનો વખત જતો ન રહે તે પહેલાંજ તેઓ કરી દે છે.

આપણા હાથમાંથી ઉપાય કરવાનો સમય ચાલ્યો જાય,
તે પહેલાંજ કોઇ પણ કામ સુધારવું જોઇએ છે.
ઘણા રાજાઓ રાતે પોતે ન ઓળખાય તેવો પોશાક પહેરી

ફરવા નીકળે છે, ને પોતાના રાજની તથા રૈયતની સ્થિતિની તપાસ કાઢે છે. કારણ એવી ઘણી બાબતો હોય છે કે જે કદી પણ પાદશાહની પાસે રહેનારાઓને કાને પડતી નથી, અને કેટલીએક ખબરો અગર જો કે તેઓએ સાંભળી હોય છે તોપણ વખત તથા સમયનો વિચાર કરી તેઓ તેને કહેતા નથી યાતો તેમનાથી કહી શકાતી નથી.

હજરત દાઉદ (તેમનાપર તથા હમારા નબીપર પ્રભુની સલામ હોજો) ને માટે એવું કહેવાય છે કે રાત્રે તેઓ પોતાનાં કપડાં બદલી શહેર તથા બઝારમાં ફરતા, તથા જાણે પોતે કોઇ પરદેશી માણસ હોય તેમ દરેક જણને કાંઇ કાંઇ પૂછતા ને સવાલ કરતા કે દાઉદ તમારી જોડે કેમ વર્ત્તેછે, ને તેના નોકરો તથા અમલદારો તમારી જોડે કેમ ચાલે છે. આ તપાસપરથી તેમને કોઇ જગાપર એમ લાગે કે અહિં ભૂલ સુધારવા જેવું છે તો પછી પોતે તેનો ઉપાય કરતા.

સુલતાન મહમૂદને માટે પણ એવીજ વાતો કહેવાયછે કે રાત્રે બહાર ફરી પોતાની રૈયતની હાલતની તજવીજ કર્યા કરતો.

હવે પાદશાહ પોતે જાતે આવી રીતે બહાર નીકળે તેમાં જોખમ થવાનો સંભવ છે, તેથી મ્હોટા ને અક્કલમંદ માણસોએ એવો નિયમ કર્યો છે કે સુલતાને એક વિશ્વાસુ, ભરોંસાદાર, મરજી સાચવનાર, બીનસ્વાર્થી, શુદ્ધ મનનો, ને ખૂબ ઉચ્ચવૃતિવાળો એક જાસૂસ નીમવો જોઇએ. તે એવી રીતે કે કોઇને તેની ખબર ન પડે. તેને પગાર તે માગે તેટલો આપવો, કે જેથી કોઇને તેના વિશે ખબર પડે તો તેને પૈસા આપી ફરેબ રમાડે (ઠગે) નહિ, વળી તે એવો જોઇએ કે જ્યારે જરૂર પડે ત્યારે જ્યાં જવું હોય ત્યાં જઇ શકે,

કારણ વખતે કાંઇ એવીજ ખબર હોય કે જેને માટે વધારે વખત ઢીલ ન ખમી શકાય જ્યારે કામ આવી રીતે રસ્તે પડે ત્યારે અલબત્ત રાજાને ન્હાની મ્હોટી બધીજ બાબતની ખબર પડ્યા વગર રહે નહિ. ને પછી જ્યારે રાજના અમલદારો તથા દરબારીઓને માલુમ પડે કે રાજાને તો દરેક બાબતનીજ ખબર પડે છે ત્યારે બેશક તેઓ જેવી રીતે ચાલવું જોઇએ તેવીજ રીતે ચાલે ને નાલાયક કામ કરતાં અટકે.

ખબરદારી એ કેવો સારો માલ છે;
પ્રભુ કરે ને એનાથી કોઇ દહાડો દુનિયાની તીજોરી ખાલી નરહે,
દુનિયામાં તે જ શ્રેષ્ઠતાને પામેછે,
કે જે દુનિયાદારીના કામમાં ખબરદાર હોયછે.

ખારઝમ શહેરમાં એક અદલ ઇનસાફી પાદશાહ હતો. 'પરમેશ્વરની આજ્ઞાઓ મ્હોટીછે, એવચનો ત્હેની જીંદગીનાં પાનાપર લખેલા હતાં, ને 'પરમેશ્વરનાં સરજેલાં પ્રાણીપર મહેરબાની' એવાકયનો ઝુંડો તેની રયાના મેદાનમાં ઉભો કરેલો હતો.

સફેદબાજપક્ષી ત્હેના ઇનસાફથી બગલાનું સોબતી થયું હતુ.
તેના રાજની સુખશાંતિથી કાળો સિંહ પણ શિયાળનો મિત્ર થઇ ગયો હતો.

બાજ પક્ષી પોતાના નાશક નખ સાથે હવામાં ઉડતુ નહતું,
તેમ સિંહ જમીન પર પોતાના પંજા લંબાવતો નહતો.

ત્હેના વખતમાં કોઈની મકદૂર નહતી કે ખુલ્લી રીતે કોઈ પણ ખરાબ કામ, કે બદકર્મ કરી શકે. પણ તેના દરબારીઓમાં એક જણ એવો હતો કે જેનો લાંબા વખતપર ત્હેની નોકરી કર્યા બદલનો

તેના પર હક્ક હતો. તેમ દરબારમાં ત્હેના જેટલી સત્તાવાળો પણ કોઈ નહતો. પોતે સુલતાનને બહારથી એમ બતાવતો કે હું બહુ ધર્મ પાળુંછું, પણ ખાનગીમાં દારૂ પીતો ને વાંસળીઓ વગાડતો, તથા બીજાં ઘણાં ખરાબ કામ કરતો. પણ કોઇની હિમ્મત નહોતી કે ત્હેને માટે ફરીઆદ કરે. પણ સુલતાનને એ વિશેની ખબર પડી ને તેને જાહેર રીતે બે બોલ કહેવાનું ત્હેને મન થયું, તે માંડી વાળ્યું, કારણ આવી બાબતોમાં ખુલ્લી રીતે મ્હોટા માણસને ઠપકો દીધાથી તેમની શરમની વૃત્તિ જતી રહેછે, તથા તેગનો જે મોબ્બો હોયછે તે પડી ભાગેછે. ને તેથી પાદશાહીને અંગે રહેતા ભયને નુકસાન પહોંચેછે. પછી એક દહાડો તે અમીરને પોતે બોલાવ્યો, ને કહ્યુંકે મ્હારે એક એવું પક્ષી જોઇએ છેકે જેની ચાંચ રાતી, પાંખના છેડા કાળા ને બાકીનો ભાગ ધોળો હોય, ત્હારા સિવાય કોઈ બીજું માણસ આવું પક્ષી લાવી શકે તેમ નથી. અમીરે કહ્યું, હું એની શોધ કરીશ, ને જેરીતે મળશે તેરીતે લાવી હાજર કરીશ. પણ મ્હને થોડી મહેતલ આપો. સુલતાને તેને થોડો વખત આપ્યો. અમીરે બહુ તપાસ કરી પણ શહેરમાંથી કે આસપાસથી ત્હેને એવા પક્ષીનો પત્તો મળ્યો નહિ. ત્રણ દહાડા પછી રાજાના દરબારમાં તે પાછો આવ્યો, ને માફ માગવા માંડી કે રાજા સાહેબ, જેટલું મ્હારાથી બન્યું તેટલું આ પક્ષી ને શોધી કહાડવામાં મ્હેં કર્યુંછે. બહુ પ્રયત્ન તથા મહેનત મ્હેં કર્યાછે પણ તે મળ્યું નહિ. માટે જેમ આપનો હુકમ તે પ્રમાણે ત્હેને બદલે હું કરવા કે આપવા તૈયારછું, રાજા બોલ્યો, મ્હારેતો એવું પક્ષીજ જોઇએછે. આખા શહેર તથા રાજનો અખતીઆર મ્હેં ત્હને સોંપ્યાછે, ને તું આવું એક પક્ષી નથી લાવી શકતો, એશીવાતછે? જા ત્હને બીજા

ત્રણ રોજની વધારે મહેતલ આપું છું. માટે હવે એ પક્ષી લીધા વગર પાછો ન ફરતો. પાછો તે અમીર ગયો ને વળી ત્રણ દીવસ રહી ખાલી હાથે પાછો ફર્યો. ત્યારે રાજાએ કહ્યું, તું શહેરની આવીજ ખબર રાખેછે. એ શિકલ ને એજાતનાં ચાર પક્ષી એકજ ઘરમાંછે, ને ત્હને તે જડતાં નથી. જા, શહેરના મુખ્ય (ચકલા) બજારમાં, ને પૂર્વ તરફના બજારને રસ્તે ચાલતાં ફલાણી મસ્જેદ આગળ તું આવી પહોંચશે તેના જમણા હાથપર એક શેરીછે, ત્યાં આવા આવા નિશાનવાળી એક ગલીછે, ત્હેને મોખરે એક ઘરછે, તેનું બારણું આથમણી દિશા નુંછે. તે ઘરમાં પેસતાં દક્ષણ બાજૂ પર એક ચોતરો ત્હને દેખાશે, ત્હેને ડાબે હાથે એક ઓરડોછે, તેમાં એક બીજી ન્હાની ઓરડીછે, ત્હેનું બારણું ઉઘાડશે તો અંદર એક પાંજરૂં ત્હને દેખાશે. ત્હેના પર પીળા રંગનું ગરમ કપડું (નમદો) વીંટાળેલુંછે, ને ત્હેમાં મ્હેં કહ્યાં તેવાં ચાર પક્ષીછે, ત્હેને લઇ આવ. અમીર બહુ વિસ્મય થતો થતો રાજા પાસથી ગયોને જે નિશાની તેણે કહી હતી તે પ્રમાણે ચાલતાં ચાલતાં ત્યાં જઇ પહોંચ્યો, ને પક્ષી સાથ પાંજરૂં લઇ આવી હાજર કર્યું. રાજાએ કહ્યું, જે પ્રમાણે હું ખબર રાખુંછું તે પ્રમાણે સઘળા હાકેમોએ શહેરની તથા મુલકની ખબર રાખવી જોઇએ. અમીરે આ શબ્દો સાંભળી મનમાં વિચાર કર્યો કે રાજાને શહેરની ગલીકુંચી, બજાર, ને ઘરની આવી તો ખબરછે, ત્હેને મ્હારાં છૂપાં કામની પણ માહીતી હોવાનો સંભવછે. તેથી ત્યાર પછી તેણે પોતાની રહેણી ફેરવી નાંખી. પાપનો પશ્ચાતાપ કર્યો, ને ખરે રસ્તે પાછો ચઢયો. આવાત ઉપરથી જણાયછે કે રાજા, રૈયતની હાલતની ખબર રાખે તો તેથી બહુ લાભ થાયછે.

વાણીને વખાણનાર માણસ,
ઈરાન દેશના રાજાઓના ઈતિહાસમાં એવું બોલ્યો છેકે,
પોતાના મોતની વખતે હોરમઝે,
ખુસરૂને કહ્યું કે, ઓ જુવાન માણસ,
દુનીઆ તારી જાત જોડે સંબંધ રાખેછે,
તેમજ તેના પગ જાણે તારા હુકમો જોડે બાંધી લીધાછે.
તેથી ગફલત રાખી ઉંઘતો નહિ, પણ જાગૃત રહેજે,
ને દુનિયાની સ્થિતિથી જાણીતો રહેજે.
આખી દુનિયાની ત્હારે માથે જવાબદારીછે,
તેથી ત્હારા કામમાં ગાફેલ રહેતો નહિ; મ્હારે એટલુંજ કહેવાનુંછે.

જાસૂસો નિમવાથી ગફલતને દૂર કરી શકાયછે, કારણ તેઓ દેશ દેશની ખબર રાખેછે. મનસૂર ખલીફ કહેતોકે મ્હારે ત્રણ માણસની ગરજછે. એકતો એવો તહસીલદાર કે જે રૈયતની પાસથી ઉપજ લઇ મ્હને આપે, પણ મ્હારો માલ રૈયતની પાસ ન રહેવાદે. બીજો, એવો કોટવાલ, કે જે દુઃખી માણસની દાદ સાંભળી દુઃખ દેનારને સજા કરે. જેના હુકમ બીનસ્વાર્થી તથા લોભરહિત હોવા જોઈએ. પછી મ્હોટો નિશ્વાસ નાખી બોલ્યો, કે, અફસોસ, ત્રીજાને માટે. બધાએ પૂછયુંકે તે કોણછે? તેણે કહ્યું. કે એવો માણસ કે જે એ બધાની જેવી વાત હોય તેવી મ્હને કહે. ખરેખર જો પાદશાહોને એવાં માણસો મળે તો જરૂર લોકોમાં સુખ શાંતિનો વધારો થાય.

અર્દશીર બાબક પોતાની પાસેનાં માણસો તથા અમલદારોના કામની એટલી તપાસ રાખતો હતો, કે જેથી તે દરરોજ પોતાના અમીરો, કામદારો, વઝીરો, તથા બીજા નોકરોને કહી શકતો કે બોક

રાત્રે ત્હમારી હાલત આવી હતી, ત્હમે ફૂલાણું ખાધું હતું, ને ફૂલાણી જગાએ સુતા હતા, ફૂલાણા જોડે આવી આવી વાત કરી હતી, તે સાંભળી તે લોકો બહુ અજાયબ થતા ને કહેતા કે એને દેવ આવી ખબર આપી જાય છે, ખરૂં જોતાં તેમ ન હતું. એના જાસૂસો એને ખબર આપતા હતા.

જાસૂસો રાજાના વિશ્વાસુ માણસો હોય છે.
અને તેઓ સુલતાનના મનને વહાલા લાગે છે.
જુલમી માણસોના દિલને તેઓ ડખ દે છે.
પણ દુઃખીના દિલને તેઓ મલમ જેવા ઠંડા લાગે છે.

જો જાસૂસોના ખબર આપ્યા સિવાય કોઇ બાબતની જાણ રાજાઓને થાયતો તેમણે ઝટ લઇને તે વિશે હુકમ કાઢવો નહિ, કારણ મ્હોટા માણસોએ કહ્યું છે કે રાજાઓના હુકમ તે પરમેશ્વરને ત્યાંથી નીકળતા હુકમ જેવા છે, તે આજ્ઞાઓ જ્યારે પ્રભુની ઇચ્છારૂપી દુનિયામાંથી માણસની દુનિઆપર આવવાનો નિશ્ચય કરેછે ત્યારે કોઈ પણ રીતે તેનો અટકાવ કરવો સંભવિત નથી, તેમજ તેને દૂર કરવા કે તેનાથી ખસી જવું એ બની શકતું નથી.

જ્યારે પરમેશ્વરની આજ્ઞારૂપી કમાનમાંથી તીર નીકળે છે,
ત્યારે કોઈ પણ ઉપાયે તે પાછું વાળી શકાતું નથી,

તેથી રાજ્યપદરૂપી મુલકના વાલીઓ અને પાદશાહીના રક્ષકોએ એટલું જોવાનું છે કે આખી રૈયતને લગતાં કામકાજમાં મજબૂત શહાદત કે તોડી ન શકાય તેવી દલીલ, તેમજ સમજાય તેવો તકરાર અને તરત નજરમાં ઉતરે તેવી સાબિતી વગર કોઈ પણ તરેહનો હુકમ કાઢવો નહિ. અને ઉંડો વિચાર તથા ખબ ધ્યાન

આપ્યા કે કોઇ તદબીર વિચાર્યા કે હ્હેને વિશે ખાત્રી થયા વગર કોઇ રીતની તેને માટે રજા આપવી નહિં. કારણ ડાહ્યા માણસોએ કહ્યું છે કે

ધર્મ કે અક્કલવાળા કોઇ પણ તેને પસંદ કરતા નથી.

કે જે રાજા ચોખ્ખી સાબિતી મળ્યા વગર કાંઇ પણ હુકમ કાઢે છે.

કારણ તેના હુકમ પણ પરમેશ્વરના હુકમની પેઠેજ,

કોઇ વખત જીવ લે છે, તો કોઇ વખત જીવ બચાવે છે.

બીજી વાત એ ધ્યાનમાં રાખવાની છે કે માત્ર શકપરથી બીનગુન્હેગારને ઇજા ન કરવી કે તેમને જોખમમાં ન નાંખવા, કારણ એવી રીતના શક લઇ જવાથી પાપ થાયછે ને દુઃખ પમાય છે. નીતિવંત પ્રભુએ કહ્યું છે કે 'અલબત્ત ઘણી જાતની શંકાઓ તે પાપરૂપે છે, જો કોઈ માણસ માત્ર શંકા ઉપરથીજ, તે બનાવ ખરો છે કે ખોટોછે તેની તપાસ કર્યા વગર હુકમ કરે ને તે બનાવ ખોટો નીકળેતો તેથી તે પોતાને પરમેશ્વરના ક્રોધ ને ગુસ્સાનો ભોગ બનાવે છે. પરમેશ્વર હમારૂં એવાં પાપથી રક્ષણ કરો.

કોઇનાપર સહેજ ખોટો વહેમ આવવાથી

હ્હેને સજા કરવી નહિ, કે પાછળથી પસ્તાવો પણ કરવો પડે.

કારણ જ્યારે શકમટી તેને વિશે ખાત્રી થાય છે,

ત્યારે તને જે પસ્તાવો થાય છે, તેથી કાંઈ ફાયદો થતો નથી.

કોબાદ રાજાના વખતમાં કોઇ એક માણસ એક વેરાન જંગલમાં જઈ પહોંચ્યો, ને ત્યાં ભોંયપર કોઈ માણસ જેવું પડેલું તેણે દીઠું. પાસે જઇ ધ્યાનપૂર્વક જોયું તો તેનું માથુ કોઇએ કાપીને એક છરી તેની છાતીપર નાંખેલી હતી પેલો માણસ તો આ જોઇ બહુ-

જ ભય પામ્યો ને ગભરાઇ ગયો.

ને તેનામાં ઉભા રહેવાની કે ન ચાલવાની શક્તિ રહી.

એટલામાં તે દેશના હાકેમનો એક નોકર ત્યાં આવી પહોંચ્યો, તેણે આ બધી વાત જોઇ તરતજ પેલા માણુસના હાથ પગ બાંધી લોહીથી ખરડેલો ચપ્પુ તેને તેની ગરદનમાંથી લટકાવી ત્હેને હાકેમની દેવડીએ લઈ આવ્યો, ને જે પોતે જોયું હતું તે કહી સંભળાવ્યુ. હાકેમે બૂમ પાડી પુછ્યું કે આ માણુસને ત્હેંને શામાટે મારી નાંખ્યો? પેલાએ કહ્યુ, હાકેમ સાહેબ, હું તે વેરાન જગામાં જઇ પહોંચ્યો ને તેને મુવેલો પડેલો જોઇ ભય પામી ગભરાઇને ઉભો હતો, તેવામાં આ માણુસ મને પકડી તમારી પાસે લઇ આવ્યો છે, હું, નથી જેનું ખૂન થયુંછે તેને કે તે ખૂનીને ઓળખતો નથી ત્હેના હાકેમ કહે મને એવો શક જાય છે કે આ માણુસને ત્હેંજ મારી નાંખ્યો છે ને મ્હારા હાથમાંથી છુટો જવા આવી વાત તું કહેછે, પેલા બિચારાએ કહ્યુ, મ્હારી બાબતમાં માત્ર શક ઉપરથી તુ હુકમ ન કર, પરમેશ્વરે કહ્યું છે, કે 'અલબત શક એ ખાત્રીની જેટલી કીમતનો નથી, કારણુ શંકા એ કોઇ દીવસ ખાત્રીનું કામ કરી શકે નહિ. હાકેમે તેની વાત ન સાંભળતાં તેને શૂળીએ ચઢાવવાનો હુકમ કર્યો. તેમજ શહેરમાં ઢાંડી પણુ પીટાવી કે ફલાણી ફલાણી વેરાન જગામાં એણે ફલાણા ફલાણા માણુસનું ખૂન કર્યુંછે. જે લોકો જોવા મળ્યા હતા. તેમાંથી એક જુવાન માણુસ બહાર આવી બોલ્યો કે, શૂળી ચઢાવનાર માણુસ, હું હાકેમ પાસ જઇને કાંઇ વાત કહી આવું તેટલો વખત સબૂરી પકડ. ઉતાવળ ન કરતો, કારણુ આ માણુસ બેગુનાહ છે, ને બેગુનાહ માણુસને મારવો એ પાપનું કામ છે. જલ્લાદે થોડી

સબૂર ખમી, ને પેલાને સૌ રાજા પાસે લઇ ગયા. ત્યાં તેણે કહ્યું રાજા સાહેબ, ફલાણા વેરાનમાં જે ખૂન થયું છે તે મ્હેં કર્યું છે, કારણ તે માણસ મ્હારો દુશ્મન હતો, તેથી મ્હને તક મળી ત્યારે ં ત્હેને મારી નાંખ્યો. ને જે માણસને તમે એ કામને માટે શિક્ષા કરોછો તેને તે બાબતની બિલકુલ ખબર નથી. હાકેમ બહુ ઉંડો વિચાર કરી બોલ્યો કે હવેથી હું સોગંદ લઉંછું કે માત્ર શક ઉપરથીજ કોઇને સજા નહિ ફરમાવું. પછી ત્હેને કેદમાં નાંખી આ બધા સમાચાર પોતે કેઆબાદ પાદશાહને લખી જણાવ્યા. ત્યાં તેણે બધા ધારાશાસ્ત્રિઓનો મત પૂછ્યો તેમણે કહ્યું, એને મારી ન નાંખવો જોઇએ, કારણ એણે એક જણને મારી નાંખ્યો, તેવો બીજાનો જીવ બચાવ્યો છે. પછી કેઆદે ત્હેને પોતાની પાસે બોલાવ્યો, ને બધી વાત પૂછી, ઇનામ આપી છુટો કર્યો અને હુકમ કર્યો કે મ્હારી શિખામણના પુસ્તકમાં લખવું કે, માત્ર શક ને શંકા ઉપરથી કોઇને મારી નાંખવાનો હુકમ પાદશાહોએ ન કાઢવો જોઇએ.

શક પરથી શિક્ષા કરવી એ ઇનસાફની રીત ન કહેવાય.

જ્યાં સુધી ખાત્રી ન થાય ત્યાં સુધી કોઇના લોહીનું ટીપું પણ ન પાડવું.

જે દેશમાં માત્ર શક ઉપરથીજ કારભાર ચાલતો હોય,

ત્યાંથી જેમ બને તેમ ઝટ ન્હાસી જવું.

એક દીવસ કોઇ રાજા દરબાર ભરી બેઠો હતો, ને હલકા તથા ઉંચા બધા લોકોને ત્યાં આવવાની પરવાનગી આપી હતી. ન્હાના મ્હોટા સૌ તેના મુખાર્વિંદના દર્શનનું સુખ લેવા આવતા હતા, ને તેના તાજના હીરાના પ્રકાશથી પોતાની આંખોને રોશની આપતા હતા.

સુલતાનોના ચ્હેરા જોવાથી.આંખોનું નૂર વધે છે.

ભર મંડળીમાંથી એક ડોસો બોલી ઉઠયો, કે જેને રાજાના ચ્હેરાના દર્શનનું સુખ મેળવવું હોય ત્હેને કીમતી નજરાણું તથા મ્હોટી ભેટ આપવી પડે છે. મ્હારાથી સોનું રૂપું કે બીજી કોઇ જાતની કીમતી વસ્તુ આપી શકાય તેવું નથી, પણ હિકમતના ખજાનામાંનું એક પાણીદાર મોતી મ્હારી પાસે છે ને તે આ સભામાં આપવાનો મ્હારો વિચાર છે. પાદશાહે કહ્યું, હમારી મહેરબાનીની પીડમાં બીજી બધી પુંજી કરતાં શિખામણની પુંજી બહુ કીમતી ગણાય છે. માટે ત્હારી પાસે શુંછે તે કાઢ. ડોસાએ કહ્યું, શંકા શીલતા અને શંકાહીનતા-ખાત્રી—વચ્ચે ચાર આંગળથી વિશેષ છેટું નથી. જે આપણી આંખે જોઇએ તે ખાત્રી પૂર્વક—ખરૂં—હોયછે. ને જેવાત કાને સાંભળીએ તેની સચ્ચાઇકે જૂઠાપણા વિશેશક કહેવાનું કારણ રહેછે. વખતે એમ પણ બનેકે તે વાત બધી ખોટી જ હોય.

જે સાંભળીએ તે જોવાની બરોબર તો કયાંથી હોય.

પાદશાહ જે હુકમ કરેછે તે તરત અમલમાં મૂકાયછે; માટે જે બાબતનો હુકમ કરવાનો હોય તે બાબતની ખાત્રી થયા પછીજ નીકળે તે સારૂં. શક પરથી નીકળેતે સારૂં નહિ. કારણ પછી તરતજ કદી તે શક દૂર થાય, ને ખરીવાત આપણે ધારતા હોઇએ તેના કરતાં જુદીજ રીતની નીકળી આવેતો તેથી દુનિયામાં બદનામી થાય અને આગળ પેલી જહાનમાં દુઃખી થવું પડે. રાજાએ તેનાં વખાણ કર્યાં, ને એ શબ્દોનો સ્વીકાર કર્યો.

ખાત્રી કર્યા પછી જે હુકમ નીકળેછે, તે
તે મુલકને શોભા તથા ધર્મને ઝેબ આપેછે.

શકના પાયાપર જે હુકમ નીકળેછે,
તે મનને ઉદ્વેગ આપનાર તથા જીવને ઈજા કરનારછે.

એક ફિલસૂફને કોઇએ પૂછયુંકે, કેટલાએક રાજાઓ ગફલત કરેછે તેનું શું કારણછે? તેણે કહ્યું, ત્રણ ચીજને લીધે રાજા પોતાના મુલક તથા રૈયતની સ્થિતિથી અજાણ્યો રહેછે. (૧) ખોટા વિકારો અને મનમાં જે ખોટા ભાવ થઇ આવે તેને તાબે થવું તે. કારણ જે માણુસ પોતાના મનના ખોટા વિચારો તથા વિકારો પ્રમાણે ચાલેછે તેને કોઇ માણુસની દરકાર કે કોઈ ચીજ માટે પરવા રહેતી નથી

જે પોતાના વિકારોના વિચારમાં તલ્લીન થઇ જાયછે,
તેનું કામ એકે તડાકે બગડી જાયછે.

નીચેની વાત પ્રખ્યાત છેકે, એક શખશે સિકંદર પાદશાહને કહ્યું કે તુ પાદશાહછે, ને વળી તેપણ બહુ મ્હોટો રાજાછે, તેથી પુષ્કળ સ્ત્રીઓ જોડે લગ્ન કર કે તને છોકરાં પણ બહુ થાય તે તેથી ત્હારા નામની બહુ યાદગીરી રહે. ત્હેણે કહ્યું, મ્હારી યાદગીરી મ્હારા અદલ ઇનસાફથી ને મારી ભલાઇથી રહેશે. ધિક્કાર છે તે માણુસને કે જેણે મરદોપર ફતેહ મેળવી હોય ને પછી તે સ્ત્રીના કરતાં પણ નીચો થઇ જાય.

એક પળનો ખોટો ભાવ-તેના માથાપર ધૂળ પડજો-કારણ
ત્હેને સ્ત્રીને તાબે થવું એ બહાદૂર માણુસોની રીત નથી.

(૨) ગફલતનું બીજું કારણ લોભ છે કે, જેથી માણુસ બહુ માલ મિલકત ભેગી કરેછે, ને ખજાનાઓ ભરી ઊંચા મૂકેછે. રાજાઓમાં સૌથી ધિક્કાર યુક્ત ગુણ માલ ભેગો કરી રાખવાના લોભનો છે. કારણ જેને એવી જાતનો લોભ હોયછે, તે પછી હલાલને

હરામ ચીજ જોતો નથી, તેમ તેને પોતાના મુલક કે રૈયત માટે લાગણી હોતી નથી. તેના મનમાં તો એવુંજ હોય છે કે મ્હારા સિવાય બીજા કોઇ પાસે માલ મિલ્કત હશેજ નહિ. બધો માલ મ્હારી પાસેજ રહેજો. ને આટલું છતાં પણ ત્હેને સંતોષ હોતો નથી.

લોભી માણસોની આશાનો પ્યાલો કદી ભરાતો નથી.

જ્યાં સુધી સીપ માછલી સંતોષ પામતી નથી ત્યાં સુધી તે મોતીથી ભરાતી નથી.

એક સાધુ પુરૂષ રાજાને શિખામણ આપતો હતો. તેણે કહ્યું કે હમણા ત્હારી રૈયત પૈસાદાર છે, ને તું તવંગરોનો રાજા છે. પણ જો તુ ત્હારી રૈયત પાસેથી માલ લઇ લે તો તેઓ ગરીબ થઇ જાય, ને તુ ગરીબોનો રાજા કહેવાય. હકીમ ફિરદોસીએ કહ્યુંછે કે,

જો રાજા માલ ભેગો કરવાનો વિચાર કરે,

તો તે પોતાની રૈયતનું મન દુ:ખાવે છે.

અંતે દુશ્મનને તે આપી દીધા વગર છૂટકો નથી.

તેથી ત્હેને માટે લીધેલી બધી મહેનત વ્યર્થ ગએલીજ સમજવી.

એક પાદશાહને કેટલાક જણાએ શિખામણ આપી કે રૈયતનો માલ લઇ લઇ ત્હારા ખજાનામાં મૂક. તેણે કહ્યું કે ખજાનો કાંઇ રૈયત કરતાં સારો નથી. જ્યારે મ્હારે જરૂર પડશે ત્યારે મ્હારો માલ તેજ ખજાનામાં (રૈયત પાસે)થી લઇ લઇશ.

(૩) ગફલતનું ત્રીજું કારણ દારૂ પીવો તે છે, તથા રમતગમતમાં વખત ગુમાવવાની ઇચ્છા છે. પાદશાહે તો જેમ બને તેમ છાકટા થવાં દૂર રહેવું જોઇએ, કારણ તેમ થવાથી મુલ્કતથા માલ બંનેની ત્હેને ખબર રહેતી નથી. અને તેને ગાફેલ જોઇ નોકરો પછી

જેમ પોતાની મરજીમાં આવે તેમ બધાની જોડે વર્તે છે.

જે કોઇ પણ માણસ દારૂ પીએછે તે ડહાપણરહિત સમજવો.

કારણ તેનાથી બેવકૂફાઇ આવેછે.

ઘણી વખત એવું બને છે કે છાકટ સ્થિતિમાં એવાં કામ કરાય છે ને એવી ગરબડાટ થઇ જાય કે હુશીઆર થયા પછી તેનો ઇલાજ કે ઉપાય થઇ શકતો નથી.

રાજાઓની રીત કે ધંધો મસ્ત થવાનો નથી.

રાજા પોતાના રાજનો ચોકીદાર છે, ને છાકટપણું મીઠી ઊંઘ જેવું છે.

રાજ કરવામાં તો રાજાએ હુશીઆરીનીજ ટેવ રાખવી જોઇએ.

ચોકીદારે ઊંઘવું ન જોઇએ, તેણે તો હુશીઆરી રાખવી જોઇએ.

અને પાપીઓનો પશ્ચાતાપ સ્વીકારનાર પ્રભુની પ્રસંશા થજો કે આ સુખી શાહજાદો, જે પોતાના મુલકને શોભાવવામાં દારા પાદશાહ જેવો, નસીબમાં ફુરેદૂન જેવો, ગાદીવાળો સિકંદર જેવો, ચ્હેરામાં સૂર્ય જેવો, દબદબામાં શાહજમશેદ જેવો છે.

અબૂલ મોહસન, નામાંકિત રાજા,

કે જેને માટે રાજ્યપદની ગાદી સરખી પણ મગરૂર છે,

ઇનસાફ આપવામાં જે બીજા સંજર પાદશાહ જેવો છે,

તેથીજ પ્રભુએ ત્હેને સંજર જેવું મ્હોટું રાજ સોંપ્યું છે.

તેણે, પ્રભુના જે હુકમને તાબે થવુંજ જોઇએ, તે હુકમ–'પરમેશ્વર પાસે શુદ્ધ મનથી પશ્ચાતાપ કર્યાની રૂપે પશ્ચાતાપની પૃથ્વીપર પગ મુક્યો છું, ને 'પોતના પાપની ક્ષમા માગ' એ વચનની કૂંચીથી પ્રભુની ક્ષમા રૂપી દરવાજો ખોલ્યો છે, તથા 'પોતાના પ્રભુ

આગળ રજુ કરો' એ વાકયનો સ્વિકાર કરી, તાજા લાલાના ફુલની પેઠે શરાબનો પ્યાલો પથ્થરપર નાંખી ફોડી નાંખ્યો છે. : દશ પાંખડી (જીભ) વાળા કમળના ફુલની માફક 'પ્રભુ ત્હારી ક્ષમા ચાહું છું' એ શબ્દોનું પોતાની જીભે રટણ કરવા માંડયું છે. તેનો મુબારક ચ્હેરો જે શરાબના પ્યાલાને લીધે લગતો હતો તે હવે સાધુઓના ચ્હેરા જેવો થઇ ગયો છે. ને 'પ્રભુએ તેમને (સ્વર્ગમાં) પીવા માટે ચોખ્ખો દારૂ આપ્યો. એ વચનને આધારે અહિંના ખરાબ વિકાર ઉત્પન્ન કરનાર શરાબ જે ખરેખર મગરૂરીવાળું એક ઝાંઝવુંછે, તેને છોડી દીધોછે. ને તેથી હમણાં (મૃગતૃષ્ણા:) શાહજાદાની દરબારમાં છાકટા લોકોની બૂમાબૂમને બદલે દીનદાર ધર્મી લોકોની દુઆનો અવાજ સંભળાય છે, ને દારૂડીઆઓના શોરબકોરને બદલે ''પ્રભુ મ્હોટા છે' ('અલ્લાહુ અકબર' કહેવું તે) તથા 'એક ઇશ્વર સિવાય બીજો પરમેશ્વર નથી' ('લાઇલાહા ઇલ્લિલ્લાહ' કહેવું તે) એ શબ્દોનું ગાયન કાને પડે છે.

વિણાના ગાયનને બદલે કોરાન ભણનારાનો હૃદયઆકર્ષક અવાજ સંભળાય છે.

દારૂના એક ગોટને બદલે પ્રભુના તરફની પ્રિતનો શરાબ પીવાય છે.

એના પશ્ચાતાપ ને પસ્તાવાની બરકતનો લાભ પવિત્ર પ્રભુ આખી દુનિયાના લોકોને આપે, અને આ સ્થિતિમાંથી જે સુખ પરિણામે તે પેગંબર સાહેબ તથા તેમના કુટુંબને આશીરવાદદે, તેની રૈયતના સુખ સાથે મળી જાય.

પ્રકરણ ૩૪ મું.

દીર્ઘ દૃષ્ટિ અથવા ચાતુર્ય વિશે.

રાજ્યકારભારમાં આ ગુણ અનિવાર્ય છે. બધા હાકેમોએ ચાતુર્યના ચક્ષુથી દરેક બાબતમાં આગલી પાછલી વાતની ચોકસી કરવી જોઇએ. જો તે બાબત બહુજ ખુલ્લી ને મુશ્કેલી વગરની હોય તો ધર્મ અને અક્કલ પ્રમાણે જે હુકમ કરવો ઘટે તે તેના સંબંધમાં કરવો. પણ જો ત્હેની અંદરની મતલબની સમઝ બહુ ન પડતી હોય તો દૂરદૃષ્ટિરૂપી નૂર વાપરી તેને વિશે દરયાફ્ત કરવું. ને લોકો કાંઇપણ વાતો લાવીને કહે ત્હેનાપર ભરોંસો રાખવો નહિ. મ્હોટા માણસોએ કહ્યું છે કે રાજની શોભા ચાતુર્યના આભૂષણથી છે.

દંતકથામાં એવું કહેલું છે બે સ્ત્રીઓ એક છોકરાને માટે લડતી લડતી હઝરત સુલેમાન પેગંબરની ઇનસાફની દેવડીએ ગઇ. દરેક જણી એમ કહેતી હતી કે આ છોકરો મ્હારો છે, પણ બેમાંથી એકેની પાસે તેને લગતી સાબિતી હતી નહિ. તેથી સુલેમાને હુકમ કર્યો કે તેના તરવારથી બે કટકા કરી દરેકને અર્ધો અર્ધો આપી દો. ત્યારે તેમ કરવાનેજ તરવાર કાઢી ત્યારે તે બેમાંથી એક જણી ગભરાઇ ગઇ ને રડી પડી ને બોલી ઉઠી કે એના પરથી હું મ્હારો હક્ક ઉઠાવી લઉં છું, પરંતુ એને મારી ન નાંખશો. પેલી બીજી બાઇનામાં કાંઇજ ફેરફાર થયો ન હતો. પછી સુલેમાનના હુકમ પ્રમાણે જે બાઈ તેને મરતો જોવા રાજી ન હતી તેને તે છોકરો આપી દીધો. કારણ દૂરદૃષ્ટિથી જોતાં એમજ માલમ પડે છે કે તે બાઇ તેની મા હતી, કારણ તેણે તેની તરફ આટલી બધી દયા બતાવી હતી.

પવિત્ર પ્રભુએ ચાતુર્યના॰ નૂરની મુસલમાનોને બક્ષેશ આપેલી છે. 'મોઅમેનની દૂરદષ્ટિથી ડરો, કારણ તે પ્રભુના નૂરથી જૂએ છે,' એ દંતકથા પરથી એમજ સાબિત થાય છે. આ દંતકથાનો અર્થ એવો થાય છે કે મુસલમાનો દરેક ચીજ અલ્લાની આંખ (નૂર) વડે જૂએ છે, માટે તેમનાથી ડરતા રહેવું. તેમનાથી કાંઈ છાનું નથી. કોરાનના ટિકાકારો ઈન્નિફી ઝાલેકલ આયાતેલિલ મુતવસ્સમયન' (અલબત, એનામાં મુખસામુદ્રિકોને વાસ્તે નિશાનીઓ છે), એ આયતમાં 'તવસ્સુમ' એટલે 'વદન લક્ષણ નિરુપણ'નો અર્થ 'તફરૂસ' એટલે 'ચાતુર્ય દર્શન' કરે છે.

ચાતુર્ય બે જાતનાં છે. એક ધર્મ સંબંધે, બીજું ફિલસૂફી સંબંધે. પોતાના આત્માને શુદ્ધ કરવા તથા મનને પાક કરવા માટે ગફલતનો પરદો ચાતુર્યની આંખ આગળથી ખસી જાય છે, તેને ધર્મ સંબંધી ચાતુર્ય કહે છે. તેથી મુસલમાનો ખાત્રીપૂર્વક નૂરથી જોઈ શકે છે, ને જે બાબતનો વિચાર કરે તે બાબતની ખરેખરી સ્થિતિની તેમને ખબર પડે છે.

વખતે દૂરથી ત્હારૂં નામ પણ સાંભળે,

તો ત્હારા વિશેની સઘળી બાબતની તેમને ખબર પડી જાયછે.

એવી વાત ચાલે છે કે એક વખત ઇમામ શાફ'ઇને ઇમામ મહમ્મદ કૅઆબાના પવિત્ર દેવળ આગળ બેઠા હતા. એટલામાં મસ્જિદના દરવાજામાંથી એક માણસ બહાર આવ્યો. તેને જોઈ ઇમામશાફ'ઇએ કહ્યું કે આ માણસ મને સુતાર જેવો લાગે છે. ઇમામ મહમ્મદ કહે, મારી નજરમાં લુહાર જેવો લાગે છે. પછી તેને બોલાવી પૂછ્યું કે તું શું ધંધો કરે છે. તેણે કહ્યું, અત્યાર પહેલાં

હું લુહારનું કામ કરતો હાલમાં, સુતારનું કરૂં છું, આ ઉપરથીજ એ બંને માણસના ચાતુર્યની સત્યતા માલમ પડશી.

જે દિલના ઉપર પ્રભુની દૃષ્ટિ પડે છે,
ત્યાં હમેશા સંપૂર્ણ ચાતુર્ય નજરે પડ્યા કરે છે.
જેને ચાતુર્યરૂપી ખુબસૂરતીની ઈચ્છા હોય તેને,
કહે કે એકાંત વાસ લઇ ત્હારા (મનની) આરસીને ઓપ ચઢાવ.

એવું કહેવાય છે કે શ્રેષ્ઠ માણસોમાં મ્હોટો, તથા ધર્મી માણસોમાં સૌથી શ્રેષ્ઠ, ખાજા અબદુલખાલેક ગંજદવાની એક દીવસે પ્રભુને લગતા જ્ઞાનની વાતો કરતા હતા. એટલામાં એક જુવાન માણસ જોગીના જેવી ફાટેલી કફની શરીરપર તથા નિમાઝ પઢવાની શેતરંજી ખભાપર લઇ એકાએક તે મંડળીમાં દાખલ થઇ એકદમ બેસી ગયો, ને થોડા વખત પછી ડોકું બહાર કાઢી, ઉભો થઇ, બોલ્યો કે, હઝરત પેગંબર કહી ગયા છે કે 'મોઅમેનના ચાતુર્યથી ડરતા રહેવું કારણ તે પરમેશ્વરના તેજથી જૂએ છે તેનો અર્થ શું? હઝરત ખાજાએ કહ્યું કે એ દંતકથાનો અથ એવો છે કે, ત્હારી કસ્તી કમ્મરેથી કાપી નાંખ, ને ઇસ્લામ ધર્મપર આસ્થા રાખ. પેલાએ કહ્યું, જો મ્હારી પાસે કસ્તી હોય, તો પ્રભુ મારૂં રક્ષણ કરો. ખાજાએ પોતાના માણસોને ઈશારત કરી. તેઓએ તેના ગળામાંથી કફની કાઢી નાંખી, ને જોયું તો તેની નીચે કસ્તી દેખાતી હતી.

જે હૃદયપર બિલ્કુલ ધુળ ચ્હોંટેલી નથી.
તેને બધી અદૃશ્ય બાબતો પણ દેખાય છે.

પેલા જુવાન માણુસે તરતજ પોતાની કસ્તી કાપી નાંખી, ને ઇસ્લામ ધર્મ અખ્ત્યાર કર્યો. હઝરત ખાજાએ કહ્યું કે ભાઇઓ, આવો, જેમ આ નવા મુસલમાને પોતાની બહારની કસ્તી કાઢી નાખી તેમ આપણે આપણા અંતરની કસ્તીઓ (દુષ્ટ વિકારો) કાપી નાંખીએ. આ સાંભળી મજલેસના બધા માણુસો ખૂશાલીનો અવાજ કરી ઉઠયાં ને પાછો ફરીથી પોતાના પાપનો પસ્તાવો કર્યો.

પશ્ચાતાપ કેમ થાય,? જે માણુસ નવો મુસલમાન.

સાધારણુ માણુસોને ખરાબ કામને માટે પશ્ચાતાપ કરવો પડેછે.

આ બાબતમાં રસ્તો બતાવનાર એક વૃદ્ધ પુરૂષે કહ્યું છે, કે

થતાં પસ્તાવો કરે છે તેવોજ આપણે પ્રભુને બારણે કરવો જોઇએ.

પરમેશ્વરના ખાસ માણુસોને પોતાના વિચારોને માટે પસ્તાવો કરવો પડે છે.

પરમેશ્વર સિવાયનું જે પણ કાંઇ તું વિચારે તેને માટે પસ્તાવો કર.

બીજી જાતનું ફિલસૂફોને લગતું ચાતુર્ય છે. તે એવી રીતનું છે કે જેને અનુભવથી ડાહ્યા માણુસોએ શોધી કાઢ્યું હોય, ને જેને લગતી સાબિતીઓ જુદી જુદી શિકલમાં ને રૂપમાં જોઇ હોય. ઘણું ખરૂં તેમની વાત સાચી પડે છે. નોશીરવાન પાદશાહના વખતમાં ફિલસૂફોને હાથે તેને માટે આવી જાતના ચાતુર્યની એક ચોપડી લખાએલી હતી. હમેશ પોતે તે વાંચ્યા કરતો, ને તેમાં બતાવેલા ચાતુર્ય પ્રમાણે હુકમ કરતો.

એક દહાડો એક ઠીંગણો માણુસ નોશીરવાનની ઇનસાફને દેવડીએ આવ્યો. ને ફરીઆદ કરી કે મ્હારાપર જુલ્મ થયો છે.

નોશીરવાને કહ્યું, તુ જૂઠું બોલેછે. તેથી ઉલટો ત્હેં તો કોઈપર જુલમ કર્યો છે. ત્હારાપર જુલમ નથી થયો. ને તપાસ કાઢતાં માલમ પણ તેમજ પડયું.

ચાતુર્ય માનસિક આંખો ખોલી નાંખે છે.
ને જેવું હોય તેવું જણાવી દેછે.

વળી ઇતિહાસમાં એવીજ બીજી વાતછે કે બીજી વખત કોઇ એક ઠીંગણો માણસ નોશીરવાન પાસ દાદ માગવા ગયો. ને કહ્યું કે ફલાણાએ મ્હારાપર જુલમ કર્યો છે. નોશીરવાન બોલ્યો કે ઠીંગણા માણસપર કોઇ જુલમ કરી શકેજ નહિ. ઉલટો તે કોઇનાપર દુઃખ ગુજારે છે, ને તુ ઠીંગણા કદનો છે. તેણે કહ્યું, જેણે મ્હારાપર જુલમ કર્યો છે, તે મ્હારા કરતાં વધારે ઠીંગણો છે. નોશીરવાનને હસવું આવ્યું. પણ તેને ઘટતો ઇનસાફ આપ્યો.

હઝરત મુરશીદ સમેદાની અમીર સૈયદઅલી હમેદાનીએ પોતાના પુસ્તક 'ઝખીર ઉલ મલૂક' (રાજાઓના ખજાના)માં એક પ્રકરણમાં ફિલસુફોએ ચાતુર્યને લગતી દલીલો માટે શું કહ્યું છે. તે લખ્યું છે. તેથી આ કમઅક્કલના ગ્રંથ કર્ત્તાની નજરમાં એમ આવ્યું તે બધુંજ તેમની જ ઇબારતમાં અહિં ઉતારી લેવું કે જેથી સુલતાનોને પોતાના કામકાજમાં તે ધોરણરૂપે થઇ પડે, ને મ્હારી ચોપડી પણ એવા ધર્મી ઇમામ–બીજા અલી–ના વચનથી શોભા તથા રૌનક પામે.

ઘાસેના ભારાપર જ્યારે ફુલનો તોરો બંધાય છે,
ત્યારે તેની શોભામાં વધારો થાય છે.

ધ્યાનમાં રાખ, કે ફિલસુફોએ પોતાનાં લખાણોમાં કહ્યુંછે કે, આંખનો બહુજ ધોળો રંગ, જો ભૂરાશ ને લીલાશ જોડે મિશ્રીત

હોય તો તે માણુસ કરડા દેખાવનો, બેશરમ, અપ્રમાણિક, વ્યભિચારી, કમઅક્કલનો, તથા સુસ્ત વિચારનો હોવો જોઇએ, એવું એ નિશાનીઓપરથી જણાય છે. વળી આ નિશાનીઓ ઉપરાંત દાઢી બારીક હોય, દાઢીના વાળ થોડા ઉગતા હોય, નજર તેજ હોય, કપાળ ભવ્ય હોય, ને માથાપર વાળ બહુ હોય તો ફિલસૂફોએ કહ્યું છે કે, તેવા માણુસથી જેમ બને તેમ દૂર રહેવું સારૂં છે, કારણુ તે ઝેરી અજગર કરતાં પણુ બૂરો છે.

વાળનાં લક્ષણુ–ફિલસૂફોએ કહ્યું છે કે મધ્યમ રાતા રંગના બછડવાળ બહાદૂરીની તથા મગજની ચોખ્ખાઇ બતાવે છે. નરમ વાળ બ્હીકણુપણું તથા કાયરતા, મગજની સુસ્તી અને ઓછી અક્કલની નિશાની છે. ખભાપર તથા કાનપર જેને બહુ વાળ તેને બેઅદબ તથા બેવકૂફ સમજવો. છાતી તથા પેટપર વાળ પુષ્કળ હોય તે જંગલી સ્વભાવનો, અક્કલમંદીમાં ઠંડો, તથા જુલ્મી વૃત્તિવાળો હોવો જોઇએ.પીળા વાળવાળો બેવકૂફ, જુસ્સાદાર સ્વભાવનો તથા જરા જરામાં ગુસ્સે થઇ જાય તેવો હોય છે. જેના વાળ કાળારંગના તે માણુસ અક્કલવાળો, ડહાપણુવાળો, તથા અક્કલ મંદ માણુસોનો મિત્ર જાણુવો. જે વાળ બહુ રાતાએ નહિ તેમ બહુ કાળાએ નહિ તે બધાના ગુણોની મધ્યમતા દર્શક છે.

કપાળનાં લક્ષણુ—ફિલસૂફોએ કહ્યું છે કે જે પહોળાકપાળપર કરચળીઓ નથી હોતી તે વૈરભાવ, બુદ્ધિહીનતા, વિકારોનો, જુસ્સો, અભિમાન તથા ફડાકી મારવાની ટેવ દર્શાવે છે. ન્હાનું તથા ટુંકુ કપાળ જેનું હોય છે તે માણુસ નીચ વૃત્તિનો, હલકા મનનો તથા નિર્બળ હોવો જોઇએ. મધ્યમ કદનું કરચળીઓવાળું કપાળુ, મિત્ર-

તાની ખાલેસી, સમજુપણું, વિદ્યા તથા હુશીઆરી અને તદબીર શોધી કાઢવાની શક્તિ બતાવે છે,

કાનનાં લક્ષણ—મ્હોટાકાન એ અજ્ઞાનતાની નિશાની છે. પણ તેવા માણસમાં કેટલીક વખતે યાદશક્તિ સારી હોય છે, ને તેઓ સ્વભાવે તુંદ હોય છે. ન્હાના કાન બેવકૂફી તથા ચોરવૃત્તિ બતાવેછે. મધ્યમં કદના કાન બધી રીતે મધ્યમ સ્થિતિ જણાવે છે,

ભવાંની નિશાનીઓ—બહુવાળવાળા. મ્હોટાં ભવાં એ વાત ચીતમાં સખ્ત શબ્દો વાપરવાની ટેવ બતાવે છે લમણાં સુધી જે ભવાં ઉગ્યાં હોય તે અભિમાન તથા મ્હોટાઈ નોકદમ મારવાની આદત દર્શાવે છે પણ કાળારંગના લંબાઈ તથા ટુંકાઇમાં મધ્યમ પ્રમાણના ભવાંવાળો માણસ સમજુ તથા પ્રમાણિક હોય છે.

આંખનાં લક્ષણ—ખરાબમાં ખરાબ આંખ લીલા રંગની છે તેમજ તેજ નજરવાળી મ્હોટી આંખો દૂષબુદ્ધિ અપ્રમાણિકપણા, બેશરમી તથા સુરતીની નિશાની છે. આંખની સુસ્તિ તથા આંખનું બહુ થોડીવાર પલકારા મારવું, તે નાદાની તથા સુસ્ત સમજ શક્તિ બતાવેછે. આંખના ઘડીએ ઘડીએ પલકારા મારવા તથા નજર રાખવામાં તેજી એ છળ કપટ તથા ચોરી કરવાની ટેવ જણાવે છે. આંખમાં રતાશ હોય તો તે બહાદુરી તથા શૂરવીરતાનું લક્ષણ જાણવું. ડોળાની આસપાસ પીળા ટપકાં એ તોફાની તથા બખેડા ઉઠાવનાર માણસ બતાવે છે. તથા જ્યારે મ્હોટાકદ અને ન્હાનાકદમાં, કાળાશ અને રતાશમાં આંખ મધ્યમસર હોય ત્યારે તે સમજુપણ હુશીઆરી, સચ્ચાઇને પ્રમાણિકપણાનું લક્ષણ છે એમ સમજવું.

નાકનાં લક્ષણ—ન્હાનું નાક બોલવામાં મીઠાશ, નરમાશને લા·

વર્ણતા બતાવે છે, વાકું નાક બહાદુરીની નિશાની છે. પહોળુ (ચપટું) નાક કામ વિકાર તથા મિત્રતા દર્શાવે છે પહોળાં નસકોરાં ક્રોધ વૃતિની સંજ્ઞા છે. વચમાંથી નાકની જાડાઇ તથા નાકના છેડાની પહોળાઇપરથી એમ સમજવું કે તે માણસ બહુ બોલું તથા જુઠું હોવું જોઇએ. પણ જાડાઈ તથા પાતળાઈ અને લંબાઇને બારીકાઇમાં નાક મધ્યમ તે અક્કલને સમજનું લક્ષણ છે.

ઓઠને મ્હોંનાં લક્ષણ—પહોળું મ્હોડું એ સારી વિચાર શક્તિ તથા બહાદૂરીની નિશાની છે. તેમ જાડો હોઠ બેવકૂફી બતાવે છે પણ મધ્યમ કદના રાતા હોઠ સારી સમજ તથા વિચારશક્તિ જણાવે છે.

દાંતનાં લક્ષણ—વાંકાં ચુંકાને આડા દાંત એ છળકપટ ને અપ્રમાણિકપણું બતાવે છે. પહોળાને એક સરખા દાંત ઇનસાફવૃતિ, યુક્તિ શોધી કાઢવાની શક્તિ તથા પ્રમાણિકપણાની નિશાની છે.

ગાલનાં લક્ષણ—બહુ જાડા અને ફૂલેલા ગાલ અજ્ઞાનતા તથા ખરાબ સ્વભાવની નિશાની છે. કોઈ પણ રોગ કે બીજા કારણ શિવાયની સુકા-પાતળા-ગાલપરની ફીગાશ મનનું મેલાપણું તથા સ્વભાવની દુષ્ટતા બતાવે છે. મધ્યમ પ્રકારના ગાલ બધી રીતનું મધ્યમ પણું દર્શાવે છે.

અવાજનાં લક્ષણ—મ્હોટોને જાડો ઘાંટો બહાદુરી બતાવેછે, પણ બારીક અવાજ શંકાશીલતા તથા વ્હેમવૃત્તિ બતાવેછે. મધ્યમ જાતનો અવાજ એ ખૂબીવાળી સંપૂર્ણતા તથા તદબીરનું લક્ષણ છે. ગુંગણો અવાજ બેવકૂફી, કમસમજ તથા અભિમાન વૃત્તિની નિશાની છે.

વચનો (ભાષણ)નાં લક્ષણ—આરદીઈ મોઅભાસર બોલવું તે હુશીઆરીની નિશાની છે. બોલતી વખત હાથ હલાવવા એ ઝીણી બુદ્ધિ તથા ડહાપણનું લક્ષણ છે.

ગરદનનાં લક્ષણ—ટુંકી ગરદન એટલે છળકપટ તથા દુષ્ટતા સમજવી. લાંબીને પાતળી ગરદન એ નીચ મન તથા બેવકૂફી બતાવે છે. જાડી ગરદનવાળા અજ્ઞાન તથા અકરાંતિયા હોય છે. વચલા વાંધાની ગરદન એ સચ્ચાઇ, ડહાપણ, તથા ન્યાયી પણાની નિશાની છે.

છાતી ને પેટનાં લક્ષણ—મ્હોટું પેટ એ અજ્ઞાન, નીચતા, બેવકૂફી, નામર્દી, તથા બખેડા કરવાની ટેવ જણાવે છે ન્હાનું પેટ તથા મધ્યમ્ કદની છાતી એ સારી વિચાર શક્તિ તથા ચોખ્ખા મગજની નિશાની છે.

ખભા તથા વાંસાનાં લક્ષણ—બંને ખભાની તથા વાંસાની પંહોળાઇ એ બહાદૂરી, તથા અક્કલના કમી પણાની નિશાની છે. ખભા પાતળા હોય તેનો સ્વભાવ ધિક્કારયુક્ત હોવો જોઇએ, તથા તેની ધર્મવૃત્તિ ખરાબ હોવી જોઇએ.

હાથેલી તથા આંગળીઓનાં લક્ષણ—લાંબી હાથેલી તથા આંગળીઓ ઝીણી બુદ્ધિ બતાવે છે, ગુણમાં તથા યુક્તિ શોધી કાઢવા બંનેમાં.

ઘૂંટણની નીચેની પીંડીનાં લક્ષણ—જો પીંડી મ્હોટી હોયતો તે માણસ નાદાન તથા ખરાબ સ્વભાવનો હોવો જોઇએ પણ તેનું મધ્યમપણું તબીઅતનું પણ મધ્યમપણું બતાવે છે.

આટલાં લક્ષણો અક્કલમંદ ફિલસૂફને લોકોની ચાલ ચલણ

શોધી કાઢવાના ચાતુર્યમાં પૂરતાં ખપ લાગે છે. આટલે સુધી ઝખી-રત-ઉલ-મલૂકના કર્ત્તાનાં વચનોનો ઉતારો છે.

આને સંબંધે એક બારીકાઈ ધ્યાનમાં લેવા જેવી છે. તે એ છે કે આ લક્ષણોને અંગે જે ગુણોનું ફિલસૂફોએ વર્ણન કર્યું છે તે ગુણો સામાન્ય વર્ગનાને અને જેમણે પોતાનો સ્વભાવ ફેરવવાનો કોઈ પણ રીતે પ્રયત્ન ન કર્યો હોય તેમને લાગુ પડે છે, તથા માણસોમાં જે પશુત્વ તથાં જંગલી પણું રહેલું છે તે ખસી મનુષ્યત્વ ન આવ્યું હોય તેમને માટે છે. બાકી કોઈ માણસોને શિક્ષણથી કે ધર્મ પુરૂષોના સંગથી અથવા કેળવાઈને કે વિદ્વાનોની તરફથી મદદ યા પૂર્વે થઈ ગએલાઓના ઈતિહાસ તથા ચરિત્રો વાંચી પોતાની ખાસીઅત તથા ગુણ સુધાર્યા હોયતો તેને માટે અગર જો કે લક્ષણોને સંબંધે ઉપરના ખોટા ગુણ બતાવ્યા હશે તોપણ તે માણસ દુષ્ટ છે એવું આપણાથી કહી શકાય નહિ.

યૂનાનદેશના ઈતિહાસમાં આવેલું છે કે દિવ્ય ફિલસૂફ (અફ્લાતૂન Plato) એક પહાડના શિખરપર રહેતો હતો. તેનાપર ચ્હડવાનો એક સિવાય બીજો રસ્તો ન હતો તે રસ્તાને નાકે તેણે એક ચિતારાને બેસાડયો હતો. તે ચિતારાને એવું કહી રાખ્યું હતુ કે જે કોઈ મ્હને મળવા આવવાની ઇચ્છા રાખતો હોય તેની પહેલાં ત્યારે છબી ચિતરી લેવી. ને મ્હારી પાસે લાવવી. કે ત્હેના ચ્હેરાના લક્ષણપરથી હું ચાતુર્ય વાપરી તેના ગુણ જાણી લઉં. મ્હારી મુલાકાતને તે લાયક હશે તો ત્હને હું બોલાવીશ, નહિતો તેને રજા આપીશ જે કોઇને એને મળવા જવાની ઇચ્છા થતી હતી તેની છબી પેલો ચિતારો ચિતરી ફિલસૂફ પાસે લઇ જતો ને તે પોતે તે છબી જોઇ કહેતો

કે એને મળવા આવવાદો અથવા પોતાને ઠીક ન લાગેતો તેને વગર મુલાકાતેજ પાછો કાઢતો. એક દહાડો કોઇ મ્હોટો માણસ તેને મળવા આવ્યો, ને તેની છબી પણ એને બતાવવામાં આવી અફલાતૂને કહ્યું, આ માણસ મ્હારી મુલાકાતને લાયક નથી. તેણે તરતજ કહેવડાવ્યું કે મ્હારો ચ્હેરો જોઈ મ્હારા ગુણ વિશે તમે વિચાર કર્યો હશે. તેવા ગુણ મ્હારા હતા ખરા પણ કેળવીને મ્હેં તેમને સુધાર્યા છે. ત્યારે તેણે તેને બોલાવી પોતાની મુલાકાતનું માન આપ્યું. તેથી એવી રીતનાં લક્ષણોપરથી ગુણોનું જ્ઞાન મેળવવાનો પાયો બધી રીતે બાંધવો નહિ. પણ આપણી અક્કલ અને ડહાપણ પણ વાપરવાં. અને પરમેશ્વરની પ્રેરેલા જ્ઞાન–જેમ કોરાનમાં કહ્યું છે તેમની મદદ લેવી જોઇએ અલબત્ત નસીબવાન માણસોને ઇશ્વર સૂચના કરે છે.

દોલત અને ધર્મવાળા પણ પાક દિલના માણસોને,
ઇશ્વર તરફથી પ્રેરણા થાય છે,
જેને પરમેશ્વરનું નૂર રસ્તો બતાવે છે,
તે સચ્ચાઇનો રસ્તો કદી ગુમ કરતો નથી.

પ્રકરણ ૩૫ મું.

ભેદ છૂપા રાખવા વિષે.

રાજ્ય કરવાની એક રીત ગુહ્ય વાતો છૂપી રાખી મૂકવી એ છે. પોતાના રાજને લગતી છૂપી વાતો ખુલ્લી કરી દેવામાં બેશુમાર ભય રહેલો છે. ઇતિહાસમાં આવેલું છે કે હઝરત પેગંબર પોતાની કેટલીક સફરમાં છુપા રહેતા. એટલે પોતાને એવી રીતે છુપાવતા

કે પોતાની મોતીના દાંણા' જેવા શબ્દો ઓચરતી જીભે એવાં વચનો બોલતા કે તેથી તે સાંભળનારનો વિચાર કોઈ જુદીજ તરફ દોડતો, ને પોતે જે બોલ્યા હોય તેના કરતાં ઉલટીજ જગાએ જઇ પહોંચતા. પૂર્વના સમયના સઘળા મ્હોટા માણસો આજ પ્રમાણે અને ખસૂસ કરીને યુદ્ધ પ્રસંગે તો જરૂર એમજ વર્ત્તાતા.

ત્હારી કાર્યની વર્ત્તણુક એવી હોવી જોઇએ.
કે કોઇને ત્હારી છુપી વાતની ખબર ન પડે.
સિકંદરને જો પૂર્વમાં કોઈ જોડે લડાઇ કરવી હોય.
તો કહે છે કે, પોતાના મુકામના તંબૂ પશ્ચિમ તરફ લેવડાવ તો.
એ કામમાં કોઈ ત્હારો ભાગીઓ નથી.
ત્હારા સિવાય બીજો કોઇ ત્હારા વિશ્વાસ યુક્ત માણુસ નથી.
ત્હારા સિવાય બીજું કોઇ ત્હારો મત જાણી જાય.
તો ત્હારા મત ને ડહાપણ બંનેને માટે રોવું જોઇએ.

'ત્હારી મુસાફરીની વાત, ત્હારો ધર્મને ત્હારો માલ છુપાવી રાખ' એ કહેવત જાણીતી છે. ત્રણ ચીજ છુપી રાખવી જોઇએ. પેહેલી તો સફર એટલે આપણે ક્યાં જવું છે તથા કયે રસ્તે જવું છે તેની કોઇને ખબર પાડવી નહિ. કારણ દુશ્મનો હમેશા પોતાના દાવમાંજ ફરતા હોય છે. બીજું, આપણો ધર્મ શું તે કોઇને કહેવું નહિ. કારણ ચાડીઆઓ અને ચુગલીખોરો દુનીઆમાં ઘણા છે. ત્રીજું, આપણી માલ મિલકત છુપી રાખવી જોઇએ. કારણ લોભી લોકો પણ ઘણા છે.

ખરૂં જોતાં તો દરેક છાની વાત છુપી રાખવી જોઇએ, એ સારી વાતછે કારણ કોઇને છૂપી વાત કહ્યા પછી તે છાની રાખનાર દુનીઆમાં ઘણા થોડા હોય છે.

કોઇને પોતાની છૂપી વાત કહેવી નહિ.

કારણ તે છાની રાખનાર કોઈ આ દુનીઆમાં જણાતો નથી.

પૃથ્વીની દિશાએ દિશા હું રખડી વળ્યો.

પણ મ્હારા મિત્રોમાંથી કોઈ મ્હેં એવો જોયો નહિ કે જે છાની વાતો છુપી રાખી શકે.

ફિલસફો કહી ગયા છે કે માણસોના મનની છુપી વાત બેથી વધારે પ્રકારની હોતી નથી. તે કાંઇ સારી આબાદીની નિશાની અથવા તો દુઃખના વર્ણનની હોય છે. આ બંને બાબતો છુપી રાખવા જેવી છે. જો કાંઈ બક્ષેસ સંબંધી હોય તો તે એટલા માટે છુપી રાખવી કે દ્વેષી માણસો અદેખાય નહિ અને લોભી લોકોની બલામાંથી છુટા રહેવાય. તેમજ દુઃખની વાત હોય તોપણ છુપી રાખવાની જરૂર છે કે પોતાના મિત્રો તે સાંભળી દિલગીર થાય નહિ ને દુશ્મનો તે સાંભળી ખુશી થાય નહિ. આને માટે કહ્યું છે કે.

બની શકે ત્યાં સુધી ત્હારી છુપી વાત કોઇને કહીશ નહિ.

કારણ તે કહ્યાથી યાતો આનંદ યાતો શોક થશે.

જો દુઃખની હશે તો દિલગીરી થશે,

જો સુખની હશે તો કોઇની નજર લાગશે.

તેથી ત્હારી છુપી વાતના ઝનાનામાં,

કોઇ પણ માણસને કોઈ પણ વખતે આવવા ન દેતો.

કોઇ એક માણસે એક ફિલસફને પૂછ્યું કે મ્હારા મનમાં એક છુંપી વાત ખટક્યા કરે છે માટે તે કોને કહું કે જે તેને પ્રસિદ્ધ ન કરતાં પોતાના હૈયામાં રાખી મૂકે. તેણે કહ્યું, ત્હારા કામની જે છુપી વાત છે. તે તું પોતે તો મનમાં રાખી શકતો નથી ને બીજાને

કહેછે, ત્યારે જેને તેવું કામ ન હોય, તેની દરકાર ન હોય, તે શા
રે લોકોને ન કહે ને છાની રાખી મૂકે ?

તું ત્હારો પોતાનો ભાર વહી શકતો નથી.

તો પછી ત્હારો મિત્ર તે ન વહી શકે તો તેનાપર નાખુશ નથા.

સિકંદરે પોતાની છાની વાત કોઇને કહી હતી અને તે છુપી રાખવાનું તેને બહુજ આગ્રહથી કહ્યું હતું. પરન્તુ એકાએક તે વાત ત્હેના તરફથીજ ઝાહેરમાં આવી ને સિકંદરને ત્હેની જાણ થઇ. પોતાના ફિલસૂફ નામે બલીનાસને સિકંદરે કહ્યું, જે માણસ કોઇની છુપી વાત પ્રસિદ્ધ કરે ત્હેને શું સજા કરવી ? તે બોલ્યો, જરા વધારે સમજ પડે તેવી રીતે મને કહો. ત્યારે તેણે કહ્યું મ્હેં ફલાણા માણસને મ્હારી એક છુપી વાત કહી હતી, તે તેણે હવે ખુલ્લી કરી દીધી છે, તેથી મ્હને ખોટું લાગ્યું છે, ને હવે મ્હારે ત્હેને સજા કરવી છે. ને તેનો બદલો આપવો છે. ફિલસૂફે કહ્યું રાજા તેને માટે મનમાં માઠું ન આણી ને તેને શિક્ષા પણ ન કર કારણ ત્હારી વાત તો તેંજ ખુલ્લી કરી છે. ત્હારી એ છુપી વાત તને અગત્યની હતી તે પણ તેટલો ભારતું ઊંચકી શક્યો નહિ. પછીતો બીજો તે ન ખેંચી શકે તો તેમાં નવાઇ જેવું નથી.

ત્હારી વાત તુજ છુપી રાખ, કારણ તે છુપી રાખનાર બીજો કોઇ મળશે નાહ.

તુજ ત્હારો પોતાનો મિત્ર થા કારણ વિશ્વાસુ મિત્રો મળશે નહિ.

ડાહ્યા ઘરડા માણસને મ્હેં વિશ્વાસુને સાચા મિત્ર માટે પૂછ્યું,

ત્યારે તેણે કહ્યું, રસ્તે પડ, જે ત્હારે જોઇએ છે, તે દુનીઆમાં મળતુ નથી.

પ્રકરણ ૩૬ મું.

તકનો પૂરતો લાભ લેવા તથા સારૂં નામ મેળવવા વિશે.

ડાહ્યા અને સમજુ પુરૂષોને પોતાના સૂર્ય જેવાં પ્રકાશિત મનના આરસાઓનાં ચોખ્ખી અને ખુલ્લી રીતે જણાય છે કે આપણી વહાલી ઉમર વિજળીના જેથી ઝડપે વહી જાય છે, ને જીંદગીનો સમય દરીઆના મોજાના જેવો અસ્થિર છે. જે કલાક જાય છે તે એવી જાતના ઝવેર જેવો છે કે જેનો જોડો મળનો નથી. તેથી તે કેટલો કીમતી છે તે આપણે જાણવું જોઇએ. ને જે પ્રસંગ મળે છે તે બહુજ કીમતી લાભ છે એમ સમજી તેને ગુમાવવો ન જોઇએ.

જેવી પળ ગઇ તેવી બીજી શોધવીજ નહિ.

કારણ આપણી ઉમરનો એલચી તો વગર (નિશાને) ઝુંડે કૂચ કરે છે.

જીંદગીમાંથી જે ગયું તે પાછું મેળવવું એ અસંભવિત વાત છે. જે બાકી રહ્યું છે, તે અદૃષ્ટ પરદામાં છુપાએલું ને સંતાએલું છે. ભૂત અને ભવિષ્યકાળ વચ્ચેનો એક સમય છે તેને વર્તમાન કાળ કહેછે. માટે તેજ વખતને પોતાની ઉમર ગણી તેજ વખતે જે કામ હોય તે કરવું જોઇએ.

તક એ મ્હોટો ફાયદો છે. ત્હારા હાથમાંથો.

વખત એકદમ ચાલ્યો જાય ત્યાર પહેલાં સઘળા વખતને ફાયદારૂપે ગણ.

અક્કલવાળો માણસ કયે દિવસે જમાનાપર પોતાનું મન ચ્હોંટાડેછે.

પોતાની ઉમરમાં, ડાહ્યો માણસ કોઇ દહાડો દુનીઆપર વિશ્વાસ રાખતો નથી.

તેથી આવા અસ્થિર જમાના ને ચલિત વખતમાં તેનેજ નસીબવાન માણસ સમજવો કે જે ઉપકાર વૃત્તિની નિશાનીઓ બતાવીં તથા દયાવૃત્તિની નહેરો જારી કરી પોતાની પાછળ નેક નામ તથા શુભ સંભારણું મૂકી જાય છે. કારણ અમર જીંદગી એટલે સારૂં નામ.

હમેશગી, સ્થિરતા તથા જીંદગીની અમરતા માગનાર,

આદમીનું નામ તો સારૂ સંભારણું મૂકી જવાથીજ હમેશ સુધી રહે છે.

મોભ્ભો, ભપકો, માલમિલકત ને દરજ્જો, એ બધાં નકામાં છે,

કારણ આદમીનો અંતે નાશ જ થવાનો છે.

દુનીઆમાં દરેક ચીજને માટે જેમ જેમ હું વધારે વિચારૂં છું,

(તેમ તેમ હું જોઉં છું કે) માણસની જીંદગીનું સાર્થક ભલું નામ જ છે.

એક પાદશાહની દરબારનાં કોઇએક મ્હોટા માણસની બહુ તારીફ કરતા હતા, અને તેની વકતૃત્વતા, બોલવાની છટા, તેના સદ્ગુણો તથા ઉચ્ચ વૃત્તિઓનું બધા બહુ વર્ણન કરતા હતા, તે એટલે સુધી કે તેની મુલાકાત માટે પાદશાહનો વિચાર તેના વર્ણનની સરહદની પેલી તરફ જઇ પહોંચ્યો તે વર્ણનથી સંતોષ ન પામ્યો) ને તેને હાઝર કરવાને પોતાનો હુકમ કાઢયો. પેલો માણસ ત્યાં આવ્યો ને સભ્યતા પૂર્વક સલામ કરી બોલ્યો કે, પાદશાહ હજાર વર્ષ જીવો. પાદશાહે કહ્યું, કે તું પહેલી વાત બોલ્યો તેજ અસંભવિત બોલ્યો. ત્હારા ગુણ વિચારતાં એ ભાપણ અજબ જેવું લાગે છે, ને ત્હારા જેવો માણસ એવું બોલે તે નવાઇ જેવું છે. તેણે જવાબ આપ્યો, માણસની હયાતી એટલે ત્હેના શરીરનું હમેશ સુધીનું ટકતું

નહિ. સૌને ખબર છે કે આદમી ઘણું જીવે તોપણ હજાર વર્ષતો નજ જીવી શકે. પણ મોત પછી નેકનામ એ બીજી જીંદગી જેવું છે, ને મ્હારી કહેવાની મતલબ એ હતી કે ત્હારા નેકનામની લીટીઓ હજાર વર્ષ સુધી જમાનાના પાનાપર લખાએલી રહો.

જે નેકનામથી મશહૂર થયો.

તેને મ્હોટા માણસો તેના મોત પછી પણ જીવતો સમજે છે.

ને જે બદનામ તથા બદફેલ હોય છે,

તેને તે જીવતો હોય છે તો પણ મુએલો કહે છે.

વળી એવી જ રીતે કવિ સાદીએ કહ્યું છે કે,

ઓ સાદી, નેકનામવાળો માણસ કદી મરતો નથી.

જેનું નામ ભલાઇને માટે લેવાતું નથી તેજ માણસ મુએલોછે.

એક મ્હોટા માણસે પોતાના પુસ્તકમાં લખ્યું છે કે અગર જો કે નોશીરવાનનો મહેલ ને કૃસરાનો મહેરાબ પોતાની ઉચાઇને માટે પ્રખ્યાત છે, અને દુનીઆની દરેક દિશામાં તેમની કીર્તિ પ્રસરેલી છે તોપણ તેના ઉંચા કાંગરા જોઇ કે તેની સુંદર જાળીઓ ઝરૂખા જોઇ વિસ્મય થવા જેવું નથી. કારણ થોડી ઈંટપર ઈંટ મૂકવીને થોડાં બારણાં ખુલ્લાં મૂકવાં એ કાંઈ બહુ મ્હોટું કામ નથી. ડહાપણે તો પેલી ઘરડી ડોસીનાં સાંકડાં ઘર તરફ નજર કરવાની છે, કે જે મ્હેલના ખૂણાના એક ભાગમાં આવી રહેલું હતુ ને પછી તેના પર વિચાર દોડાવવાનો છે. ઇતિહાસમાં એવું કહેલું છે કે જે વખતે નોશીરવાનનો મહેલ પૂરો બંધાઇ રહ્યો, અને મહેલનું મકાન તથા ઝરૂખા તમામ તૈયાર થઈ ગયા ત્યારે તેણે પોતાના થોડા ફિલસુફો તથા દરબારી-

ઓને કહ્યું કે, હવે આના પર નજર કરો ને કહો કે આ ઇમારત-માં કાંઇ ખોડખાંપણ રહેલી છે, જો તેમ હોય તો હું તેનો ઇલાજ કરવાનો હુકમ કરૂં. તેઓએ આસપાસ નજર કરી જણાવ્યું કે, રાજા સાહેબ, આ ઇમારત એવી સરસછે કે ત્હેના ઉંચા હાથ જાણે મિથુન રાશીનો કમરબંધ છોડવી નાંખે, અને તેના ઉચ્ચ કાંગરા પોતાની શ્રેષ્ઠતાના પગવડે શનિશ્ચરનો મહેલ દાબી નાંખે.

આવું સુંદર મકાન આકાશે પણ કોઇ દહાડો પોતાની આંખે જોયું નથી.

આવું ઉંચુ મકાન જોએલું દુનીઆને પણ યાદ નથી.

સારા નસીબે જ્યારે પોતાના દરવાજો પહેલીવારનોજ ખોલ્યો, ત્યારે જાણે તેણે સ્વર્ગનું બારણુંજ (કસરાનો મહેલજ) દુની-આમાં ઉઘાડયું હોય, એમ લાગેછે.

એ મકાનના સ્થંભોમાં કાંઇ ખોડ નથી તેમજ એની બાજૂ-ઓમાં કશી ખાંપણ નથી. પણ મહેલને એક ખૂણે એક ન્હાનું સ-રખું ઘર ને ક્ષુદ્ર જેવું ઝુપડું હજુ ઉભેલું છે. એ વેરાન જેવા ઘરની બારીમાંથી ધૂમાડો બહાર નીકળ્યા કરે છે, અને તેથી મહેલની દી-વાલો કાળીને ધૂમાડાવાળી થઇ જાય છે. માટે જો એ ઘર કાઢી નં-ખાય તો બહુ સારૂં થાય. અને આવી એબ લગાણી ચીજ મહેલ આગળથી ખસેડવી મને યોગ્ય તથા વાજબી લાગે છે. નોશીરવાને કહ્યું કે એ ઘર એક ડોશીની મિલકત છે, તેણે પોતાની આખી જીં-દગી તેમાં ગાળી છે, ને હવે તેની ઉમરનો સૂર્ય પશ્ચિમતરફ આ-થમવા માંડયો છે. જ્યારે મ્હેલનો પાયો મ્હેં નાંખ્યો, ને ગજ્જરોએ તેનો નકશો બનાવ્યો ત્યારેજ એ ઘર અડચણ રૂપે હમને જણાયું

હતું. કારણ મ્હેલની આગળના ચોકની જમીન એકસરખી થતી નહતી. મ્હેં એ ડોસી પાસે એક જણને મોકલી કહેવડાવ્યું કે તારે જે કીમત જોઇએ તે લઈ આ ઝુંપડું મ્હને વેચી દે. ત્હારે પૈસા જોઇએ તો તે હું ત્હને આપું નહિ તો આ છે તેનાથી પણ વધારે સરસ મકાન ત્હારે સારૂ તૈયાર કરાવું. ડોશીએ કહેવડાવ્યું કે રાજાસાહેબ, આ ઘરમાં હું જન્મી છું, અને આ ઘર મ્હને આટલાં બધાં વરસ થયાં ગોડી ગયું છે. આખી દુનીઆ જ ત્હારા માલકીનો છે એ જોઇ મ્હને સંતોષ થાય છે, પરન્તુ આવું એક ન્હાનકડું ઘર ને કંગાળ ઝુંપડું મ્હારૂં ગરીબનું છે, તે ત્હારાંથી જોઈ શકાતું નથી. મ્હને આ શબ્દો સાંભળી જરા મનમાં લાગી આવ્યું. તેથી હું કાંઈ બોલ્યો નહિ, અને મ્હેલ પૂરો થઈ રહ્યો ત્યાં સુધી ચૂપ બેસી રહ્યો. આખો વખત એની બારીમાંથી ધૂમાડો બ્હાર નીકળ્યાજ કરતો હતો અને મ્હેલની દીવાલ કાળી કરી નાંખતો હતો, અને મ્હારા મગજને ઉકળાવી નાંખતો હતો, તે જોઇ મ્હેં ત્હેને કહેવડાવ્યું કે આટલો ઘો ધૂમાડો શું કામ કર્યા કરે છે. તેણે જવાબ કહ્યો, મ્હારે સારૂ કાંઇ થોડું ઘણું હું રાંધું છું તેથી ધુમાડો થાય છે. હું તે સાંભળી કાંઇ બોલ્યો નહિ, પણ એક થાળ પીરસી તેમાં ભૂંજેલાં પક્ષી વગેરે મૂકી ત્હેને સારૂ મ્હેં મોકલી આપી, ને કહેવડાવ્યું કે માજી દરરોજ રાત્રે ત્હમારે સારૂ દરેક પ્રકારની રસોઈની થાળ ભરી હું મોકલી આપીશ માટે મહેરબાની કરી તમે તમારા સાંકડાં ઘરમાં દેવતા ચેતાવશો નહિ કે મ્હારો મ્હેલ કાળો પડી જાય. તે બોલી, દુનીઆમાં આટલા બધા માણસોને હું ભૂખ્યા, તથા ભૂખ મરાથી પીડાતા, રડતી આંખને બળતા હૃદયના જોઉં છું, તેમને મૂકી હું ભૂંજેલાં પક્ષી વગેરેનો ઉમદા ખોરાક ખાઉં તે કેમ બને ? મ્હને પરમેશ્વરની

બ્હીક લાગે છે કે સીતેર વર્ષ સુધી જુવાર બાજરીનો રોટલો તે પણ ખરી મહેનતનો હલાલ છે ખાધા પછી વગર મહેનતે હરામનાં મેવા મીઠાઇને મુર્ગ મ્હારાથી કેમ ખવાય? મ્હારૂં ઝુપડું તો છે તેમનું તેમજ તુ રહેવા દે. કારણ ત્હારા ઇનસાફ રૂપી મહેલનું એ આભૂષણ છે. જ્યારે ત્હારા ઉમરાવો જોશે કે ત્હારી અતિશય ન્યાયિતાને લીધે મ્હારૂં કંગાળ ઝુપડુ મ્હારી પાંસથી ખુંચવી લેવાનું તુ દુરસ્ત ધારતો નથી, ત્યારે તેઓ પણ પોતાના હાથ તળેની પ્રજાની માલ મિલકત ખુંચવી લેતા અટકશે. વળી ત્હારો મહેલ કાંઇ બહુ લાંબો વખત તો નહિજ ટકી રહે, પણ મ્હારા ઘરની વાત તો ઘણા કાળ સુધી જમાનાનાપાના પર લખાએલી રહેશે. તેનાં આ વચનો મ્હને ઘણા ગમી ગયાં ને તેથી તેનો પાડોશપણ મ્હેં પસંદ કર્યો.

એવું કહેવાય છે કે ડોશી પાસે એક દુર્બળ કંગાળ ગાય હતી. રોજ સવારે ઘરમાંથી ત્હેને હાંકી જંગલમાં ચરાવા લઈ જતી, ને સાંજ પડે પાછી ત્યાંથી ઘેર લઈ આવતી. આ બંને વખત રાજાના મ્હેલની બહાર રંગ બેરંગી ફરસબંધી બાંધેલી હતી તેનાપર થઇ ગાય જતી ને આવતી. એક દહાડો એક દરબારીએ ત્હેને કહ્યું, ડોશીમા, આ કામ ત્હમે ન કરો. આથી રાજાનું નામ તમે બગાડોછો, અને રાજ્યને અંગે જે ભય રહે છે તેનો નાશ કરે છે. ડોશીએ જવાબ આપ્યો, કે રાજાનું સારૂં નામ તો જુલમ કરવાથી બગડે છે, ઇનસાફ કરવાથી નહિ. ને રાજાને અંગે રહેતો ભય અજ્ઞાનથી નાશ પામે છે, અક્કલ વાપરવાથી નહિ. જે કાંઇ હું કરૂંછું તે રાજાની નેકનામીને સારૂજ છે; ને હું પણ અંતે તેનું ભલું થાય તેવુંજ માગુછું. ને અલબત ડોશીએ વાત પણ સાચી કહેલી, કારણ આ

જ હજારો વર્ષ થઇ ગયાં તોપણ ડોશીનાં ઝુપડાંને નોશીરવાનના મહેલની વાત હજુ ચોપડીઓમાં લખેલી હયાતછે, ને લોકોને મ્હોડે પણ તે થયાજ કરે છે.

સારાં કામ કરવાનો બદલો જો, કે હજૂ જમાનાએ
નોશીરવાનના મહેલનો પણ નાશ કર્યો નથી.

મિનોચહેર બાદશાહના વચનનાં પુસ્તકમાં લખેલું છે કે દુનિયા વિશ્વાસને લાયક નથી. અનિશ્ચિત, ચલિત લક્ષ્મીપર જે આધાર નથી રાખતો, તેમાં મન નથી ઘાલતો, ને પાદશાહીની બક્ષેશ જેને પ્રભુએ આપી છે ત્હેના ઉપર તે બક્ષેશને માટે જવાબદારીની ફરજ છે, એવું જાણે છે તેજ માણસ ડાહ્યો જાણવો. ને એ જવાબદારી એવી રીતની છે કે તેણે આ દુનિયા તથા પેલી દુનિયામાં ભલું થાય તેનાં સાધન ભેગાં કરવાં જોઇએ, કે અહિ તેને નેકનામ મળે, ને ત્યાં સત્યનું સુખ મળે.

ઉદારતાનો મિત્ર થા, ભલાઇનો સોબતી બન,
ને પછી પોતાનાં તાજ તથા તખ્ત બંનેનાં ફળ ભોગવ.

કયકોબાદ પાદશાહે પોતાની સંગીન વિચાર શક્તિ અમલમાં આણી રાજ કબજે કર્યું ને સારા સારા કાયદા બાંધ્યા. તેનાં સારાં કામમાં એક એ હતું કે કવિઓ તથા ભાટ ચારણ વગેરેને તે ઉત્તેજન આપતો તથા કહેતો કે બે વસ્તુથી આપણું નામ આપણી પાછળ લોકો યાદ કરે છે. એક આપણી પ્રશંસા કોઇએ કરી હોય તેથી; બીજું, મકાનો બંધાવવાથી.

જો ફિરદોસીની કવિતા ન હોત તો, કોઇ શું જાણત કે,
કયકાઉસની, દરબાર, ને રૂસ્તમ તથા અસફંદીઆરના સંગ્રામો કેવા હતા.

નિઝામીની કાવ્યથી. બહેરામ પાદશાહનું નામ પ્રખ્યાત થયું.
ને અનવરીના પદ્દોથી સંજર પાદશાહના ગુણ મશહૂર થયા.

સુલતાન મહમૂદે એક બાગ બનાવ્યો હતો. સ્વર્ગની વાડીજેવો મનને રાહત આપનાર, ને ઉંચા કૈલાસ જેવો આનંદ દાયક. ચોખ્ખાઇ તથા સફાઇમાં બહેસ્તના બાગ જેવો તાજો તથા ખૂશનૂમા, અને પુષ્કળ લીલોત્રી તથા તાજગીને લીધે અરમની ફુલવાડીને આદ્દખાઇ આવે તેવો, તે લાગતો હતો.

બાગની દરેક બાજુએ બહુ પુષ્પો ખીલી રહ્યાં હતાં,
ને તેમાંનું દરેક પુષ્પ દીવાની જ્યોત જેવું પ્રકાશતું હતું.
તેમાં ઝરાને કીનારે લાલ ફુલ ઉગ્યાં હતાં,
ત્યાંથી આવતી હવા અત્તર જેવી ને પવન કસ્તુરીમય હતો.

અંદરનાં ઝાડો સ્વર્ગનાં ઝાડો કરતાં પણ વધારે મનપસંદ હતાં,
તેમાં ઉગતી ઘાસને કમળનાં ફુલ કરતાં વધારે પાંખડીઓ હતી.

પોતાના બાપ નાસેર-ઉદ્-દીન સબકતગીનને પોતે તેમાં એક મીજબાની આપી. તે એવી હતી કે આકાશરૂપી ખાનસામાએ (રસોઇઆએ) તેવી રસોઈની થાળ કદી જોઇ ન હતી, કે જમાનાએ કાને તેવી રીતની રસોઇનો ઠાઠ કદી સાંભળ્યો ન હતો, સ્વર્ગનાં ભોજનોની નિશાની આપતાં હોય તેવી જાતની બધી રસોઇ ત્યાં હાજર હતી. અને બહેસ્તમાં મળનાર ચોખ્ખા શરાબનાં મીઠાશની જાણે વાત કરતા હોય તેવાં શરાબ તો ત્યાં નજરે પડતા હતા.

અત્તર નાંખેલા મીઠા સરવા,
બહેસ્તના ભોજનની ખબર આપતા હતા.
એવાં ફરબેપક્ષી, ત્યાં મૂકેલાં હતાં, કે જાણે,

તેનાથી ખૂશ થઇ આખી થાળીજ, પક્ષી માફક પાંખ ઊંચી કરતી હોય તેમ લાગતું હતું.

પેંડા બરફી વગેરે મીઠાઇ એટલી બધી હતી,

કે તેને માટે સાકરની ગુણોપણ ખુટી ગઈ લાગતી હતી.

સૌ જમી રહ્યા પછી છોકરાએ બાપને પૂછયું, કે આ બાગ તમારી નજરમાં કેવો લાગે છે? નાસેર–ઉદ્‌–દીને કહ્યું, ભાઇ આ બાગતો બહુ સુંદર ને ખૂશનૂમા લાગે છે. પણ જો ચાહેતો આપણો ગમે તે ચાકર કે દરબારી એના જેવો બાગ બનાવી શકે. પાદશાહોએ એવી વાડીઓ બનાવવી જોઇએ કે તેની બરાબરી બીજા કોઇથી થાયજ નહિ, ને તેમાં થતાં ફળ કોઇ બીજા બાગમાંથી મળી શકેજ નહિ. સુલતાને પૂછયું કે એ કઇ જાતનો બાગ હશે? તેણે જવાબ આપ્યો કે, મહેરબાની તથા અહેસાનનું વૃક્ષ વિદ્વાનો, ફિલસુફો તથા કવિઓ રૂપી બાગમાં રાખવું તે. તેમાંથી ત્હને એવાં ફળ મળશે કે તેને નહિ શિયાળાની ઠંડી બગાડી શકે કે નહિ ઉનાળાની ગરમી ત્હેનાપર અસર કરી શકે.

પિંગળના કર્ત્તા ઉરૂઝીએ કહ્યું છે કે.

મહમૂદે એવી ઉંચી ઇમારતો બાંધી હતી કે,

તેમાંની દરેક ઊંચા આકાશની બરોબરી કરતી.

તેમાંની એકની ઈંટ પણ આજે ઉભેલી નથી દેખાતી.

પણ ઉનસરી કવિએ ત્હેની જે પ્રશંસા કરેલી તે હજુ હયાત છે.

વળી એવીજ રીતની એક બીજી કવિતા પણ મશહૂર છે, કે

નોશીરવાનનો એક બાગ બનાવવાનો વિચાર હતો,

ત્હેને બુઝર જમહીરે કહ્યું, સુખી રાજા સાહેબ,

હમણાં મુલકરૂપી જમીનપાણી તમારે તાબે છે,
ત્હેના ઉરાપર એક બાગ બનાવો, અને
ત્યાં એવું બી રોપો કે જે ત્હમને હમેશગીનું ફળ આપે.
કારણ આપણી ઉમરરૂપી વાડીમાં કોઇ વખત વસંત

તો કોઇ વખત પાનખર રૂતુ હોય છે.

પ્રકરણ ૩૭ મું.

હક્ક અદા કરવા વિશે.

આખી દુનીઆના સાધારણ લોકોને તેમાં ખસૂસ કરીને દોલત- વાન તથા સત્તાવાન પુરૂષોને માથે બીજાઓના જે તેમનાપર હક હોય તે અદા કરવાની જવાબદારી પૂરતી રીતે રહેલી છે. કારણ પાક સ્વભાવ, નરમ ગુણ, અને ઉંચી તોખમ અને મ્હોટા કુળની ખરી સાબિતીને ચોખ્ખો પુરાવો એથીજ મળેછે. પરમેશ્વરે આપણા ઉપર જે ઉપકારો કર્યા છે તેના બદલામાં તેના જે હક્ક આપણા ઉપર છે તે અદા કર્યા પછી આપણાં માબાપે આપણા ઉપર દયા રાખી તેના બદલામાં તેમના પ્રત્યેની ફરજો અદા કરવાની છે. કારણ પરમેશ્વરની આપણા પર મહેરબાનીનો સંબંધ તેમની આપણા પરની મહેરબાની જોડે તેણે રાખ્યો છે. પવિત્ર દંતકથામાં આવેલું છે કે 'જેનાપર ત્હેનાં મા- બાપ ખૂશી છે, તેનાપર હું (પ્રભુ) પણ ખૂશી છું' તેમ તેમનું ભલું કરવું એ પોતાની ભક્તિ કરવા બરોબર તેણે ગણ્યું છે. 'ને તેણે ફર- માવ્યું કે મ્હારા સિવાય કોઇ બીજાની ભક્તિ કરવી નહિ, તથા ત- મારાં માબાપ સાથે ભલાઇથી વર્તવું.' બાપને સંતોષ આપવો એ

આ દુનિયામાં દોલત મેળવવાનું કારણ તથા પેલી દુનિયામાં સુખ તથા મોક્ષનું સાધન છે, એ વાત નક્કી છે.

હોરમઝને પવૅઝથી સંતોષ મળ્યો હતો.
તેથી ત્હેને બહુ દોલત મળી, ને બહુ કીર્તિ મળી.
પણ શીરૂયે ખુસરૂને જરા પણ માન આપ્યું નહિ,
તેથી કમનસીબના પવને ત્હેનો નાશ કર્યો.

માલેક દીનાર—પ્રભુની ત્હેનાપર રહેમ હજો—એક વરસ મક્કાની હજ્જ કરવા નીકળ્યો હતો. જ્યારે અરફાત જઇ લોકો પાછા આવ્યા ત્યારે રાત્રે માલેક દીનારે સ્વપ્નામાં જોયું કે આસમાન પરથી બે ફિરસ્તાઓ નીચે ઉતરી આવે છે. તેમાંનો એક બીજાને પૂછતો હતો, કે આ વરસ કોની હજ્જ સ્વીકારાઇ ? તેણે કહ્યું બધા હાજીઓની હજ્જ કબૂલાઇ છે, પણ અહમદ ઇબ્ને મહમ્મદ બલ્ખી, જોકે આટલે બધે આઘે આવ્યા છે, ને તેણે મુસાફરીનો શ્રમ ખમ્યો છે, તોપણ તેની હજ્જ સ્વીકારાઈ નથી.

ત્હારી ગલીમાં આવતાં જે અટકે તે બીચારો બહુજ લાચાર બની જાય છે.

માલેકની આંખ ઉઘડી ગઇ, ને વિચારમાં ને વિચારમાં તે પછી તે ઊંઘ્યો નહિ. સવારમાં ઉઠી ખુરાસાનથી જે સંઘ આવેલો હતો તે પોતે શોધી કાઢ્યો, ને તેમાં ફરી અહમદ બલ્ખીને ઢૂંઢી કાઢતો હતો, તેવામાં એકાએક એક મ્હોટા તંબૂ આગળ તે આવી પહોંચ્યો. તંબૂની એક બાજૂ ઉઘાડેલી હતી, તેમાંથી નજર કરતાં ત્હેને જાડાં ગુણપાટના કપડાં પહેરેલો, પગપર બેડી ને ગળામાં તોકવાળો, ખૂબસુરત જુવાન માણસ અંદર બેઠેલો દેખાયો. તેની આંખ માલેક પર પડી

ત્યારે તેણે તેને સલામ કરી કહ્યું કે, માલેક, રાત્રે સ્વપ્નામાં જે જુવાન માણસની હજજ ના કબૂલ થએલી ત્હેં જોઇ હતી તે જુવાન માણસ હું છું. ને તે નાસ્તીકારની નિશાની આ ગુણીનું કપડું, બેડી ને તોક છે. માલેક કહેછે કે, આ સાંભળી હું વિસ્મય પામ્યો ને બોલ્યો, અલ્લા હુ અકબર, ત્હારૂં મન આવું સાફ છે, ને ત્હારૂં મગજ આવું હુશીઆર છે, તે છતાં ત્હને ખબર નથી કે આ પ્રમાણે ત્હારી હજજ શા માટે નાકબૂલ થઇ છે. તેણે કહ્યું, હું જાણું છું; મ્હારા પિતા મ્હારા પર નાખૂશ છે, તેથી માલેકે પૂછ્યું, તે કયાં છે, તેણે કહ્યું આ સંઘમાંજ છે. માલેક બોલ્યો, મ્હારી જોડે કોઇ માણસને મોકલ. હું ત્હેની પાસ જઇ ત્હારા તરફથી સિફારશ કરીશ, ને તે ત્હારા પર ખૂશ થાય તેવું કરીશ. માલેક જોડે માણસ લઇ ત્હેની પાસે ગયો ને જોયું તો ત્યાં એક મ્હોટો તંબૂ નાંખેલો હતો અને અંદર મ્હોટી શેતરંજી પાથરેલી હતી. ત્યાં એક ઉંચે આસને સારી રીતે વાત ચીત કરતો એક ડોસો બેઠેલો હતો, ને તેની હઝૂરમાં હારબંધ ઘણાં માણસો ગોઠવાઇ ગયાં હતાં. ત્હેની પાસે જઇ મ્હેં સલામ કરી. તેણે સલામનો જવાબ આપ્યો. મ્હેં તેને પૂછ્યું, શેખ, તમારે એક છોકરો છે? તેણે કહ્યું, પરંતુ તે નાલાયક છે, ને હું ત્હેના પર ખૂશ નથી. મ્હેં કહ્યું, ત્હને ખબર છે, કે આજે એવો દિવસ છે કે એક બીજાનું ભૂંડું કર્યું હોય તો તે મનમાંન લાવતાં ભૂલી જવાનું છે. તથા આ જનો દહાડો દુઃખ દેનારને ક્ષમા આપવાનો ને શત્રુને માફ કરવાનોછે? ત્હારે ત્હારા છોકરાને દુઃખમાં આજે ડુબાડવો ન જોઇએ. મ્હારૂં નામ માલેકદીનારછે. કાલે રાત્રે મ્હેં આવું સ્વપ્ન જોયુંછે, તેથી હું ત્હારી પાસે આવ્યો છું. અને પરમેશ્વર તથા પેગંબર પાસ ત્હારી આસ્પળ સિફારશ કરાવું છું કે એનો ગુન્હો મનમાં ન આણતાં એને ક્ષમા

કર. ડોસો આ શબ્દો સાંભળી ઉભો થઇ ગયો ને બોલ્યો, શેખ, મ્હેં તો એવોજ ઇરાદો કર્યો હતો કે પાછું હવે એનાપર કદી ખૂશ થવું નહિ, પણ જ્યારે ત્હારા જેવો મ્હોટો માણુસ મ્હારી પાસે આવ્યો, ને પોતાની જોડે બલામણુ તરીકે આવા મ્હોટા માણુસોની વગ લેતો આવ્યો છે, ત્યારે હું ત્હારી વાત કબૂલ કરૂંછું ને એના ગુન્હા માફ કરૂં છું ને મ્હારૂં મન એનાપર પાછું ખુશ કરૂંછું. માલેક વાત આગળ ચલાવતાં કહે છે કે તે ડોસાનાં વખાણુ કરી ખુશીની ખબર જણાવવા હું પેલા જુવાન માણુસના તંબુ ભણી આવવા નીકળ્યો. ત્યાં આવી જોયું તો તેની ગરદનમાંથી તોક નીકળી ગયેલી, પગમાંથી બેડી, ને શરીરપરથી જાડાં કપડાં દૂર થએલાં, ને ત્હેને બદલે બીજાં સારાં કપડાં પહેરી તે તંબૂની બહાર આવ્યો. જ્યારે મ્હારાપર ત્હેની નજર પડી ત્યારે તેણે કહ્યું કે, માલેક, પ્રભુ ત્હને સારો બદલો આપે; કારણ ત્હેંજ મ્હારાને મ્હારા બાપ વચ્ચે સલાહ કરાવી છે, ને મ્હારો બાપ મ્હારાપર ખૂશ થયો તેથી મ્હારી હજજ પણુ સ્વીકારાઇ છે.

જેના જીવનો એક ભાગજ ત્હારૂં શરીર છે,
જેના અમૃતના ઝરાનું એક બિંદુ ત્હારૂં શરીર છે,
ત્હેની સેવા કર, કે ત્હારૂં ઠેકાણું પડે,
ત્હેનું પુરૂં કર, કે ત્હને સુખ મળે.

વળી મા તરફની દુઆ અને ખૂશી બાપના કરતાં વધારે ફળ આપે છે, ને તેની અસર પણુ જલદી થાયછે. એવી દંતકથા ચાલે છે કે સ્વર્ગ પોતાની માતાના પગ નીચે છે, મતલબ જે કોઈ ત્હેની સેવા કરે, ને તેણે આપણા પર જે ઉપકાર કર્યા છે ત્હેનો બદલો વાળે, ત્હેને સ્વર્ગ મળે છે.

સ્વર્ગ એટલે માતાને ખૂશ રાખવી તે,

એ સ્વર્ગ માતાના પગના તળીઆની નીચે છે.

વળી આપણાં સગાઓના જે આપણાપર હક્ક હોય તે પણ અદા કરવા જોઇએ, અને તેમની જોડેનો સગપણનો સંબંધ હમેશ ધ્યાનમાં રાખવો જોઇએ. આવી રીતની વર્તણૂક એ ઇસ્લામ ધર્મમાં ફરમાવેલી એક આજ્ઞા છે. સગપણની ગાંઠ મજબૂત કરવાથી (સગાં વહાલાંપર હેત રાખવાથી) આપણી ઉમર વધેછે, ને રોજીમાં વધારો થાય છે. વળી પવિત્ર કથાઓમાં જણાવેલું છે કે પ્રભુ કહેછે કે હું રહેમાન (દયાવાન, રહેમવાળો) છું ને 'સીલ્લગે રહમ' (સગપણની ગાંઠ) માંનો 'રહમ' શબ્દ મ્હારા નામમાંથીજ નીકળેલો છે. માટે તેને જે પોતાની વર્તણૂકમાં જોડશે, તેનાપર હું રહેમ બતાવીશ; જે તેને તોડશે, તેને મ્હારી રહેમથી હું દૂર રાખીશ.

મૂસા પેગંબર—હમારા પેગંબરપર તથા તેમનાપર પ્રભુની સલામ હજો—ને પ્રભુએ પ્રેરણા કરી, કે ત્હારાં સગાંઓ જોડે ભલાઇથી ચાલ. મૂસા બોલ્યો, પ્રભુ હું તેમની જોડે શું કરૂં કે જેથી ત્હારી ખૂશીને પાત્ર થાઉં? એક દૈવી અવાજે જવાબ આપ્યો, તેમનાપર એહસાનકરી જો. તેઓ હાજર ન હોય તો દુઆથી તથા તેમની સલામતી માટે પ્રાર્થના કર. ને જો તેઓ ત્હારા મ્હોડા આગળ હોય તો, તેમાનાં ગરીબ'ને સગપણનું વહાલ બતાવી તથા ઇનામો આપી, તવંગર હોય તો તેમની મુલાકાત લઇ તેમનાં વખાણ કરી.

સગાંઓપર વહાલ બતાવવાનો રસ્તો પોતાને માટે ખોલી નાખ.
તેથી તુ સૌનાં કરતાં વધી જશે, ને આગળ થઇ જશે.

બીજો, શિક્ષકનો શિષ્ય તરફનો હક્ક તેણે (શિષ્યે) અદા કરવાનો છે. તે શું છે તે શિષ્યે જાણવું જોઇએ, તેમ માન આપવું જોઇએ. આમ કર્યાથી આ ને પેલી દુનિયામાં તેને સારાં ફળ મળે છે. એવું કહેછે કે શિક્ષકને માન આપવું એ તો મ્હોટા "અવતાદ', લોકોનો ગુણ છે. "અવતાદ" એટલે એવી જાતના કેટલાક સંતો કે જેમની હયાતીની બરકત ઉપર આ દુનિયાના ટકાવનો બધો આધાર છે.

વિદ્યા શિખવનાર શિક્ષકના હક્ક ભૂલી ન જા,
કારણ તેના શ્રમપર જ બધી વિદ્યાનો આધાર છે.
જો ત્હારા મનમાં શિક્ષક માટે કાંઇ વહાલની વૃત્તિ ન હોય તો
તો ત્હારા આશારૂપી હાથમાં પવન સિવાય કાંઇ આવશે નહિ.
જે પોતાના શિક્ષકનો આજ્ઞાંકિત હોય છે,
તે લાંબો વખત નથી જતો તેટલામાં તો મ્હોટો શેઠ બની જાય છે.

ત્રીજો જે લોકો આપણી પાસેનાં લાંબા વખતનાં પાડોશી હોય તેમનો હક્ક જોવાનો છે. પાસેનાં એટલે જેમનાં ઘર આપણા મહેલ, કે બાગ, કે દરબાર, વગેરેની આસપાસમાં હોય તે. દંતકથામાં એવું કહેલું છે કે જેને કયામતને દિવસે પ્રભુ કેવો દેખાશે તે વચનપર શ્રદ્ધા હોય ત્હેને કહે કે ત્હારાં પાડોશીપર વહાલ રાખ. તેમનાપર વહાલ રાખવું એટલે આપણી યથાશક્તિ તેમને ફાયદો કર્યા કરવો, તથા આપણા તરફની તથા બીજાઓ તરફથી તેમને કાંઇ ઇજા થતી હોય તો તે અટકાવવી. જો તેઓ ગરીબ કે કંગાળ હોય તો હમેશ તેમની ખબર રાખ્યા કરવી.

એક ગરીબ માણસનું કોઈ પૈસાદાર માણસના ઘર પાસે ઘર હશે.

એક દહાડો પેલા પૈસાદારનો છોકરો ગરીબના ઘરમાં આવ્યો, તે વખતે તેને પોતાના છોકરાં તથા કુટુંબ સાથે જમવા બેઠેલો દીઠો. પોતે પણ ત્યાં થોડો વખત ઉભો રહ્યો, ને ખાવાનું જોઇ ત્હેનું મન પણ જમવા બેસવાનું થયું. પણ કોઇએ ત્હેને સભ્યતા વાપરી જમવાનું કહ્યું નહિ તેથી તે રડતો રડતો પાછો ફર્યો ને પોતાને ઘેર આવ્યો. તેની માને તે રડતું જોઇ દિલગીરી થઇ ને તેને રડવાનો સબબ પૂછ્યો. તેણે કહ્યું હું પાડોશીના ઘરમાં ગયો હતો, ત્યાં બધાં ખાવા બેઠાં હતાં, પણ કોઇએ મને ખાવાનું કહ્યું નહિ. આ સાંભળી ત્હેના બાપે ભાત ભાતનું ખાવાનું મંગાવી હાઝર કર્યું પણ ખરાબ બચ્ચાંની આદત પ્રમાણે તેણે તો રબાજ કર્યું ને હઠ લીધી કે આપણા પાડોશીના ઘરમાં જે વસ્તુ ખવાયછે તે મને આપો. બાપ અંતે તેનાથી થાક્યો, ને પોતાના પાડોશીને ઘેર આવ્યો. ને ત્હેને બહાર બોલાવી કહ્યું કે શા કારણથી તું હમને ઇજા પહોંચાડે છે? તે ગરીબ માણસ કહે કે પ્રભુ કરે ને મ્હારી તરફથી તમને કાંઇ પણ ઇજા ન પહોંચે." તવંગર માણસ બોલ્યો, મ્હારો છોકરો ત્હારે ઘેર આવે, તું ત્હારા કુટુંબ સાથે જમતો હોય, પણ ત્હેને બોલાવે નહિ, તે રડતો પાછો ઘેર આવે, ને જે કાંઇ તેને આપીએ તેથી રાજી ન થતાં ત્હારા ઘરનું ખાવાનું માગવાની હઠ લે ત્હેના કરતાં વધારે ખરાબ બીજી કઇ ઇજા હશે? ગરીબ માણસે થોડો વખત માથું નીચું રાખી વિચાર કરી કહ્યું કે શેઠજી, આ બાબતમાં એક ગુપ્ત વાત રહેલી છે તે મને પૂછશો નહિ, કારણ મ્હારીવાત તેથી ઉઘાડી પડી જશે.

દોડતા ઘોડાપર સવાર થનારા જરા ખબર રાખતો રહે,
કે કંગાળને ગરીબ ગધેડો બીચારો કાદવમાં ગોથાં ખાય છે.

ત્હારા ગરીબ પાડોશી પાસથી દીવો દેવતા માગ નહિ,
કારણ તે બીચારાની બારીએ નીકળતો ધુમાડો તો તેના નિસાસાનો ધુમાડો છે.

પેલા તવંગર માણસે આગ્રહ કર્યો કે ત્હારી વાત મ્હને કહે. ત્યારે તેણે કહ્યું કે, જે ખોરાક હમે ખાતાં હતાં તે હમને હલાલ હતો, પણ ત્હારા છોકરાને હરામ હતો. તેથી એવો હરામનો ન અપાય તેવો ખોરાક એને આપવાનું હમે મન કર્યું નહિ. પૈસાદાર માણસ કહે. સુબ્હાન અલ્લા (પવિત્ર પ્રભુ) શું આપણા ધર્મમાં એવો પણ ખોરાક છે કે જે એક માણસને હલાલ ને બીજાને હરામ હોય ? ગરીબ માણસ બોલ્યો, ત્હેં કુરાને શરીફમાં નથી વાંચ્યું કે, જે કોઇ ગરીબ નાચાર ને કંગાળ સ્થિતિમાં આવી ગયો હોય ત્હેને બીજો રસ્તો ન હોય તો મરી ગએલાં (જેને કુરાનમાં ફરમાવેલી રીત પ્રમાણે હલાલ ન કર્યાં હોય તેવાં) જાનવરો ખાવાં પણ હલાલ છે, પણ જે તેવી સ્થિતિમાં ન હોય ત્હેને હરામ છે? ત્રણ દહાડા થયા મ્હારાં બચ્ચાં છોકરાંએ કાંઈ ખાધું ન હતું, ને એ ભૂખમરાને માટે હું બીજો કાંઇ પણ ઉપાય કરી શકયો નહિ. આજેજ ફલાણી વેરાન જગામાં એક મુએલો ગધેડો મ્હેં જોયો, ત્હેનું થોડું માંસ કાપી લાવી તે રાંધી હમે ખાતાં હતાં તેટલામાં તમારો છોકરો આવી પહોંચ્યો. આ મ્હેં તમને કહી તે ખરી વાત છે.

ત્હારી રાત એશઆરામ ને ખુશીમાં જાય છે,
પણ હમારી રાત કેમ જાય છે ત્હેની ત્હને શી ખબર?

આ સાંભળી તવંગર માણસને બહુ રડવું આવ્યું, ને તે બોલ્યો,

હાય હાય, જો કયામતને દહાડે પ્રભુ મ્હને ઠપકો દઇ પૂછશે કે ત્હારી પાડોશમાં ગરીબ માણુસોની આવી સ્થિતિ હતી તે છતાં ત્હેં તે બાબતની બિલ્કુલ ખબર રાખીજ નહિ તેનું શું કારણુ તો હું શું જવાબ આપીશ? પછી પેલા ગરીબ માણુસનો હાથ પકડી ત્હેને પોતાના ઘરમાં લઇ આવ્યો ને પોતાની મિલકત તથા પૈસામાંથી અડધો ભાગ ત્હેને આપી દીધો. રાત્રે હઝરત પેગંબરને તેણે સ્વપ્નામાં જોયા, તેમણે કહ્યું, શેઠજી પેલા ગરીબ માણુસપર ત્હમે જે દયા બતાવી છે, તેથી ત્હમારા બધા ગુન્હાની ત્હમને ક્ષમા મળી ચૂકીછે. ત્હમારા માલમાં બરકત થશે, ને હવે પછી સ્વર્ગમાં તું મ્હારો મિત્ર થઇશ.

ગરીબ પાડાશીને જો તું મદદ કરશે, તો.
સ્વર્ગમાં પોતાને પેગંબરનો પાડોશી થએલો દેખીશ.

હવે રાજ્યધાનીનું શહેર તે પાદશાહના ઘર જેવું છે, તેથી શહેરમાં જે કોઇ ગરીબ કે દુઃખી માણુસ હોય તેનો પાડોશી તરીકેનો પાદશાહપર હક્ક સાબેત થાય છે. ને તેથી સુલતાને તેમની સ્થિતિની ખબર રાખવીજ જોઇએ.

જ્યારે પેગંબર હઝરત યૂસુફ દુકાળના સમયમાં મિસરદેશના પાદશાહ હતા ત્યારે દિવસે દિવસે તેઓ વધારે પાતળા થતા જતા હતા ને શરીરે સકાતા હતા, એ વાત પ્રખ્યાત છે. આનું કારણુ તેમને પૂછતાં તેમણે જવાબ આપ્યો નહિ. બહુ આગ્રહ કર્યો ત્યારે એટલું કહ્યું કે મ્હને કાંઇ છૂપો રોગ થયો છે. વૈદોએ કહ્યું, રોગનું વર્ણન તો કરો, કે હમે ત્હેનો ઉપાય કરીએ. તે બોલ્યો, આ ગાદીએ બેઠે મ્હને આજ સાત વરસ થયાં, ને આખા મિસર દેશની રૈયત-

પરની હાકમી મને મળી છે. આટલો બધો વખત થયા મ્હારા જી-વને એવી ઝંખના થયા કરે છે કે જવનો રોટલો ખાઊંતોજ મને સંતોષ વળે પણ હજુ સુધી હું તેમ કરી શક્યો નથી. ત્યારે તેમણે પૂછયું કે એટલી બધી મુશ્કેલી તમે શામાટે વેઠો છો? યૂસુફ કહે ભૂખ્યા અને ગરીબ માણસ જેમ કરે છે તેમ હું પણ કરૂંછું. મ્હને એવી બીક લાગે છે કે મિસરદેશમાં એક પણ માણસ વખતે રાત્રે ભૂખ્યો પડી રહેને મ્હારાથી તે રાત્રે પેટ ભરી કેમ ખવાય? તેનો કયામતને દહાડે હું શું જવાબ આપું?

'બોખારા શહેરના દુકાળ'માં શેખકુલ આલમે લખ્યું છે કે,
અરે જેણે ભાત ભાતનાં ભોજનથી પોતાનું પેટ તૃપ્ત કર્યું છે.
તે તુ આરામ રહીત ભૂખ્યા માણસનો જરા તો વિચાર કર.
તુ તો રોજ રાત્રે ઉંઘે છે, ને તે રડે છે,
તુંજ કહે કે ઇસ્લામ ધર્મમાં રહી એવું કરવું વાજબી છે,

સિરીઆ દેશના રાજામાંનો એક મલેક સાલેહ હમેશ રાત્રે એક ગુલામને લઇ બહાર નીકળી પડતો ને મસજિદો, કબરસ્તાનો, દેર-ડીઓ વગેરે જગાઓએ જઇ દરેક માણસની ખબર રાખતો. શિ-યાળાની એક રાતે પોતે એક મસ્જિદ આગળ જઇ પહોંચ્યો. ત્યાં જોયું તો કપડાં વગર ઠંડીમાં એક દર્વેશ ધ્રુજતો હતો, ને બોલતો હતો કે, ઓ પરમેશ્વર ત્હારી બક્ષેસોનો ઉપયોગ આ દુનીઆના પાદશાહો ખૂશી ને મઝા મારવા તથા એશ આરામ ભોગવવામાં કરે છે. ને ગરીબ માણસોની ખબર રાખવામાં ગાફેલ રહે છે. જો એ લોકો કયામતને દહાડે સ્વર્ગમાં પેસશે તો ત્હારીજ કીર્ત્તિ ને યશના સોગંદ ખાઇ હું કહુંછું, કે સ્વર્ગમાં હમે પગ નહિ મૂકીએ. સાલેહે આ

શબ્દો સાંભળ્યા ને તેથી પોતે મસ્જિદમાં પેઠો ને એક ઝબ્બો તથા પૈસાની કોથળી તેની પાસે મૂકી રડી પડયો ને બોલ્યો કે, મ્હેં સાંભળ્યું છે કે સ્વર્ગના રાજા દર્વેશો થવાના છે. આજે જ્યારે હમે પાદશાહ છીએ ત્યારે ત્હમારી જોડે સલાહ રાખીએ છીએ. કાલે જ્યારે તમે પાદશાહ થાવ ત્યારે હમારા પર શત્રુભાવનું દ્વાર ન ખોલશો, તથા અમારૂં રક્ષણ કરવા માટે હમારાપર નજર રાખજો.

આજે મ્હેં સંપનું દ્વાર ખોલ્યું છે,
માટે કાલે તું મ્હારે માટે બારણું બંધ ન કરીશ.
મ્હારા ભપકાની મગરુરી રાખી,
કે હું એવો નથી, ગરીબ માણસોપર ગુસ્સે થઈ જાઊં.
તું પણ મ્હારે માટે જે ખરાબ વિચાર રાખતો હોય તે છોડીદે.
કારણ કયો લાયક માણસ બહેસ્તમાં જાય છે?

બીજું, મહેમાનોનો હક્ક અદા કરવો જરૂરનો છે. કારણ મહેમાન એ તો પરમેશ્વરના ઘરની ભેટ છે. દંતકથામાં છે કે જે પ્રભુપર તથા કયામતના દહાડાપર આસ્થા રાખતો હોય તેને પોતાના મહેમાનોને ચહાવાનું કહે. મહેમાનને ચહાવો એટલે તેનાપર હેત બતાવવું, તેની જોડે એવી રીતે ચાલવું કે તેથી તેનું માન જળવાઇ રહે; તેને માટે જેટલી તસ્દી બને તેટલી ઉઠાવવી.

જ્યારે કોઇ મહેમાનના આવવાથી આપણું ઘર પવિત્ર થાય,
ત્યારે જે કાંઇ ઘરમાં હોય તેનો ત્હેને ખાતર ભોગ આપવો.
તથા સભ્યતા ને હેતની ખાતર,
તેને જે પસંદ પડે તે કરવું.

ફિલસુફોએ કહ્યું છે, કે ત્હારો મહેમાન કોણ છે તેની તરફ

ન જો, પણ ત્હારી પોતાની મ્હોટાઈ તરફ જો, કે તે શું કહે છે. એક એવી વાત મશહૂર છે, કે તલ્હેઅલં તલ્હાતને એવું બન્યું કે એક વખત એકલો પોતે બની કયેસના ટોળામાં જઇ પહોંચ્યો ને ત્યાં મુકામ કર્યો. તે કોમનો ઉપરી માલેક ઈબ્ને ઔફ હતો. તેણે ત્હેને ઓળખ્યો નહિ તેમજ તેની મ્હોટાઇ તથા દરજ્જાની તેને ખબર પડી નહિ. ને તેથી તેની મહેમાનદારી ઉઠાવવામાં જરા ખામી આવી ગઇ. નામોશીના ઝેરનો આ પ્યાલો તલ્હ પી ગયો, ને પોતાના જાતી સ્વભાવની ઉદારતા, તોખમની ઉંચાઇ ને કુટુંબની મ્હોટાઇને લીધે એ વજનદાર ભાર પણ પોતે ઉઠાવી લીધો. જ્યારે ત્યાંથી તે ગયો ત્યારે માલેકને ખબર પડી કે તે કોણ હતો. તેથી પોતે મનમાં બહુજ શરમાઇ ગયો ને માફ માગવા ત્હેને એક કાગળ લખ્યો ને તેની પાછળ મોકલી આપ્યો. તેમાં એવું લખ્યું હતું કે મ્હેં તમને ઓળખ્યા નહિ, ને તેથી તમારા જેવા મ્હોટા માણસની જેવી સેવા ચાકરી કરવી જોઇએ તે થઇ નહિ. આ કારણને લીધે હમણાં મ્હારૂં મન કપાઇ ગયું છે, ને મ્હારાથી શરમને લીધે નીચેથી ઊંચું માથું કરાતું નથી.

શી રીતે શરમ પામેલું નીચું માથું મ્હારાથી ઉંચું કરાય?
મ્હારાથી જેવી જોઇએ તેવી ચાકરી તો થઇ નહિ.

મ્હને આશાછેકે મ્હારી ભૂલ થઈ છે તે માટે મ્હને માફ કરશો ને તમારૂં મ્હોટું મન જેમ માફ માગનારાઓને માફ હમેશ આપે છે. તેમ મ્હારો ગુન્હો દરગુજર કરશો.

જો કે ત્હારી ખિદમતમાં મેં ભૂલ કરી છે,
તોપણ ત્હારા મનની મ્હોટાઈપર મ્હારી આશા છે.

તલ્હે જવાબમાં લખ્યું કે મ્હારી તરફથી ક્ષમા માટે જે આશા બતાવીછે, ત્હેને માટે ત્હારે ડરવા જેવું કશું નથી. કારણ મ્હારો ઉદાર સ્વભાવ તો મને એવુંજ કહે છે કે ગમે તેટલા ગુન્હા કાઇ માણસે કર્યા હોય તો પણ તે એક વખત માફ માગતો આવે તો તેને માફ કરવું.

જ્યારે ત્યારે ક્ષમા માગવાના પ્રકાશે ક્ષિતિજમાંથી પોતાનું મ્હોં બતાવે છે, છાંયડાની માફક દરેક ગુન્હા અદૃશ્ય થઇ જાય છે.

પણ ત્હેં જે એમ લખ્યું છે કે મ્હેં તમને ઓળખ્યા નહિ એ વાત યોગ્ય નથી. તથા મ્હોટા માણસને છાજતી સભ્યતાથી દૂરની વાત છે. કારણ મહેમાનદારી કરવામાં મ્હોટા ને ઉમરાવની પંક્તિના માણસોનેજ માન અકરામ આપવું એ સભ્ય માણસની ટેવ તથા ખરેખરા સદ્‌ગૃહસ્થના ગુણ નથી. પરોણાગતની મુખ્ય શરતજ એ છે કે સૂર્યના અજવાળા માફક બધાને એક સરખી રીતે તેજ આપવું અને વરસાદની પેઠે બધી જગાપર એક સરખું વરસવું. જો પરોણો કોઈ પ્રતિષ્ઠિત માણસ હોય તો ત્હેની મ્હોટાઈ પ્રમાણે માન મળ્યું તે સમજશે, જો નીચાવર્ગનો હશે તો તેના પ્રત્યે એહસાન કર્યું કહેવાશે. મ્હોટા માણસોની પરોણાગતમાં ઉણું રહી જાય તો પાછળથી પસ્તાવો ને પશ્ચાત્તાપ થાય છે, પણ નાલાયક માણસને માટે આપણે ઘણું કર્યું હોય તોપણ તેથી પસ્તાવું કે પશેમાન થવું પડતું નથી. આને માટે કહ્યુંછે કે,

> પરોણાને માન આપવું જોઇએ,
> સભ્યતા અને ગૃહસ્થાઈ દેખાડવી જોઇએ.
> જો મ્હોટાને ખિદમત ઉઠાવવા લાયકજ તે હોયતો,

તેનો હક ત્હેં અદા કર્યો કહેવાશે.
પણ જો નીચ હશે, તો કોઈ ત્હને એમ નથી
કહેવાનું, કે એની જોડે તું આમ કેમ વર્ત્યો.

એવા ઘણા મ્હોટા માણસ થઈ ગયા છે કે જેમણે પોતાના શત્રુની પણ પરોણાગત કરી છે.

ઇતિહાસમાં આવેલું છે, કે, કરમાન પ્રાંતમાં એક રાજા હતો, તે બહુ ઉદાર ને પરોણાચાકરી કરનાર હતો. ત્હેનેત્યાં મ્હેમાનોના ઉતારાનું બારણું હમેશા ખુલ્લું રહેતુ ને ત્હેના ઉપકારની થાળી ન્હાના મોટા બધાને માટે તૈયાર રહેતી; જો કોઇ નવું માણસ શહેરમાં આવતું તે એના ઉદાર ઘરમાં જમતુ, ને જ્યાં સુધી તે શહેરમાં રહેતું ત્યાં સુધી તેનેત્યાંજ સવારનું જમવાનું તથા રાતના વાળુનાં જ્યાફતમાં ખાવાનું બની આવતુ. એક વખત અઝદ–ઉદ–દૌલા ખલીફ લશ્કર લઈ તેનો મુલક જીતવા આવ્યો. ત્હેની સામે લડાઇ કરવાની શક્તિ રાજાનામાં હતી નહિ તેથી પોતે કિલ્લામાં ભરાઈ ગયો. દરરોજ અઝદ–ઉદ–દૌલાનું લશ્કર કિલ્લાના દરવાજા આગળ આવતુ, ને મ્હોટો જંગ મચાવતું, પણ દરરોજ રાત્રે તે રાજા એ આખા લશ્કરને પૂરો પડે તેટલો ખોરાક શત્રુને મુકામે પહોચાડતો, અઝદ–ઉદ–દૌલાએ પૂછાવ્યું કે દરરોજ દીવસે લડાઈ કરવી ને રાત્રે ખોરાક મોકલવો તેનો શું અર્થ ? તેણે જવાબ મોકલ્યોકે લડાઈ કરવી એ શૂરવીર પણાની નિશાની છે, ને ત્હેને ખોરાક આપવો એ ગૃહસ્થાઇની રીત છે. ત્હારૂં લશ્કર જો કે મ્હારા દુશ્મન જેવું છે, તોપણ મ્હારા શહેરમાંતો તેઓ અજાણ્યા મુસાફર જેવા છે, ને મ્હારા ઘરમાં તેઓ પોતાનો ખોરાક ખાય એ સભ્યતા કહેવાય નહિ. અઝદ–ઉદ–દૌલા-

રડી પડયો ને બોલ્યો કે "જેનામાં આટલી બધી સભ્યતા છે, હેની જોડે લડાઇ કરવી એ અસભ્યતા છે. પોતાનું લશ્કર તેથી તેણે પાછું ફેરવ્યું ને પછી કોઈ દીવસ હેને હેરાન કર્યો નહિ.

મિત્રને શત્રુ બંને જોડે મ્હોટું મન રાખ,
કારણ સભ્યતાથી કોઇને કાંઈ ઈજા થઈ નથી.

પરોણા ગતમાં બીજી વાત એ ધ્યાનમાં રાખવાની છે કે જો પરોણાથી કાંઈ ગુન્હો થાય, અથવા તે પહેલાં કોઈ વખત કાંઈ ભૂલ થઈ હોય, તોપણ તેની (મહેમાનદારની)રૂપકારની થાળીમાંથી જેવો તે કોળીઓ ખાય કે તરતજ તે બધું ભૂલી જવાયું જોઇએ.

મ'અન ઇબ્ને ઝાયદૃહ પાસે શત્રુનાં ત્રણુસેં માણુસોને કેદી તરીકે આણુવામાં આવ્યા હતાં. પોતે તેમને સજા કરવાનો વિચાર કરતો હતો. તે વખતે કેદીના ટોળામાંથી એક છોકરો ઉભો થયો ને કહ્યું કે, અમીર જો તું મ્હને પાણી ન આપે ને તરસ્યો મારી નાંખે તો ત્હને પરમેશ્વરના સમ છે. પોતે હુકમ કર્યો ને પાણીનો પ્યાલો ત્હેને અપાવ્યો. પછી તે બોલ્યો, અમીર, આ મ્હારાં સાથના બધા કેદીઓ પણ તરસ્યા છે. હું પાણી પીઊં ને તેઓ ન પીએ એ સારી વાત ન કહેવાય. ને જો હું પાણી નથી પીતો તો તરસ્યો રહું છું. જ્યારે ત્હારે બન્ને શિક્ષા તો કરવીજ છે ત્યારે પાણી આપતાં શું હરકત છે? તેણે બધાને પાણી આપવાનો હુકમ કર્યો. જ્યારે બધા પાણી પી રહ્યા, ત્યારે પેલો છોકરો પાછો ઉભો થયો ને બોલ્યો, અમીર, હમે બધા ત્હારા મહેમાન થયા છીએ, ને મહેમાનને તારે માન અકરામ આપવું જોઇએ. તેમજ મહેમાનને મારી નાંખવા એ મ્હોટા માણુસનો રિવાજ નથી." ત્હેની વાણી સાંભળી મ'આન અજબ થઈ

ગયો, ને તેણે કેદીઓને છોડી દીધા.

એવીજ એક બીજી વાત છે કે કોઇ એક અમીરે પોતાનો પુ-ષ્કળ માલ કોઇ બીજાને સોંપ્યો હતો. તે પાછો આપવાની પેલો માણસ ઢીલ કર્યા કરતો હતો. તેથી મ્હેને તે તહેસીલદાર પાસ લઈ ગયો. ને કહ્યું કે એ માલ એની પાસથી તું લે. તહેસીલદાર મ્હેને પો-તાને ઘેર લઇ ગયો ને ત્યાં ખૂબ દમ દીધો. મ્હેણે ત્યાં બહુ નમ્રતા પૂર્વક અરજ કરી કે મ્હને અમીર પાસે લઈ જા, મ્હારે મ્હેને કાંઇક કહેવું છે, ને તે મ્હેની હજૂરમાં જ હું કહીશ. અમલદારને મ્હેનાપર દયા આવી તેથી મ્હેને અમીર પાસે લઈ ગયો. જોગ જોગે જમવાની વખત થઇ હતી. પેલો અમલદાર જમવા બેસી ગયો ને પોતાની જોડે પેલા માણસને પણ બાજુપર બેસાડયો. જ્યારે સૌ જમી રહ્યા, ત્યારે અમીરની નજર પેલા માણસપર પડી તેણે તહેસીલદારને કહ્યું કે આ માણસ હમારો પરોણો થયો છે, ને હમારે ઘેર બાજુપર બેસી એ રોટલી જમ્યો છે, તેથી હવે એને દુઃખ દેવું ઠીક નથી. એ માલ મ્હેં એનેજ બક્ષેશ કર્યો, એને છોડી દે, કે એ ચાલ્યો જાય.

મહેમાનદારીના રીત રીવાજમાં
પરોણાનું માન રાખવું જોઇએ.
મહેમાનગીરીના ઝરાને કિનારે,
ઉપકાર સિવાય બીજું ઝાડજ વાવવું નહિ.

બીજું, ગરીબ ભિક્ષુકો તરફના હક અદા કરવા જોઇએ. તેઓ ગુપ્ત રીતે કે ખુલ્લી રીતે કાંઇ પણ માગતા હોય, તોપણ હરકત નથી. પવિત્ર પ્રભુનાં વચનો—'ભિક્ષુકને દમ ન દેશો'—પ્રમાણે તેમને નિરાશ કરવાનો તેણે નિષેધ કરેલો છે. તેમજ દંતકથામાં પણ કહ્યું

છે કે 'ભિક્ષુકને તો હક છેજ, અગર જો કે તે ઘોડાપર બેઠો હોય તોપણ.' આટલી બધી રીતે આગ્રહ પૂર્વક આ વાત જણાવવાનો સબબ એટલોજ કે ભિક્ષુકોનો જે હક છે તે વિસરી જવાય નહિ. ઈસુખ્રિસ્તનાં વચનો—તેના બનાવનારપર પ્રભુની સલામ હોજો.—એટલે બાઈબલમાં પણ લખેલું છે કે જે માણસ પોતાની પાસથી કોઈ ગરીબ માગનારને કાઢી મૂકે છે તેને ત્યાં એક અઠવાડીઆ સુધી દયાના ફિરસ્તાઓ જતા નથી. સુલતાન ઈબ્રાહીમ આદ હમે પોતે રાજ કરતો હતો ત્યારે એવું કહેતો હતો કે આ ભિક્ષુકો આપણા ખરેખરા મિત્રો છે. તેઓ આપણે બારણે આવે છે ને કહેછે, કે ત્હમારી પાસે કાંઇ હોય તો તે હમને આપો, તે તમારે સારૂ હમે ઊંચકીશું ને પેલી જહાનમાં લઈ જઇશું. ત્યાં તેનાથી દશગણું તમને મળશે.

જો બંને દુનીઆમાં આનંદની ત્હારે ઇચ્છા હોય
તો એહસાન કરી ભિક્ષુકોનાં મન ખૂશ કર.
દરેક આફતમાંથી ત્હારે છૂટવું હોય તો
દિલગીરીના બંધમાંથી ગરીબ માણુસોને છોડવ.

બીજું, જે કોઇ ભલામણની દરખાસ્ત લઇ આવે તેમના તરફના હક અદા કરવા જોઇએ, કારણ ભલામણ એટલે નમ્રતાપૂર્વક કોઇ ચીજની માગણી કરવી (અથવા ભિક્ષા માગવી). ભલામણ લાવનાર ઘણું ખરૂં કોઇ મ્હોટો, કે પ્રતિષ્ઠિત માણુસજ હોય છે. માટે એવી જાતના માણુસો જે વચન કહે તેને માન આપવું અને ગુન્હેગારોના અપરાધ દર ગુજર કરી તેમને ક્ષમા કરવા માટે જે કાંઈ તેઓ કહે તે સાંભળવું. એ દરેક સારા માણુસની આદત હોવી જોઇએ.

કોઈ એક મ્હોટા માણસે મ'આ તે૦ ઝદ ખલીફ પાસે એક અ-પરાધીને ક્ષમા કરવાની ભલામણ કરી. તેણે કહ્યું, આ માણસનો ગુન્હો બહુ મ્હોટો છે. પેલા માણસે કહ્યું, હું પણ મ્હેટા ગુન્હાની સિફારશ કરવા જ આવ્યો, કારણ ન્હાના ગુન્હા તો વગર ભલામણે પણ દર ગુજર થાય. ખલીફને આ બોલ ગમી ગયા. ને તેથી તેની ભલામણ કબૂલ કરી, પેલા અપરાધીને માફી બક્ષી, ને પોતે બોલ્યો, જો કોઈ ભલામણ લઇ આવે તો તેણે આવી રીતેજ લઇ આવવી.

જેનો ભલામણ કરનાર આવો માણસ હોય,
તેનો દરજ્જો બધેજ ઉંચો હોય છે.

નિગારેસ્તાન નામના પુસ્તકમાં કહ્યું છે કે સત્તાવાળા પુરૂષો પોતાના હાથ તળેના માણસોની ભૂલો દરગુજર કરેછે એ તેમના ઉંચા દરજ્જાની નિશાની છે, તથા તેમની ઉદારતાની સંજ્ઞા છે. ને ભલામણ કરનારના શબ્દોતો માત્ર બહાના જેવા છે. કારણ તેના વડે તેમની દયાવૃત્તિ દેખાઇ આવે છે.

એવું કહેવાય છે કે કોઇનાપર એક ગુન્હો કરવાનું તહોમ્મત મૂકાયું ને તેની વાત ત્યાંના હાકેમની અદાલતમાં પહોંચાડવામાં આવી તેણે તેને કેદ કરવાંનો હુકમ આપ્યો, લાંબા વખત સુધી તેની કેદની વાત તે ભૂલી ગયો ને કોઇએ તેને તે યાદ પણ આપી નહિ. તે વખતના એક મ્હોટા માણસે હાકેમની બહુ ચાકરી કરી હતી તથા પુષ્કળ વફાદારી બતાવી હતી. તેને તે કેદી જોડે મહોબત હતી તેથી તેણે હાકેમપર કાગળ લખ્યો. તેમાં જણાવ્યું હતું કે અપરાધિઓની ભૂલ દરગુજર કરવી ને તેમની ચાલચલણમાં ચૂક થાય તેની ક્ષમા કરવી એ સત્તાવાન પુરૂષોની દયાવૃત્તિની ટેવ હોવી જોઇએ, તથા બ-

ળવાન માણુસોની રહેમવૃત્તિની બક્ષેશ હોવી જોઇએ. એ બીચારો ગરીબ કેદી કેદખાનાની મહેનતથી ગીરફતાર થઈ નજદીક મરવા જેવો થઈ ગયો છે. ને મ્હને ખબર છે કે તમારો ઉદાર સ્વભાવ એવા કેદીઓને છોડવા કાંઈ બહાનું શોધ્યાજ કરે છે, તે કેદીની ચોખ્ખાઇનો છેડો જો આ ગુન્હાના કાદવથી ખરડાએલો ન હોયતો તમે એને છૂટો કરવા સારૂ હુકમ કરશો એવી આશા છે અને એ ગુન્હારૂપી ધૂળ તેની પવિત્રતાના ગળુપટાને ચ્હોટીજ હોય તો ત્હેને ક્ષમાના પાણીથી ધોઇ નાંખવી ઘટે છે. ને જો આ બે સિવાયપણ કાંઈ ત્રીજી વાતનો એણે ગુન્હો કર્યો હોયતો પણ એની ભલામણ લાવનારની ખાતરજ એને ક્ષમા આપવી જોઇએ.

સાર્વજનિક ઉદારતા ને સાધારણ ભલાઇથો સર્વ માણુસોપર,
સૂર્યના જેવી ત્હારી શ્રેષ્ઠતાછે, ને વરસાદ જેવી મહેરબાની છે.
નિરપરાધિ માણુસોને શોકના અગ્નિમાં ન નાંખ,
ગુન્હેગારો રૂપી પુસ્તક ક્ષમાના પાણીથી ધોઇ નાંખ,
જો આ બે સિવાય કાંઇ ત્રીજી વાત હોય,
તો તેને માટે તેના મિત્રોની ભલામણ કામ કરશે.

જ્યારે આ કાગળ હાકેમને પહોંચ્યો ને તેણે અંદર લખેલા શબ્દોની મધુરતા તથા ભલામણ કરવાની ખૂબી જાણી ત્યારે જવાબમાં લખ્યું કે,

જેનાપર દયા લાવી તું ભલામણ કરે છે,
તેનું કામ તું સુધારી આપેછે, ને દુરસ્ત કરી નાંખે છે.

એ દયાવાન મ્હોટા માણુસ તથા ખરેખરા રહેમવાળા પુરૂષ,
જેના શબ્દરૂપી બાગમાંથી મહેર ને વફાદારીની લેહેરોને વાર્ય છે,

જેના વચનરૂપી ક્ષિતિજમાંથી ખાનેસી ને ચોખ્ખાઈનાં કિરણો ઝળકેછે, તેની ભલામણથી હું એનો ગુન્હો, તેણે કર્યો હોય કે ન કર્યો હોય, તો પણ માફ કરૂં છું. ને તેનાપર વૈરરૂપી લગામ તેના ગુન્હાની બાજુ તરફથી ફેરવી નાંખી કેદની નાશકારક જગામાંથી તેને છુટો કરૂં છું.

ત્હારો હુકમ હોયતો જીવનો પણ ભોગ આપીએ,
ત્યારે પછી કોઈનો ગુન્હો કેમ માફ ન કરાય?

• ધર્મની આજ્ઞા પ્રમાણે જે સજા કરવાની હોય તેમાં ભલામણને આડે આવવા દેવી ન જોઇએ, એ નક્કી છે.

ધર્મી તથા આસ્થાવાળા તથા ઇમાનતદાર માણસો તો તેથી તે બાબતમાં બિલ્કુલ કોઈની સિફારશકરતાજ નથી કેં કેરાને મજીદમાં કહ્યું છે કે, ' પ્રભુના ધર્મમાં એ બેપર તો તમારે દયા બતાવવીજ નહિ'. પરમેશ્વર જેને સજા કરવાની ફરમાવે તેનાપર તમારે દયા કે રહેમ બતાવીજ નહિ.

'તિમગાચખાનનો રાજ્યવ્યવહાર' એ નામના પુસ્તકમાં આવેલુંછે કે એક જુવાનમાણસપર ચોરીનું તહોમ્મત મૂકી તેને તિમગાચખાનની પાસે લૂઈ આવ્યા તે બહુ ખૂબસૂરત દેખાવનો હતો. ગાલપર રહેજ વાળ ફૂટતા હતા તથા તલ એવી રીતના આવી રહેલા હતા કે તેથી શોભામાં વધારો થતો હતો. પરમેશ્વરની ઉત્પાદકશક્તિની મહેરબાનીએ તેના ચ્હેરારૂપી આરસીને 'હમે તમને સર્જ્યા, ને તમારો ચ્હેરો ખૂબ સૂરત બનાવ્યો', એ વાક્યોના ઓપથી ઘસી કાઢી હતી, દૈવી હુન્નરવાળા ચિતારાએ તેની સૂરતના પાનાને 'અલબત હમે માણસ જાતને બહુજ ખૂબ સૂરત બનાવી,' એ વાકયરૂપી સુંદર કલમથી રંગીન બનાવ્યું હતું.

તર્કશક્તિની પીછીવડે હમારી વિચારશક્તિ જે જે બાબત ધારી શકે,

તેના કરતાં પણ વધારે સુંદર ત્હારો આનંદદાયક ચ્હેરો બનાવાયલો છે.

પાદશાહે હુકમ કર્યો કે બજારના મ્હોટા ચોગાનમાં લઈ જઈ એના હાથ કાપી નાંખો. કારભારીઓ બધાઓએ રડવા માડયું, ને હઝુરનાં બધાં માણસોએ શોકમાં એકે વખતે માથાપરથી પાઘડીઓ નીચે નાંખી દીધી. ને કહ્યું કે, રાજા સાહેબ, આ જુવાન માણસનો અપરાધ ક્ષમા કરો, ને તમારા જૂના નોકરોની સિફારશ ધ્યાનમાં લઈ તેને શિક્ષા કરતાં અટકો, રાજાએ કહ્યું, એમાં મ્હારૂં કાંઈજ ચાલે તેવું નથી. પરમેશ્વરનો હુકમ છે કે ચોરનાં કાંડાં કાપવાં. તેમણે કહ્યું, અરે સુલતાન, એના જેવા સુંદર હાથ કાપી નાંખવા એ શરમની વાતછે. હમને એ હાથપર દયા આવેછે. રાજા કહે, તમારે ચોરના નાજુક હાથ જોઈ રડવું યોગ્ય નથી; જેનો માલ ચોરાયો હોય તે ધણીના જખમી થએલાં હૃદયોપર નજર કરવી જોઇએ. તેમ કર્યાથી એને માટે શોક કરવાનું તમને બહુ મન નહિ થાય.

વળી બીજું, જેને તમારી જોડે સ્હેજ પણ ઓળખાણ હોય કે કોઇપણ દીવસ તેણે જરા સરખી પણ તમારી ચાકરી કરી હોય તો તેનો હક્ક પણ તમારા પર છે. જો કે આ સંબંધ કાંઇ બહુ મ્હોટો નથી તોપણ મ્હોટાઈ વાળા મનથી જોતાં તે બહુ અગત્યનો લાગે છે. કારણ એ બહાને ગરીબ માણસપર મહેરબાની થઈ શકેછે.

એક જણે કોઇનું ઘર ભાડે રાખ્યું હતું. ને થોડા દીવસ તેમાં રહ્યો પણ હતો. પણ એકાએક તે તે ઘરમાંથી બહાર જતો રહ્યો

ને મુસાફરી કરી બીજે દેશ ગયો. ને ત્યાં વજીરનો ઓદ્દો ત્હેને મળ્યો. જે ગરીબ માણસે ત્હેને ઘર ભાડે આપ્યું હતુ, તે ઉચાળા ભરી પેલા માણસ પાસ જવા નીકળ્યો. જેવો તે શહેરમાં પહોંચ્યો તેવોજ મુસાફરીમાં ઉડેલી ધૂળ સાથેજ વજીરને ઘેર જઈ પહોંચ્યો. ને પછી તેની કચેરીમાં જવા વિચાર કર્યો. ત્યાં દરવાન હતો તેણે પૂછ્યું તુ કોણ છે, ને આ કચેરીમાં જવાની શાથી હિમ્મત કરે છે. તે બોલ્યો, વજીરનો હુ ઓળખીતો છું. ને તે ઓળખાણને લીધે જ હું આટલી હિમ્મત કરૂં છું. દરવાને પૂછ્યું, શી રીતનું ઓળખાણ છે? તેણે કહ્યું એક વખત મ્હારૂં ઘર મ્હેં એને ભાડે આપ્યું હતુ. ને હવે તો એટલા સારૂ આવ્યો છું કે મ્હારા પર નજર કરી નીચતાના ખાડામાંથી ઉપાડી ઇજ્જતને માનની ટોચે ચઢાવે. દરવાન હસી પડયો ને બોલ્યો, તું નાદાન દેખાય છે. ઘર ભાડે આપ્યું હતુ એ બહુ સારો વસીલો છે, આના ઉપર ત્હારા હક્કનું ધોરણ બાંધી તુ અહિ આવ્યો છે, જા, ત્હારે રસ્તે પડ, ને કાંઈ બીજું કામ હોયે તો કર. ભોગજોગે એક પડદા પાછળથી વજીર આ વાત સાંભળતો હતો. તેણે દરવાનને બોલાવી પૂછ્યું, તુ કોની સાથે વાત કરતો હતો? તેણે કહ્યું, કોઇ માણસ આવ્યો હતો તે કહેતો હતો કે હું વજીરનો ઓળખીતો છું. એક વખત મ્હેં મારૂં ઘર એને ભાડે આપ્યું હતું, તેની સાથે મ્હેં ત્હેને ઠપકો આપી કહ્યું, આવી વાત બોલીશ નહિ ને આવા નજીવા સંબંધના જોરપર વજીર પાસે આવવાની હિમ્મત કરીશ નહિં, ને માન મહેરબાનીની આશા રાખીશ નહિ. વજીરે કહ્યું, ત્હેં ભૂલ કરી, જા, ત્હેને જઇ બોલાવી લાવ. તુ મ્હારો જૂનો ઓળખીતો છે. ને ત્હેણે મ્હારી સેવા કરી હતી તેથી ત્હેનો મ્હારાપર હક્ક છે. દરવાન જઇ ત્હેને બોલાવી

લાવ્યો. વજીરે ત્હેને બહુ માન આપ્યું તથા ઘણી રીતે તેનું મન સંતોષ્યું. તેનાં બચ્ચાં છોકરાંની ખબર અંતર પૂછી ને તેમને દરેકને સારૂ મ્હોટી કીમતી ભેટો મોકલી, ને ત્હેને ખૂશી કરી, ત્હેની બધી આશાઓ ફળીભૂત કરી પાછો ત્હેને ઘેર રવાના કર્યો.

ત્હારા હૃદયને ગહેર ને વફાદારીનું તેજ આપ,
લાંબા વખત પરનું ઓળખાણ નજીવું ન સમજ.
પોતાના મિત્રો તરફથી મ્હોંડું ફેરવી નાંખ નહિ,
આગલા દોસ્તોની સેવા ચાકરી યાદ કર.

અબદુલ્લા તાહેર ઝાહેર કચેરી ભરી બેઠો હતો, ને જે જે લોકોને પોતાની હાજતો કહેવાની હતી તેઓ તેને અરજ કરતા હતા. ને પોતાની મુરાદ પાર પાડી પાછા ફરતા હતા. એટલામાં એક જુવાન માણસ આવી પહોંચ્યો ને બોલ્યો કે, અમીર મ્હેં ત્હારા પર ઉપકાર કર્યો છે, ત્હેનો તથા ત્હારી સેવા કરી છે તે બંનેના બદલાનો હક્ક મ્હારો ત્હારા પર થઈ ચૂક્યો છે. મને આશા છે કે તે બંને સામું તું જોશે, ને મ્હને નજીવાપણાની જગાપરથી મ્હોટે દરજ્જે ચઢાવશે. અબદુલ્લાએ પૂછ્યું, કયા ઉપકારનો તું બદલો માગે છે? તેણે કહ્યું, ફલાણે દહાડે ત્હારા પાદશાહી રસાલા સાથે બગદાદમાં તું મ્હારા ઘર આગળથી જતો હતો ત્યારે ત્હારાં કપડાં પર ધૂળ ન ઉડે માટે મ્હેં ત્યાં પાણી છાંટયું હતું. તે પાણી મ્હેં છાંટયું હતું તે ત્હારાપર ઉપકાર કર્યો હતો, ને તેનો બદલો હમણાં ત્હારી પાસ માગુંછું.

જેણે પાણી સંબંધે ત્હારાપર ઉપકાર કર્યો હોય,
તે ત્હારે કોઇ પણ રીતે ભૂલવો નહિ.

અબ્દુલ્લાએ ફરી પૂછ્યું, ત્હેં એવા શું કરી છે, કે તેનો બદલો માગે છે? તે બોલ્યો, જે જગાએથી તું ઘોડાપર અસ્વાર થવાનો હતો, ત્યાં હું દોડી આવ્યો ને ત્હારો હાથ પકડ્યો કે તું ઘોડા ઉપર ચઢે. અબ્દુલ્લાએ કહ્યું, તું ખરૂં કહે છે, ત્હારા બંને હક્ક સાબિત થાય છે. પછી ત્હેનાપર પોતે બહુ મહેરબાની બતાવી બક્ષેશો આપી.

જે મ્હોટા માણસોના હાથમાં સત્તા છે,

તે બધાઓ ગરીબને નવાજે છે, ને તેમના હક્ક પ્રમાણે તેમને આપે છે.

મ્હોટા દરજ્જાનો પ્યાલો પી બેહોશ થઇ જવું ઠીક નહિ,

તેમજ પોતાના મિત્રોને ભૂલી જવું તે પણ ઠીક નહિ.

કોઇનો હક્ક હોય તો તે પૂરો કરવો એજ મ્હોટાઇનો પાયોછે,

બહારથી જોતાં તો કોઇને ઓળખવું નહિ એ તેના પ્રત્યે અપકાર જેવું લાગે છે.

વળી બીજું, પોતાની ઉદારતાનો હક્ક જોવો એ દરેક મ્હોટા માણસની ફરજમાંની એક છે, ઉદારતા એટલે પોતાની–પારકાની નહિ. આનો અર્થ એવો છે કે, કોઇ માણસનો તેગના પર બિલકુલ હક્ક ન હોય તે છતાં કાવતરૂં કરી પોતે એમ બતાવે કે હમારો હક્ક છે, ને તેને જે ભય હોય તેમાંથી તે રીતે તે છુટે, તેઓ આ વાત જાણતા હોય તે છતાં તેને કાંને ન પડવાદે, ને પોતાના ઉદાર સ્વભાવની આજ્ઞાને અનુસરી એવું બતાવે કે જાણે પોતે તો તે કાવતરાની વાત જાણતાજ નથી, ને તેનું તે કપટ પારખીજ શક્યા નથી. આવું કરે તો તે ઉદારતાની હદ ને મુરવતની પરિસિગા વગેલી કહેવાય

એવું કહેવાય છે કે કોઈને ઝીયાદ બસરી પાસે પકડી લાવ્યા. ને તેણે તેને કતલ કરવાનો હુકમ કર્યો. કતલ કરનાર જલ્લાદે તરવાર તો ખેંચી, પણ પેલાની આંખો બાંધવા માંડી. તેણે બીચારાએ જોયું કે આફતના દરીઆમાં મોજા ઉછળે છે, ને મોતના મગરમચ્છે પોતાનું મ્હોડું ખોલ્યું છે તેથી વિલાપ કરવા ને રડવા માંડયું. પણ તેમાં કાંઈ ફાયદો થયો નહિ. ત્યારે તેણે પશ્ચાતાપ કરી પ્રભુની માફી માગવા માંડી. તેથી પણ કાંઇ વળ્યું નહિ. ત્યારે તેણે કહ્યું, અમીર, મ્હારીને ત્હારી વચ્ચે પાડોશી તરીકેનો સંબંધ છે, ને પાડોશી તરીકે મ્હારો ત્હારા પર કેટલોક હક્ક છે. ને પાસેના રહેઠાણ તથા પાડોશને તો મુરવ્વતના ધર્મમાં ને મ્હોટાઈના મઝહબમાં બહુ મ્હોટો દરજ્જો આપેલો છે. તેથી મ્હારો એ હક્ક સંભાળવામા કાંઇ ખામી પડશે તો ત્હારી નિંદા કરનારાઓ ત્હને મહેણું મારવા માંડશે, ને ત્હારી ભૂલ શોધનારાઓ ત્હારૂં ભૂંડું બોલશે કે, અમીર પાડોશીનો હક્ક પણ સંભાળતો નથી, ને પોતાની પાસે રહેનારાઓ પર જુલમ કરી તેમને પાયમાલ કરેછે. તેથી અમીરે પાકો વિચાર કરવો જોઇએ કે મ્હારા જેવા એક નિર્બળ માણસનો જીવ લઈ પોતાને નિંદાખોરોના તીરનું નિશાન બનાવવું એ પોતાના સ્વભાવને—જે કે એવી વાડી છે કે જેમાં ઇજારૂપી કાંટો કોઈ દીવસ ઉગ્યો નથી, તેમ જેના ગુણરૂપી કપડાપર જુલમની ધુળ કદી ઉડી નથી—તેને નવાઈ જેવું તથા નહિ કરવા જેવું નથી લાગતું?

મ્હારે તો જીવ આપવો એ સ્હેલી વાત છે,
મ્હારા જેવા સો માણસ મરી જાય તોપણ, શું થયું?
પણ નિંદાખોર માણસોના મ્હો આગળ તુ શું કહેશે,

કારણ ત્હારી બાંધ્ય તો ખરડાએલી હશે.

ઝીયાદ તો ઉંડા વિચારમાં પડયો. ને પોતાના અંદેશારૂપી જાસૂસને દરેક બાજૂ તથા દિશાપર ફેરવ્યો. પણ કોઇપણ રીતે તેની જોડેના ઓળખાણરૂપી ગલી તેને નહિ, તેથી તે બોલ્યો, કયા મહોલામાં ત્હારે મ્હારો પાડોશ હતો તે કહે, ને કયા મુલકમાં તું મ્હારી પાસ વસતો હતો કે ત્હારા પાડોશનો હક્ક સાબેત થાય. તેણે જવાબ આપ્યો, બસરામાં મ્હારા બાપનું ઘર ને તારૂં ઘર એકજ હારમાં (બંનેનો એકજ ઉમરો) છે. મ્હારો બાપ ઘણી વખત તારા નોકરો જોડે વાતચીત કરતો હતો. ઝીયાદે કહ્યું, ત્હારા બાપનું નામ શું? તેણે કહ્યું, મ્હારો જીવ જવાની બ્હીકથી હું મ્હારૂંજ નામ ભૂલી ગયો છું તો મ્હારા બાપનું નામ તે મ્હને કયાંથી સાંભરે? ઝીયાદ હસી પડયો, પણ ત્હેનો અપરાધ માફ કર્યો.

હજાર વખત માફ માગે તોપણ નીચ માણસ અડધો ગુન્હો પણ માફ ન કરે,

પણ ખૂશ થવાય તેવા એક લતીફા સાથે મ્હોટાં માણસો એક હજાર અપરાધ ક્ષમા કરે છે.

વળી, રૈયતના હક્ક અદલ ઇનસાફી ને ભલાઇ કરવાની વૃત્તિથી સંભાળાય છે. છોકરાં, અમીરો, વઝીરો, નોકરો, લશ્કરી સિપાઇઓ, ચાકરો વગેરેના હક્કો વિશે ઇશ્વરેચ્છાહશે તો છેલ્લા પ્રકરણમાં વિવેચન કરીશું.

પ્રકરણ ૩૮ મું.

સારાં માણસની સંગત વિષે.

ભલાં માણસોની સંગત તથા દાનાઓની સાથે બેઠકઊઠક એ અવિનાશી સુખનો કીમિયો છે, અને હમેશની દોલત મળવાનો રસ્તો બતાવનાર ભોમીયો છે.

પાક માણસોની મહેરને મનમાં રહેવાની જગા આપ,
ખૂશ મિઝાજના માણસો સિવાય કોઇ બીજાને મન ન આપ.
હસતું (જેના દાણા દેખાતા હોય તેવું ખીલેલું) દાડમ આખી વાડીને હસાવે છે (શોભાવે છે).

તેમજ મરદોની સોબતત ને મરદજ બનાવશે.
પત્થર સખત હોય કે આરસનો હોય,
તોપણ પાક માણસની પાસે ને હોય તો ઝવેરાત બની જાયછે.

ઇરાનના રાજાઓનો એજ રિવાજ હતો કે તેમની બેઠક કોઇ દહાડો વિદ્વાનને ડાહ્યા માણસોથી ખાલી હોતીજ નહિ. તેમ તેમની જોડે વિચાર કર્યા વગર તે કોઇ રીતના હુકમ પણ કાઢતા નહિ આ સબબને લીધે તેઓએ પોતાના રાજનો પાયો અદલ ઇનસાફી ને સચ્ચાઇપર ચણ્યો હતો, ને તેથી તેમનું રાજ પણ ચાર હજાર કરતાં વધારે વરસ ટક્યું.

સુલતાન સંજર પણ હકીમ ઉમર ખય્યા ને પોતાની જોડે ગાદીપર બેસાડતો હતો. ને અબ્બાસી વંશના ખલીફા જો કે પોતે જાતે ડાહ્યા હતા તોપણ તેમના દરેક કામની ગુંથ્યની ઉકેલ તેઓ વિદ્વાન ને પાક માણસની સલાહ લઈ કરતા.

'એલાકૃત નામયે એલાહી" નામના પુસ્તકમાં કહ્યું છે, કે જેને સત્તા હોય તથા જેનો હુકમ ડહાપણ ભરેલો હોય તેજ પાદશાહ કહેવાય. તેથી જે સંપૂર્ણ સત્તાનો માલિક હોય તેને તેવાજ સંપૂર્ણ ડહાપણના માલિક થવું પણ ઘટે છે. આ ગુણ એવી રીતે મેળવાય છે, કે આ દુનીઆમાં તદબીર કેમ કરવી તથા સત્તા કેમ મેળવવી તે શિખી, પછી તે પ્રમાણે અમલ કરવો. આ વાત ધ્યાનમાં રાખીને વિદ્વાનો, પંડિતો, ફિલસુફો, તથા જ્ઞાની પુરૂષોની સંગત તથા તેમની જોડે બેઠક રાખવાનું મન કરવું જોઇએ. અને અજ્ઞાન, તથા ખરાબ આદતવાળા માણસોથી દૂર રહેવું જોઇએ.

જે મિત્ર ભલો તથા સકળગુણસંપન્ન હોય,
તેનાથી આત્માને સુખ ને જીવને રાહત મળે છે.
જેની ટેવ નાદાની તથા ગફલતીની હોય,
તેની સોબત હળાહળ વિષના જેવી છે.

યુનાન દેશમાં એવો ધારો હતો કે તે વખતના સઘળા ફિલસૂફો તથા વિદ્વાનો કરતા ગુણમાં શ્રેષ્ઠ હોય તે તેમનો રાજા થાય, તે નહિતો જેને કોઇ બહુજ ભણેલો વિદ્વાન ફિલસૂફ મંજૂર કરે તથા તેના તાબામાં રહે તે થાય. આમ થવાથી સદ્ગુણનાં કિરણ તેની સ્થિતિના પાનપર ઝળકેજ, કારણ સોબતની અસર મ્હોટી છે.

દંતકથામાં કહ્યું છે કે સારો સોબતી અત્તર વેચનારના જેવો છે. કારણ એક વખત જો કે તે પોતાના અત્તરમાંથી કાંઇ આપે નહિ તોપણ તેનો સુવાસ લેવા જેટલો તો બીજા માણસને ફાયદો થાય છે. તેમ ખરાબ મિત્ર લુહારની ભઠ્ઠી જેવો છે, એક વખત તેના દેવતાથી કાંઈ બળે નહિ તોપણ તેના ગરૂમ ધુમાડાથી તો ઇજા થયા વગર રહેજ નહિ,

લુહારની ભઠ્ઠી આગળથી જતો રહે,
કારણ ત્યાં દરેક બાજૂથી આતશને ધૂમાડો આવ્યા જશે.
પણ અત્તારી પાસે જા, કારણ ત્હેની પાસેથી,
માત્ર તેની સુગંધથીજ ત્હારાં કપડાં બહેક બહેક થશે.

વિદ્વાનને ફિલસુફમાંથી જેના વગર પાદશાહોને ચાલેજ નહિ તે માણસ ધર્મના જ્ઞાનવાળો પુરૂષ છે. તે ભણેલો, કામ કરનારો, તથા પ્રમાણિક હોવો જોઇએ. તેણે ધર્મની અંદર લખેલી આજ્ઞાઓની સારી રીતે માહીતી મેળવેલી હોવી જોઇએ. તથા ધર્મના મૂળ અંગો તથા પાર્શ્વાંગોની ત્હેને બરાબર ખબર હોવી જોઇએ, કે ફુરસતની વખતે પાદશાહની હજૂરમાં હલાલ શું ને હરામ શું. ધર્મમાં લખેલી સજાઓ કઈ, ને આજ્ઞાઓ કઈ, વગેરે બાબતની વાતચીત કરી શકે, તેમજ કઇ બાબત નિમાઝ વગેરેમાં ફરજ જેવી છે. કઇ બાબત ત્હેને સંબંધ કરવા જેવી છે, કઈ બાબતમાં મહમ્મદના રિતરિવાજ પ્રમાણે નિમાઝ, રોજા, ન્હાવું, વઝૂકરવું (હાથ પગ ધોવા) વગેરે બાબતમાં ખુલાસાવાર વિવેચન કરી શકાય. આવું થયાથી ધર્મમાં લખેલો કાયદો તથા તે પ્રમાણે થવા જોઇતા હુકમનું જ્ઞાન પાદશાહને મળે, ને તેનું રાજ સારૂં કહેવાય.

ધર્મ ને તેને લગતા ચુકાદાની વાતો જો થાય નહિ,
તો ધર્મનો પાયો દુનીઆમાંથી નાશજ પામે.

બીજો, વિશ્વાસુ સલાહકાર ને પાક મનનો ધર્માચાર્ય જોઇએ, કે જે ત્હેને આવતી દુનીઆની વાત યાદ આપતો રહે, તેમજ સંસાર સંબંધે જે શિખામણ આપવાની હોય તે પણ ભૂલે નહિ. તેમજ સારી ઇબારતથી ને સંપૂર્ણ સલાહનાઓથી

તેને ખરાબ કામ કરતાં ને ધિક્કારયુક્ત વચનો બોલતાં અટકાવે. તેમજ જે કામનો ધર્મમાં નિષેધ કર્યોછે તે કરતાં તથા જેને હરામ ગણ્યું છે તે રસ્તે ચાલતાં રોકી રાખે. સલાહકારે સલાહ આપવામાં તથા રસ્તો સુઝાડવામાં નરમાશની રીત રાખવી જોઇએ. તેમજ સભા મિજલસમાં શિખામણ આપવી ન જોઇએ. તેને બદલે એકાંતમાં ને એવે પ્રસંગે આપવી જોઇએ કે જ્યારે તેને એમ લાગે કે હવે મ્હારા વચનોની તેનાપર અસર થશે. તેપણ નરમાશ ને સભ્યતાથીજ આપવી, કારણ હાલના જમાનામાં નરમાશથી બોલવું ને સારો સ્વભાવ રાખવો તેમાંજ સુખ રહેલું છે. પૂર્વે તો ખલીફ તથા રાજાઓએ વિદ્વાનો તથા મ્હોટા સંતોનાં કડવાં વચનપણ સાંભળ્યાંછે. ને ચોખ્ખાં મનથી તે વચનો માથે પણ ચઢાવ્યાંછે. પુસ્તકોમાં લખેલું છેકે, ખલીફહારૂન રશીદે શકીક બલ્ખીને કહ્યું કે મને કાંઇ શિખામણ આપ. શેખ બોલ્યો, ખલીફ, પરમેશ્વરને ત્યાં એક જગાછે, ત્હેને નરક કહેછે. પ્રભુએ ત્હને તે જગાનો દરબાન બનાવ્યોછે. ને ત્હેને ત્રણ ચીજ આપીછે. કે જેના વડે ત્હારી રૈયતને તું તે જગામાં જતાં અટકાવે. તે ત્રણ ચીજ, માલમિલકત, તલવાર, ને ચાબખો. તેટલા માટે માલ વડે ગરીબ માણસોને દુઃખમાંથી છોડવવાં, કે જેથી કરી તેમને દુષ્ટ કામ તથા હરામ કાર્યો કરવાની જરૂર ન પડે. જુલ્મી પુરૂષોને શમશેર વડે કતલ કરી નાંખવા, કે મુસલમાન લોકો તેમની દુષ્ટતાનો ભોગ થતાં અટકે ને ચાબુક વડે લુચ્ચાઓને શિક્ષા કરવી, કે તેઓ લુચ્ચાઇ કરતાં તથા આડે માર્ગે જતાં અટકે. જો એવું કરશે તો ત્હને સુદ્ધાં મુક્તિ મળશે, ને ત્હારી રૈયતને તું મોક્ષ અપાવશે. એનાથી ઉલટું કરશે

તો સૌની પહેલાં તુ નરકમાં જશે, ને ત્હારી પાછળ બીજા ઘસડાશે. હારૂન રડી પડ્યો ને શકીકના હાથ ચુમ્યા.

જે લોકો ખરા મનથી શિખામણ આપેછે,
તે દરેકના કાનને ગમેછે.
સારા માણસની વાત આત્મા જેવી છે,
તેથી તરતજ તે આપણા મન ને હૃદયમાં અસર કરેછે.

બીજું-એક ભલો પણ હુશીઆર વૈદ હોવો જોઇએ, જેને ઇલાજના કાયદા કાનૂન માલૂમ હોય, જેણે રોગોના ઉપાય કરવા માટે ફિલસૂફોનાં મતનો પોતાના મનમાં ભંડાર ભર્યો હોય તેમજ મરજને દૂર કરવા માટે પોતાના હુન્નરની સઘળી બાબતનો જેણે સારો અભ્યાસ કરેલો હોય. તેણે ઇસા પેગંબરની માફક એક ફુંકથી મૂએલાને જીવતા કરવાની ઉદારતામાં મુસાના જેવા ચમત્કાર કરવા જોઇએ.

તેના ફુંકવાથીજ બીમાર સાજો થાય.
તેના આવવાથીજ જીવને શાંતિ થાય.

કે જે હમેશા પાદશાહના મુબારક મિઝાજનો અભ્યાસ કરે, ને ત્હેની તબીએત સારી રાખે. ન કરે પરમેશ્વર ને તેની તબીએતમાં કાંઇ પણ બગાડનો અંશ માલૂમ પડે તો તરતજ ત્હેનો ઉપાય કરવામાં મશગૂલ થાય.

બીજું-એક ઘણો વિદ્વાન જોશી રાજા પાસે હોવો જોઇએ. તેને જન્મકુંડળી તથા પંચાંગના બધા છૂપા ભેદની માહીતી હોવી જોઇએ અને ખગોળ વિદ્યા તથા જ્યોતિષ્શાસ્ત્રના ભંડારોની સઘળી કુંચીઓ ત્હેના હાથમાં આવી ગએલી જોઇએ. તેમજ મુહૂર્ત

જોવાની, તથા કઈ વખતે શું શું કામ કરવું જોઇએ ને કઈ વખતે શું શું ન કરવું જોઇએ, તે બાબેનું પણ ત્હેને ઊંચા પ્રકારનું જ્ઞાન હોવું જોઇએ.

સૂર્યના ગોળાની ગતિ તથા આકાશની કુંડળીના નકશામાં
તેની ગણિત શાસ્ત્રી જેવી કલમે આશ્ચર્ય જેવાં કામ કરેલાં હોવાં જોઇએ.

જેથી કરીને તે સુલતાનની મુબારક જન્મોત્રી જુએ તથા ન્હાના મ્હોટા ગ્રહોની ગતિનો ઊંડો વિચાર કરી તે દરેકની ચાલ પરથી તેઓ શુભ કે અશુભ કિરણનો પ્રકાશ આપશે તેની ખબર રાખે, અને જે વખતે સારાં શુભ ચિહ્નો દેખાય કે જેથી દોલત તથા મોભામાં વૃદ્ધિ થાય, તે વખતે સુલતાનને પ્રભુનો ઉપકાર માનવાની તથા આભાર દર્શાવવાની સૂચના કરે. આ ગુણને લીધે કોરાનના વાક્ય-'ઉપકાર માનવાથી હમેશ સુખમાં રહેવાય છે.'-પ્રમાણે સુખ સંપત્તિ ને હમેશગી તથા અવિનાશીપણું પ્રાપ્ત થાય છે. જે વખતે ભય તથા આફતની નિશાનીઓ જણાય તે વખતે ત્હેને પ્રાર્થના, ખેરાત, તથા ધર્મજ્ઞાન વગેરેમાં વધારો કરવાને લલચાવવો જોઇએ, તેને લીધે કુરાનમાં કહ્યા પ્રમાણે—'ખેરાત કરવાથી આફત દૂર થાય છે ને ઉમર વધે છે.'—તે આફત દૂર થશે ને તે બલામાંથી છૂટકો થશે.

જેને આફતમાંથી જીવ બચાવવો હોય
તેણે પોતાના જીવને નમ્રતા પકડાવવી જોઇએ.
પછી લોકોનું ભલું કરવા પોતાના હાથ પહોળા કરવા
જેથી ક્રોધનો પરદો પણ વચમાંથી ખસી જશે.

બીજું-મીઠી જીભનો સુંદર વર્ણનો કરી શકે તેવો કવિ જોઇએ. કે જે વકતૃત્વતામાં સઘળા બોલનારામાં એક હોય તથા અલંકારિ ભાષાના ઉપયોગમાં પોતાના સમયમાં સર્વોત્કૃષ્ટ હોય.

વકતૃત્વનું હાટ ભરાવાને દિવસે તેનાં કાવ્યજ સિક્કારૂપે ચાલે.

અલંકારિ ભાષોની વાડીના મેદાનને તેનીજ કવિતાથી તાજગી હોય.

જેથી સુલતાનના સદ્‌ગુણરૂપી મોતીને કાવ્યરૂપી દોરામાં પરોવી પ્રખ્યાતીની બજારમાં ખુલ્લાં મુકે, ને પાણીદાર કવિતાઓ વડે પોતે જેની પ્રશંસા કરતા હોય તેની યાદગારી જમાનાના પાનાપર હમેશની લખી રાખે.

કવિઓને પ્રિય ગણવા જોઇએ,

કારણ તેમનાથી અપણું નામ હમેશ સુધી ટકી રહે છે.

સુલમાન કવિની કવિતા તરફ નજર કરો, તેને લીધે,

હજુ સુધી સુલતાન ઊાયસનું નામ તાજું છે.

બીજું—હસતા મ્હોડાનો ખુશ મિઝાજી દરબારી હોવો જોઇએ. સરસ વાતો તથા રંગીન લતીફાઓ કહી સભાનાં મન રંજન કરે, મિજલસમાં જે હાજર હોય તેમનાં દિલ મીઠી મીઠી મશ્કરીની વાતો કહી આનંદનાં બારણાં ઉઘાડી ખુશ કરે.

તેની મશ્કરીની વાતોથી તબીએતને મઝા પડે,

તેના લતીફા સાંભળી આત્માને આનંદ થાય.

સૌથી સરસ સોબતી ને સારામાં સારો મિત્ર તે મ્હોટા માણસનાં બનાવેલાં પુસ્તકો તથા તેવાજ માણસની રચેલી ચોપડી આપે છે.

આ જમાનામાં સર્વોત્તમ સોબતી પુસ્તક છે.

વાંચનારના જીવને તેથી મુઝવણ નથી થતી તેમ સાંભળનારાના મનને કંટાળો નથી આવતો કારણ તેમની મિત્રતા માટે નથી પગાર આપવા પડતા કે નથી વાંટાવજીફા આપવા પડતા, તેમ તેઓની સોબતમાં નથી નાજ નખરાં કે નથી લાડ જોવામાં આવતાં.

પુસ્તક કરતાં બહેતર મિત્ર માગ નહિ,
કારણ વખતે કવખતે તે હમેશ ત્હારી સોબતમાં રહેશે.
મનના આનંદની વૃદ્ધિ તથા દિલને આરામ,
તે ઉપરાંત બીજા જેવું મન થાય, તે તેમાંથી મળે છે.
આવો સારો સોબતી કોણે જોયો હતો ?

કે જે પોતે દુઃખી થતો નથી ને કોઈને દુઃખી કરતો નથી.

મ્હોટા માણસો કહી ગયા છે કે આખી દુનીઆને અક્કલની ગરજ છે, ને અક્કલને અનુભવની જરૂર છે. કારણ એવું કહેવાય છે કે અનુભવ અક્કલની આરસી છે. તેમાં દરેક કામનો પડછાયો દેખાઇ આવે છે. અનુભવ મેળવવા માટે લાંબો વખત, લાંબી ઉમર, ને બિલ્કુલ નિશ્ચિંતતાની જરૂર છે. જ્યારે ફિલસૂફોએ જોયું કે આપણી ઉમર જે પરમેશ્વરે આપણને બક્ષીસ આપી છે તે જેટલો વખત ચાલે છે તેટલો વખત તે એ બધો અનુભવ મેળવવા માટે પૂરતી નથી, ત્યારે તેમણે એક ઉપાય શોધી કાઢ્યો. ને મહેરબાનીની રાહે એક એવી યુક્તિ યોજી કાઢી કે જેથી આ નુકસાનનો બદલો વળી જાય. ને લાંબો વખત ગાળ્યા સિવાય તમામ અનુભવ મળી શકે. તેટલા માટે તેઓએ રાજાઓ તથા સુલતાનોના ઇતિહાસ, ઉમરાવો

તથા વજીરોના અહવાલ, વિદ્વાનો તથા ફિલસુફોનાં વચનો ચોપડીઓમાં લખી કાઢ્યાં, ને ભવિષ્યમાં આવનારાં માણુસોને માટે ભૂતકાળના માણુસોને લગતી વાતો તથા તવારીખો જમાવી ભેગી કરી કે જેથી તેમને તે વારસામાં મળે, ને તે વાંચી તેઓ આનંદ પામે. વળી જેને સત્તાવાન પુરૂષો તથા બળવાન માણુસો પોતાની વર્ત્તણૂકનું ધોરણ બનાવે, ને દરેક જણ પોતાની શકિત તથા આવડતના પ્રમાણુમાં તે પુસ્તકો વાંચી તેમાંની વાતોપરથી જે ફાયદો થાય કે જે લાભ થાય તે પ્રાપ્ત કરે. 'બીજાને શિખામણ અપાતી હોય તે પરથી પોતે શિખામણ લે તે જ માણુસ સુખી.' તે કહેણી પ્રમાણે બીજાના અનુભવથી પોતે ફાયદો મેળવેલો કહેવાશે. ને બીજાને શિખામણ અપાતી હોય તેમાંથી આપણે લાભ લીધેલો કહેવાશે.

રાજાઓની વાતો તથા ઇતિહાસો,
મ્હોટાં કામ કરનારાઓને લગતી વાર્તાઓ તથા તવારીખો,
મન તથા આંખને તેજ આપે છે,
તેમ વિદ્યા તથા ડહાપણુ જોડે ઓળખાણુ કરાવે છે.
દરેક બાબતપર પુસ્તકો લખાએલાં છે.
સચ્ચાઇના હીરાથી ઘણાં (શિખામણ રૂપી) મોતી વિંધાએલાંછે.
(ગયા) જમાનામાં ઘણાઓએ અનુભવ મેળવ્યો છે,
ને દરેક કામમાં તેઓએ શ્રમ પણ બહુ વેઠયો છે.
તેથી એજ વાત સારી છે કે આપણે તેમનાં કહ્યા પ્રમાણે ચાલવું.
ને આપણી પહેલાં થઈ ગએલા માણુસોના વચન સાંભળવાં.
તેઓએ સમયરૂપીજમીનમાં જે વૃક્ષ વાવ્યું છે.
તે ઘણાં મીઠાં ફળ આપે છે.

ચાલો, આપણે તે વાડીઓમાં જઇએ,
ને દરપજે તે ફળનો ઉપભોગ કરીએ.

પ્રકરણ ૩૯ મું.

દુષ્ટ માણસોને દૂર કરવા વિશે.

જેમ સારાં ને ભલાં માણસની સોબત કરવી જરૂરની છે તેમ દુર્ગુણી ને દુષ્ટ જોડે બેઠક ઉઠક રાખતાં દુર રહેવું તથા તેમનાથી આઘા ખસવું તે પણ જરૂરનું છે. કારણ સોબતની અસર ગુણ પ્રમાણે થાય છે. તેથી જેમ નેક માણસની જોડે બેસવાથી બહુ ફાયદો થાય છે, તેમ દુષ્ટ માણસ જોડે ભેળાવાથી ખરાબ પરિણામ જણાઇ આવે છે. સારા માણસની સોબતથી દોલત વધે છે, ને ખરાબ માણસની સંગત શોક તથા ગેરઆબરૂનું કારણ થઇ પડે છે.

સારાં માણસ જોડેજ બેઠક રાખ, કારણ કાંટો,
જ્યારે ગુલાબની જોડે હોય છે, ત્યારે સુગંધી ઘાસ જેવો થાયછે.
જે ત્હારા લાયકનો ન હોય તેની જોડે ન બેસ,
કારણ સરકાથી મધુ મીઠું થતું નથી.

ખરાબ માણસ બે જાતનાં થાય છે. એકને દૂર રાખવાં તથા તેમનો નાશ કરવો જરૂરનો છે. બીજાને અટકાવવાં જરૂરનાં છે. હવે જેમનો નાશ કરવાથી મુસલમાનોને ફાયદો થાય, તથા જેમના નાબૂદ થવાથી બહુ શાંતિ રહે તેવા માણસોના ત્રણ વર્ગ છે. (૧) ચોર. તેમનો નાશ કરવાની જવાબદારી દરેક હાકમને માથે છે. હોશંગ પાદશાહની ત્રીજી શિખામણ એ હતી, કે અરે છોકરા, તોફા-

ની માણસોને કચરી નાંખી તેમનો નાશ કરવો જોઈએ. અને દુષ્ટ તથા ફિસાદખોરને દુઃખ દઇ તેમના પર જુલમ કરવો, તેમજ ચોર તથા વાટપાડુઓથી થતું નુકસાન ને દુષ્ટ ધાડ પાડુ, ફિતનાખોર લોકોથી રાહદારીઓને થતી ઇજા દૂર કરવી જોઇએ. જેથી રસ્તા ભય રહિત થાય, ને આસપાસથી વેપારીઓ ત્હારા મુલકમાં આવજાવ કરી શકે, ને વેચવા સાટવા સારૂ જાતના જાતના માલ તથા કાપડની આવક થાય. આથી કરી ત્હારી રૈયત સુખી થશે.

જ્યાં સુધી ઇનસાફ આપવા તું યત્ન નહિ કરે, ત્યાં સુધી,
ત્હારા મુલક કે ત્હારા રાજ્યથી ત્હને આનંદ નહિ થાય.
ચોરોના ભયથી રસ્તાઓ સહી સલામત બનાવ.
જો ત્હારા મુલકને આબાદ કરવાની ઇચ્છા હોય તો,

'જવાહેર ઉલ અમારત' (હાકમીના જવાહેર) નામના પુસ્તકમાં અમીર ઉલ મ'ઓમનીન ઉમર—પરમેશ્વર ત્હેનાપર ખૂશ રહો—ને માટે નીચલી વાત લખી છે. મહમંદપેગંબરે ઇસ્લામધર્મ પ્રવર્તાવ્યો તે પૂર્વે અજ્ઞાનના સમયમાં પોતે કહે છે, કે હું વેપારને અર્થ ઇરાનના મદાઇન શહેર તરફ ગયો હતો. મ્હારી પાસે યમનની ઉમદા કીનખાબના ચાળીશ તાકા હતા. જ્યારે મદાઇન શહેર પાસે હું પહોંચ્યો ત્યારે ચોરોએ મ્હારો રસ્તો ઘેરી લીધો ને મ્હને લૂટી પેલા કીનખાબના તાકા તેઓ લઇ ગયા. હું ઘણો શ્રમ વેઠી મદાઇન શહેરમાં ગયો. ને ફરીઆદ કરવા નોશીરવાનની કચેરીમાં જઇ પહોંચ્યો. જ્યારે મ્હારી ફરીયાદ કેવા પ્રકારની હતી તે નોશીરવાને સાંભળી, તથા મ્હારી કેવી સ્થિતિ થઇ ગઇ છે ત્હેની ત્હેને ખબર પડી, ત્યારે તેણે પોતાના ખવાસને મ્હારી પાસે મોકલ્યો, તે મ્હારો હાથ પકડી એક મ-

કાનમાં મ્હને લઇ ગયો ને ત્યાં ઉતારો આપ્યો ને તે બોલ્યો, જ્યાંસુધી ચોરને માણસો પકડી લાવે ને કીનખાબના તાકા ત્હેની પાસથી પાછા મેળવાય ત્યાં સુધી તુ અહિ રહેજે. હુ તે જગામાં રહ્યો, મ્હારે માટે દરરોજ પાદશાહના પોતાના રસોઇખાનામાંથી ઉમદા ખોરાકની થાળી ઓ પીરસાઇ આવતી હતી, ને હું તેમાંથી જમતો હતો. દરરોજ નોશીરવાનની દરબારમાં હું જતો હતો, ને તેની રાજ કરવાની રીતિ તથા પોતાની રૈયતની સંભાળ રાખવાની પદ્ધતિ જોતો હતો. ચાલી શીક દહાડા પછી જયારે એક દીવસ મ્હારા મકાનપર હું પાછો ફર્યો ત્યારે પેલા કીનખાબના તાકા મ્હારી નજરે પડ્યા. ત્યાં એક કપાઇ ગએલો હાથ પણ પડેલો હતો, તથા એક કાગળ તથા સોનાના સિક્કાથી ભરેલી ચાલીશ થેલીઓ પણ મ્હેં જોઇ. કાગળમાં લખ્યું હતુ કે ત્હારા ચોરને પકડી લાવે તેટલા માટે ત્હારે ચાળીશ દીવસ થોભવું પડયું, તેમ થયાથી ત્હારૂં કાપડ ત્હને પાછું મળ્યું. પણ ત્હારે ચાળીશ દીવસ વાટ જોવી પડી ત્હેના બદલામાં આ ચાળીશ થેલીઓ ત્હને આપવામાં આવી છે. તેથી જયારે તું ત્હારે દેશ પાછો જાય ત્યારે મ્હારે માટે ફરીઆદ કરનો નહિ. આ વાત ઉપરથી જણાય છે કે સત્તાવાન રાજાઓએ ચોર તથા વાટપાડુઓનો નાશ કરવા બહુ મહેનત લીધેલી છે તેથી ન્યાયી હાકેમની ફરજ છે કે મુસલમાનોના આવવા જવાના રસ્તા પોતાની શિક્ષાનો ભય બતાવી ચોર તથા ધાડપાડુઓના ત્રાસથી સલામત બનાવવા, ને જે કોઇ રસ્તામાં મુસલમાનોને ઇજા કરે છે, સતાવે કે દુઃખ દે ત્હેને સજા તથા શિક્ષા કરી બીજાને દાખલો બેસાડવો.

ચોરના હાથ તથા ધાડપાડુઓનું માથું કાપી નાંખ,

કે સ્ત્રી પુરૂષના આવવા જવાના રસ્તા સલામત થઇ જાય.
જો રસ્તા સલામત થાય તો વેપારીઓના કાફલા,
આમથી તેમ દરેક દિશામાં ચાલવા માંડે.
તેથી દુનીઆને પણ ઘણો ફાયદો થશે,
કારણ વખતો વખત લોકો આમ તેમ આવજાવ કરી શકશે.
શહેર આબાદ થશે, ને ગામડાં પણ તેવાંજ થશે,
ને મનની આરસી પરથી શોકના કાટ ઉતરી જશે.

(૨) ખૂની, લફંગાઓ તથા તોફાની ફિતનાખોર માણસો શહેર, તથા ગામડામાં બેશરમ ને જોર જુલમથી ઇજાનો હાથ લોકોના માલ તથા બચ્ચાં છોકરાં પર લંબાવે છે, ને પોતાનું રક્ષણ કરવાની વૃત્તિથી કોઇ તેમને હેરાન કરી શકતું નથી ને તેમને પોતાના બળવાન જોરવાળા હાકેમ સિવાય બીજા કોઇની ઓથ હોતી નથી, તેથી તેમને ઉખેડી નાંખવા તથા તેમનો નાશ કરવો પણ જરૂરનો છે.

એવું કહેવાય છે કે અલેપ્પો શહેરમાં એક વખત લફંગાઓ બહુ વધી ગયા હતા. લોકો તેમનાથી દુઃખી થઈ ગયા, ને તેઓએ મિસરના સુલતાન પાસે ફરીયાદ કરી. સુલતાને મુસલેહ નામનો હાકેમ એ લફંગાઓનો નાશ કરવા મોકલી આપ્યો. મુસલેહે આવી કેટલાએકને તો સજા કરી પણ પેલા લફંગાઓને કાંઇ તેથી નસીહત મળી નહિ. ને પોતે જે તોફાન કરતા હતા તે કરતાં અટક્યા નહિ. અંતે વખત એવો આવ્યો, ને કામ એવું બગડી ગયું કે જેજુમામસ્જિદમાં મુસલેહ નિમાઝ પડતો હતો, ત્યાં મહેરાબ પાસે તેમણે એવું લખ્યું કે, મુસલેહ, "હારા જીવને નકામું દુઃખી ન કર," કારણ હમારી ટોળી એવી છે કે જો તું એકને મારી નાંખશે તો તેને બદલે

બીજા દશ નવા ઉભા થઇ આવશે. મરવામાં તો હમે મ્હોટી કીર્તિ માનીએ છીએ. અમને તે બાબતની જરા શરમ નથી.

હમે આશક છીએ, ને (પ્રેમમાં) મરવું એ અમારો ધર્મ છે.

ઇશ્કની તલવાર અમારી કબરના પથ્થર પર ઘસાઇ ધારવાળી થાય છે.

ઇશ્કની તલવારના જખમ વગર હમે દુનીઆમાંથી જઇશું નહિ.

" લડાઇના મેદાનમાંથી ઘાએલ થયા વગર જતા રહેવું, એ હમારે મન શરમની વાત છે.

તું હમને મારી નાંખતાં કંટાળશે, પણ હમે મરતાં કંટાળીશું નહિ એવો સંભવ હમને લાગેછે. મુસલેહે આ લેખ વાંચી વિચાર કર્યો કે એ લોકો જોડે છળભેદથી કામ લેવું પડશે. તેથી તેની નીચે પોતે એવું લખવાનો હુકમ આપ્યો કે, 'હમે તમારી બહાદુરી તથા ડહાપણ જોઇ લીધાં, ને એક બીજાને સંબંધે તમારો સંપ તથા એકદિલી હમને માલમ પડી.

બહાદૂરી ને શૂરવીરતામાં કોઇ તમારા બરોબરીઆ નથી.

આવા બહાદૂર માણસો પર આફરીન હોજો, આફરરીન.

હવે, જે થઇ ગયું ત્હેને માટે હમે દિલગીર છીએ ને માફ માગીએ છીએ. હવે હમે તેમના ઉપર મહેરબાની રાખી તેમને મદદ આપીશું. સલામ.' કચેરામાંના હઝૂરીઆઓ આ જોઇ બહુ અજાયબ થયા. પણ પોતે તો છૂપી રીતે તથા ઉઘાડી રીતે તે લફંગાઓ તથા લુચ્ચાઓના ગુણ ગાવા તથા વખાણ કરવાં જારી રાખ્યાં. ને તે લોકોને કતલ કરતાં તથા કેદમાં પુરતાં પણ અટકી ગયો. બીજે દહાડે શહેરના મુખ્ય માણસો તથા શેઠીઆઓ ત્હેની પાસે આવ્યા ને સ

રંગાઓને વિશે તેઓએ વાત કરવા માંડી, પણ તે પોતેજ તેમના કરતાં પહેલાં બોલી ઉઠયો, કે ભાઇઓ, એવાં જુવાન માણસો મારી નાંખવાથી મ્હને બહુ પસ્તાવો થાયછે. અને આવા બહાદુર તથા ચાલાક માણસોને કતલ કરવા, એ બહુ શરમ ભરેલું છે. દરેક જમાનામાં એમના જેવા થોડાજ માણસો પેદા થએલા હોય છે. મ્હારે હાલમાં તેમનો ખપ છે. રોમના કિલ્લાનું લશ્કર બળવો કરી ઉઠયું છે, તેમની સામે થવા મ્હારે લડવૈયા માણસોની જરૂર છે. તમે જો મ્હારું ભલું ચહાનાર વફાદાર રૈયત હો તો તેમના ઉપરિ તથા મુખીઓને મ્હારી પાસે લઈ આવો, કે તેમના ઉપર મહેરબાની ભરેલી નજર રાખી હું તેમની સંભાળ કરૂં ને તેમને મદદ આપી ખૂશ કરૂં.

આ બાહોશ ને કીર્ત્તિવાળા નામદાર પુરૂષોમાંથી
જેને લડાઇમાં મોકલવાને લાયક હું જોઇશ,
તેને ઘોડો, બખ્તર ને લશ્કરી ટોપી આપીશ,
ને ત્હેનું માથુ આકાશને અડકે એટલી ત્હેને મ્હોટાઈ આપીશ.

અલેપ્પો શહેરના શેઠીઆઓ બોલ્યા કે તેમનો ઉપરિ એક ડોસો છે, તેને ચાર છોકરા છે, હમણા તે બધા કામકાજે ગયા છે, ને ત્હારી શિક્ષાના ભયથી ડરી ખૂણે બેઠા છે. મુસલેહે હુકમ કર્યો કે તેમને બોલાવી લાવો. તેઓ આવ્યા પછી તેમને બહુ માન આપી, તેમના પર બહુ મહેરબાની બતાવી, ડોસાને પોતાનાં કપડાંલતાં સાચવવાનું જામદારખાનાનું કામ સોંપ્યું. ને કચેરીની ચોબદારી ત્હેના છોકરાઓને આપી. બધાને ખિલઅત તથા ઇનામ આપી તેમનાં મન સંતોષ્યાં. થોડા દહાડા પછી જ્યારે તેમનું મન શાંત થયું, ને, હાકમ તરફનો તેમનો સઘળો ભય તેમના દિલમાંથી જતો રહ્યો,

ત્યારે તે બોલ્યો કે, મ્હારે થોડા ખૂનખાર લુચ્ચાલફંગા લોકોની જરૂર છે. મ્હારે તેમને કેળવવા છે. તમે તેઓને ઓળખો છો? એમાંથી જે કોઇને માટે તમને એમ લાગે કે આ માણસ કાંઇપણ કામ કરી શકશે, તથા લડાઇના મેદાનમાં જવા યોગ્ય છે, ત્હેને મ્હારી પાસે લઇ આવો. કે તેમને હું ઇનામ આપું, ને તેમની મરજી પૂર્વક તેમને મદદ પણ કરૂં. બાપ દીકરા એ સાંભળી બહુ ખૂશ થઇ ગયા ને બહાર નીકળી પડી આમ તેમ ફરી ત્રણુસે બહાદૂર લફંગાઓ, તથા ખૂનખાર ચોરોને ભેગા કરી હાકેમ પાસ લઇ આવ્યાં. પોતે કહ્યુ કે એ લોકોને કાલે લઇ આવજો, કારણ કે ખિલઅતો હજુ તેયાર થાય છે, તેણે તરત જ દરજીને બોલાવી ત્રણુસે સરસ ઝભ્મા વેતરાવી, શીવવા બેસાડી દીધા. આ જોઇ ત્હેની દરબારના નોકરો, અમીરો, શેઠીઆઓ તથા રૈયત બહુ વિસ્મય પામ્યાં. કે મિસરના સુલતાને આને આ લોકોનો નાશ કરવા મોકલ્યો છે, ને એ તેનાથી ઉલટો ચાલી તેમના હાથ મજબૂત કરે છે.

જ્યાં કાંટા વાવવા જોઇએ ત્યાં ગુલાબના છોડ વાવે છે.

ઝેરને બદલે સાકર ખવડાવે છે.

પણ રાત પડી ત્યારે પોતે ત્રણુસે ડાહ્યા, બહાદૂર ને એક્કા માણસોને હથીઆરબંધ જામદારખાનામાં તેમની વાટ જોઈ તૈયાર રેહેવાનો હુકમ કર્યો. ને કહ્યું કે જેવા એ લુચ્ચાઓ ત્યાં આવે તેવા જ તેમાંના દરેકને કતલ કરી નાંખવો. જ્યારે સવારે તે લોકો ત્યાં આવ્યા ને હાકેમના હાથને ચુમ્બન લીધી કે તેણે તેમને જામદારખાનામાં જવાની ઇશારત કરીને, કહ્યું કે ત્યાં જઇ તમારા ઝભ્મા પહેરી, બહાર આવી, હારબંધ ઉભા રહી વફાદારીની કમર બાંધો. જે

વા તેઓ જામદારખાનામાં પેઠા તેવાજ તરતજ ઝબે થઇ ગયા. પેલા ડોસાને પણ તેના ચારે છોકરા સાથે કતલ કર્યો. ને તે બદઅંત લફંગાઓની ટોળીના માથાં ભાલાપર ઘોંચી આખા શહેરમાં ફેરવ્યાં. ને તે મુલકનો આખો પ્રદેશ તેમના તોફાન તથા ફેસાદમાંથી છૂટો થઇ ગયો.

ખરાબ માણસને તોડી પાડેલોજ સારો.
ખરાબ ઝાડને મૂળમાથી ઉખેડી નાંખેલુંજ સારૂં.

(૩) દુઃખ દેનારા જુલમી પુરૂષો, કે જે 'કયામતના દિવસનો અંધકાર જુલમને લીધેજ છે' એ સ્થિતિના અંધારામાં ડુબી જઇ મુસલમાનોની માલ મિલકત લેઇ લેવાનો વિચાર કરે છે, ને 'જુલમી પુરૂષોપર પરમેશ્વરનો શાપ છે' એ ધમકી ભૂલી જાય છે; તેઓ પરમેશ્વર તરફની સજાથી નથી ડરતા, ને તેમને રાજાની શિક્ષાનો ભય હોતો નથી. આવા માણસોનો નાશ કરવો તો પાદશાહને જરૂરનોછે, કે તેમની દુષ્ટતાની અસર પોતાના રાજમાં બધે પહોંચે નહિ ને તેમના ખરાબ પરિણામનો અંશ તેના રાજમાં દેખાય નહિ. કારણ જુલમનો અંત ખરાબ આવે છે, તે ઝાલેમને બદલો દુઃખ તથા પીડનો મળે છે.

જુલ્મી માણસનું કામ મુલક વેરાન કરવાનું છે.
આખી દુનીઆની આંખ રડતી કરવાનું છે.
અરે જેણે જુલમનું તીર કમાનપર ચઢાવ્યું છે,
તે આફતની શમશેરથી કેમ સલામત રહેશે?

બીજી જે જાત કે જેનો અટકાવ કરવોજ લાજમી છે, તે ખરાબ ગુણને માટે પ્રખ્યાત થએલો તથા નાપસંદ ચાલચલણને

માટે જણાએલાં માણસોનો વર્ગ છે. કાંઇ નહિ તો તેમની મુલાકાતને વાતચીતથીજ સારાં માણસને નુકસાન થાય છે. તેમાંનો એક વર્ગ ચાડીઆઓનો છે, જેઓ ખરી ખોટી ખબર પહોંચાડી માંહોમાંહે તોફાનની ધૂળ ઉરાડાવે છે, ને દોસ્તદારોને એક બીજાના દુશ્મન બનાવે છે. દંતકથામાં કહ્યું છે, કે ચાડીઓ કદી સ્વર્ગમાં જતો નથી. તેમ હઝરત મુસાના તુરીત નામના પુસ્તકમાં પ્રભુએ કહ્યું છે કે, મુસા ક્યામતને દહાડે ચાડીઆના કપાળપર 'પ્રભુની મહેરમાટે નિરાશ થયો છું' એ વાકય નું લખેલું જોશે. પ્રભુની દયા મળવાની હેને આશા નથી. અલ્લાની રહેમતમાં હેનો કાંઇ ભાગ નથી. પ્રભુએ કુરાને શરીફમાં ચાડીઆને 'જો તમારી પાસે કોઇ દુર્ગુણી (વ્યભિચારી) માણસ ખબર લેઇને આવેતો' એ વાકયમાં 'ફાસક' દુર્ગુણી કહ્યો છે. મ્હોટા માણસોએ કહ્યું છે કે, જ્યારે કોઇ માણસ ત્હારી પાસ કાંઈ ખબર લઇ આવે કે ફલાણાએ ત્હને આવું કહ્યું, કે ત્હારે માટે આવું કર્યું, ત્યારે ત્હારે છ વાતો ધ્યાનમાં રાખવી જરૂરની છે; '(૧) તેને સાચા બોલો ગણવોજ નહિ. કારણ પ્રભુએ એવા માણસોને દુર્ગુણી કહ્યા છે, ને દુર્ગુણી સાચા બોલા હોયજ નહિ. (૨) તેને એવી નિંદા કરતો અટકાવવો, કારણ એ ખરાબ કામ છે ને ખરાબ કામ કરતો કોઇને અટકાવવો એ વાજબી છે. (૩) હેને દુશ્મન ગણવો, કારણ પ્રભુ પણ હેને દુશ્મન ગણે છે. દંત કથામાં આવેલું છે કે પ્રભુના કદામાં કદા શત્રુ ચાડી ખાઇ બંદોબસ્તદારો વચ્ચે તુટ પડાવે તે છે. (૪) બધા મુસલમાન ભાઇઓ જેવા છે, માટે કોઇને સારૂ ખરાબ વિચાર બાંધવો નહિ. કારણ એવા કેટલાક શકથી કમનસીબી આવે છે ને પાપ થાય છે. (૫) એ ખબરને વીશે તજવીજ

પણ કરવી નહિ કારણ તજવીજ કરવાનો (ધર્મમાં પ્રતિષેધ કરેલો છે). (૬) ચાડીઓ કહે તે કરવું નહિ. મૂળ વાત તો એજ રાખવી કે ચાડીઆને પોતાની પાસ આવવાજ ન દેવો, ને ત્હેની હકીકત બિલકુલ સાંભળવીજ નહિ.

પોતાની પાસ ચાડીઆને આવવાજ દેવો નહિ,
કારણ એક પળમાં તે સો તોફાન ઉભાં કરે છે,
તેમ પોતાની પાસે બોલાવી ત્હેને દબાવવો પણ નહિ,
કારણ આખરે બીજા પાસે જઈ ત્હાંરૂં તે જૂઠું બોલશે.

ઈસ્ફહાનના એક શેઠે એક ગુલામ ખરીદ કર્યો હતો. વેચનારે કહ્યું, મ્હારા ગુલામમાં એક એબ છે, તે ચાડીઓ છે. શેઠ બોલ્યો, ગુલામ તે શી બાબતમાં ચાડી ચુગલી કરવાનો છે? તેને ખરીદ કર્યો પણ થોડા દહાડા ગયા પછી ગુલામે શેઠાણીને કહ્યું, શેઠનો તારાપર ભાવ નથી, ને બીજી પરણવાનો વિચાર રાખે છે, આ સાંભળી સેઠાણી ગુસ્સે થઈ તથા દિલગીર પણ થઈ. ગુલામે જોયુ કે મ્હારી વાત એને ગળે ઉતરી છે, ને મારૂં દુષ્ટતારૂપી તીર બરાબર નિશાનીપર પહોંચી ગયું છે. પછી તેણે પૂછ્યું, કે ત્હારાપર ત્હેનો ભાવ થાય તેવું ત્હારે કરવું છે? તેણે કહ્યું. હા, મ્હારે કરવું છે. ગુલામ બોલ્યો મ્હને એક તાવીજની ખબર છે, તે મહોબતનો એક મંત્ર છે. જ્યારે શેઠ સૂઈ જાય ત્યારે એક અણીદાર અસ્ત્રો લઈ ત્હેની દહાડી નીચેનાવાળ કાપી મ્હને આપજે. હું તેને મંત્રી આપીશ, ને તેથી ત્હારાપર ત્હેનું હેત થશે. શેઠાણીનો પણ નક્કી વિચાર થયો કે એમજ કરવું, ને કહ્યું, કે જરૂર આજે એમ કરીશ. હવે ગુલામે શેઠને જઇ કહ્યું કે, શેઠ, મ્હેં ત્હારાં રોટલીને નિમક ખાધાં છે, ત્હેનો

મારે બદલો વાળવો જોઇએ. મ્હેં જે કાંઇ ખબર સાંભળી છે, તેની ત્હને જાણ કરૂંછું. કે તું ગફલતીમાં રહે નહિ. શેઠે પૂછ્યું, એવી શી ખબર છે? ગુલામ બોલ્યો, શેઠાણીનો કોઇ યાર છે, ને તેથી ત્હને મારી નાંખવાનો શેઠાણીએ વિચાર કર્યો છે. જો મ્હારી વાતની સચ્ચાઇ જોવી હોયતો, ઘેર જાય ત્યારે જાણે ઉંઘમાં પડયો હોયતેવું ડોળ ઘાલજે, ને પછી જોજે કે શું થાય છે. શેઠ ઘેર આવ્યો, જમ્યો ને આડો પડી જાણે ઉંઘતો હોય તેમ સુઇ ગયો, ને ઇંતેજારીની આંખ ઉઘાડી. શેઠાણીએ જાણ્યું કે શેઠ ઊંઘી ગયા છે. તેથી પોતે અસ્ત્રો લઇ ત્યાં આવી. દાઢી હાથમાં લઈ ઉંચી કરી થોડાવાળ બોડવા જતી હતી એટલામાં તેણે આંખોઉઘાડી, ને તે વખતની હાલત જોઇ ત્હેના મનમાં નક્કી ખાત્રી થઇ કે મ્હારી વહુ મને મારી નાંખવાજ આવી હતી. તેથી પોતે એકદમ કૂદી ઊભો થયો, બાઇડીનો હાથ મજબૂત પકડી રહી, હાથમાંથી અસ્ત્રો ઝુંટવી લઇ માથું ખુલ્લું કરી કાપી નાંખ્યું. તે બાઇનાં સગાં વહાલાંને ખબર થતાં તેમણે પેલા શેઠને પકડી તેનું વેર લેવા મારી નાંખ્યો. ને એક ચાડીઆની દુષ્ટ વર્તણૂકથી તે બીચારા ભલામાણસના ઘરબારનો નાશ થઇ ગયો.

બે જણા વચ્ચે લઢાઇ એ અગ્નિ જેવી છે.

• તેમાં બદબખ્ત ચાડીઓ લાકડાં નાંખે છે.

તે માણસ હાથપગ બાંધી અંધારામાં કૂવામાં પડેલો તે સારો, પણ એક જગાએથી બીજી જગાએ તોફાન ઉઠાવે તે ઠીક નહિ.

બીજા—ચુગલીખોર માણસો; તેમનું મ્હોડું જોવા લાયક કે તેમની વાત સાંભળવા લાયક નથી.

ચુગલીખોરના કરતાં વધારે ગાંડો મ્હેં કોઇ માણસ જોયો નથી.

તેના કરતાં વધારે બદબખ્ત ને ઉંધાં નસીબનો મ્હેં કોઈ જોયો નથી.

દંતકથામાં એવું કહ્યું છે કે ચુગલીખોર માણસ હરામજાદો હોય છે. એવું કહેવાય છે કે ઈસરાઇલ કોમ રહેતી હતી ત્યાં એક વખત સૂકો દુકાળ પડયો, ને ત્હેની અસર બધે જણાવા માંડી. હઝરત મુસા ઈસ્રાઇલ કોમના મુખ્ય મુખ્ય માણસોને લઇ પરમેશ્વર પાસે વરસાદને સારૂ પ્રાર્થના કરવા શહેર બહાર ગયા. ચાર દહાડાને રાત દુઆ માગ્યા કરી પણ તેમની પ્રાર્થના સ્વીકારાઇ હોય તેવું જણાયું નહિ. પછી મુસા રડી પડયો, ને બોલ્યો કે આજ ચાર દહાડા થયા હું પ્રાર્થના કરૂં છું, ને તે હજુ પ્રભુ સ્વીકારતો નથી. એટલામાં આકાશવાણી થઈ કે, તુ ચાલીશ દહાડા સુધી પ્રાર્થના કર્યા કરશે, તોપણ ત્હારૂં કંઈ વળશે નહિ. કારણ ત્હારી ટોળીમાં કોઈ ચુગલીખોર જોડે આવેલોછે. ને તેના દુર્ગુણને લીધે પ્રાર્થના સ્વીકારાતી નથી. મુસા બોલ્યો, પ્રભુ, તે ચુગલીખોર કોણ છે, તે મ્હને કહે. કે ત્હેનો પાસ પશ્ચાતાપ કરાવું, વળી પાછો દૈવી અવાજ સંભળાયો કે ચુગલીખોરોનો હુ દુસ્મન જ છઉં, ને તેમની ચાડી હું શી રીતે ખાઉં? તુ ત્હારી આખી કોમને કહે કે ચુગલખોરી માટે પશ્ચાતાપ કરે એ પણ તેમાં આવી જશે. મુસાના કહ્યાથી આખી કોમે તે બાબ સારૂ પરતાવો કર્યો. પછી પરમેશ્વરે વરસાદ વરસાવ્યો.

મ્હોટા મ્હોટા સુલતાનોએ ચુગલીખોરોની વાતો બિલકુલ ધ્યાનપર લીધીજ નથી, ને તેમને દુશ્મન તરીકે જ ગણ્યા છે, એક બાદશાહની કોઇપર મહેરબાની થઈ હશે. તેથી તેણે તેને કહ્યું કે દીન પ્રતિદીન ત્હારૂં કામ સુધરતું જાય ને દરેક પગે ત્હારો ભરતબો

ઊંચો થતો જાય, એવી ત્હારી ખાહેશ હોય ને મ્હારા સઘળા નોકરો કરતાં ત્હારે મ્હારા વધારે વ્હાલા થવું હોય તો ત્રણ કામ કરતો નહિ. (૧) જૂઠું ન બોલતો, કારણ જૂઠું બોલનાર માણસ લોકોની નજરમાં ધિક્કાર યુક્ત તથા હલકો પડી ગયેલો લાગે છે. (૨) મ્હારે મ્હોડે મ્હારાં વખાણ ન કરતો, કારણ મ્હારી વાત હું પોતે ત્હારા કરતાં વધારેસારી રીતે જાણું છું. (૩) કોઇની ચાડી ખાતો નહિ કે ચુગલી કરતો નહિ. નિંદા કરવાથી દૂર રહેજે ને મ્હારી રૈયત કે મ્હારા લશ્કરની ખરાબ વાત મ્હારે મ્હોડે કરતો નહિ. કારણ તેમને વિશે ખરાબ વાત સાંભળી તેમના પ્રત્યે મ્હારૂં મન બગડી જશે, ને જ્યારે તે લોકો આ બગાડની વાત જાણે ત્યારે તેઓ મ્હારાથી ભય પામી વખતે કોઇ બીજાનું રક્ષણ શોધવા જાય, ને બીજે રાજા લઈ આવવાની મરજી કરે, ને તેથી મ્હારા રાજને ખલેલ પહોંચે.

ચાડીખોર માણસોને લીધે દુનીઆનો નાશ થઇ જાય છે.
લશ્કર તથા રસાલામાં ગરબડાટ થઈ જાયછે.
ચાડીખોર માણસોને લીધે દુનીઆ ઊંધી વળી જાયછે.
કારણ ત્હેનો જાન નાપાક ને તેનું મન મેલું છે.
ત્હારા વખતમાં જોતું કોઇ ચાડીખોર માણસ જૂએ,
તો શિક્ષારૂપી તલવારવતે ત્હેની જીભજ કાપી નાંખજે.

એક દીવસ નોશીરવાન સભા ભરી બેઠો હતો. ત્હેના નોકરોમાંથી એક કોઇ બીજા માણસની ચાડી ખાધી. નોશીરવાન બોલ્યો, કે એ વાતની તપાસ કરૂંછું, જો તું કહેછે તે સાચું હશે તો ત્હને ચાડીઓ ગણી દુશ્મન તરીકે લેખવીશ, જો જૂઠું હશે, તો ત્હને

જુઠાણા માટે સજા કરીશ. પણ જો તુ પસ્તાવો કરી હવે પછી તેવું નહિ કરવાના સોગંદ લેશે તો ત્હને જવા દઇશ. તેણે કહ્યું, હું પશ્ચાત્તાપ કરૂંછું. નોશીરવાને કહ્યું, હું તને માફી આપું છું.

જે કોઇ રાજાઓની પાસે ચાડી ખાય છે
તેનું મ્હોડું રાજાઓ પાસેજ કાળું થાય છે.
ત્હેને લીધે આખી પૃથ્વી જાણે આતશમાં બળેછે,
ત્હેનાથી પ્રભુ પણ રાજી નથી થતો, તેમ લોકો પણ રાજી થતા નથી.

એક માણસે મઆતેસમ ખલીફ ઉપર કોઈ બીજાને વિષે નિંદાયુક્ત વાત લખી, કે ફલાણો પ્રખ્યાત માણસ મરણ પામ્યો છે, પણ ત્હેની પાસ માલ બહુ છે, ને તે ફક્ત એક ન્હાનો છોકરો પાછળ મૂકી ગયો છે. જો ત્હમારો હુકમ થાય તો છોકરાની ઉપજીવિકા માટે જેટલું જરૂરનું હોય તેટલું રહેવા દઈ બાકીનું દેવા પેટે આપણા ખજાનામાં ભરી દઇએ. છોકરો મ્હોટો થશે ત્યારે તે દેવું પતવી ત્હેને બધું સોંપી દઇશું, હમણા આપણો ખજાનો વધશે તથા આબાદ થશે. મઓતસમે તે કાગળની પાછળ (અરબ્બીમાં) લખ્યું કે 'મરનારને પ્રભુ માફી આપો, ને તેના માલ ને વારસાને બરકત આપો, માબાપ વગરના છોકરાને સારા વિચાર સાથે ઉછેરો, ને ચુગલીખોર માણસને શાપ દો'.

રાજાઓ પાસ કોઇની નિંદા કરવીજનહિં.
નિરપરાધી માણસના નિશાસાથી ડરતો રહે,
કારણ નિરપરાધી માંણસોના નિશ્વાસ બહુ અસર કરેછે.
ઘણામાણસોનાં તખ્ત તથા સારા નસીબનો તેઓ અંત લાવેછે.

બીજું સ્વાર્થી પુરૂષો; તેઓ જે કાંઇ કહે કે કરે તેમાં તેમનો સ્વાર્થ રહેલો હોય છે. તેઓ શુદ્ધ મન કે વફાદારીથી કાંઇજ કરતા નથી. હોશંગ મશેકે પોતાની શિખામણમાં કહ્યું છે કે સ્વાર્થી પુરૂષની સોબતથી તથા ત્હેના કહ્યા પ્રમાણે કરતાં અટકવું તથા દૂર રહેવું જોઇએ. કારણ સ્વાર્થપરાયણ માણસો વગર કામની વાતો કરી વફાદાર હોવાનો દાવો કરેછે, સારા કામનાં જવાહેરો ને ખરાબ કામના દોરામાં પોરવેછે, ને ભલાં કાર્યો તથા નેક બાબતોને ધિક્કારજનક પોશાકમાં ને બદસૂરત દેખાવમાં આપણને બતાવે છે.

સ્વાર્થી માણસને ત્હારી પાસે આવવાજ ન દે.
કારણ સ્વાર્થી માણસને લીધે તો હૃદય જખમી થાય છે.
કારણ તે તદન જૂઠો, કપટી, ને છળભેદી હોય છે,
બ્હારથી મિત્ર ને અંદરથી, દુશ્મન હોય છે.

જ્યારે એવું, હવે, જાણવામાં આવ્યું છે કે સ્વાર્થી વાત કરનારાઓ પોતાના કપટ જેને તેઓ તદબીર કહે છે તેને જોરે ખરાબ ને સારૂં બતાવે છે, ને સારાને ખરાબ બતાવે છે, ત્યારે તેઓ જે કહે તેની પાકી તપાસ કર્યા વગર કાંઇપણ હુકમ કરવો નહિ, ને એ લોકોની જણાવેલી વાતની તલાશ ઘણા આગ્રહપૂર્વક કરવી.

જ્યારે સ્વાર્થી પુરૂષો પોતાનું મ્હોડું ખોલે છે,
ત્યારે સારૂં હોય.તેને ખરાબ બતાવે છે.

તેમની વાતની જ્યાં સુધી બરાબર ખબર ન પડે, ત્યાં સુધી તે પ્રમાણે કોઇએ ચાલવું નહિ.

સિકંદરે અરસ્તુને પૂછ્યું કે કયા માણસો રાજાની પાસે નોકરી કરવા માટે લાયક છે, ને કયા નાલાયક છે? તે ફિલસુફ બોલ્યો,

કે જે માણુસ પ્રમાણિક હોય ને અપ્રમાણીક ન હોય તે, કારણ પ્રમાણિકપણું એ ઈજ્જત મળવાનું કારણ છે, ને અપ્રમાણિકપણું ગેરઆબરૂને હલકાઇનો સબબ છે. વળી તે માણુસ લોભી નહિ પણ સંતોષી હોવો જોઇએ. કારણ સંતોષ એ અણહદ મ્હોટો ખજાનો છે. ને લોભ એ હદવગરનું દુઃખ છે,

સંતોષી માણુસ મ્હોટોજ હોય છે.

ને લોભી માણુસ બેશક હલકોને નીચ હોય છે.

વળી તે સૌનું સારૂં બોલનારો, ને કોઇની બેબ બોલનારો ન જોઇએ. કારણ જે માણુસ સારૂં બોલનારો હોય છે, ત્હેને સૌ માણુસો બધી વખતે ચહાય છે, ને તે સૌને ગમે છે. ને બેબ બોલવાથી બધા માણુસ તેને પોતાના પાસથી દૂર કરે છે, ને ધિક્કારે છે. વળી તે ખરેખરૂં કામ કરનારો (લડાઇમાં લડનારો) ને ખોટો દમ મારનારો ન જોઇએ. કારણ ખરા લડવૈયાને સૌ માન આપે છે, ને ખોટો દમ મારનારની ગેરઆબરૂ થાય છે. વળી તે ખરેખરા મિત્રભાવવાળો, ને ઉપર ઉપરથી દેખાવ કરનારો (દાંભિક) ન જોઇએ. કારણ ખરેખરા મિત્રભાવના પરિણામમાં માયાને વફાદારી હોય છે. દાંભિકતાનાં ફળ નિર્દયતા ને જુલમ થાય છે. વળી તેણે જૂના ધર્મના રીત રિવાજો પાળવા જોઇએ, નવા, ધર્મરહીત નહિ. કારણ એ રિવાજોની પુષ્ટિથી આદમીથી સ્વર્ગના બાગોમાં જવાય છે. ને ધર્મ રહીત માણુસને નરકના ઊંડામાં ઊંડા ખાડા તથા દુઃખમાં નાંખવામાં આવે છે.

રાજાઓએ સાત જાતનાં માણુસોને પોતાની પાસે આવવા દેવા ન જોઇએ. (૧) દ્વેષી માણુસોને; કારણ દ્વેષના ઝેરનો કોઇપણ

રીતે ઉપાય થઈ શકતો નથી, ને દ્વેષનો રોગ કોઈ પણ દવાથી સારો નથી થતો.

દ્વેષ એવો બળતો રોગ છે કે જેથી જીવ બળી જાય છે.

જીવ બળે તેમાં શું નવાઇ? દ્વેષીને લીધે તો આખી દુનીઆની દુનીઆ બળી જાય છે.

બીજા બધા દુર્ગુણોમાં દ્વેષનો દુર્ગુણ ઘડીએ ઘડીએ દેખાયા કરે છે, કારણ દ્વેષી માણસનો જીવ બહુજ ખારીલો હોય છે, ને આવાં ખારીલા જીવવાળાઓના ખ્યાલ તેમના નસીબને બગાડવામાં બહુજ અસર કરે છે; તેટલાજ માટે યશવંતા પ્રભુએ કહ્યું છે કે 'જ્યારે દ્વેષી માણસો દ્વેષ કેળવે ત્યારે પ્રભુનું રક્ષણ માગો' એટલે જ્યારે ત્હેનો દ્વેષ તમને ઇજા કરે ત્યારે પ્રભુની સહાય માગો. દંતકથામાં કહેલું છે, અદેખાઇ માણસના સુકૃત્યોને ખાઇ જાય છે, મતલબ તેમને નકામા બનાવી દે છે; જેમ દેવતા લાકડાને ખાઇ જાય છે તેમ ખરૂં જોતાં અદેખાઇ એ નીચમાં નીચ ગુણ ને હલકામાં હલકી ખાસીઅત છે. એનું મૂળ સ્વભાવની નીચતા ને તબીએતનું હલકાપણું છે. આ બંને ગુણ અજ્ઞાનનાં પરિણામ છે. તેટલા માટેજ જેનામાં આ બે ગુણ જણાય છે તેનામાં અક્કલ ઓછી હોવી જોઇએ, એ ખુલ્લી રીતે સાબિત થાય છે. દ્વેષી માણસ હમેશાં બીજાનું સુખ જોઇ દુઃખી થાય છે, તેની ત્હેને ખબર નથી?

તે ખરાબ માણસ આવા શોકને લીધે,

કે 'ફલાણો માણસ જીવે છે શા માટે'—પોતાનો જીવ ખુએછે.

આવી રીતના શોક તથા ક્રોધના હજાર ઝેરી પ્યાલા પોતે પીએછે, ને જ્યાં પણ કોઇ આનંદવૃત્તિથી પોતાનો પગ મૂકે છે, કે ત્યાં

દિલગીરીરૂપ હાથવતે પોતાનું માથું કૂટેછે. કહેવત છે, કે 'અદેખાને ત્હેની અદેખાઇ બસ છે.'

' દુનીઆમાં દ્વેષી માણુસને ત્હેનો દ્વેષજ બહુ છે,
કારણુ તે ત્હને હમેશ આફ્ત, દિલગીરી ને શોકમાં રાખે છે.
દ્વેષી બીજા માણુસને બાળવા અગ્નિ ચલાવે છે,
જો બરાબર જોઇએ તો પોતાનેજ તે તેમાં બાળે છે. '

અદેખા માણુસને ત્હેની અદેખાઇ કેવી રીતે હલાક કરે છે તેની એક વાત છે. સિકંદર' પાદશાહના વખતમાં એક એવી જાતનું જાનવર પેદા થયું હતુ કે જેનાપર ત્હેની નજર પડતી તે માણુસ તરત મરી જતુ. સિકંદરે ઘણા ફિલસૂફો પાસે એના ઉપાય કરાવવાનું કર્યું. પણુ તેમને કાંઇ ઇલાજ જડયા નહિ, ને આ બલાને કેમ દૂર કરવી તે કોઇને સૂઝયું નહિ, છેલે ઍરીસ્ટૉટલ ઉંડા વિચાર પછી બોલી ઉઠયો કે મ્હેં આનો એક ઉપાય શોધી કાઢયો છે, ને મ્હારે હાથ એક તદબીર આવી છે, કે જેથી આ બલા દૂર થશે, અને આ આફ્તથી દુનીઆ છુટશે. પછી એક માણુસ પાછળ ખૂશીથી ભરાઇ રહે તેવી પીઠવાળો મ્હોટો આરસો તેણે બનાવ્યો ને એક ગાડામાં આગળને ભાગે ત્હેને બાંધી લીધો ને પોતે તે આરસાની પાછળ ગાડામાં બેઠો. ગાડું જેણી તરફ તે જાનવર હતુ તે ણીગમ હાંકયું તેને માણુસની ગંધ આવતાં ત્હેણે તે બાજૂ નજર કરી, તો આરસીમાં પોતાનોજ ચ્હેરો ત્હેને નદેખાયો. જેવું તે ગાડાં પાસે આવ્યું તેવુંજ નીચે પડી મરી ગયું. સિકંદરને એ વાતની ખબર પડતાં તે બહુ અજાયબ થયો ને ત્હેને તેને પૂછયું કે આમાં શું હિકમત હતી? તે બોલ્યો, કેટલાક વરસ ગયાં પ્રભુની શક્તિથી પૃથ્વીમાં બલાઇ ર૰

હેલી ગંદી, બદબો મારતી હવાને લીધે હાલ એવી જાતનું જાનવર દુનીઆમાં પેદા થયું હતું કે ત્હેની આંખમાં હળાહળ ઝેર ભરેલું હતું, જેનાપર ત્હેની નજર પડે તેનો તરતજ નાશ થતો. મ્હેં ત્હેની પાસે આરસી ધરી કે જેવી ત્હેની નજર તેના પર પડે તેવો જ તે પોતાનો પડછાયો અંદર જૂએ, ને ત્હેની અસર ત્હેનાપર થતાંજ તે પણ મરી જાય. સિકંદરે તેને બહુ દુઆ દીધી. આ વાત શબ્દશઃ અદેખાની સ્થિતિને લાગુ પડે છે. ને દ્વેષી માણસના દ્વેષનું દુઃખ તેનેજ હેરાન કરે છે, ને તેના પરજ પડે છે. અરબીમાં કહેવત છે કે, 'જો ખાવાને લાકડાં ન મળે તો અગ્નિ પોતે પોતાનેજ ખાઇ જાય છે,' મતલબ પાછળ કાંઈ રહેતું નથી.

(૨) જે લોકો રાજાની સેવા કરવા લાયક નથી તેમની બીજી જાત કંજૂસ ને બખીલ માણસોની છે. કારણ બખીલ માણસને દુનીઆ કાઢી મૂકે છે, ને લોકો ધિક્કારે છે. જેમ ઉદારતા એબ ઢાંકે છે તેમ કંજૂસાઈ હુનર ઢાંકે છે.

એવું કહ્યું છે કે,

માણસ ગમે તેટલો સદ્‌ગુણ મેળવવા પ્રયત્ન કરતો હોય,
તોપણ તે બધાને બખીલાઇ ઢાંકી દે છે.
મેલા મનના કંજૂસો પાસેથી ન્હાસતો રહે,
ને પાક દિલના ઉદાર ગૃહસ્થોમાં જીવ મેળવ.

જામેઉલ હેકાયાત (વાર્તાનો સંગ્રહ) નામના પુસ્તકમાં એક વાત છે કે, સુલતાનો કંજુસોને પોતાના ગુલામ બનાવતા નથી, કારણ તેમને લીધે પોતાને શરમાવું પડે છે. અમર-ઉલલયસનો એક કારભારી હતો. તે બહુ કંજૂસ હતો. એક વરસ દંડાને લીધે બધાં ફુ

બાદ્‌શાહીનો નાશ થઇ ગયો. અમરુએ કહ્યું, જ્યાં મેવો મળે ત્યાંથી લઇ આવી તેને વાપરમાં લેવો. એક દીવસે સુલતાને મ્હોટું ખાણું આપ્યું હતું, ને બધી સભા ભરાઇ બેડી હતી. આસપાસના દેશમાંથી એલચીઓ વગેરે આવેલા હતા તે પણ ત્યાં એકઠા થઇ બેઠા હતા, ને મીજબાનીનો બધો સામાન ત્યાં તૈયાર પડેલો હતો. પણ મેવો બહુજ થોડો નજરે પડતો હતો. અમરૂએ પોતાના કોઠારીને કહ્યું, જઇને બહુ મેવો લઈ આવ. તે પાછો થોડોજ લઈ આવ્યો. આથી અમરૂને ખોટું લાગ્યું ને ફરીથી કહ્યું, જા, મેવો લઈ વધારે આવ. તે બોલ્યો મેવો તો બધો બગડી ગયો છે, ને ગંધાઇ ઉઠ્યો છે. કહો તો લઇ આવું. આ સાંભળી અમરુનું મન બહુ દુખાયું. ને ત્હેને કોઠારીના ઓહ્દાપરથી ખસેડ્યો, ને વારંવાર કહેતો કે આ કંજુસે મ્હારી એવી તો આબરૂ લીધી છે, કે મ્હારાથી કોઈ દિવસ પણ પાછી મેળવી શકાય નહિ.

સારા માણુસો જેઓ મોટા દરજ્જાપર હોય છે,

તેમની પાસે કંજૂસાઈ કરતાં વધારે ખરાબ બીજો દુર્ગુણ દેખાતો નથી.

(૩) રાજાઓની ખિદમતમાં રહેવા નાલાયક માણસોમાં ત્રીજો વર્ગ નીચ વૃત્તિવાળાં હલકાં માણસોનો છે. સુલતાનોની વૃત્તિ હમેશા ઉચ્ચ હોવી જોઇએ, તેથી તેમની પાસે નીચા હલકા મનના માણસો નોકર તરીકે ન જોઇએ. એવું કહેવાય છે કે નિચ માણસો કંજૂસ ને બખીલ કરતાં પણ વધારે ખરાબ છે. બખીલ એટલે કોઇ જોડે ઉદારપણે વર્ત્તે નહિ તે; પણ તે પોતાની માલમિલકતનો ઉપભોગ કરે છે. કંજૂસ પોતે પણ ખાતો નથી તેમ

બીજા જોડે ઉદારપણે વર્તતો નથી. પણ નીચ માણસ પોતે ખાતો નથી, બીજા જોડે ભલાઈ વાપરતો નથી, તેમજ એવું ચાહે છે કે કોઇ કોઇ જોડે ભલાઇ કરેજ નહિ.

એક મ્હોટા મનનો ઉદાર પાદશાહ હતો. એક દહાડો પોતાના એક હજૂરીઆને તેણે કહ્યું કે મ્હારો એક માણસને દશ લાખ રૂપીઆ આંપવાનો વિચાર છે, ત્હારો શું મત છે? તે બોલ્યો એતો બહુ મ્હોટી રકમ છે એમાંથી તો સો માણસ પતાવી શકાય, પાદશાહ કહે એમાંથી અડધી રકમ બક્ષેશ આપું તો કેમ? તે બોલ્યો, હજુ ઘણું છે. પાદશાહે કહ્યું, એનો એક તૃતીયાંશ આપું તો? પેલો કહે, એ પણ મ્હોટી રકમ છે. પાદશાહે એક ચતુર્થાંશ વિશે પૂછ્યુ, તેણે જવાબ આપ્યો કે એ પણ વધારે છે. આખરે એક દશાંશ એટલે એક લાખ રૂપીઆ પર વાત આવી ત્યારે તેણે કહ્યું કે અગર જો કે આ પણ મ્હોટી રકમ છે તોપણ એક માણસને આપતાં હરકત નથી. પાદશાહે કહ્યું, કમનસીબ માણસ, મ્હારો વિચાર આ રકમ તને આપવાનો હતો. તુ પોતે તે ફાયદો લેવામાંથી બાતલ થયો ને મ્હને સખાવત કરતાં અટકાવ્યો. પેલા માણસે આજીજી કરવા માંડી કે મ્હે ભૂલ કરી, પણ પાદશાહે કરવા ધારેલી સખાવત છોડી દેવી ન જોઇએ. સુલતાન બોલ્યો, તું નીચ માણસ છે; તને તો સજા કરવી ઘટે છે. ઇનામ આપવું લાયક નથી. ત્હારૂં પોતાનું તેમજ મ્હારૂં પણ ત્હેં નુકસાન કર્યું છે. મ્હને નુકસાન એ થયું કે જો મ્હેં એટલી રકમ આપી હોત તો સખાવત કરવા માટે મ્હારૂં નામ પ્રખ્યાતી પામત, ને જમાનાની આખર સુધી સખાવત તથા મોટા મન આગે મ્હારૂં નામ યાદગારી મેળવત. ત્હને એ નુકસાન

થયું કે જે દશલાખ રૂપીઆ ત્હને મળવાના હતા તે મળ્યા નહિ. હવે ત્હેં કહ્યા છે તેટલા, એકલાખ રૂપીઆ લઈ ત્હારે રસ્તે પડ, ને ફરીથી મ્હારી દરબારમાં એવું નીચપણું બતાવતો નહિ.

નીચ માણુસ બીજાને સુખ ઇચ્છતો નથી.
હલકા માણસથી પ્યાલાપર માખી પણ જોઈ શકાતી નથી.
નીચ માણુસનું મ્હોડું કાળું, ને મન મેલું હોય છે,
તેથી તેના માથાપર તો ધૂળ જ પડજો.

(૪) એ જાતમાંના ચોથા વર્ગના ગીબતખોર માણુસો છે. જ્યારે કોઇપણ માણસની કાંઇ વાત થાય છે, ત્યારે તેમના મનમાં એવું આવે છે કે આપણે તેનું કાંઇપણ ઘસાતું બતાવી આપીએ. જો તે વાત સાચી હોય તો ત્હેનું નામ ગીબત કહેવાય છે. ને સાચી ન હોય તો ખોટું બોતાન મૂકેલું કહેવાય છે, ને વળી ગીબત કરેલી પણ કહેવાય છે. દંતકથામાં આવેલું છે કે ગીબતની સજા વ્યભિચારની શિક્ષા કરતાં પણ સખત છે. કુરાને શરીફમાં હકતાલાએ ફરમાવ્યું છે કે, 'ત્હમારે એક બીજાની ગીબત કરવી નહિ, પોતાના મુએલા ભાઇનું માંસ ખાય, ત્હેની કોઇ દોસ્તી કરે'? આનાથી વધારે કઈ જાતની ધમકી હશે? વળી આ ઉપરથી માલૂમ પડે છે કે ગીબતખોર લોકો મુડદાલ માંસ ખાનારા જેવા છે. જેનામાં ઇનસાનીઅંતની ગંધ સરખી હોય છે તે મુરદાથી દૂર થાય છે, ને મુડદાળ માંસથી આઘો રહે છે.

માણસોની ગીબત કરવાથી દૂર રહે,
ને એબ શોધનારા માણસો પાસથી ન્હાસી જા.

એવું કહેવાય છે કે પ્રભુએ પવિત્ર પુસ્તક વગર એક પેગંબર

મોકલ્યો હતો. તે સ્વપ્નામાં ઘણી ચીજો જોતો હતો, તથા ઘણા અવાજો સાંભળતો હતો. એક વખત સ્વપ્નામાં તેણે એવું સાંભળ્યું, કે, સવારમાં તું ઉઠે ત્યારે ફલાણા જંગલમાં જજે. પહેલી જે ચીજ ત્હારી નજરે પડે તે ખાઈ જજે, બીજી સંતાડજે, ત્રીજી રાખી મૂકજે, ચોથાને ના ઉમેદ ન કરીશ, પાંચમી જોઇ ન્હાસી જજે. સવારે ઉઠી જે જંગલમાં જવાની આજ્ઞા થઇ હતી ત્યાં તે ગયો. પેહેલી વસ્તુ તેણે જોઇ તે મ્હોટો, ઉચો કાળા રંગનો પહાડ હતો. પેગંબર અચંબો પામ્યો કે આવો મ્હોટો કોળીઓ મ્હારાથી કેમ ખવાશે. પણ પરમેશ્વરનો હુકમ છે, તેથી મ્હારો છૂટકો નથી. તેથી પર્વત ખાઇ જવા ત્હેની પાસે તે ગયો, ત્યાં જઈ જોયું તો જે પર્વત આટલો મ્હોટો લાગતો હતો તે ન્હાનો સરખો કોળીઆ જેટલો થઇ ગયો હતો. ત્હેને ઉંચકી મ્હોડામાં મૂક્યો તો મધ કરતાં મીઠો ને કસ્તુરી કરતાં વધારે સુગંધમય ત્હેને લાગ્યો. પરમેશ્વરનો ઉપકાર ગાની ત્યાંથી આગળ ચાલ્યો. રસ્તામાં સોનાની થાળી કોઇએ નાંખી દીધેલી તેણે જોઇ, તે બોલ્યો કે મ્હને એવો હુકમ થએલો છે કે આ વસ્તુને છૂપાવવી. તેથી પોતે જમીનમાં ખાડો ખોદી ત્હેને ત્યાં દાટી દઈ ઉપર પુષ્કળ મટોડી સીંચી દીધી. ત્યાંથી આગળ ચાલતાં બે ડગલાં પણ ગયો ન હતો તેટલામાં તેણે જોયું કે થાળી તો જમીનની સપાટી પર જ છે. બીજી વાર પાછા જઈ, વધારે ઉંડો ખાડો ખોદી, ત્હેને પાછી સંતાડી. હજુ તો દાટવાના કામમાંથી પરવાર્યો ન હતો તેવામાં પાછી પેલી થાળીને જમીનની સપાટી પર જોઇ. ત્રીજી વાર ત્હેને સંતાડવા વધારે મહેનત કરી પણ પાછી તે નજરે પડી. પેગંબરે મનમાં વિચાર કર્યો કે મ્હને તો એમજ કહ્યું હતું

કે તે ચીજને સંતાડજે. મ્હેં મારૂં કામ કર્યું છે, ને જેનો મ્હને હુકમ કર્યો હતો, તે મ્હે અંમલમાં આણ્યો છે. ત્યાંથી આગળ ચાલતાં તેણે એક પક્ષી જોયું ત્હેને એક બાજ પક્ષી સતાવતું હતું, ને તેથી તે ઝપાટાબંધ ઉડતું જતું હતું. તે બોલ્યું, પરમેશ્વરના પેગંબર, મ્હારૂં રક્ષણ કર. મ્હારી પાછળ મ્હારો શત્રુ પડયો છે. પેગંબરે ત્હેને પોતાના કપડામાં સંતાડી દીધું. તરતજ ગુસ્સે થએલું ભૂખ્યું બાજ ત્યાં આવી પહોચ્યું ને બોલ્યું, પેગંબર, આજ આખો દહાડો હું આ શિકારની તપાસમાં હતું. મ્હારો શિકાર ત્હારા આશરા નીચે આવી રહ્યો છે, હું બહુ ભૂખ્યું થયું છું. તેથી મ્હારૂં ખાવાનું લઈ લઇ મ્હને નાઉમેદ ન કર. પેગંબરે વિચાર કર્યો કે મ્હને તો કહ્યું છે કે આ વસ્તુનું રક્ષણ કરજે પણ બીજાને નાઉમેદ ન કરતો માટે હવે હું શું કરૂં. તરતજ ચપ્પુ કાઢી પોતાની જાંગનો થોડો ભાગ કાપી બાજ પક્ષી તરફ નાંખ્યો, બાજપક્ષી તે લઇ પેલા પક્ષીને માગવાનું છોડી દઇ ઉડી ગયું. આગળ ચાલતાં પેગંબરે એક મુડદુ રસ્તામાં પડેલું જોયું, તે ગંધાતું હતુ ને તેમાંથી બદબો નીકળતી હતી. તેનાથી પોતે દૂર ન્હાસી ગયો. જ્યારે રાત પડી ત્યારે પેગંબરે પ્રાર્થના કરી પ્રભુને કહ્યું કે, ત્હારા ફરમાવ્યા પ્રમાણે મ્હેં બધું કર્યું છે, હવે એ વાતોની મ્હને સમજણ પાડ. આકાશમાંથી વાણી થઈ કે, જે પર્વત ત્હે ન્હાનોસરખો કાળીઓ થઇ ગએલો જોયો તે ક્રોધ સમજવો. પહેલાં તે બહુ મ્હોટો જણાય છે પણ જ્યારે ત્હેને આપણે ખાઇ જઇએ છીએ ત્યારે તે બધી મીઠી વસ્તુ કરતાં વધારે મીઠો લાગે છે. બીજું, જે થાળી ત્હેં કેટલીવાર સંતાડી પણ પાછી દેખાઇ આવતી હતી તે સારાં કામ છે. ભલાઇ કોઇ માણસ ગમે તેટલી છુપાવવા

માગે તોપણ તે ઝાહેર થયાવિના રહેતી નથી. ત્રીજાનો અર્થ એ છે કે ગમે તે માણુસ ત્હારૂં રક્ષણ શોધતો આવે ત્હેનું રક્ષણ કર ને જે માણુસ ત્હને દયાનતદાર સમજી કોઇ રાખવા આપે કે ત્હારી દોરવી કરે તો તેમાં અપ્રમાણીક થવું નહિ. ચોથાની સમજણ એવી છે કે ત્હારી પાસ જો કોઇ માણુસ કાંઇ માગે તો તે આપવા બનતો પ્રયત્ન કરવો. પાંચમું, જે ગંધાતુ-મુડદું ત્હેં જોયું તે ગીબત છે, ખબરદાર, ગીબતથી હમેશ ન્હાસતા રહેવું, કારણ તેનાથી સારાં કામ પણ રદબાતલ થઇ જાય છે.

કોઇની ગીબત આપણી જીભે કરવી નહિ.

કારણ તેમ કરવાથી પ્રભુની ભક્તિમાં નુકસાન પહોંચે છે.

દરેકજાતની ગીબતથી ભક્તિ ઓછી થાય છે.

ગીબત કરવાથી સઘળાં કામકાજ બગડી જાય છે.

રાજાઓની સોબત ગીબતખોરને બોહતાન મૂકનારા માણુસોના કાદવ કચરાથી સાફ રહેવી જોઇએ જેમ કોઇની ગીબત કરવી હરામ છે, તેમ સાંભળવી પણુ હરામ છે, કારણુ ગીબત સાંભળનારને પણુ ગીબત કરનારના જેટલુંજ દુઃખ પડે છે.

ગીબતના રસ્તામાં ન કાન કે ન જીભનો ઉપયોગ કરવો.

કોઇનું ભુંડું બોલવા કે સાંભળવાથી જીભ તથા કાન પાક હોય તે સારૂં.

આગળ પણુ ગીબતને વિશે આપણે વિવેચન કહી ગયા છીએ.

(૫) જે લોકો રાજાના દરબારને લાયક નથી તેમાંના પાંચમી જાતનાં માણુસો તે ઉપકાર ભૂલી જઇ વિશ્વાસઘાત કરનારા અપકારી માણુસો છે. તેઓ પોતાનું ભલું કરનારના બધા હક ભૂલી

જાય છે ને તેમના ઉપર ઉપકાર કરનારને બદલો અપકારનો આપેછે. આ લોકો હંમેશા ધિક્કારાય છે ને દુ:ખી હોય છે. તેમ ઓળખીતા કે વગર ઓળખીતા કોઈનો તેમનાપર ભાવ હોતો નથી. તેમનું નસીબ જાગૃત હોતું નથી તેમની દોલત પાયદાર હોતી નથી.

જે કોઇ ઉપકાર ભૂલી જાય તેને ભૂલી જવો એ સારૂં કામ છે.
જે માણુસ આગલા બધા હક્ક વિસરી જાય છે, તેનાથી દૂર રહેવું.
કારણ ત્હેની સોબતમાં જીવને કલેશ થાય છે.

એઆતેઝદ ખલીફ કહેતો કે જેની જીભરૂપી તરવાર ઉપકાર માનવામાં બુઠ્ઠી હોય તેને તલવારની જીભ (ધાર) થી સજા કરવી જોઇએ.

રોટલી ને નિમક (પરોણાગત) નો હક (ઉપકાર) ભૂલી જવાથી,
માણસનું માથું ને ગરદન તૂટી જાયછે.
જો પોતાના પરઉપકાર કરનારની સામે થાય તો
તે પૃથ્વી ઊંચું આકાશ હોય તોપણ ઊંધુ થઈ જાય છે.
ઉપકાર વૃત્તિ માણસને મ્હોટો બનાવે છે.
અપકાર તેનો નાશ કરેછે.

(૬) છઠ્ઠી જાત જૂઠું બોલનારાઓની છે. જૂઠાણને કોઇ પસંદ કરતું નથી. સૌ ત્હેને ધિક્કારે છે. રાજાઓ પાસે તેવા માણસની બેઆબરૂ થાય છે.

અખલાકે રુકની (રુકનીનાં નીતિવચનો) નામના પુસ્તકમાં કહેલું છે કે ફ઼ઝીલ વજીરની કચેરીમાં તેના બે દરબારીઓ—નસીબ ને સાહેબ—વચ્ચે ઠઠ્ઠામશ્કરીની ખૂશ વાતો ચાલવા માંડી. તેઓએ મઝા, મશ્કરીને આનંદનાં પગલાં ખૂશીની શતરંજપર મૂકવા માંડ્યાં, ને મશ્કરી કરતાં કરતાં એક બીજાને ગાળો દેવા લાગ્યાં. ગા-

બો દેતાં દેતાં ફુઝની બાજીપર ઉતરી પડ્યા. નસીબના હાથનો ઝપાટો લાગવાથી સાકેબને માથેથી પાઘડી પડી ગઇ. સાકેબને બહુ ગુસ્સો ચડ્યો ને હેના ચ્હેરાપર ક્રોધની નિશાની જણાવા માંડી. ફુઝીલે પૂછ્યું. હને શાથી ચ્હીડ ચડી? હજૂરીઆઓમાં માંહેમાંહે આવા બનાવ ઘણી વખત બને છે. સાકેબ કહે, હારા જેવાની કચેરીમાં મ્હારી આબરૂ લીધી ને હને ગુસ્સો કેમ ન ચડે? ફુઝીલ બોલ્યો, એમાં કાંઇ ગભરાઇશ નહિ, ને આ બનાવને માટે મનમાં ખોટું લગાડીશ નહિ. કારણ જે દીવસે હેં એમ કહ્યું હતું કે મારા ખચ્ચરે એક રાતમાં મ્હને સર્વસહેરથી નિશાપુર શહેર પહોચાડ્યો હતો, તેજ દીવસથી હારી આબરૂ તો ગઇ છે. આ વિષે કહ્યું છે કે,

જૂઠાણાનો દીવો કદી ચેતાવવો નહિ,

કારણ અસત્યનો દીવો બહુજ પ્રકાશરહિત છે.

જૂઠું બોલી આબરૂ ઇજ્જતની આશા ન રાખવી,

કારણ તેથી આબરૂ તો ઝરાના પાણી જેવી થઇ જાય છે (જતી રહે છે).

(૭) સાતમું, બહુ બોલા, ગમે તેમ વાતચીત કરનારા માણસો બહુ પાદશાહની ખિદમતને લાયક નથી. કારણ જે બહુ બોલે છે તેનો કાંઇ મોભો રહેતો નથી. દંતકથામાં કહેલું છે કે, બહુ બોલવામાં બહુ ભૂલ ને બહુ ચૂક થાય છે. બુઝર જમહેર પણ એવું કહી ગયો છે, કે જે માણસને બહુ બોલવાનો લોભ હોય, તેને નક્કી ગાંડો ગણવો, મતલબ વગર સંદેહે દીવાનો જાણવો. એવી કહેવત છે કે, બહુ બોલો તે બેવકૂફ. એવું કહેવાય છે, કે ઇસુ ખ્રિસ્તના ચેલાઓએ તેમે કહ્યું કે અમને શિખામણ આપો કે જે પ્રમાણે ચાલ્યા-

થી અમારો સ્વર્ગવાસ થાય. ઇસુએ કહ્યું, બિલકુલ બોલવુંજ નહિ. તેઓ બોલ્યા એમ કંઈ થાય નહિ. ઈસુએ જવાબ આપ્યો, કે જ્યારે બોલો ત્યારે ભલાઇનું જ બોલવું; બહુ બોલવાથી મન બગડી જાયછે.

પૈસો બચાવનાર બેવકુફ છે.
જો બચાવવું હોયતો શબ્દોજ બચાવી રાખ (બહુ ન બોલ).
પૈસો બચાવવાની મહેનત કયાં સુધી કર્યા કરશે?
શબ્દોપરજ નિગાહ રાખ, કારણ તેજ ખજાનો છે.
ફાયદા વગરનું બોલવું એ શરમ છોડવા જેવું છે,
વખતને અનુસરી વાત કરવી એ પેગંબરી ગુણ છે.
જે માણસ વખતને અનુસરી બોલી શકતો નથી,
તેણેતો બોલવાને બદલે ખામોશ પકડવીજ ઠીક છે.
બધા માણસો બોલે છે તે કાંઈ સારૂં લાગતુ નથી;
જે વખાણવા જેવું હોય તેજ સારૂં લાગે છે.

એક વખતે નોશીરવાનની દરબારમાં ત્રણ પાદશાહો ભેગા થયા હતા. રોમનો કયસર ચીનનો ખાકાન ને હિંદુસ્તાનનો રાજાનોશીરવાન બોલ્યો, બીજા કેટલાએ જમાના જશે પણ, આવી કચેરી ભેગી નહિ મળે; તેથી આપણે ત્રણ જણ કાંઇપણ વાકયો બોલીએ. પાદશાહના શબ્દો એ શબ્દોના પાદશાહ છે. તેથી આપણે સૌ છૂટા પડીએ તે પહેલાં આપણા મેળાપની યાદગીરી (દુનીઆના) પુસ્તકમાં ન રહે એ દિલગીરીની વાત કહેવાય.

આ જીર્ણ ઘરમાં દુનીઆમાં સારી વાત બોલવાની ટેવ પાડ.
કારણ સારાં વચનો શિવાય બીજી યાદગીરી રહેવાની નથી. તેઓએ નોશીરવાન તરફ ઇશારત કરી કહ્યું કે પહેલાં તમે કાંઇ બોલો, તેણે

પોતાનાં વિચારરૂપી આબદાર મોતી અને કીમતી ઝવાહેરને કાઢી વર્ણુન-ની તખકપર ધર્યાં કે, કોઇપણુ દીવસ જે શબ્દો હું બોલ્યો નહિ હોઉ તેને માટે મ્હેં પસ્તાવો કર્યો નથી પણુ કેટલીએક વાનો મ્હારાથી બોલાઇ જવાઇ છે ત્હેને માટે મ્હને બહુ પશ્ચાતાપ થાય છે. રોમના કયસરે પોતાના ખ્યાલના ખજાનામાં નજર કરી, અને નીચેની ખરેખરી નગદી તેમાંથી ખેંચી કાઢી, ને સભાને તેનાવને વધાવી લીધી કે, હું જે નહિ બોલ્યો હોઉં તેને માટે એવું મ્હારાથી બની શકતુ હતુ કે તે હું બોલી શકું. પણુ બોલી ચૂક્યો હોઉ ત્હેને માટે મ્હારા હાથમાં કોઇ ઉપાય નહોતો. મતલબ જ્યાંસુધી વચનરૂપી તીર ઉચ્ચાર રૂપી કમાનમાંથી છૂટયું નથી ત્યાંસુધી ત્હારો ત્હેના પર કાબૂછે કે જ્યારે મ્હારી મરજી પડે ત્યારે તેને નિશાનપર છોડી શકું પણુ જેવું તે બોલવારૂપી કમાનમાંથી બહાર પડયું કે તે પાછું ફેરવી શકાતું નથી. ચીનના ખાકાને ઉચ્ચારની કસ્તુરીની ઢાંકેલી કોથળી ખોલી, અને નીચલી સુગંધી લેહેકીથી સુલતાનની સભામાં બીરાજેલા માણુસોનાં મગજ તર કરી નાંખ્યાં, કે જ્યાંસુધી હું કાંઇ વાત બોલું નહિં ત્યાં સુધી તે મ્હારે તાબે છે. ને હું ત્હેનો સરદારછું ને જેવો હું તેને બોલું છું કે તે મ્હારી ઉપરિ ને હું તેનો ગુલામ બની જાઉંછું, ને ત્હેને પછી મ્હારાથી જીતાતી નથી, મતલબ કે જ્યાં સુધી શબ્દરૂપી કન્યા વિચારના પડદા પાછળ ઢંકાએલી રહે છે, ત્યાંસુધી આપણી મરજીરૂપી માલણુ (કન્યાને કપડાં પહેરાવી, ચોટલેવાળી, તૈયાર કરનાર સ્ત્રી) ની તેનાપર સત્તા છે. જો આપણુને ગમે તો ઉચ્ચારરૂપી તખ્તપર ત્હેનું મ્હોંજોણું કરાવીએ, ને ગમેતો ખામોશીનો બુરકો ત્હેને ઓઢાડી રાખીએ. પણુ પોતે પરદાની બહાર આવે છે તેવી

તેની ખુબસૂરતીપરનો બુરકો ઉંચકાઇ જાય છે, ને પછી ત્હેને ગુપ્તતાના એકાંત ઓરડામાં આપણાથી મોકલી શકાતી નથી. હિંદુસ્તાનના રાજાએ પોતાના ભાષણરૂપી બાગમાંથી નાચેના ખૂશબોદાર પુષ્પને આનંદકારી ફુલને ચૂંટી વક્તૃત્વ સાફ મેદાનમાં મૂક્યું, કે જે શબ્દ આપણે બોલીએ તે સારાકામનેમાટે; સાચો હોય કે ખોટો હોય. જો સાચો ને સારો હોય તો તે બોલનારને માથે એક જાતની જવાબદારી રહે છે. ને તે તેને અદા કરવી પડે છે, પછી તે ત્હેનાથી અદા થઈ શકે છે કે નથી થઈ શકતી. જો ખોટો હોયતો તેનો તો કંઈ ફાયદો મળતો નથી, તેથી બંને કરતાં ખામોશીજ સારી વાત છે.

યૂનાન દેશને એક છેડે એક ડોસાને હું મળ્યો,
ને ત્હેને કહ્યું; અરે અક્કલમંદ ને હુશીઆર માણસ,
દરેક સ્થિતિમાં માણસને શું કરવું ઘટે છે? તે બોલ્યો,
ખામોશી, ખામોશી, ખામોશી, ખામોશી.

પાછળના જમાનાના ફિલસૂફો પણ કહી ગયા છે કે, ખરાબ શબ્દો બોલવા કરતાં ચુપકીદી સારી, ને ચુપકીદી કરતાં સારી વાત બોલવી બહેતર.

ડહાપણને અક્કલની આંખથી મ્હેં નજર કરી,
તો ખામોશી કરતાં બહેતરગુણ મેં જોયો નહિ.
હું એમ નથી કહેતો કે મ્હોં રાખો, ને આંખો સીવી લો,
પણ વાત કરવાની પણ પ્રસંગને અનુસરીને હોય છે,'

પ્રકરણ ૪૦ મું.

નોકર ચાકરોની કેળવણી વિશે.

આ પ્રકરણના બે વિભાગ છે પહેલામાં રાજાઓએ પોતાના નોકર ચાકરોને કેવી રીતે કેળવવા જોઇએ તે છે; બીજામાં, રાજાઓના નોકરોએ કેવી રીતની ચાલચલણ તથા અદબ રાખવી જોઇએ.

ભાગ ૧ લો.

ફિલસૂફો કહી ગયા છે કે સુલતાનોને અમીર ઉમરાવો સરદારો તથા નોકર ચાકર સિવાય ચાલતું નથી, કારણ દુનીઆની જમીનનો થોડો ભાગ પણ જેણે જીતી કબજે કર્યો હોય અને જેના તાબામાં થોડી ઘણી પણ રૈયત હોય તેને પોતાના મુલકનાં ન્હાનાં મ્હોટાં કામ ઉપર સાવચેતી ભરેલી નજર રાખ્યા કરવાની જરૂર પડેછે, અને ખરીખોટી વાત શું છે તે જાણવા માટે ઊંડો વિચાર કરી પોતાની રૈયત વથા પ્રજાનાં કામકાજ તપાસવાં પડેછે, પોતાનાં રાજનાં મુખ્ય તથા વચલા વર્ગના માણસોની જેવી હોય તેવી સ્થિતિ તેને જાણવી પડેછે, હવે આ કામ બરાબર કરવા માટે બેકાન ને બે આંખ પુરતી નથી. ઘણા કાન ને ઘણી આંખોની જરૂર છે. તેટલા માટે ડહાપણવાળા, હુંશીઆર, ભલા સ્વભાવના, લોભરહિત, ઉચ્ચ વિચારનાં કેટલાંક માણસ તેમની પાસે ચાકર તરીકે જોઇએ, કે પોતે તે બધાઓનાં કાન તથા આંખનો માલિક થઈ શકે ને તેમના કાનવડે આખા મુલકની ખબર સાંભળે, ને તે બધાની આંખોવડે રાજ્યકારભારને લગતી બાબતો જુએ. અલબત્ત આ લોકો, કે જેઓ જુદા જુદા પ્રકારની ખબર સાંભળવામાં કાનની જગાએ ને

બાતભાતના રીત રિવાજ જોવામાં આંખની જગાએ છે, તેમની પુષ્ક-ળ સંભાળ લેવાવી જોઇએ, કે જેથી તેઓ પોતાનું કામ કરતા અટકે નહિ, ને હમેશાં ખબર પહોંચાડવામાં તથા અહેવાલ જણાવવામાં મશગૂલ રહે; મુલકની બધી દિશાને લગતી ખબરો તથા પોતાની રૈયતની હાલતની વાત સુલતાનને ન પહોંચે, અને તે તેથી અજાણ રહે તેના કરતાં રાજને બીજી કાંઇ વધારે નુકસાનકારક ચીજ નથી.

સિરાજ—ઉલમૂલૂક (રાજાઓની રોશની) નામના પુસ્તકમાં એક વાત છે કે નોશીરવાને મોબેદોમાં સૌથી ઉચ્ચ પદવી જે ભોગવતો હતો ત્હેને પૂછ્યું કે રાજની પડતી શેને લીધે આવે છે. તે બોલ્યો, ત્રણ બાબતને લીધે. (૧) પાદશાહને ખબરો આપવાનું બારણું બંધ કરવું. (૨) નીચ માણસોપર મહેરબાની કરવી. (૩) અમલદારોનો જુલમ. નોશીરવાન બોલ્યો, તુ આ વાતને માટે શું દલીલ બતાવે છે ? તેણે જવાબ આપ્યો કે, જ્યારે રાજની તથા રૈયતની ખબર સુલતાનને પહોંચતી નથી, પોતાના દોસ્ત કે દુશ્મનની હાલચાલથી તે ગાફેલ રહેછે ત્યારે સૌ કોઈ જેમ મરજીમાં આવે તેમ વર્તે છે, પોતે તો બેખબર હોય છે તેથી જાત જાતના બખેડા, ઓ બધે ઉપડી આવેછે, ને રાજ બંડખોરોના હાથમાં જાય છે. (૨) જયારે નીચ ને લફંગા માણસો પર મહેરબાની થાય છેત્યારે પોતાના હલકા સ્વભાવને લીધે પુષ્કળ માલ લઇ લેવાનો તેમને લોભ થાય છે. દરેક જણની મિલકત પડાવી લેવાનું મન કરેછે. મ્હોટા માણસોની સત્તાનો અનાદર કરેછે; બુજર્ગ માણસોનું માન નથી રાખતા ને તેમને લીધે આખી રૈયતનું દિલ દુઃખી દુઃખી થઇ જાય છે તેથી સુ-

લતાનોએ એવું કરવું જોઇએ કે જેમ બને તેમ મુરબ્બીઓ અને મુરબ્બી જેમનાપર મહેરબાની બતાવે છે તેમની વચ્ચે મનની શુદ્ધતા રહે. આટલાજ માટે કહ્યું છે કે 'નીચ માણસને ઊંચે ચડાવવામાં રાજની પડતી છે' જ્યારે હલકા માણસો મ્હોટે દરજ્જે ચડેછે, ત્યારે રાજ નીચું પડતુ જાય છે. કહ્યું છે કે,

જો નીચ માણસને ઉંચી પદવી મળે.
તો મુલકરૂપી બજાર વિખેરાય જાય છે.
નીચ માણસો ઉંચી પદવીને લાયક નથી.
તેમને તો બેડી ઘાલી કૂવામાં પૂરવા જોઇએ.

(૩) જ્યારે અમલદારો રૈયતપર સિતમ ગુજારે છે, ત્યારે પાદશાહ પ્રત્યે તેમની વૃત્તિ બદલાઇ બગડી જાય છે. ને તેથી ખેડાણ કરવામાં તથા મુલક આબાદ કરવામાં તેઓનું મન રહેતું નથી. રાજાની આવક ઓછી થઇ જાય છે, લશ્કરને પગાર ન મળ્યો તો તે રાજાની આજ્ઞા ન માનતાં પોતાનું માથું ઉંચકે છે, એટલામાં જો દુશ્મન દેખા દે તો રાજાના મદદગાર તથા સહાયક થોડાજ જણા નીકળે, ને આ કારણોને લીધે રાજ તેના હાથમાંથી જતું રહે. આ વિષયને માટે કહ્યું છે કે,

અમલદારોના જુલમથી આખી જહાન નાશ પામેછે,
ને દુઃખી માણસનું હૈયું તે શેકી નાંખે છે.
રાજનાં કાંમકાજ બગડી જાયછે,
ને સુખનો છેડો હાથમાંથી જતો રહેછે.

નોશીરવાને મોબેદનાં બહુ વખાણ કર્યાં, ને ઉપલાં વચનો સોનેરી સાહીએ લખી રાખવાનો હુકમ કર્યો.

વળી એમ કહેવાય છે કે રાજરૂપી મહેલને ચાર કુંભિઓ છે, જો તેમાંની એક પણ કમતી હોય તો રાજકારભાર ચાલે નહિ. (૧) રાજની બધી દિશાનું રક્ષણ કરે, તથા રૈયતને રાજા ઉપર દુશ્મનને આવતો અટકાવે તેવો અમીર. (૨) સુલતાન તથા તેના નોકરોને લગતા ખરચખૂટણને નિયમીત બનાવી, કોઈ જગાએથી ખોટી રીતે માલ ન લે, પરન્તુ જ્યાં જરૂર હોય ત્યાંજ પૈસો ખરચે તેવો વજીર. (૩) રાજાના તરફથી ત્હેની રૈયતની તપાસ રાખે તે સત્તાવાન પુરૂષ જો ગરીબપર જુલમ કરે તો ત્હેને બરાબર ઇનસાફ આપે તથા લુચ્ચા લફંગાઓને દાબમાં રાખે તેવો હાકેમ. (૪) હમેશાં શહેરની તથા દેશ તેમજ મુખ્ય માણસો તથા રાજાની રૈયતની ખબર ત્હેને પહોંચાડે તેવો વિશ્વાસુ જાસુસ. ટૂંકામાં સુલતાનોને એમના વગર ચાલે તેવું નથી. પછી તેઓ આયુધ સજનારા હો, જેવા કે અમીરો, એલચીઓ, સિપાઇઓ વગેરે; કે ભણેલા માણસો હો, જેવા કે હિસાબી કામદારો, કે મુનશીઓ, કે મુલ્કી અમલદારો. એ બધાઓને ટૂંકાણમાં કહીએ તો એવા રીતે કેળવવા ને મહેરબાની બતાવવી કે બધાના ઉપર માયાળુપણાની નજરે તથા ભલાઇની આંખે જોવું. તથા જેમને જે વસ્તુ જોઇએ, તથા ત્હેની જરૂર હોય, તે તેને આપવી. વળી પોતાને જે કામ સોંપ્યું હોય તે બરાબર રીતે કરી સહીસલામત, વગર વાંધે, તેની જવાબદારી અદા કરે; ને જેવી રીતે જોઇએ તેવીજ રીતે તેણે પોતાનો ધર્મ બજાવ્યો હોય તેને ત્હેને ઇનામ આપવું. પણ જે કોઇ પોતાના કામમાં સુસ્તી તથા ગફલત કરે ત્હેને પહેલાં શિખામણ આપી જાગૃત કરવો તે છતાં જો ત્હેને કાંઇ શિક્ષા ન લાગે, તો ત્હેની ગેરઆબરૂ કરી ત્હેને ઠપકો આપવો. કોઇ દીવસે પોતાના નોકરોની ખોડખાંપણ કાઢવા કે તેમની

એબ જોવાનો પ્રયત્ન કરવો નહિ. તેઓને કાંઇ સુખ થયું હોય તો તેથી આપણે પણ ખૂશી થયા છીએ તથા આનંદ પામ્યા છીએ તેનું બતાવવું તથા તેમને કાંઇ મુસીબત કે દુઃખ આવી પડે તો તે ખાતર આપણને પણ શોક તથા દિલગીરી થઈ છે એમ જણાવવું. મહેરબાની બતાવવામાં તથા મદદ આપવામાં દરેકને માટે ખાસજ મર્તબો રાખવો કે તે મર્તબામાં કોઈ હેનો ભાગીઓ થાય નહિ. તેથી નોકરોમાં વેર તથા અદેખાઇ ઉત્પન્ન નહિ થાય. તેમનામાંથી કેટલાક માહોમાંહે લડે કે કજીઓ કરે, તો તરતજ પોતે તે બંધ પાડવો જોઈએ, કે જેથી શત્રુભાવ વધવા ન પામે, કારણ તેમ થયાથી મ્હોટા બખેડાઓ ઊડવાનો સંભવ રહેછે. મ્હોટા માણસોએ કહ્યું છે કે, રાજના તંત્રના તુટવાનો આધાર વઝીરો તથા ઉમરાવો કજીઆઓ પર આધાર રાખે છે.

જ્યારે રાજાના અમીરોનું એક દિલ હોતુ નથી,
ત્યારે તેનું તથા ત્હેની રૈયતનું કામ બગડી જાય છે,
રાજના દરબારીઓને લડવું ઘટતું નથી,
કારણ કજીઆને લીધે સૌનો નાશ થાય છે.
કજીઓ કરવાથી એવી વાત અંતે બને છે, કે
જૂના પુરાણાં કુટુંબો પણ હાલહવાલ થઇ જાયછે.

બહમન પાદશાહે એક ફિલસૂફને પૂછ્યું કે નોકરો તરફ મહેરબાની બતાવવી તે શા પાયાપર. તેણે જવાબ દીધો કે, બે બાબતોપર મહેરબાની તથા ગુસ્સો હમેશાં પાદશાહોએ પોતાના નોકરોને પોતાના ગુસ્સાની અસર તથા મહેરબાનીની નજર બતાવતા રહેવી જોઇએ. ગુસ્સો એટલા માટે બતાવવો કે તેઓ બેઅદબ

ન થઈ જાય. ને મહેરબાની એટલા માટે તેઓ નાઉમેદ ન થાય.

નિગારેસ્તાનમાં પણ કહ્યું છે કે નોકરોને કેળવવાની ફિલસૂફી એ છે કે જે નરમાશ ને ધીમાશથી કાંઈ કામ થાય તેવું હોય તો ત્યાં ગુસ્સો કે સખ્તાઇ બતાવવાં નહિ. અને જો સખ્તાઇ તથા ગુસ્સાની જરૂર હોય તો નરમાશને મિત્રભાવ દેખાડવાં નહિ. કેટલીક વખત જખમોને એવું બને છે કે તેમના ઉપર મલમપટા કરવાને બદલે નસ્તર તેમને જલદી સારા કરે છે.

હમેશાં લોકોપર મહેરબાની બતાવી શકાતી નથી.
જ્યારે વખત આવે ત્યારે ભ્રકુટી પણ ચઢાવ (ગુસ્સેથા).
તુ જોતો નથી કેમ મલમપટા નકામા થઇ પડેછે.
જ્યારે જખમ ઉપર નસ્તર મૂકવાની જરૂર પડે છે ત્યારે ?

ફિલસુફો એમ પણ કહી ગયા છે કે પાદશાહને જેના ઉપર મહેરબાની બતાવવાનો વિચાર થાય ત્હેની સ્થિતિને પરીક્ષાની કસોટીપર તપાસી ન હોય, તથા ત્હેને સંપૂર્ણ રીતે ચોખ્ખો ન જાણે ત્યાં સુધી ત્હેના ઉપર મહેર ભરેલી આંખે જોવું નહિ. કારણ ઘણી વખત તેમણે તદન નાલાયક માણસોપર મહેરબાની બતાવેલી છે. જ્યારે પાદશાહોને તેમના સ્વભાવ તથા સ્થિતિની ખરી ખબર પડે છે ત્યારે ચોક્કસ તેમના ઉપર ગેરમહેરબાની તેમને બતાવવી પડેછે. કોઇ માણસને ઉંચે ચઢાવી તરત તેને ગગડાવી પાડવો એનાથી રાજના મોભાને બહુ નુકસાન થાય છે. આ વિશે કહ્યું છેકે,

જેનાપર મહેરબાની કરવાનો વિચાર હોય,
તેની થોડી વખત પરીક્ષા લેવી જોઇએ.
જો તેનામાં લાયકાત હોય તો,

તેના નસીબનો વાવટો ઉંચો ચઢાવ.'
જો લાયક ન હોય તો ત્હેને ઉંચે ન ચઢાવ,
કે તરત પાછો નીચે ઉતારવો ન પડે.

જેમ ઉંચે ચઢાવી કોઇને પાછો એકદમ ઉતારી પાડવો એ વાત મુનાસેબ નથી તેમજ જેનાપર આપણે ગુસ્સે થયા હોઇએ તેનાપર એકદમ પાછું રાજી થઇ જવું, એ પણ હલકાઇની નિશાનીછે. કારણ ગુસ્સો તેમજ ખુશી એની વચ્ચે કાંઇક અંતર હોવો જોઇએ કારણ તેથી પાદશાહનો નિશ્ચયતા ભરેલો સ્વભાવ જણાઇ આવે છે.

એક દીવસ એક ખલીફ પોતાના દરબારીઓ જોડે વાતચિત કરતો હતો. વાતચિતમાં તેમના એક પાસેથી કાંઇ એવો શબ્દ સાંભળવામાં આવ્યો કે જે બોલવો તેને મુનાસેબ નહતો. તેથી ત્હેને કચેરીમાંથી બહાર કાઢી મૂકવાનો પોતે હુકમ કર્યો. તે બીચારો પોતાની જીંદગીની આશાઓ છોડી એક ઝુંપડાંના ખુણામાં ભરાઇ બેઠો, ને અગુરૂકે ના ખૂણાથી સબૂરી ને સહનશીલતાનો કડવો શરબત પી પોતાના મનમાં કહેવા લાગ્યો કે,

અરે હૈયા, ત્હારી સ્થિતિ ખરાબ થઇ ત્હેને માટે બિલકુલ દિલગીર થઇશ નહિ,
સબૂરી પકડ કારણ અંતે જે થશે તે સારૂંજ થશે.

પણ જયારે ખલીફ પાસથી દૂર રહેતાં ઘણો લાંબો વખત થઇ ગયો, ને તેનાથી ધીરજ ન ખમાઇ ત્યારે એ વિયોગને વખતે પોતાના મનની સ્થિતિની વાત લખી ખલીફના એક વિશ્વાસુ માણસને આપી, કે ફુરસુતને વખતે તેને એ વિશે તે અરજ કરે. પેલાએ તેકર્યું તે સાંભળી ખલીફ હસી પડયો ને બોલ્યો કે એણે કાંઇ એ-

વો મ્હોટો ગુન્હો નથી કર્યો કે એણે છેક નિરાશ થઇ જવું જોઇએ. ત્યારે પેલો માણુસ બોલ્યો, જ્યારે એવુંજ છે, ત્યારે એ બીચારાને કચેરીમાં આવવાની રજા આપતાં શું હરકત છે? ખલીફે કહ્યું દરેક કામને અનુસરતો પ્રસંગ હોય છે, દરેક વખતને માટે (કામ) લખેલું હોય છે. દરેક પ્રસંગને લાયક કામ હોય છે. જ્યાંસુધી તે કામને માટે લાયક વખત આવતો નથી, ત્યાંસુધી ગમે તેટલો આપણે પ્રયત્ન કરીએ તે નકામો છે, તે કામ ત્યાંસુધી થતુંજ નથી.

દરેક કામનો નીમેલો પ્રસંગ જ્યાં સુધી આવે નહિં.
ત્યાં સુધી દરેક મિત્રની ગમે તેટલી મદદ હોય તો તે નકામીછે,
એક વરસ પછી બોલાવી પાદશાહે તેને ખલઅત બક્ષી.

એવું કહેવાય છે કે જ્યારે સુલતાન કોઇને ઉંચે દરજ્જે ચઢાવે ત્યારે તો પહેલી વખત પોતે ત્હેના ઉપર નજર રાખી હોય તેવીજ હમેશ રાખ્યા કરવી જોઇએ. કારણ જ્યારે તેને માલમિલકત, સત્તા મોભ્ભો મળે છે, ત્યારે ત્હેને પાછો ત્હેની આગલી સ્થિતિપર લઇ જવાતો નથી. જો તેને ઉતારી પાડવો હોય તો ધીમેથી અને આરે આરે તે કામ કરવું. નહિ તો ગરબડાટ થઇ જશે.

એકદમ તેને એવી સ્થિતિપર લઇ આવવો નહિ.
કારણ તદન લાચાર થવાથી વખતે તે ત્હારો જાન લેવાનો પ્રયત્ન કરે.

નોશીરવાને બુઝર જમહીરને પૂછયું, કે મહેરબાની બતાવવા લાયક કોણ માણસ છે? તે બોલ્યો ક્યાં મહેરબાની તો એવાં માણસપર બતાવવી કે જેનામાં સભ્યતા હોય અથવા જેનું કુળ સારૂં હોય. જેનું કુળ નીચુ તે 'દરેક ચીજ પોતાના મૂળ તરફ વળે છે' (જમ-

ણો હાથ મ્હોં બળી વળે છે) તે કહેણી પ્રમાણે પોતાની અસલ ખાસીઅતપરજ ઉતરે છે.

એવી એક વાર્તા ચાલે છે કે ઝકી નામનો કોઇ માણસ હતો. તે ઉંચા કુળનો તથા મ્હોટા ખાનદાનનો હતો, તે સભ્યતામાં કુશળ હતો. તેણે એક ફીરંગી ગુલામડી ખરીદી. તેનું નામ નુસાબેહ હતુ, તેનો સ્વભાવ બહુજ ખરાબ બદાના બનાવનારો, ને કજીઆખોર હતો. ઝકીએ તો ત્હેને પોતાની મીલકત ગણી તેનો કબજો લીધો. તેનાંથી તેને એક છોકરો થયો. એક દીવસ કોઇ એક ડાહ્યો માણસ ઝકી પાસ બેઠો હતો તેવામાં ઝકીનો છોકરો ત્યાં આવી પહોંચ્યો. ઝકીએ ત્હેને કાંઇ કામ સોંપ્યું. પેલો છોકરો તરત ઉઠી ચાલતો થયો. થોડાંક ડગલાં ચાલી પાછો આવી ત્યાં બેઠો. ત્યાં હાજર હતા તે બધાઓ અજાયબ થયા, ને તેમણે પૂછ્યું. પહેલવહેલાં એણે એ હુકમ શા માટે માન્યો હશે, ને પછી શામાટે પાછો વિચાર ફેરવ્યો હશે. પેલો ડાહ્યો માણસ હસી પડયો ને બોલ્યો, ઝકીઓ વિચાર કામ કરવાનો હતો પણ નુશાબેએ ના કહી. એનામાં એ બંને તત્વોનો અંશ જણાઇ આવે છે. જેમ ગોરાશમાં કે કાળાશમાં છોકરૂં માબાપને મળતું આવે છે તેમ દુર્ગુણને સદ્ગુણમાં પણ થાય છે. હકીમ ફિરદોસતએ આના વિષે કહ્યું છે કે,

જેના ઝાડનું મૂળજ કડવું હોય,
તેને સ્વર્ગના બાગમાં રોપીએ,
અને પાણી સીપવાની વખતે સ્વર્ગની નદીમાંથી,
તેના મૂળ આગળ મધ અને મીઠા પદાર્થો રેડીએ,
તોપણ આખિરે તો તે પોતાની જાતુ જણવશેજ,

ને જે કડવું ફળ આપતુ હશે તેજ આપશે."

એવું કહે છે કે નીચ સ્વભાવના માણસની પરવરશી કરવી એ પોતાની આબરૂ ખોવાનું કામ છે. કારણ જે દુષ્ટ બીમાંથીજ જન્મ્યા હોય તે માણસ જેણે તેના પ્રત્યે ભલાઇ કરી હોય તેના પ્રત્યે બુરાઇ કર્યા વગર આ દુનીઆમાંથી ચાલ્યા જાય એ તેના ધર્મથી ઉલટું છે.

અસલથી ખરાબ માણસને કોઇ કેમ કેળવી શકે,

પોતાના ગજવામાં કોઇ સાપ કેમ ઉછેરશે કે?

નોકરોપર મહેરબાની બતાવવામાં બીજી આ એક વાત છે. એક માણસને બે કામ ન સોંપવાં. દરેકને માટે એક એક જગા મુકરર કરી રાખવી, કે તેથી કોઇને આશાભંગ થવાનું ન રહેતાં સૌને ઉમેદ રહે. તેમજ બે જણને એક કામ ન સોંપવું. કારણ જ્યારે તેમાં ભાગ પડે છે, ત્યારે મરજી પ્રમાણે કામ થતું નથી.

એક માણસ બે કામ એવી રીતે કરી શકતો નથી,

કે જે અક્કલમંદ માણસોને પસંદ પડે.

તેમજ એક કામમાં બે માણસ પણ નકામાંછે,

કારણ જુદા જુદા (ચુલાપર) મૂકવાથી હાંડો તપતો નથી.

હવે ટુંકાણમાં કહેવાનું ઉપર પતી ગયુંછે, હેને તે ત્રણે ભાગનોનો લગતો બધી તફસીલ લખવામાં આવેછે. તેમાં સૌથી પહેલી બચ્ચાંઓની કેળવણીછે. ઝબીરત ઉલમલૂકમાં કહ્યુંછે કે પરમેશ્વરે છોકરાં માબાપને ત્યાં અમાનત મૂકયાંછે. ને કયામત ને દિવસે આ અમાનત મૂકેલી ચીજોનો સંબંધે તેની સઘળી માગણી અદા કરવી પડશે. આ અમાનત એવો આયનો છેકે તેમાં સઘળી કીમતી વસ્તુ

તથા સંપૂર્ણતાનો પડછાયો પડેછે, તેમજ ત્હેનું ખરૂ તત્વ જેમ વાળવું હોય તેમ વાળી શકાયછે. તેથી તેમને કેળવવાને માટે જરૂર પ્રયત્ન કરવો જોઈએ, કે તેઓ સારા વખાણવા લાયક ગુણવડે ગુણવાન અને ને ધિક્કારવા લાયક દુર્ગુણોથી દૂર ન્હાસે. પહેલું તો એજ કે ત્હેનું નામ સારૂં પાડવું. જો નામ નઠારૂં હશે તો ત્હેની આખી ઉમર કંટાળા ભરેલી રીતે જશે. બીજું કે એ ત્હેને ધવાડનાર દાઈએણ બહુજ મધ્યમ પ્રકારના સ્વભાવની, સારી ચાલચાળી, તથા પાકવર્તણુકની જોઈએ. કારણ દંતકથામાં કહ્યું છેકે, ધવડાવવાથી સ્વભાવમાં ફારફેર થઈ જાયછે. જેવું ધાવણ છોડાવવામાં આવે તેવુંજ પાકદીન તથા સારા સ્વભાવનું એક માણસ ત્હેની ખિદમતમાં નીમી આપવું. તેથી ત્હેનો સ્વભાવ પેલા માણસના ગુણથી જાણીતો થાય. છોકરાંઓના મનનું વળણ, રમત ગમત તથા ખાનપાન તરફ વધારે હોયછે, તેથી તેમને મધ્યમપણાનો કાયદો તથા મિતાહારની કાનૂન પાળતાં શિખવવું. તેને માટે દીનદાર અને પરહેઝગાર શિક્ષક રાખવો કે ત્હેને કુરાન તથા ધર્મમાં કરેલા હુકમોનું જ્ઞાન આપે. અને જે વિદ્યા ત્હેને ત્હેના ધર્મમાં તથા સંસારમાં ફાયદાકારક નીવડે એવી હોય તે શિખવવી બંધ ન રાખે. ખેપ સૌથી ઉત્તમ શિક્ષણ ખરાબ સ્વભાવનાં દુષ્ટ માણસોની સંગતથી તેમને દૂર રાખવાં, તથા પવિત્ર, સારી અક્કલ વાળાં, નરમ સ્વભાવનાં માણસો જોડે તેમની સોબત કરાવવાનુંછે. હમેશાં તેમની પાસે, વિદ્વાનો, પંડીતો, તથા ભણેલા માણસોનાં વખાણ કર્યાં કરવાં, જેથી તેમને માટે તેઓના મનમાં ભાવ મજબૂત બેસી જાય. તેમજ દુષ્ટ, વ્યભિચારી ને બદમાશ લોકોનું તેમની પાસે ભૂંડું બોલ્યા કરવું કે તેમને માટે તેમના મગજમાં તિરસ્કારની વૃત્તિજ પેસી જાય. જ્યારે સમજણી ઉમર થાય

ત્યારે કોઇ મ્હોટો, ઉચ્ચ વૃત્તિ વાળો, અનુભવિ માણસ જેણે રાજાઓની નોકરી કરી હોય તેને મુકરર કરવો. કે જે ત્હેને સભામાં અવસર ઉઠવા, બેસવા, આવવા જવા વગેરેની રીત શીખવે. ને સભ્યતા, મર્યાદા, ઉચ્ચ વૃત્તિ તથા રાજાઓના જેવા સદ્‌ગુણ બતાવવાની ટેવ, તેમનામાં જણાઈ આવે તે માટે તેણે યત્ન કરવો જોઇએ. પછી જ્યારે યોગ્ય પ્રસંગ આવે ત્યારે બહાદૂર સિપાઇઓ તથા લડાઇમાં શુરવિર એવા ઊસ્તાદોનો હુકમ કરવો કે ઘોડેસવારી, શસ્ત્ર વિધા, તથા રાજાને ઉપયોગી બીજી બધી બાબતો તેમને શિખવે. જ્યારે વધારે મ્હોટા થાય જ્યારે સંતોની સેવા તથા વિદ્વાનોની સંગતમાં જવાનો તેમને રસ્તો બતાવવો. કે મ્હોટા ધર્માચાર્યોની નજર રહેવાથી તેમને ફાયદો થાય, કારણ તેમના આશીરવાદમાં ઘણી સારી અસરો રહેલીછે.

જેમાં કાંઇ પણ સંપત્તિની અસર આવી હશે,
તે સંતોના મનની અસર (આશીસ) ને લીધેજ આવી હશે.
જ્યારે એવા માણસોનો આશીરવાદ ફળેછે,
ત્યારે કાંટામાંથી ગુલાબનો છોડ ફુટી નીકળેછે.
જે માણસ ખરા ભાવથી ને પાક વિચારથી નજર કરેછે,
તેને વિશે બરાબર વિચાર કરીએ તો ખરે તે કીમીયા જેવો છે એમ લાગેછે,

(૨) તેમના રાજના ઉમરાવો જે તેમના મુલકના થંભરૂપે છે, તેમનાપર એવી રીતે મહેરબાની બતાવવી જોઇએ, કે તેમને જે માન મળતું હોય તેમાં કોઇ પણ રીતની ગફલત ન થવી જોઇએ. અને રાજને લગતાં દરેક મુલ્કી કે વેપારી ખાતાનાં કામકાજ માથે લેવામાં

તેમનો હાથ તદ્દન છુટો રાખવો જોઇએ. અને જે સઘળાં કામમાં તેમની જરૂર જેવું હોય તેમાં તેમને દાખલ કર્યા, કે તેમનો મત તથા વિચાર લીધા વગર કોઇ કામ કરવામાં ન આવે. અને રાજકાર્ય-બારના વ્યવહાર સંબંધી જે વાત તેઓ કહે તે સ્વીકારી સાંભળવી, અને તેમના ઉપર આધાર રાખતાં કેટલાંક કામો જેવાં કે જાસુસી, એલચીગીરી, સિપાઇગીરી, ખાસ નોકરીમાં મદદ આપવી, તેમને જારી રાખવાં, તથા ત્હેના ઉપર ધ્યાન આપી તેમને માન આપવું. તેમાં ખાસ કરીને એલચીના કામમાં. કારણ પાદશાહનું મ્હોડું તો તે છે. ને દરેક પાદશાહની હાલત તેના એલચીની વર્તણુકપરથી માલમ પડી આવે છે. તેથી એલચી તો ડાહ્યો, બોલી શકે તેવો, ખૂબસુરત, ઉદાર મનને ઉચ્ચ વૃત્તિવાળા માણસને નીમવો. કે જેથી ત્હેને મોકલનારની આબરૂ જાય નહિ. જે જે માણસ તરફ એલચી મોકલવો તે તેને લાયકનોજ મોકલવો. એક ડાહ્યા માણસે કહ્યું છે કે,

મજબુત માણસને ત્યાં મજબૂત એલચી મોકલ.

ને ડાહ્યા માણસને ત્યાં ડાહ્યોજ એલચી મોકલવો.

જ્યારે અલીની સામે થનારા બંડખોરોને મોહલબે નસાડ્યા ત્યારે તેના હાથમાં પુષ્કળ લૂંટ આવી હતી માલેક નામના એક એલચીને તેણે હજાજ પાસે મોકલ્યો. હજાજે પૂછ્યું કે મોહલેબને તું કેવી સ્થિતિમાં મૂકી આવ્યો છે. તેણે જવાબ આપ્યો કે, તેના મિત્રો ત્હેનાથી ખુશ થાય ને ત્હેના શત્રુ ડરે તેવી સ્થિતિમાં. હજાજે ફરી પૂછ્યું ને પોતાના સિપાઇઓ પર કેવી રીતની મહેર રાખે છે ? તે બોલ્યો, જેવી બાપ છોકરાંપર રાખે છે તેવી. હજાજે સવાલ કર્યો ત્હેનાં છોકરાં છૈયાં કેમ છે ? તેણે કહ્યું, બધાં મઝામાં છે. તે બો-

લ્યો લડાઈમાં કેમ છે? એલચીએ કહ્યું, તેઓ પોતાના જીવને ભય શું છે, તેતો સમજતા જ નથી. હુજાજે કહ્યું, રમતગમતમાં તેઓ કેવા છે! એલચી બોલ્યો, માલ મિલકતની તેમની પાસે જરા પણ કીમત નથી. પછી તેણે પૂછ્યું, અક્કલ ને વિદ્વતામાં કેમ છે? તેણે કહ્યું, કે ગોળ કુંડાળા જેવો, જેનો નથી આદી કે નથી અંત જણાતો, ને હેની શરૂઆત કે હેનો છેડો કોઈને જડતો નથી. હુજાજ બોલ્યો, આણે તો બોલવામાં હદવાળી નાંખી, ને એને લીધે મોહલબને માટે અમારા મનમાં માનની વૃત્તિ ઉત્પન્ન થઈ છે. અમારી નજરમાં હેનો મોભો કેવો હશે તે વાત ઉતરી છે. તેના એલચીની સભ્યતાપરથી હેના મોકલનારની સભ્યતા તથા અક્કલનો અમે અંદાજો બાંધ્યો છે.

જો એલચી મોકલવો હોય તો ડાહ્યા માણુસનેજ મોકલ.

કે હેનાથી હારૂં કામ સુધરે.

પેલા ડાહ્યા માણુસે શું કહ્યું હતું, તે હેં સાંભળ્યું છે?

કે 'ડાહ્યા માણુસને મોકલ, ને હેને કાંઇ શિખામણ ન આપ' (આપવાની જરૂર નથી.)

(૩) સિપાઇઓપર મહેરબાની બતાવવી એ બહુ અગત્યનું કામ છે. તેમનાથી ચાર બાબતનો ફાયદો થાય છે. (૧) પાદશાહને જોર રહેછે, ને તેનો ત્રાસ સૌના મનમાં રહેછે. (૨) દુશ્મનોને હાંકી કઢાય છે. (૩) રૈયતની સહીસલામતી. (૪) ચોરોનો નાશ, અને રસ્તાઓની સલામતી. તેમણે નીચલી ચાર શરતો પ્રમાણે ચાલવું ઘટેછે. (૧) રાજાના હુકમથી બહાર જવું નહિ, ને હેના હુકમ વગર કામ કરવું નહિ.

(૨) પાદશાહ જોડે તેમનું મન મળી ગએલું હોવું જોઇએ. (૩) તેમને માંહોમાંહે સંપ જોઇએ. (૪) લડાઇમાં બહાદૂરી તથા ડહાપણ બતાવવાં જોઇએ. સુલતાને તેમની જોડે નીચલે ચાર રસ્તે કામ પાડવું જોઇએ (૧) તેમને આયુધ તથા ઘોડાઓ આપી તૈયાર બનાવવા. (૨) દરેકનો મર્તબો જાળવવો. (૩) બહાદૂર લડવૈયાપર ઘણી મહેરબાની બતાવવી તથા લશ્કરમાં ત્હેને ઉંચી પદવી આપવી. (૪) દુશ્મન પાસેથી જે લૂંટ આવે તેમાંથી તેમનો હિસ્સો પાડી ત્હેમને આપવો.

પાદશાહ કેબાદે પોતાના મોબેદને પૂછ્યું કે લશ્કર જોડે મ્હારે શી રીતે વર્ત્તવું? તેણે જવાબ આપ્યો, કે વારે ઘડીએ તેમની હાલતની તપાસ રાખતા રહેવી. માળી જેમ બાગની તપાસ કરી જે વેલા વગેરે નકામા હોય છે, તથા બીજા ઝાડોને નુકસાનકર્ત્તા હોયછે, તેને નીંદી કાઢે છે, કાપી નાંખે છે, ને દૂર ફેંકી દેછે, ને જે ઝાડોમાંથી ફાયદો થવાનો સંભવ હોય છે ત્હેની સંભાળ લઈ ત્હેને ઉછેરેછે, તેમ રાજાએ જોવાનું છે કે પોતાના લશ્કરમાં કેટલાએક અડવા હોય છે કે જે કાંઇજ કામના હોતા નથી, તેથી ત્હેમને પગાર આપવો વ્યર્થ છે, તેથી તેમનાં નામ પગારના ચોપડાઓમાંથી દૂર કરવાં જોઇએ. ને તેમને બદલે લડવૈયા માણસોની સંભાળ રાખવી જોઇએ, ને ત્હેમને એવા પ્રમાણમાં પગાર આપવો કે જેથી તેઓ મધ્યમ રીતે રહી શકે. કારણ જો પગાર ટુંકો હોય તો તેમનાં મન ખાટાં થઇ જાય છે, ને તેઓ છુટા પડી જાય છે, ને બીજા કોઇને ત્યાં નોકરી લે એવો સંભવ રહે છે. જો પગાર ભરપટ્ટે અપાય તો બેદરકાર થઇ જાય ને પછી નોકરી ચાકરીમાં સુસ્ત બની જાય, હકીમ નિઝામીએ એજ કહ્યું છે કે—

સિપાઇને ત્હેના અંદાજા સરનીજ પદવી આપ,'

જરૂરીઆતી વાટ ખર્ચી સિવાય ત્હેને વધારે આપવું નહિ.

જે પેટના ગુલામ છે, તેમનું પેટ જ્યારે અકરાંતીઆની સ્થિતિએ પહોંચે છે,

ત્યારે તેઓ તેવા શૂરવિર હોય તોપણ હીચકારા બની જાયછે.

તેથી તેઓ મસ્ત બની જાય તેટલું બધું તેમને આપવુંજ નહિ.

તેમજ ખાવા પીવામાં ત્હેમને તંગી પડે તેવું પણ કરવું નહિ.

જે સિપાઇ પોતાના રાજાથી રાજી થએલો ન હોય,

તે રાજના સિમાડા સાચવતો નથી.

(૪) વજીર, મુલકનું આભૂષણ, ને માલ મિલકતથી ભરેલો ખજાનો છે. જો રાજાનું રાજ વજીર વગર ચાલી શકતુ હોત તો હઝરત મુસાએ પરમેશ્વર પાસે માગ્યું નહોત કે, 'મ્હારે માટે મ્હારી કોમમાંથી એક વજીર નીમી આપ. તે વજીર મ્હારો ભાઈ હારન છે, માટે તેનેજ સહાય થઈ, મ્હને મદદ આપ.' આથી માલમ પડે છે કે રાજના પાયાની મજબૂતીનું કારણ, અને મુલકને લગતા કારોબારના નિયમિતપણાનો સબબ વજીરો જ છે, પણ તે જ્યારે તે આ બધા પ્રશંસાપાત્ર ગુણો તથા શુદ્ધ આચરણોની મૂર્તિ હોય ત્યારે.

જે વજીર સારી ચાલચલણનો હોય,

તેનાથી મુલકને નવીજ જાતની શોભા તથા રોશની મળે છે.

તેમનાપર એવી રીતે મહેરબાની બતાવાય છે કે તેઓના કુળ ઉપર સુલતાને ધ્યાન આપવું જોઇએ તથા પાદશાહોએ તેમના પ્રત્યે ખૂશીની લાગણીઓ બતાવી તેમનો દરજ્જો વધારવો જોઇએ. જ્યાં સુધી સોખા આમની નજરમાં તેઓ માન પામેલા તથા પ્ર-

નિશ્ચિત નથી દેખાતા ત્યાં સુધી તેમનાં વચન અમલમાં નથી મૂકાતાં, ને તેમના હુકમોપર કોઇનો વિશ્વાસ બેસતો નથી. અને મુલ્કી ખાતામાં કોઇએ તેમના કામની આડે આવવું ન જોઇએ. અને મ્હોટાં અગત્યનાં કામોમાં તેમની તદબીર સંપૂર્ણ રીતે ઉપયોગમાં આવવા દેવી જોઇએ, કારણ ઘણી વખત એવું બને છે કે કલમ જે કામ કરે છે, તે તરવારથી નથી થતું.

કલમ તો એવા બનાવ બનાવે છે કે,
તલવારથી પણ ત્યાં પહોંચી ન સકાય.

એક વજીરને અમીર વચ્ચે મ્હોટું કોણ ને ન્હાનું કોણ તે વીશે કજીઓ થયો. અમીરે કહ્યું, હું પાણીદાર તલવારનો માલિક છું, ને તુંતો ફક્ત કલમથી કામ કરનારો છે. રાજ્યો તો તલવારથી જીતાય છે, કલમથી નહિ. વજીર બોલ્યો, રાજ્યકારભાર કલમથી બરાબર ચાલે છે, શમશેરથી નહિ. આ વાત સુલતાનને કાને ગઇ. તેણે બંનેને પોતાની પાસે બોલાવ્યા. ને વજીરને કહ્યું, કલમવાળાઓ હમેશાં શમશેરવાળાઓની ખિદમતગારી કરતા આવ્યા છે. તું શા ઉપરથી એમ કહે છે કે તું તેમના કરતાં ચઢીઆતો છે. વજીરે જવાબ આપ્યો, રાજા સાહેબ, શમશેર તો દુશ્મનોને માટે કામ આવે છે. મિત્રો માટે નહિ, પણ કલમ તો મિત્રોને લાભ આપવા ને શત્રુને મારવા સારૂ ઉપયોગમાં આવે છે. વળી શમશેર સજનારાઓને રાજ જીતી લેવાનો લોભ થઇ આવે છે તેથી તેઓ પોતાના ઉપરિ સામે બળવો ઉઠાવે છે. પણ કલમવાળાઓ આવું કદી નથી કરતા. વળી તલવારીઆઓ રાજાનો ખજાનો ખાલી કરે છે, કલમથી કામ કરનારાઓ તે ભરી નાંખે છે. ને હમેશાં ખરચ કરતાં આવક વધારે સારી લાગે છે.

વજીરની કલમપર માનપૂર્વક નજર રાખ, કારણ,
મુલકરૂપી ઝરાપર તે બહુ ફળદાયક વૃક્ષ છે.
જે ડાળીનાં ફળ મ્હોટાં હોય છે, તેને
સારી સંભાળથી ઉછેરે તો તેમાં કાંઈ અયોગ્ય જેવું નથી.

(પ) રાજાના હજૂરીઆ, એલચી, તથા નોકરોને મહેરબાની બતાવવાની રીત એ છે કે, તેમાંથી દરેકને પોતાની ખાસ જગાએ ત્હેના કામપર મુકરર કરવો. જે કામ એક જણને સોંપ્યું હોય તેમાં બીજાને હાથ ઘાલવા ન દેવો. દરેક માણસ જે ખિદમત ઉઠાવે તેની કદર બુજવી, ને ત્હેના લાયકની ત્હેને બક્ષિસ આપવી. તેમજ તેમને એટલે દરજ્જે સ્વતંત્ર થવા ન દેવા કે પોતાની મરજી આવે તે બોલી શકે. તેમજ પોતાના મોભા તથા ભયનો પડદો તેમની આગળથી ખસેડવો નહિ. દરેકને શરમ તથા મર્યાદા પાળતાં શિખવે. તેમનામાંથી કોઇ વખતે ન બોલવા જેવું બોલે તો તેનાપર ધ્યાનજ ન આપવું. જ્યાં સુધી કોઈ માણસ વિશ્વાસુ ન હોય તથા ત્હેને વિશે કેટલીક વાર અજમાયશ ન કરી હોય ત્યાં સુધી તેને પોતાનો ભરોસાદાર માણસ બનાવવો નહિ, ને પોતાની છૂપી વાત ત્હેને કહેવી નહિ. રાજાના નોકરોમાં એકબીજાપર જરા અદેખાઇ તથા સ્પર્ધા જેવું હોય છે, તેથી એકની વાત બીજાને માટે ગમે તેવી હોય પણ તે કાને ધરવી નહિ. એકબીજાને માંહોમાંહે મિત્રતા તથા સંપ રાખવાને સમજાવવા. તેમજ એકબીજા જોડે કજીઓ કરતા. કે એકબીજા જોડે લડતાં તેમને અટકાવવા. કારણ તેઓ લડે તો રાજના કામકાજનાં બંદોબસ્તમાં ખલેલ પહોચે. જેને વિશે થોડું એક આગળ જણાવ્યું છે.

જ્યારે રાજાના નોકરો એકદિલના હોય છે, ત્યારે,
રાજનો કારોબાર શાંતિથી ચાલે છે.
જો તેઓ દાંડ થાય છે, ને છળ કપટ કરે,
તો બધાં રાજનાં કામોનો પાયો ખરી જાય.

(૬) પૈસા ખરચી ખરીદેલા ચાકર તથા ગુલામ પોતાના શેઠને હાથપગ તથા બીજાં અંગોની જગાએ છે. કારણ જે માણસ પારકાને માટે એવા શ્રમ ઉઠાવી કાંઇ કામ કરે કે જેમાં હાથની મદદની જરૂર પડે તે માણુસ પેલા પારકાના હાથની ગરજ સારે છે. વળી કાંઈ એવું કામ કરે કે જેમાં પગને મહેનત આપવી પડે, તો તેણે પગની મુશ્કેલી પાર પાડી કહેવાય છે, વળી જે ચીજ જોવામાં આંખને તસ્દી આપવી પડે, તે ચીજ ઉપર કોઇ માણુસ નિગાહ રાખ્યા કરે તો તેણે આંખની મહેનત દૂર કરી કહેવાય, તેમજ બીજાં બધાં અવયવોને માટે કહી સકાય—તેથી આ લોકોની હસ્તી માટે પરમેશ્વરનો ઉપકાર માનવો ઘટે છે, ને તેમના ઉપર ઘણી રીતની મહેરબાની, માયા, નરમાશ ને સભ્યતા બતાવવી જોઇએ. કારણુ તેમને પણુ ચાકરી કરતાં વખને સુસ્તીને આળસ થઈ આવે છે, તેમજ વખતે બીમારી કે રોગ પણુ થઇ આવેછે. તેથી તેમને કામ ફરમાવતાં આપણે ઈનસાફની નજરે જોવું જોઇએ. વળી તેમના નિર્વાહને માટે ખાવા પહેરવામાં કાંઈ રીતનો વાંધો ન રહેવો જોઇએ. મૂળ વાત એ છે કે તેમનાપર ખાસ મહેરબાની રાખી તેમને ખૂશી રાખવા કે જેથી જે કાંઇ કામ તેમને સોંપવામાં આવે તે તેઓ આનંદ અને મઝાથી કરે ને સુસ્તી ખાઇ કંટાળીને ન કરે. ડહાપણથી ભરેલાં પુસ્તકોમાં લખેલું છે કે ગમે એવા અપરાધને માટે શેઠે ચાકરને કાઢી મૂકવો ઘટતો નથી.

કારણ જ્યારે તે એમ જાણે કે શેઠને મ્હારે હવે છૂટા પડવાનું છેજ નહિ ત્યારે તે વફાદાર રહી તેની તરફ માયાળુપણે વર્તે છે. જો દરેક ભૂલ કે ખોડને લીધે ચાકરને રજા આપતા રહીએ તો તે પોતાને હગામી (ભાડે આણેલો) માણસ સમજી, રસ્તે જતા અને અજાણ્યા માણસો જેવું કામ કરે છે, નથી કોઇ વાતમાં ડહાપણ વાપરતો કે નથી નરમાશથી કાંઇ કરતો તેમ ચાકરોના ગુણોમાં મૂળ મરયાદા તથા દાનાઇ જોઇએ. બધાનાં કરતાં આ બે ગુણ બહુ ઉપયોગના છે. જો ચાકર, કપટી, ચોર કે લુચ્ચા છે એમ જણાય તો ત્હેને કાઢી મૂકવો. જો ઘણામાંથી એક ચાકર મ્હોટો અપ્રમાણિકપણાનો અપરાધ કે એવોજ કાંઇ બીજો ગુન્હો કરી ખરડાય છે અને મારઠાક કે શિખામણથી પણ તે સુધરે તેવો ન હોય તો, સલાહ ભરેલો એજ રસ્તો છે કે તરતજ ત્હેને કાઢી મૂકવો, કે ત્હેની નજદીકીમાં તથા સોબતમાં રહી બીજા માણસો બગડે નહિ. ને તેના ફસાદનો ચેપ બીજાને લાગે નહિ.

ફસાદખોરને ખરાબ માણસોની સોબત,
સારા માણસને બગાડે છે.
જેને ઉકળતા હાંડા પાસે બેસવાની ટેવ હોય,
તેનાં કપડાં કાળાં થાય છે.

રાજાનો દરબારી હોય તેવા કોઇ મોટા માણસનો ગુલામ પોતાના શેઠની કાંઇ ફરીયાદ ત્હેના આગળ કરે, ને તે એવી બાબત હોય કે જેમાં ધર્મની આજ્ઞા આડે આવતી ન હોય તો તરત ત્હેને તેમ કરતાં (પોતાના ગુલામને દુઃખ દેતાં) અટકાવવો.

સુલતાન મહમદ ગઝનવીની રાજ પદ્ધતિમાં એવું જણાવેલું છે

કે શુક્રવારને દિવસે સુલતાન નિમાઝ પઢવા જતો હતો. તે વખતે એક બહુજ ખુબસુરતને દેખાવડો ગુલામ તેનો રસ્તો અટકાવી ઉભો હતો. ને જેવો પાદશાહી રસાલો ત્યાં આવી પહોંચ્યો તેવી પોતે જમીનને એક ચુમી લીધી. સુલતાને મોટા મનથી પોતાની મોટાઇની લગામ પાછી ખેંચીને મહેરબાની તથા દયા વાળી વૃત્તિથી પૂછ્યું કે તું શું માગે છે? તે બોલ્યો, સુલતાન સાહેબ, જે માણસ મને તુર્કસ્તાનથી અહિં લઇ આવ્યો તે આખે રસ્તે મને કહેતો હતો કે હું તને સુલતાનની પાસે લઇ જઇશ, કે તેઓ પોતાની મહેરબાની-રૂપી પડછાયો ત્હારાપર નાંખે. મ્હેં આ ખુશ ખબર ખરી પાડવાની આશામાં તથા એ સૂચનાનું સારૂં ફળ મળશે તેવી ઉમેદમાં પરદેશની સખ્તીને ગુલામગીરીની હલકાઇ વેઠવી કબૂલ કરી. ને આખો વખત નીચેની બેતમાં વર્ણવેલી બાબત ધ્યાનમાં રાખી હું ખુશ થયા કરતો હતો.

"મ્હને ગમે તો આખી ઉમરમાં હજારો દુઃખ પડે,

તોપણ હરકત નહિ, હું જ્યારે શાહનો મ્હેરો જોઇશ ત્યારે તે વળી જશે ને મ્હને નિરાંત થશે.

જ્યારે હું શહેરમાં આવ્યો ત્યારે ખાજા હસને સો દીનાર આપી વેચાતો લઇ લીધો. લાંબો વખત થયા તેણે મને ઘરમાં સંતાડી રાખ્યો છે, હમણાં મ્હને લાગ મળ્યોછે, તેથી હું બહાર નીકળી પડ્યો છું. મ્હારા નસીબે મ્હને યારી આપી, ને સુખે મદદ કરી છે, ને તેથી ત્હમારી ખિદમતમાં હાજર થઇ શક્યોછું, ને મ્હારા મનની ઉમેદ તમારી આગળ વિનતી બતાવી છે. હવે સુલતાન હાકેમ છે. મરજી પડે તે કરે મહમદે હુકમ કર્યો કે એને પુષ્કળ શિક્ષા કરવી ને

માણસને સોંપતો કે જે એને ખાજા હુસન પાસે લઇ જાય, ને કહે કે ગુલામ ખરીદવા જ્યારે તું હઝાર દીનાર ખરચી શકે છે, ત્યારે બીજા સો દીનાર ખરચી દરવાન કેમ રાખી શકતો નથી. કે તે ત્હારા બારણાની ચોકી કરી વગર રજાએ ગુલામોને બહાર રખડવા દે નહિ. એક ખવાસે સુલતાનને કહ્યું, કે આ સજા બહુ અજબ જેવી કરી છે, સુલતાન બોલ્યો કે, જો ખાજા હુસનની હજાર દીનાર વ્યર્થ જાય તેવું ન હોત તો એના કાપી બે કટકાજ કરાવત કારણ જે ગુલામોને લાગ ફાવતોજ, પોતાના શેઠ જોડે તેમને ન બનતું હોય તો આ પ્રમાણે ન્હાસી આવે, ને ન સાંભળવા જેવી ફરીયાદ કરે તો પછી શેઠપણું ને ચાકરપણું બંનેમાં ખલેલ પહોંચે ને બગડી જાય.

જ્યારે ગુલામને પોતાના શેઠ જોડે ન બને ત્યારે,
ન્હાના મ્હોટા સૌને તે પોતાના દુઃખની વાત કરે છે.
તે તેનાપર બોહતાનાં મૂકવા તથા તેની ગીબત કરવા માંડે છે,
કે જેથી કરી ત્હેના શેઠને નુકસાન જાય.
જે ગુલામની આવી ટેવ હોય તે,
પ્રભુ કરે ને કોઇની નજરે પડે નહિ.

ભાગ ૨ જો.

જે લોકો સુલતાનની બહુ પાસેના માણસ ગણતા હોય તથા ત્યાં ઊંચો દરજ્જો ભોગવતા હોય, જેવા કે ત્હેના રાજના સ્થંભોને ત્હેની ખિદમતમાં રહેતા ઉપરિઓ, દરબારના ખવાસો, નવાબો, દરવાનો, ને એ સિવાયના બીજા કામદારો તથા કારકુનો, તેમને સબ્યતા તથા અદબ શિખવવામાં એટલું જાણવું જરૂરનું છે કે જેઓ

પાદશાહીના કામકાજ કરવાં શરૂ કરે, ને સુલતાનનાં કામો કરવા માથે લે, તેણે પોતાની ચાલચલણ એવી રીતની રાખવી જોઈએ કે જેથી સુલતાનની નેકનામી વધે ને રાજની આબાદીનો વધારો થાય. ચાર બાબત ધ્યાનમાં રાખવાની જરૂર છે, તે પ્રમાણે તે ધ્યાનમાં રહે ત્યારેજ આ કામ સિદ્ધ થાય. (૧) પ્રભુ તરફ જોવું. (૨) પાદશાહની તરફ જોવું. (૩) પોતાની તરફ જોવું. (૪) રૈયત તરફ જોવું.

પ્રભુ તરફ નજર રાખી વર્તવામાં પાંચ શરતો પ્રમાણે ચાલવાનું છે. (૧) પરમેશ્વરે પોતાનાપર કરેલા ઉપકાર તથા અગણિત મહેરબાનીઓ માટે શુકર ગુજારી કરવી, કે જેથી ત્હેની બક્ષેશો વધતી જાય.

> જો બક્ષેશો માટે ઉપકાર માનીએ તો બક્ષેશો વધતી જાય
> ગરીબ માણસોને કુબેરનો ભંડાર પણ તેમ કરવાથીજ મળે છે.

(૨) પરમેશ્વરની સેવા કરવી છોડી ન દેવી. બલ્કે પાદશાહની ખિદમત કરતાં પ્રભુની ખિદમતને વધારે શ્રેષ્ટ ગણી ને પહેલી કરવી તેથી બધાની નજરમાં તેવો વહાલો લાગશે, ને સૌના દિલમાં તેને માટે પસંદગી વધશે.

તુંધલ પાદશાહનો વજીર અબૂ મનસૂર બહુ ડાહ્યો તથા સમજુ હતો. પરોઢીઆની નિમાજ પડી રહ્યા પછી સવાર પડતાં સુધી ધર્મના મંત્રોનું ઉચ્ચારણ કર્યા કરવાની તેને ટેવ હતી. એટલું કરી તે સુલતાનની ખિદમતમાં હાઝર થતો. એક દહાડો કાંઇ અગત્યનું કામ આવી પડવાથી સુલતાને ત્હેને જવાબ પોતાની પાસે આવવાનું કહેણ મોકલ્યું. ત્હેને તેડવા એક પછી એક માણસો દોડતાં આવતાંજ હતાં, પણ તે તો

પોતાના આસનપરથી ઉઠ્યોજ નહિ. આને લીધે તેનાપર અદેખા માણસોને તેની ગીબત કરવાનો લાગ સારો ફાવ્યો, ને તેથી હેની બદગોઈ કરવા માંડી. સુલતાનની પાસે તેમણે હેનું, ખોટું બોલવા માંડ્યુ. ને કહ્યું કે એ માણસ બહુ મગરૂર છે. વળી રાજાની વાતતો બિલકુલ ગણકારતા નથી. જ્યાંસુધી પાદશાહનો મિજાજ ફરી ગયો ત્યાં સુધી તેઓએ એવાં વચનો કહેવાં જારીજ રાખ્યાં. પણ જેવો વજીર પોતાના મંત્રોચ્ચારણથી ફારગ ગયો તેવો તરતજ સુલતાનની સેવામાં હાઝર થયો. સુલતાને ગુસ્સાના માર્યા મ્હોટી બૂમ પાડી પૂછ્યું કે, કેમ આવતાં વાર લાગી? વજીરે કહ્યું, રાજાસાહેબ, હું પ્રભુનો ગુલામછું, ને ત્હારો તો ચાકર છું. જ્યાંસુધી બંદગીમાંથી (બંદગી એટલે નિમાઝ તેમજ ગુલામગીરીથી) ફારેગ ન થાઊં ત્યાંસુધી મારાથી ચાકરીપર કેમ અવાય? આ સાંભળી સુલતાન રડી પડ્યો, ને હેનાં બહુ વખાણ કર્યાં.

પરમેશ્વરની સેવા કરવાનું છોડવું નહિ,
તેની તો બંદગીજ કરવી,
કારણ મ્હોટા મ્હોટા પાદશાહોનાં શિર,
પણ તેની દરબારમાં વિનતી રૂપી જમીનપર નમાવાય છે.

(૩) પાદશાહની ખૂશી કરતાં પ્રભુની ખૂશી તેણે પહેલી શોધવી જોઇએ. કારણ જયારે હકતઆલા તેનાપર ખૂશ હોય છે. ત્યારે બીજાઓ ગમે તેટલા નાખૂશ હોય તોપણ તેથી કાંઇ નુકસાન થતુ નથી ને કદી ન કરે નારાયણ ને પરમેશ્વર હેના ઊપર કોપ્યા હોય ને આખી દુનીઆ તેનાપર ખૂશ હોય તોપણ તેથી કાંઇ ફાયદો થતો નથી.

જ્યારે ઇશ્વર ત્હારાપર ખૂશ હોય ત્યારે,
બીજાનો કોપ તને નુકસાન નથી કરતો.

એવી વાત ચાલે છે કે એક ખલીફની કચેરીમાં કોઇ એક મ્હોટો માણુસ બેઠો હતો. નિમાઝ પડવાનો વખત બહુ પાસે આવ્યો હતો, ને ખલીફ કાંઈ અગત્યના કામમાં રોકાએલો હતો, તેથી નિમાઝની વાત તેના મનમાંથી જતી રહી હતી. પેલો માણુસનો નિમાઝ પઢવા જવા માટે ઉભો થયો. કોઇએ તેને કહ્યું, ખલીફ નિમાઝ પડવા ઉઠે ત્યાં સુધી તું પણ કેમ રોકાતો નથી? તે બોલ્યો પરમેશ્વરના હુકમને કોઇ બીજાના હુકમ માટે રોકી રખાય નહિ. તેણે કહ્યું બેસીજા, નહિતો ખલીફ તારાપર ગુસ્સે થશે. તેણે જવાબ આપ્યો, જો પરમેશ્વરની ખુશી આપણે સંપાદન કરી શકીએ તો પછી મનુષ્ય જાતમાંથી કોઈ ગુસ્સે થાય ત્હેની શી બ્હીક છે? આ શબ્દ સાંભળી ખલીફે તેનાપર બહુ મહેરબાની બતાવી, અને જેણે તે માણુસને હરકત કરી હતી તેનાપરથી મહેરબાની ઉતારી નાંખી.

(૪) પાદશાહ કરતાં પ્રભુથી વધારે બ્હીતા રહેવું. દંતકથામાં કહ્યું છે કે, જે પ્રભુથી ઘણું બ્હીએ તે માણુસથી બીજા બધાંએ બ્હીએ છે.

(૫) પાદશાહ કરતાં પ્રભુની પાસેથી પોતાની આશાઓ વધારે ફળીભૂત થવાની ઉમેદ રાખવી જોઇએ. કારણ જે કાંઇ આપણને મળે છે, તે તેના તરફથીજ મળે છે. આશા તો એવાજ માણુસની સખાવતપર રાખવી કે જેના રહેમ ભરેલા દરવાજાપરથી કોઇપણ આશાવંત શખ્સ નિરાશ થઈ પાછો ફરતો નથી.

જો આ દરવાજે તું ત્હારૂં માથું મુકશે તો

ખાલી હાથે તું પાછો ફરે એ અસંભવિત છે.

પાદશાહ તરફની વર્તણુકમાં ૨૫ ચીજો ધ્યાનમાં રાખવાનીછે.

(૧) નમ્રતા, ને દીનતા, તેમજ પોતાની નબળાઇ તથા સેવ્ય વૃત્તિની જાણ પાડવી તે. કારણ પાદશાહોને કેટલાએક એવા જબરા જોસ્સાઓ થઇ આવે છે તથા તેમની કેટલીએક વખત એવી હાલત થઇ જાય છે, કે તેથી તેઓ પોતાનાં બીજાં બધાં માણસો કરતાં તરતજ જુદા પડી આવે છે. તેનું કારણ એ છે, કે પ્રજાની સત્તા બધી તેમનામાં આવેલી દેખાય છે, ને તેથી તેમને ઝિલ્લૂઅલ્લાહ પ્રભુની છાયાનો ઇલકાબ અપાયલો છે, તેમનામાં એ ગુણ સમાયેલા છે તેથી તેઓ બીજા બધા પાસેથી ખિદમત તથા સેવાની આશા રાખે છે, તથા પોતે તેને લાયક છે એમ પણ ગણે છે. તેમજ પોતે જે કાંઇ કામ કરે છે તેમાં શ્રેષ્ઠતા તથા અપૂર્વતા રહેલી હોયછે જેમ જેમ તેમની રાજ્યગાદીનો પાયો વધારે મજબૂત તેમ તેમ આ ગુણો વધારે ઝાહેર થતા જાય છે. આ પ્રમાણે જોતાં તેમ્ની કુલ સત્તા હોવાને લીધે તે થતો જાય છે. એવી ખાહેશ રાખે છે કે લોકો પોતાની તંગી તથા ગરીબાઇને વિશે તેમના મ્હોડા આગળજ અરજ કરે.

ક્ષમાની માગણી, અશક્તિ, નમ્રતા ને દીનતા સિવાય બીજું તારી પાસે લાવું?

કારણ જેટલી ચીજો હમણાં હયાતીમાં છે, તે બધી તો તારી પાસે છે.

(૨) મહેનત, મુશ્કેલી તથા સખ્તી વેઠવી, તથા ન ગમતી વાતોપર સબૂરી પકડવી. કારણ પાદશાહોની ખિદમત ઉઠાવવાનો મૂળ પાયો મહેનત વેઠવામાં છે. ફિલસુફો પોતાનાં પુસ્તકોમાં જણા-

વી ગયા છે કે, પાદશાહની ખિદમત એ માણસો તથા આસાયેશ એ બે વચ્ચેનો પડદો છે. રાજાની ચાકરીમાં રાહત કે મઝાની આશા રાખવી એ અસંભવિત બાબતોમાંની એક છે.

(૩) જે કોઇ બાબત પોતે વિચાર કરે, કાંઈ કામ કરે, કે કાંઇ બોલે તેમાં રાજાનું હિત સમાયલું છે કે નહિ તે જોવું જોઇએ. હિત એટલે આ તથા પેલી બંને દુનિયાનું, તેમાં વળી પેલી દુનીઆનું હિતને હમેશાં વધારે પસંદ કરતા રહેવું.

(૪) નરમાશ ને ભલાઇથી હેની નજરમાં જુલમ ધિક્કારયુક્ત છે એવું ઠસાવવું, અને ન્યાયનાં વખાણ તથા પ્રશંસા કરી ને બહુ સારી વસ્તુ છે એમ તેના મનમાં ઉતારવું વળી જે રીતે ઠીક લાગે તે રીતે જુલમ કરતાં તેને અટકાવવો. કારણ જો પાદશાહના જુલમથી તે રાજી થતો હશે તો પોતે પણ તે જુલમ કરવામાં શામેલ છે એમ ગણાશે, ને કયામતને દહાડે જ્યારે 'જુલ્મી પુરૂષો અને તેમના મદદગારોને એકઠા કરો' એવી બૂમ પડશે ત્યારે તે પણ તે જુલ્મીઓની જોડે ઠપકો તથા સજા મળશે.

એમ કહેવાય છે કે યાયા વાસેતી નામનો પુરૂષ બહુ સારો લહીયો હતો. તે અક્ષર બહુ સુંદર લખતો. ખલીફના છોકરાઓ તેની પાસેથી લખતાં શિખેલા તથા તેને હાથેજ તેઓએ તાલીમ લીધેલી. એક દીવસે તેમણે વજીર પાસે યહયાના વખાણ કરી કહ્યું કે કલમને ચીર પાડતાં એને બહુ સારી આવડે છે. પોતે તેને બોલાવી એક કલમને ચીર પાડવાનું કહ્યું, યહયાએ કલમ બહુ સંભાળથી પાડી આપી. વજીરે તેજ કલમથી એક ફરમાન લખી કાઢ્યું, ને જોયું તો, તેના અક્ષર આગળના કરતાં બહુ સારા નીકળેલા જણાયા.

તેથી પોતે વહયાને એક ખિલઅત તથા હઝારદીનાર ઈનામમાં આપ્યાં ખિલઅત પહેરી પૈસા હાથમાં વહયા દરબારની બહાર નીકળ્યો, પણ જેવો દરવાજે પહોંચ્યો તેવોજ ત્યાંથી પાછો ફર્યો, ને આવી કહ્યું કે, વજીર સાહેબ કલમ ઘડવામાં એક વાત બાકી રહી ગઈ છે, જો રજા આપે તો તે પૂરી કરૂં. વજીરે કલમ તેના હાથમાં આપી, પોતે તે ચપ્પુ કાઢી, કલમની અણી ભાગી નાંખી, ઇનામ પાછું વજીરની પાસે મૂકી દીધું. તેણે પૂછયું, ત્હેને થયું શું? તે બોલ્યો જેવો હું દરવાજા પાસે પહોંચ્યો તેવુંજ કોઇએ કોરાનની નીચલી આયત મારા માનસિક કાન આગળ કહી સંભળાવી કે, 'જુલ્મી પુરૂષો તથા તેમના મદદગારોને ભેગા કરો' તેથી મ્હને બીક લાગી કે વખતે આ કલમથી તું કોઇના ઉપર જુલમ કરાવવાની વાત લખે ને મ્હેં એ કલમ ઘડી આપી છે તેથી હું વખતે ત્હારો મદદગાર ગણાઉં, ને પરમેશ્વર તરફની સજાને લાયક ગણાઉં.

અરે ભાઇ, તું જુલ્મી પુરૂષોનો મિત્ર ન થતો.

કે તું પણ તેમની ટોળીમાં ગણાયે નહિ.

(૫) પાદશાહની પાસે ભલું કરાવવું ને તે પણ એવી રીતે કે તે ભલાઈની અસર બધા લોકોને પહોંચે. કારણ સૌથી સારામાં સારૂં ઇનામ તો તેજ કે જે સાર્વજનિક હોય, જેવાં કે સૂર્યનાં કિરણ જે સઘળી જગાએ પ્રકાશે છે, ને વરસાદનું પાણી કે જે સઘળી જમીનોપર પહોંચી વળે છે. એક મ્હોટા માણસને કોઇએ પૂછયું કે ભલાઇ શી રીતે કરવી, ને કઇ જાતની ભલાઇ સર્વોત્તમ કહેવાય? તેણે જવાબ આપ્યો. સાર્વજનિક ભલાઇ કરવી, અને સર્વોત્તમ ભલાઇ હસતે મ્હોડે કરેલી હોય તે તથા જેની જોડે કોઇનાપર પરોપ-

કાર કર્યા છે, એવું જણાય નહિં તે કહેવાય.

મ'અન ઇબ્ન ઝાયદેહની સખાવત સાર્વજનિક હતી એવું કહેવાય છે. બક્ષેશ આપતી વખત હંમેશાં તેનું મ્હોડું હસતું તથા આનંદી દેખાતુ. તે જોઇ એક તેના મિત્રને સૌએ પૂછયું કે વાદળ વધારે ઉદાર કહેવાય કે મ'અન વધારે ઉદાર કહેવાય? તે બોલ્યો મ'અનની સખાવત વાદળની સખાવત કરતાં વિશેષ તેમજ બહેતર છે. તેમણે પુછયું, શા ઉપરથી તુ એમ કહે છે! તેણે કહ્યું, વાદળ જે કાંઇ આપે છે, તે રડતે મ્હોડે (પાણી પડતુ હોય તેવી રીતે) આપેછે, ને મ'અન જે બક્ષે છે તે હસતે મ્હોડે બક્ષે છે.

હસતુ મ્હોડું, ખૂશ મિઝાજીપણું, ને આનંદવૃત્તિ,
એ સખાવત કરવામાં ઘણાં અગત્યનાં છે,
બક્ષેશ કરનાર માણુસનું બક્ષેશ કરતી વખત હસતુ મ્હોડું, એ

એક બીજી સખાવત સમજવી.

(૬) જ્યાંસુધી કોઇનાપર પૂરેપૂરો વિશ્વાસ ન હોય તથા તે ગુણની ઘણીવાર પરીક્ષા ન કરી હોય ત્યાંસુધી તેની પાદશાહ પાસે તારીફ કરવી નહિ. કે જેથી તેની અજમાયશને ખરે વખતે પોતાને શરમાવું પડે નહિ.

એવી વાત ચાલે છે કે એક લુચ્ચો માણસ સુલતાન સન્જરના એક નવાબ પાસે આવ્યો, દર્વેશોની રીત પ્રમાણે તેણે જટા વધારી હતી તથા ક'આબાના પવિત્ર' દેવળમાં જે રેશમી કપડું ઓઢાડવામાં આવેછે, તેમાંથી એક કટકો તે પોતાની જોડે લઈ આવ્યો હતો. પોતે હઝરત પેગંબરના કુળનો છે એવું તે કહેતો હતો. તથા તેવાં પોતે હજ કરી આવ્યો છે, એવું તેનું કહેવું હતુ. વળી તે એમ પણ

બોલતો હતો કે, સુલતાનના તરફથી મ્હેં ત્યાં હજ્જ ગુજારી છે, ને હઝરત રસૂલની કબર આગળ સુલતાન તથા તેના દરબારીઓની તરફથી બધા હાજીઓના કાફલાની સમક્ષ મ્હેં દુઆ માગી છે. જો તુ મ્હને સુલતાનની ખિદમતમાં હાઝર કરશે તો મ્હારાપર ઉપકાર થશે ને જરૂર તે મ્હને કાંઈ ઇનામ આપશે, કારણ હું આવી ખબર લાવ્યોછું. તેની આ હકીકત ખરી છે કે ખોટી તે બાબતની તપાસ કર્યા વગરજ પેલો નવાબ તેને સુલતાનની પાસે લઈ ગયો, ને તે અલીના વંશજ હાજીની બહુ તારીફ કરી. તે સાંભળી સુલતાનને પણ ત્હેને મળવાની ઇચ્છા થઇ; ને તેને હાઝર કરવાની પોતે પરવાનગી આપી. જેવા હાજીસાહેબને કચેરીમાં દાખલ કરવામાં આવ્યા કે તરતજ તેમણે સુલતાનના હાથપર ચુમી લીધી, અને શેતરંજીને એક છેડે પોતાનું આસન કર્યું. સુલતાને પૂછ્યું તમારે કયાં રહેવું? તે બોલ્યો, ઇસ્ફહાન શહેરમાં. પછી સવાલ કર્યો કે ક્યારે તમે હજ્જ કરી આવ્યા. તેણે જવાબ આપ્યો, આ વર્ષે પરમેશ્વરના કરમથી ઈસ્ફહાન શહેરના હાકેમનો એલચી ત્યાં તે વખતે આવેલો હતો. ઇસ્ફહાનનું નામ સાંભળ્યું, ને તે માણસને જોયો ત્યારે ત્હેણે કહ્યું કે, સુલતાન એને હું ઓળખું છું, એ સૈયદ નથી, પણ તેણી તરફના રખડતા રસ્તામાં ગાનારા ભીખારીની ટોળીનો માણુસ છે. તેમાંના ઘણાઓ આખે માંથે વાળ રાખે છે. આ આખું વર્ષ મ્હેં એને ઇસ્ફહાનમાંજ જોયો હતો. બકરીઈદને દીવસે તો એ મ્હારે દરવાજે આવી, કુરબાન કરેલાં જાનવરોના ગોસની ભીખ માગતો હતો. આ સાંભળી સુલતાનનો મિઝાજ ગયો, ને તેણે પેલા નવાબ તરફ આંખ ફેરવી કહ્યું કે, વાહ વાહ! બહુ સારા સૈયદ ને મ્હોટા હાજીને ત્હેં મારી રૂબરૂ હાજર કર્યો. આથી પેલા નવાબને એટલું

બધું નીચું જોવાનું થયું ને શરમ લાગી કે તરતજ પોતે કચેરીની બહાર જતો રહ્યો, ને પોતાની આખી ઉમરમાં પછી સુલતાન પાસે આવવાની હેની છાતી ચાલી નહિ. જો પહેલેથીજ તેણે બેની કહેલી હકીકત વીશે તપાસ કરી હોત, અને તે બાબત ખાત્રી કરી હોત તો, તે શરમીંદાપણાની ધૂળ હેના મ્હોંપર ઉડત જ નહિ, અને આવા પાદશાહની નજર આગળથી ખસવું પણ ન પડત.

કોઈ માણસને સારી પેઠે ઓળખ્યા સિવાય,
રાજાઓની પાસે હેનાં વખાણ કરવાં નહિ.
કારણ જેવા કહ્યાં હોય તેવા ગુણ તેનામાં ન હોય ત્યારે,
તે વીશે હારે બહુ શરમાવું પડે છે.

(૭) ઘોડા, નોકરો, માલમતા, જમીન, દાણા વગેરે જે જે બાબતનો પાદશાહને શોક હોય ને તે બાબતની તેને ખબર હોય તો તેણે તેમાંનું કાંઇ પણ પોતાને સારૂ રાખવું નહિ. બલ્કે પોતે તો પ્રાર્થના કરી એવુંજ માગવું કે રાજા તેના તરફ સ્વીકાર ભરેલી નજરથી જૂએ.

(૮) જ્યારે પાદશાહ પોતાની જોડે વાત કરે, ત્યારે ખરેખરા મનથી, દિલથી, અક્કલથી, હુશીઆરીથી, આંખ કાન વગેરે શરીરના દરેક અવયવનો ઉપયોગ કરી તે સાંભળવી, તેનો એક શબ્દ પણ નકામો જવા દેવો. નહિંતો ગમે તેટલી જરૂર હોય તો પણ વચ્ચે વળગવું નહિ. કારણ સુલતાનો બહુજ અદેખા હોય છે. તેઓ જ્યારે એમ જૂએ છે કે પોતાની જોડે વાત કરતી વખત તે સાંભળનારની નજર બીજે ઠેકાણે છે, યા તો કોઇ બીજા જોડે તેને વાત કરવાનું મન છે તો તેમને અદેખાઈ આવે છે, ને તેના ઉપર પોતે ગુસ્સે થાય

છે. તે ગુસ્સા જો તે વખતે તેઓ ન બતાવે તો પણ વખત જ ની અસર જણાય છે, ને તેથી કરીને આખરે ભય આવી પડેછે.

(૯) રાજાની દરબારમાં કોઈના કાનમાં વાત કરવી નહિ, એટલે કાંઇ છાની વાત કોઈના આગળ બોલવી નહિ. કારણ પોતે જે વાશે હુકમ ન કર્યો હોય તે બાબત વિશે બે જણા તેની હજૂરમાં છુપી વાત કરે તે પોતે જો ન સાંમળે તો તેને ઘણા ઘણા વિચાર આવે છે, ને ઘણી જાતના વહેમ તેના મનપર હુમલો કરેછે, જેથી ઘણું ખરૂં તેના મનમાં વેરભાવનો પ્રવેશ થાય છે, ને તેઓ પોતાનો ખાર તેમનાપર કાઢે છે. રાજાઓની સોહબતમાં એ પણ મ્હોટી અગત્યની વાત ધ્યાનમાં રાખવાની છે કે અદેખા ને ફિસાદખોર માણુસોએ તેને એવું જ સમજાવી મૂકેલું હોય કે ફલાણા ફલાણાનું મન હવે તમારા તરફ નથી. તેમજ ત્હેની તમારા પ્રત્યે વફાદારી પણ જોઇએ તેવી નથી, ને તેમનો ઇરાદો તમારૂં અનિષ્ટ કરવાનો છે. તેવી વખતે જ્યારે સુલતાન જૂએ કે એ માણુસો એકબીજાની જોડે છાની વાતો કરે છે, ત્યારે તે પેલા સ્વાર્થી માણુસોની વાત ખરી માને છે.

મજલેસમાં છાની વાતો કરવી,
એ દાના તથા અક્કલમંદ માણુસોનું ભૂષણ નથી.
કારણ સભ્યતાની રીતથી એ બહુ ઉલટું છે,
તથા ગફલત, કપટને મગરૂરીની એ નિશાની છે.

(૧૦) સુલતાન જયારે કોઈ બીજાને કાંઇ સવાલ પૂછે, ત્યારે જેને સવાલ પૂછયો હોય તેના કરતાં આગળ થઇ જઇ પોતે જવાબ આપવો નહિ. કારણ જે સવાલ બીજાને પૂછવામાં આવ્યો

હોય ત્હેનો જવાબ આપણે આપી દેવો એ તેની હલકાઈ તથા દાવકાઇનો અભાવ જણાવે છે.

કોઇએ એક ડાહ્યા માણસને પૂછ્યું કે હું કોઇ પાદશાહની મિજલસમાં હોઉં ત્યાં તે મ્હારા સિવાય કોઇને સવાલ કરે તો ત્હેનો જવાબ મ્હારે આપવો યોગ્ય છે કે નહિ. તેણે કહ્યું, ના, તું જવાબ ન આપતો, કારણ એમ કરવું એ સવાલ કરનાર તથા જેને સવાલ કર્યો હોય તેની હલકાઇની નિશાની છે કારણ સવાલ પૂછનારને માટે એવું કહેવાય કે કોને પૂછવું જોઇએ ત્હેની એને ખબર જ નહોતી, તેમજ જવાબ આપનારને માટે એવું કહેવાય કે એનામાં તે બાબતનો જવાબ આપવાની યોગ્યતાજ ન હતી. આ ઉપરાંત એમાં એક બીજી પણ શરમની વાત છે. વખતે સુલતાન એમ કહે કે મ્હેં ત્હને નહોતું પૂછયું, ત્યારે તેનો શું જવાબ આપવો, અને એવું થાય તે વખતે જે નીચું જોવું પડે તેમાંથી છૂટવાનો શો રસ્તો ? એમ ધારો કે એવા કેટલાએક માણસોને સવાલ પૂછાય કે જેમાંનો એક તું પણ હોય, તો ત્યાં પણ ઉતાવળ કરી જવાબ આપવો નહિ, કે બીજાઓ ત્હારા દુશ્મન થાય ને ત્હારા મુખમાં ભૂલ કાઢે. બીજાઓ જ્યાંસુધી બોલી રહે ત્યાં સુધી સબૂરી ખમવી, તથા દરેક જણની વાતમાં ખૂબી કે ભૂલ હોય તે જાણી લેવી. પછી જે તું જાણતો હોય તે તેનાથી બહેતર હોય તો વિદિત કરવું નહિ તો ખામોશી પકડવી.

કોઇ વાતનો જવાબ આપવામાં હલકાઈ ન બતાવ,
દરેક વાતની ખૂબી તથા ભૂલ જાણી લે.
જો ત્હારો માલ ભેળસેળ વગરનો હોય તોજ બહાર કાઢ,

કારણ તેવા માલથીજ ત્હારી કસોટી (આબરૂ) વધશી.
જો તેમ ન હોય તો ત્હારી પોતાની એબ ઉઘાડી ન પાડ,
પણ ત્હેને ખામોશીના પરદાથી ઢાંકી રાખ.

(૧૧) જ્યાં સુધી સુલતાન કાંઇ પૂછે નહિ ત્યાં સુધી તે વાત કહેવી શરૂ કરવી નહિ. તને જ્યારે પૂછે ત્યારે પણ યથાશક્તિ જવાબ આપી ચૂપ રહી જવું, ફક્ત જ્યારે સુલતાનની મરજી એમ લાગે કે તેને વધારે સાંભળવાનું મનછે, ત્યારેજ વધારે બોલવું કે વાત લંબાવવી.

(૧૨) જો સુલતાન તેને કોઇ વાત વિશે જાણ ન કરે તો તે શું હશે તે જાણવા માટે બિલકુલ પ્રયત્ન કરવો નહિ, તથા તેની તપાસ પણ કરવી નહિ. કારણ જો તે ત્હેને જાણવા યોગ્ય કે ત્હેનાપર વિશ્વાસ મૂકી કહેવા જેવી વાત હોત તો ત્હેને તે જણાવીજ હોત. તેથી તે જાણવા વિશેષ આગ્રહ કરવાથી સુલતાનનો ગુસ્સો પોતાની તરફ ખેંચી લેવાનો ભય રહેછે.

જો ત્હને કોઇ છાની વાત નહિ કરવામાં આવી હોય તો તે ત્હારી અવિશ્વાસિયતાને લીધેછે.

જે એવો અવિશ્વાસિ હોય ત્હેને રાજાની છાની વાતો જાણવાનું શું કામ?

ઘરની અંદર જવાની જ્યારે કોઇને પરવાનગી નહોય.
ત્યારે તે ઘરના દરવાનની ખૂશામદ કરવાનું ત્હેને શું કામ?

(૧૩) જે બક્ષેશ, ઇનામ કે નઝરાણું ત્હેને આપવાનું હોય તે લેવામાં બેપરવાઇ ન બતાવવી. પછી તે ગમે તેટલું નજીવું હોય તો પણ હરકત નહિ. કારણ સુલતાન થોડું આપે તે પણ ઘણું સમ-

જવું. ને એ બાબતમાં બેદરકારી બતાવવી એ પાદશાહની બક્ષેશને હલકી ગણવા જેવું લાગે છે, કોઇ ડાહ્યો માણસ એવું તો નથી કરતો કે પરમેશ્વરની છાયામાંથી (પાદશાહ તરફથી) ત્હેને માટે ઇનામ આવે અને પોતે ત્હેને પાછું વાળે.

રાજા પાસેથી જે મળે તે બહુજ સારૂં હોય છે,
ત્હેનું આપેલું થોડું ને ઘણું બંને મનને આકર્ષનાર હોય છે.

(૧૪) પ્રમાણિકપણાના રસ્તાથી બહાર પગ મૂકવો નહિ. કારણ એ ગુણ એવો છે કે તેથી હલકામાં હલકો માણસ પણ આબરૂદાર ગણાય છે. ને અપ્રમાણિકપણું એવો ગુણ છે કે, તેથી આબરૂદાર માણસ હલકો ગણાય છે.

એક ખલીફ એવું કહેતો હતો કે કોઇ માણસ ગમે તેટલી હલકી સ્થિતિનો હોય પણ જો તે પ્રમાણિક હોય તો હું ત્હેને ચાહુંછું પણ તે ગમે તેટલો ઉંચા દરજ્જાનો કે મ્હોટો હોય અને અપ્રમાણિક હોય તો ત્હેને હું ધિક્કારૂં છું. કારણ પ્રમાણિકપણું એ ઇમાનની (પ્રભુપર આસ્થાની) નિશાની છે. મહમ્મદના દંતકથામાં પણ એવું કહેલું છે કે જે માણસ પ્રમાણિક નહિ તે ઇમાની પણ નહિ. પરમેશ્વર પણ અપ્રમાણિક માણસને પોતાની મહેરબાનીથી દૂર રાખે છે. કોરાનમાં કહ્યું છે કે 'સર્વે અપ્રમાણિક માણસો તથા કાફરોને અલબત્ત પ્રભુ ચહાતો નથી.'

(૧૫) પાદશાહ તરફથી જે મળે તેનાથી સંતોષાઇ રાજી રહેવું, વધારે માગવું નહિ કે લોભ કરવો નહિ. કારણ લોભી માણસ તો નિરાશ થવા લાયકજ છે.

લોભને નિરાશા એ એક બીજાના સોબતી છે,

બધા દુર્ગુણોમાં લોભ ઘણો ખરાબ છે.
લોભીપણાને લીધે માણસો હલકાઇને પામે છે,
પણ સંતોષ વૃત્તિથી મ્હોટાઇને પામે છે.

(૧૬) પાદશાહની હાઝરીમાં કે ગેરહાઝરીમાં હમેશા તેનાં વખાણ કર્યા કરવાં તથા તેના સારા ગુણોની પ્રશંસા ગાયા કરવી. જો કોઇના તરફથી પાદશાહને સંબંધે જરા પણ બેઅદબી ભરેલો શબ્દ તે સાંભળે તો તુરત તે વિશે ત્હેને શિખામણ આપવી તથા ઠપકો પણ આપવાં. એટલેથી તે ન માને તો ત્હેને કડવાં વચનો કહેવાં, ગુસ્સે થવું ને ત્હેને દબાવવો. આની પણ કાંઇ અસર ન થાય તો ત્હેની જોડે બેસવું ઉઠવું, વાતચીત કરવી, તથા સોબત રાખવી છોડી દેવી, ને કાંઇ પણ બાબત વિશે ત્હેની જોડે બોલવુંજ નહિ.

(૧૭) જે કામ સોંપવામાં આવ્યું હોય તે આગ્રહ પૂર્વક કરવું, ને જે કામનો જુમ્મો પોતાને માથે રાખ્યો તેમાં ગફલત કરવી નહિ. તથા હમેશ એવો પ્રયત્ન કરવો કે આખો વખત ત્હેને સંબંધે એવી રીતે હાજર રહેવાય કે જેવા સુલતાન બોલાવે કે તેવા તરતજ ત્હેની ખિદમતમાં હાજર થઇ જવાય. પણ એવી રીતની આગ્રહ પૂર્વક હાજરી ન આપવી ને આખો વખત ખિદમતમાં ન મંડ્યા રહેવું કે જેથી પાદશાહને કંટાળો આવી જાય.

(૧૮) પાદશાહની દોસ્તી તથા મહેરબાની પર તમારે ભરોંસો ન રાખવો તેમજ પોતે ઘણી ખિદમત ઉઠાવી છે તે ભરોસે ભૂલવું નહિ. કારણ ઉંચી પદવીને અંગે રહેતી મગરૂરી આગલી નોકરીઓ વિસરાવી દે છે, વળી સુલતાનને એવું પણ ન બતાવવું કે મ્હારો

ત્હારાપર કોઇ કામને માટે હક્ક છે, અથવા આગળ મ્હેં ત્હારી આવી નોકરી ઉઠાવી છે. પરંતુ તાજી નોકરીઓ ઉઠાવી, પાદશાહ માટે ફરીફરી પ્રભુ પાસે પ્રાર્થનાઓ કરી, તથા નવી નવી રીતે ત્હેની ચાકરી કરી, પોતાના આગલા હક્ક ત્હેની સમક્ષ એવી સારી રીતે તાજા રાખવા કે છેલ્લી નોકરી પહેલીને ભૂલાવે. કારણ જે ચાકરીના આખર અન્વલને છેટું પડી જાય છે, તે પાદશાહો ભૂલી જાય છે, તેમ કોઇ તેમનું કાંઇ કામ કરે તેને માટે તેઓ ઉપકૃત રહેતા નથી, કારણ તેઓ તો એમ જ ગણે છે કે હમે સૌ પાસે નોકરી લેવા લાયક છીએ.

(૧૯) પોતાની માગણી કયે પ્રસંગે કરવી કે પોતાની તંગીઓ માટે અરજ ક્યારે કરવી, તે સમયની યોગ્યતા ધ્યાનમાં રાખવી. કારણ રાજા પાસે કાંઇ અરજ ગુજારવી એ નિમાઝ ગુજારવા જેવું છે. જો વખતસર નિમાઝ પઢાય તો તે કબૂલ થાય છે, તેમને યોગ્ય પ્રસંગે કાંઇ અરજ કરોય તો તે પણ બર આવે છે.

જે યોગ્ય પ્રસંગ જોઇ રાખી કામ કરતો નથી,
ત્હેને પાદશાહ જે ઇનામ આપે તે હરામ છે.

વળી એટલી બધી માગણીઓ પણ પાદશાહ પાસે ન કરવી કે જેથી કંટાળાની નિશાનીઓ ત્હેના ચ્હેરાપર જણાઇ આવે.

(૨૦) અગર કે જો પાદશાહની ત્હેના પર મહેરબાની હોય તો પણ જે લોકો ત્હેની (પાદશાહની) પાસે હમેશ રહેતા હોય અથવા ત્હેના જૂના નોકરો હોય, ત્હેના કરતાં આગળ પડવા પોતે પ્રયત્ન કરવો નહિ, તથા તેમનાથી વધારે બહાર પડવા માગવું નહિ. કારણ આમ કર્યાથી તેની બેવકૂફી, હલકાઇ, તથા કમસમજ દેખાઇઆ-

વે છે. સબબ, ધારો કે પોતે જે માણુસ કરતાં ચઢીઆતો થવા માગતો હોય ત્હેની જોડે પાદશાહનું મન એક થયું હોય, ને ત્હેની જોડે ત્હેને બહુ બનતુ હોય, અથવા તેણે સુલતાનની કાંઇ ખિદમત એવી શરતે ઉઠાવી હોય કે તે નકામી ન જવા દેવી, તે માણુસ પેલો જે અઇતા શોધતો હોય છે તેને પાછો પાડવા તૈયાર થાય છે, ને પાદશાહ તેનો પક્ષ લે છે, ત્યારે પોતે હાર ખાઇ પાછો પડે છે, એટલુંજ નહિ પણ પોતાને શરમાઈ નીચું જોવું પડે છે.

જે માણુસ સુલતાનનો ખાસ હોય,

ત્હેના કરતાં, તુ ગમે તેટલો સુલતાનનો વહાલો હોય, તો પણ એઇ થવા માગીશ નહિ.

ત્હને સુલતાને ગાન આપ્યું હોય તે ખરૂં,

પણ તે પ્રમાણે ત્હેની (સુલતાનની) આબરૂનો પણ ત્હારે વિચાર કરવો જોઇએ.

(૨૧) સુલતાનના સિતમથી દિલગીર થવું નહિ, ત્હેના તરફથી જે સખ્તી કે મુશ્કેલી આવી પડે તે ખૂશી તથા આનંદથી માથે ચઢાવવી; કારણ એવું કહેવાય છે કે, પાદશાહની પદ્વી તથા સત્તાધિશની સતા, વગર કારણે માણુસોને દુ:ખી કરવા મ્હોંડું ઉઘાડાવે છે. આવી રીતે વિચાર કરી તેમની જોડે સારૂંજ રાખવું, ને વખતે જેમ પાદશાહોને ટેવ હોય છે તેમ મગરૂરીને લીધે કાંઇ માણુસને તેઓ બે ખરાબ બોલ કહે તો તે પણ તેમણે સાંભળી લેવા ને તેમનુ ભલું થાય તેવીજ દુઆ દેવી.

(રાજાનાં વચનોને) ગાળ ન ગણુ, એતો આશીરવાદ છે,

જો કાંઇ સખ્તી થાય તો ત્હેને મહેરબાની ગણુવી.

મ્હારાપર ગમે તેટલી જફા આવી પડી તોપણ મ્હેં તો ત્હે-ને મહેરબાની જ ગણી.

(૨૨) જો કોઇ રીતે સુલતાનના ગુસ્સા, કોપ કે ઠપકાને તે પાત્ર થયો હોય તો ત્હેની ફરીઆદ અલબત્ત તેણે કોઇના આગળ કરવી નહિ તેમજ તેને માટે વેરભાવ કે અદાવતને પોતાના મનમાં આવવા ન દેવાં, પણ તેમાં કાંઇ પોતાનીજ ભૂલ થઈ હશે એમ માની લેવું.

હમારા પર ગમે તેટલું તે દુઃખ પડે છે, તોપણ હમે ત્હેની ફરીઆદ કરતા નથી.

ને ઉલટા એમ કહીએ છીએ કે એમાં ગુન્હો હમારો છે.

પણ પછી પોતે એવી કોશેશ કરવી ને મહેરબાની શોધ-વાનો રસ્તો પકડવો કે જેથી તેના ગુસ્સાનું કારણ ખસેડવાનું બની શકે.

(૨૩) સુલતાન કોઇનાપર નાખૂશ થાય કે ત્હેનાપર કાંઇ વહેમ લાવે તો ત્હેનાથી ખમતા રહેવું, તથા પેલા માણસ જોડે બિલકુલ મુલાકાત રાખવી નહિ, કે તે જે સભામાં હોય ત્યાં બેસવું નહિ, તેનાં વખાણ ન કરવાં, તેની તરફથી માફ માગવા જેવું કશું કરવું નહિ. જ્યારે તેને સંબંધે સુલતાનનો રોશ ઉતરે, તથા તેનાપર હવે રહેમ તથા મહેરબાની થશે એમ લાગે ત્યારે પછી એવી ખૂબીથી તેને માટે માફી માગવી કે જેથી તેની પણ સારી લાગણી પોતાના તરફ થાય.

(૨૪) જેમ બને તેમ સુલતાનની મહેરબાની મેળવના રહેવું, ને જેમ તે ખુશી રહે તેમ ચાલવું. એ ચાર રીતે થઇ શકે છે.

(અ) ધર્મથી જે કાંઈ ઉલટું ન હોય તેવી બાબતો વિશે પા-

દશાહ જે કહે તે સાચું માનવું; (બ) તેની અક્કલ તથા યુક્તિઓને વખાણવી; (ક) હેના સારા ગુણો ઝાહેરમાં આણવા; (ડ) તેની એબ તથા બુરાઇઓ ઢાંકવી.

(૨૫) કોઇની છૂપી વાત હમેશ ઢાંકેલી જ રાખવી. બધા ગુણોમાંની શ્રેષ્ઠતા તથા બધી સભ્યતાનો પાયો એમાં સમાયલાં છે. તેથી રાજાને લગતી છૂપી વાતો ઢાંકેલી રાખવા આગ્રહપૂર્વક યત્ન કરવો. આ બાબતમાં સાવચેતી એવી રીતે રખાય છે કે પાદશાહ ઝાહેરમાં જે શબ્દો બોલ્યો હોય, તથા જેની બધા નોકર ચાકરોને પણ ખબર હોય હેને પણ યથાશક્તિ છૂપાવવા તજવીજ કરવી, કે જેથી વાતો છાની રાખવાની આદત પડે, તે પછી છૂપી વાતો છાની રાખતાં અઘરૂં નહિ પડે. જ્યારે આવા માણસ વિશે સુલતાનને ખબર પડેછે ત્યારે પછી કોઇ છુપી વાત ઉઘાડી પડેછે તોપણ તેને વિશેનો વહેમ એનાપર આવતો નથી. કારણ છુપી વાત કોઇ ઉઘાડી પાડે તે સિવાય બહારની સ્થિતિપરથી હુશીઆર માણસ તે પારખી કાઢે છે, તેમજ બીજી કેટલીક રીતે પણ તે જણાઇ આવેછે. આટલા વખતમાં જે જે લોકોને એ છુપી વાત કહેવામાં આવી હોય છે તેમનાપર વહેમ આવેછે, ને તેમને વિશે ખરાબ મત બંધાય છે. ને જેની એવી શાખ પડી ગઇ હોય છે કે આના પાસ બધી વાતો છાની રહી શકે છે, તથા કોઇ પણ છુપી વાત તેની પાસથી બહાર પડતી નથી હેનાપર એવો વહેમ આવતો નથી. ન કરે પરમેશ્વર ને કોઇનામાં છાની વાતો છુપાવી રાખવા જેટલી શક્તિ હોતી નથી, તો તેનું ડોકું તો હમેશા ભયમાંજ રહેછે.

સારી શિખામણ આપનાર પેલો ડાહ્યો પુરૂષ એવું કહી ગયાછે કે,

જો ત્હારૂં માથું સલામત રાખવું હોય તો ત્હારી પાસની છાની વાત પણ તું સલામત રાખી મૂક.

કોઈ એક મ્હોટા પાદશાહે એક પંડિત પાસે કાંઇ શિખામણનાં વચનો માગ્યાં. તેણે કહ્યું, પાદશાહ, બધી શિખામણો આ મ્હોટાં વચનોમાં સમાઇ ગઈ છે. કે 'પરમેશ્વરનો હુકમ માથે ચઢાવ, ને તેનાં સરજાવેલા માણસપર કૃપા રાખ.'

અરે જુવાન માણસ, ઘરડાના આ બે બોલ સાંભળ.

એ એવી વાત છે કે તેમાં આખી વાણીનું મૂળ સમાએલુંછે.

પરમેશ્વર જોડે અદબથી ચાલ ને ત્હેની સેવા કર.

લોકો જોડે નરમાશથી ચાલ ને ભલાઇ કર.

પાદશાહે કહ્યું, હવે શિક્ષા કરવા સંબંધી કંઇ કહે. તે બોલ્યો માણસોને મારી નાંખવા યત્ન ન કરવો. કારણ ઇનસાનના શરીરની ખરાબી કરવી એ રહેલું કામ નથી. ફક્ત ત્રણ જાતના માણસો મારી નાંખવાથી કોઇ પણ દાના માણસ ત્હારો વાંક નહિ કાઢે. (અ) એવો જુલ્મી પુરૂષ કે જે ત્હારા મુલ્કની ખરાબી કરવા માગતો હોય. (બ) એવો અમલદાર કે જે ત્હારો માલ ખાઇ જતો હોય. (ક) એવો અપ્રમાણિક માણસ કે જે ત્હારી છૂપી વાતો ઉઘાડી પાડતો હોય.

એવી વાત ચાલેછે કે કોઇએ નોશીરવાનને કહ્યું કે ફલાણો માણસ ત્હારી વાત ખુલ્લી કરેછે, તે સાંભળી તેણે હુકમ કર્યો કે એને જમીનમાં પૂરી દો, કે તે છૂપી વાત પણ એની જોડે દટાઇ જાય.

જે કોઈ સુલતાનની છૂપી વાત બહાર પાડે છે.
તેને તો અંધારી જમીનમાં દાટવોજ બહેતર છે.

જો છાની વાત તું ઉઘાડી નહિ પાડે તો ત્હારૂં માથું સલામત રહેશે.

કારણ છાની વાત ઢાંકેલી રાખવી એ માથાના રક્ષણ કરવા જેવું છે.

એક પાદશાહે પોતાના કોઇ નોકરને કહ્યું કે ત્હને એક છાની વાત કહું છું, તે તું કોઇને કહેતો નહિ, તેણે પણ કહ્યું, ઠીક, હું નહિ કહું. પાદશાહ બોલ્યો, મ્હને મ્હારા ભાઇ તરફથી બહુ બ્હીક રહે છે, ને તેથી મ્હને મારી નાંખવાનો ત્હેનો વિચાર થાય તે પહેલાં હુંજ ત્હેને પૂરો કરવાનો રસ્તો શોધું છું, તેથી તુ આખો વખત મ્હારૂં રક્ષણ કર્યા કરજે, ને મ્હારા ભાઇ તરફની ત્હને કાંઈ પણ બાતમી મળે ત્હેની મ્હને ખબર કરતો રહેજે. પેલા માણસે બધું કબૂલ કર્યું, ને ફુરસત મળે તે બધી વાત જઇને ત્હેના ભાઇને કહી આવ્યો; પેલાએ ત્હેનો ઉપકાર માન્યો, ને કહ્યું કે ભાઇ ત્હેં ગારૂં ખરેખરૂં કામ કર્યું છે ને તેથી મ્હારાપર ત્હારો હક્ક સાબેત થયો છે, કે ત્હેં મને ખબરદાર બનાવ્યો. હવે હું પણ ચેતેલો રહીશ. પરમેશ્વરના કરવાથી ત્હેનો ભાઈ મરણ પામ્યો, ને પોતે સુલતાનની ગાદીએ આવ્યો. જેવો તે તખ્તપર બેઠો કે તરતજ તેણે પોતાના ભાઇના પેલા ચાકરને બોલાવી મંગાવ્યો, ને હુકમ કર્યો કે એનું માથું ઉડાડી નાંખો. તેણે પૂછ્યું, રાજા સાહેબ, મ્હારો શો અપરાધ થયો છે? પાદશાહ બોલ્યો, મ્હારા ભાઈની છાની વાત ઉઘાડી પાડી તે. તેણે ત્હને જે બધું ઇનામ આપ્યું હતુ, તથા પોતાના વિશ્વાસને પાત્ર બનાવ્યો હતો, તે છતાં તેની કહેલી વાત તું છૂપી રાખી શક્યો નહિ, તો પછી મ્હારો ત્હારા પર કાંઇ પણ વિશ્વાસ

કેમ રહે? એમ કહી પોતે ત્હેને કતલ કરાવ્યો. પેલા માણસે છુપી વાત છાની ન રાખી તેથી અંતે ત્હેનો નાશ થયો.

દારૂ વેચનાર ઘરડા માણસને મ્હેં પૂછ્યું કે મુક્તિનો માર્ગ, કયો છે?

ત્યારે પોતે દારૂનો એક પ્યાલો મંગાવ્યો ને પછી કહ્યું કે, છાની વાત ગુપ્ત રાખવી તે.

પોતાના કામનો વિચાર કરતાં સાત વાતો ધ્યાનમાં રાખવાનીછે.

(૧) જ્યાંથી કાંઇ ચીજ લેવા જેવી ન હોય ત્યાંથી તે લેવી નહિ, જ્યાં આપવી ઘટે નહિ ત્યાં આપવી નહિ. આથી કરીને દુનીઆમાં તેનું બદનામ થશે નહિ, તેમ પેલી દુનીઆમાં નહિ તેને નામોશી મળે કે નહિ શરમાવું પડે.

(૨) અને ત્યાં સુધી કોઇને. દુઃખ થતું અટકાવવું, તથા સૌની જોડે ભલાઇથી વર્ત્તવું. (૩) મન મ્હોટું રાખવું, કારણ તેના સ્વભાવના પ્રમાણમાં કોઇના પર વિશ્વાસ રખાયછે.

ત્હારા મનના પ્રમાણમાં ત્હારાપર લોકોનો ઇતબાર બેસશે.

જેનું મન મ્હોટાઇના ગુણથી શોભીતુ થયું હોયછે, તે દુનીઆની માલમતા જે બહુજ હલકી ચીજછે, તેને માટે લોભ રાખી પોતાના અમૂલ્ય આત્માને અધમ બનાવતો નથી. અને સારી જગા કે માલમતાથી જે ક્ષણિક લાભ મળેછે તેને માટે પોતાની ઉમદા આબરૂનો ભોગ આપતો નથી. કારણ ત્હેનો ઓહ્દો ને પૈસો તો જતાં રહેછે, પણ ત્હેને તો નીચતા ને અધમતામાંજ રહેવું પડેછે.

(૪) પોતાના લોકોપર ગુસ્સે ન થવું, કે દુનીઆનો દોષ ન કાઢવો. ઇસ્લામના એક મ્હોટા ધર્માધ્યક્ષ ઇમામે કહ્યું છે કે દુનીઆના

લોકોને ખૂશ રાખવા માટે તેમના કર્ત્તાનો ગુસ્સો પોતાના પર ખેંચી લેવો, તેમજ રાજાને સુખ કરવા સારૂ લોકો પર જુલમ કરવાનું કામ પોતાને માથે ખેંચી લેવું, પોતાના વહાલા આત્માને નરકના અગ્નિનું બળતણ બનાવવું, ને પોતાનું કાંઈ જ ભલું વિચારવું નહિ, એ અજબ જાતની બદબખ્તી છે.

લોકોને ખૂશી રાખવા માટે,
પરમેશ્વરનો કોપ પોતાના પર ખેંચી લેવાનું ન કર.
શરમ છે, કે બીજાના સુખને સારૂ,
તું મહેનત ને દુઃખમાં પડયો છે.

(૫) સત્તાની કદર બૂજવી, તથા અખ્તીઆરની કીમત સમજવી, તથા પોતાનું કામ એવી રીતે કરવું કે મોતના ઝપાટાની હાલચાલ થયા પહેલાં, તથા આપણા સુખના વિનાશકનું લશ્કર હુમલો લઇ આવે તે પહેલાં,

એકાએક મૃત્યુ ચઢી આવે તે પહેલાં,
જીંદગીનો સૂર્ય નાશના પર્વતની ટોચ પર ચઢે તે પહેલાં,
પોતાનાં સારાં નામ તથા સારા કૃત્યની અસરની સૌને યાદગીરી રહી જાય.

(૬) પોતાની સત્તા તથા ઓહ્દાને લીધે મગરૂર ન થઇ જવું, તથા આબરૂ ઇજ્જતપર ભરોંસો રાખી બેસી ન રહેવું. કારણ ફસાવનારી વૃત્તિવાળા કાળ તથા દુઃખદાયક આસમાનની આફતો આણવાની તથા હેરાનગતી આપવાની ટેવ બહુ જાણીતી છે. થોડાજ વખતમાં, કેટલીકવાર એવું બને છે કે, લખવાના કાગળના વિંટળાઇ જવા માફક, સારા નસીબનું કરારનામું એકદમ વિંટળાઇ જાય છે,

અને નિરાશાની લીટી સુભાગ્યને સુખના પાનાપર દોરાય છે.

માલમતા, ઓદ્ધા, તથા પૈસાને લીધે મગરૂર થવુ નહિ,
કારણ ત્હારા જેવા ઘણા આગળ થઇ ગએલા દુનિયાને યાદછે.'
ગમે ત્યારે એકાએક તુ તો મરી જશે, ને જે ત્હારી પાસે,
હશે, તે અહિ મૂકી જશે, ને ત્હારા શત્રુને સોંપતો જશે.

(૭) માણસો જોડે યથાશક્તિ ભલાઇથી રહેવું, કારણ રાજાની પાસે રહેવાનો તથા રાજાની દરબારમાં કાંઇક સત્તા હોવાનો લાભ એ છે કે, ત્હેની મહેરબાનીનો ફાયદો ખાસ તથા આમને ચખાડવો, ને પોતાના ઓદ્ધારૂપી ભાણામાંથી મહેરબાનીનો કોળીઓ ન્હાના મ્હોટા સૌને ખવડાવવો. એટલું નક્કી જાણવું કે કોઇ જોડે પણ ભલાઇ કરવી એ પોતાને માટે ભલાઇ કરવા જેવું સુખ મેળવવા જેવું છે. એક મ્હોટા ધર્મી પુરૂષે કહ્યું કે, મ્હેં મ્હારી આખી ઉમરમાં કોઇ જોડે ભલાઇ કરી નથી. ત્હેનો એક નોકર બોલ્યો, કે તમારી સાર્વજનિક મહેરબાની, અહસાન ને સખાવત તો હમેશને માટે ટકેલાંછે, ને આ શહેરની વસ્તીનો ઘણો ભાગ તમારી સખાવત ચાખી ગયો છે, ને તમારા કરેલા ઉપકારોથી આનંદ પામ્યો છે, ને તમે એમ કહોછો કે મ્હેં કોઇનું ભલું કર્યું નથી, ત્હેનો અર્થ શું તે સમજાવો. તેણે કહ્યું, હું સાચું જ બોલ્યો હતો. પોતાના ચમત્કારિક પુસ્તકમાં પરમેશ્વરે ફરમાવ્યું છે કે, 'જો તમે ભલાઇ કરો, તો તે તમારા આત્મા તરફજ ભલાઈ કરવા જેવું છે', તેથી જ્યારે ભલાઇનો એવો ગુણ છે કે તે પાછી મ્હારા આત્મા તરફજ વળે છે, ત્યારે એ બધી ભલાઇ મ્હેં મ્હારે માટેજ કરી છે. ભુંડાઇનું પણ એજ પ્રમાણ છે. 'જો તમે ખરાબ કરો, તો તે પણ તમારા આત્માનુંજ તમે નુકસાન કરો છો' 'કારણ ભુંડાઇની શિક્ષા તમનેજ થશે.

જ્યારે હમણા ત્હારાથી બની શકે છે, ત્યારે તો ભલુંજ કર.

ત્હારા હાથમાં ભૂંડું કરવાની સત્તા હોય તો પણ તેમ કરવું છોડીદે.
કારણ ભલાઇનું પરિણામ ભલાઇમાંજ આવશે, ને
જો ભૂંડું કરશે તો ત્હારૂં પણ ભૂંડુંજ થશે.

હવે રૈયત તરફ શી રીતે વર્તવું, તેમાં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે, ઓહ્દા તથા પૈસાની મૂળ મતલબ રાજાની ખૂશી પ્રાપ્ત કરવાની તથા ત્હેના લાગતા વળગતા ને ખુશ રાખવાની નથી. પણ ખરેખરી મતલબ તો એ છે કે રૈયતના પર નજર રાખવી ને શહેરો (મુલક)ની આબાદી કરવી, માટે રૈયત તરફ જોતા રહેવું એ બહુજ અગત્યનું કામ છે. એ બે રીતે બની શકે છે.

(૧) તેમનું રક્ષણ કરવા બાબતના ઉપાયો યોજવા, તથા તેમને મદદ તથા સહાય કરતા રહેવી, કે જેથી તેઓ પોતાનું કામ કરતા અટકે નહિ કે તેમને પોતાની જગા છોડી બીજે જવું પડે નહિ.

(૨) તેમના પર જુલમ થતો અટકાવવો. મ્હોટા માણસો કહી ગયા છે કે રૈયત મેંઢાના જેવી છે, ને સત્તાવાળા અમલદારો તેમના રક્ષક ભરવાડ જેવા છે, તથા પાદશાહ તે મેંઢાંનો માલિકછે; જેમ ઢોરોનો માલિક તેમને ભરવાડને સોંપે છે કે જે ફાડી ખાનારાં પશુ વેગેરેથી તેમનું રક્ષણ કરી સારી જગાએ ચરાવી તેમને માતેલાં કરે, અને પોતે તેનાં સારાં ફળ ભોગવે, તેમ ઉપરિ અમલદારોએ રૈયતનું ઈજા કરનારી ચીજોથી તથા જુલ્મીવરૂ જેવા માણસોથી રક્ષણ કરવું જોઇએ. ને જેમાં તેમનું સાંસારિક કે ધાર્મિક સુખ રેહેલું હોય તેવાં કામ તેમની પાસે કરાવવાં જોઇએ. તેમણે મેળવેલા ફાયદા તથા કરેલી કમાઇઓની ખબર પાદશાહને પહોંચાડવી જોઇએ. તેમની સ્થિતિથી અણવાકેફ ન રહેવું કે જેથી જુલ્મી માણસોની જેમ ખુશીમાં આવે તેમ તેમની જોડે તેઓ વર્ત્તે.

તું ભરવાડછે, માટે હમણાં જેટલો લાભ લેવાય તેટલો લે,

ને જુલ્મ રૂપી પશુથી હારાં ઢોરોનું રક્ષણ કર.
ડાહ્યા માણસો એવાત પસંદ કરતા નથી, કે
ભરવાડ ઉંઘે ને તેના ઘેટાના ટોળામાં વરૂ પેસી જાય.

ઉપરી અમલદારોએ કેવી રીતે વર્તવું જોઇએ તે વિશે જ્યારે ટૂંકાણમાં થોડા શબ્દો કહેવામાં આવ્યાછે, ત્યારે હવે ઉમરાવો, વજીરો મુનશીઓ, તથા દરબારીઓ એ કેમ ચાલવું ત્હેને વિશે થોડું જણાવવામાં આવશે. ઉમરાવોએ બાર વાતો ધ્યાનમાં રાખવાનીછે.

(૧) પોતે લોકો પાસથી જેટલી ખિદમતની આશા રાખતા હોય તેટલીજ પરમેશ્વરની સેવા પોતે કરવી, તેથી ઓછી કરવાનો વિચાર પણ આણવો નહિ. તેથી પરમેશ્વરની જેટલી ચાકરી કરવાની ખાહેશ તેઓ રાખેછે, તેના કરતાં લોકો ત્હેમની વધારે ખિદમત ઉઠાવે એવી તેમણે આશા રાખવી, એ કાંઈ ઠીક કહેવાય નહિ.

જો તું ઇશ્વર તરફ જોતો રહેશે,
તો તે ત્હારા તરફ પણ જોશે.

(૨) કોઇએ ઉપકાર કર્યો હોય તો તે બાબત તેનો હક ધ્યાનમાં રાખવો. પોતાના પર મહેરબાની કરનારનો હક ભૂલી ન જવો તથા તેની સામે થવાનો રસ્તો પકડવો નહિ. કારણ કૃતઘ્નતાનાં પરિણામ બહુ ખરાબ આવેછે. તેમાંનું એક એછે કે કોઈ રાજા ત્હેનો વિશ્વાસ કરતો નથી, તેમજ બીજા સઘળા માણસો તેના પર એતબાર રાખતાં નથી. વળી કોઇ કૃતઘ્ન માણસની ઇચ્છા પાર પડતી નથી, ને આખરે તેનાંપર બદબખ્તી તથા દુઃખ આવી પડેછે.

ઉપકાર તો હમેશ ધ્યાનમાં રાખવો જોઇયે,
પાદશાહનું માન હમેશા રાખવું જોઇએ,
જે કોઇ પોતાના પર ઉપકાર કરનાર તરફ જોતો નથી
તેના તરફ સુભાગ્ય તથા પૈસા નજર કરતા નથી.

ખરી મનુસાઇની રીત તો એવી કહેવાય છે કે આપણા પર ઉપકાર કરનારની તરફથી કોઇ વખતે જો કાંઇ આપણને ખોટું લાગવા જેવું કામ થયું હોય કે કાંઇ ઈજા પહોંચી હોય તો તેને તેના તરફથી જે ફાયદો મળ્યો હોય ને લાભ થયો હોય તેને મુકાબલે ભૂલી જવા જોઇએ ને નજીવાં જેવાં ગણી કાઢવાં જોઇએ. કે જેથી તે ઉપકારનો બદલો વાળ્યો કહેવાય.

આવી બીજી સો આફતો આવી પડે તોપણ ત્હારી શેરી આગળથી હમારે ખસવું ઘટતું નથી.

સિંહજેવા બહાદૂર પુરૂષોને દરેક વખતે જખમી થતાં પોતાની જગાએથી ખસવું ઘટતુ નથી.

એવું કહેવાય છે કે કોઇ શેઠ પાસે એક હુશીયાર ને ડાહ્યો ગુલામ હતો. એક દહાડો તે ગુલામને લઇ શેઠ બાગમાં ગયો, ને ત્યાં ફરતાં ફરતાં કાકડીના એક માંડવા આગળ આવી પહોંચ્યો. તેમાંથી એક કાકડી તોડી ગુલામને આપી, તેણે તેને છોલી નાંખી એવા સવાદ સાથે ખાવા માંડી, કે તે જોઇ તેમાંથી થોડી શેઠને પણ ખાવાનુ મન થયું. તેમાંથી કટકો લઇ પોતે ખાવા માંડયો, પણ ચાખતાં વારજ તેની કડવાશ તેને જણાઇ આવી, ને તેથી પૂછ્યું," અરે ગુલામ, આવી કડવી કાકડી આટલા બધા સવાદથી તુ કેમ ખાતો હતો? તે બોલ્યો, શેઠ સાહેબ, આ કાકડી તમે મને આપી હતી, ને મ્હેં તમારે હાથે બહુ મીઠી ને માલદાર વસ્તુઓ ખાધી છે. તેથી મ્હને શરમ લાગી કે એક આજ કડવી વસ્તુ ખાતાં મ્હારા મ્હોડું કટાણું કરવું પડે.

ત્હારે હાથે મ્હેં ઘણી જાતના મીઠા શરબત પીધા છે.

તોપછી એક વખત કડવો શરબત પણ પીવો પડે તો તેની ફિકર નથી.

આ વાત શેઠને પસંદ પડી ને તે બોલ્યો, જ્યારે મ્હારા ઉપકારનો બદલો ત્હેં આવી રીતે વાળ્યો છે, ત્યારે હવે હું તને ગુલામગીરીમાં રહેવા દઇશ નહિ. તેથી ત્હેને છૂટો કરી, પોતે બહુ ઇનામ પણ આપ્યું.

(૩) ઉમરાવોના કામની ત્રીજી રીત એ છે કે પોતે એવો પ્રયત્ન કરવો કે પોવાની જગા હોય ત્યાંથીજ માલમતા મેળવે, રાજા પાસથી નહિ. મતલબ, જ્યારે તેમના હાથમાં સત્તા આપવામાં આવી છે ત્યારે તો પોતેજ મહેનત કરી માલ મેળવવો જોઇએ. રાજાના માલપર લોભની નજર ન નાંખવી જોઇએ. માલને સૌ કોઈ ચહાય છે, ને કોઇ બીજો જેને ચહાતો હોય તેના તરફ નજર નાંખે છે, તેને તેની જોડે દુશ્મની થાય છે. વળી ડાહ્યા માણસોએ એવું કહ્યું છે કે સુલતાન પાસે લાભ મેળવવાનાં સાધન લેવાની આશા રાખવી પણ લાભ લેવાની ન રાખવી. દાખલા તરીકે, અમલદારી માગવી કે જેનાથી માલ મેળવી શકાય, ને મ્હોડે રાજા પાસે કાંઇ માગવાની જરૂર ન પડે, તેમ તેમાંથી પાછો ફાયદો પણ પ્રાપ્ત કરી શકાય. કારણ ફાયદો રાજ્યની મારફત મેળવવો રાજા પાસથી નહિ.

(૪) માલ તથા ઓહ્દો ભોગવવાના જે સઘળાં સાધન પોતાની પાસે હોય તેમાંથી મતલબ એ સાધવાની છે કે પાદશાહની શોભા વધારવી તથા તેની દરબારને સુશોભિત કરવી, પોતાનું ઘર શોભાવવું નહિ. કારણ એમ કરવું વધારે અદબ ભરેલું છે, ને ઉપકારનો બદલો વાળવા માટે વધારે લાયક ગણાય છે. બલ્કે એમ કહીએ તો ચાલશે કે એ બધા સાધનોની મતલબજ એ છે.

(૫) જે કામને માટે તેમને નીમ્યા હોય તેમાં રાજાને શોભતુંજ જે કામ હોય તેને મળતું કામ પોતે કરતાં અટકવું. દાખલા તરીકે, તેવાં મકાન, કપડાં, ખાણપીવાનાં, સવારી કરવાનાં વગેરે પોતે વાપરવા નહિ. કારણ એમ કરવું એ અદબ છોડવા જેવું છે. વખતે

એવુંજ બને કે તે ચીજથી ત્હેને ઇજા પહોંચે, અને તેમાંથી તેની હલાકી થાય.

(૬) ધર્મથી ઉલટું કાંઇ કામ પાદશાહે ન કર્યું હોય તો તેના દરેક કામ માટે તેની પ્રશંસા કરવી, ને તે વિશે તેનાં વખાણ કરવાં.

જો દીવસ હોય તેને રાજા એમ કહે કે આ રાત છે,
તો એમજ કહેવું ક જૂઓ, પેલા ચંદ્ર ને તારા દેખાય.

દરેક અકલમંદ માણસ જાણે છે કે દુનીઆમાં કોઇ એવું કામ નથી કે જેને માટે બે રીતે વિચાર ન થઇ શકે, એક સારી રીતે ને એક ખરાબ. માટે પોતે દરેક કામનું સારાપણું મેળવવા યત્ન કરવો, ને પછી તે પાદશાહને કહેવું, ને જો તે કરવું સલાહ ભરેલું ન લાગે તો પછી ડહાપણ ભરેલી યુક્તિઓ કરી પાદશાહની ખાતરનિશાન કરી આપવી.

(૭) પોતાનું ધ્યાન પહોંચે તેના કરતાં ઉલટો કાંઇ મત સુલતાન ઉચારે અથવા તો એવાં વચનો બોલે કે જેથી તેના મનને ખોટું લાગે તો પણ પોતે તેને મળતા થવું, ને તેને તાબે થવું, ને નક્કી સમજવું કે ગમે તેવો તોપણ તે સુલતાન ને પોતે તો ચાકરજ છે. માટે ચાકરે તો સુલતાનને તાબે થવુંજ જોઇએ. સુલતાન પોતાના મત જોડે મળતો થાય કે તેના કહ્યા પ્રમાણે ચાલે એવી આશા તેણે રાખવી ન જોઇએ.

(૮) પોતાના ઓદ્દાને લીધે તથા રાજાની મહેરબાનીને લીધે મગરૂર ન થઇ જવું, ને પાદશાહ ગમે તેટલું માન આપે ને મહેરબાની રાખે તો પણ પોતાની હદ કરતાં આગળ વધવું નહિ. ઇબ્નિ-ઉલ મુકનેની સભ્યતા વિશેની ચોપડીમાં લખેલું છે કે જો સુલતા ત્હને ભાઈ તરીકે ગણે તો પણ તુ ત્હેને ત્હારો શેઠજ ગણજે; ત્હને છોકરા તરીકે ગણે તોપણ તુંતો તેને પોતાના ઉપરી તરીકેજ જાણ-

જે, જેમ જેમ તે ત્હને વધારે માન આપે તેમ તેમ તું ત્હારી નમ્રતા ને ત્હેની ખિદમતગારીમાં વધારો કર્યા જજે.

રાજા તો બેહદ મહેરબાની બતાવે,

પણ નોકરે તો પોતાની કદર સમજવી જોઇએ.

વળી એટલું તો જાણવું જોઇએ કે બહુજ સત્તાવાળો ને અતિશય અખ્તીયારવાળો કોઈ અમીર એવું કામ કરે કે જે સુલતાનના ફરમાન જેવું કે તેના તરફથી થતી સજા જેવું લાગે તો અલબત્ત ત્હેના ઉમદા સ્વભાવને તે કામ ખોટું તો લગાડે છે. વખતે બહારથી પોતે બતાવે નહિ તો પણ મનમાં તે વાત પોતે રાખી મૂકે છે.

સુલતાનના મુલકમાં તું ચાલે તેવું કર નહિ.

કારણ પાદશાહથી કોઇ પોતાનો ભાગીઓ થાય તે ખમાતું નથી.

એવી વાત ચાલે છે કે સુલતાન મહમૂદ ગાઝીના ભાઇએ પોતાના ખરીદેલા ગુલામોમાંથી એક જણે બહુ મ્હોટો ગુન્હો કર્યો હતો તેને પોતાની પાસે ઘસડી લાવવાનો હુકમ કર્યો, ને તેને પોતાની સમક્ષ લાકડીઓ વતે માર મરાવ્યો. ગુલામ સુલતાન પાસે ફરીયાદ કરવા ગયો. તે સાંભળી તેણે હુકમ કર્યો કે પાદશાહોની દરેક નિશાની, જેવી કે ઢોલ, નગારાં, ડંકા, નિશાન વગેરે મ્હારા ભાઇને ત્યાં લઇ જાઓ, આવી સ્થિતિ જોઇ તેનો ભાઇ ગભરાતો ગભરાતો એકદમ સુલતાનની દરબારમાં દોડી આવ્યો ને નમ્રતાપૂર્વક પોતાનું માથું જમીનપર મૂકી બોલ્યો, સેવકે શું અપરાધ કર્યો છે, ને કયું પાપ માથે વ્હોરી લીધું છે કે જેથી ત્હેને બારણે પાદશાહીનાં નિશાન ડંકા મોકલવાં પડ્યાં? સુલતાને કહ્યું, જો પાદશાહ હોવાનો મ્હારો હક હોય તો પછી લોકોને પકડી મંગાવી લાકડીઓ ત્હારે શા માટે

મરાવવી જોઇએ'? ખરૂં જોતાં જે થયું હતું તેની ત્હારે મને અરજ કરવી હતી. હું ત્હેની તપાસ કરત, ને શેઠથી ચાકરને કે ચાકરથી શેઠને શરમાવું ન પડે તેવું હું કરત. પરમેશ્વરે મ્હારી રૈયત મને સોંપી છે, તેથી ત્યાં જવાબ તો મ્હારે આપવો પડશે, ત્હારે નહિ. પછી તેના ભાઇએ બહુ માફ માગી ત્યારે તેના અપરાધની પોતે ત્હેને ક્ષમા આપી.

અનુભવી માણુસો શિક્ષા કરવામાં વચમાં પડતા નથી.
કારણુ તે કરવાનું કામ તો રાજાઓનુંજ છે,
રાજાની દરબારમાં બહુ આગળ પડતા રહેવું નહિ.
રાજાઓનાં કામ રાજાઓનેજ સોંપવા.

(૮) લશ્કરનું કામ હંમેશા અમીરોને સોંપવામાં આવેલું હોય છે, તેથી તેમણે સુલતાનને એવી રીતે સમજાવવા જોઇએ કે હમેશાં તેમનું લશ્કર આયુધ સજેલું, તથા જયારે જોઇએ ત્યારે લડાઇને માટે તૈયાર તથા સજ્જ થએલું રહે. કારણુ દુનિયા એ આફતની જગા છે. કોઈ જાણુતું નથી કે આફત કયારે આવશે, ને બંડ કઈ દિશામાં જાગશે. જો સુલતાન ફક્ત પૈસો ભેગો કરવામાંજ મશગૂલ રહે, ને લશ્કર ભેગું ન કરે તો જરૂરની વખત તેના હાથ હેઠા પડે છે. લશ્કર પૈસા વડે ભેગું થઈ શકે છે, ને મુલકો લશ્કર વડે સર થાય છે 'લશ્કર વગર મુલક નહિ, ને પૈસા વગર લશ્કર નહિ.'

દુનિયાના દેશ લશ્કરથીજ જીતાય છે.
લશ્કરની ગોઠવણુ પૈસાથી થાય છે.

એક સુલતાને પોતાના એક અમીરની સલાહ પૂછી કે, પૈસો ને લશ્કર એ બે વિષયમાંથી કોને માટે શું કરવું ત્હેની મને સમજ

પડતી નથી, જો પૈસા ભેગા કરવા માંડુ છું તો લશ્કર વેરણખેરણ થઈ જાય છે, ને જો લશ્કરની ગોઠવણ કરવામાં રહું છું તો પૈસો હાથમાં નથી રહેતો. અમીરે કહ્યું કે, પૈસા ભેગા કર. સુલતાન બોલ્યો તેમ કરૂંછું તો લશ્કર વેરણખેરણ સ... ... ... અગી કહ્યું, સિપાઇઓ જતા રહે તો જવા દે, જ્યારે જ... ... ... તમ... પૈસો આપજે, તેઓ પાછા આવશે. સુલતાને પૂછ્યુ તું કહે છે ... વાતની કાંઈ સાબિતી ત્હારી પાસ છે. ત બોલ્યો ... જૂવો ... ખાલી ઓરડામાં એક માખી નથી હવે ... મધનું ... એક વાસણ લાવવાનો હુકમ કરો. મધ આવતા ... ... માખીઓ ભેગી થઈ ગઈ. પછી તેણે કહ્યું, હું કહેતો હતો ... માખો જોઈ લો. સુલતાન તે સાંભળી ખૂશ થયો, ને ત્હેનાં વખાણ કર્યાં પછી તેણે એ વાત એક બીજા અમીરને મ્હોડે કરી તેણે કહ્યું, લશ્કરનો બંદોબસ્ત કરી રાખો ને સિપાઇઓને પોતાની ... ... ન આપશો, વખતે જરૂરને પ્રસંગે તેઓ ભેગા થઈ આવે ... ... થાય. સુલતાને પૂછ્યું, એ વાતની કાંઈ સાબિતી તમારા પાસે છે? તેણે કહ્યું હા, છે આજે રાત્રે બતાવિશ. પછી રાત્રે તેણે મધનું ... મંગાવ્યું, પણ એક માખીસરખી પણ તેપર દેખાઇ નહિ ને ઉપરથી તે બોલ્યો કે, જેમનાં મન કોઇ અમુક માણસપરથી ઉતરી ગયાં હોય છે, ને ત્હેને વિશે ધિક્કારનો અધિકાર તેમનાપર વ્યાપી ગયો હોયછે, તે વખતે ગમે તેટલો પૈસો વેર્યા છતાં પણ તેઓ પાછાં તેની તરફ વળતાં નથી. મ્હને એ વિશે એક વાત યાદ છે રાજાએ કહ્યું તે શું છે, તે મને કહે અમીર બોલ્યો,

મિસર દેશમાં એક સુલતાન હતો, તે પૈસોજ ભેગો કર્યા કરતો હતો, ને પોતાના લશ્કરની સ્થિતિની બિલકુલ ખબર રાખતો

નહિ. જે માલ હાથમાં આવતો તે પેટીઓમાં મૂકી દેતો, ને ત્હેનું પુષ્કળ રક્ષણ કરતો. એવું બન્યું કે સિરિયા દેશના હાકેમે લશ્કર ભેગું કરી તેની જોડે લડાઇ કરવા મિસર તરફ આવવાનો વિચાર કર્યો. આ ખબર ત્યાં આવી પહોંચી. તેના એક અમીરે તેને કહ્યું કે સિરિયાનો હાકેમ લશ્કર ભેગું કરે છે, કે જે લઇ ત્હારી જોડે લડાઇમાં ઉતરે. તે પૈસો આપે છે, ને માણસો ભેગાં કરે છે, ત્હારાં માણસો કયાં છે, ને ત્હારૂં લશ્કર શું કરે છે? પાદશાહે પેટારાઓ તરફ ઇશારત કરી કહ્યું કે મ્હારાં માણસો એમાંની કોથળીઓમાં છે, ને મ્હારાં લશ્કર એ પેટારાઓમાં છે. મ્હારે જ્યારે જોઇશું ત્યારે તેઓ બહાર પડશે. આવા વખતમાં સિરિયાના હાકેમે હુમલો કર્યો ને તેના પર ફતેહ મેળવી, ને પેલા પેટારાઓ પોતાના તાબામાં લઇ લીધા. ને તે જોઇ બોલ્યો, કે, જો આ પૈસા છે તેણે લડવૈયા માણસો ને બહાદુર લડવૈયાઓ ભેગા કર્યા હોત તો આ પ્રમાણે તેની હાર થાત નહિ.

જો પૈસો આપે તો માણસો મળે,
જો ન ખરચે તો થોડીવારમાં હાર ખાવી પડે છે.

(૧૦) રાજની સલામતીને સારૂ હમેશા જાસૂસો તથા ખબર રાખનારાઓને મોકલ્યા કરવા કે તેઓ દરેક દિશામાંથી ખબર લઇ આવે, ને જે બાજૂથી બંડ ઉઠવાનું હોય તે શમાવવાને કોશેશ કરે.

એમ કહે છે કે એબાદનો છોકરો સાહેબ, દયલમી વંશના સુલતાન રૂક્ન–ઉદ–દોલાનો નોકર હતો. તે પોતે ઘણો વખત શીરાઝ શહેરમાંજ ગાળતો. એક વખત એવું બન્યુ કે લાગલાગટ ત્રણ દીવસ સુધી તે સુલ્તાન પાસ જઇ શક્યો નહિ. ચોથે

દહાડે સવારે તે સુલતાનની ખિદમતમાં હાઝર થયો, ત્યારે તેણે પૂછ્યું કે ત્રણ દીવસ ઘેર રહી ગયો તેનું શું કારણ? તેણે જવાબ આપ્યો, ચીનના ખુતા નામના મુલક તરફથી આપણા એક જાસૂસે આવી મને એવી વાત કહી કે ત્યાંનો ખાન રાત્રે પોતાના સુવાના ઓરડામાં જતો હતો ત્યારે છાનામાના પોતાના એક કારભારીને તેણે કાંઈ વાત કહી. ત્રણ દહાડા થયા હું વિચારમાં હતો કે તે શી વાત હશે. તેની તરફથી કાંઇ ઇજા આવી પડે તે દફે કરવાના ઉપાય હું યોજતો હતો, ને આપણા લશ્કરની હાલતની તપાશ કરતો હતો. આજે સવારે એક બીજો કાસદ આવ્યો તેણે કહ્યું કે એ પોતાનું લશ્કર તૈયાર કરતો હતો. પણ તેને તેણે પોતાનાજ મુલકમાં એક જમાએ મોકલી આપ્યું છે. એ સાંભળી મ્હારા મનને નિરાંત થઇ. ને તેથી તમારી નોકરીમાં હું હાઝર થયોછું. અમીરો ને વજીરો પોતાના સુલતાનના કારભારની એટલે બધે દરજ્જે તપાસ રાખતા હતા, અગરજો કે ઇરાનનું શહેર શીરાઝ ક્યાં છે ને ચીનનો મુલક ખુતાક ક્યાં આવેલો છે તોપણ, આ ઉપરાંત આગળ જાસૂસો વગેરેના પ્રકરણમાં એ વિશે બેત્રણ વાતો કહેલી છે.

જ્યાર મુલકનો કારભાર ત્હારા હાથમાં છે, ત્યારે ત્હારે એવી કોશેશ કરવી,

કે આજૂ બાજૂ બધી દિશાની ત્હને ખબર રહે:
ગુસ્સાની તલવારથી બંડખોરોનાં માથાં કાપી નાંખ,
આફતના તીરને પાછું હાંકી દુનિઆની ઢાલરૂપે થા.

(૧૧) ગરીબ માણસોને સુલતાન પાસે પહોંચાડવાનું સાધન થવું તથા ઇનસાફ માગનારાઓ અને નૈમનાપર જુલમ થયો

હોય તેવા માણુસોને સુલતાન પાસે લઇ જવાનું પોતે સહેલું કરી આપવું જોઇએ, કે જેથી પોતાના મનનું દુઃખ તેઓ ઇનસાફની ઔષધશાળાના વૈદ પાસે કહી, પોતાની ઇચ્છા પાર પાડવા રૂપી. સાજા થવાની દવા પીએ. જે અમીરની બ્હીકથી રૈયત સુલતાનની પાસે જતાં અટકે છે તે સાફ પાણીના ઝરામાં પડેલા મગર જેવો છે. તરસ્યા માણસોના હોઠ તે પાણી પીવા સૂકાતા હોય તોપણ પેલા મગરની બ્હીકથી તેમનાથી ત્હેની પાસે અવાતું નથી.

ત્હારા હાથમાં સત્તા હોય ત્યારે તો એવુંજ કર,
કે ગરીબ લોકો ત્હારાથી સુખ પામે.
એવી રીતે ન ચાલ કે જેથી, ત્હારા જુલ્મી હાથને લીધે,
દુઃખના પગ નીચે તેઓ કચડાઇ જાય.

(૧૨) પોતાના ઉપરિ પોતાની જોડે જેવી રીતે વર્તે એવું પોતે ચહાતો હોય તેવીજ રીતે પોતે પોતાના હાથ તળેના માણુસો જોડે વર્તવું. સત્યપણે કહેવાયલી દંતકથામાં આવેલું છે કે 'જે કોઈ બીજાપર રહેમ લાવતો નથી, તેનાપર પરમેશ્વર રહેમ લાવતો નથી.' જે લોકોપર દયા લાવતો નથી તેનાપર બીજી પણ દયા લાવતા નથી. વળી બીજા દંતકથામાં કહેલું છે કે, "હમારા કરતાં જે નીચા હોય તેનાપર દયા રાખજો, કે જેથી તમારા ઉપરિ તમારાપર દયા લાવે."

ખબરદાર, આપણાથી ઉતરના દરજ્જાના માણુસોની દયા ખાવી,
કારણ કાળની મ્હોટી સત્તાથી બ્હીતા રહેવું જોઇએ.
દુનીઆના લોકો, જોડે એવી વર્ત્તણૂક રાખ,
કે જેના જેવી પાછી ત્હારે તેમની પાસે રખાવવી હોય.

હવે વજીરોને જે અદબ પ્રમાણે ચાલવાનું છે તે બીજા બધા દરબારીઓ કરતાં ઘણી વધારે છે. સુલતાનની દરબારમાં વજીરાત કરવી તેનાથી બીજું કોઇ કામ વધારે મુશ્કેલ નથી; કારણ તેનાપર લોકો પુષ્કળ અદેખાય છે, ને પાદશાહના ઘણા નોકરો તેની ઇર્ષા કરતાજ હોય છે. ખાસ કરીને જે લોકો આમદની ને ઓહ્દામાં તેના ભાગીઆ બરોબરીયા હોય છે તે તો ઘણુંજ વેર રાખે છે. તેથી હમેશ તેની જગા પડાવી લેવાનો તેઓને લોભ હોય છે, ને કપટ તથા છળની જાળ પાથરીને એવી વાટ જોતા બેઠા હોય છે કે તેને એવા સકંજામાં લાવી નાંખવો કે જેમાંથી તેનાથી છૂટી શકાયજ નહિ. આવું હોવાને લીધે તેની વર્તણૂકમાં સૌથી સરસ યુક્તિ તેણે સત્યતા તથા નિર્લોભિપણાની રાખવી. વજીરાતના કામકાજમાં એક વાત એવી ન કરવી કે જેથી તેઓ તેની સામે આંગળી સરખી પણ કરી શકે. ડાહ્યા માણસો કહી ગયા છે કે જ્યારે કોઇ માણસ પોતાનું કામ શુદ્ધ અંતઃકરણથી કરે છે ત્યારે તેની ગીબત કરનારા–ભૂલ કાઢનારાઓ–નું કાંઇ ચાલતું નથી.

ત્હારી પાકદામનની ગીબત કરવાની કોનામાં શક્તિ છે?
કારણ ગુલાબની પાંખડીપર જે પાણીનું ટિપું પડેલું હોય છે, તેના જેવી શુદ્ધતા ત્હારામાં છે.

બૂઝર જમહીરને પૂછ્યું કે વજીરાત કરવાને લાયક કોણ કહેવાય? તેણે કહ્યું, જેનામાં, ચાર, ત્રણ, બે ને એક હોય તે. તેઓએ તેની તફસીલ પૂછી. તેણે કહ્યું, ચારમાંની એક એવી જાતની હુશીઆરી કે જે દરેક કામનું શું પરિણામ આવશે તે જોઈ શકે છે. બીજી, એવી જાતની જાગૃતિ કે જે વખત આવ્યા પહેલાં પોતાને

આફતમાં નાંખે નહિ. ત્રીજી, મ્હોટાં કામ કરવાંમાં મનની બહાદૂરી. ચોથી, મનની મ્હોટાઇ. ત્રણમાંનો પહેલો ગુણ એકે જ્યારે ખિદમતગારો તરફથી પોતાની નોકરી સારી રીતે થાય ત્યારે તેના બદલામાં ત્હેમને ખૂશ થાય તેવું ઇનામ આપવું. બીજો, એ કે જે માણસો ત્હેનો હુકમ ન માને, ત્હેમને ઠપકો આપવો. ત્રીજો ત્યારે એ કે જમાનાની આફતો આવી પડે તેને માટે હમેશ તૈયાર રહેવું. એમાંથી પહેલો એ કે, પાદશાહની તરફેણ હમેશ ખેંચવી. બીજો એકે રૈયતની સ્થિતિથી પણ ગાફેલ રહેવું નહિ; ને છેલ્લો એક ગુણ, એ કે કોઈ પણ કામમાં પરમેશ્વરને ભૂલવો નહિ. દંતકથામાં એવું કહેલું છેકે, જ્યારે પરમેશ્વર કોઇ અમીરને એટલે જે કોઈ હાકેમનું સત્તાધિશ માણસ હોયછે, તેને સુખ આપવા માગેછે ત્યારે ત્હેની પાસે શુદ્ધ અંતઃકરણ તથા સત્ય વચન વાળો વજીર આપેછે, કે ઇનસાફના કામમાં તે જરા ભૂલ કરે તો ત્હેનો વજીર તેને તે બાબત યાદ કરાવે, ને જો તે ત્હેને યાદજ હોયછે, તો તે પ્રમાણે ચાલવામાં વજીર ત્હેને મદદ કરેછે. જો પરમેશ્વરને ત્હેને સુખ આપવું નથી હોતુ તો ત્હેને ખરાબ પ્રધાન આપે, કે જેથી તે ઇનસાફ આપવામાં કાંઇ ભૂલ કરે તો ત્હેને તે વિશે તેયાદ દેવડાવતો નથી, ને જો યાદ હોયતો તેમાં મદદ તથા સહાય નથી કરતો નથી. તેથી જે વજીરમાં સત્યતા તથા શુદ્ધતાના ગુણ હોયછે, તે ઇનસાફના કાયદા પ્રવર્તાવવામાં રાજાનો મદદગાર થઇ પડેછે.

જે વજીરો, ગરીબ માણસોપર, દયા કરેછે,'

તે રાજના દીવા પ્રકાશાવનારા છે.

જે વજીર, પોતાના ઓદ્ધાનીરૂયે જુલમ કરવાનુંજ સંમજ્યો હોય છે,

તેનાથી તે સુલતાનનું નામ શી રીતે તાજું રાખી શકાશે?

વજીરોને પણ ૧૯ વાતો ધ્યાનમાં રાખવાની છે.

(૧) પરમેશ્વરના તરફ જોઇ હમેશ કામ કરવું; આ વાત સર્વોપરિ છે. કારણ જે માણસ પરમેશ્વર તરફ નજર રાખી કામ કરતો હશે, તે અલબત્ત પોતાની સ્થિતિ તથા હાલત પણ ધ્યાનમાંરાખી કામ કરશે, ને અયોગ્ય કામ કરતાં દૂર રહેશે તથા અટકશે.

(૨) સૌનું સરખાપણું ધ્યાનમાં રાખવું, ને રાજા, લશ્કર, કે પ્રજા એ ત્રણેમાંથી કોઇના તરફ બિલકુલ ઢળતા રહેવું નહિ. કે કોઇને અન્યાય થાય નહિ. વજીરાત કરવામાં બહુજ નાજુકી ભરેલું કામ તથા મુશ્કેલ કાર્ય આ જ છે.

(૩) કોઈ પણ કામ શરૂ કરતાં પહેલાં ત્હેનો અંત શું આવશે તે જોવું, ને ત્હેનું પરિણામ કેવું થશે તેનો ખૂબ વિચાર કરવો કે જેથી આખરે પસ્તાવું પડે નહિ ને દિલગીરી રૂપી હાથ આશ્ચર્ય રૂપી દાંતે કરડવો નહિ પડે.

જે કામ માથે લીધું હોય,
તેના અંતનો પહેલેથી ખૂબ વિચાર કરવો.
જો ઠીક અંત આવે તેવું હોય, તો તો તેમ કરવું;
જો સલાહ ભરેલું ન હોય તો તે છોડી દેવું.

(૪) સારા કાયદા ઘડવા; કારણ દંતકથામાં કહેલું છેકે જે માણસ કાયદા ઘડેછે, ને વખાણવા લાયક રસ્તાઓ પાડેછે ત્હેને ત્હેનો બદલો મળેછે, તથા તેને અંગે જે સારાં કામ થાયછે, તેનો પણ બદલો મળેછે; જે કોઇ ખરાબ રીત રિવાજ ચલાવેછે, તથા વખોડવા લાયક રસ્તાઓ પાડેછે, તેને માથે તેને લીધે થતા ગુનાહનો બોજો,

તથા ત્હેને અંગે થતાં ખરાબ કામોનું પાપ રહેછે.

અરે, તું, જે રાજાનાં કામમાં મશગૂલ હતો, તે
જો એમ ચહાતો હોય કે હમેશ ત્હારાં માન ને મોભો રહે,
તો સમય રૂપી પાનાપર એવી રસમ પાડ,
કે જેને લોકો તથા પ્રભુ બંને પસંદ કરે.

(૫) મુલ્કી કામોમાં પોતાની હુશીઆરી બતાવી આપવી. એ બાબતમાં જે જે કાર્યોમાં વજીરે એ પોતાની હુશીઆરી બતાવી આપવાનીછે, તેની અહિં લખો શકાય નહિ તેટલી બધી સંખ્યાછે.

બુરે વંશના એક સુલતાન ઇઝદ–દ દૌલાની પોતાના વજીર અબુઅલી ખીઝરીપર ઇતરાજી થઇ, ને તેની પાસે નાગી તરવાર સાથે પોતે એક કાસદ મોકલ્યો, ને કહ્યું કે આ તલવાર એની પાસે મૂકજે. પેલા કાસદે તે પ્રમાણે કર્યું, ને કાંઈ બોલ્યા ચાલ્યા વગર ઉભો રહ્યો. વજીરે તેના તરફ કલમ ફેંકીને કહ્યું કે, જા, ત્હને આ જવાબ આપવાનો છે. પછી પોતે સુલતાનનું કામ કાઢી નાંખવાનો રોજગાર લઈ બેઠો, ને કાગળો લખી લખીને ત્હેના બધા દરબારી અમલદારોને પોતાના પક્ષમાં ખેંચી લીધા. આ જોઇ તેણે તેને પકડી કેદ કર્યો ને ત્હેનો બધો મુલક સુલતાનના મુલક જોડે જોડી દીધો.

સઘળા ડાહ્યા પાદશાહોનો કારભાર,
વજીરોની સલાહથી શ્રેષ્ઠતા પામેછે.

(૬) રાજા કાંઈ એવું કરવા માગે કે તેથી રાજની આમદની ને તથા બીજા ખાતાંઓને તેમાં નુકસાન થાય તેવું હોય તો પોતે તેથી રાજી થવું નહિ; પણ ભરી સભામાં તો ત્હેને પસંદ કરવું, ને

બધી મિજલસી વચ્ચે તે ખોટું છે, એમ જણાવવું નહિ. તેણે જાણવું જોઇએ કે રાજાનો મત એ પર્વતના શિખરપરથી ધસી આવતા પાણીના ઝરા જેવોછે. કોઈ એમ ધારે કે એકે તડાકે હું એનો વહેો એક બાજૂએથી બીજી બાજૂએ ખસેડું તો તે હેના વમળમાં પડી નાશ પામેછે. પણ જો મન ધાલી તેમાં મંડે તો. ને સભ્યતા તથા સાવચેતી રાખી નરમાશથી તેની એક બાજૂએ ઘાસ તરણા વગેરેનો મ્હોટો ડુંગર ગોઠવી દે, તોપછી જે બીજી બાજૂએ હેને વાળવો હોય તેમ વાળી શકેછે. તેવીજ રીતે પાદશાહનો કાંઈ ફિસાદ કે ભૂલ ભરેલો મત ફેરવવાને નરમાશ ને યુક્તિના રસ્તા લેવા જોઇએ. ફલાણું કરો ને ફલાણું નકરો, એવા હુકમ કરવા નહિ, પણ વિનતી કરી કહેવું જોઇએ. તેના મતથી ઉલટું ચાલવાથી જે સારૂં કામ થાય એવું હોયતો તે હેને જણાવવું, ને તેના ધારેલા કામમાંથી જે ખરાબ પરિણામ થવાનો સંભવ હોય તે પણ તેને જણાવવો, ને ધીમે ધીમે એકાંતમાં વખત મળે ત્યારે બીજા દાખલાઓ આપી તથા દૃષ્ટાંતો બતાવી તેની ખાત્રી કરી આપવી, ને નરમાશ તથા યુક્તિ વાપરી તેના મનપરથી તે મતની અસર દૂર કરાવવી.

નરમાશ ને યુક્તિ વાપર્યાથી.
રાજાઓના મત પણ ફેરવી શકાય છે,
પણ જો સખ્તાઇથી બોલવામાં આવે
તો, તેઓ પોતાનો મત કદી ફેરવતા નથી,
તેથી એજ બહેતર છે કે પહેલથીજ સભ્ય થવું,
ને વખત મળે તેનો ઉપાય કરવા કંઇ રસ્તો શોધી કાઢવો.

(૭) જમો, મહાત્મા, રાજાની મહેરબાનીની તથા સત્તાની સંપૂર્ણ-

નાને લીધે મગરૂર થઇ જવું નહિ. કારણ રાજાઓનો સ્વભાવ પાણી તથા દેવતા જેવો હોય છે, ને તેથી ત્હેનાપર વિશ્વાસ ન રાખવો જોઇએ. વળી નક્કી જાણવું કે દરેક ઓહ્દાને માટે તે ઓહ્દા પરથી ખસવાનું તથા દરેક સુભાગ્યની પાછળ હતભાગ્ય બેસેલું હોયછે. એક મ્હોટા માણસને કોઇએ પૂછ્યું, શા માટે તું અહિં ઘર બાંધતો નથી? તે બોલ્યો, અહિં મ્હારે માટે બે ઘર છે જ્યારે અમલમાં હોઊં ત્યારે દીવાનપદનું ઘર, ને જ્યારે ત્યાંથી ખસું ત્યારે કેદખાનાનું ઘર.

સુભાગ્ય વખતે ત્હેની તરફથી માન ને હતભાગ્ય વખતે અપમાન મળે, તે કેવાં છે?

આંખ મીંચી ઉઘાડીએ તેટલામાં તો નથી આ દેખાતું કે નથી પેલું નજરે પડતુ.

(૮) એહસાન કરવાની તક જતી રહે તે પહેલાં એહસાન કરી લેવું

કાળરૂપી પ્યાલો આપનાર, સુભાગ્યના પ્યાલામાં,

ઝેર ભેળે, તે પહેલાં,

ત્હારા માથા પરથી ટોપી ને પાઘડી કાઢી નાંખ, (મ્હોટાઇ છોડી દે), ને કોશેશ કરી, લોકોના મન મેળવ.

કારણ આ માથા પર હમેશ ટોપીનું ઢાંકણ રહેવાનું નથી.

આ મ્હોડું હમેશા ચંદ્ર જેવું પ્રકાશિત રહેવાનું નથી.

(૯) જેઓ કોઇ પ્રકારે નિરાશ થયા હોય તેમની તથા બીજા ઉમેદવારોની માગણીઓ પ્રમાણે દાદ આપવા બને તેટલી કોશેશ કરવી. કારણ રાજાની નોકરીનો બદલો ગરીબોની હાજત પુરી પાડ-

વાથી જ મળે છે.

અમીર-ઉલ-મોમનીન હસન (પરમેશ્વર તેમના પર રાજી રહો) ને માટે કહેવાય છે, કે તેઓ એક વખત એવું બોલ્યા હતા કે જો કોઇ મોમનીનની હાજત મ્હારાથી પૂરી પડાય તો સિત્તેર વર્ષ સુધી મસજિદમાં એકાંત બેસી નિમાઝ કરવા કરતાં તે હું વધારે પસંદ કરૂં.

કાનીવાલ પેગમ્બર માટે પણ એવું કહેવાય છે કે, તે કહેતો કે આટલાં વરસ પાદશાહના ઘોડાનો પાવડો હું એટલા માટે પકડી રહ્યો કે તે સવાર થાય ને તેમાં મ્હારી મતલબ એ હતી કે તેથી કરીને કોઇ રીતે લોકોની હાજત મ્હારાથી પૂરી પડાય.

ઘણા સંતો તથા ફિલસૂફોએ પણ આવીજ મતલબ ધ્યાનમાં રાખીને પાદશાહની નોકરી કબૂલ કરી છે, શેખ કબીરને માટે એવું કહેવાય છે, કે એક દહાડામાં સિતેર વખત મુસલમાનોના કામને સારૂ તે ઇઝ્ઝ-દ્-દોલાપાસે ગયો હતો, તોપણ તે કામ થયું નહિ. આખરે સાંજરે સુલતાને તેને કહ્યું, શેખ સાહેબ, તમે પણ વિચિત્ર જાતના માણસ જણાઓ છો, તમે આટલી બધી વખત આવી ગયા, તોપણ તમારૂં કામ થયું નહિ, તે છતાં પાછા આવતા હજુ અટકતા નથી. શેખે કહ્યું, સુલતાન, મ્હારૂં કામ તો થઈ ગયું, મ્હારાં ઇચ્છા પ્રભુની મહેરબાની મેળવવાની હતી. ને હું જાણું છું કે મ્હારા આટલા બધા ફેરા આંટાથી તે તો ખૂશ થયોજ હશે. પણ ખરૂં જોતાં તમારૂં કામ થયું નથી, કારણ મુસલમાનનું કામ કરવામાં તમે કાંઇ પ્રયત્ન ન કર્યો, ગરીબોને નાઉમેદ કર્યા, ને એટલું પણ સમજ્યા નહિ કે જ્યાં સુધી પૈસાવાળાઓ બીજાનું કામ કરે નહિ, ત્યાંસુધી તેમનું કામ કોઇ બીજા કરે નહિ.

હાજતમંદ ગરીબ માણસનું કામ કરી આપ,
કારણ ત્હારે પણ કેટલાં કામ કરાવવાનાં (પ્રભુ પાસે) હશે.

એ સાંભળી હઝરત-દ-દોલાને પણ શિખામણ લાગી, તેથી તે રડી પડ્યો, ને શેખનાં બધાં કામ પોતે કરી આપ્યાં.

ગરીબ લોકોનાં કામ કરી આપવા કોશીશ કર,
કે પરમેશ્વરની મેહેરબાનીથી ત્હારૂં પણ કામ થઇ જાય.

(૧૦) સુલતાનને સારાં કામ કરવાની શિખામણ આપવી ને એવું કરવું કે જેથી તેની ભલાઇની અસર સૌને પહોચે.

અતાબેક પાદશાહનો વજીર પાદશાહના પૈસાવડે પુષ્કળ ખેરાત કરતો હતો. તે જોઇ પોતાના ત્રીજોરરને અતાબેકે હુકમ કર્યો કે હવેથી ત્હારે કોઇને નામે આપણી જમીનો જાગીર તરીકે લખી આપવી નહિ. જો તેમ કરશે તો હું તારા હાથ કાપી નાંખીશ. બીજેજ દીવસે કોઇ ગરીબ માણસે વજીર પાસે કાંઇ માગ્યું. તેણે ત્રીજોરરને ફરમાવ્યું કે ફલાણી ફલાણી ચીજ આને નામે લખી એને આપ, તે વિચારમાં પડયો. ત્યારે વજીરે પૂછ્યું, શું શાનો વિચાર કરે છે? ત્હને બ્હીક લાગે છે કે ત્હારા હાથ સુલતાન કાપી નાંખશે, પણ ત્હને એમ બ્હીક નથી લાગતી કે (તું મ્હારૂં કહ્યું નહી માને તો) હું તને ફાંસીએ ચઢાવીશ? આ ખબર અતાબેકને પડતાં તેણે વજીરને બોલાવી પૂછ્યું, કે તું શામાટે ત્રીજોરરને ફાંસીએ ચઢાવતો હતો? તેણે જવાબ દીધો, ત્હારા સુભાગ્યના શમીયાણાનું દોરડું હમેશગીની મેખ જોડે હું મજબૂત કરવા ચહાતો હતો. તે તેમ નહોતો કરવા દેતો. ત્યારે શું તે ફાંસીને લાયક ન હતો? અતાબેક એ સાંભળી રડી પડયો, વજીરનો મર્તબો વધાર્યો ને તેને ખિલ્લત બક્ષેશ આપી.

ઇતિહાસમાં પણ આવેલું છે કે સુલતાન મલેકશાહને કોઇએ કહ્યું કે ત્હારો વજીર ખાજે નિઝામઉલ મુલ્ક દર સાલ ત્હારા ખાજે ખજાનામાંથી એક લાખ દીનાર પંડિતો, પવિત્ર માણસો, ફકીરો, સન્યાસીઓ, અને એકાંતવાસિઓને આપી દે છે, તેથી તને કાંઇજ ફાયદો થતો નથી. એટલીજ રકમમાંથી તો મ્હોટું બહાદૂર લશ્કર ભેગું કરી શકાય. સુલતાને તે વાત વજીરને કહી. તે બોલ્યો, હાઃ એનાથી એવું જોરાવર લશ્કર તો ભેગું કરી શકાય કે જે દીવસના વખતમાં લડી એક ગજની લંબાઇવાળી તરવાર, ને સો વાર દૂર ઉડે તેવાં તીર વડે તારા દુશ્મનોને હાંકી કાઢી શકે. પણ એજ પૈસાવડે હું તારે માટે એક એવું સૈન્ય તૈયાર કરૂં છું કે જે રાતના પહેલા પહોરથી સવાર પડતા સુધી પરમેશ્વરની દરબારમાં સત્યતાને પગે ઉભું રહેછે, ને તારે માટે પોતાની જીભે દુઆ માગે છે ને પોતાના હાથ પહોળા કરી તારી હાજતો પૂરી પાડવાની પ્રાર્થના કરે છે, આ શિક્ષની શમશેર વાદળ સુધી પહોંચાડે છે, ને તારે સારૂ નિશ્વાસ રૂપી તીરો સાતમા આસમાનથી પણ ઉંચે ચડાવે છે. ત્હારૂં લશ્કર તેમજ આપણે સૌ તેમના રક્ષણ નીચેજ વસીએ છીએ.

હવે ફરીથી એમ ન કહીશ કે દર્વેશો કોઇના રક્ષણ તળે રહેછે.
કારણ આખી જહાનનો પાદશાહજ દર્વેશના રક્ષણ નીચે છે.

મલેકશાહ રડી પડ્યો ને કહ્યું કે, શાબાશ, એનાથી પણ મ્હોટું લશ્કર મ્હારે માટે તૈયાર કર.

(૧૧) પોતાનો અમલ તથા સત્તાનો વખત હોય તેની કીંમત સમજી, જેટલો ફાયદો લેવાય તેટલો લેવો. તેમજ પોતાનું કામ કરી લેવા તથા મિત્રો દોસ્તો વગેરેનું ભલું કરી લેવા કોશેશ કરવી. કોઇને

ઈજા ન કરવી કે દુઃખ ન દેવું. નહિતો જે દીવસે અમલ ચાલ્યો જશે તે દીવસે દિલગીરી તથા પસ્તાવા સિવાય બીજું કાંઈજ હાથમાં રહેશે નહિ.

જ્યારે ત્હારાથી બની શકતું હતુ, ત્યારે ત્હેં જાણ્યું નહિ કે તેમાં શું ફાયદો છે.

જ્યારે ફાયદો જાણ્યો ત્યારે હવે ત્હારાથી કાંઇ બની શકે તેવું નથી.

કોઇ એક મ્હોટા માણસને ત્હેની નોકરીપરથી ખસેડવામાં આવ્યો, ત્યારે તે બહુ દિલગીર થયો. કોઇએ ત્હેને કહ્યું કે ત્હારા જેવો માણસ જ્યારે નોકરીપરથી દૂર થાય ત્યારે ત્હેને દિલગીર થવું ઘટે છે?

તેણે કહ્યું, મ્હારી જગા ગઇ ત્હેનો મ્હને શોકનથી થતો. કારણ તે તો મને ખાત્રી હતી કે અમલદારીની જોડે તેનું જવાપણું પણ રહેલુંજ છે. આ શોક ને દિલગીરી તો એટલા માટે છે કે, જો કોઇનું મ્હેં ભલું કર્યું હોય તો મ્હને એમ લાગી આવે છે કે મ્હેં ત્હેનું તેથી પણ વિશેષ ભલું કેમ ન કર્યું, ને મ્હારાથી જો કોઇનું બૂરું થયું હશે તો મને એમ લાગી આવે છે કે અરેરે, મ્હેં એને દુઃખ ન દીધું હોત તો કેવું સારૂં.

આખરે જ્યારે સારા ને નરસાનો બદલો મળવાનો જ છે,

ત્યારે, અરેરે ! મ્હેં શા માટે આથી પણ વધારે ભલાઇ કરી નહિ?

(૧૨) લોકો રૂબરૂમાં રજૂ થાય, તથા આવે જાય તેથી કંટાળવું નહિ, તેમની જોડે મુલાકાત કરતી વખતે ગુસ્સે થઇ ભવાં ચઢાવવાં નહિ. નક્કી જાણવું કે માણસો તો સત્તાધારિના નોકરો છે, જ્યાં આ ગુણ દેખાય ત્યાં—એટલે જ્યાં સત્તા હોય ત્યાં—લોકોની પણ

નોકરી ઉઠાવ્યા વગર ત્હેનો છૂટકો નથી.

ફુઝલઇબ્ને સુહયલે પોતાના પ્રધાનપદનાસમયમાં એક જણને કહ્યું, માણસોના મ્હારી પાસે આવવા જવાથી હું કંટાળી ગયો છું, ને ફરીઆદીઓની જોડે વાતચીત કરી મ્હારૂં મન ધરાઇ ગયું છે. તેણે જવાબ આપ્યો, અરે વજીર, ત્હારા વાંસા આગળથી માનનો તકીઓ ખસેડી લે, ને વજીરાતની ગાદી વીંટાળી દે, ને તે મ્હને સોંપી દે, પછી જો, કે કોઇ માણુસ ત્હને હેરાન નહિ કરે, ને કોઇ કામમાં ત્હને કોઇ પૂછશે નહિ,

જેની પાસે સત્તા હોય.

ત્હેની પાસે ખૂશી ન હોય તો પણ લોકોને જવું પડેછે.

ત્હેના હાથમાંથી તે સત્તા જતી રહે,

તો પછી ત્હેના દરવાજાપર ત્હેમને શું કામ આવવું જોઇએ,

(૧૩) શુદ્ધાંતઃકરણવાળા મિત્રો શોધી કાઢવા. કારણ બધી આશીશો કરતાં એક તનનો વિશ્વાસુ મિત્ર હોવો, એ સર્વોતમ આશીશ છે. એવું કહેવાય છે કે ચોખ્ખા મનનો મિત્ર ચોખ્ખા સોના કરતાં પણ બહેતર છે.

(૧૪) અપ્રમાણીક ને જુલ્મી અમલદારો વિશે ગાફેલ રહેવું નહિ, તથા હમેશાં તેમને વિશે તપાસ કરતાં રહેવું તથા ત્હેમની તાલાશ રાખતા રહેવી, ને ઇજા આપનારા જુલ્મી અમલદારોને ઇજા ખમનારી ગરીબ રૈયત પેર સત્તા ચલાવવા દેવી નહિ. જો એ અમલદારોમાંનો કોઈ જુલમ કરતાં કે અપ્રમાણીકપણે વર્ત્તતાં પકડાય તો તેને યોગ્ય શિક્ષા કરી, બીજાઓને દાખલો બેસાડવો. જુલ્મી પુરૂષને શિક્ષા કરવામાં જરા પણ આળસ કરવું નહિ.

(૧૫) અમલદારો પાસે લાંચ લેવી નહિ. જ્યાં સુધી બીજા કોઇ પાસથી પોતે લાંચ લે નહિ ત્યાં સુધી તે બીજા કોઇને આપી પણ શકે નહિ. જો વજીર લાંચ લે, તો પછી બીજા પાસથી લાંચ લેવાની તે માણસને (વજીરને લાંચ આપનારને) છૂટ થઈ જાય છે. લાંચ આપવી ને લેવી એ ધર્મ વિરૂદ્ધ છે. વળી લાંચ લેનારને લાંચ આપનારને તાબે રહેવું પડે છે. ને આવે રીતે કોઇને તાબે રહેવું, એ વજીરોને લાયક નથી.

(૧૬) કોઇ માણસ પોતાનાપર અદેખાઇ રાખતો હોય તેના છળભેદ, કપટીનું કપટ, અથવા દુશ્મન તરફની વૈરવૃત્તિ કે ગીબતની ખબર પડે, તો એવું બતાવવું કે પોતાના મનમાં તેમના તરફથી જરા પણ ડર નથી. તેમજ સુલતાનની પાસ તેમના ઉપર રોષ કે ખાર કશું જણાવવું નહિ. કે જેથી તેઓ જે કહેતા હોય તેનો વધારે પુરાવો તેમને મળે. તેમની જોડે વખતે સવાલ જવાબ કે વાદ વિવાદ કરવાં પડે તો નરમાશથી તથા ગંભિરતાથી કરવાં. હલકાઈ તથા નીચતાથી જવાબ આપવા નહિ. કારણ ફતેહ હમેશાં સભ્યતાને તથા નરમાશને મળે છે.

(૧૭) સુલતાનને પોતાને વિશે એવું બતાવવું કે એક સુખન બોલતાં અથવા ઈશારત કરતામાં તો પોતાની બધી માલમતા ખરચી નાંખવા પોતે તૈયાર છે. આમ કરવાથી ત્હેની માલમતા પાદશાહના લોભીપણાથી સલામત રહેશે. કારણ પછી તો તે પોતાનીજ મતા તેને ગણશે, ને તે પોતાનાજ તાબામાં છે એમ સમજશે.

(૧૮) જ્યારે કોઇને પોતે અમલદાર નીમે ત્યારે બહુ વિચાર કરી તથા ઊંડું ધ્યાન પહોંચાડી તેમ કરવું. વારંવાર તેની પરીક્ષા ન

કરી હોય ત્યાં સુધી ત્હેને ભરોસે રહેવું નહિ, કે જેથી આખરે શ-રમાવું ન પડે, કે નીચું જ જોવું પડે.

પહેલાં તો અક્કલથી ત્હેની પરીક્ષા કરવી;
ને ત્હેની હુશીઆરી પ્રમાણે પછી ત્હેનો દરજ્જો વધારવો.
ઘણો વખત જાય નહિ,
ત્યાં સુધી કોઈ માણુસના મનનો ગળ પમાય નહિ.

(૧૯) જે કામમાં પેસવું સ્હેલું, પણ જેમાંથી પાછું બહાર નીકળવું અઘરું હોય, તે શરૂજ કરવું નહિ. કારણ મ્હોટાઓએ કહ્યુંછે કે,

કોઇ કામમાં દાખલ થતાં પહેલાં,
તેમાંથી બહાર નીકળવાની બારી બરાબર રાખવી.

હવે, કલમનો ઉપયોગ કરનારા મુનશીઓ (કારભારીઓ) હોયછે. તેઓને સુલતાન જોડેજ સંબંધ હોયછે, ને મુનશીની–કારકુનોની–કચેરી તેમનેજ સોંપાએલી હોયછે. તેઓ ઇમાનતદાર, વિશ્વાસુ, હુંશીઆર, ખૂશ મિઝાજી, ને કુશાગ્ર બુદ્ધિના હોવા જોઇએ. તેમજ લખાણુની રૂઢીઓની તેમને ખબર હોવી જોઇએ.

અરસ્તૂ ફિલસૂફને કોઈએ પૂછયું કે પાદશાહનો ખવાસ વધારે કામનો માણુસ કે ત્હેનો મુનશી. તેણે જવાબ આપ્યો કે ખવાસ તો માત્ર તેનું એકજ અંગ કહેવાય, પણ મુનશી તો આખું અંગ કહેવાય. જો મુનશી સારા સ્વભાવનો હોય તો તે ઘણાં સારાં કામ કરી શકેછે.

એવું કહેવાયછે કે ઈરાનના કોઈ પાદશાહને એવી આદત હતી કે લડાઇને પ્રસંગે પોતાની ફોજમાંથી કેટલાએક બહાદૂર માણુસો ને ચૂંટી કહાડી તેમને કાળા પોશાક પહેરાવી રાખતો. જ્યારે લ-

ડાઈનું જોર બહુ વધી જતું ત્યારે તેમને બહાર પડવાનો હુકમ કરતો ને તેઓ લડાઈ જીતી પણ જતા. એક વખત એવું બન્યું કે તુરાન દેશનો પાદશાહ પચાસ હજાર માણસ લઇ ત્હેના પર ચઢીઆવ્યો. લડાઇના મેદાનમાં જ્યારે લશ્કર એક બીજાની સામસામાં થઈ ગયાં ત્યારે ઇરાનનો શાહ પોતાના કેટલાક સરદારો સાથે એક ટેકરીપર ઉભો હતો. જ્યારે તેણે ત્યાંથી દુશ્મનની લડાઇ માટે તૈયારી તથા ત્હેના લસ્કરની સંખ્યા ઘણી જોઇ ત્યારે પોતે વિચાર કર્યો કે તે દીવસે લડાઇમાં ઉતરવું કે નહિ; ને પોતાને હાથેજ લખ્યું કે (કાળા-પોશાક વાળાઓ)–સિયાહદારાન–ને હુકમ કરવો કે તેઓ પાછળજ ઉભા રહે. તેનો મુનશી અક્કલમંદ માણસ હતો. તેણે વિચાર કર્યો કે, જો લશ્કર પાછું હઠશે તો દુશ્મનના પગમાં જોર આવશે, ને વખતે તેઓ ફતેહ મેળવી જશે. તરતજ પોતે કલમ લઇ–સિયાહદાર શબ્દની નીચે એક અનુસ્વાર વધારી દીધું. (તેમાંના 'યે' અક્ષર નીચે અનુસ્વાર વધારવાથી તે 'પે' થઈ ગયો,) ને તેથી તે સિપાહદારાન થઇ ગયો. જ્યારે તે કાગળ સિપાહદારાન (સેનાપતિઓ) ને પહોંચ્યો ત્યારે તેમણે વિચાર કર્યો કે બીજી મદદ તથા કુમક આવી હશે તેથી આવું લખ્યુંછે. તેથી પૂરતા વિશ્વાસથી તેમણે લશ્કરને આગળ લઢવા કાઢયું ને પોતે પાછળ ઉભા રહ્યા, ને હુમલા કર્યા. આવી બહાદૂરી તથા શૌર્ય જોઇ દુશ્મનનું સૈન્ય અજાયબી પામી, ન્હાસી ગયું. ને સિયાહદારાનની મદદથી જેની ગરજ હતી તે હાજત પૂરી પડી. મુનશીએ પછી જેવી વાત હતી તેવી કહી દીધી. પાદશાહોનાં વખાણ કરી તેને ઇનામ આપ્યું ને કહ્યું કે મુનશી તો એવાજ જોઇએ કે જે એક અનુસ્વારથી પચાસ હજાર માણસને ન્હસાડે.

મુનશીઓ સંબંધે બીજી એક એવી વાત છેકે એક પાદશાહે બીજાને લખ્યું હતું કે તું મ્હાપર હુમલો કદરી તે પહેલાં હું ત્હારા પર કરીશ. તેના દરબારીઓને ત્હેનો શું જવાબ લખવો, તે સુઝયું નહિ. શાહનો મુનશી અકકલવાળો હતો, તેણે કહ્યું, હું એવો જવાબ લખીશ કે તે ત્હમને બધાને પસંદ પડશે. તેણે લખ્યું કે, મ્હારોને ત્હારો સંબંધ કાચ ને પથ્થરના જેવો છે. માટે જેવી ત્હારી મરજી, મ્હાય તો પથ્થર પર કાચ માર કે કાચ પર પથ્થર માર. બધા દરબારીઓને આ જવાબ પસંદ પડયો.

જે શબ્દો ડહાપણથી ભરેલા લખાંવછે,
તેને અક્કલમંદ માણસો પસંદ કરેછે.

હવે અમલદારો વિશે કહીએ. તેઓને સંબંધ વજીર જોડે હોયછે. અમલદાર સારા જીવનો તથા ખુશ સ્વભાવવાળો હોવો જોઇએ. તેમ ત્હેણે લોભને લલુતાથી દૂર રહેવું જોઇએ. નોશીરવાન કહેતો કે અમલદાર તો એવો જોઈએ કે જેના હાથ બાંધેલા હોય તેમજ છુટા પણ હોય. એટલે કે નેકી કરવામાં હાથ છુટા રાખે, ને અપ્રમાણિકપણામાં હાથ બાંધેલા રાખે. વળી તેણે ખરાબ રસમ ન પાડવી જોઇએ. તથા દુષ્ટ કાયદાઓ ન ચલાવવા જોઇએ. કારણ તેથી પાદશાહ બદનામ થાયછે, તેમજ પોતાને લોકો ગાળો દેછે.

એક વજીરે કોઇ અમલદારને કોઈ જગાએ મોકલ્યો હતો. ત્યાંથી તેણે લખ્યું કે જો ફલાણું કામ હું કરૂં તો પૈસો પુષ્કળ મળે તેવું છે. વજીરે જવાબ લખ્યો કે હમારી પાસે જુલમી પુરૂષોનું બજાર બહુ મંદ ચાલેછે, તેમનાં મ્હોડાં બંધછે ને તેમના હાથ બહુ ટૂંકાછે (લાંબે પ્હોંચી વળતા નથી). જો પાંચ દહાડા ત્હને અમલ-

દારી મળીછે તેમાં એવું કામ ન કરતો કે જેથી અમને બદનામી મળે, ને ત્હારે લોકોની ગાંળો સાંભળવી પડે તથા નીચું જોવું પડે.

વળી એમ ન ધારવું કે રાજા કે વજીર કે અમીર ઉમરાવો મ્હારાપર રાજીછે, એટલે મ્હારે રૈયતની શી દરકારછે? કારણ જેના આટલા બધા હજારો લોકો દુશ્મન હોય તે સલામત કેમ કહેવાય. હા, જો રૈયત ખુશ હોયતો પાદશાહ તરફની ઝાઝી બ્હીક રાખવી નહિ. એક ખલીફે કોઈએક માણસને એક જગાપર નિમ્યો, તેણે ત્યાં જઈ કેટલીક સારી રસમો ચાલતી બંધ કરી, ને ત્હેને બદલે ખરાબ કાયદા ચલાવવા માંડયા ને તેથી બહુ પૈસો ભેગો કર્યો. જ્યારે તે ખલીફ પાસે પાછો ફર્યો ત્યારે તે તેનાપર નાખૂશ થયો, ને ત્હેનો દંડ કરી ત્હેને કેટલીક મુદત સુધી કેદ રાખ્યો. પછી પાછો ત્હેને નોકરીપર મોકલ્યો, ને પહેલા વરસ કરતાં દોઢો માલ લઇ પાછા ફરવું એવો હુકમ કર્યો. પેલો અમલદાર એ સાંભળી હેરત પામ્યો ને એક શેખ જોડે તેણે એ બાબત વાતચીત કરી, તેણે કહ્યું કબૂલ કર, એમાં ભય જેવું કાંઇ નથી; પણ આ વરસે સારી રસમો ચલાવજે ને ત્હારા જૂના કાયદાનો નાશ કરજે. રૈયતની ખૂશી સંપાદન કરજે, દર્વેશોને માટે મુકરર કરેલી ખેરાત તથા જમીનદારો ને વજીફદારોના હક્ક બરાબર આપજે ને પાછો ફરજે. ત્હને કાંઇ આફત આવી પડે તેનું જોખમ મ્હારે માથે. તેણે જઇ શેખે કહ્યુ હતુ તેવી રીતે અમલ કર્યો; પાછો ફર્યો ત્યારે ગયા વરસના દસ દિનારને બદલે આ વરસે જો કે એક લાવ્યો હતો તોપણ સુલતાને તેના તરફ નરમાશ તથા મહેરબાનીની ભરેલી વર્તણૂક ચલાવી. તે જોઇ આ બે બાબત વિશે ખુલાસો તેણે શેખને પૂછ્યો, કે ગયે વરસે મ્હેં

બહુ બચાવ્યું ને હું ઘણો માલ લઇ આવ્યો હતો ત્યારે મને સજા કરવામાં આવી હતી; આ વરસે માલ થોડો જ આવ્યો તોપણ પાદશાહે મ્હારાપર મહેરબાની બતાવી. શેખે કહ્યું, ગયે વરસે એટલા બધા સંખ્યાબંધ લોકો ત્હારા દુશ્મન થયા હતા કે ત્હને ત્હેનો બદલો તેવો મળ્યો. હાલ સાલ એ બધા માણસો ત્હારી તરફથી માફ માગે છે, તેથી તને આવું ફળ મળ્યું.

> કોઇનું ભૂંડુ ન કર, કારણ જલદી નાશ પામતા આ ક્ષેત્રમાં,
> જેવું વાવશે તેવુંજ કાળના દાતરડાવડે લણવાનું છે.

હવે દરબારીઓને સુલતાનો જોડે બેસવાનું હઠવાનુંજ માન મળે છે તેથી તેમણે તો સભ્યતા તથા માન આપવાના બધા રીત રીવાજો સારી રીતે જાણવા મહેનત કરવી જોઇએ. તેથી પાદશાહને શું ગમે છે, ને શું નથી ગમતુ તે તેમણે જાણવું જોઇએ; પછી પોતાને તે વાત ગમે તેટલી અણગમતી હોય તોપણ બાદશાહને પસંદ હોય તો તે કરવી. વળી સુલતાનોના દરબારીઓએ આટલું તો પોતાના મનમાં નક્કી જાણવું જોઇએ કે પરમેશ્વરની સેવામાં તથા તેના સરજાવેલા માણસોની સેવામાં પોતાના મનને પસંદ પડતી વાત છોડી દેવાની ટેવના જેટલી બીજી કોઇ ટેવ ફાયદેમંદ નથી. આ વાત તેના મનમાં જ્યારે નક્કી ઠસી જાય છે, ત્યારપછી સુલતાનને તેની વચ્ચે જે કોઇ કામ અથવા વાતચીત ચાલે, તેમાં પોતાને કાંઇ પણ ફાયદો થતો હોય તો તે ફાયદો છોડી દેવાયછે. ને તેનાથી આઘા જઇ, પોતાને જેમ ગમતુ હોય, તેમ ન કરતાં પાદશાહને ગમતુ થવા દેવાયછે. તેમાંથી ફળ સારૂં આવેછે, ને વખતે તે ફાયદો પણ પાછો ત્હેનેજ મળેછે. જો પહેલેથીજ પોતાને ઠીક લાગે તેવું કરવા

માંડે તો ત્હેના કામમાં ખલેલ પડયા વગર રહેતી નથી. વળી દરબા-રીઓ ખૂશમિઝાજીને બહુબોલા હોય છે. પણ તેમણે ધ્યાનમાં રાખવું કે કોઇપણ કામમાં કોઇપણ રીતે સુલતાનને માટે એક હરફ પણ બોલવો નહિ. પોતે કહે તે વાત સાચી હોય તોપણ પાદશાહની કાંઇ ધિક્કારવા લાયક વાત ત્હેને માલમ પડે તો તે કોઇને કહેવી નહિ. પણ વખતે જો ભૂલ થઇ જાયતો પછી નામુકરર જવું નહિ. પાદશાહ સુધી તે બાબતની ખબર પડી ગઇ હોય તોપણ. કારણ કબૂલ કરવું ને ઇનકાર જવું એ બેના પરિણામમાં ઘણો તફાવત પડી જાય છે. રાજા અને પોતાની વચ્ચે કોઇ એવો પ્રસંગો આવે કે જેનાં કુફળ બેમાંથી એકને તો ચાખવાંજ પડે, તો પોતે એવી કોશેશ કરવી કે જેથી ખરાબ વાતનો દોષ પોતાને માથે આવે, ને પાદશાહતો તેમાંથી પાકજ છે એમ જણાય. પાદશાહ છૂટો થયા પછી વખતે એવી યુક્તિઓ ને તદબીરો કરે કે જેથી તે કુફળ ત્હેને પણ ભોગવવાં પડે નહિ. વળી પાદશાહની ખિદમતમાં હોય તે વખતે પોતાનાં આંખ, હાથ, મન, તથા જીભ ત્હેના (શાહના) તાબામાંજ રાખવાં કે જેથી પોતે સલામત રહી શકે.

હમેશ બે કાન શાહ તરફજ રાખવા,

તેની આજ્ઞાની વાટ જોતી આંખોને રાખવી જોઇએ.

ત્હેની ભલાઇના વખાણમાં જીભ હલાવવી જોઇએ,

ને ભુડું કરતાં તથા બોલતાં મનને તથા આંખને અટકાવવાં જોઇએ.

અસમઈ એમ કહે છે કે, એક દહાડો, એક ખલીફ પાસે હું ગયો હતો. તે પોતે તખ્તપર બેઠો હતો ને ત્હેની પાસે ત્હેની આશરે પાંચેક વર્ષની એક છોકરી બેઠી હતી. મ્હને પૂછયું, આ છોકરી કોની છે, તે તુ જાણે છે? મ્હેં કહ્યું, ના, મ્હને ખબર નથી. તે બોલ્યો, મારા છોકરાની છોકરી છે, જા, એના કપાળ પર એક ચુમી લે. હું ગભરાયો, ને મ્હેં વિચાર કર્યો કે જો એના હુકમથી ઉલટું કરીશ તો મ્હને સજા કરશે, ને જો બેશરમ થઇ એના કહ્યા પ્રમાણે કરીશ તો વખતે અદેખાઇને લીધે મ્હને હેરાન કરશે. તેથી તે છોકરીના માથાપર મ્હેં મ્હારી બાંહ્ય ઓઢાડી, તે ઉપાડી, તેના છેડાપર ચુમી લીધી. આવી સભ્યતા જોઇ ખલીફ બહુ રાજી થયો, ને બોલ્યો જો આનાથી ઊંધું ત્હેં કર્યું હોતતો ત્હારી જીંદગી તું ખોઇ બેસત. પછી તેણે મ્હને દસ હજાર દીનારનું ઇનામ આપ્યું, ને મ્હેં આવા મોતના સપાટામાંથી છુટી જવાયું તેના બદલામાં મ્હેં પરમેશ્વરનો ઉપકાર માની તે બધી ખેરાતમાં આપી દીધી.

દરબારીઓને સભ્યતા શિખવવાના પુસ્તકમાં આવેલું છે કે એક રાજા પાસે બહુ ખૂબસૂરત નોકર હતોઃ

" ત્હેનો ચ્હેરો એવો હતો કે સૂર્ય કે ચંદ્રમાંથી પણ તેવો બનાવાય નહિ.

" ગાલપર ભૂરા વાળ એવા ખીલેલા હતા કે કાળી કસ્તુરીમાંથી પણ તેવા બનાવાય નહિ.

એક દ્હાડો તેણે પોતાના એક દરબારીને કહ્યું કે, આ છોકરા-

નો ચ્હેરો ખૂબસૂરત ને શરીર મનને આકર્ષે તેવું છે. તે બોલ્યો, હા, તે બહુ ગોરો, સુંદર, ખૂબસૂરત, ખૂશમિઝાજી છે. પાદશાહે પૂછ્યું, તને એ ગમે છે? તેણે કહ્યું, ના. પાદશાહે પૂછ્યું, કેમ? શા માટે? તેણે જવાબ આપ્યો, કે જેને પાદશાહ ચહાય ત્હેને હું કોણ ચહાનારો? (મારી શી મકદૂર કે હું ત્હેને ચહાઉં). પાદશાહને એ સભ્યતાની વાત ગમી ગઈ, ને ત્હેનો દરજ્જો વધારી આપ્યો.

જેની પાસે સભ્યતાનો માયો હોય,

તેને મ્હોટી જગા મળે તેમાં નવાઇ નથી.

જો સભ્યતા હોય તો ઉંચા કુળથી શું ઓછું છે!

સભ્યતાથી ઊંચું કુળ ચઢીઆતું નથી.

આ પુસ્તક લંબાઇની સરહદપર પહોંચી ગયું છે, તેથી સભ્યતા હવે એવો હુકમ કરેછે કે વિસ્તારના ગાલીચા ઉપર વધારે પગ લંબાવવો નહિ, ને તેથી શાહજાદાનું સૌભાગ્ય રોજ વધતું રહે એવી દુઆની નિશાની સાથે તેનો અંત લાવવામાં આવેછે.

મ્હારાં વચનો ટૂંકાણના રસ્તાપર ચાલ્યાં નથી. તેથી બહેતર કે,

હવે નિમાઝનો વખતથયોછે, તેથીઆપુસ્તક પૂરૂં કરૂં.

હે પરમેશ્વર, જ્યાં સુધી આસમાન ઊંચું રહે ત્યાં સુધી,

ડાહ્યા પુરૂષોને ઉમની ફિલસૂફીથીજ માન મળો.

આકાશને પહોંચે તેવા વાવટાઓનો પ્રકાશ, તથા આસમાનને અડકે તેવાં નિશાનોનો ઝગઝગાટ, જે આખી દુનીઆને શોભાવનાર, ઉચ્ચવિચારના શાહજાદાની સત્તા દર્શાવેછે.

(શાહજાદા)નો ચ્હેરો ઈશ્વરી પ્રતાપથી ચકચક છે.

જે પાદશાહીના નક્ષત્રમાં ચળકતો તારો છે,

તે હમેશના તપતા સુભાગ્યવાળો શાહજાદો, અબુલ મોહસન,

પોતાનાં તાજ તથા તખ્તનાં ફળ હમેશ ભોગવો;

—તેને (નિશાન વગેરેને) કાળના અંત સુધી હે પ્રભુ ! ચળકતાં તથા ઝગઝગતાં રાખજે, ને ત્હેની મ્હોટાઇનો સેતારો તથા શ્રેષ્ઠતાનો દબદબો ફતેહ ને વિજયના વ્યોમમાં પ્રકાશિત તથા તેજોમય રાખજે.

આ દુઆને આખી દુનીઆના લોકો 'આમીન' કહેજો.

ફિલસૂફીની ગુપ્ત વાતોથી ભરેલા ને મ્હોટા માણસની ચાલ ચલણની સાચી ખબરો શમાવનારા આ પુસ્તકનો હવે છેડો આવ્યો છે, તથા તે સંપૂર્ણ થયું છે. એ પુસ્તકનું નામ પણ તે શાહજાદાના મુબારક નામ પરથીજ રાખેલું છે, ને તેનાપરથીજ જે દીવસે તે સંપૂર્ણ થયું તે તારીખ પણ નીકળે છે.

મ્હેં કલમને કહ્યું, કે હું ત્હારા માથાના પગ બનાવ્યા છે, (તું માથાપર ચાલી છે),

ને ત્હારા ચાલવાથીજ શબ્દોની આંખોમાં તેજ આવ્યું છે.

ત્હારાવડે જે અખલાકે મોહસિની પૂરી લખાઇ રહી;

તેથી 'અખલાકે મોહસિની' *એ શબ્દોમાં એની તારીખ (સંપૂર્ણ થવાનો દિવસ) લખ.

સમાપ્ત.

---

* "અબ્જદ" નામની એક રૂઢી જેમાં મૂળાક્ષરોમાંના દરેકને કોઇક સંખ્યાના સૂચક તરીકે ગણેલો છે, તે રીતે ગણતાં, "અખલાકે મોહસિની" એ શબ્દોમાંથી આ ગ્રંથ સંપૂર્ણ થયાનું વરસ મળી આવે છે.

અલેફ=૧
ખે=૬૦૦
લામ=૩૦
અલેફ=૧
કાફ=૧૦૦
મીમ=૪૦
હે=૮
સીન=૬૦
નૂન=૫૦
યે=૧૦

---

૯૦૦ હિ. સ.

ટૂંક ખુલાસો.

પ્રકરણ ૧ લું.

મુર્તઝા અલી—મહમ્મદ પેગંબરનો પિતરાઇ ભાઇ તથા ત્હેની વ્હાલી પુત્રી ફાતમાનો વર. ઇસ્લામનો ધર્મ ફેલાવતાં પેગંબરને જે અમર્યાદિત દુઃખો પડેલાં તે સર્વમાં એ ત્હેમનો સાથી તથા જમણો હાથ હતો. મહમ્મદના મૃત્યુ પછી ત્હેની ગાદી પર કોણ બેસે ત્હેને માટે જે તકરાર ચાલતી હતી, તેમાંથી એક પક્ષે હુઝરત અલીને ખલીફ તરીકે સ્વીકાર્યો, અને તે દીવસથી મુસલમાનો શિયા તથા સુન્નો એવી બે વર્ણમાં વહેંચાઇ ગયા. એ સ્વભાવે બહુ શાંત તથા રીતભાતમાં ઘણોજ પવિત્ર હતો. તેથી શિયા લોકો એને મહમ્મદ કરતાં પણ વધારે માન આપે છે, એમ કહીએ તો ચાલે. સુન્નીઓની ઉશ્કેરણીથી ઇબ્ન મલજામ નામના માણસને હાથે અંતે એનું ખૂન થયું હતું.

પ્રકરણ ૨ જું.

ઇસા ખ્રિસ્ત—મુસલમાનો ક્રાઇસ્ટને પણ પેગંબર તરીકે કબૂલ રાખે છે. એના વિષે એવું કહેવાય છે કે, ઘણા અસાધ્ય રોગો પણ એ માત્ર પોતાની ફુંકથી સારા કરી શકતો હતો.

પ્રકરણ ૩ જું.

હુઝરત મવલાના રુમી—મસનવી—એ—માનવી નામનું સૂફી માર્ગને લગતું મ્હોટું કાવ્ય રચનાર તરીકે એ વિશેષ પ્રખ્યાતિ પામેલો છે. સૂફી ગ્રંથ એ ઇસ્લામનો વેદાંત પંથ છે એમ કહીએ તો ચાલે. હુઝરત રુમી, મવલવી નામનો સૂફી દર્વેશોનો એક ભેખ પણ

સ્થાપી ગયો છે, જેઓ ગોળ કુંડાળામાં ફરતા ફરતા નાચતા જાય છે, અને તે વખતે અલ્લાના નામનો જપ કરતા જાય છે. તેઓના માનવામાં એવું છે કે આવી રીતે ઇશ્વરની સેવામાં નિમગ્ન થવાથી તેનું સાનિધ્ય પ્રાપ્ત થાય છે.

હુઝરત મહમ્મદની કહેલી કથા. કુરાન ઉપરાંત હુઝરત મહમ્મદને મ્હોડેથી જે વચનો–ધર્મ સંબંધી યા બીજા કોઇ વિષય સંબંધી—કહેવાયલાં ત્હેને પણ મુસલમાનો કુરાનનાં વચનો જેટલાંજ પવિત્ર ગણી, તેટલુંજ માન આપે છે. આ કથાને હદીસ કહેછે. મહમ્મદના મૃત્યુ પછી ત્હેના અંગત મિત્રો પાસથી આ સઘળી હદીસો ભેગી કરવામાં આવી હતી, અને આજે કોઇપણ બાબતની તકરારનો નિર્ણય કરવામાં એ હદીસો માત્ર કુરાનથી જ ઉતરતો દરજ્જો ભોગવે છે.

પ્રકરણ ૪ થું.

સુલતાન સંજર—મધ્ય એશીઆમાં આવેલા તુર્કસ્તાન દેશનો ન્યાયિપણા માટે પ્રખ્યાત થઇ ગએલો સુલતાન. ઇસવીસન ૧૧૫૭માં એ મરણ પામ્યો, તે વખતે એની ઉમર ૭૩ વરસની હતી, પરન્તુ આખર અવસ્થામાં એ બહુ દુ:ખી થએલો; તાર્તર લોકોએ એને કેદમાં પૂરી રાખ્યો હતો.

મુસલમાની ધર્મનો એક મુખ્ય કાનૂન એછે કે રસ્તામાં કોઈ સ્વધર્મી એટલે મુસલમાન મળે તો ત્હેને સલામ કરવી—સલામ અલયકુમ–કહેવું, અને ત્હેના જવાબમાં એટલે તે સલામના સ્વીકાર તરીકે સામા માણસે 'અલયકુમ સલામ' અથવા એવાજ શબ્દો કહેવા જેઇએ. સલામ કરવામાં ચૂક પડે તો હરકત નહિ, પરન્તુ ત્હેનો જ-

વાબ આપવામાં તો ચૂક ન જ પડવી જોઇએ. સલામ કરવી એ સુન્નત એટલે મહમ્મદના કરવા પ્રમાણે યા ફરમાવ્યા પ્રમાણે કરવાનું છે, પરન્તુ ત્હેનો જવાબ આપવો એ ફર્ઝ એટલે કુરાનમાં ફરમાવેલો હુકમ છે.

પ્રકરણ ૫ મું.

હઝરત દાઉદ=યાહૂદીઓનો પેગંબર. મુસલમાનો પણ એને પેગંબર તરીકે કબૂલ રાખે છે. અંગ્રેજોના ધર્મ પુસ્તક બાઇબલમાં જે ભક્તિરસનાં કાવ્યો (Psalms) છે ત્હેનો કર્તા. એ ગાયનકળા બહુ સારી રીતે જાણતો હતો, તેમજ એના હાથમાં એવી શક્તિ હતી કે ત્હેનાથી લોઢું પણ મીણ જેવું નરમ થઈ જતુ.

અફરાસીઆબ—ઘણા પ્રાચીન વખતમાં થઇ ગએલો તુરાન દેશનો પાદશાહ. એણે ઇરાન ઉપર ઘણી વખત હુમલા કરેલા, પણ અંતે કૈખુસરો પાદશાહના વખતમાં લડાઇમાંજ એનું મોત આવેલું.

નૂહ=બાઇબલમાં જેને પ્રલયકાળ (Deluge) કહેલો છે, તથા કુરાનમાં જે પ્રલયકાળ માન્ય રાખેલો છે, તે વખતનો પેગંબર. એ સમયમાં દુનીઆપર પાપ ઘણું વધી ગયું હતુ, માટે લોકોનો નાશ કરવા પ્રભુએ મ્હોટી રેલ મોકલી હતી. પાપ કરતાં અટકવા માટે આ પેગંબરે લોકોને ઘણા સમજાવ્યા હતા. પરંતુ તેમણે તે શિખામણ ન માની. તેમ જે વખતે મ્હોટી રેલ આવી પહોંચી તે વખતે તેમાંથી બચવા પોતે એક નોકા (Ark) બનાવી હતી. તેમાં આશ્રય લેવા લોકોને શિખામણ આપેલી તે પણ તેમણે માનેલી નહિ, અને તેથી સૌનો નાશ થઈ ગએલો. પોતાની નૌકામાં પૃથ્વીપર વસતાં દરેક જાનવર તથા પક્ષીની એક એક જોડ પોતે લીધેલી, તેજ

માત્ર એ પ્રલયમાંથી બચવા પામેલી, અને હાલમાં માણુસ, પશુ, પક્ષી વગેરે જે કાઇ પ્રાણીછે, તે સઘળાં તેનીજ ઓલાદ છે એવું મનાયછે, નૂહ શબ્દનો અર્થ "વિલાપ" થાયછે; આ પેગંબર હંમેશા દુનીઆના લોકોની પાપીતા માટે વિલાપ કર્યા કરતો હતો તેથી એનું નામ "નૂહ" પડેલું.

પ્રકરણ ૮ મું.

હઝરત આદમ—આદમને પણ મુસલમાનો પેગંબરની પદ્રિ આપેછે. ખ્રિસ્તીઓ એવું માનેછે કે સારૂં તથા નરસું જાણવાની શક્તિના વૃક્ષનું ફળ ખાવાની પ્રભુએ એને બંધી કરી હતી, પરન્તુ શયતાને ત્હેને ત્હેની સ્ત્રી હવ (હવ્વા) ની મારફતે સમજાવીને ફળ ખવડાવેલું અને તેથી ત્હેને પોતાનું સ્વર્ગ જેવું રહેઠાણ છોડવું પડેલું. મુસલમાનો કહેછે, ઘઉંના દાણા ખાવાની ના કહેલી અને તેણે તે પ્રમાણે ન કર્યું તેથી ત્હેને ખસવું પડેલું. આ પ્રતિબંધવાળું ફળ ખાધા પહેલાં જે નગ્નાવસ્થા તેઓ બંને ભોગવતાં હતાં ત્હેનું ત્હેમને ભાન હતુ નહિ, એ વાત પ્રસિદ્ધછે.

મામૂન ખલીફ=બગદાદમાં રાજ કરનાર અબ્બાસી વંશનો પ્રખ્યાત ખલીફ. વિદ્યાને ઉત્તેજન આપવામાં એ ઘણો ઉત્સાહી હતો એણે પોતે એક પાઠશાળા પણ સ્થાપીછે. શિયા પંથના આઠમા ઇમામનું ખૂન કરાવનાર એજ હતો.

તાઇગ્રીસ—એ નદીને કિનારે બગદાદ શહેર વસેલુછે; અરેબીઅન નાઇટ્સની વાતોમાં તાઇગ્રીસ નદીના પુલ પર થએલાં સાહસો ઘણીવાર આવેછે.

નોશીરવાન—અદલ ઇનસાફી પાદશાહ તરીકે જાણીતો થએલો ઈરાનનો રાજા. મહમ્મદ પેગંબરનો જન્મ થયો તે વખતે એ રાજા રાજ કરતો હતો.

પ્રકરણ ૯ મું.

રાજકુંવર—જ્યાં જ્યાં લાગ ફાવેછે, ત્યાં ત્યાં રાજ કુંવરની પ્રશંસા કરવાની તક ગ્રંથકાર ચૂકતો નથી.

પ્રકરણ ૧૦ મું.

રૂમ—યૂરોપી તુર્કસ્તાનની સુંદર રાજધાની ઇસ્લામબૂલને પણ મુસલમાન ગ્રંથકારો રૂમ કહે છે. તેમ ઇટાલીના મુખ્ય શહેર રોમને પણ તેજ નામ આપે છે, તથા ત્યાંના શાહને કયસર કહે છે.

કુબેર—અસલમાં કારૂન શબ્દ છે. આ કારૂન પેગંબર મુસાનો પિતરાઇભાઇ થતો હતો, તથા પિતરાઇની રીત પ્રમાણે ત્હેની સત્તા તથા શકિતને માટે ત્હેનાપર ઘણો દ્વેશ રાખતો હતો. મુસાનાપર કેટલાંક ખોટાં તહોમ્મત મૂકવાને લીધે પ્રભુએ ત્હેને એવી સજા કરી હતી કે જેથી પૃથ્વી ત્હેને ગળી ગઇ. એની પાસે અઢળક ધન હતું. એવું કહેવાય છે કે એના ખજાનાની કુંચીઓ—જે કે ચામડાની બનેલી હતી તેજ—એટલી બધી હતી કે ત્હેને લાધવા ૭,૦૦૦ ઉંટ જોઇતાં હતાં.

ફ્રેદૂન—ઝોહાક નામનો જુરાની રાજા ઈરાનપર જુલમ કરતો હતો; તે જુલમમાંથી તે દેશને છોડાવનાર બહાદૂર પુરૂષ. એનાં સાહસનું વર્ણન શાહનામામાં બહુ રસીલી રીતે આપેલું છે,

પ્રકરણ ૧૧ મું.

યાકૂબ લયસ—ખોરાસાન પ્રાંતમાં જે કંસારા વંશ સત્તા ભોગવી ગયો તેનો સ્થાપનાર. નવમી સદીના પાછલા ભાગમાં જે વખતે અસલ સત્તાવાન, પણ તે વખતે નબળા પડી ગએલા, અબ્બાસી કુટુંબનો ખલીફ મુસલમાનો પર નામની સત્તા રાખી રહયો હતો, ત્હેની સામા બળવો કરી, એ પોતે સ્વતંત્ર થઈ ગયો હતો.

એરીસ્ટોટલ—જો કે મુસલમાન ઇતિહાસકારો એને સિકંદરનો વજીર બનાવે છે, તોપણ ગ્રીક ઇતિહાસમાં એને તે દરજ્જો મળેલો નથી. આ પ્રખ્યાત ફિલસૂફને માટે સિકંદર એવું બોલતો કે એનો મ્હારા ઉપર મ્હારા પિતા કરતાં પણ વિશેષ ઉપકાર છે. કારણ તેણે તો મ્હને ઉંચેથી નીચે આણ્યો, સ્વર્ગમાંથી પૃથ્વીપર આણ્યો, પણ એણે તો મ્હને પોતાની ફિલસૂફી શીખવી નીચેથી ઉંચે ચઢાવ્યો.

સિકંદરે જે જવાબ આપેલો તે ઇંગ્રેજીમાં કહેવત રુપે થઇ પડયો છે. Cf. Alexander sighed for more worlds to conquer બાજ તથા હોમા અથવા હુમા—બાજ પક્ષીને કેળવણી આપી ઉડતાં પક્ષીઓ તથા હરણનો ત્હેની પાસ શિકાર કરાવાય છે, એ વાત જાણીતી છે. હુમા, એ નામનું પક્ષી જેને અંગ્રેજીમાં Phœnix કહે છે, ત્હેના જેવી હયાતિ વરાવે છે. એ પક્ષી હમેશા હવામાં ઉડયા કરે છે, જમીનપર આવતું નથી, તથા ખોરાકમાં ઘણું ખરૂં હાડકાં ખાય છે. એ પક્ષીનો પડછાયો જેનાપર પડે તે રાજા થાય એવો વહેમ ચાલ્યો છે, અને તેટલા માટે ત્હેના શુકન સારા કહેવાય છે. હુમા જેવા સારા શુકનવાળો માણસ તે હુમાયૂન.

પ્રકરણ ૧૩ મું.

તાહેર—બગદાદમાં રાજધાની રાખી રાજકરતા ખલીફ અલ મામૂનનો સેનાપતિ. હેની બહાદુરીના બદલામાં ખલીફે હેને ખોરાસાન પ્રાંત સોંપી દીધો હતો. એ પ્રાંતપર તાહેર તથા હેના કુટુંબીઓ નવમી સદીમાં સત્તા ભોગવતા હતા.

પ્રકરણ ૧૪ મું.

પ્લેટો—પ્રખ્યાત ગ્રીક ફિલસૂફ. એને અરબ્બી તથા ફારસી માં ફ્લાતૂન અથવા અફ્લાતૂન કહેછે.

પ્રકરણ ૧૫ મુ

છેલ્લોદહાડો—જેને મુસલમાનો રુઝે કયામત કહેછે તે. તે દીવસે સઘળા મરણ પામેલા માણસો પ્રભુની સમક્ષ સજીવન થઇ ઉભાં રહેશે. અને પ્રભુ હેમનાં સારાં નરસાં કામ માટે ન્યાય આપશે. તેમનાં કામો એક મ્હોટાં ત્રાજવામાં તોળાશે, જેનું એક પલ્લું સ્વર્ગ પર તથા બીજું નરકપર રહેલું હશે.

મક્કાનું દેવળ—જેને કે'આબા કહેછે તે. હજ્જ કરવામાં એ દેવળની પ્રદક્ષિણા કરવી એ જરૂરનું છે. ત્યાર વગર એ યાત્રા સંપૂર્ણ થએલી ગણાતી નથી. મહમ્મદે ઇસ્લામ મત પ્રવર્તાવ્યો તે પહેલાં આ મંદિરમાં ઘણી જાતની મૂર્તિઓ રહેતી હતી, પણ તે સઘળીનો પેગંબરે પોતેજ નાશ કર્યો હતો. આરબ લોકોમાં એ મંદિર અસલથી પવિત્ર ગણાતુ હતુ, અને તેથી દર વરસે લાખો લોકો યાત્રાર્થે ત્યાં આવતા હતા. અસલની એ રુઢી તોડી ન નાંખવાના વિચારથી પેગંબરે એ યાત્રા તો કાયમ જ રાખી, કારણ તેમ ન કરત તો આરબોને ઘણું ખોટું લાગત, અને પોતાની કાર્યસિદ્ધિમાં

ત્હેને વિશેષ હરકત આવત. મક્કાની આસપાસની હદમાં કેટલાંક કામે., જેવાંકે ઓગમન્ક હજામત, ત્યાં ઊડતાં કબુતરોનો શિકાર વગેરે કરવાનો પ્રતિબંધ છે.

કુરાનમાં ફરમાવેલી ફરજો પ્રમાણે દરેક મુસલમાનને ચાલવુંજ જોઇએ. મહમ્મદે કહેલી ફરજ (સુન્નત) પ્રમાણે ચાલવું વધારે સલાહ ભરેલું તથા પુણ્યવાન કામછે, તેથી ધાર્મિક પુરૂષો ફરજો અદા કરેછે. દ્રષ્ટાંત માટે જુઓ, પ્રક. ૪ થું.
નોશીરવાન પારસીનો ધર્મ પાળતો હતો, અને તેથી અગ્નિપૂજક હતો. એની રાજધાની મદાઇન Ctesiphon શહેરમાં હતી.

હજ્જાજ—ઇ. સ.ની સાતમી અને આઠમી સદીમાં અરબસ્તાનના હાકેમ તરીકે એ ક્રૂર પુરૂષે કામ કરેલું એ એવો જુલ્મી હતો કે પોતાની હકુમતમાં ત્હેણે ઓછામાં ઓછાં અઃથી સવાલાખ માણસોનો જીવ લીધેલો.

હઝરત મહમ્મદને જેમણે નજરોનજર જોએલા તેવા લોકો અલબત્ત મુસલમાનોમાં મ્હોટો દરજ્જો ભોગવેછે; આવા નસીબવાન પુરૂષો કે જેમને ત્હેની જોડે વાતચિત કરવાનો પ્રસંગ મળેલો તેઓ સહાબેહ (મહમ્મદના સોબતીઓ) કહેવાય છે. કુરાનના જુદા જુદા ભાગો એ લોકોને મ્હોડેથીજ લખી લઇ પછી ત્હેનું એક પુસ્તક બનાવવામાં આવેલું. એ સહાબેહને જેમણે જોએલો તથા તેમની જોડે વાતચિત કરેલી, તે લોકો તાબઇન કહેવાયછે. તેઓ પણ ઇસ્લામમાં ઉંચે. દરજ્જો ભોગવેછે.

સુલેમાન= બાઇબલમાંનો Solomon એને મુસલમાનો પણ પેગંબર તરીકે કબૂલ રાખેછે. એવું કહેવાય છે લંકાના રાજા રાવ-

ણુની માફક પવન પણ એને તાબે હતો, જ્યારે એને એક જગાએથી બીજી જગાએ જવું હોય ત્યારે એ તથા એનું લશ્કર એક શેત્રંજીપર બેસતા અને પછી પવન તેમને ઉડાવી જ્યાં જવું હોય ત્યાં લઇ જતો. પક્ષીઓ પોતાની પાંખોવડે તેને છાંયડો કરી આપતાં. એ પશુ પક્ષી વગેરેની બાષા સમજતો હતો. એક વખતે મ્હોટું લશ્કર લઇ એ રસ્તાપરથી જતો હતો તે વખતે એક કીડીએ તેને આઘેથી આવતાં જોયો, અને તે જોઈ પોતાના બીજા સોબતીઓને ખબર આપી કે, આઘાં ખસી જાઓ, નહિતો સુલેમાનનું લશ્કર તમને છુંદી નાંખશે, ને તેને તે બાબતની ખબર સરખી પણ નહિ પડે. આ સાંભળી સુલેમાનને મનમાં બહુ લાગી આવ્યું અને તેણે તરત પ્રભુપાસે પ્રાર્થના કરી માગ્યું કે મ્હારી પાસે હમેશા એવાં કામ કરાવ કે જેથી કોઇને ઇજા થાય નહિ. (કુરાન, સુરા ૨૭, કીડીઓ).

સુલતાન મલેકશાહ સેલજૂકી સુલતાન અલપ અર્સલાનનો પુત્ર. ઈરાનપર સલજૂકી વંશ રાજ કરી ગયો (ઇ. સ. ની દસમી તથા અગીઆરમી સદીમાં) તેનો છેલ્લો મ્હોટો પાદશાહ એની સત્તા એટલી બધી હતી કે બગદાદના ખલીફને પણ ગાદીએથી ઉઠાડી મૂકવાની તેણે હામ બીડી હતી.

ઝંદેરુદ—ઈરાનની અસલની રાજધાનીનું શહેર ઈસ્ફહાન એ નદીના કિનારાપર આવેલું છે. સ્વર્ગ અને નરક વચ્ચે, કુરાનમાં કહ્યું છે કે એક પુલ છે, જ્હેનાપરનો રસ્તો માણસના વાળ કરતાં પણ સાંકડો તથા તરવારની ધાર કરતાં પણ વધારે તીક્ષ્ણ છે. સારાં, ઈનસાફી ને પુણ્યવાન કામ કરનારાઓ એ પુલ સ્હેલાઈથી પ-

સાર કરી શકેછે, પણ પાપીઓ તેનાપર ચાલી શકતા નથી, અને દરકમાં ગબડી પડેછે. એનું નામ પુલે ચિનવદ અથવા સરાત ઉલ મુસ્તકીમછે.

અમર-ઉલ-યસ—યાકુબ લયસ (જુઓ પ્રકરણ ૧૧ મુ) નો ભાઈ ને ખોરાસાનનો હાકેમ. બગદાદમાં એને કેદ કરી પછી મારી નાંખવામાં આવ્યો હતો. (ઇ. સ. ૮૯૮-૯૦૧)

શેખ મસલેહ ઉદ્દીન સાદી—ગુલેસ્તાન, બોસ્તાન, વગેરે પ્રખ્યાત પુસ્તકોનો બનાવનાર તથા ફારસી સાહિત્યમાં ઘણો ઉંચો દરજ્જો ભોગવનાર કવિ. ઇ. સ.ની ૧૨ મી સદીમાં થઇ ગયો.

કોબાદ—ઈરાનના પાદશાહ નોશીરવાન (જુઓ પ્રકરણ ૮મું) નો પિતા.

ફિરદોસી—ફારસી ભાષાનાં મહાભારત-શાહનામનોકર્તા. મહમુદ ગઝનવીના વખતમાં થઇ ગયો.

બહેરામ ગોર—અસલી ઇરાનનો પાદશાહ. એને જંગલી ગધેડાના શિકારનો બહુ શોખ હતો તેથી ત્હેને બહેરામ ગોર કહેતા હતા.

એશીઆ માઇનોર એટલે બગદાદ તરફનાં દાડમ કદમાં ઘણાંજ મ્હોટાં થાય છે. ત્હેની છાલ ઘણીજ નરમ હોય છે, તથા દાણા એવા ભરેલા અને લિજ્જતદાર હોય છે કે ત્હેવા આપણા ... કદી જોવામાંજ આવતાં નથી. આ દાડમના ઉપલા ભાગમાં કાણું પાડી ત્હેને કેરીની માફક ઘોળે છે, તેથી ત્હેમાંના દાણા દબાઇ બહુજ સ્વાદિષ્ટ રસ છુટો પડે છે, ત્હેને પછી કેરીની માફક ચૂસી લઇ પીએ છે.

હોશંગ—પુરાતન ઇરાનમાં થઇ ગએલા રાજાઓમાંથી પેશ-

દાદી અથવા પહેલાં વંશનો બીજો પાદશાહ. એણે પોતાના પુત્રને આપેલી શિખામણોમાંથી આગળ ચાલતાં ઘણી નીતિ આવશે.

ખાકાની—બારમી સદીમાં થઇ ગએલો એક ઘણો પ્રખ્યાત સંગીત કાવ્યો લખનાર કવિ. "લાલે રૂખા સમન બરા, સંગદિલા સિતમગરા," એ ગઝલ હિંદુસ્તાનમાં ઘણી પ્રખ્યાત છે, હેનો બનાવનાર.

પ્રકરણ ૧૬ મું.

મક્કેથી હઝરત મહમ્મદને મદીને જવું પડયું હતું, તે પોતાની જ કોમના એટલે વગવાળા કુરેશી લોકોના ત્રાસને લીધે. તેઓએ એને ઘણું દુ:ખ દીધું હતું, તથા એની જોડે લડાઇ કરી, લડાઇના મેદાનમાં દુશ્મન તરીકે લડયા હતા. મદીનામાં આશરે સાત વરસ દેશવટો ભોગવી, પાછું મક્કા તેમણે પોતાને તાબે કરી લીધું હતું, તે વખતે પોતાને દુ:ખ દેનારાઓને પોતે માફી બક્ષી હતી.

અર્દશીર બાબક—અસલા ઇરાનમાં થઇ ગએલો એક બળવાન રાજા. મુસલમાનોએ ઇરાન જીતી લીધું તે વખતે રાજ કરતા સાસાનીઅન વંશનો સ્થાપક (ઇ. સ. ૨૨૩). ગ્રીક લોકો જેને આર્ટા ઝરકસીસ કહે છે તે.

પ્રકરણ ૧૯ મું.

છત્ર દીવસે—કયામતને દહાડે જ્યારે પરમેશ્વરની પાસે સૌનો ન્યાય થશે ત્યારે.

પ્રકરણ ૨૧ મું.

ખુસરૂ પર્વેઝ, ઇરાનનો પાદશાહ. હઝરત મહમ્મદે એનાપર પત્ર લખ્યો હતો કે ત્હારે ઇસ્લામનો મઝહબ એખ્તીઆર કરવો. ફારસી

સાહિત્યમાં પ્રખ્યાતી પામેલી શીરીનનો પતિ. એ ઘણો તવંગર હતો.

હાતમ તાઈ—આરબ લોકોની પરંપરાગત પ્રખ્યાત છે, તેમાં પણ સર્વોપરિ મહેમાનદારી કરનાર એક આરબ કોમનો ઉપરિ.

દુલદુલ-આફ્રીકાના એક રાજાએ આ ધોળા રંગનું ખચ્ચર પેગંબર મહમ્મદને સોગાત તરીકે મોકલ્યું હતું. હજરત મહમ્મદે અલીને તે આપી દીધું.

પ્રકરણ ૨૨ મું.

સામાની વંશ, ઈ૦સ૦ ની દસમી સદીમાં બોખારામાં રાજ્ય કરતો હતો. બગદાદના ખલીફે એ નસીરને ત્યાંનો હાકેમ બનાવ્યો હતો. પછી ત્હેના વંશજો તે રાજ્ય પચાવી પડ્યા.

હારુન રશીદ, એટલે ડહાપણવાળો હારૂન. અબ્બાસી વંશનો ખલીફોમાંનો ઘણો પ્રખ્યાત ખલીફ; એના વખતમાં સાહિત્યની બહુ ઉન્નતિ થએલી. અરેબીઅન નાઇટ્સની વાતોમાં જેનું નામ ઘણી વખત આવેછે તેજ એ ખલીફ. એક શહાનશાહ નાઈસીફોરસને એણે હરાવેલો. (ઈ૦સ૦ ૭૬૬-૮૦૯)

ઇસ્માઇલ સામાની ઉપર જણાવેલા નસીરનો પુત્ર. સામાની વંશનો ખરો સ્થાપક, અમરુલ્લૈસને જીતી લેનાર.

અબદુલ્લા તાહેર, ખોરાસાનના તાહેર વંશ (ઈ૦સ૦ નીનવમી સદી) નો સ્થાપનાર.

પ્રકરણ ૨૪ મું.

ખૂબસુરત ચ્હેરા પર જો કાળા તલ હોયતો હ્યાતી તે માણસની ખૂબસૂરતીમાં વધારો થાયછે, એવું ફારસી ખૂબસુરતીના,